ॐ ह्रीं श्री सिद्धचक्राय नमः ।

१ ॐ ह्रीँ नमो अरिहंताणं ॥

२ ॐ ह्रीँ नमो सिद्धाणं ॥

३ ॐ ह्रीँ नमो आयरियाणं ॥

४ ॐ ह्रीँ नमो उवज्झायाणं ॥

५ ॐ ह्रीँ नमो लोए सव्वसाहूणं ॥

६ ॐ ह्रीँ नमो दंसणस्स ॥

७ ॐ ह्रीँ नमो नाणस्स ॥

८ ॐ ह्रीँ नमो चारित्तस्स ॥

९ ॐ ह्रीँ नमो तवस्स ॥

બે બોલ

"ધર્મ સાધના" નામના પુસ્તકની આ બીજી આવૃત્તિ છે. તેની પ્રથમ આવૃત્તિ ટુંકા ગાળામાં ખપી જવાથી અને ત્યારબાદ આ પુસ્તકની સતત માંગ રહ્યા કરવાથી તેની આ બીજી આવૃત્તિ સુધારા વધારા સાથે પ્રગટ કરવામાં આવી છે. આરાધક વર્ગનું આ પુસ્તક પ્રત્યે આકર્ષણ થવામાં મુખ્ય કારણ તો આ પુસ્તકમાં જે જે વિષયો રજુ કરવામાં આવ્યા છે, તે વાંચતાં–વિચારતાં આધુનિક યુગમાં ધર્મ અને તેના અનુષ્ઠાનો સંબંધી તથા યોગ અને ઉપાસના સંબંધી વિચારક વર્ગમાં જે જે જિજ્ઞાસાઓ ઉત્પન્ન થાય છે, તેની તૃપ્તિ માટેની સામગ્રી પુરી પાડવામાં આવી છે, તથા શ્રદ્ધાળુ આત્માની શ્રદ્ધા વધુ દૃઢ બને તેવા અનેકાનેક વિષયોની પસંદગી કરીને તેને આ પુસ્તકમાં દાખલ કરવામાં આવી તે છે.

જીવન ઉપયોગી નાના મોટા કુલ ૬૫૦ થી પણ વધુ વિષયોનો આમાં સમાવેશ થયો છે. વાચકવર્ગને આ એક જ પુસ્તકમાં ન્યાય–નીતિ, આચાર, વિચાર, યોગ, અધ્યાત્મ અને મહામંત્ર વગેરે સંબંધી જીવન સ્પર્શી અનેક બાબતો મળી શકશે અને તેમાંથી પોતાના સંજોગ અને સામર્થ્ય મુજબ તે પોતાને યોગ્ય સામગ્રી મેળવી આત્મ કલ્યાણને માર્ગે આગળ વધી પોતાના માનવ

જીવનને સફળ બનાવી શકશે. ગહન વિષયોને સામાન્ય વર્ગ પણ સહેલાઇથી સમજી શકે તેવી રીતે ભાષાની સરળતા પણ આમાં જળવાઈ રહી છે. જૈન આચાર-વિચાર સમજવાની અને તેને જીવનમાં ઉતારવાની ધગશ, ધરાવતા સૌ કોઈ માટે આ પુસ્તક એક સરખું ઉપયોગી છે. ઉપરાંત પ્રસંગોપાત જેમને ધર્મ સંબંધી બે શબ્દ બોલવાની ફરજ આવી પડતી હોય તેવા શિક્ષક કે પરીક્ષક વર્ગને તથા બીજા પણ વિશિષ્ટ યોગ્યતા ધરાવતા ગૃહસ્થો માટે આ પુસ્તક એક પાઠ્ય ગ્રન્થનું પણ કામ કરે તેમ છે. આમાં માર્ગાનુસારિતાના ગુણો પાયાના સ્થાને છે, દેવ-ગુરૂ-ધર્મરૂપ તત્ત્વત્રયીની ઉપાસના તથા દ્રવ્ય-ભાવ પૂર્વક પરમાત્માની ભક્તિ, ગૃહસ્થોના વ્રત-નિયમો, શ્રાવકની દીનચર્યા અને અંતિમ સંલેખના આદિ પ્રાસાદ (મહેલ) ના સ્થાને છે અને આત્મજ્ઞાનનાં સાધન તથા યોગ, ધ્યાન અને અનુભવ વિષયક શેષ સામગ્રી શિખરના સ્થાને છે.

સૌ કોઈ આ પુસ્તકમાં રજુ થયેલા પદાર્થોને વાંચી, વિચારી તેને જીવનમાં ઉતારી લેખક અને પ્રકાશકના પરિશ્રમને સફળ કરો. એજ મંગલકામના.

મુ. વસઈ (હાલાર)
વિ. સં. ૨૦૨૧
ચૈત્રી પૂર્ણિમા

પં. ભદ્રંકરવિજય ગણી

ॐ ह्रीँ श्रीँ अर्हँ शंखेश्वर पार्श्वनाथाय नमः ॥

नमो अरिहंताणं

પ્રસ્તાવના

જીવનમાં 'ધર્મ સાધના' કરવી એ માનવનું એક મુખ્ય અને શ્રેષ્ઠ કર્તવ્ય છે. માનવ માટે એનાથી ઉંચું કર્તવ્ય બીજું કોઈ નથી. માનવ ભવજ એક એવો ભવ છે કે જેમાં ધર્મસાધનાને જીવનમાં ઉતારી શકાય છે અને ક્રમે ક્રમે તેને પરાકાષ્ઠાએ પણ પહોંચાડી શકાય છે. એ દૃષ્ટિએ જ શાસ્ત્રોમાં અન્ય ભવો કરતાં માનવ ભવને સૌથી શ્રેષ્ઠ ભવ તરીકે ગણાવ્યો છે.

અનંત પુણ્યરાશિ એકત્ર થયા પછી કદાચિત્ ક્વચિત્ માનવ જન્મની પ્રાપ્તિ થાય છે અને એમાં પણ ઉત્તમ ક્ષેત્રાદિની સામગ્રી પૂર્વકનો જન્મ તો એથી પણ અતિ અતિ દુર્લભ મનાયો છે. આવો અતિશય દુર્લભ માનવ જન્મ પામીને મનુષ્ય, કેવળ દુઃખ અને દુર્ગતિના કારણભૂત અર્થ અને કામ પુરૂષાર્થમાં જ આસક્ત બની તેને હારી ન જાય અને પોતાને પ્રાપ્ત થયેલ શક્તિ અને સામગ્રી અનુસાર ધર્મસાધના કરી ચતુર્થ પુરૂષાર્થરૂપ મોક્ષની નજીક પહોંચતો જાય, તે માટે પૂર્વના કરૂણાવંત અને જ્ઞાની મહાપુ-

રૂપોએ ભિન્નભિન્ન કક્ષાના જીવો સુખપૂર્વક આચરી શકે તેવા અનેક પ્રકારના ઉપાયો બતાવ્યા છે. એ ઉપાયો જેમાં સંગૃહીત થયેલાછે, તેને ધર્મશાસ્ત્રોતરીકે ઓળખાવવામાં આવે છે. જૈન સાહિત્યમાં એવાં અનેક શાસ્ત્રો છે, તેમાં આગમ શાસ્ત્રો મુખ્ય છે. અતિ નિપુણ મતિવાલા પવિત્ર પુરૂષોજ સીધા આગમ સાગરમાં પ્રવેશ કરી શકે છે. પરંતુ દરેક જીવોની પ્રજ્ઞા અને સત્ત્વ એક સરખું હોતું નથી અને તેથી અનંત સૂક્ષ્મ અર્થોથી અને અનેક અપેક્ષાઓથી ભરપુર આગમ શાસ્ત્રોમાં દરેકનો પ્રવેશ થઈ શકતો નથી. તેવા જીવો પણ **ધર્મ-સાધનાથી** સાવ વંચિત ન રહી જાય એટલા માટે આગમ શાસ્ત્રોમાં પ્રવેશ કરવા માટે દ્વાર સમાન આગમ શાસ્ત્રોને અનુસરનારા બીજા પણ અનેક ગ્રન્થો દેશકાળને જાણવામાં ચતુર એવા ઉપકારી મહાપુરૂષો રચે છે. એવા ગ્રન્થકારોમાં પરમ પૂજ્ય આચાર્યશ્રી હરિભદ્રસૂરીશ્વરજી, કલિકાલ સર્વજ્ઞ પૂ. આચાર્યશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી, મહોપાધ્યાયશ્રી યશોવિજયજી આદિ મહાપુરૂષો આપણા માટે પરમ ઉપકારી છે.

આચાર્યશ્રી હરિભદ્રસૂરીશ્વરજી

આચાર્યશ્રી હરિભદ્રસૂરીશ્વરજીના ગ્રન્થોનું અવગાહન, ધર્મ વિષયક અડોલતા પ્રાપ્ત થવામાં પરમ સહાયક છે. એક વખત ડામાડોલ દશામાં મૂકાઈ ગયેલા સિદ્ધર્ષિ ગણિજેવા પ્રતિભા સંપન્ન આત્માને પણ જૈન શાસન પ્રત્યે અડોલતા પ્રાપ્ત થઇ, તેમાં આ આચાર્યવર્યના વચનોનો પ્રભાવ હતો. જેના પ્રતાપે જૈન સમાજને એક મહાન શાસન પ્રભાવક પુરૂષરત્નની પ્રાપ્તિ થઈ અને વિદ્વાનોને પણ આશ્ચર્યમાં

ચરકાવ કરી નાખે તેવા ઉપમિતિભવપ્રપંચાકથા આદિ મહાન ગ્રન્થોની જગતને પ્રાપ્તિ થઇ.

બીજી રીતે વિચારીએ તો એમ પણ કહી શકાય કે તેઓશ્રીના ગ્રન્થોનું અવગાહન ચારિત્રને પ્રાણવંત બનાવે છે. ભાવના એ ચારિત્રનો પ્રાણ છે. એ ભાવનાનો ક્રિયાની સાથે સુમેળ થાય તો જ ક્રિયા પ્રાણવંત બને, એ વાતને તેઓ-શ્રીના ગ્રન્થોમાં અનેક યુક્તિ-પ્રયુક્તિ પૂર્વક સમજાવવા માટે અથાગ પ્રયત્ન થયો છે. એમના ગ્રન્થોનું મનન પૂર્વક અવગાહન કરનાર સુપાત્ર આત્મા ધીમે ધીમે વધુને વધુ સ્થિરપ્રજ્ઞાનો અનુભવ કરનારો અને મધ્યસ્થ પરિણતિ ભજનારો બને છે.

જેમણે પોતાના તથાભવ્યત્વને શીઘ્ર પકાવવું હોય અર્થાત્ મોક્ષ પ્રાપ્તિની યોગ્યતા પોતામાં જલ્દી પ્રગટાવવી હોય, તથા જેમને કર્મના સંબંધમાં આવવાની જીવની મૂળભૂત યોગ્યતાનો મૂળથીજ નાશ કરવાની પ્રબળ ઇચ્છા પ્રગટી હોય, તેમને પૂ. આચાર્યશ્રી હરિભદ્રસૂરીશ્વરજીના ગ્રન્થોનું મનન પૂર્વક અધ્યયનન અને અનુભાવન પરમ સહાયક બને છે.

આચાર્યશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી

આચાર્યશ્રી હેમચંદ્રસૂરીશ્વરજીના ગ્રન્થોનું અવગાહન જીવમાં રહેલ ધર્મ વિષયક મૂઢતા ટાળી દે છે. દુનિયામાં એવા અનેક માણસો જોવા મળે છે, કે જેઓએ બાહ્ય જગતના બારીકમાં બારીક પ્રશ્નોમાં પણ અત્યંત ઉંડા ઉતરીને

અત્યંત પ્રવીણતા મેળવી હોય છે, એવા પ્રવીણ ગણાતા માણસો પણ સત–અસતના વિષયમાં, ધર્મ–અધર્મના વિષયમાં, પુણ્ય–પાપના વિષયમાં, આલોક–પરલોકના હિતા-હિતના વિષયમાં તથા યોગ અને અધ્યાત્મના વિષયમાં તદ્દન મૂઢ અજ્ઞાન–અબોધ દશા અનુભવતા હોય છે. આત્માને અત્યંત લાભ કરનારી અને અત્યંત આવશ્યક વસ્તુઓમાં પણ માનવ બેદરકાર બને છે, એ માનવ પ્રકૃતિમાં રહેલ એક મહાન નબળાઇ છે. માનવ પ્રકૃતિની આ નબળાઈને અને તે નબળાઈને દૂર કરવાના ઉપાયને આચાર્યશ્રી સારી રીતે સમજી શક્યા હતા, તેથીજ તેમનો ઉપદેશ સફળ નીવડયો છે.

અનાદિ કાળથી આત્મામાં અત્યંત ઉંડે ઉતરી ગયેલા અવિદ્યા, કુવાસના, કુસંગતિ, પ્રમાદશીલતા અને મિથ્યાત્વના અતિ કુટિલ કંટકોનો ઉદ્ધાર કરવો એ કાર્ય સાવ સહેલું નથી, તો પણ આચાર્યશ્રી હેમચંદ્રસૂરીશ્વરજીએ એ કંટકોના ઉદ્ધાર માટે એવા તિક્ષ્ણ અને ઉંડા ઉપદેશરૂપી ચીપીયા બનાવ્યા છે, કે તેમના ગ્રન્થોનું પ્રતિદિન અધ્યયન કરનાર આત્મા, પોતામાં ઉંડામાં ઉંડા ઉતરી ગયેલા અને કુટિલમાં કુટિલ કર્મ કંટકોનો ઉદ્ધાર કરવા સમર્થ બની શકે છે. આત્મામાં અનાદિ કાળથી જામી ગયેલ મિથ્યાત્વરૂપી મળ એમના ઉપદેશરૂપી જલથી ધોવાઈ જાય છે અને પરિણામે સત્ અસત્‌ના વિષયમાંજીવની આત્મહિતકર તત્ત્વોના વિષયમાં મૂઢતા અને અજ્ઞાનતા ટળી જાય છે. મિથ્યાત્વ વિષને ઉતારવા માટે પ્રભુ શ્રી હેમચંદ્રાચાર્યના વચનો એક અજોડ જડીબુટ્ટી સમાન છે.

"પ્રભુનો ધર્મ ન મળે તો હું ચક્રવર્તિપણું પણ ન ઈચ્છું અને પ્રભુનો ધર્મ મળતો હોય તો મને રંકપણું પણ ભલે હો." મહારાજા કુમારપાલે આવી અમૂઢતા પ્રાપ્ત કરી હતી, તેમાં મુખ્ય કારણ આચાર્યશ્રી હેમચંદ્રસૂરીશ્વરજીના ઉપદેશની એમના જીવન ઉપર થયેલી અસર હતી અને તેના પ્રભાવે તેમણે કલિકાળમાં પણ ધર્મનું સામ્રાજ્ય એકછત્રી બનાવ્યું હતું.

પૂ. આચાર્યશ્રીની સાહિત્ય સેવા અજોડ અને અનુપમ છે. તેઓશ્રીના ગ્રંથોનું અધ્યયન જ્ઞાન પ્રકાશને સર્વાંગ તેજસ્વી બનાવે છે. સાહિત્યના ક્ષેત્રમાં જીવન વિકાસમાં જે જે પદાર્થો અત્યંત ઉપયોગી છે, તે તમામ વિષયોનું તેઓશ્રીએ ઉંડાણથી ખેડાણ કર્યું છે, આજે એમના ગ્રંથોનું અધ્યયન જગત ભરના વિદ્વાનોને એક પરમ આશીર્વાદરૂપ બની રહ્યું છે.

જૈન સંઘમાં વર્તમાનમાં જે કોઈ વિદ્વાન કે ગ્રન્થકાર, લેખક કે ચિંતક, વ્યાખ્યાનકાર શિક્ષક કે વિચારક હશે, તેમણે પોત પોતાના વિષયમાં પ્રવીણતા મેળવી હશે અને પ્રગતિ કરી હશે તેમાં મુખ્ય ફાળો આચાર્યશ્રીના રચેલા ગ્રન્થ અધ્યયનનો હશે, એટલું જ નહિ પણ એમના ગ્રન્થ નિર્માણ પછી આજ સુધી જૈન સમાજમાં સેંકડો વર્ષોથી ભૂતકાળમાં પણ જે વિદ્વાનો યોગીઓ કે આધ્યાત્મિક પુરૂષો થયા છે, તે તમામ મહાપુરૂષોએ પણ પોતાના તે તે વિષ-યમાં તેમણે પ્રવીણતા પ્રાપ્ત કરી હતી તેમાં શ્રી હેમચંદ્રા-

ચાર્યશ્રીએ ગુરૂ તરીકેનું સ્થાન મેળવ્યું છે. તેમણે વ્યાકરણ, કાવ્ય, કોષ, ન્યાય, ચારિત્ર, યોગ, ભક્તિ, સાહિત્ય, છંદ કે અલંકાર કોઈ પણ વિષય જતો કર્યો નથી. એમની પ્રતિભા સાર્વત્રિક હતી અને એથી જ એમના સાહિત્યનું અવગાહન મનુષ્યોના જ્ઞાન પ્રકાશને સર્વાંગ બનાવે છે.

ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ

પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના ગ્રન્થોનું અધ્યયન કરનાર આત્મા, મહાપુરૂષોના ભિન્નભિન્ન સદાશયોને સંપૂર્ણ ન્યાય આપી શકવાને સમર્થ બને છે. તેમજ આગમ યોગ, અધ્યાત્મ, જ્ઞાન, ક્રિયા આદિ તમામ માર્ગોને યથાસ્થાને યોજવાનું બળ પ્રાપ્ત કરી શકે છે. દરેક સદ્વસ્તુ પોતપોતાના સ્થાને સમાન બળવાન છે, એ વાતનો સ્પષ્ટ ખ્યાલ પણ આપણને ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના વચનો વડે સહેલાઈથી થઇ શકે છે.

પાત્રતા, ગુરૂકૃપા અને પ્રતિભા રૂપ ત્રિવેણી સંગમથી તેઓશ્રી શાસ્ત્રના પારને પામી શકયા હતા અને શાસ્ત્રના ગુહ્યતમ ભાવોને સમજી, જીવનમાં પચાવી, ભિન્ન ભિન્ન ભાષાઓ દ્વારા તેને આલેખી પણ શકયા હતા. એમની શૈલીમાં અનેકાંતવાદ તરવરે છે. જેઓ પૂર્વપુરૂષોના અમુક અમુક વચનોને અમુક અમુક અપેક્ષાએ જ પકડી એકાંત ખેંચતાણ કરે છે, તેમને તેઓશ્રીએ સ્પષ્ટ શબ્દોમાં લોકોત્તર અનેકાંત નીતિ સમજાવી છે. તેઓશ્રીએ એક સ્થળે ફરમાવ્યું છે કે—

એક વચન ઝાલીને છાંડે, બીજા લૌકિક નીતિ;
સકલ વચન નિજ ઠામે જોડે, તે લોકોત્તર નીતિ.'

ઉપાધ્યાયજીએ જે જે ગ્રન્થો રચ્યા છે, તે ગ્રન્થ રચનાની પાછળ તેઓશ્રીનો પ્રધાન આશય "ભવિષ્યના મુમુક્ષુ જીવોને આરાધનાનો માર્ગ સરળ બને" એજ પ્રતીત થાય છે.

એમના વચનોમાં અનેક સ્થળે પૂર્વ પુરૂષોના વચનોનો સમન્વય અને સુમેળ સધાયેલો છે. ભિન્ન ભિન્ન અપેક્ષાઓથી અને ભિન્ન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી પૂર્વ પુરૂષોએ જે વચનો ઉચાર્યાં છે, તેને યથાસ્થાને કેમ યોજવા અને તેમને ન્યાય કેમ આપવો એજ જાણે એમનું જીવનવ્રત ન હોય! એમ જણાય છે. આવી ન્યાયવૃત્તિ પૂર્વકની મધ્યસ્થ દૃષ્ટિ સર્વકાલમાં જરૂરી છે જ, છતાં વર્તમાન દુષમકાળમાં એ દૃષ્ટિ અમૃત કરતાં પણ અધિક મૂલ્યવાન છે. તેથી મિથ્યાત્વ વિષ દૂર થઈ જાય છે અને આંતરતાપો આપોઆપ શમી જાય છે. તેમના વચનો આધુનિક જીવોની શ્રદ્ધાશુદ્ધિ દૃઢ કરે છે. એમના સાહિત્ય સર્જન પછી ઈતિહાસ તપાસવામાં આવે તો સ્પષ્ટ રીતે પ્રતીત થાય છે કે જૈન સંઘમાં અનેક તેજસ્વી સાધક પુરુષો એમના વચનના આધારે સત્યમાર્ગનો સ્વીકાર કરનારા બન્યા છે. આજના વિષમ કાળમાં પણ જૈન સંઘમાં આજે જે કંઈ એકવાકયતા દેખાય છે અથવા જે કંઇ ઉજજવલતા દેખાય છે, તેમાં

એમના વિવિધ ભાષાઓમાં તલસ્પર્શી વિશાળ સાહિત્ય સર્જનનો ઘણો મોટો ફાળો છે. "વાણી વાચક જશતણી, કોઇ નયે ન અધુરી રે" એ પંક્તિ સાંભળતાં જ એમની સર્વનય સાપેક્ષ દૃષ્ટિ પ્રત્યે અંતઃકરણમાં બહુમાન જાગ્યા સિવાય રહેતું નથી. આજના જીવો ઉપર તેઓશ્રીનો ઉપકાર અસીમ છે.

હવે અહીં પ્રસંગોપાત સર્વ પ્રકારની ધર્મસાધનામાં મૂલ્યરૂપ આગમ શાસ્ત્રો સંબંધી થોડો વિચાર કરીએ.

આગમ શાસ્ત્રોનું અવગાહન મુમુક્ષુ આત્માઓમાં તીવ્ર મોક્ષાભિલાષ અને તેના કાર્યરૂપ સાચા સમભાવને અર્થાત્ સર્વ જીવોની સાથે આત્મસમદર્શિત્વના ભાવને પરાકાષ્ટાએ પહોંચાડે છે.

આગમ એ શ્રી વીરવિભુની સાક્ષાત વાણી છે. એ વાણીમાં અદ્‌ભુત પરાક્રમ છે. કેસરીસિંહની ગર્જના છે. નિસત્ત્વ જીવરૂપી મૃગલાઓ તેને સાંભળી શકતા નથી. એમને માટે એ વાણી ત્રાસજનક બને છે. વાણીમાં વક્તાનો પ્રભાવ ઉતરે છે. બોલનાર વક્તા જેટલો પ્રભાવયુક્ત હોય છે, એટલો પ્રભાવ તેની વાણીમાં ઉતરે છે. બીજી રીતે કહેવું હોય તો શ્રી વીરવિભુની આગમ વાણી એ સિંહણનું દૂધ છે અથવા ચક્રવર્તી ભોજન છે. તેને ટકાવવા અને બચાવવા માટે પાત્ર પણ સોનાનું અથવા ચક્રવર્તીનું જોઈએ. અર્થાત્ જીવનમાં પાત્રતા સંપૂર્ણ જોઈએ. એવા પાત્ર જીવો

જ્યારે આગમ વચનનું પાન કરે છે, ત્યારે તેમનું જીવ વીર્ય એકદમ ઉલ્લસિત બની જાય છે. એવા પરમ સત્ત્વશાલી જીવોમાં જગતના તમામ જીવોની સાથે આત્મસમદર્શિત્વ ભાવ પરાકાષ્ઠાએ પહોંચે છે.

ધર્મરૂચિ અણગારે કીડીઓના પ્રાણની કિંમત પોતાના પ્રાણથી અધિક આંકી હતી અને મેતારજ ઋષિએ એક ક્રૌંચ પક્ષીના પ્રાણની કિંમત પોતાના પ્રાણ કરતાં પણ અધિક આંકી હતી. આત્મસમદર્શિત્વ ભાવની આ પરાકાષ્ટા છે, આવું પરાક્રમ પ્રગટ થવું એ હૃદયમાં થયેલ આગમ વચનના પરિપાકનું ફલ છે.

મેઘકુમાર, ધન્નાજી અને શાલીભદ્ર વિગેરે મુનિવરોમાં આરાધના રૂપી પતાકાને અણનમ રાખવાનું અદ્ભૂત સામર્થ્ય ઉલ્લસિત થયું હતું તેમાં વીરવિભુની વાણી સાક્ષાત કારણભૂત હતી.

આગમ શાસ્ત્રોનું ઉંડાણથી અવગાહન અને તેનું હૃદયમાં પરિણમન આરાધના રૂપી વિજયપતાકાને અણનમ રાખવાનું જીવનું શ્રેષ્ઠ સત્ત્વ-પરાક્રમ પ્રગટાવે છે.

સર્વજીવોની સાથે આત્મસમદર્શિત્વ માત્ર-ભાવજ નહિ પણ તેને વાણી અને કાયાથી અમલમાં મુકવાની સંગીન પ્રક્રિયા આગમ શાસ્ત્રમાં આલેખાઈ છે. તેના પ્રતાપે આજે પણ અનેક આત્માઓ પોતાની શક્તિ અનુસાર એને

જીવનમાં જીવી પણ રહ્યા છે. સર્વ જીવોની સાથે આત્મ-સમદર્શિત્વનો ભાવ ભગવાનના હૃદયમાં કેટલો પરાકાષ્ટાએ પહોંચ્યો હશે, કે જેના પ્રભાવે સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવોની સાથે પણ આત્મસમદર્શિત્વ ભાવને વ્યાપકરૂપે આચારમાં મકી શકાય તેવો સંઘ પ્રભુએ સ્થાપિત કર્યો, ભગવાનના શાસનમાં સામાયિક એ ધર્મનું પ્રધાન અંગ મનાયું છે, અને એ સામાયિક એટલે જગતના તમામ જીવોની સાથે મન, વચન અને કાયાથી આત્મસમદર્શિત્વનો ભાવ અને તેનો અમલ. આ પ્રમાણે જેટલો વખત જીવ સામાયિકમાં રહે છે તેટલો વખત તેનો ઉત્તમોત્તમ પ્રકારની આરાધનામાં પસાર થાય છે. સર્વ જીવોની સાથે આત્મસમદર્શિત્વનો ભાવ જેમાં છે તેવા બે ઘડી પર્યન્તના માત્ર એક સામાયિકની કિંમત ત્રણ ભુવનના સમગ્ર બાહ્ય ઐશ્વર્યથી પણ આંકી શકાતી નથી, પ્રભુના ધર્મમાં પ્રતિક્રમણ કે પૌષધ, સામાયિક કે દેશાવગાશિક દેશવિરતિ કે સર્વવિરતિ એ બધું આત્મસમદર્શિત્વ ભાવને અમલમાં મૂકવાના જ નક્કર અને વ્યવહારૂ પ્રયોગોરૂપ છે. તે સામાયિક આદિ ભાવોને વધુ ને વધુ તીવ્ર બનાવવા માટે સૂક્ષ્મમાં સુક્ષ્મ વિચારો પ્રભુના આગમમાં મળે છે અને એ ભાવો જ પ્રભુના આગમરૂપી તેજસ્વી મણીની નિર્મલ કાંતિ છે. પ્રભુનું શાસન પાંચમા આરાના અંત સુધી ટકવાનું છે, એમાં પણ પ્રધાન હેતુ આત્મસમદર્શિત્વનો ભાવ છે. જગતના તમામ જીવોની સાથે અત્મશમદર્શિત્વ ભાવને ધારણકરનારા જીવો જ્યાં સુધી

જગતમાં રહેનારા છે, ત્યાં સુધી પ્રભુનું શાસન અખંડિત રહેવાનું છે. વસ્તુનો ટકાવ એના સાચા કારણોને આધારે હોય છે. પ્રભુનું શાસન પણ એક વસ્તુ છે. અને એના ટકાવવામાં મૂલભૂત વસ્તુ કોઈ હોય તો તે જગતના તમામ જીવોની સાથે આત્મસમદર્શિત્વનો ભાવ છે. બીજા તમામ ધર્માનુષ્ઠાનની જન્મભૂમિ પણ તે ભાવ છે. ક્રિયાવાદી શુકલ પાક્ષિક કહેવાય છે, તેનું પણ રહસ્ય એ છે કે ક્રિયામાં આત્મસમદર્શિત્વ ભાવનો અમલ છે. જેના મૂલમાં આત્મ-સમદર્શિત્વનો ભાવ છે, તે ક્રિયાનો અમલ જેમ જેમ વધતો જાય છે, તેમ તેમ જીવનું શુકલપણું-શુદ્ધપણું વધારે ને વધારે સતેજ બનતું જાય છે.

હવે આપણા મૂલ વિષય ઉપર આવીએ. આ આગમ ગ્રન્થોને સમજવાનો અને પચાવવાનો સહેલો અને અમોઘ ઉપાય ઉપરોક્ત ત્રણ મહાપુરૂષોના ગ્રન્થોનું જીવનભર અવગાહન કર્યા કરવું તે છે. આજના કાલમાં જન્મેલાં જીવો કદાચિત સંજોગવશાત વિશેષ કાંઈ ન કરી શકે તો પણ અંતઃકરણની સચ્ચાઈ પૂર્વક પોતાનું સમગ્ર જીવન આ ત્રણ મહાપુરૂષોના ગ્રન્થોનો અભ્યાસ કરવામાં ગાળે અને તેમનાં સત્ય વચનોને ન્યાય આપવા માટે જો પોતાના અંતઃકરણને સદા તલસતું રાખે અને શકય રીતે જીવનમાં ઉતારે તો તેવા પાત્ર જીવોને મિથ્યાત્વમળ, અજ્ઞાન અંધકાર અને અવિરતિનો મેલ ઘટયા વિના રહેશે નહિ અને ક્રમશઃ સાચી શ્રદ્ધા, સાચું જ્ઞાન અને સાચું આચરણ તેનામાં આવ્યા વિના રહેશે નહિ.

પ્રસ્તુત 'ધર્મસાધના' પુસ્તક તૈયાર થયું છે, તેના મૂળમાં એ ત્રણ મહાપુરૂષોના ગ્રન્થોનો પ્રભાવ છે. એ મહાપુરૂષોના વચનો એમાં ગુંથાયેલાં છે, અને મુખ્યત્વે પૂ. આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યના યોગશાસ્ત્રના પદાર્થોનો વિશેષ સમાવેશ કરવામાં આવ્યો છે.

શાસ્ત્રકારો કરૂણા બુદ્ધિથી ધર્મગ્રન્થો રચે છે અને તેમાં કર્મરોગ નિવારણના ઔષધો બતાવવામાં આવે છે. ધર્મના તમામ પ્રકારો વાસ્તવિકરીતે જુદાજુદા કર્મરોગ નિવારણના ઔષધરૂપે છે. કર્મરોગના જેટલા પ્રકારો છે, તેના નિવારણ માટેના ઉપાયો પણ તેટલાજ છે, પરંતુ તેનું સંક્ષિપ્તમાં વર્ગીકરણ કરવું હોય તો તેનો નીચેની પાંચ બાબતોમાં સમાવેશ થઈ શકે છે. (૧) આચાર શુદ્ધિ, (૨) વિચાર શુદ્ધિ, (૩) યોગ શુદ્ધિ, (૪) અધ્યાત્મ શુદ્ધિ, અને (૫) મંત્ર શુદ્ધિ.

યોગ શાસ્ત્ર ગ્રન્થમાં એ પાંચે વસ્તુઓનો કેવી સુંદર રીતે સમાવેશ કરવામાં આવ્યો છે તે અહીં વિચારીએ.

[redacted] આત્મકલ્યાણના માર્ગમાં આચાર શુદ્ધિ એ સૌથી પ્રથમ ધર્મ છે. જેઓ આચાર શુદ્ધિની કાળજી રાખ્યા વિના જ કલ્યાણ માર્ગની ઇચ્છા કરે છે, તેઓ પગ વગરજ ભયંકર અટવીનું ઉલ્લંઘન કરવાની

ઈચ્છા કરે છે. જે સ્થૂલ આચારોને સુધારવા સમર્થ બની શકતો નથી.તે વિચાર સ્વરૂપસૂક્ષ્મ વસ્તુને સુધારવા માટે સમર્થ બની શકતો નથી. વિચાર એ આચારનું સૂક્ષ્મ અંગછે.જે નાની ખાડીને તરી શકે નહિ તે મોટો મહાસાગર શી રીતે તરી શકે ? તેથી આચારની શુદ્ધિ એ ધર્મમાર્ગમાં પ્રથમ શરત છે. આચાર શુદ્ધિ માટે સંગીન, સચોટ અને નિર્ભેળ ઉપદેશ યોગશાસ્ત્રમાં મળી શકે છે. જે શાસ્ત્રોમાં ધર્મના નામે પંચેન્દ્રિય પ્રાણિયોની હિંસા અને આચારના નામે જ્યાં જ્યાં અનુચિત વિધાનો અને એ વિધાનોને આધારે અનુચિત આચરણો થઈ રહેલ છે, તેમને આચાર્યશ્રીએ કડક શબ્દોમાં હિતશિક્ષા આપી છે. તેઓશ્રીના એ કડક શબ્દોમાં પણ ભાવદયા તરવરે છે. કારણ કે એ દ્વારા અનેક ભદ્રિક અને વિશ્વાસુ મનુષ્યોને તેઓશ્રીએ સ્વાર્થાંધ મનુષ્યોની ધર્મના નામે ઉભી કરવામાં આવતી ભ્રમજાળમાંથી છોડાવી તેમને ઉન્માર્ગમાં જતાં અટકાવી સન્માર્ગમાં સ્થાપી ઉચ્ચગતિના અધિકારી બનાવ્યા છે. વ્યવહાર શુદ્ધિનું મૂળ ઔચિત્ય પૂર્વકનું પવિત્ર આચરણ છે. મુમુક્ષુ આત્મા કોઈપણ વિષયમાં પોતાની ભૂમિકાને પ્રાપ્ત કર્તવ્યરૂપ ઔચિત્યને ક્યાંય ન ચૂકે તે માટે આચાર્યશ્રીએ યોગશાસ્ત્રમાં ખૂબ જ તકેદારી રાખી છે. કારણ કે ઔચિત્ય આચરણ પૂર્વકની શક્યમાં જે શુભ પ્રવૃત્તિ થાય છે, તે જ જીવને સર્વથા વિશુદ્ધ બનાવવા સમર્થ બને છે.

માર્ગાનુસારિતાના ગુણોથી માંડી આત્મવિકાસના અંત

પર્યન્તનો શુદ્ધ આચાર યોગશાસ્ત્રમાં સંગ્રહીત થયેલો છે. યોગશાસ્ત્રનો ઘણોખરો વિભાગ આચાર શુદ્ધિ અને વ્યવહાર શુદ્ધિના ઉપદેશમાં રોકાયેલો છે. કારણ કે આચાર શુદ્ધિ અને વ્યવહાર શુદ્ધિ એ ધર્મ સાધનારૂપી મહેલનો મજબૂત પાયો છે. તે પાયા વિનાની કે કાચા પાયા ઉપરની ધર્મ ઈમારત સુદૃઢ અને સુસ્થિર ટકી શકે નહિ.

આત્મા વિકાસનો સાચો અર્થી આત્મવિકાસના કોઈ પણ વિષયમાં જેટલું માર્ગદર્શન ઇચ્છે, તે તમામ યોગશાસ્ત્ર-માંથી મેળવી શકે, એવો એ સર્વાંગ સંપૂર્ણ ગ્રન્થ છે, છતાં એમાં ખૂબી એ છે કે તેમાં નિરર્થક વિસ્તાર બીલકુલ નથી, અને તેની રચના પણ ઘણી જ સરળ અને સુબોધ છે. શ્રી વીતરાગ સર્વજ્ઞ કથિત આચાર માર્ગ શું છે તેને સ્પષ્ટપણે જાણવા માટે જીવનમાં એકવાર ગુરૂગમથી આ ગ્રન્થને તેના વિવરણ સહિત વિધિપૂર્વક સાંભળવો જરૂરી છે. ચાતર્માસમાં એ ગ્રન્થ સંઘ સમક્ષ વંચાય તે માટે પણ યોજના કરવી જોઈએ ગુરૂમુખથી વિનયપૂર્વક યોગશાસ્ત્ર ગ્રન્થનું સાંગોપાંગ શ્રવણ કરવું એ પણ માનવ જન્મનો એક મહાન લહાવો છે. જીવન જીવવા માટે પ્રયોજનભૂત જેટલું જ્ઞાન, જેટલી ક્રિયા અને જેટલાં સાધનો જોઈએ તે તમામનો સંગ્રહ તેમાં છે. એટલું જ નહિ પણ તેના રચયિતા મહાપ્રતિભાસંપન્ન મહા-પુરૂષ હોવાથી તે ગ્રન્થને એકવાર બરાબર સ્થિર કર્યા પછી એમજ લાગશે કે બીજા ગ્રન્થોમાં પણ જે કાંઈ આત્મહિતકર હકીકત છે તે જાણે એનો જ વિસ્તાર ન હોય! જેમ જેમ

એનું પરિશીલન વધતું જાય, તેમ તેમ તેમાંથી નવું નવું મળ્યા જ કરે. એના એક એક પ્રકરણ કે કોઈ કોઈ તો એકાદ શ્લોકમાં પણ એટલો બધો ભાવાર્થ રહેલો છે કે તેનું જો વિવરણ કરવામાં આવે તો એક મહાન ગ્રન્થ બની જાય. એવી રીતે સંક્ષેપમાં ઉપદેશનો સંગ્રહ કરવામાં આચાર્યશ્રીએ અપૂર્વ કુશલતા બતાવી છે. ધર્મસાધના નામના આ પુસ્તકમાં તેમાંથી સાધકને ઉપયોગી વિષયો રજા કરવામાં આવ્યા છે.

[redacted] યોગશાસ્ત્રમાં આચાર શુદ્ધિની સાથે વિચાર શુદ્ધિનો પણ સુંદર સમેળ સધાયો છે. આચાર્યશ્રીના વિશાળ સાહિત્યમાં શ્રી તીર્થંકરોના મુખથી જે ધર્મદેશનાઓ જુદે જુદે સ્થળે અપાઈ છે; મોટાભાગે તેનો જ સંગ્રહ યોગશાસ્ત્રમાં છે. તેમાં બધા સદ્‌વિચારોનો સમાવેશ થઈ જાય છે, તેને મનનપૂર્વક વાંચવાથી મનુષ્યના વિચારો દિન પ્રતિદિન વધારે ને વધારે ઉદાર, સ્થિર અને સૂક્ષ્મ બનતા જાય છે. મહારાજા કુમારપાલ પ્રતિદિન યોગશાસ્ત્રનો સ્વાધ્યાય કરતા હતા, એના પરિણામે તેમનામાં આચારશુદ્ધિની સાથે વિચારશુદ્ધિ પણ અદ્વિતીય પ્રગટી હતી. વિચારશુદ્ધિનું મૂલ અનેકાન્ત દૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિ મહાપુરુષો અનેકાન્તદૃષ્ટિને વરેલા હોય છે, તેથી તેમના વચનોમાં હેતુ, સ્વરૂપ અને અનબંધ એમ સર્વ રીતિએ વિચારશુદ્ધિ જળવાઈ રહે છે. વિચારશુદ્ધિ માટે યોગશાસ્ત્રના આંતરશ્લોકો ખાસ મનન પૂર્વક વાંચવા લાયક છે. એથી સ્પષ્ટ જણાશે કે યોગશાસ્ત્રમાં આચારની સાથે વિચારશુદ્ધિની પણ ખૂબ જ ચીવટ રાખવામાં આવી છે. તેમાંથી સાધકને યોગ્ય જરૂરી

હકીકત આ પુસ્તકમાં જુદા જુદા સ્થળે રજુ કરવામાં આવેલ છે.

[redacted] યોગશુદ્ધિ એ તો આ યોગશાસ્ત્રનો મુખ્ય વિષય છે. આખા યોગશાસ્ત્રનો ક્રમ પણ યોગના આઠ અંગો પ્રમાણે રચાયો છે. આચાર્યશ્રીનું યોગશાસ્ત્ર જોતાં એમ લાગે છે કે જગતભરના યોગવિષયક બધા જ ગ્રન્થો જાણે પોતે પી ગયા ન હોય! અને જાણે એ અમૃતપાનથી તૃપ્ત થઈ તેના સારરૂપ અમૃતના ઉદ્ગારોની પરંપરાઓ તેઓશ્રીએ પોતાના યોગશાસ્ત્રમાં ગૂંથી લીધી છે.

યોગશાસ્ત્ર ગ્રન્થ આચાયશ્રીએ કુમારપાલ રાજાની પ્રાર્થનાથી રચ્યો છે. કુમારપાલ ભૂપાલનું તરુણ જીવન અનેક સંકટોમાં પસાર થયું હતું. તે વખતે અનેક દેશોમાં તેમને ભ્રમવું પડયું હતું, અને વિવિધ પ્રકારના યોગીઓના સમાગમમાં પણ તેઓ આવ્યા હતા. પચાસ વર્ષની મોટી ઉંમરે તેઓ ગાદીએ આવ્યા હતા. યોગશાસ્ત્રની જિજ્ઞાસાને તૃપ્ત કરવા યોગી સમ્રાટ હેમચંદ્રાચાર્યના ઉપદેશને તેઓ ઝીલવા લાગ્યા. એ જિજ્ઞાસુ રાજાની ઈચ્છા સંતોષવા માટે આચાર્યશ્રીએ યોગશાસ્ત્રની રચના કરી હતી. એ વાતને આચાર્યશ્રીએ અંતિમ શ્લોકમાં જણાવી છે.

એ શ્લોકના વિવરણમાં તેઓશ્રી જણાવે છે કે કુમારપાલને યોગની ઉપાસના પ્રિય હતી. તેમણે અન્ય યોગ શાસ્ત્રો જોયાં હતાં. આ કારણથી તેને બધા યોગશાસ્ત્રોથી

વિલક્ષણ એવું યોગશાસ્ત્ર સાંભળવાની ઈચ્છા હતી. આ રીતે કુમારપાલ મહારાજા આ ગ્રન્થની રચનામાં કારણભૂત હતા, તો પણ આખોય ગ્રન્થ સર્વ મુમુક્ષુઓને લાભકારક થાય તેવી રીતે આચાર્યશ્રીએ રચ્યો છે અને એ હેતુને સિદ્ધ કરવાં અનેક દૃષ્ટાંતોથી રોચક અને ભાષામાં સરલ એવી વિસ્તૃત વૃત્તિ-વિવરણ પણ તેઓશ્રીએ રચેલ છે. યોગશાસ્ત્રમાં યમ-નિયમ આદિ યોગનાં આઠ અંગોનો ક્રમસર સમાવેશ થયેલો છે. એ આઠે અંગોનું સંક્ષિપ્ત વર્ણન આ પુસ્તકના પરિશિષ્ટ બીજામાં કરવામાં આવ્યું છે, જિજ્ઞાસુએ ત્યાંથી જાણી લેવું.

[redacted] યોગ શાસ્ત્રનો ચોથો પ્રકાશ એ અધ્યાત્મ અમૃતનો મહાસાગર છે. અધ્યાત્મની શુદ્ધિ માટે સાધકને ઉપયોગી એક પણ વિષય તેમાંથી જતો કર્યો નથી. એમાં નિત્ય સ્નાન કરનાર આત્મા રોજને રોજ વધુને વધુ પવિત્ર બનતો જાય છે. આધ્યાત્મિક વિચારોની પદ્ધતિસર સુંદર સંકલના એમાં કરવામાં આવી છે, એથી સાધકને પોતાનું આધ્યાત્મિક જીવન ઘડતર કરવા માટેની વિપુલ સામગ્રી અને તેની અતિ સ્પષ્ટ સમજણ તેમાંથી મળી શકે છે. ચોથો પ્રકાશ એ યોગશાસ્ત્રનું હૃદય છે. તમામ અધ્યાત્મશાસ્ત્રોનું અતિકુશળતા પૂર્વક એમાં દોહન કરવામાં આવ્યું છે, અને એ કાર્ય શ્રેષ્ઠ પ્રતિભાસંપન્ન આચાર્યશ્રી હેમચંદ્રાચાર્ય જ કરી શકે. તેઓશ્રીને 'કલિકાલસર્વજ્ઞ'નું બિરૂદ આપવામાં આવ્યું છે, તે ખરેખર યથાર્થ છે, કારણ કે તેઓશ્રી કોઈ પણ વિષયનું જ્યારે નિરૂપણ કરે છે, ત્યારે તે વિષય સાંગોપાંગ

શ્રોતાના હૃદયમાં આરપાર ઉતરી જાય તેવી રીતે રજુ કરે છે, અને શ્રોતાની તે વિષયથી ઘણી ખરી જિજ્ઞાસાઓ તૃપ્ત થઈ જાય છે. બંગાળના સુપ્રસિદ્ધ વિદ્વાન ડો. હરિસત્ય ભટ્ટાચાર્ય. એમ. એ. પી. એચ. ડી. ને એકવખત યોગશાસ્ત્રનો ચોથો પ્રકાશ વૃત્તિ સહિત વાંચવા માટે આપવામાં આવેલ. તે વાંચીને તેમણે કહ્યું કે 'આમાં તો આચાર્યશ્રીએ ઉપનિષદ રૂપી ગાયોનું સુંદર દોહન કરી લીધું છે, તેથી આ પ્રકરણ ઉપનિષદનું પણ ઉપનિષદ છે.' યોગશાસ્ત્રનો બારમો પ્રકાશ એ આખા અધ્યાત્મ શાસ્ત્રરૂપ પ્રાસાદનો મંગળ કળશ છે. એમાં આચાર્યશ્રીએ પોતાના સ્વાનુભવને ગુંથીને તદ્‌વિષયક અનેક જિજ્ઞાસુ આત્માઓની જિજ્ઞાસા તૃપ્ત કરી દીધી છે.

કલિકાલમાં અધ્યાત્મ અતિ દુર્લભ છે. તેવા કરાલ કાળમાં તેઓશ્રીનો આ અનુભવનો પ્રકાશ હજારો નિરાશામાં આશાનું એક અમર કિરણ છે. યોગ અને અધ્યાત્મ માર્ગમાં મુસાફરી કરવા ઇચ્છનાર ભવ્ય જીવોને માટે એક વિશ્વાસુ ભોમિયાની ગરજ સારે છે. સરલ ભાષામાં આવી અધ્યાત્મ પૂર્ણ અને અનુભવરસથી ભરપૂર ઉત્તમ રચના, એ આચાર્ય-શ્રીના અંતઃકરણમાં રહેલ અપાર કરુણા અને યોગ તથા અધ્યાત્મ વિષયની સર્વોચ્ચ પ્રભુતાના પ્રતીક રૂપ છે.

પ્રસ્તુત 'ધર્મસાધના' નામના પુસ્તકમાં 'આત્મજ્ઞાનનાં સાધન' નામના આઠમાં પ્રકરણમાં ચોથા પ્રકાશમાં આવેલ ઉપયોગી હકીકતને રજુ કરવામાં આવી છે તથા પરિશિષ્ટ ત્રીજામાં આચાર્યશ્રીની અનુભવ વાણીમાં બારમા પ્રકાશના

પદાર્થો રજુ કરવામાં આવ્યા છે. વારંવાર તેનું પરિશીલન સાધકને માટે ખૂબ જ જરૂરી છે.

[redacted] ઉપર કહેવાઈ ગયું તેમ ધર્મશાસ્ત્રકારો જીવોને સર્વ દુઃખથી મુક્ત કરવાના ઈરાદે કરૂણા બુદ્ધિથી શાસ્ત્રોમાં આચારશુદ્ધિ, વિચારશુદ્ધિ, યોગશુદ્ધિ, અધ્યાત્મશુદ્ધિ અને એ ચારના નિચોડ સ્વરૂપ એક સ્વતંત્ર મંત્ર પણ બતાવે છે. જેમ અનેક ઉત્તમ ઔષધિઓના અર્કના મિશ્રણથી બનેલી એક નાનકડી ગુટિકામાં રોગનાશ માટેની કલ્પનાતીત શક્તિ ભરેલી હોય છે, તેમ મંત્રમાં પણ પાપ નાશ માટેની અપાર શક્તિ ભરી હોય છે. સમસ્ત શાસ્ત્રોના રહસ્ય સ્વરૂપ હોવા છતા મંત્ર ટૂંકો હોય છે, તેથી તેને આત્મસાત કરવામાં વધારે અનુકૂળતા રહે છે. વળી તેને ગમે તેવી અવસ્થામાં પણ સરળતાથી યાદ કરી શકાય છે. અને એના રટણદ્વારા ઉપરની ચારે બાબતોનું આરાધન સુલભ થઈ જાય છે. સમર્થજ્ઞાની પુરૂષો પણ અંત વખતે એ મંત્રમાંજ પોતાનું ચિત્ત પરોવે છે. મંત્ર એ ઈષ્ટદેવતાના સ્મરણ રૂપ છે. અર્થ ભાવના પૂર્વક સતત સ્મરણ અને જાપથી ધીમે ધીમે મંત્ર જે ઈષ્ટ દેવનો હોય છે, તે સ્વરૂપ તેનું ધ્યાન કરનારો પણ બનતો જાય છે અને આગળ વધતાં ક્રમે ક્રમે તન્મય તદ્રૂપ પણ બની જાય છે. મહામંત્ર નવકાર એ જૈન શાસનનો પરમ મંત્ર છે. નવકારનું પુનઃ પુનઃ રટણ કરનાર અંતે પંચ પરમેષ્ઠિ સ્વરૂપ બને છે. અથવા નવકારના સારરૂપ પ્રથમ પદ "નમો અરિહંતાણં"નું પુનઃ પુનઃ રટણ કરનાર આત્મા અંતે અરિહંત સ્વરૂપ બને છે.

[redacted] એ તમામ આરાધનાઓનું અંતિમ રહસ્ય છે. નવકારને પકડવાથી બધી જ ઉત્તમ આરાધના પકડમાં આવી જાય છે. નવકારનું સામર્થ્ય અદ્ભુત છે. તે સર્વાંગ શુદ્ધ મહામંત્ર છે. અને બીજા પણ તમામ મહામંત્ર અને પ્રવર વિદ્યાઓના ઉત્કૃષ્ટ બીજ સ્વરૂપ છે

આ પુસ્તકમાં શ્રાવકની દિનચર્યામાં મહામંત્ર નવકાર સંબંધી સાધકને ઉપયોગી સમજણ આપવામાં આવી છે તથા પરિશિષ્ટ બીજામાં પણ તે સંબંધી ઉપયોગી હકીકત રજુ કરવામાં આવી છે. તેનું પુનઃ પુનઃ મનન, પરિશીલન કરી મહામંત્રને આત્મસાત બનાવવા યથાશક્તિ પુરુષાર્થ કરવો એજ માનવ જન્મનું પ્રધાન ફળ છે

'ધર્મ સાધના' નામના આ પુસ્તકમાં નવ પ્રકરણો તથા ચાર પરિશિષ્ટોમાં નીચે મુજબ વિષયો રજુ કરવામાં આવ્યા છે.

'ગૃહસ્થોનો સામાન્ય ધર્મ' એ નામના પ્રકરણ પહેલામાં માર્ગાનુસારીના પાંત્રીસ ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે. આ પાંત્રીસ ગુણો એ ધર્મરૂપી પ્રાસાદનો મજબૂત પાયો છે. ધર્મનું આચરણ કરનાર ભલે સર્વ વિરતિધર સાધુ હોય કે દેશવિરતિધર શ્રાવક હોય પણ બન્નેના મૂલમાં આ ગુણો આવશ્યક છે—અત્યંત જરૂરી છે, તેથી તેને સૌથી પ્રથમ રજુ કરવામાં આવ્યા છે. પૃષ્ઠ ૧–થી–૪૯

માર્ગાનુસારી, પાત્ર જીવને નિષ્પક્ષપાતપણે ધર્મતત્ત્વ

જાણવાની ઈચ્છા થાય છે, તેથી બીજા પ્રકરણમાં ધર્મનું લક્ષણ બતાવવામાં આવ્યું છે. સામાન્ય બોધવાળા બાળ જીવોને પણ સમજવું સરળ પડે તે હેતુથી તે આખું પ્રકરણ પ્રશ્નોત્તર પદ્ધતિથી રજુ કરવામાં આવ્યું છે. પૃષ્ટ ૫૦થી૬૫

ધર્મ તત્ત્વને જાણ્યા પછી જીવનમાં તેની આરાધના કરવાની સ્વાભાવિક તમન્ના જાગે છે. વિવેકી પુરૂષો માટે આરાધવા લાયક કોઈ પ્રધાન તત્ત્વ હોય તો તે દેવ, ગુરૂ અને ધર્મ છે. તેથી ત્રીજા પ્રકરણમાં દેવ, ગુરૂ અને ધર્મની ઓળખાણરૂપ સમ્યગ્દર્શનનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. આ તત્ત્વત્રયીની સમ્યગ્ ઓળખાણ જીવને ધર્મમાર્ગમાં નિશ્ચલ બનાવનાર છે. પૃષ્ટ ૬૬ થી ૧૧૩

તત્ત્વત્રયીની સાચી ઓળખાણથી સમ્યગ્દર્શન સ્થિર બને છે. આ સમ્યગ્દર્શનને દિન પ્રતિ દિન વધુ નિર્મળ બનાવવાનો ઉપાય શ્રી અરિહંત પરમાત્માની ભક્તિ છે. ગૃહસ્થો માટે તરવાનું મુખ્ય સાધન ભક્તિ છે. એ ભક્તિનું અનન્ય સાધન જિનપ્રતિમાજી છે. આપણા હૃદયમાં પ્રભુભક્તિ જગાડવા માટે અને જાગૃત થયેલ પ્રભુભક્તિને સ્થિર કરવા માટે અનેક દૃષ્ટાંતો હેતુ અને યુક્તિ પૂર્વક એ વિષયને ચોથા પ્રકરણમાં વિસ્તારપૂર્વક રજુ કરવામાં આવ્યો છે. ૧૧૪ પૃષ્ઠથી આરંભી ૨૪૯ પૃષ્ઠ સુધી કુલ ૧૩૫ પૃષ્ઠમાં એકલી ભક્તિ યોગ સંબંધી વિવિધ હકીકતો દર્શાવવામાં આવી છે.

પાંચમા પ્રકરણમાં પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર

શિક્ષાવ્રત એમ શ્રાવકનાબારવ્રતો સંબંધી હકીકતરજુ કરવામાં આવી છે. તેમાં શ્રાવક જીવનને માટે અત્યંત ઉપયોગી બીજી પણ અનેક બાબતો દર્શાવવામાં આવી છે. પૃષ્ટ ૨૫૦થી૨૯૬

છઠ્ઠા પ્રકરણમાં શ્રાવકની દિનચર્યાનો અધિકાર છે. તેમાં નિત્ય રાત્રિ દિવસ કરવા લાયક અનુષ્ઠાનોનું રહસ્ય પ્રગટ કરવામાં આવ્યું છે. મહામંત્ર નવકારને કેવી રીતે ગણવો તે માટે જરૂરી હકીકત ૮૦ પૃષ્ટમાં રજા કરવામાં આવી છે. ચૈત્યવંદનની વિધિ તથા ચૈત્યવન્દનનાં સૂત્રોનાં રહસ્યો પ્રગટ કરવા માટે ૫૭ પૃષ્ઠ રોકવામાં આવ્યા છે. અને તેમાં સૂત્રોનો ભાવ સરળ ભાષામાં ખોલવામાં આવ્યો છે. ત્યારબાદ ગુરૂવન્દન, પચ્ચક્ખાણ, ષડાવશ્યક-પ્રતિક્રમણ, સ્વાધ્યાય, શયનવિધિ અને શ્રાવકને કરવા લાયક મનોરથો બતાવવામાં આવ્યા છે. પૃષ્ટ ૨૯૭ થી ૪૪૭

સાતમા પ્રકરણમાં વિસ્તારથી સંલેષણાવ્રત—અંતિમ આરાધનાના દશ પ્રકાર બતાવવામાં આવ્યા છે. પૃષ્ટ ૪૪૮ થી ૪૫૮.

આઠમા પ્રકરણમાં પ્રથમ નિશ્ચયથી રત્નત્રયીનું સ્વરૂપ બતાવી, આત્મજ્ઞાનનું પ્રાધાન્ય જણાવવામાં આવ્યું છે અને આત્મજ્ઞાનના સાધનો તરીકે કષાયને જીતવાના ઉપાયો, ઈન્દ્રિય જય અને મનશુદ્ધિ, રાગદ્વેષ જય, સમતા તથા અનિત્યાદિ બાર ભાવનાઓ, મૈત્રી આદિ ચાર ભાવનાઓ, એ ભાવનાઓને સ્થિર કરવાના ઉપાયો, ધ્યાનનો મહિમા, ધ્યાનનું સ્વરૂપ, ધ્યાન માટે દેશ, કાળ અને અધિકારીનું વર્ણન વિગેરે

જીવનને ઉન્નત કરનાર અતિ પ્રયોજનભૂત હકીકત રજુ કરવામાં આવી છે. પૃષ્ટ ૪૫૯ થી ૫૦૮

'મોક્ષ પ્રાપ્તિનો સાચો ઉપાય' એ નામના નવમા પ્રકરણમાં એકલા જ્ઞાન કે એકલી ક્રિયાથી મોક્ષ નથી. પણ જ્ઞાન અને ક્રિયાના સમેળથી મોક્ષ થાય છે, તે હકીકત, તથા વ્યવહાર અને નિશ્ચય એ બંનેનું બળ પોત પોતાના સ્થાનમાં કેવું અને કેટલું છે, તથા નિશ્ચય પામવા માટે શુદ્ધ વ્યવહાર પાલનની પ્રથમ કેટલી બધી જરૂર છે, તે હકીકતને સરળ રીતે સમજાવવામાં આવી છે. પૃ. ૫૦૯ થી ૫૧૮

પરિશિષ્ટ પહેલામાં ભગવાન શ્રી મહાવીરદેવની કરૂણા, યોગનો મહિમા, યોગનું સ્વરૂપ, મહાવ્રતો તથા તેની ભાવનાઓનું સ્વરૂપ વિગેરે રજુ કરવામાં આવ્યું છે. પૃષ્ઠ ૫૧૯ થી ૫૩૦.

પરિશિષ્ટ બીજામાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ આ યોગના આઠ અંગોનું વર્ણન કરવામાં આવ્યું છે. પૃ. ૫૩૧ થી ૫૫૫.

પરિશિષ્ટ ત્રીજામાં પૂ. આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યજીનો ધ્યાન યોગ વિષયક સ્વાનુભવ રજુ કરવામાં આવ્યો છે જે ધ્યાનમાર્ગમાં ઘણી ઉપયોગી અને પ્રયોજનભૂત હકીકત પુરી પાડે છે. પૃષ્ઠ ૫૫૬ થી

પરિશિષ્ટ ચોથામાં ધર્મસાધનામાં ઉપયોગી ગેય કાવ્યો રજુ કરવામાં આવ્યા છે.

મારા પરમોપકારી [redacted] શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરશ્રીના પરમ આશીર્વાદ અને પરમ કૃપાથી આ કાર્ય નિર્વિઘ્ન પૂર્ણ થયું છે આમાં જે કંઈ સારૂં છે તે બધું તેઓશ્રી પાસેથી મળેલું છે-તેઓશ્રીની કૃપાનું ફળ છે.

નવ અંગ પૂજા વખતની વિચારણા શ્રી સારાભાઈ નવાબ સંપાદિત શ્રી જૈન નિત્યપાઠસંગ્રહમાંથી ઉદ્ધૃત કરવામાં આવેલ છે; તે ઉપરાંત પણ જે જે ગ્રન્થોનો અને લેખકોના વચનોનો આમાં આધાર લેવામાં આવ્યો છે, તે તમામ મહાનુભાવો પ્રત્યે કૃતજ્ઞતા ભાવ દર્શાવીએ છીએ.

આ પુસ્તકના સમગ્ર લખાણમાં તથા આ પ્રસ્તાવનામાં મતિમંદતાદિના કારણે કંઈપણ જિનાજ્ઞા વિરૂદ્ધ લખાયું હોય તેનો મિચ્છામિ દુક્કડં દઈ વિરમું છું.

અંતમાં આ પુસ્તકમાં રજુ કરવામાં આવેલ પદાર્થોના વારંવાર વાંચન મનન અને પરિશીલન દ્વારા ભવ્ય જીવો ધર્મ સાધનામાં એકતાર બની સ્વ-પરનું કલ્યાણ સાધનારા બનો એજ શુભેચ્છા.

મુનિ કુંદકુંદવિજય

પ્રકાશકનું નિવેદન

જીવનમાં ધર્મભાવના જગાડવા માટે તથા સ્થિર કરવા માટે અનેક ઉપયોગી માહિતીથી ભરપૂર "ધર્મ સાધના" નામનું પ્રસ્તાવના સહિત ૬૭૨ પૃષ્ટના આ પુસ્તકની બીજી આવૃત્તિ પ્રગટ કરતા અમોને આનંદ થાય છે.

ધર્મમાર્ગમાં શરૂઆતના જીવો પણ સહેલાઈથી સમજી શકે તેવી સરલભાષામાં ધર્મસાધનાને ઉપયોગી વિવિધ હકીકત આમાં સુંદર રીતે રજુ થઈ છે.

પ્રત્યેક ધર્મપ્રેમી જૈન કે જેને પોતાના પરિવારમાં ધર્મના સંસ્કારોનું સિંચન કરવાની ઈચ્છા હોય તેમણે આ પુસ્તકને અવશ્ય પોતાના ઘરમાં વસાવવું જોઈએ અને જ્યારે જ્યારે સમય મળે ત્યારે પોતે તેને મનનપૂર્વક વાંચવું જોઈએ અને બીજા પણ યોગ્ય જીવોને સંભળાવવું જોઈએ.

જો બરાબર સ્થિર ચિત્તથી આ પુસ્તકનો અભ્યાસ કરવામાં આવે, તો આમાંથી અભ્યાસી ઘણું મેળવી શકશે. જીવનમાં ધર્મને ઉતારવા માટે સર્વ અવસ્થાના જીવોને આમાંથી કંઈકને કંઈક જરૂર મળી રહેશે. ધર્મભાવના પ્રગટ થઈ હશે તો સ્થિર થશે અને નહિ પ્રગટી હોય તો નવી પ્રગટશે.

જેના જીવનમાં ધર્મશ્રદ્ધા ઓતપ્રોત થઈ ગઈ છે એવો શ્રદ્ધાળુ આત્મા આ પુસ્તકનું કોઈપણ પ્રકરણ જિજ્ઞાસા પૂર્વક વાંચશે તો તેમાંથી તે અપૂર્વ તાજગી અનુભવશે.

આ પુસ્તક માત્ર ઉપર ઉપરથી એકાદ વાર વાંચી જવાનું પુસ્તક નથી પરંતુ જ્યાં સુધી જીવનમાં ધર્મસાધના સુદૃઢ ન થાય ત્યાં સુધી જીવનભર સુધી અભ્યાસ કરવા માટેનું પુસ્તક છે. મહાપુરુષોના ઉપદેશનો સાર આમાં સમાયેલો છે. જેમ જેમ પરિશીલન વધતું જશે તેમ તેમ તેનું ગંભીર રહસ્ય સમજણમાં આવતું જશે.

આ પુસ્તકને વાંચી વિચારી જીવનમાં ઉતારી સૌ કોઈ સ્વપર કલ્યાણના ભાગી બને એજ પ્રાર્થના.

ધર્મ સાધના

અનુક્રમણિકા

અનુક્રમ	વિષય	પૃષ્ઠ
	પ્રકરણ પહેલું	
	ગૃહસ્થનો સામાન્ય ધર્મ	૩
	(માર્ગાનુસારીના ૩૫ ગુણો)	
૧.	ન્યાય સંપન્ન વિભવ	૫
૨.	શિષ્ટાચાર પ્રશંસા	૮
૩.	સરખા કુલાચારવાળા અન્ય ગોત્રી સાથે વિવાહ	૧૨
૪.	પાપ ભીરૂતા	૧૬
૫.	પ્રસિદ્ધ દેશાચારનું પાલન કરવું	૧૭
૬.	કોઈનો અવર્ણવાદ બોલવો નહિ	૧૮
૭.	સારા પાડોશી હોય ત્યાં પ્રતિનિયત દ્વારવાળું ઘર રાખવું	૧૯
૮.	સદાચારી પુરૂષોની સોબત કરવી	૨૦
૯.	માતાપિતાની સેવા કરવી	૨૧
૧૦.	ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરવો	૨૨
૧૧.	નિન્દિત કાર્યોમાં પ્રવૃત્તિ ન કરવી	૨૩
૧૨.	આવક પ્રમાણે ખર્ચ રાખવું	૨૩
૧૩.	વૈભવને અનુસાર વેષ રાખવો	૨૫

૧૪. બુદ્ધિના આઠ ગુણોને ધારણ કરવા ૨૬
૧૫. નિરંતર ધર્મ શ્રવણ કરવો ૨૭
૧૬. અજીર્ણ વખતે ભોજન ન કરવું ૨૮
૧૭. ભોજનના કાળે ભોજન કરવું ૨૯
૧૮. પરસ્પર બાધ ન આવે તેમ ૨૯
ત્રિવર્ગનું સેવન કરવું
૧૯. ઔચિત્યપૂર્વક સેવા કરવી ૩૩
૨૦. હંમેશાં કોઈ વાતમાં કદાગ્રહ ન રાખવો ૩૪
૨૧. ગુણના પક્ષપાતી થવું ૩૫
૨૨. નિષિદ્ધ દેશમાં અને નિષિદ્ધ કાળમાં ૩૬
જવા આવવાનો ત્યાગ કરવો
૨૩. બલાબલનો વિચાર કરી કાર્યનો
આરંભ કરવો ૩૬
૨૪. સદાચારમાં રહેલા અને જ્ઞાનથી વૃદ્ધ
એવા પુરૂષોની સેવા કરવી ૩૭
૨૫. પોષ્ય વર્ગનું પોષણ કરવું ૩૮
૨૬. વિચારીને કાર્ય કરવું ૪૦
૨૭. વિશેષજ્ઞ થવું ૪૧
૨૮. કૃતજ્ઞ બનવું ૪૧
૨૯. લોકપ્રિય થવું ૪૨
૩૦. લજ્જાળુ થવું ૪૪
૩૧. દયાળુ થવું ૪૫
૩૨. સૌમ્ય પ્રકૃતિવાળા થવું ૪૫
૩૩. પરોપકારના કાર્યમાં પ્રવીણ થવું ૪૬

૩૪. અંતરંગ શત્રુઓનો ત્યાગ કરવો ૪૭
૩૫. પાંચ ઇંદ્રિયોના સમુદાયને વશ કરનાર થવું ૪૮

પ્રકરણ બીજું

૩૬. ધર્મનું લક્ષણ ૫૦
૩૭. વ્યવહાર ધર્મ અને નિશ્ચય ધર્મનો નિષ્કર્ષ ૫૦
૩૮. આગમ વચનને અનુસરવું એટલે શું ? ૫૨
૩૯. કષશુદ્ધ આગમનું લક્ષણ ૫૨
૪૦. છેદશુદ્ધ આગમનું લક્ષણ ૫૨
૪૧. તાપશુદ્ધ આગમનું લક્ષણ ૫૪
૪૨. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, સાપેક્ષ એટલે શું ? ૫૬
૪૩. મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ ભાવ યુકત ધર્માનુષ્ઠાન હોવું જોઈએ તેનું તાત્પર્ય ૫૯
૪૪. મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થનું સ્વરૂપ ૫૯
૪૫. પ્રીતિ, ભકિત અને અનુષ્ઠાનનું લક્ષણ ૬૧
૪૬. ત્યાગ કરવા લાયક અને ગ્રહણ કરવા લાયક ભાવો ૬૩
૪૭. ચિત્તનો મેલ એટલે શું ? ૬૪
૪૮. ચિત્તની પુષ્ટિ એટલે શું ? ૬૪
૪૯. ચિત્તની શુદ્ધિ એટલે શું ? ૬૪

પ્રકરણ ત્રીજું

[ઉપાસનાનાં ત્રણ તત્ત્વો]

૫૦. પરમાત્માની ઓળખાણ ૬૬
૫૧. પરમાત્માના ચાર મૂળ અતિશયો ૬૭
૫૨. પરમાત્મામાં રહેલ સમગ્ર ઐશ્વર્ય આદિ છ વસ્તુઓ ૬૯

૫૩. પરમાત્માનું અઢાર દોષરહિતપણું	૬૯
૫૪. કૈવલ્યપદનાં નામો	૭૧
૫૫. કૈવલ્યપદનાં સાધકો	૭૧
૫૬. કૈવલ્યપદનો ઉપાય	૭૨
૫૭. શ્રી તીર્થંકરોની ત્રીજા ભવની ઉત્તમ ભાવના પૂર્વકની કલ્યાણકારિણી આરાધના	૭૨
૫૮. શ્રી તીર્થંકરોની સાહજિક ઉત્તમતા	૭૫
૫૯. શ્રી જિનનામ કર્મબંધના હેતુઓ	૭૭
૬૦. શ્રી દેવાધિદેવના વિવિધ નામો	૮૦
૬૧. ગુરૂ તત્ત્વની ઓળખાણ	૮૯
૬૨. પાંચ મહાવ્રતોની સમજ	૯૦
૬૩. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું સ્વરૂપ	૯૧
૬૪. સાધુતાની યોગ્યતા બતાવનારા ગુણો	૯૩
૬૫. સાધુ ધર્મનું લક્ષણ	૯૩
૬૬. ધર્મતત્ત્વોની ઓળખાણ	૯૪
૬૭. દાન, શીલ, તપ, ભાવ વિગેરે દાનના ચાર પ્રકાર	૯૫
૬૮. જ્ઞાન દાનનું સ્વરૂપ	૯૫
૬૯. અભય દાનનું સ્વરૂપ	૯૬
૭૦. ધર્મોપગ્રહ દાનના પાંચ પ્રકાર	૯૮
૭૧. દાયક શુદ્ધ દાનનું સ્વરૂપ	૯૮
૭૨. ગ્રાહક શુદ્ધ દાનનું સ્વરૂપ	૯૯
૭૩. દેયશુદ્ધ દાનનું સ્વરૂપ	૧૦૦
૭૪. કાળશુદ્ધ દાનનું સ્વરૂપ	૧૦૦

૭૫. ભાવ શુદ્ધ દાનનું સ્વરૂપ ૧૦૦
૭૬. ધર્મના બીજા પ્રકાર શીલનું સ્વરૂપ ૧૦૧
૭૭. દેશવિરતિ ગુણનું સ્વરૂપ ૧૦૧
૭૮. સર્વ વિરતિ ગુણનું સ્વરૂપ ૧૦૧
૭૯. ધર્મના ત્રીજા પ્રકાર તપનું સ્વરૂપ ૧૦૧
૮૦. ધર્મના ચોથા પ્રકાર ભાવનું સ્વરૂપ ૧૦૨
૮૧. સંયમ આદિ દશ પ્રકારના યતિધર્મનાં નામો ૧૦૨
૮૨. (૧) સંયમનું સ્વરૂપ ૧૦૩
૮૩. (૨) સત્યનું સ્વરૂપ ૧૦૩
૮૪. (૩) શૌચનું સ્વરૂપ ૧૦૩
૮૫. (૪) બ્રહ્મચર્યનું સ્વરૂપ ૧૦૩
૮૬. (૫) અકિંચનતાનું સ્વરૂપ ૧૦૩
૮૭. (૬) તપનું સ્વરૂપ ૧૦૩
૮૮. (૭) ક્ષમાનું સ્વરૂપ ૧૦૩
૮૯. (૮) મૃદુતાનું સ્વરૂપ ૧૦૩
૯૦. (૯) ઋજુતાનું સ્વરૂપ ૧૦૪
૯૧. (૧૦) ત્યાગનું સ્વરૂપ ૧૦૪
૯૨. શ્રી શાસ્ત્ર વાર્તા સમુચ્ચય આદિ ગ્રંથના આધારે ધર્મના મહિમા દર્શક ૧૧ ભાવવાહી શ્લોકો ૧૦૪–૧૦૬
૯૩. સમ્યગ્ દર્શનના પાંચ લક્ષણો ૧૦૭
૯૪. (૧) શમનું સ્વરૂપ ૧૦૭
૯૫. (૨) સંવેગનું સ્વરૂપ ૧૦૭
૯૬. (૩) નિર્વેદનું લક્ષણ ૧૦૮

૯૭. (૪) અનુકંપાનું લક્ષણ ૧૦૮
૯૮. (૫) આસ્તિકયનું લક્ષણ ૧૦૯
૯૯. સ્થિરતા આદિ સમ્યગ્ દર્શનનાં પાંચ ભૂષણો ૧૦૯
૧૦૦. (૧) સ્થિરતાનું સ્વરૂપ ૧૧૦
૧૦૧. (૨) પ્રભાવનાનું સ્વરૂપ ૧૧૦
૧૦૨. (૩) ભક્તિનું સ્વરૂપ ૧૧૦
૧૦૩. (૪) જિન શાસનમાં કૌશલ્યનું સ્વરૂપ ૧૧૦
૧૦૪. (૫) તીર્થ સેવાનું સ્વરૂપ ૧૧૦
૧૦૫. સમ્યગ્ દર્શનની છ ભાવનાઓ ૧૧૧
૧૦૬. (૧) સમ્યગ્ દર્શન ધર્મવૃક્ષનું મૂલ ૧૧૧
૧૦૭. (૨) સમ્યગ્ દર્શન ધર્મનગરનું પ્રવેશદ્વાર ૧૧૧
૧૦૮. (૩) સમ્યગ્ દર્શન ધર્મમહેલનો પાયો ૧૧૨
૧૦૯. (૪) સમ્યગ્ દર્શન ધર્મજગતનો આધાર ૧૧૨
૧૧૦. (૫) સમ્યગ્ દર્શન ધર્મરસનું ભાજન ૧૧૨
૧૧૧. (૬) સમ્યગ્ દર્શન ધર્મરૂપ જ્ઞાનાદિ રત્નોનો ભંડાર ૧૧૨
૧૧૨. સમ્યગ્ દર્શનના શંકાદિ પાંચ અતિચારો ૧૧૩
૧૧૩. સમ્યગ્ દૃષ્ટિ જીવનાં લક્ષણો ૧૧૩

પ્રકરણ ચોથું

(દેવાધિદેવની ભક્તિ)

૧૧૪. દેવદર્શન આદિનું રહસ્ય ૧૧૪
૧૧૫. મૂર્તિની મહત્તા ૧૨૦
૧૧૬. નિમિત્તવાસી આત્મા ૧૨૧

૧૧૭. શ્રી જિન આગમ અને જિન પ્રતિમાનું મહત્ત્વ ૧૨૩
૧૧૮. શ્રી જિનમૂર્તિ એ ધ્યાનનું પરમ સાધન છે. ૧૨૪
૧૧૯. જ્ઞાનથી પણ પ્રતિમાનું ધ્યાન શ્રેષ્ઠ છે ૧૨૫
૧૨૦. મહાજ્ઞાનીઓનું પણ વિશ્રામ સ્થાન મૂર્તિ છે ૧૨૫
૧૨૧. શ્રી જિન મૂર્તિઓને અપાયેલી ઉપમાઓ સત્ય છે ૧૨૬
૧૨૨. પ્રતિમાના આલંબન સંબંધી અનુભવીઓના અમૃતોદ્ગારની પરંપરા ૧૨૭
૧૨૩. ઉપાસનાની દૃષ્ટિએ નામ કરતાં સ્થાપનાની મહત્તા ૧૩૧
૧૨૪. પ્રશસ્તના આદરથી જ અપ્રશસ્તનો રાગ ટળે છે ૧૩૩
૧૨૫. શ્રી જિન પ્રતિમા જિન સમાન છે ૧૩૭
૧૬૨ આત્મવિકાસનું પ્રથમ પગથિયું દેવપૂજા છે ૧૩૮
૧૨૭. શ્રી જિનપૂજામાં અનેક લાભો સમાયેલા છે ૧૪૦
૧૨૮. શ્રી જિનપૂજા એ અહિંસાનો પાયો છે. ૧૪૧
૧૨૯. પ્રભુની આજ્ઞા મુજબ વર્તવું એનું જ નામ ધર્મ ૧૪૩
૧૩૦. હેતુ સ્વરૂપ અને અનુબંધન હિંસાનું સ્વરૂપ ૧૪૩
૧૩૧. રોગ મુજબ જ ઔષધ ગુણકારી બને છે ૧૪૭
૧૩૨. લાભાલાભનો વિચાર ૧૪૯
૧૩૩. દેવદર્શન અને અધ્યવસાયની શુદ્ધિ ૧૫૧

પૂજા કરનારાઓને જરૂરી સૂચના

૧૩૪. સાત પ્રકારની શુદ્ધિ ૧૫૬

૧૩૫. (૧) અંગ શુદ્ધિ ૧૫૬
૧૩૬. (૨) વસ્ત્ર શુદ્ધિ ૧૫૬
૧૩૭. (૩) મન શુદ્ધિ ૧૫૭
૧૩૮. (૪) ભૂમિ શુદ્ધિ ૧૫૭
૧૩૯. (૫) ઉપકરણ શુદ્ધિ ૧૫૭
૧૪૦. (૬) દ્રવ્ય શુદ્ધિ ૧૫૭
૧૪૧. (૭) વિધિ શુદ્ધિ ૧૫૮
૧૪૨. શ્રી જિનમંદિરમાં પ્રવેશ ૧૫૮
૧૪૩. અષ્ટ પ્રકારી પૂજાનો ક્રમ અને તેની વિધિ ૧૫૯
૧૪૪. જલપૂજાની વિધિ ૧૫૯
૧૪૫. જલપૂજા વખતે બોલવાના દૂહા ૧૬૦
૧૪૬. જલપૂજા વખતે ભાવનાની ભાવના ૧૬૧
૧૪૭. ચંદન પૂજાની વિધિ ૧૬૧
૧૪૮. ચંદન પૂજા વખતે બોલવાનો દૂહો ૧૬૧
૧૪૯. ચંદન પૂજા વખતે ભાવનાની ભાવના ૧૬૧
૧૫૦. પૂષ્પપૂજાની વિધિ ૧૬૧
૧૫૧. પુષ્પ પૂજા વખતે બોલવાનો દૂહો ૧૬૨
૧૫૨. પુષ્પ પૂજા વખતે ભાવનાની ભાવના ૧૬૨
૧૫૩. ધૂપ પૂજાની વિધિ ૧૬૨
૧૫૪. ધૂપ પૂજા વખતે બોલવાનો દૂહો ૧૬૨
૧૫૫. ધૂપ પૂજા વખતે ભાવનાની ભાવના ૧૬૨
૧૫૬. દીપક પૂજાની વિધિ ૧૬૨
૧૫૭. દીપક પૂજા વખતે બોલવાનો દૂહો ૧૬૨
૧૫૮. દીપક પૂજા વખતે ભાવનાની ભાવના ૧૬૨
૧૫૯. અક્ષત પૂજાની વિધિ ૧૬૩

૧૬૦. અક્ષત પૂજા વખતે બોલવાનો દૂહો ૧૬૩
૧૬૧. અક્ષત પૂજા વખતે ભાવનાની ભાવના ૧૬૩
૧૬૨. સાથિયો કરતી વખતે બોલવાના દૂહા ૧૬૩
૧૬૩. નૈવેદ્ય પૂજાની વિધિ ૧૬૩
૧૬૪. નૈવેદ્ય પૂજા વખતે બોલવાનો દૂહો ૧૬૩
૧૬૫. નૈવેદ્ય પૂજા વખતે ભાવનાની ભાવના ૧૬૪
૧૬૬. ફલ પૂજાની વિધિ ૧૬૪
૧૬૭. ફલપૂજા વખતે બોલવાનો દૂહો ૧૬૪
૧૬૮. ફલપૂજા વખતે ભાવનાની ભાવના ૧૬૪
૧૬૯. ચામર પૂજા કરતાં બોલવાનો દૂહો ૧૬૪

પ્રભુજીની નવ અંગપૂજા અંતર્ગત રહેલી ઉદાર ભાવનાનું દર્શન

૧૭૦. ૧. અંગુષ્ઠ પૂજાનો દૂહો અને તેની ઉદાર ભાવના ૧૬૫
૧૭૧. ૨. જાનૂપૂજાનો દૂહો અને તેની ઉદાર ભાવના ૧૬૭
૧૭૨. ૩. કાંડાની પૂજાનો દૂહો અને તેની ઉદાર ભાવના ૧૬૮
૧૭૩. ૪. સ્કંધ પૂજાનો દૂહો અને તેની ઉદાર ભાવના ૧૭૦
૧૭૪. ૫. શિરશિખા પૂજનનો દૂહો અને તેની ઉદાર ભાવના ૧૭૨
૧૭૫. ૬. ભાલપૂજાનો દૂહો અને તેની ઉદાર ભાવના ૧૭૪
૧૭૬. ૭. કંઠ પૂજાનો દૂહો અને તેની ઉદાર ભાવના ૧૭૭
૧૭૭. ૮. હૃદય પૂજાનો દૂહો અને તેની ઉદાર ભાવના ૧૭૯
૧૭૮. ૯. નાભિપૂજાનો દૂહો અને તેની ઉદાર ભાવના ૧૮૧

૧૭૯. નવ અંગપૂજાના ઉપસંહારનો દૂહો અને
તેની ઉદાર ભાવના ૧૮૪
૧૮૦ પ્રભુપૂજન વખતે ભાવનાની જુદી જુદી
પ્રભુજીની ત્રણ અવસ્થા ૧૮૬
૧૮૧. ૧. 'પિંડ' અવસ્થાની ભાવના ૧૮૬
૧૮૨. ૨. 'પદ' અવસ્થાની ભાવના ૧૮૭
૧૮૩. ૩. 'રૂપરહિત' અવસ્થાની ભાવના ૧૮૭
૧૮૪. પ્રભુજીની જન્મ અવસ્થાની ભાવના ૧૮૭
૧૮૫. પ્રભુજીની રાજ્યાવસ્થાની ભાવના ૧૮૭
૧૮૬. પ્રભુજીની શ્રમણાવસ્થાની ભાવના ૧૮૭
૧૮૭. પ્રભુજીની કેવલી અવસ્થાની ભાવના ૧૮૮
૧૮૮. પ્રભુજીની રૂપાતીત અવસ્થાની ભાવના ૧૮૮
૧૮૯. સ્તોત્ર કેવું હોવું જોઈએ ? ૧૮૮
૧૯૦. શ્રી ષોડશક ગ્રંથના આધારે સ્તોત્રના પિંડ,
ક્રિયાદિ ૧૩ ગુણોના વર્ણન ગર્ભિત હકીકત. ૧૮૮
૧૯૧. શ્રી યોગબિન્દુ ગ્રંથના આધારે દેવવંદનની
વિધિ દર્શક સ્થાન, કાલાદિ ૯ ગુણોનું વર્ણન ૧૯૦
૧૯૨. શ્રી જિનપૂજાથી શુભ ભાવની વૃદ્ધિ ૧૯૧
૧૯૩. ચૈત્યવંદન આદિ ક્રિયાની શુદ્ધિ માટે
ઉપયોગી માર્ગદર્શન ૧૯૧
૧૯૪. પ્રણિધાનનો મહિમા ૧૯૩
૧૯૫. પ્રણિધાનનું સ્વરૂપ ૧૯૩
૧૯૬. વિશુદ્ધ ભાવનાનું સ્વરૂપ ૧૯૪

ક્રિયાના પાંચ આશયો

૧૯૭. ૧ પ્રથમ પ્રણિધાન નામના આશયનું સ્વરૂપ. ૧૯૪
૧૯૮. ૨ બીજા પ્રવૃત્તિ નામના આશયનું સ્વરૂપ ૧૯૪
૧૯૯. ૩ ત્રીજા વિઘ્નજય નામના આશયનું સ્વરૂપ ૧૯૪
૨૦૦. ૪ ચોથા સિદ્ધિ નામના આશયનું સ્વરૂપ ૧૯૫
૨૦૧. ૫ પાંચમા વિનિયોગ નામના આશયનું સ્વરૂપ ૧૯૫

સ્થાનાદિ યોગના પ્રકારો

૨૦૨. ૧ સ્થાન યોગનું સ્વરૂપ ૧૯૫
૨૦૩. ૨ વર્ણયોગનું સ્વરૂપ ૧૯૬
૨૦૪. ૩ અર્થયોગનું સ્વરૂપ ૧૯૬
૨૦૫. ૪ આલંબન યોગનું સ્વરૂપ ૧૯૬
૨૦૬. ૫ અનાલંબન યોગનું સ્વરૂપ ૧૯૬
૨૦૭. ૧ ઇચ્છા યોગનું સ્વરૂપ ૧૯૬
૨૦૮. ૨ પ્રવૃત્તિ યોગનું સ્વરૂપ ૧૯૭
૨૦૯. ૩ સ્થિર યોગનું સ્વરૂપ ૧૯૭
૨૧૦. ૪ સિદ્ધિ યોગનું સ્વરૂપ ૧૯૭
૨૧૧. ૧ પ્રીતિ અનુષ્ઠાનનું સ્વરૂપ ૧૯૭
૨૧૨. ૨ ભક્તિ અનુષ્ઠાનનું સ્વરૂપ ૧૯૭
૨૧૩. ૩ વચનાનુષ્ઠાનનું સ્વરૂપ ૧૯૭
૨૧૪. ૪ અસંગ અનુષ્ઠાનનું સ્વરૂપ ૧૯૭
૨૧૫. ૧ વિષાનુષ્ઠાનનું સ્વરૂપ ૧૯૮
૨૧૬. ૨ ગરાનુષ્ઠાનનું સ્વરૂપ ૧૯૮
૨૧૭. ૩ અનનુષ્ઠાનનું સ્વરૂપ ૧૯૯
૨૧૮. ૪ તદ્ધેત્વનુષ્ઠાનનું સ્વરૂપ ૧૯૯

૨૧૯. ૫ અમૃતાનુષ્ઠાનનું સ્વરૂપ ૧૯૯
૨૨૦. શ્રી જિનપૂજાથી જ્ઞાનાવરણીયાદિ આઠે કર્મનો ક્ષય થાય છે તેને દર્શાવનાર હકીકત. ૨૦૦
૨૨૧. શ્રી જિનપૂજામાં દાનાદિ અને વ્રતાદિ ધર્મોની આરાધના ૨૦૧
૨૨૨. શ્રી જિનપૂજા દ્વારા થતી દાન ધર્મની આરાધના ૨૦૧
૨૨૩. શ્રી જિનપૂજા દ્વારા થતી શીલ ધર્મની આરાધના ૨૦૨
૨૨૪. શ્રી જિનપૂજા દ્વારા થતી તપ ધર્મની આરાધના ૨૦૨
૨૨૫. શ્રી જિનપૂજા દ્વારા થતી ભાવ ધર્મની આરાધના ૨૦૨
૨૨૬. શ્રી જિનપૂજા દ્વારા થતી અહિંસાધર્મની આરાધના ૨૦૨
૨૨૭. શ્રી જિનપૂજા દ્વારા થતી સત્ય ધર્મની આરાધના ૨૦૩
૨૨૮. શ્રી જિનપૂજા દ્વારા થતી અસ્તેય ધર્મની આરાધના ૨૦૩
૨૨૯. શ્રી જિનપૂજા દ્વારા થતી બ્રહ્મચર્ય ધર્મની આરાધના ૨૦૩
૨૩૦. શ્રી જિનપૂજા દ્વારા થતી અપરિગ્રહ ધર્મની આરાધના ૨૦૩

૨૩૧. શ્રી જિનપૂજા દ્વારા થતી સમ્યક્ત્વધર્મની આરાધના ૨૦૩
૨૩૨. શ્રી જિનપૂજા દ્વારા થતી ચારિત્રધર્મની આરાધના ૨૦૩
૨૩૩. શ્રી જિનપૂજા અને રત્નત્રયીનો સંબંધ ૨૦૪
૨૩૪. શ્રી જિનદર્શન વખતની ભાવવાહી મંગલમય વિચારણા ૨૦૪
૨૩૫. શ્રી તીર્થંકરોની ભક્તિના ફળને દર્શાવનાર ૧૨ બાબતો ૨૦૯
૨૩૬. શ્રી દેવદર્શન સંબંધી અનેક તાત્ત્વિક સમાધાનો (પ્રશ્નોત્તર પદ્ધતિએ) ૨૧૧
૨૩૭. પરમાત્માના દર્શન વખતે બોલવાની ભાવવાહી ૩૬ સંસ્કૃત સ્તુતિઓ, અર્થ સહિત ૨૨૮
૨૩૮. પ્રભુ સન્મુખ બોલવાની ગુજરાતી ભાવવાહી ૪૪ સ્તુતિઓ ૨૪૦
૨૩૯. શ્રી જિન પ્રતિમા સ્થાપન શ્રી શાંતિનાથ ભગવાનનું સ્તવન ૨૪૫
૨૪૦. શ્રી અરિહંત ભક્તિ ગર્ભિત ભાવવાહી ૩૦ દૂહાઓ ૨૪૭

પ્રકરણ પાંચમું

[બાર વ્રતનું સ્વરૂપ]

૨૪૧. શ્રાવકનો ધર્મ ૨૫૦
૨૪૨. શ્રાવક શબ્દનો અર્થ ૨૫૦
૨૪૩. શ્રૃણોતીતિ શ્રાવકઃ શબ્દનો અર્થ ૨૫૧

૨૪૪. શ્રાવકના પ્રથમ અણુવ્રત રૂપ અહિંસાનું સ્વરૂપ ૧૫૨
૨૪૫. ગૃહસ્થોના અહિંસા વ્રતની મર્યાદા ૨૫૪
૨૪૬. નિરપરાધી જીવોને ન મારવા સંબંધી ૨૫૪
૨૪૭. ત્રસ જીવોની હિંસા ન કરવા સંબંધી ૨૫૬
૨૪૮. સંકલ્પથી હિંસાનો ત્યાગ કરવા સંબંધી ૨૫૬
૨૪૯. હિંસા સર્વ રીતિએ ત્યાજ્ય છે તે સંબંધી ૨૫૭
૨૫૦. અહિંસાનું માહાત્મ્ય ૨૫૯
૨૫૧. બીજું અણુવ્રત (સત્ય) ૨૬૦
૨૫૨. ગૃહસ્થોના સત્યવ્રતનું સ્વરૂપ ૨૬૦
૨૫૩. મનુષ્ય સંબંધી અસત્ય ન બોલવા સંબંધી ૨૬૧
૨૫૪. પશુ સંબંધી અસત્ય ન બોલવા સંબંધી ૨૬૧
૨૫૫. જમીન સંબંધી અસત્ય ન બોલવા સંબંધી ૨૬૧
૨૫૬. થાપણ સંબંધી અસત્ય ન બોલવા સંબંધી ૨૬૧
૨૫૭. ખોટી સાક્ષી ન ભરવા સંબંધી ૨૬૧
૨૫૮. અસત્ય બોલવાથી થતા ગેરફાયદા ૨૬૨
૨૫૯. સત્યવાદીની શ્રેષ્ઠતા ૨૬૪
૨૬૦. ત્રીજું અણુવ્રત (અસ્તેય) ૨૬૫
૨૬૧. અસ્તેય વ્રતનું સ્વરૂપ ૨૬૫
૨૬૨. અચૌર્ય વ્રતનું ફળ ૨૬૬
૨૬૩. ચોથું અણુવ્રત–બ્રહ્મચર્ય ૨૬૭
૨૬૪. વિષય વાસના પરિણામે દારૂણ છે ૨૬૭
૨૬૫. વેશ્યાગમનના દોષો ૨૬૭
૨૬૬. પરસ્રીગમનના દોષો ૨૬૮
૨૬૭. બ્રહ્મચર્યનો મહિમા ૨૬૯
૨૬૮. પાંચમું અણુવ્રત–પરિગ્રહ પરિમાણ ૨૬૯

૨૬૯. પરિગ્રહ પરિમાણનું સ્વરૂપ ૨૬૯
૨૭૦. પરિગ્રહના દોષો ૨૬૯

ત્રણ ગુણવ્રતો

૨૭૧. પ્રથમ ગુણ વ્રત—દિશાનો નિયમ ૨૭૧
૨૭૨. દિગ્વિરતિ વ્રતનું સ્વરૂપ ૨૭૧
૨૭૩. બીજું ગુણ વ્રત—ભોગોપભોગ વ્રત ૨૭૧
૨૭૪. ભોગોપભોગવ્રતનું સ્વરૂપ ૨૭૧
૨૭૫. ભોજનમાં સર્વથા ત્યાગવા યોગ્ય પદાર્થો ૨૭૨
૨૭૬. આહાર તેવો ઓડકાર ૨૭૨
૨૭૭. મદિરા (દારૂ) પીવાથી થતા દોષો ૨૭૪
૨૭૮. માંસ ત્યાગ કરવા વિષે ૨૭૪
૨૭૯. માખણ ખાવાના દોષો ૨૭૬
૨૮૦. મધ ખાવાના દોષો ૨૭૬
૨૮૧. પાંચ પ્રકારના ઉંબરડા પ્રમુખનાં ફળો ન ખાવા સંબંધી ૨૭૭
૨૮૨. ત્યાગ કરવા લાયક બત્રીસ અનંતકાયનાં નામો ૨૭૭
૨૮૩. અજાણ્યાં ફળ ન ખાવા સંબંધી ૨૭૮
૨૮૪. રાત્રિ ભોજનથી થતા દોષો ૨૭૮
૨૮૫. દ્વિદળનું સ્વરૂપ ૨૮૩
૨૮૬. ચૌદ નિયમ ધારવાની વિગત ૨૮૪
૨૮૭. ત્યાગ કરવા લાયક પંદર કર્માદાનો ૨૮૭
૨૮૮. ત્રીજું ગુણવ્રત—અનર્થ દંડ વિરમણ ૨૮૮
૨૮૯. અનર્થ દંડના અપધ્યાનાદિ ચાર પ્રકાર ૨૮૮
૨૯૦. ૧ અપધ્યાનનું સ્વરૂપ ૨૮૮

૨૯૧. ૨ પાપોપદેશનું સ્વરૂપ ૨૮૯
૨૯૨. ૩ હિંસ્ર પ્રદાનનું સ્વરૂપ ૨૮૯
૨૯૩. ૪ પ્રમાદાચરણનું સ્વરૂપ ૨૮૯
૨૯૪. ગૃહસ્થનું પ્રથમ શિક્ષાવ્રત–સામાયિક વ્રત ૨૯૦
૨૯૫. સામાયિક વ્રતનું સ્વરૂપ ૨૯૦
૨૯૬. બીજું શિક્ષાવ્રત–દેશાવગાસિક વ્રત ૨૯૦
૨૯૭. દેશાવગાસિક વ્રતનું સ્વરૂપ ૨૯૦
૨૯૮. ત્રીજું શિક્ષાવ્રત–પૌષધવ્રત ૨૯૧
૨૯૯. પૌષધ વ્રતનું સ્વરૂપ ૨૯૧
૩૦૦. ચોથું શિક્ષાવ્રત–અતિથિ–સંવિભાગ વ્રત ૨૯૨
૩૦૧. અતિથિસંવિભાગ વ્રતનું સ્વરૂપ ૨૯૨
૩૦૨. વ્રતોમાં લાગેલા અતિચારોનો ત્યાગ કરવા સંબંધી ૨૯૩
૩૦૩. વ્રતોના અતિચારોથી બચવાના ઉપાયો ૨૯૩
૩૦૪. મહા શ્રાવકની ઓળખાણ ૨૯૫

પ્રકરણ છઠ્ઠું
(દિનચર્યા)

૩૦૫. શ્રાવકની દિનચર્યા ૨૯૭
૩૦૬. શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્ર ૨૯૭
૩૦૭. શ્રાવકની દિનચર્યામાં પ્રથમ કર્તવ્ય તરીકે શ્રી નમસ્કાર મહા મંત્રનું સ્મરણ કરવાનું વિધાન ૨૯૭
૩૦૮. શ્રી નમસ્કાર જાપ માટેની પૂર્વ ભૂમિકા ૨૯૯

૩૦૯. શ્રી નમસ્કાર મહામંત્ર મહિમા ગર્ભિત ભાવ-
વાહી પ્રાકૃત-સંસ્કૃત ૨૧ શ્લોકો અર્થ સહિત ૩૦૦
૩૧૦. શ્રી નમસ્કાર મહામંત્ર મહિમા ગર્ભિત
ભાવવાહી ગુજરાતી ૧૨ શ્લોકો ૩૦૫
૩૧૧. શ્રી નમસ્કાર ભાવના (ગદ્યમાં) ૩૦૮
૩૧૨. મૈત્રી આદિ ભાવના ગર્ભિત ભાવવાહી
સંસ્કૃત-પ્રાકૃત ૨૦ શ્લોકો અર્થ સહિત ૩૧૦
૩૧૩. મૈત્રી આદિ ભાવના ગર્ભિત ભાવવાહી
ગુજરાતી ૧૫ શ્લોકો ૩૧૬
૩૧૪. શ્રી નમસ્કાર મંત્રના આરાધકની
મંગલ કામનાઓ ૩૧૯
૩૧૫. આત્મરક્ષાકર વજ્રપંજર સ્તોત્ર અર્થ સહિત ૩૨૦
૩૧૬. ચત્તારિ મંગલં સૂત્ર અર્થ સહિત ૩૨૩
૩૧૭. જાપપૂર્વે ભાવિત કરવા લાયક
ઉપયોગી શ્લોકો ૩૨૫
૩૧૮. શ્રી નમસ્કાર મહામંત્રનું બાહ્યસ્વરૂપ ૩૨૮
૩૧૯. શ્રી નવકારના નવપદોની ગણનાની
આઠ સંપદાઓ ૩૨૮
૩૨૦. શ્રી નવકારમાં ગુરૂ લઘુ અક્ષરો ૩૨૯
૩૨૧. નવકારનો પ્રત્યેક અક્ષર તીર્થ તુલ્ય છે. ૩૩૧
૩૨૨. શ્રી નવકારનું આંતરિક સ્વરૂપ ૩૩૨
૩૨૩. શ્રી નવકારનો શબ્દાર્થ ૩૩૨
૩૨૪. 'નમો' પદની વિચારણા ૩૩૩
૩૨૫. 'અરિહંત' પદની વિચારણા ૩૩૭

૩૨૬. શ્રી અરિહંતના બાર ગુણો ૩૩૯
૩૨૭. ' સવિજીવ કરૂં શાસન રસી 'ની ભાવનાપૂર્વક
શ્રી અરિહંતોની કલ્યાણકારી સાધના ૩૪૦
૩૨૮. શ્રી સિદ્ધપદની વિચારણા ૩૪૧
૩૨૯. શ્રી સિદ્ધ ભગવંતના આઠ ગુણો ૩૪૧
૩૩૦. શ્રી આચાર્યપદની વિચારણા ૩૪૧
૩૩૧. શ્રી આચાર્ય મહારાજના ૩૬ ગુણો ૩૪૨
૩૩૨. શ્રી ઉપાધ્યાય પદની વિચારણા ૩૪૨
૩૩૩. શ્રી ઉપાધ્યાય ભગવંતના ૨૫
ગુણોની ઓળખાણ ૩૪૨
૩૩૪. શ્રી સાધુપદની વિચારણા ૩૪૨
૩૩૫. શ્રી સાધુ મહારાજના ૨૭ ગુણોની ઓળખાણ ૩૪૩
૩૩૬. સાધુ ધર્મનું લક્ષણ ૩૪૩
૩૩૭. શ્રી પંચ પરમેષ્ઠિઓના ૧૦૮ ગુણો ૩૪૪
૩૩૮. શ્રી નમસ્કારની ચૂલિકાનો વિચાર ૩૪૪
૩૩૯. જાપ કેવી રીતે કરવો ? ૩૪૭
૩૪૦. ભાષ્ય જાપનું લક્ષણ ૩૪૭
૩૪૧. ઉપાંશુ જાપનું લક્ષણ ૩૪૮
૩૪૨. માનસ જાપનું લક્ષણ ૩૪૮
૩૪૩. શ્રી નવકારનો પ્રત્યેક અક્ષર મંત્ર
સ્વરૂપ છે. ૩૪૯
૩૪૪. જાપ કરનાર સાધકે ધ્યાનમાં રાખવા યોગ્ય
નિશ્ચિત સમય આદિ પાંચ બાબતો ૩૫૧
૩૪૫. ૧ નિશ્ચિત સમય ૩૫૧
૩૪૬. ૨ નિશ્ચિત આસન ૩૫૨

૩૪૭. ૩ નિશ્ચિત દિશા ૩૫૩
૩૪૮. ૪ નિશ્ચિત માલા ૩૫૪
૩૪૯. ૫ નિશ્ચિત સંખ્યા ૩૫૫
૩૫૦. જાપની સિદ્ધિ માટે પ્રયોજનભૂત જ્ઞાન ૩૫૭
૩૫૧. જાપ કરનારને જરૂરી નિયમોનું પાલન ૩૬૧
૩૫૨. જાપમાં પ્રગતિ સાધવાના ઉપાયો ૩૬૨
૩૫૩. ધારણાપૂર્વક અક્ષરો જોવાની પ્રથમ રીત ૩૬૨
૩૫૪. ધારણાપૂર્વક અક્ષરો જોવાની બીજી રીત ૩૬૩
૩૫૫. ધારણાપૂર્વક અક્ષરો જોવાની ત્રીજી રીત ૩૬૩
૩૫૬. શ્રી નવકારના અક્ષરોની ધારણાથી માનસિક પૂજા ૩૬૪
૩૫૭. મહામંત્રની સાધનાથી થતા લાભો ૩૬૬
૩૫૮. મહામંત્રની સાધનાનું સામાન્ય ફળ ૩૬૬
૩૫૯. મહામંત્રની સાધનાનું મધ્યમ ફળ ૩૬૬
૩૬૦. મહામંત્રની સાધનાનું ઉત્તમ ફળ ૩૬૬
૩૬૧. મહામંત્રની સાધનાનું ઉત્તમોત્તમ ફળ ૩૬૬
૩૬૨. સાધનામાં ગુરૂકૃપાનું મહત્ત્વ ૩૬૭
૩૬૩. શ્રી નવકારનું ધ્યાન કરનારનાં લક્ષણો ૩૬૮
૩૬૪. મંત્ર સાધકના ગુણોદર્શક ગુજરાતી ઉપયોગી ત્રણ દૂહાઓ ૩૬૯
૩૬૫. વિવિધ કક્ષાના સાધકોની યોગ્યતા દર્શક ગુણો ૩૭૧
૩૬૬. શ્રી નવકાર અને સામાયિક ૩૭૨
૩૬૭. શ્રી મહામંત્ર નવકારનું ધ્યાન ૩૭૩

૩૬૮. જાપ પછી ધ્યાનની યોગ્યતા સંબંધી ૩૭૩

૩૬૯. અષ્ટ દલ કમલથી શ્રી નવકારના ધ્યાનની વિધિ ૩૭૪

૩૭૦. પરમેષ્ઠિઓના વર્ણપ્રમાણે ધ્યાન કરવાની વિધિ ૩૭૫

૩૭૧. શ્રી નવકાર સાધનાનું અંતિમ ફલ ૩૭૭

૩૭૨. ચૈત્યવંદન કરવાની વિધિ અને તેનું રહસ્ય ૩૭૮

૩૭૩ નમુત્થુણં સૂત્રની નવ સંપદાઓ તથા તેના તેત્રીશ આલાપકો ૩૮૧

૩૭૪. ભાવિજિનેશ્વરનું સ્વરૂપ ૩૮૩

(શક્રસ્તવ–નમુત્થુણં સૂત્રની સમજણ)

૩૭૫. 'नमुत्थुणं' શબ્દનો ભાવાર્થ વિવેચન સહિત ૩૮૩

૩૭૬. 'अरिहंताणं' પદનું વિવેચન ૩૮૪

૩૭૭. 'भगवंताणं' પદનું વિવેચન

'ભગ' શબ્દના જ્ઞાન આદિ ૧૨ અર્થો ૩૮૬

૩૭૮. ૧ 'જ્ઞાન' શબ્દનો ભાવાર્થ ૩૮૬

૩૭૯. ૨ 'માહાત્મ્ય' શબ્દનો ભાવાર્થ ૩૮૬

૩૮૦. ૩ 'યશ' શબ્દનો ભાવાર્થ ૩૮૭

૩૮૧. ૪ 'વરાગ્ય' શબ્દનો ભાવાર્થ ૩૮૭

૩૮૨ ૫ 'મુક્તિ' શબ્દનો ભાવાર્થ ૩૮૭

૩૮૩. ૬ 'રૂપ' શબ્દનો ભાવાર્થ ૩૮૭

૩૮૪. ૭ 'વીર્ય' શબ્દનો ભાવાર્થ ૩૮૭

૩૮૫. ૮ 'પ્રયત્ન' શબ્દનો ભાવાર્થ ૩૮૮

૩૮૬. ૯ 'ઇચ્છા' શબ્દનો ભાવાર્થ ૩૮૮

૩૮૭. ૧૦ ' શ્રી ' શબ્દનો ભાવાર્થ ૩૮૮

૩૮૮. ૧૧ ' ધર્મ ' શબ્દનો ભાવાર્થ ૩૮૮

૩૮૯. ૧૨ ' ઐશ્વર્ય ' શબ્દનો ભાવાર્થ ૩૮૮

૩૯૦. आइगराणं શબ્દનો અર્થ તથા સંક્ષિપ્ત ભાવાર્થ ૩૮૮

૩૯૧. तिथ्थयराणं શબ્દનો અર્થ તથા સંક્ષિપ્ત ભાવાર્થ ૩૮૮

૩૯૨. सयंसंबुध्धाणं શબ્દનો અર્થ તથા સંક્ષિપ્ત ભાવાર્થ ૩૮૯

૩૯૩ पुरिसुत्तमाणं શબ્દનો અર્થ તથા સંક્ષિપ્ત ભાવાર્થ ૩૮૯

૩૯૪. पुरिससीहाणं શબ્દનો અર્થ તથા સંક્ષિપ્ત ભાવાર્થ ૩૮૯

૩૯૫. पुरिसवरपुंडरीयाणं શબ્દનો અર્થ તથા સંક્ષિપ્ત ભાવાર્થ ૩૮૯

૩૯૬. पुरिसवरगंधहत्थीणं શબ્દનો અર્થ તથા સંક્ષિપ્ત ભાવાર્થ ૩૯૦

૩૯૭. लोगुत्तमाणं શબ્દનો અર્થ તથા સંક્ષિપ્ત ભાવાર્થ ૩૯૦

૩૯૮. लोगनाहाणं શબ્દનો અર્થ તથા સંક્ષિપ્ત ભાવાર્થ ૩૯૦

૩૯૯. लोगहियाणं શબ્દનો અર્થ તથા સંક્ષિપ્ત ભાવાર્થ ૩૯૧

૪૦૦. लोगपइवाणं શબ્દનો અર્થ તથા સંક્ષિપ્ત ભાવાર્થ ૩૯૧

૪૦૧. लोगपज्जोअगराणं શબ્દનો અર્થ તથા
સંક્ષિપ્ત ભાવાર્થ ૩૯૧

૪૦૨. अभयदयाणं શબ્દાનો અર્થ તથા
સંક્ષિપ્ત ભાવાર્થ ૩૯૧

૪૦૩. चक्खुदयाणं શબ્દનો અર્થ તથા
સંક્ષિપ્ત ભાવાર્થ ૩૯૨

૪૦૪. मग्गदयाणं શબ્દનો અર્થ તથા
સંક્ષિપ્ત ભાવાર્થ ૩૯૨

૪૦૫. सरणदयाणं શબ્દનો અર્થ તથા
સંક્ષિપ્ત ભાવાર્થ ૩૯૩

૪૦૬. बोहिदयाणं શબ્દનો અર્થ તથા
સંક્ષિપ્ત ભાવાર્થ ૩૯૩

૪૦૭. धम्मदयाणं શબ્દાનો અર્થ તથા
સંક્ષિપ્ત ભાવાર્થ ૩૯૪

૪૦૮. धम्मदेसयाणं શબ્દનો અર્થ તથા
સંક્ષિપ્ત ભાવાર્થ ૩૯૪

૪૦૯. धम्मनायगाणं શબ્દનો અર્થ તથા
સંક્ષિપ્ત ભાવાર્થ ૩૯૫

૪૧૦. धम्मसारहीणं શબ્દનો અર્થ તથા
સંક્ષિપ્ત ભાવાર્થ ૩૯૬

૪૧૧. धम्मवरचाउरंत चक्कवट्टीणं શબ્દનો અર્થ
તથા સંક્ષિપ્ત ભાવાર્થ ૩૯૬

૪૧૨. अप्पडिहयवरनाणदंसणधराणं શબ્દનો
અર્થ તથા સંક્ષિપ્ત ભાવાર્થ ૩૯૭

૪૧૩. वियट्टछउमाणं શબ્દનો અર્થ તથા
સંક્ષિપ્ત ભાવાર્થ ૩૯૭

૪૧૪. जिणाणं जावयाणं શબ્દનો અર્થ
તથા સંક્ષિપ્ત ભાવાર્થ ૩૯૭

૪૧૫. तिन्नाणं तारयाणं શબ્દનો અર્થ તથા
સંક્ષિપ્ત ભાવાર્થ ૩૯૮

૪૧૬. बुद्धाणं बोहयाणं શબ્દનો અર્થ તથા
સંક્ષિપ્ત ભાવાર્થ ૩૯૮

૪૧૭. मुत्ताणं मोयगाणं શબ્દનો અર્થ તથા
સંક્ષિપ્ત. ભાવાર્થ ૩૯૮

૪૧૮. सव्वन्नुणं सव्वदरिसीणं શબ્દનો અર્થ
તથા સંક્ષિપ્ત ભાવાર્થ ૩૯૮

૪૧૯. सिवमयल-मरुअ-मणंत-मक्खय-मव्वा-
बाह-मपुण-राविति्तिसिद्धिगइ-नामधेयं ठाणं
संपत्ताणं નો અર્થ તથા સંક્ષિપ્ત ભાવાર્થ ૩૯૯

૪૨૦. नमो जिणाणं जिअभयाणं શબ્દનો અર્થ
તથા સંક્ષિપ્ત ભાવાર્થ ૩૯૯

૪૨૧. જેઅઈઆ સિદ્ધા એ ગાથાનો અર્થ ૪૦૦

૪૨૨. જાવંતિ ચેઈઆઈ સૂત્ર અને તેનો અર્થ ૪૦૧

૪૨૩ નમોર્હત્ સિદ્ધાચાર્યો-સૂત્ર અને તેનો અર્થ ૪૦૨

૪૨૪. સ્તવન (દીઠી હો પ્રભુ દીઠી) ૪૦૨

૪૨૫ ઉવસગ્ગહરં સ્તોત્ર ૪૦૪

૪૨૬. ઉવસગ્ગહરં સ્તોત્રનો અર્થ ૪૦૫

૪૨૭. જયવીયરાય સૂત્ર ૪૦૭

૪૨૮. જયવીયરાય-પ્રણિધાનસૂત્રનો અર્થ ૪૦૭

૪૨૯. પ્રણિધાન સૂત્રનો ભાવાર્થ ૪૦૯
૪૩૦. હે જગતગુરૂ તારો વિજય થાઓ ૪૦૯
૪૩૧. ૧ ભવ નિર્વેદનું સ્વરૂપ ૪૧૧
૪૩૨. ૨ માર્ગાનુસારિતાનું સ્વરૂપ ૪૧૩
૪૩૩. ૩ ઈષ્ટ ફળ સિદ્ધિનું સ્વરૂપ ૪૧૪
૪૩૪. ૪ લોક વિરૂદ્ધ ત્યાગનું સ્વરૂપ ૪૧૪
૪૩૫. ૫ ગુરૂજન પૂજાનું સ્વરૂપ ૪૧૬
૪૩૬. ૬ પરાર્થકરણનું સ્વરૂપ ૪૧૭
૪૩૭. ૭ શુભ ગુરૂ જોગનું સ્વરૂપ ૪૧૮
૪૩૮. ૮ તદ્‌વચન સેવાનું સ્વરૂપ ૪૧૯
૪૩૯. વારિજ્જઈ જઈવિ–ગાથાનો અર્થ તથા ભાવાર્થ ૪૨૨
૪૪૦. દુક્ખક્ખઓ કમ્મક્ખઓ–ગાથાનો અર્થ તથા ભાવાર્થ ૪૨૪
૪૪૧. સર્વ મંગલ માંગલ્યં–ગાથાનો અર્થ તથા ભાવાર્થ ૪૨૬
૪૪૨. સ્થાપના અરિહંતની ભક્તિ ૪૨૮
૪૪૩. અરિહંત ચેઈઆણં શબ્દનો અર્થ તથા સંક્ષિપ્ત ભાવાર્થ ૪૨૯
૪૪૪. કરેમિ કાઉસ્સગ્ગં શબ્દનો અર્થ તથા સંક્ષિપ્ત ભાવાર્થ ૪૨૯
૪૪૫. વંદણ વત્તિઆએ શબ્દનો અર્થ તથા સંક્ષિપ્ત ભાવાર્થ ૪૨૯
૪૪૬. પૂઅણવત્તિઆએ શબ્દનો અર્થ તથા સંક્ષિપ્ત ભાવાર્થ ૪૨૯

૪૪૭. સક્કારવત્તિઆએ શબ્દનો અર્થ તથા સંક્ષિપ્ત ભાવાર્થ ૪૨૯
૪૪૮. સમ્માણવત્તિઆએ શબ્દનો અર્થ તથા સંક્ષિપ્ત ભાવાર્થ ૪૨૯
૪૪૯. બોહિલાભવત્તિયાએ શબ્દનો અર્થ તથા સંક્ષિપ્ત ભાવાર્થ ૪૩૦
૪૫૦. નિરુવસગ્ગવત્તિયાએ શબ્દનો અર્થ તથા સંક્ષિપ્ત ભાવાર્થ ૪૩૦
૪૫૧. સદ્ધાએ શબ્દનો અર્થ તથા સંક્ષિપ્ત ભાવાર્થ ૪૩૦
૪૫૨. મેહાએ શબ્દનો અર્થ તથા સંક્ષિપ્ત ભાવાર્થ ૪૩૧
૪૫૩. ધીઈએ શબ્દનો અર્થ તથા સંક્ષિપ્ત ભાવાર્થ ૪૩૨
૪૫૪. ધારણાએ શબ્દનો અર્થ તથા સંક્ષિપ્ત ભાવાર્થ ૪૩૩
૪૫૫. અણુપ્પેહાએ શબ્દનો અર્થ તથા સંક્ષિપ્ત ભા. ૪૩૩
૪૫૬. ગુરૂવંદન અને પચ્ચક્ખાણની વિધિ ૪૩૪
૪૫૭. પચ્ચક્ખાણની આવશ્યકતા ૪૩૫
૪૫૮. પચ્ચક્ખાણનું ફળ ૪૩૬
૪૫૯. શ્રાવકનું વચલા ગાળાનું કર્તવ્ય ૪૩૯
૪૬૦. શ્રાવકના નિત્યના છ આવશ્યકો ૪૪૦
૪૬૧. સ્વાધ્યાયનું માહાત્મ્ય ૪૪૨
૪૬૨. શ્રાવકે કરવા યોગ્ય મનોરથો ૪૪૫
૪૬૩. શ્રાવકની અંતિમ સંલેખના (સંક્ષેપમાં) ૪૪૭

પ્રકરણ સાતમું

૪૬૪. સંલેષણા વ્રતની વિસ્તારથી આરાધના ૪૪૮
૪૬૫. સંલેષણા વ્રતની આરાધનાના દશ અધિકાર ૪૪૯
૪૬૬. ૧ અતિચાર આલોચના અધિકાર ૪૪૯

૪૬૭.	૨ વ્રતોચ્ચારણ અધિકાર	૪૫૧
૪૬૮.	૩ સર્વ જીવ ક્ષમાપના અધિકાર	૪૫૧
૪૬૯.	૪ પાપસ્થાનક આલોચના અધિકાર	૪૫૨
૪૭૦.	૫ ચતુઃશરણગમન અધિકાર	૪૫૨
૪૭૧.	૬ દુષ્કૃત ગર્હા અધિકાર	૪૫૪
૪૭૨.	૭ સુકૃતાનુમોદના અધિકાર	૪૫૪
૪૭૩.	૮ શુભ ભાવ અધિકાર	૪૫૫
૪૭૪.	૯ અનશન સ્વીકાર અધિકાર	૪૫૫
૪૭૫.	૧૦ શ્રી નમસ્કાર મહામંત્ર અધિકાર	૪૫૬
૪૭૬.	મોક્ષાધિકારી	૪૫૭
૪૭૭.	શ્રાવકના એકવીશ ગુણોના નામ	૪૫૮

પ્રકરણ આઠમું
આત્મજ્ઞાનનાં સાધન

૪૭૮.	નિશ્ચયથી રત્નત્રયીનું સ્વરૂપ	૪૫૯
૪૭૯.	કષાયોનું સ્વરૂપ	૪૬૦
૪૮૦.	ક્રોધના દોષો	૪૬૦
૪૮૧.	ક્રોધને જીતવાના ઉપાયો	૪૬૧
૪૮૨.	માન અને તેના દોષો	૪૬૨
૪૮૩.	માયા અને તેના દોષો	૪૬૩
૪૮૪.	લોભ અને તેના દોષો	૪૬૩
૪૮૫.	ક્રોધ આદિ ચાર કષાયોને જીતવાના ઉપાયો	૪૬૪
૪૮૬.	ઇન્દ્રિયનો જય	૪૬૪
૪૮૭.	મનઃશુદ્ધિ	૪૬૫
૪૮૮.	રાગદ્વેષ જય	૪૬૬

૪૮૯. સમતાનું સ્વરૂપ	૪૬૭
૪૯૦. ભાવનાઓ	૪૬૯
૪૯૧. ૧ અનિત્ય ભાવનાનું સ્વરૂપ	૪૬૯
૪૯૨. ૨ અશરણ ભાવનાનું સ્વરૂપ	૪૭૦
૪૯૩. ૩ સંસાર ભાવનાનું સ્વરૂપ	૪૭૦
૪૯૪. ૪ એકત્વ ભાવનાનું સ્વરૂપ	૪૭૧
૪૯૫. ૫ અન્યત્વ ભાવનાનું સ્વરૂપ	૪૭૧
૪૯૬. ૬ અશુચિ ભાવનાનું સ્વરૂપ	૪૭૨
૪૯૭ ૭ આશ્રવ ભાવનાનું સ્વરૂપ	૪૭૨
૪૯૮. જુદાં જુદાં કર્મોના આશ્રવો	૪૭૩
૪૯૯, કર્મના આઠ પ્રકારો	૪૭૪
૫૦૦. જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મબન્ધના હેતુઓ	૪૭૪
૫૦૧. શાતાવેદનીય કર્મબન્ધના હેતુઓ	૪૭૪
૫૦૨. અશાતાવેદનીય કર્મબન્ધના હેતુઓ	૪૭૪
૫૦૩. દર્શનમોહનીય કર્મબન્ધના હેતુઓ	૪૭૫
૫૦૪. ચારિત્રમોહનીય કર્મબન્ધના હેતુઓ	૪૭૫
૫૦૫. હાસ્યમોહનીય કર્મબન્ધના હેતુઓ	૪૭૫
૫૦૬. રતિમોહનીય કર્મબન્ધના હેતુઓ	૪૭૫
૫૦૭. અરતિમોહનીય કર્મબન્ધના હેતુઓ	૪૭૬
૫૦૮. ભયમોહનીય કર્મબન્ધના હેતુઓ	૪૭૬
૫૦૯. શોકમોહનીય કર્મબન્ધના હેતુઓ	૪૭૬
૫૧૦. જુગુપ્સામોહનીય કર્મબન્ધના હેતુઓ	૪૭૬
૫૧૧. સ્ત્રી વેદ કર્મબન્ધના હેતુઓ	૪૭૬
૫૧૨. પુરૂષ વેદ કર્મબન્ધના હેતુઓ	૪૭૬

૫૧૩. નપુંસક વેદ કર્મબન્ધના હેતુઓ ૪૭૬
૫૧૪. નરક આયુષ્ય કર્મબન્ધના હેતુઓ ૪૭૭
૫૧૫. તિર્યંચ આયુષ્ય કર્મબન્ધના હેતુઓ ૪૭૭
૫૧૬. મનુષ્ય આયુષ્ય કર્મબન્ધના હેતુઓ ૪૭૭
૫૧૭. દેવ આયુષ્ય કર્મબન્ધના હેતુઓ ૪૭૮
૫૧૮. અશુભ નામ કર્મબન્ધના હેતુઓ ૪૭૮
૫૧૯. શુભ નામ કર્મબન્ધના હેતુઓ ૪૭૯
૫૨૦. તીર્થંકર નામ કર્મનાં વીશ હેતુઓ ૪૭૯
૫૨૧. નીચગોત્ર કર્મબન્ધના હેતુઓ ૪૮૦
૫૨૨. ઉચ્ચ ગોત્ર કર્મબન્ધના હેતુઓ ૪૮૦
૫૨૩. અંતરાય કર્મબન્ધના હેતુઓ ૪૮૦
૫૨૪. સંવર ભાવનાનું સ્વરૂપ અને તેના ઉપાયો ૪૮૧
૫૨૫. નિર્જરા ભાવના અને તેના બાર પ્રકાર ૪૮૨
૫૨૬. ૧ અનશનનું સ્વરૂપ ૪૮૩
૫૨૭. ૨ ઉણોદરીનું સ્વરૂપ ૪૮૩
૫૨૮. ૩ વૃતિસંક્ષેપનું સ્વરૂપ ૪૮૩
૫૨૯. ૪ રસત્યાગનું સ્વરૂપ ૪૮૩
૫૩૦. ૫ કાયકલેશનું સ્વરૂપ ૪૮૩
૫૩૧. ૬ સંલીનતાનું સ્વરૂપ ૪૮૩
૫૩૨. ૧ પ્રાયશ્ચિતનું સ્વરૂપ ૪૮૩
૫૩૩. ૨ વૈયાવૃત્યનું સ્વરૂપ ૪૮૩
૫૩૪. ૩ સ્વાધ્યાય પાંચ પ્રકારનો ૪૮૪
૫૩૫. ૪ વિનયનું સ્વરૂપ ૪૮૪
૫૩૬. ૫ વ્યુત્સર્ગનું સ્વરૂપ ૪૮૪
૫૩૭. ૬ ધ્યાન ૪૮૪

૫૩૮. ધર્મ સ્વાખ્યાત ભાવનાનું સ્વરૂપ અને
તેનો હેતુ ૪૮૪
૫૩૯. લોક ભાવનાનું સ્વરૂપ અને તેનો હેતુ ૪૮૫
૫૪૦. બોધિ દુર્લભ ભાવનાનું સ્વરૂપ
અને તેનો હેતુ ૪૮૫
૫૪૧. ભાવનાઓનું ફળ ૪૮૭
૫૪૨. ધ્યાન અને સમતાનો સંબંધ ૪૮૭
૫૪૩. મૈત્રી આદિ ચાર ભાવનાનું સંક્ષિપ્ત સ્વરૂપ ૪૮૮
૫૪૪. ધર્મનો પ્રાણ ૪૮૯
૫૪૫. ચાર ભાવનાઓનું વિશેષ સ્વરૂપ ૪૯૨
૫૪૬. પરહિત ચિંતા મૈત્રીનું સ્વરૂપ અને
તેનો હેતુ ૪૯૪
૫૪૭. મૈત્રી ભાવના ટકાવવાના ઉપાયો ૪૯૪
૫૪૮. પરદુઃખ વિનાશિની કરૂણા ૪૯૫
૫૪૯. કરૂણા ભાવનાના પાત્ર જીવો ૪૯૬
૫૫૦. પરસુખ તુષ્ટિ મુદિતા ભાવનાનું સ્વરૂપ ૪૯૭
૫૫૧. પરદોષોપેક્ષણમુપેક્ષાનું સ્વરૂપ ૪૯૯
૫૫૨. ધ્યાનનો પ્રભાવ (ધ્યાન શતક તથા
અધ્યાત્મસારના આધારે) ૫૦૨
૫૫૩. ધ્યાન માટે દેશ, કાળ અને અધિકારીનું
લક્ષણ ૫૦૬
૫૫૪. મોક્ષ પ્રાપ્તિનો સાચો ઉપાય
ज्ञानक्रियाभ्यां मोक्षः ૫૦૯

પરિશિષ્ટ પહેલું

૫૫૪. મહાવ્રત અને તેની ભાવનાઓ ૫૧૯

૫૫૫ ભગવાનની સમદૃષ્ટિ ૫૧૯

૫૫૬. શ્રી મહાવીર દેવની કરૂણા ૫૨૦

૫૫૭. યોગશાસ્ત્રનો આધાર ૫૨૪

૫૫૮. યોગ મહિમા ૫૨૫

૫૫૯. યોગનું સ્વરૂપ ૫૨૬

૫૬૦. જ્ઞાન યોગનું સ્વરૂપ ૫૨૬

૫૬૧. દર્શન યોગનું સ્વરૂપ ૫૨૭

૫૬૨. ચારિત્ર યોગનું સ્વરૂપ ૫૨૭

૫૬૩. અહિંસા વ્રતનું સ્વરૂપ ૫૨૭

૫૬૪. સત્યવ્રતનું સ્વરૂપ ૫૨૭

૫૬૫. અસ્તેય વ્રતનું સ્વરૂપ ૫૨૭

૫૬૬. બ્રહ્મચર્ય વ્રતનું સ્વરૂપ ૫૨૮

૫૬૭ અપરિગ્રહ વ્રતનું સ્વરૂપ ૫૨૮

૫૬૮. અહિંસા વ્રતની પાંચ ભાવનાઓ ૫૨૮

૫૬૯. સત્યવ્રતની પાંચ ભાવનાઓ ૫૨૮

૫૭૦. અસ્તેય વ્રતની પાંચ ભાવનાઓ ૫૨૮

૫૭૧. બ્રહ્મચર્ય વ્રતની પાંચ ભાવનાઓ ૫૨૮

૫૭૨ અપરિગ્રહ વ્રતની પાંચ ભાવનાઓ ૫૨૯

૫૭૩ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ ૫૨૯

પરિશિષ્ટ ~~[illegible]~~ બીજું

યોગનાં આઠ અંગો

૫૭૪ યોગના પ્રથમ અંગરૂપ પાંચ યમનું સ્વરૂપ ૫૩૧

૫૭૫ યોગના બીજા અંગરૂપ નિયમનું સ્વરૂપ ૫૩૧

૫૭૬ યોગનું ત્રીજું અંગ આસન ૫૩૨

૫૭૭ યોગના ચોથા અંગરૂપ પ્રાણાયામનું સ્વરૂપ ૫૩૩

૫૭૮ યોગના પાંચમા અંગ રૂપ પ્રત્યાહારનું સ્વરૂપ ૫૩૩
૫૭૯ યોગના છઠ્ઠા અંગરૂપ ધારણાનું સ્વરૂપ ૫૩૩
૫૮૦ યોગનું સાતમું અંગ ધ્યાન ૫૩૪
૫૮૧ ધ્યાન કરનાર ધ્યાતાના લક્ષણો ૫૩૫
૫૮૨ ધ્યેયનું સ્વરૂપ ૫૩૬
૫૮૩ પિંડસ્થ ધ્યેયની પાર્થિવાદિ પાંચ ધારણાઓ ૫૩૬
૫૮૪ પાર્થિવ ધારણાનું સ્વરૂપ ૫૩૭
૫૮૫ આગ્નેયી ધારણાનું સ્વરૂપ ૫૩૭
૫૮૬ વાયવી ધારણાનું સ્વરૂપ ૫૩૮
૫૮૭ વારૂણી ધારણાનું સ્વરૂપ ૫૩૮
૫૮૮ તત્ત્વભૂ ધારણાનું સ્વરૂપ ૫૩૯
૫૮૯ પિંડસ્થ ધ્યેયનું માહાત્મ્ય ૫૩૯
૫૯૦ પદસ્થ ધ્યાનનું સ્વરૂપ ૫૩૯
૫૯૧ अ આદિ સોલ સ્વરોનું ધ્યાન અને તેનું સ્થાન ૫૪૦
૫૯૨ क થી म સુધી ૨૫ વ્યંજનોનું ધ્યાન અને તેનું સ્થાન ૫૪૦
૫૯૩ य આદિ આઠ વર્ણોનું ધ્યાન અને તેનું સ્થાન ૫૪૦
૫૯૪ માતૃકાના अ થી ह સુધીના અક્ષરોના ધ્યાનનું ફળ ૫૪૦
૫૯૫ પદસ્થ ધ્યાન કરવાની બીજી રીત અને તેનું ફળ ૫૪૦
૫૯૬ अर्हं નું ધ્યાન કરવાની રીત અને તેનું ફળ ૫૪૨
૫૯૭ ॐકારનું ધ્યાન કરવાની રીત ૫૪૩
૫૯૮ પંચપરમેષ્ઠિનું ધ્યાન અને તેનું ફળ. ૫૪૩
૫૯૯ चत्तारिमंगलं આદિનું ધ્યાન ૫૪૪
૬૦૦ પંચદશાક્ષરી વિદ્યા ૫૪૪

૬૦૧ સપ્તાક્ષરી મંત્ર અને તેનો અચિંત્ય પ્રભાવ ૫૪૪
૬૦૨ नमो अरिहंताणं પદનું ધ્યાન અને તેનું માહાત્મ્ય ૫૪૪
૬૦૩ नमो सिद्धाणं પદનું ધ્યાન અને તેનું માહાત્મ્ય ૫૪૫
૬૦૪ હ્રૌંકાર વિદ્યાનું ધ્યાન કરવાની વિધિ અને તેનું ફળ ૫૪૫
૬૦૫ ક્ષ્વિઁ વિદ્યાનું ફળ ૫૪૬
૬૦૬ ઁ શશિકલાનું ધ્યાન અને તેનું માહાત્મ્ય ૫૪૬
૬૦૭ પ્રણવ શૂન્ય અને અનાહતનું ધ્યાન અને તેનું માહાત્મ્ય ૫૪૭
૬૦૮ અષ્ટાક્ષરી (ॐ नमो अरिहंताणं) વિદ્યાનું ધ્યાન કરવાની રીત અને તેનું ફળ ૫૪૭
૬૦૯ શ્રીસિદ્ધચક્રનું ધ્યાન ૫૪૭
૬૧૦ સમવસરણના આલંબનથી રૂપસ્થ ધ્યાન કરવાની રીત ૫૪૮
૬૧૧ પ્રભુની પ્રતિમાથી રૂપસ્થ ધ્યાન કરવાની રીત ૫૪૯
૬૧૨ રૂપસ્થ ધ્યાનનું ફળ ૫૫૦
૬૧૩ રૂપાતીત ધ્યાનનું સ્વરૂપ અને તેનું ફળ ૫૫૦
૬૧૪ નિરાલંબન ધ્યાનનો ક્રમ ૫૫૧
૬૧૫ બીજી રીતે ધર્મ ધ્યાનના ચાર પ્રકાર ૫૫૧
૬૧૬ પ્રથમ આજ્ઞાવિચય નામના ધ્યાનનું સ્વરૂપ ૫૫૨
૬૧૭ બીજા અપાયવિચય નામના ધ્યાનનું સ્વરૂપ ૫૫૨
૬૧૮ ત્રીજા વિપાક વિચય નામના ધ્યાનનું સ્વરૂપ ૫૫૨
૬૧૯ ચોથા સંસ્થાન વિચય નામના ધ્યાનનું સ્વરૂપ ૫૫૨
૬૨૦ ધર્મ ધ્યાનનું ફળ ૫૫૩

શુક્લ ધ્યાન

૬૨૧ પૃથક્ત્વ વિતર્કસવિચાર નામના પ્રથમ શુક્લ ધ્યાનનું સ્વરૂપ ૫૫૪
૬૨૨ અપૃથક્ત્વવિતર્ક અવિચાર નામના શુક્લ ધ્યાનના બીજા પ્રકારનું સ્વરૂપ ૫૫૪
૬૨૩ સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતિ નામના શુક્લ ધ્યાનના ત્રીજા પ્રકારનું સ્વરૂપ ૫૫૪
૬૨૪ ઉચ્છિન્નક્રિયા અનિવૃત્તિ નામના શુક્લ ધ્યાનના ચોથા પ્રકારનું સ્વરૂપ ૫૫૪
૬૨૫ યોગના આઠમા અંગ સમાધિનું સ્વરૂપ ૫૫૫

પરિશિષ્ટ ત્રીજું

(અનુભવ વાણી)

૬૨૬ મનના ૪ ભેદો ૫૫૬
૬૨૭ ૧ વિક્ષિપ્ત મનનું સ્વરૂપ ૫૫૭
૬૨૮ ૨ યાતાયાત મનનું સ્વરૂપ ૫૫૭
૬૨૯ ૩ શ્લિષ્ટમનનું સ્વરૂપ ૫૫૭
૬૩૦ ૪ સુલીન મનનું સ્વરૂપ ૫૫૮
૬૩૧ સમરસભાવની પ્રાપ્તિનો ક્રમ ૫૫૮
૬૩૨ બાહ્યાત્માનું સ્વરૂપ ૫૫૮
૬૩૩ અંતરાત્માનું સ્વરૂપ ૫૫૯
૬૩૪ પરમાત્માનું સ્વરૂપ ૫૫૯
૬૩૫ ભેદજ્ઞાનનું ફળ ૫૫૯
૬૩૬ સદ્‌ગુરૂની ઉપાસનાની આવશ્યકતા ૫૬૦
૬૩૭ એકાગ્રતાનું સ્વરૂપ ૫૬૧

૬૩૮ આકૃતિ ઉપર એકાગ્રતા ૫૬૩

૬૩૯ સદ્‌ગુણ ઉપર એકાગ્રતા ૫૬૪

૬૪૦ સંકલ્પનું બળ ૫૬૪

૬૪૧ ખરાબ વિચારોને અટકાવવાનો ઉપાય ૫૬૮

૬૪૨ વિચારશક્તિ ખીલવવાની ક્રિયા ૫૬૮

૬૪૩ મનને શાન્તિ આપવાનો સરળ માર્ગ ૫૭૧

૬૪૪ ઉન્મની ભાવની પ્રાપ્તિનો ઉપાય ૫૭૪

૬૪૫ મનઃસ્થિરતાનો ઉપાય ૫૭૫

૬૪૬ દૃષ્ટિજયનો ઉપાય ૫૭૫

૬૪૭ મન જીતવાનો ઉપાય ૫૭૫

૬૪૮ મનોજયનું ફળ ૫૭૬

૬૪૯ તત્ત્વજ્ઞાન થયાની નિશાની ૫૭૬

૬૫૦ ઉન્મત્ત ભાવનું ફળ ૫૭૬

૬૫૧ અમનસ્કતાના ઉદયની નિશાની ૫૭૭

૬૫૨ અંતિમ ઉપદેશ ૫૭૭

૬૫૩ અમનસ્કતા પ્રાપ્ત કરવા માટે આત્માને પ્રસન્ન કરવાની આવશ્યકતા ૫૭૮

૬૫૪ ઉપસંહાર ૫૭૮

પરિશિષ્ટ ચોથું

(કાવ્ય વિભાગ)

૬૫૫ ધર્મસાધનામાં ઉપયોગી ગેય કાવ્યો સિદ્ધાંત રહસ્ય અપરનામ સાડાત્રણસો ગાથાના સ્તવનની ૧૧-૧૨-૧૩-૧૪-૧૫ એમ પાંચ ઢાળો.

૬૫૬ અંતિમ મંગળ.

★

॥ ॐ ह्रीँ श्रीँ अर्हँ नमः ॥

ધર્મ સાધના

: લેખક :

પૂ. મુનિરાજ શ્રી કુંદકુંદવિજયજી મહારાજ

મનુષ્ય જીવનમાં પ્રાપ્ત કરવા લાયક

નવ સુધાકુંડો

चेतः सान्द्रतरं वचः सुमधुरं दृष्टिः प्रसन्नोज्ज्वला,
शक्तिः क्षान्तियुता मतिश्रितनया श्रीर्दीनदैन्यापहा ।
रूपं शीलयुतं श्रुतं गतमदं स्वामित्वमुत्सेकता-
निर्मुक्तं प्रकटान्यहो नवसुधाकुण्डान्यमून्युत्तमे ॥ १ ॥

(૧) અત્યંત કોમલ ચિત્ત (૨) અત્યંત મધુરવાણી; (૩) પ્રસન્નતાયુક્ત ઉજ્જવલ દૃષ્ટિ, (૪) સામર્થ્ય હોવા છતાં ક્ષમાશીલતા, (૫) ન્યાય માર્ગને અનુસરનારી બુદ્ધિ (૬) સુપાત્ર અને અનુકંપાના દાનમાં ઉપયોગમાં આવે તેવી લક્ષ્મી, (૭) રૂપની સાથે શીલ-સદાચારનો સુમેળ, (૮) અભિમાન દોષ રહિત જ્ઞાન (૯) અને શ્રીમંતાઈ વખતે પણ નમ્રતા રહેવી, અમૃતના કુંડ સ્વરૂપ આ નવ સદ્ગુણો ઉત્તમ પુરૂષોમાં પ્રગટપણે હોય છે. તાત્પર્ય એ છે કે આ નવ ગુણોને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો એ દુર્લભ માનવ જીવનનું એક પરમ શ્રેષ્ઠ કર્તવ્ય છે.

॥ ॐ ह्रीं श्रीं अर्हं शंखेश्वरपार्श्वनाथाय नमः ॥

પ્રકરણ પહેલું

ગૃહસ્થોનો સામાન્ય ધર્મ

'સવિ જીવ કરૂં શાસન રસી' એ ભાવના શ્રી તીર્થંકર પદનું બીજ છે. સમગ્ર જીવ રાશિનું કલ્યાણ કરવાની ઉત્કૃષ્ટ ભાવનાના યોગે, શ્રી તીર્થંકર પરમાત્માના આત્માઓમાં વિશ્વમૈત્રીનો ભાવ પરાકાષ્ટાએ પહોંચેલો હોય છે. સમગ્ર વિશ્વ પ્રત્યેની એમની ભાવદયા તથા તેમના પવિત્રતમ જીવનના યોગે, એમને યોગની મહાન વિભૂતિઓ પ્રાપ્ત થાય છે. એ દ્વારા તેઓ અતિશયવાળી વાણી વડે જગતને હિતનો માર્ગ બતાવી જગત ઉપર મહાન ઉપકાર કરે છે.

ચરમ તીર્થંપતિ ભગવાનશ્રી મહાવીર પરમાત્માએ અત્યંત કરૂણા બુદ્ધિથી સાંસારિક ત્રિવિધ દુઃખના નાશ માટે અને આત્મ વિકાસના નક્કર ઉપાય તરીકે બે પ્રકારનો ધર્મ બતાવ્યો છે એક ગૃહસ્થ ધર્મ અને બીજો સાધુ ધર્મ.

આ સંસાર અનેક વિચિત્રતાઓનો ભંડાર છે. તેમાં ભિન્નભિન્ન રૂચિવાળા જીવો જોવા મળે છે. એ રૂચિભેદનું મુખ્ય કારણ પૂર્વ જન્મમાં પાડેલા તેવા તેવા સંસ્કારો હોય છે. જેવા પ્રકારના સંસ્કારો જીવ પોતામાં દાખલ કરે છે, તેજ સંસ્કારો ભવિષ્યમાં દૃઢ થઈને ઉદયમાં આવે છે. એ ન્યાયે કેટલાક પુણ્યાત્માઓ પૂર્વ જન્મોમાં યોગ માર્ગનો સુંદર અભ્યાસ કરીને આવેલા હોવાથી તેમનો કર્મ મળ ઓછો

થઈ ગયો હોય છે અને તેથી તેમના કષાયો ઘણા પાતળા પડી ગયા હોય છે. કષાયની મંદતાથી તેમને સંસાર પ્રત્યે આસક્તિ હોતી નથી, વળી તેમનો સંવેગ અને વૈરાગ્ય પણ તીવ્ર પ્રકારનો હોય છે. આવા જીવો સાધુ-ધર્મના અધિકારી બને છે. પરંતુ સર્વ જીવોમાં એવું ઉત્તમ સત્ત્વ હોતું નથી, તેથી જેઓનો વૈરાગ્ય તીવ્ર નથી છતાં પણ જેઓ આત્મકલ્યાણની અભિલાષા ધરાવે છે, એવા જીવો ગૃહસ્થ ધર્મના અધિકારી ગણાય છે. આ ગૃહસ્થ ધર્મિઓ પણ પોતાના મનથી તો સંપૂર્ણ ઉત્તમ ધર્મની જ અભિલાષા રાખે છે અને પોતાને પ્રાપ્ત થયેલ શક્તિ અને સામગ્રી મુજબ દેવગુરૂની ભક્તિ, શુભ ભાવનાપૂર્વક શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રનો પવિત્ર જાપ, દરેક કાર્યમાં પોતાની ભૂમિકા મુજબ શકય યતના અને ઔચિત્યનું પાલન, શક્તિ મુજબ તપ, સુપાત્રદાન અને દીન દુઃખી પ્રત્યે અનુકંપા બુદ્ધિ (દયાની લાગણી) પૂર્વક તેમના દુઃખોનું નિવારણ કરવા હંમેશાં તત્પર રહે છે, તથા પર્વ વિગેરેના નૈમિત્તિક કર્તવ્યોનું પાલન કરે છે, તેથી તેઓ પણ પરંપરાએ ઉત્તમ યોગના અધિકારી બની, પોતાના આત્માનું શ્રેય સાધનારા બને છે.

આ રીતે ધર્મને આચરનારા બધા એક સરખા હોતા નથી તેથી તે આચરનારાઓના ભેદથી ધર્મના બે ભેદ પડેલા છે. જે ધર્મ જેને માટે યોગ્ય હોય છે, તેજ ધર્મ તેને લાભકારક બને છે. દરેક વસ્તુ અધિકાર મુજબ જ ફળ-દાયક બને છે. યોગ્યતા પ્રાપ્ત કર્યા વિના અનધિકારે કોઈ

પણ કાર્યમાં સિદ્ધિ સાંપડી શકતી નથી. અને તેથી જ જ્ઞાની પુરૂષોએ અધિકારીની યોગ્યતા મુજબ જ ધર્મ આપવાનો વિધિ કહ્યો છે.

ગૃહસ્થ ધર્મના પણ અવસ્થા ભેદથી સામાન્ય ગૃહસ્થ-ધર્મ અને વિશેષ ગૃહસ્થ-ધર્મ એમ બે પ્રકારો છે. તેમાં જુદી જુદી માન્યતાવાળા અને જુદા જુદા ધર્મ પાળનારા ધાર્મિક મનુષ્યોનાં સર્વ સાધારણ કર્તવ્યો એ ગૃહસ્થોનો સામાન્ય ધર્મ છે અર્થાત જે ધર્મ અનુષ્ઠાન સર્વ ધર્મવાળા માર્ગાનુસારી શિષ્ટ પુરૂષોને પણ માન્ય હોય તે ધર્મ અનુષ્ઠાન એ ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે શાસ્ત્રમાં તેને 'માર્ગાનુસારીના પાંત્રીસ ગુણો' તરીકે સંબોધવામાં આવેલ છે. અહીં તે ગુણોને શ્રી યોગ-શાસ્ત્ર ગ્રન્થમાં આપવામાં આવેલ ક્રમ અનુસાર રજુ કરવામાં આવે છે.

(૧) ન્યાય સંપન્ન વિભવ.

ન્યાય સંપન્ન વિભવ એટલે ન્યાયથી ધન મેળવવું તે. સ્વામી દ્રોહ, મિત્ર દ્રોહ, વિશ્વાસુને ઠગવું, ચોરી કરવી, થાપણ ઓળવવી, વિગેરે નિંદનીય કાર્યોનો ત્યાગ કરી, પોત પોતાના વર્ણને * અનુસાર વ્યાપારાદિ કરી સદાચારથી ધન મેળવવું, તે ન્યાય સંપન્ન વિભવ કહેવાય છે. દગો,

---

* 'વર્ણને અનુસારે વ્યાપારાદિ' એટલે ઉત્તમ જાતિમાં ઉત્પન્ન થયેલાને માંસ મદિરા આદિનો વ્યાપાર નિષિદ્ધ સમજવો.

પ્રપંચ, ઠગવિદ્યા, અને વર્ણનું ઉલ્લંઘન કરી વ્યાપાર આદિથી પ્રાપ્ત થયેલી લક્ષ્મી લાંબો સમય ટકતી નથી. અનીતિનું ધન ન્યાયથી પ્રાપ્ત કરેલા ધનને પણ ઘસડી જાય છે.

વળી ન્યાયોપાર્જિત ધનનો નિઃશંકપણે, કોઈનો પણ ભય રાખ્યા વિના પોતાના માટે ઉપયોગ કરી શકાય છે. મિત્રાદિકને ભેટ આપી શકાય છે અને સ્વજન વગેરેને પણ આપી શકાય છે. આ રીતે ન્યાયસંપન્ન વિભવથી આ લોકનું પણ હિત જળવાય છે. કહ્યું છે કે—"પોતાના ન્યાયી કર્તવ્યના બળે ધીર પુરુષો સર્વ ઠેકાણે પવિત્રપણે પંકાય છે અને પાપી પુરુષો જ્યાં જાય છે ત્યાં પોતાના કુકર્મથી રખે કોઈ પોતાનાં કરેલાં પાપોને જાણી ન જાય. વગેરે અનેક ભયોથી શંકાશીલ રહે છે."[1]

અન્યાયથી મેળવેલું ધન આલોક અને પરલોકમાં અહિતકર થાય છે. આલોકમાં અન્યાયના યોગે રાજદંડ, જેલ કે ફાંસી જેવા વધનું પણ કારણ બને છે અને પરલોકમાં નરક વગેરે દુર્ગતિનું કારણ થાય છે. કહ્યું છે કે–"કનિષ્ટ માણસ રાજદંડના ભયથી પાપ કરતો નથી, મધ્યમ માણસ પરલોકના ભયથી પાપ કરતો નથી અને ઉત્તમ માણસ સ્વભાવથી જ પાપ કરતો નથી."[2]

---

૧ सर्वत्र शुचयो धीराः, स्वकर्मबलगर्विताः ।
कुकर्मनिहतात्मानः, पापाः सर्वत्र शङ्किताः ॥ योगशास्त्र टीका०

२ राजदन्डभयात्पापं, नाचरत्यधमो जनः ।
परलोकभयान्मध्यः, स्वभावादेव चोत्तमः ॥ धर्मबिन्दु टीका०

"જો કે પાપાનુબંધિ પુણ્યના ઉદયથી ધન પાપ કરીને મેળવવા છતાં કેટલાકને તત્કાળ આપત્તિ દેખાતી નથી, પણ ભવિષ્યકાળે તેને અવશ્ય વિપત્તિ આવવાની જ." કારણ કે, વાવેલાં બીજ તરત ફળતાં નથી, પણ સમયે ફળે છે. કહ્યું છે કે—"ધનના રાગથી અંધ બનેલો જીવ પાપથી જે કંઈ ધન મેળવે છે, તે માછલાંને ફસાવવા માટે તેની જાળમાં લોખંડના કાંટા ઉપર ભરાવેલા માંસના ટુકડાની જેમ આખરે માલિકનો નાશ કર્યા વિના રહેતું નથી." ૩

તેથી જ 'દ્રવ્યપ્રાપ્તિનો ઉત્કૃષ્ટ અને રહસ્યભૂત ઉપાય ન્યાય જ છે, એમ સિદ્ધાંતવેત્તાઓ કહે છે.' ૪

"જેમ દેડકાંઓ ખાબોચીયામાં અને હંસો ભરેલા સરોવરમાં પહોંચે છે, તેમ સઘળી સંપત્તિઓ ન્યાયી મનુષ્યને વશવર્તી બની આવી મળે છે." ૫

"જેમ સમુદ્ર પ્રાર્થના કરતો નથી છતાં પાણીથી પૂરાય છે, તેમ આત્માને એવો સુપાત્ર કરવો કે જેથી તેનામાં સંપત્તિઓ સ્વતઃ આવીને મળે." ૬

---

૩ पापेनैवार्थरागान्धः, फलमाप्नोति यत् क्वचित् ।
बडिशामिषवत्तत्तमविनाश्य न जीर्यति ॥ यो. शा टी.

४ न्याय एव ह्यर्थाप्त्युपनिषत्परेति समयविद इति॥ धर्मबिन्दुः

५ निपानमिव मण्डुकाः, सर पूर्णमिवाण्डजाः ।
शुभकर्माणमायान्ति, विवशाः सर्वसम्पदः ॥ यो. शा. टी.

६ नोदन्वानर्थितामेति, नवाम्भोभिर्न पूर्यते ।
आत्मा तु पात्रतां नेयः, पात्रमायान्ति सम्पदः॥ धर्मबिन्दु टीका.

" આ રીતે સંપત્તિ ન્યાયને વશ છે. આવું ન્યાયોપાર્જિત ધન ગૃહસ્થ જીવનમાં મુખ્ય સાધન હોવાથી પાંત્રીસ ગુણોમાં તેને સૌથી મોખરે ધર્મરૂપે વર્ણવ્યું છે. તેવા ધન વિના આજીવિકાદિ નિર્વાહના અભાવે ગૃહસ્થને સઘળી શાસ્ત્રોક્ત શુભ ક્રિયાઓ અટકી પડે.[૭] અને પરિણામે ધર્મ અને મોક્ષ પુરૂષાર્થથી પણ તે વંચિત બની જાય. શાસ્ત્રકારોને અહીં કેવળ ધનની મહત્તા ઈષ્ટ નથી પણ ગૃહસ્થને સંપત્તિ ન્યાયપૂર્ણ હોવી જોઈએ એ તાત્પર્ય છે.

(૨) શિષ્ટાચાર પ્રસંશા

જ્ઞાનથી વૃદ્ધ અથવા વયથી વૃદ્ધ પુરૂષોની સેવા કરી, જેમણે ઉત્તમ શિક્ષા મેળવી હોય, તેવા જ્ઞાની, સદાચારી, ગંભીર અને ઉદાર પુરૂષોના આચારોની પ્રશંસા કરવી, તથા તેમના સુંદર આચારોનું અનુકરણ કરવા પ્રયત્ન કરવો, તે શિષ્ટાચાર પ્રશંસા કહેવાય છે. તેઓના આચરણ રૂપ શિષ્ટાચાર નીચે મુજબ છે.

" લોકાપવાદનો ભય, દીન દુઃખીયાનો ઉદ્ધાર કરવામાં આદર, ઉપકારીના ઉપકારને નહિ ભૂલવા રૂપ કૃતજ્ઞતા, પોતાના સ્વાર્થનો ત્યાગ કરીને અન્યની યોગ્ય પ્રાર્થનાનો ભંગ ન કરવા રૂપ સુદાક્ષિણ્ય, ગુણી કે અવગુણી કોઈની પણ ખરાબ વાત હૃદયના અસદ્‌ભાવ પૂર્વક બીજાની આગળ કરવા રૂપ નિન્દાનો ત્યાગ, જેને સંભળાવવાથી અહિત ન થાય તે રીતે ગુણવાનોના ગુણની પ્રશંસા કરવી, આપત્તિમાં

---

૭. वित्तीवोच्छेयंमि य, गिहिणो सीयंति सव्वकिरियाओ ।

દીનતા ધારણ નહિ કરતાં ધીર-વીર બનવું, સંપત્તિના સમયમાં ગર્વિષ્ઠ ન બનવું પણ નમ્ર રહેવું, થોડું અને અવસર ઉચિત હિતકર બોલવું, અવિસંવાદ એટલે પરસ્પર વિરોધી બને તેવા વિચાર, ઉચ્ચાર કે આચારનો પરિહાર કરવો. અર્થાત બોલવા પ્રમાણે યથાશક્ય આચરવું, અમલમાં મૂકી શકાય તેટલું ઉચ્ચારવું, એ અવિસંવાદિતા છે. વિઘ્નો આવે તો પણ અંગીકાર કરેલા શુભ કાર્યને પૂર્ણ કરવું, કુલાચારનું પાલન કરવું, આવકથી અધિક અથવા અયોગ્ય કાર્યોમાં લક્ષ્મીનો વ્યય નહિ કરવો. જે કાર્ય જે સ્થાને કરવા યોગ્ય હોય, તે કાર્ય ત્યાં કરવું, સારાં કાર્યો કરવા માટે હંમેશાં આદર-આગ્રહ રાખવો, અતિનિદ્રા, વિકથા, વિષય કે વ્યસનીપણા રૂપ પ્રમાદનો પરિહાર કરવો, લોકાચારને અનુસરવું, તેનો વિરોધ ન કરવો, ઔચિત્ય ધર્મને કોઈ વિષયમાં ચૂકવો નહિ અને પ્રાણાન્તે પણ અયોગ્ય-નિન્દનીય કાર્ય કરવું નહિ. ૮, ૧૨" વગેરે શિષ્ટના

---

૮ लोकापवादभीरुत्वं, दीनाभ्युद्धरणादरः ।
कृतज्ञता सुदाक्षिण्यं, सदाचारः प्रकीर्तितः ॥

९ सर्वत्र निन्दासंत्यागो, वर्णवादश्च साधुषु ।
आपद्यदैन्यमत्यन्तं, तद्वत्संपदि नम्रता ॥

१० प्रस्तावे मितभाषितत्वमविसंवादनं तथा ।
प्रतिपन्नक्रिया चेति, कुलधर्मानुपालनम् ॥

११ असद्व्ययपरित्यागः, स्थाने चैव क्रिया सदा ।
प्रधानकार्ये निर्बन्धः, प्रमादस्य विवर्जनम् ॥

આચારો છે. આવા શિષ્ટાચારની પ્રશંસા કરવી, કારણ કે, શિષ્ટ પુરૂષોના ઉપર કહેલા આચારોની પ્રશંસા ધર્મના બીજરૂપ હોવાથી તે પરલોકમાં પણ ધર્મ ફળ આપે છે. અને પરિણામે મોક્ષ ફળ આપે છે.

'જેમ દૂધ વિનાની (વંધ્યા) ગાયને ઘંટા ઘુઘરમાળા વગેરે બાંધીને શણગારવાથી દૂધનો અર્થી તેને લેતો નથી તેમ મનુષ્ય પણ ખોટા આડંબર કરે તેથી મોટો બની જતો નથી, માટે ગુણો મેળવવા પ્રયત્ન કરવો જોઈએ.'[૧૩]

ગુણવાનોના ગુણોની પ્રશંસાદિ તે તે ગુણોને મેળવવાના સાચા ઉપાય રૂપ છે. "જેમ હાથીનું શરીર મોટું છતાં તે અંધારામાં દેખાતું નથી અને તેના દંતશૂળ નાના છતાં શુદ્ધ-ઉજળા હોવાથી તે દેખી શકાય છે, તેમ ગુણ વગરનો મોટો પણ જગતમાં આદર પામતો નથી. નિર્ધન અને સત્તા વગરનો પણ ગુણવાન પૂજાય છે, આદર પામે છે.[૧૪]

---

૧૨ लोकाचारानुवृत्तिश्च, सर्वत्रोचितपालनम् ।
प्रवृत्ति र्गर्हिता नैव, प्राणैः कण्ठगतैरपि ॥
योगबिन्दुः ।

૧૩ गुणेषु यत्नः क्रियतां, किमाटोपैः प्रयोजनम् ।
विक्रियन्ते न घण्टाभि, र्गावः क्षीरविवर्जिता ॥

૧૪ शुद्धाः प्रसिद्धिमायान्ति, लघवोऽपीह नेतरे ।
तमस्यपि विलोक्यन्ते, दन्तिदन्ता न दन्तिनः ॥
धर्मबिन्दु टीका.

માટે ધન, સત્તા કે એવા બાહ્ય પદાર્થોથી મોટા બનવાને બદલે ગુણવાનોની પ્રશંસાદિ દ્વારા ગુણી થવા પ્રયત્ન કરવો જોઈએ. ગુણીની જેમ ગુણીના ગુણોની પ્રશંસા કરનારો પણ જગતમાં આદર પામે છે. કહ્યું છે કે–'ગુણો પ્રત્યે બહુમાન ધારણ કરનારા જીવો, એ બહુમાન દ્વારા ઉપાર્જન કરેલા અવન્ધ્ય પુણ્ય સમૂહના સામર્થ્યથી આલોક પરલોકમાં શરદ્ ઋતુના ચંદ્ર કિરણના સમૂહ જેવા ઉજ્જવળ ગુણ સમુદાયને અવશ્ય પ્રાપ્ત કરે છે. કારણ કે ગુણ બહુમાનનો આશય–અધ્યવસાય ચિન્તામણિ રત્ન કરતાં પણ અધિક શક્તિથી યુક્ત છે'[૧૫] "વળી "જીવ આ જન્મમાં ગુણ અને દોષનો જેવો અભ્યાસ પાડે છે, તે અભ્યાસ વડે પરલોકમાં તેને જ એટલે કે તેજ ગુણ દોષોને પ્રાપ્ત કરે છે."[૧૬]

"ઘણા ગુણોને પોતે ધારણ કરતો હોય તો પણ બીજાના ગુણની અંદર અદેખાઈ રાખનાર દુઃખથી વ્યાકુળ

---

१५ गुणापक्षपातिनो हि जीवा गुणाबहुमानद्वारोपजाता–वंध्यापुण्यप्रबन्धसामर्थ्यान्नियमादिहामुत्र च शरच्छशधरकरनिकरगौरं गुणाग्राममवन्ध्यम वाप्नुवन्ति, तद्बहुमानाशयस्य चिन्तारत्नादप्यधिकशक्तियुक्तत्वात् ॥ धर्मबिन्दु टीका०

१६ जं अब्भसेइ जीवो, गुणं च दोषं च इत्थ जम्मम्मि ।
तं परलोए पावइ, अब्भासेणं पुणो तेणं ॥

હૃદયવાળો મુગ્ધ પુરૂષ સંસારમાં જ ડુબી જાય છે.[17] માટે શિષ્ટાચારની પ્રશંસા અવશ્ય કરણીય બને છે.

૩ સરખા કુલાચારવાળા પણ અન્ય ગોત્રી સાથે વિવાહ કરવો.

સરખા કુલવાળા એટલે જેના પિતા, દાદા વગેરેની પરંપરા નિષ્કલંક-કુલીન હોય, અને મદિરાપાન, માંસ ભોજન આદિ અશુભ આચરણો ન હોય, તેવા સદાચારથી જેઓ સરખા હોય અને જુદા જુદા ગોત્રના હોય તેની સાથે ગૃહસ્થોએ વિવાહ કરવો એ ગૃહસ્થોના સામાન્ય ધર્મનો ત્રીજો પ્રકાર છે.

"સરખા કુળવાળા" એમ કહ્યું છે, પણ ઉપલક્ષણથી ભાષા, વેષ, ધન વગેરે પણ સરખાં હોય તેમની સાથે ગૃહસ્થોએ વિવાહ કરવો એમ પણ સમજવું. જો એમ ન થાય તો જો કન્યાનો બાપ અધિક ધનિક હોય તો પિતાના ધનથી ગર્વિષ્ઠ સ્ત્રી, પુરૂષનો અનાદર કરે, તેમજ જો કન્યાના બાપ કરતાં સસરો અધિક લક્ષ્મીવાન હોય તો તેનો ભર્તા સ્ત્રીને તૃણવત્ ગણે. જો ભાષા ભેદ હોય તો પરસ્પરના વ્યવહારમાં સ્ખલના થવાથી પ્રીતિ વધે નહિ. એ પ્રમાણે દાંપત્ય-ધર્મમાં અનેક આપત્તિઓ નડે છે. અને તેઓની જીંદગી ક્લેશિત અને દુઃખદાઈ નીવડે છે.

---

૧૭ निम्नगोऽपि गुणश्रेणीरन्येषु गुणमत्सरी ।
निमज्जत्येव संसारे, मुग्धो दुःख कुलाशयः ॥
श्राद्धगुणविवरण०

આર્ય દેશના આચાર ૩૫ આ વિવાહનું ફળ યોગ્ય-શુદ્ધ સ્ત્રીની પ્રાપ્તિ થવી તે છે. આવી શુદ્ધ યોગ્ય સ્ત્રી પ્રાપ્ત થવાથી જ સુજાત વગેરે પુત્રોની પ્રાપ્તિ થાય છે. શાસ્ત્રમાં સુજાત, અતિજાત, કુજાત અને કુલાંગાર એમ ચાર પ્રકારના પુત્રો કહ્યા છે. સુજાતને આમ્રફળની ઉપમા આપી છે. જેમ આંબાનું ફળ આંબાની ગોટલીને અનુસરતા ગુણોવાળું થાય છે. તેમ સુજાત પુત્ર, પિતા સમાન ગુણવાળો અને પિતાની મર્યાદાઓને આચારોને પાળનારો હોય છે, અર્થાત્ પિતાથી જરા પણ ઓછો કે અધિક હોતો નથી.

'અતિજાત' ને કોળા કે બીજોરાના ફળની ઉપમા આપી છે. અર્થાત જેમ બીજોરાનું કે કોળાનું બીજ-વેલો નાનો છતાં ફળ મોટું હોય છે, તેમ અતિજાત પુત્ર પિતાથી પણ અધિક ગુણવાળો, ધનાઢ્ય, કુલોદ્ધારક અને ધર્મી હોય છે. પિતા કરતાં શ્રેષ્ઠ આવો પુત્ર અતિજાત કહેવાય છે.

'કુજાત' ને વડના ફળની ઉપમા આપી છે. જેમ વડનું વૃક્ષ મોટું તથા અનેક પથિકોને શીતળ છાયાદિ વડે ઉપકારક હોવા છતાં તેનું ફળ નાનું, તુચ્છ અને સ્વાદ રહિત હોય છે. તેમ પિતા ઉત્તમ ઉપકારાદિ ગુણોવાળો હોવા છતાં પુત્ર હીનગુણી તુચ્છ પ્રકૃતિનો હોય તે કુજાત કહેવાય છે.

'કુલાંગાર' ને શેરડી અને કેળના ફળની ઉપમા આપી છે. શેરડી કે કેળને ફળ આવતાં જ જેમ શેરડી કે કેળનો

નાશ થાય છે, તેમ જે પુત્ર કુળ નાશક બને છે, તેને કુલાંગાર કહેલ છે.[૧૮]

સારી સંતતિ સારા ગુણી સ્ત્રી પુરૂષના યોગથી જ પાકે છે. જેમ જમીન ઉત્તમ છતાં બીજ અયોગ્ય અથવા બીજ ઉત્તમ છતાં જમીન અયોગ્ય હોય તો સારો પાક મેળવી શકાતો નથી, તેમ સ્ત્રી અધમ આચાર–વિચારવાળી હોય અને પુરૂષ ગુણુવાન હોય તો પણ સારી સંતતિ પાકતી નથી. તેમ જો પુરૂષ ઉછૃંખલ, અન્યાયી, જુગાર, દારૂ, માંસ ભક્ષણાદિ દુર્ગુણવાળો અને વ્યસનયુક્ત હોય તો ઉત્તમ સ્ત્રી મળવા છતાં ઉત્તમ સંતતિ પાકતી નથી. આ અટલ ન્યાયની અવગણના કરીને, મોહથી જેઓ જાતિ કે યોગ્યતાની બેદરકારી કરે છે, તેઓ સુખ પામવાને બદલે પરિણામે ઉલટા દુઃખના માર્ગે જ ઘસડાઈ જાય છે

ઉપર કહ્યું તેમ યોગ્ય સ્ત્રી પ્રાપ્ત થવાથી સુજાત વગેરે પુત્રની પ્રાપ્તિરૂપ યોગ્ય પરિવારથી પુરૂષના ચિત્તને શાન્તિ, ઘરના કાર્યોમાં વ્યવસ્થા, પોતાના ઉત્તમ આચારોની શુદ્ધિ, દેવસેવા, અતિથિ, સ્વજન આદિના સત્કાર–સન્માન તેમજ ઔચિત્ય આચરણ આદિ ઘણા લાભ થાય છે.

આવી કુલવાન સ્ત્રીને ઘરના કાર્યોમાં જોડવાથી, પરિમિત એટલે ઉન્મત્ત ન થઈ જાય તેટલું ધન આપવાથી

---

१८ सहकारं हि सुजातं, कुष्माण्डं बीजपुरमतिजातम् ।
वटतरुफलं कुजातं, भवति कुलाङ्गारमिक्षुफलम् ॥

અને હમેશાં સદાચાર સંપન્ન માતા સમાન ઉત્તમ સ્ત્રીઓની નિશ્રામાં રાખવાથી, એટલે જ્યાં ત્યાં સ્વતંત્ર જવા ન દેવાથી તેની રક્ષા થાય છે, અન્યથા તેના શીલપાલનમાં વિઘ્નો સંભવિત છે.

સ્ત્રી સ્વાતંત્ર્ય એ આર્યપણું નહિ પણ અનાર્યતા છે. જો કે સ્ત્રીઓમાં વ્યક્તિરૂપે કેટલીક ઉત્તમ સ્ત્રીઓ પણ હોય છે, તથાપિ જાતિરૂપે તો સ્ત્રી ભોગ્ય હોવાથી પુરૂષોને વિષય તરફ ખેંચનારી છે, આથી સત્પુરૂષો અને મહાસતી-ઓના જીવન ચરિત્રો વાંચી વિચારી ધાર્મિક સંસ્કારો જીવ-નમાં ઉતારવા, ઘર સાફ રાખવું, પતિ વડિલોની સેવા કરવી, જળ ભરવું, રસોઈ કરવી, વાસણો અજવાળવાં, દળવું, ઘરના માણસોને સંભાળવા વગેરે અનેક પ્રકારના જે કર્તવ્ય સ્ત્રીને યોગ્ય છે, તેમાં જોડાયલી સ્ત્રી દુઃશીલથી બચે છે. યોગ્યતા વિનાની ચાકર-રસોઈઆની પદ્ધતિ હાનિકારક છે.

વિચારશૂન્ય અયોગ્ય સ્વતંત્રતા એ સ્ત્રી ધર્મનો ભયંકર શત્રુ છે. ખરી રીતે એ સ્વતંત્રતા નથી પણ સ્વચ્છંદતા છે. તેથી તો દરેક કાર્યમાં પતિની કે સસરા-સાસુ વગેરે વડીલની આજ્ઞાને અનુસરવા રૂપ સ્ત્રી ધર્મ નાશ પામે છે. વધુમાં સ્વેચ્છાચારી ગમનાગમન વગેરે સ્ત્રીઓના શીલ-ધર્મનો પણ નાશ કરે છે. જ્યાં ત્યાં ભ્રમણ કરવાથી અને જેના તેના પરિચયથી સ્ત્રીના લજ્જાદિ ગુણરત્નો પણ નાશ પામે છે. મર્યાદા વિહીન બની દુરાચારિણી બનવા સુધી તેનું પરિણામ આવે છે. સમાન હક્ક, સહશિક્ષણ, સ્ત્રીસ્વાતંત્ર્ય

વગેરે નામો વડે રોપાયલા વિષ બીજોનાં અંકુરા કેવા ફૂટ્યા છે, તે વિચારતાં તેનાં ફળો કેવાં આવશે, તે સહજ સમજી શકાય તેમ છે. સ્ત્રીમાં કોઈ યોગ્ય વ્યક્તિ માટે ઘટિત છતાં સામાન્યતઃ સ્ત્રી જાતિ માટે જો સર્વસાધારણ રૂપે આ સ્વચ્છંદતા અમલમાં મૂકાય, તો તેનું પરિણામ અનિષ્ટ જ આવે એ નિઃશંક છે. નારીની પવિત્રતા એજ સંસારની સાચી શોભા છે, પવિત્ર નારીઓજ જગતને વિશ્વોદ્ધારક પુત્રરત્નની ભેટ આપી શકે છે.

વ્યવહાર અને નિશ્ચયનો સુમેળ કેમ સધાય તે લક્ષ્ય ચૂકીને વ્યવહાર સુધારનારા નિશ્ચયનો નાશ કરે છે. વસ્તુતઃ જે વ્યવહારથી નિશ્ચયને બાધ ન પહોંચે તે વ્યવહાર શુદ્ધ છે. આથી સર્વ વ્યવહાર સર્વને માટે એકસરખો ઉપાદેય બની શકતો નથી, પણ તેમાં યોગ્યતા–અયોગ્યતાની અપેક્ષા રહે છે.

૪ પાપ ભીરુતા.

પ્રત્યક્ષ કે પરોક્ષ દુઃખોના કારણભૂત પાપકર્મોથી ભય પામવો, તેનું નામ પાપભીરુતા છે. ચોરી, વ્યભિચાર, જુગાર વગેરે કાર્યો આલોકમાં પણ પ્રત્યક્ષ રાજદંડ આદિ મહા કલહના કારણો બને છે, અને દારૂપાન, માંસભક્ષણ, શિકાર વગેરે પાપ કાર્યો નરક આદિ દુર્ગતિનાં કારણભૂત હોવાથી પરલોકમાં પણ દુઃખનું કારણ બને છે. કહ્યું છે કે–"જુગાર માંસભક્ષણ, મદિરાપાન, વેશ્યાગમન, શિકાર, ચોરી અને

પરસ્ત્રીગમન આ સાત વ્યસનો ઘોરાતિઘોર નરકમાં ઘસડી જાય છે"[૧૯]

નળરાજા, પાંડવો વગેરે જુગારથી રાજ્યભ્રષ્ટ થયા, કૃષ્ણજી જેવા વાસુદેવ હયાત છતાં દ્વારિકાનો મદિરાપાનથી નાશ થયો, દશરથ રાજા શિકારથી દૂષિત થયા, શ્રેણીકરાજા માંસ વ્યસનથી નરકમાં ગયા, રાવણ, દુર્યોધન આદિ પર-સ્ત્રી લંપટયથી ભ્રષ્ટ થયા અને કૃતપુણ્ય શેઠ વેશ્યાગમનથી નિર્ધન થયા. ચોરીના વ્યસનથી તો અનેક આત્માઓ મરણને શરણ થયા છે. આ બધાં પાપ કાર્યોનાં દુષ્ટ ફળો છે. આથી પાપકાર્યોથી ડરવું એ ગૃહસ્થોના સામાન્ય ધર્મનું લક્ષણ છે.

(૫) પ્રસિદ્ધ દેશાચારનું પાલન કરવું.

અન્ય શિષ્ટ પરૂષોને માન્ય આચારો કે-જે ઘણા કાળથી સર્વત્ર વ્યવહાર રૂપ બની ગયા હોય. જેવા કે-જમવું, જમાડવું, વસ્ત્ર પહેરવાં, પહેરામણી કરવી, વગેરે અનેક પ્રકારના લૌકિક વ્યવહારોનું પાલન કરવું. જો તેમ કરવામાં ન આવે તો દેશના લોકો સાથે વિરોધ થાય, ધર્મની નિંદા થાય વગેરે અનેક પ્રકારે અહિત થાય. કહ્યું છે કે "યોગી પુરુષો આખી પૃથ્વીને અર્થાત સકલ લોકને ભૂલ કરતાં જુએ છે. તથાપિ તેઓ મનથી પણ દેશાચારનું

---

૧૯ द्युतं च मांसं च सुरा च वेश्या, पापर्धिचौर्ये परदारसेवा ।
एतानि सप्त व्यसनानि लोके, घोरातिघोरं नरकं नयन्ति ॥
श्राद्धगुणविवरण.

ઉલ્લંઘન કરતા નથી."૨૦ તો પછી ગૃહસ્થનું તો પૂછવું જ શું ? આથી રૂઢ દેશાચારનું પાલન કરવું એ ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે.

(૬) કોઈનો અવર્ણવાદ બોલવો નહિ.

ઉત્તમ, મધ્યમ કે અધમ, કોઈના પણ દોષ જાહેર કરવા રૂપ અવર્ણવાદ બોલવા નહિ. કારણ કે, પારકા દોષો ગાવા એ મહાદોષ છે. શ્રી પ્રશમરતિ નામના ગ્રન્થરત્નમાં જણાવ્યું છે કે, "બીજાને હલકો પાડવાથી, તેના અવર્ણવાદ બોલવાથી કે, પોતાનો ઉત્કર્ષ ગાવાથી ક્રોડો ભવોથી પણ ન છૂટે તેવું નીચ ગોત્ર નામનું કર્મ જીવ પ્રત્યેક ભવે બાંધે છે."૨૧

આ પ્રમાણે સામાન્ય મનુષ્યના પણ દોષો ગાવા તે પણ અયોગ્ય છે, તો રાજા, મંત્રી, પુરોહિત આદિ સત્તાધારીઓ કે બીજા લોકમાન્ય પુરૂષોના દોષો બોલવામાં તો વિશેષ કાળજી રાખવી જોઈએ. કારણ કે રાજાદિની નિન્દાથી તો ધનનો અને પ્રાણનો પણ નાશ થાય છે. બીજાનો અવર્ણ-

---

૨૦ यद्यपि सकलां योगी, छिद्रां पश्यति मेदिनीम् ।
तथापि लौकिकाचारं, मनसापि न लङ्घयेत् ॥
धर्मबिन्दु टीका.

૨૧ परपरिभवपरिवादादात्मोत्कर्षाच्च बध्यते कर्म ।
नीचै गोंत्रं प्रतिभवमनेकभवकोटिदुर्मोचम् ॥
प्रशमरतिप्रकरण.

વાદ બોલવો એ જેમ દોષ છે, તેમ તેને રસપૂર્વક સાંભળવું તે પણ દોષ છે, તેથી શક્ય હોય ત્યાં સુધી અવર્ણવાદ સાંભળવો પણ નહિ.

⑦ સારા પાડોશી હોય ત્યાં પ્રતિનિયત દ્વારવાળું ઘર રાખવું.

જ્યાં સદાચારી પાડોશી હોય ત્યાં ઘર રાખવું, કેમકે 'संसर्गजा दोषगुणा भवन्ति' "જેવી સોબત મળે તેવા દોષો કે ગુણો પ્રગટે છે."

લોકોમાં પણ કહેવત છે કે ગધેડા જોડે ઘોડું રહે તો તે ભૂંકતા ન શીખે તો બચકું ભરતાં કે લાત મારતાં તો શીખે. માટે જે સ્થાને સ્મશાનરક્ષકો,જાળ નાખનારા, પારધી, શીકારી, ચાંડાળ, ભીલ, માછીમાર, કસાઈ વગેરે મનુષ્યો રહેતા હોય, તેવા પાડોશમાં ઘર-વસવાટ રાખવો નહિ. વળી જ્યાં જમીનમાં હાડકાં, કોલસા વિગેરે શલ્યો ન હોય, જ્યાં જમીનમાં ઘણા પ્રમાણમાં ધરો નામની વનસ્પતિ નવા અંકુરા, કુશ એટલે દાભ નામની વનસ્પતિ વગેરે ઉગતી હોય, જે ભૂમિની માટી સારા વર્ણ-ગન્ધવાળી હોય,જે જમીનમાં સ્વાદિષ્ટ પાણી હોય, તેવા ઉત્તમ સ્થાનમાં પણ નિમિત્ત શાસ્ત્રોના આધારથી, ગુણ દોષ સૂચક સ્વપ્ન તથા લોકવાયકા એટલે લોકોનો તે ભૂમિ માટે અભિપ્રાય વગેરે જાણીને મકાન બંધાવવું. આવો સારો પાડોશ અને શુદ્ધ ભૂમિ છતાં રહેઠાણ રાજમાર્ગ ઉપર કે અતિગુપ્ત ગલીમાં ન હોવું જોઈએ. કારણ કે અતિ જાહેરમાં રહેવાથી પોળ

દરવાજાદિના અભાવે ચોર-લુટારાદિનો ભય રહે, અને અતિ ગુપ્ત સ્થળે હોય તો ઘણાં ઘરોથી ઢંકાઈ જવાથો ઘર શોભાને ન પામે, તેમજ અગ્નિ આદિ ઉપદ્રવ વખતે જળ વગેરેની સહાય મેળવવામાં કે પેસવા નીકળવા વગેરેમાં મુશ્કેલી પડે. વળી યોગ્ય સ્થાને પણ બાંધેલાં ઘરને પેસવા નીકળવાનાં અનેક બારણાં ન હોવા જોઈએ. કારણ કે જે ઘરને જવા આવવાનાં ઘણાં બારણાં હોય, ત્યાં દુષ્ટ લોકો પ્રવેશ કરી જાય તો પણ ખ્યાલ ન રહે, અને તેથી ધન, સ્ત્રી વગેરેની રક્ષા કરવી મુશ્કેલ પડે. આથી "સારા પાડોશમાં સારી ગણવાળી ભૂમિ ઉપર અતિ પ્રગટ કે ગુપ્ત સ્થાનને છોડીને ઘણાં બારણાં વિનાનું ઘર ધર્મિ આત્માઓને માટે ધર્મનું પોષક બને છે," માટે તેને ગૃહસ્થના સામાન્ય ધર્મરૂપે કહ્યું છે.

૮ સદાચારી પુરૂષોની સોબત કરવી.

આલોક અને પરલોકમાં હિતકારી સુંદર આચાર સેવનારા સદાચારી પુરૂષોની સોબત કરવી. તેવાઓની સોબતથી દુરાચારથી બચી સદાચારી થવાય છે. જુગારી, ધૂર્ત, ભાટ, ભાંડ, નટ વગેરે અસત્ પુરૂષોની સોબતથી તો પોતામાં જે સદાચાર હોય છે, તે પણ તત્કાળ નાશ પામે છે. કહ્યું છે કે:-"જો સત્સંગતિમાં રક્ત થઈશ તો સત-સારો થઈશ અને અસદાચારીની સોબતમાં પડીશ તો નાશ પામીશ. અર્થાત્ જે ગુણો મળ્યા છે, તે પણ નાશ પામશે."

આત્મા સ્વયં એકલોજ છે, સંયોગથયા પછી પણવિયોગ થાય જ છે, એટલે વસ્તુતઃ સંગ છોડવામાં આત્મસુખ રહેલું

છે. કહ્યું છે કે:—"સંગ સર્વ પ્રકારે છોડવા લાયક છે, છતાં સંગ છોડી ન શકાય તો સોબત સત્પુરૂષોનીજ કરવી. કારણ કે સત્પુરૂષો સંગમાંથી છૂટવાના ઔષધ તુલ્ય છે."[૨૨] અર્થાત્ સત્પુરૂષોના યોગે પ્રથમ પ્રશસ્ત આલંબનથી અપ્રશસ્ત રાગમાંથી આત્મા મુક્ત બને છે અને યોગ્ય કાળે સમગ્ર રાગને તોડીને સ્વ સ્વરૂપમાં તૃપ્ત બની શકે છે. માટે "જ્યાં સુધી સંગ ન છૂટે ત્યાં સુધી સંગમાંથી છૂટવા માટે પણ સત્પુરૂષોની સોબત કરવી એ જરૂરી છે."

(૯) માતાપિતાની પૂજા કરવી.

માતાપિતાની પૂજા કરવી. એટલે કે ત્રણે કાળ તેઓને પ્રણામ કરવો, પરલોકમાં હિત કરનારાં કાર્યોમાં તેઓને જોડવા. અર્થાત સગવડ આપવી. દરેક પ્રવૃત્તિમાં તેઓની આજ્ઞા પ્રમાણે વર્તન કરવું. ફળ, ફૂલ વગેરે ઉત્તમોત્તમ ભોગોપભોગના પદાર્થો પણ તેઓને આપવા. અર્થાત્ વાપરવાની ઉત્તમમાં ઉત્તમ વસ્તુઓ તેઓને આપવી, તેઓના જમ્યા પછી જમવું, સુતા પછી સુવું વગેરે બાહ્ય સેવા કરવી. ઉપરાંત તેઓએ અંગીકાર કરેલા વ્રત નિયમોને જરા પણ બાધ ન આવે તેમ વ્યાપાર, વ્યવહાર વગેરે કાર્યો કરવાં. જેથી તેઓનું પૂર્ણ ઔચિત્ય જળવાય. આ પ્રમાણે વર્તન કરવું તેજ માતાપિતાના પૂજન રૂપ છે. તેમાં પણ પિતાથી માતા અધિક પૂજ્ય છે. કહ્યું છે કે:—

---

૨૨ सङ्गः सर्वात्मना त्याज्यः, स चेत्त्यक्तुं न शक्यते ।
स सद्भिः सह कर्तव्यः, सन्तः सङ्गस्य भेषजम् ॥
यो० शा० टीका.

"દશ વિદ્યાગુરૂઓની બરાબર એક ધર્માચાર્ય છે, સો ધર્માચાર્યની બરાબર પિતા છે અને માતા તો પિતા કરતાં પણ હજાર ગુણા અધિક ગૌરવને પાત્ર છે"[૨૩] માટે અહીં પણ પિતા-માતાને બદલે માતા-પિતા એ ક્રમ જણાવ્યો છે."

જે માણસ ગૃહસ્થ ધર્મમાં રહેલો છે તેને માટે માતા, પિતાની સેવા એ પ્રથમ કર્તવ્ય છે, કારણ કે માતા-પિતા પ્રત્યક્ષ ઉપકારી છે. જન્મ ન આપ્યો હોત, અથવા જન્મ પછી બાળકને તજી દીધું હોત, તો આજે તેની હયાતિ પણ ન હોત, અનેક સંકટો વેઠી ઉછેરનારા પ્રત્યક્ષ ઉપકારી માતા પિતાની જેઓ સેવા કરી શકતા નથી, તેઓ આખા જગતની સેવાની વાતો ભલે કરતા હોય, પણ વાસ્તવિક સેવાધર્મ તેવા મનુષ્યોમાં સંભવી શકતો નથી. પ્રત્યક્ષ ઉપકારી પ્રત્યે કૃતઘ્નતા સેવનારો બીજા કોઈ પરોક્ષ ઉપકારીની સેવા કયા કારણે કરે ? એ વિચારતાં જ સ્વાર્થ, અવિવેક, અજ્ઞાન આદિના યોગે તેની સેવા પાયા વિનાની પ્રવૃત્તિ જેવી જણાશે. ઉપકારી એવા માતાપિતાની સેવા કરનારો જ સમાજની, દેશની કે બીજા સાધર્મિક વગેરેની પણ સાચી સેવા કરી શકે છે. માટે તે ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે.

(૧૦) ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરવો.

સ્વરાજ્ય કે પરરાજ્યના લશ્કરથી ભય જાગવાથી,

---

૨૩ उपाध्यायाद् दशाचार्यं, आचार्याणां शतं पिता ।
सहस्रं तु पितुर्माता, गौरवेणातिरिच्यते ॥

દુષ્કાળ, મરકી, કોલેરા, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, તીડ વગેરેનો ઉપદ્રવ થવાથી, તથા જનવિરોધ એટલે પરસ્પર મનુષ્યોનો મહાવિગ્રહ, કોમી રમખાણ વગેરે કારણોથી જે ગામ, નગર અસ્વસ્થ બન્યા હોય અર્થાત્ ત્યાંના લોકોમાં ગભરાટ પેદા થયો હોય, તેવા સ્થાનનો ત્યાગ કરવો. કારણ કે એવી સ્થિતિમાં ત્યાં રહેવાથી પૂર્વે મેળવેલાં ધર્મ, અર્થ અને કામનો નાશ થાય છે, અને તેવા ઉપદ્રવવાળા સ્થાને પુનઃ તે મેળવી શકાતા નથી, તેથી ઉભયલોકથી ભ્રષ્ટ થવાનું બને છે.

(૧૧) નિન્દિત કાર્યોમાં પ્રવૃત્તિ ન કરવી.

સામાન્ય લોકમાં કે લોકોત્તર એવા સંતોમાં પણ જે કાર્યો અનાદરણીય હોવાથી નિન્દનીય ગણાતાં હોય, તેવાં સુરાપાન, માંસભક્ષણ, પરસ્ત્રીગમન વગેરે પાપોનો ત્યાગ કરવો. નિન્દિત કાર્યોમાં પ્રવૃત્તિ કરવાથી તેના બીજાં સારાં કાર્યો પણ ઉપહાસને પાત્ર બની જાય છે. મનુષ્ય સારા આચરણથી જ મોટાઈ ને મેળવે છે.

(૧૨) આવક પ્રમાણે ખર્ચ રાખવું.

આવકને અનુસાર ખર્ચ રાખવું. નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે-"આવકનો ચોથો ભાગ (ભવિષ્યમાં આકસ્મિક કારણે જરૂર પડે તે માટે) નિધાનમાં રાખે, ચોથો ભાગ વ્યાપારમાં રોકે, ચોથા ભાગથી ધર્મકાર્યો તથા પોતાનો નિર્વાહ કરે અને

બાકીના ચોથા ભાગને ભર્તવ્ય એટલે જેનું પોષણ કરવાની પોતાની ફરજ છે તેવા આશ્રિતોનં પોષણ કરવામાં વાપરે [૨૪]

કેટલાકો તો કહે છે કે-"ધનિક પુરુષે આવકને અડધો કે તેથી વધારે ભાગ જીવનના પ્રધાન કાર્યરૂપ ધર્મમાં વાપરે અને બાકીનો અડધો ભાગ આ લોકના બાકીના કાર્યોમાં ખર્ચે". [૨૫] અન્યત્ર કહ્યું છે કે-ધર્મ, ચોર, અગ્નિ અને રાજા એ ચાર ધનના ભાગીદારો છે. ધર્મરૂપ ભાગીદારનું અપમાન કરવાથી અર્થાત ધર્મમાં નહિ ખર્ચવાથી બાકીના ત્રણ ભાગીદારો બળાત્કારે પણ ધનનું હરણ કરી લેશે [૨૬]

"પંચસૂત્રના બીજા સૂત્રમાં કહ્યું છે કે-આવકના પ્રમાણમાં દાન, ભોગ, પરિવારનં પોષણ અને ધનનો સંગ્રહ કરવો. [૨૭]"

રોગ જેમ શરીરને દુર્બળ બનાવી પુરુષને વ્યવહાર માટે નાલાયક બનાવી દે છે, તેમ આવકને વિચાર્યા વિના કરેલો ખર્ચ પણ દરિદ્ર બનાવી સંસારના કે આત્માના દરેક

---

२४ पादमायान्निधिं कुर्यात्पादं वित्ताय शोधयेत् ।
धर्मोपभोगयोः पादं, पादं भर्तव्यपोषणे ॥ यो. शास्त्र.

२५ आयादर्धं नियुञ्जीत, धर्मे यद्वाऽधिकं ततः ।
शेषेण शेषं कुर्वीत, यत्नतस्तुच्छमैहिकम् ॥

२६ चत्वारो धर्मदायादा धर्मचौराग्निभूभृतः ।

२७ तहा लाहोचिअदाणे लाहोचिअभोगे
लाहोचिअ परिवारे लाहोचिअनिहिकरे सिआ ॥ पंचसूत्र.

કાર્યોમાં મનુષ્યને અસમર્થ બનાવી દે છે. આવકનો વિચાર કર્યા વિના જે કુબેરની જેમ ખર્ચ કરે છે, તે ધનવાન હોય તો પણ થોડા વખતમાં જ નિશ્ચયથી ભિખારી બની જાય છે.' અર્થાત્ મજુરી કરવા લાયક બને છે.[૨૮] 'આવકથી ખર્ચ ઓછો કરવો એજ પંડિતાઇનું લક્ષણ છે.[૨૯] આવક પ્રમાણે ખર્ચ કરવાથી અનીતિ, અન્યાય કરવાનો વખત આવતો નથી, જ્યારે ખર્ચ વધાર્યા પછી ખર્ચ પ્રમાણે આવક કરવા જવાથી અનીતિ, અન્યાય કરવામાં આંચકો આવતો નથી, માટે આવક પ્રમાણે ખર્ચ રાખવું એ ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે.

(૧૩) વૈભવને અનુસાર વેષ રાખવો.

પોતાની સંપત્તિ, કમાણી, વય-અવસ્થા તથા રહેવાનું ગામ, શહેર, દેશ વગેરેને અનુરૂપ વસ્ત્ર, પહેરવેશ વગેરે રાખવા જોઈએ. સારી આવક છતાં જેઓ કૃપણતાથી તેના પ્રમાણમાં વેષ રાખતા નથી, અર્થાત્ ધન છતાં પણ ખરાબ વસ્ત્ર વગેરે પહેરીને ફરે છે, તેઓ લોકોની નિંદાનું પાત્ર બની ધર્મ માટે પણ અયોગ્ય બને છે. સારા વેષવાળો મંગલરૂપ ગણાય છે અને તેવા મંગળભૂત પુરુષોથી લક્ષ્મી આવે છે. કહ્યું છે કે—

---

૨૮ आयव्ययमनालोच्य, यस्तु वैश्रवणायते ।
अचिरेणैव कालेन, सोऽत्र वै श्रमणायते ॥
योगशास्त्र टीका.

૨૯ एतदेव हि पाण्डित्यमायादल्पतरो व्ययः ॥

"લક્ષ્મી મંગળથી પ્રાપ્ત થાય છે, બુદ્ધિથી વધે છે અને કૌશલ્યથી મૂળ નાખે છે, એટલે કે, તે પુરૂષની તાબેદાર દાસી બને છે, તેને છોડતી નથી.[૩૦]" ઈંદ્રિય નિગ્રહ વગેરે સંયમવાળા જીવનથી પુરુષની લક્ષ્મી શોભાને પામે છે અને લોકોની પ્રશંસાનું પાત્ર બને છે.

સંપત્તિ ઓછી છતાં ધનવાનની માફક વેશ ધારણ કરવાથી લોકોમાં હાંસી થાય છે. અને આવો ખર્ચ કરનાર જરૂર અનીતિખોર હશે, એમ લોકોમાં અનુમાન થાય છે. માટે પોતાની સંપત્તિ, આવક, જાતિ, વય, અવસ્થા અને દેશને અનુરૂપ વેશ રાખનારો સદાચારી મનુષ્ય, સર્વત્ર પ્રેમનું પાત્ર બનવાથી ધર્મયોગ્ય બને છે.

(૧૪) બુદ્ધિના આઠ ગુણોને ધારણ કરવા.

શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણા, ઉહ, અપોહ, અર્થ-વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન. આ બુદ્ધિના આઠ ગુણો છે. તેનો સંક્ષિપ્ત અર્થ નીચે મુજબ છે.

૧. શુશ્રૂષા—તત્ત્વ સાંભળવાની ઈચ્છા.
૨. શ્રવણ—તત્ત્વને સાંભળવું.
૩. ગ્રહણ—ઉપયોગપૂર્વક સાંભળેલું ગ્રહણ કરવું.
૪. ધારણા—ગ્રહણ કરેલું ભૂલી નહિ જવું. અર્થાત્ યાદ રાખવું.

---

૩૦ श्री मङ्गलात्प्रभवति, प्रागल्भ्याच्च प्रवर्धते ।
दाक्ष्यात्तु कुरुते मूलं, संयमात्प्रतितिष्ठति ।।

श्राद्धगुणविवरण.

૫. ઉહ–જે અર્થ જાણ્યો હોય તેને તે જ્યાં જ્યાં ઘટિત હોય ત્યાં ઘટાવવો. અથવા ઊહ એટલે પદાર્થનું સામાન્ય જ્ઞાન.

૬. અપોહ–સાંભળેલાં વચનોથી તથા યુક્તિથી પણ વિરૂદ્ધ એવા હિંસા–જુઠ–ચોરી વગેરે દુષ્ટ ભાવોના માઠાં પરિણામો જાણી તેને છોડી દેવા. અથવા અપોહ એટલે પદાર્થનું ગુણ પર્યાય પૂર્વકનું જ્ઞાન.

૭. અર્થવિજ્ઞાન–ઉહાપોહ દ્વારા થયેલું, ભ્રમ, સંશય કે વિપર્યય વગેરે દોષોથી રહિત યથાર્થજ્ઞાન.

૮. તત્ત્વજ્ઞાન–ઉહાપોહથી સંશયાદિ દોષ રહિત થયેલું 'આ એમજ છે' એવું નિશ્ચિત જ્ઞાન.

આ આઠ ગુણો ઉત્તરોત્તર બુદ્ધિની વિશુદ્ધિરૂપ છે. આ ગુણોવાળો વિશિષ્ટ પુરુષ કદિપણ અકલ્યાણને પામતો નથી, આ બુદ્ધિના આઠ ગુણોનો યોગ કરવો એટલે કે તે આઠ ગુણો જે રીતે જ્યાં હિતકર બને તે રીતે ઘટાવવા.

(૧૫) નિરંતર ધર્મ શ્રમણ કરવો.

ઉત્તરોત્તર ઉન્નતિ સાધી ક્રમે ક્રમે મોક્ષ આપનાર ધર્મ છે. તે ધર્મને હંમેશાં સાંભળવો જોઈએ. જેમ નિરોગી, ચતુર અને યુવાન પુરુષ દૈવી ગીતને એકતાન પૂર્વક સાંભળે તેથી પણ અધિક રાગપૂર્વક હંમેશાં ધર્મ સાંભળવો જોઈએ. "ઉપયોગ પૂર્વક સત્કથા શ્રવણ કરવાથી ચિત્ત થાક્યું હોય

તો થાક ઉતરી જાય છે. કષાયથી તપી ગયું હોય તો શાન્ત થાય છે. આપત્તિ વગેરેથી દિગ્મૂઢ બની ગયું હોય તો સૂઝવાળું બને છે અને સ્થિર–વ્યાકુળ બન્યું હોય તો સ્થિર થાય છે.'[31] વગેરે ધર્મશ્રવણથી બીજા પણ ઘણા લાભો થાય છે. જો તે બુદ્ધિના આઠ ગુણોમાં શ્રવણ ગુણ કહેવાયો છે, તથાપિ હંમેશાં ધર્મ શ્રવણ કરનારને ઉત્તરોત્તર અનેક સદ્ગુણોની પ્રાપ્તિ થાય છે, એ ફળની પ્રધાનતા બતાવવા માટે અહીં જુદો બતાવ્યો છે.

(૧૬) અજીર્ણ વખતે ભોજન ન કરવું.

અજીર્ણ વખતે ભોજન ન કરવું. અજીર્ણ હોવા છતાં ભોજન કરવાથી સર્વ રોગની વૃદ્ધિ થાય છે કારણ કે 'રોગ માત્રનું મૂળ અજીર્ણ છે,' કહ્યું છે કે—

'૧. દુર્ગન્ધવાળો ઝાડો થવો, ૨. અપાનવાયુ દુર્ગન્ધવાળો થવો, ૩. ઝાડો કાચો થવો, ૪. શરીરના સાંધા તૂટવા, ૫ ખોરાક ઉપર અરૂચી થવી, ૬. ઓડકાર ખાટા અને દુર્ગન્ધવાળા આવવા, આ છ અજીર્ણના લક્ષણો છે.'[32] આગળ વધીને અજીર્ણથી મૂર્છા, બહુ બકવાટ, ઉલટી, અધિક થુંક, શરીર થાકવું, ચકરી આવવી વગેરે અનેક

---

३१ क्लान्तमिहोज्झति खेदं, तप्तं निर्वाति बुध्यते मूढम् ।
स्थिरतामेति व्याकुलमुपयुक्तसुभाषितं चेतः ॥

३२ मलवातयो र्विगन्धो, विड्भेदो गात्रगौरवमरुच्यम् ।
अविशुद्धश्चोद्गारः, षडजीर्णे व्यक्तलिंगानि ॥

यो. शा. टीका.

વિકારો થાય છે અને તેમાંથી મરણ પણ નીપજે છે. માટે પૂર્વે લીધેલો આહાર બરાબર પચી ગયા પછી ફરી ભૂખ લાગે ત્યારે ભોજન લેવું. શરીર સ્વાસ્થ્ય એ ધર્મનું અંગ છે. અજીર્ણ છતાં જમવાથી સ્વાસ્થ્ય બગડવાથી ધર્મમાં શરીરની સહાય મળતી નથી. માટે અજીર્ણમાં ભોજનનો ત્યાગ કરવો એ ધર્મનું કારણ છે.

(૧૭) ભોજનના કાળે ભોજન કરવું.

યોગ્યકાળે લોલુપતાને વશ થયા વિના પ્રકૃતિને અનુકૂલ, પથ્ય-હિતકર અને પરિમિત ભોજન કરવું. ક્ષુધા લાગે ત્યારે ભોજન નહિ કરવાથી અન્નની અરૂચિ થાય છે, શરીર નબળું પડે છે. અગ્નિ બુઝાઈ ગયા પછી ઈંધણ અગ્નિનું કેવી રીતે પોષણ કરે? અર્થાત્ ભુખ નહિ છતાં ખાવાથી જઠરનો અગ્નિ મંદ પડી જાય છે અને એકી સાથે ખાવાથી તેનું પાચન થઈ શકતું નથી. સંસ્કૃતમાં એક કહેવત છે-'यो हि मितं भुङ्क्ते स बहु भुङ्क्ते' મિતાહારી થવા માટે ઉપરના આ વાકયનો અમલ કરવાથી બીજી પણ શરીર સંબંધી ઘણી ઉપાધિઓ ટળી જાય છે. ભુખ લાગે ત્યારે જ ભોજન કરવું. ભુખ વિના ખાધેલું અમૃત પણ ઝેર બને છે.

(૧૮) પરસ્પર બાધ ન આવે તેમ ત્રિવર્ગનું સેવન કરવું.

ત્રિવર્ગ એટલે ધર્મ, અર્થ અને કામ.

૧. જેનાથી ઉત્તમ પ્રકારના સાંસારિક સુખો અને પરિણામે મોક્ષસુખની પ્રાપ્તિ થાય તે ધર્મ.

૨. જેનાથી ગૃહસ્થાશ્રમના સર્વ કાર્યો સાધી શકાય તે અર્થ. (ધન સંપત્તિ)

૩. સર્વ ઈન્દ્રિયોના વિષયોમાં અભિમાન જન્ય રસરૂપ જે પ્રીતિ તે કામ.

ગૃહસ્થે આ ધર્મ, અર્થ અને કામ–ત્રણેયને પરસ્પર એકબીજાને બાધક ન થાય એ રીતે સાધવા જોઈએ. જે પુરુષ ધર્મ, અર્થ અને કામની સાધનામાં આ મર્યાદા ચૂકે છે, તેના ઉભય ભવો બગડવાથી આખો જન્મ નિષ્ફલ બને છે. કહ્યું છે કે, "ત્રણ વર્ગની સાધના વિના જેના દિવસો આવે છે અને જાય છે, તે લુહારની ધમણની જેમ ભલે શ્વાસોશ્વાસ લેતો હોય તો પણ મરેલો જ છે."[૩૩]

આ ત્રણમાં તત્કાલીન ક્ષણિક વિષય સુખમાં લુબ્ધ બનીને જે ધર્મ અર્થને ધક્કો મારે છે. તે જંગલના હાથીની જેમ આપત્તિઓનો ભોગ બને છે. જંગલી હાથીને વશ કરવા માટે મનુષ્યો એક મોટા ખાડામાં કાગળની કે માટીની કૃત્રિમ હાથણી બનાવે છે. તેને દેખી વિષયાંધ બનેલો હાથી પરિણામને વિચાર્યા વિના, તેના પ્રત્યે દોડી આવતાં જ ખાડામાં પડે છે. ત્યાંથી નીકળવાને અશક્ત બનેલા તે હાથીને ભૂખ–તૃષાના દુઃખોથી દીન બનાવીને, તેને બંધનમાં નાખી વશ કરે છે. એ રીતે જેમ હાથી જીવનભર સ્વતંત્રતાને ગુમાવી બન્ધનાદિ અનેક કષ્ટોનો ભાગી થાય છે, તેમ

---

३३ यस्य त्रिवर्गशून्यस्य, दिनान्यायान्ति यान्ति च ।
स लोहकारभस्त्रेव श्वसन्नपि न जीवति ॥

यो. शा. टी.

મનુષ્ય પણ ધર્મમાં અનાદરવાળો થઈ, કેવળ વિષયોમાં અંધ બની, સંપત્તિનો વ્યય કરવાથી, આખરે સર્વ સાધનોથી ભ્રષ્ટ થઈ, આલોક–પરલોકમાં દુઃખનું ભાજન બને છે. જગત્પ્રસિદ્ધ વસ્તુ છે કે, વિષયસેવનમાં અતિ આસક્ત હોય છે. તેનું શરીર ક્ષીણ થતાં ક્ષયરોગી બને છે અને આખરે તે ધર્મ તથા ધન બધું ગમાવી દે છે.

વળી જેમ સિંહ હાથીનો નાશ કરી પાપનો ભાગી બને છે અને હાથીનું માંસ તો બીજાજ જંગલી પ્રાણીઓ ભોગવે છે, તેમ ધર્મ આદિનો અનાદર કરી, જે ધંન કમાવવામાંજ રાચે છે, તે મનષ્ય કેવળ પાપનું જ ભાજન બને છે. તેનું કમાયેલું ધન તો બીજાઓ જ ભોગવે છે.

ધર્મને બાધ થાય તેવી રીતે અર્થ કામની સેવા પણ બીજને ખાઈ જનાર ખેડુતની જેમ અનર્થકારક છે. જેમ ખેડુત વાવેતર માટે રાખેલાં બીજને ખાઈ જાય, તો ભાવી પાકથી વંચિત રહી દરિદ્ર બને, તેમ ધર્મરૂપી બીજ પ્રત્યે ઉપેક્ષા કરનારો, આખરે અર્થ–કામથી પણ વંચિત રહે છે. કારણ કે, ધર્મરહિત પુરૂષને ભાવિકાળે કાંઈ પણ સુખ મળતું નથી. ખરી રીતે તેને જ સાચો સુખી કહી શકાય કે જે, પરલોકના સુખમાં વિરોધ ન આવે તે રીતે આ ભવમાં જીવે છે. ધર્મમાં બેદરકારી કરનારો આ ભવમાં કદાચ પૂર્વ પુણ્યના બળે દુખી ન થાય, તો પણ ભવિષ્યકાળમાં તે દુઃખી થાય જ છે. કારણ કે સુખનું મૂળ ધર્મ છે. જેમ મૂળ ગયા પછી વક્ષ ટકી શકતું જ નથી, તેમ ધર્મ ગયા

પછી સુખ ટકી શકતું નથી. માટે બુદ્ધિમાન પુરુષે ધર્મનો ઘાત ન થાય, તેવી રીતે અર્થકામમાં પ્રયત્ન કરવો જોઈએ.

ધનની ઉપેક્ષા કરીને કામ ભોગનીજ સેવા કરનારો દેવાદાર બની જાય છે. ધનનો કંઈ પણ સંચય નહિ કરતાં પ્રાપ્ત થતું બધું ધન જે ખર્ચી નાખે છે, તે માણસ 'તાદાત્વિક' કહેવાય છે.બાપ–દાદા વગેરેના પૂર્વોપાર્જિત દ્રવ્યને અન્યાયથી જે ખાઇ જાય છે, ખર્ચી નાખે છે, તે 'મૂળહર' કહેવાય છે. અને જે નોકરોની કુટુંબની કે પોતાની પીડાને પણ અવગણીને માત્ર ધન ભેગું જ કરે છે અને કાંઈપણ ખરચતો નથી તે 'કુદર્ય' કહેવાય છે. તેમાં તાદાત્વિક અને મૂળહરને ધનનો નાશ થતાં ધર્મ–કામનો પણ નાશ થાય છે. કલ્યાણ થતું નથી. અને કુદર્ય (કૃપણ) નો ધનસંગ્રહ રાજા, ભાગીદારો કે ચોરોને જ ભોગ્ય બને છે, પણ ધર્માદિના ઉપયોગમાં આવતો નથી. આ પ્રમાણે તાદાત્વિક, મૂળહર અને કુદર્યને ધર્મ, અર્થ અને કામ પરસ્પર બાધક થાય છે.

આથી ગ્રહસ્થે ત્રણેય વર્ગને બાધ ન પહોંચાડતાં ત્રણેયની યથાં યોગ્ય રક્ષા કરવી જોઈએ. સંયોગવશાત્ એ ત્રણેયને જો ન સાધી શકે તો ઉત્તર ઉત્તરને છોડી પૂર્વ પૂર્વની રક્ષા કરે, એટલે કે કામની ઉપેક્ષા કરીને ધર્મ અને ધનની રક્ષા કરવી, કારણ કે ધર્મ અને ધનની રક્ષાથી પરિણામે કામની પણ સિદ્ધિ સહેલાઇથી થઈ શકે છે. જો તેમ પણ ન બને તો ધન અને કામને છોડીને ધર્મની રક્ષા તો કરવીજ જોઈએ, કારણ કે અર્થ અને કામનું

મૂળ ધર્મ છે. ધર્મની રક્ષા કરનારો, આખરે ધન અને કામને પણ સાધી શકે છે. કહ્યું છે કે–યાચના કરીને જીવતાં પણ જો ધર્મ સચવાય તો સમજવું કે–હું ધનવાન જ છું, કારણ કે–સત્પુરુષોનું સાચું ધન એક જ ધર્મ છે ''૩૪

(૧૯) ઔચિત્યપૂર્વક સેવા કરવી

પર્વતિથિ કે અપર્વતિથિના વિભાગ વિના હંમેશાં સત્પ્રવૃત્તિમાં જ જેઓ એકાકાર મંડયા રહ્યા હોય છે, તેવા મહાત્માઓને અતિથિ કહ્યા છે. તથા ઉત્તમ આચારવાળા હોવાથી, સર્વ લોકમાં કોઈ જેમના અવર્ણવાદ બોલતું નથી તેવા સાધુ. અને ધર્મ, અર્થ, કામરૂપ પુરૂષાર્થને સાધી શકે તેવી શક્તિ જેમની ક્ષીણ થઇ છે છે તેવા દીન. આવા અતિથિ, સાધુ અને દીન પ્રત્યે યથોચિત–જેને જે યોગ્ય હોય તેવું અન્ન, પાન, વસ્ત્ર વગેરે આપીને એમની સેવા કરવી. ઔચિત્યને છોડીને સઘળાઓ પ્રત્યે સમાન પ્રવૃત્તિ કરવી તે વાસ્તવિક સેવા નથી. " એક બાજુ ઔચિત્ય ગુણ અને બીજી બાજુ કરોડો ગુણો હોય તો પણ બન્ને સરખા છે. કારણ કે ઔચિત્ય ગુણ વિનાના બાકીના ગુણોનો સમૂહ હોય તો પણ ઝેર તુલ્ય છે. " ૩૫

---

૩૪ धर्मश्चेन्नावसीदेत, कपालेनापि जीवतः ।
आढ्योऽस्मीत्यवगन्तव्यं, धर्मवित्ता हि साधवः ॥ यो. शा. टी.

૩૫ औचित्यमेकमेकत्र, गुणानां कोटिरेकतः ।
विषायते गुणग्राम, औचित्यपरिवर्जितः ॥ यो. शा. टी.

દાન, શીલ, તપ વગેરે કોઈ પણ ધર્મ પ્રવૃત્તિ કે ખાવું, સૂવું, કમાવું, બોલવું, વિગેરે સામાન્ય પ્રવૃત્તિ પણ ઔચિત્ય રહિત હોય તો ઉલટી નિંદાનું પાત્ર બને છે, માટે ઔચિત્ય સાચવીને સેવા કરવી તે સાચી સેવા છે. જેમ હાર હીરાનો હોય છતાં તે પગે બાંધ્યો હોય, અથવા પગરખાં જરીથી ભરેલાં હોય પણ તે માથે પહેર્યાં હોય, તો શોભતાં નથી પણ ઉલટી મૂર્ખતા ગણાય છે, કારણ કે હાર ગળામાં અને પગરખાં પગમાં પોતાના સ્થાનમાં જ શોભે છે. તેમ જે માણસની જેટલી અને જેવી સેવા યોગ્ય હોય, તેની તેટલી અને તેવી સેવા થાય તે સેવારૂપ બને છે, એમ દરેક વ્યવહારમાં સમજવું.

(૨૯) હંમેશાં કોઈ વાતમાં કદાગ્રહ ન રાખવો.

હંમેશાં અદુરાગ્રહી બનવું. બીજાનો પરાભવ કરવાની બુદ્ધિથી અન્યાયી કાર્ય કરવું તે દુરાગ્રહ કહેવાય છે. આવો દુરાગ્રહ હલકા પુરુષોને હોય છે. કહ્યું છે કે–

"નદીના પ્રવાહથી ઉલટા માર્ગે તરવાના સ્વભાવવાળા માછલાને શ્રમ સિવાય કાંઈ ફળ નથી, તેમ દુરાગ્રહ પણ નીચ પુરુષો પાસે નિષ્ફળ, અન્યાયી અને દુષ્કર એવાં કાર્યો કરાવીને તેમને થકાવી દે છે."[૩૬] અર્થાત્ હલકા પુરુષો દુરાગ્રહથી દુષ્ટ કાર્યો કરીને પોતાની શક્તિ બર-

---

૩૬ दर्पः श्रमयति नीचान्निष्फलनयविगुणदुष्करारम्भैः ।
स्रोतोविलोमतरणव्यसनिभिरायास्यते मत्स्यैः ॥ यो. शा. टी.

ગ્રાહ કરી થાકે છે. કોઈ વખતે નીચ પુરુષો પણ શઠતાથી દુરાગ્રહને છોડી દે છે, પરંતુ એટલા માત્રથી તે ઉત્તમ ગણાતા નથી. કારણ કે સદાને માટે દુરાગ્રહને તજવો એને ગણ કહેવામાં આવ્યો છે.

'મારૂં એજ સાચું' એ દુરાગ્રહનું લક્ષણ છે અને 'સાચું તેજ મારૂં' એ સરળતાનું લક્ષણ છે.

(૨૧) ગુણના પક્ષપાતી બનવું.

સ્વપર કલ્યાણકારક આત્મધર્મસાધક એવા સજ્જનતા, ધીરતા, વીરતા, ગંભીરતા, કૃતજ્ઞતા, સહનશીલતા, ઉદારતા, દાક્ષિણ્ય, સ્થિરતા અને પ્રિય ભાષણપૂર્વક સામાચે બોલાવ્યા પહેલાં તેને બોલાવવો વગેરે ગુણોનું અને ગુણીનું બહુમાન, પ્રશંસા કરવી કે તેને સહાય કરવી વગેરે ગુણોના પક્ષપાતરૂપ છે. ગુણપક્ષપાતી પુરુષો જ અવન્ધ્ય પુણ્યરૂપ બીજને સિંચન કરવા દ્વારા આ લોક-પરલોકમાં ઉત્તમ ગુણોરૂપ લક્ષ્મીને પામે છે-ગુણવાન બને છે. કહ્યું છે તે-"અવગુણી ગુણવાનને જાણી શકતો નથી. ગુણવાન પણ મોટો વર્ગ એવો હોય છે કે બીજા ગુણવાનના ગુણને સહન કરી શકતો નથી, પણ મત્સર-તેજો દ્વેષ કરે છે. સ્વયં ગુણી અને ગુણ-ગુણીનો રાગી એવો સરળ ઉત્તમ મનુષ્ય કોઈક જ હોય છે."[૩૭]

---

૩૭ नागुणी गुणिनं वेत्ति, गुणो गुणिषु मत्सरी ।
गुणी च गुणरागी च, विरलः सरलो जनः ॥

श्राद्धगुणविवरण.

(૨૨) નિષિદ્ધ દેશમાં અને નિષિદ્ધ કાળમાં જવા આવવાનો ત્યાગ કરવો.

નિષિદ્ધ દેશ એટલે જેલ, વધસ્થાન, જુગારનું સ્થાન, જ્યાં પરાભવ થાય તેવું સ્થાન, બીજાના ભંડારનું સ્થાન, બીજાનું અંતઃપુર, સ્મશાન, નિર્જનસ્થાન અને ચોર, વેશ્યા, નટ વગેરેના સ્થાનો. આ બધાં નિષિદ્ધ સ્થાનો ગણાય. આવાં સ્થળોએ જવાથી અનેક આપત્તિઓ આવવાનો સંભવ છે, માટે તેવાં સ્થાનોમાં ન જવું.

અકાળ એટલે સર્વેએ શયન કર્યા પછીનો રાત્રિનો કાળ અને પરદેશ જવા માટે સાયંકાળ કે રાત્રિનો કાળ વગેરે નિષિદ્ધ કાળ ગણાય છે. તેવા કાળે ગમન વગેરે કરવાથી રાજ દંડનો, ચોર-લુટારાના ઉપદ્રવ વગેરેનો સંભવ છે, માટે તે કાળમાં ગમન કરવું નહિ.

(૨૩) બલાબલનો વિચાર કરી કાર્યનો આરંભ કરવો.

બલ એટલે-દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી પોતાનું સામર્થ્ય અને અબલ એટલે અસામર્થ્ય. એટલે એ બન્નેનો વિચાર કરીને પ્રવૃત્તિ કરનાર કાર્યસિદ્ધિ કરી શકે છે. બલાબલના વિચારપૂર્વક આરંભેલું કાર્ય સફળ થાય છે. અન્યથા નિષ્ફળ બને છે. કહ્યું છે કે-" ક્રોધાદિક તજીને શમપૂર્વક પોતાની શકિતને અનુરૂપ યોગ્ય સ્થાને પ્રયત્ન કરનારા પ્રાણીઓની દિન દિન વૃદ્ધિ-વિકાસ થતો જાય છે. અને

શકિત ઉપરાંત કરેલો આરંભ પરિણામે થયેલા વિકાસમાં પણ ક્ષયનું કારણ બને છે."[38] આથી જ કહ્યું છે કે–"સુખના અભિલાષીએ, અત્યારે સમય કેવો છે? મિત્રોનું બળ કેવું છે? કયા સ્થાને છું? આવક ખર્ચનું પ્રમાણ કેવું છે? હું કોણ છું? મારી યોગ્યતા કેટલી છે? અને મારામાં શકિત કેવી છે? તેનો વારંવાર વિચાર કરતાં રહેવું જોઈએ."[39]

કોઈ પણ વ્યવહારમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનું બળ વિચારવું જરૂરી છે.

(૨૪) સદાચારમાં રહેલા અને જ્ઞાનથી વૃદ્ધ એવા પુરુષોની સેવા કરવી.

દુરાચારના ત્યાગપૂર્વક સદાચારમાં પ્રવર્તનારા વ્રત નિયમધારી પુરુષો કે જેઓ ત્યાગ કરવા લાયક અને ગ્રહણ કરવા લાયક વસ્તુના વિવેક જ્ઞાનથી વૃદ્ધ હોય, એટલે કે આપણા કરતાં જેઓ વિશેષ જ્ઞાની અને વ્રતધારી હોય, તેવા જ્ઞાનવૃદ્ધ પુરુષોની સેવા કરવી. જેમકે તેઓ આવે ત્યારે ઊભા થવું, સન્મુખ જવું, હાથ જોડીને પ્રણામ કરવો, આસન આપવું, વંદન કરવું, શરીરસેવા કરવી, ઉત્તમ

---

૩૮ स्थाने शमवतां शक्त्या, व्यायामे वृद्धिरङ्गिनाम् ।
अयथाबलमारम्भो, निदानं क्षयसम्पदः ॥ यो. शा. टी.

૩૯ कः कालः कानि मित्राणि, को देशः कौ व्ययागमौ ।
कश्चाहं का च मे शक्तिरिति चिन्त्यं मुहुर्मुहुः ॥

આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર, આદિ ઉચિત વસ્તુઓનું તેઓને દાન કરવું, વળાવવા જવું વગેરે વિનયરૂપ સેવા કરવી, કારણ કે "ગુણવાન પુરુષોની સેવા કરી હોય તો તેઓ કલ્પવૃક્ષની જેમ સદુપદેશ આદિ મહાન ફળ આપે છે, અર્થાત "ગુણવાનોની સેવાથી હંમેશાં હિતકર ઉપદેશ મળે છે. તેઓના સંપર્કથી બીજા પણ ધર્મી પુરુષોનાં દર્શન, મેળાપ, વગેરે લાભો થાય છે અને યોગ્ય કાળે તેઓનો પણ વિનય કરવાનો લાભ મળે છે. એમ બાહ્ય, અભ્યંતર અનેક મોટા લાભો ગુણવાનોની સેવાથી પ્રાપ્ત થાય છે."[૪૦]

(૨૫) પોષ્યવર્ગનું પોષણ કરવું.

માતા, પિતા, સ્ત્રી–પુત્ર વગેરે તથા આપણા આશ્રયે રહેલાં સગાં–સંબંધી કે નોકર ચાકર વગેરેનું યોગ ક્ષેમ દ્વારા એટલે કે તેમને જરૂરી પદાર્થો મેળવી આપીને અને તેઓની વસ્તુઓની રક્ષા દ્વારા ભરણ–પોષણ કરવું જોઈએ. તેમાં માતા પિતા, સતી સ્ત્રી અને પોતાના નિર્વાહની શક્તિ જેઓમાં નથી તેવાં પુત્ર–પુત્રી એ ત્રણેયનું તો અનેક મુશ્કેલીઓ વેઠીને નોકરી–ચાકરી–મજુરી કરીને પણ અવશ્ય ભરણ–પોષણ કરવું જોઈએ. અને વૈભવ સારો હોય તો બીજા પણ નિરાધાર સ્વજન સંબંધી વગેરેનું ભરણ–પોષણ કરવું જોઈએ. કહ્યું છે કે–

"હે તાત! લક્ષ્મીવન્ત એવા તમારે ત્યાં દરિદ્ર મિત્રો,

૪૦ उपदेशः शुभो नित्यं, दर्शनं धर्मचारिणाम् ।
स्थाने विनय इत्येतत्साधुसेवाफलं महत् ॥

પુત્ર વિનાની વિધવા બેન, સ્વજ્ઞાતિના વૃદ્ધો અને કુલવાન દરિદ્રો એ ચાર પ્રકારના મનુષ્યો વસવાટ કરે."[41]

અર્થાત "ગૃહસ્થધર્મમાં રહેલા લક્ષ્મીવન્તોએ આ ચાર દુઃખીઆઓને અવશ્ય સંભાળવા જોઈએ."

પોતાના આશ્રિત કુટુંબ, સ્વજન સંબંધી જ્ઞાતિજનો કે ગામના ઉત્તમ મનુષ્યોની સંભાળ નહિ લેતાં वसुधैव कुटुम्बकम् એ ન્યાયને આગળ કરી અન્યોની સેવા માટે જેઓ ઉત્સાહ ધરાવે છે, તેઓ જાણતાં કે અજાણતાં સેવાના સાચા સનાતન સિદ્ધાંતથી અજાણ છે. જે કુલ જ્ઞાતિ કે ગામમાં પોતે જન્મ્યો છે, તેને કુટુંબરૂપે નહિ માનતાં જ્યારે આખી પૃથ્વીને કુટુંબરૂપે મનાવે છે, ત્યારે જેની સેવા શકય છે, તે રહી જાય અને જે સેવા અશકય છે, એનું આચરણ થાય છે પરિણામે એકેય કામ સિદ્ધ થતું નથી. જેની પાસે માત્ર એક શેર સાકર છે, તે તેટલી સાકરથી જો આખો સમુદ્ર મીઠો કરવાનો પ્રયત્ન કરે, તો તેમાં તેને સફળતા મળે નહિ, પણ સાકરનો નાશ જ થાય છે. પણ તેટલી સાકરથી તેના પ્રમાણમાં તો વસ્તુ મીઠી બનાવી શકાય છે. મનુષ્ય અલ્પશકિતથી પોતાની મર્યાદા બહાર કરી શકે તે બની શકતું નથી પણ પોતાને પ્રાપ્ત સામગ્રીનો તે ઔચિત્યપૂર્વક વિનિયોગ કરે તો તો તે જરૂર જગતની અધિક સેવા

---

૪૧ चत्वारि ते तात गृहे वसन्तु, श्रियाभिजुष्टस्य गृहस्थधर्मे ।
सखा दरिद्रो भगिनी व्यपत्या ज्ञातिश्च वृद्धो विधनः कुलीनः ॥
धर्मबिन्दु टीका.

માટે પણ એક દિવસ લાયક બની શકે છે. શકયમાં જ પ્રવૃત્તિ સફળ બને છે. વ્યવહાર પણ એજ છે કે, જેમ ઘરની રક્ષા ખાતર મહોલ્લાની, મહોલ્લાની રક્ષા ખાતર ગામની; અને ગામની રક્ષા ખાતર દેશની રક્ષા થાય, તેમ નિકટનાં સબંધીઓને સંભાળવાનું સૌથી પ્રથમ આવશ્યક ગણાય. કારણ કે, તેમાં કૃતજ્ઞતા ગુણનું પાલન છે. તે પછી શકિત અનુસાર આગળ વધવાની આપોઆપ યોગ્યતા પ્રગટે છે. એટલા માટે જ કહ્યું છે કે, "શકયમાં પ્રવૃત્તિ અને અશકયની ભાવના એજ સફળતાનો (સમગ્ર વિશ્વની સેવાનો) સાચો ઉપાય છે." ભાવનામાં સકલ જગતનું કલ્યાણ ઈચ્છવાનું છે. તેમાં એકના પણ કલ્યાણની બાદબાકી ન થાય, જ્યારે પ્રવૃતિ શકિત મુજબ જ બની શકે છે એટલે શકિત મુજબ જેઓ પરહિતમાં રત રહે છે, તેમનામાં સમગ્ર વિશ્વ કલ્યાણનું પણ બળ યોગ્ય કાળે પ્રગટે છે.

૨૬ વિચારીને કાર્ય કરવું.

કોઈપણ કાર્યનું પરિણામ શું આવશે તેનો વિચાર કરીને વર્તન કરવું. કારણ કે–વિચાર કર્યા વિના કાર્ય કરનારાઓને મહાન આપત્તિ આવે છે. કહ્યું છે કે–

"લાભ હાનિનો વિચાર કર્યા વિના કામ ન કરવું. કારણ કે–અવિવેક મહાન આપત્તિઓનું સ્થાન છે, વિચારીને કાર્ય કરનારને ગુણાનુરાગિણી સંપદાઓ સ્વયમેવ આવી વરે છે." ૪૨

---

૪૨ सहसा विदधीत न क्रियामविवेकः परमापदाँ पदम् ।
वृणते हि विमृश्यकारिणं गुणलुब्धाः स्वयमेव सम्पदः ॥

૨૭. વિશેષજ્ઞ થવું.

પદાર્થમાં સારા-નરસાપણાનો તફાવત, કાર્યોમાં કરણીય અકરણીયનો વિભાગ અને સ્વપરમાં રહેલ ગુણદોષાદિરૂપ અંતર, આવા તફાવતને 'વિશેષ' કહેવાય છે. દરેક વિષયમાં રહેલા આવા વિશેષનું નિશ્ચિત જાણપણું હોવું જોઈએ. પદાર્થના અંતરને નહિ સમજનાર મનુષ્યમાં પશુ કરતાં કાંઈ અધિકતા નથી, જેમ પશુ સારા નરસા ભાવોના ભેદ જ્ઞાન રૂપ વિવેક વિનાનું હોય છે, તેમ વિવેક વગરનો પુરુષ પણ પશુતુલ્ય ગણાય છે.

અથવા વિશેષ એટલે પોતાના જીવનમાં જ ગુણદોષની વૃદ્ધિ-હાનિરૂપ લાભહાનિનું જ્ઞાન મનુષ્યને હોવું જોઈએ. જે મનુષ્ય પોતાના જીવનમાં ગુણદોષની વૃદ્ધિ હાનિને તપાસતો નથી, તેનું જીવન નિષ્ફળ બને છે કહ્યું છે કે-

"દરરોજ મનુષ્યે પોતાના ચારિત્ર્યને તપાસવું જોઈએ અને નક્કી કરવું જોઈએ કે-મારૂ ચારિત્ર્ય પશુતુલ્ય છે કે સત્પુરુષોના જેવું છે?"[૪૩]

માત્ર કોઈ દિવસે આવું વિચારનાર તો સામાન્ય મનુષ્ય પણ હોય છે, માટે દરરોજ આ પ્રકારનો વિચાર એટલે જાણપણું હોવું જોઈએ.

૨૮. કૃતજ્ઞ બનવું.

કરેલા ઉપકારને જાણે તે કૃતજ્ઞ કહેવાય. ઉપકારીના

---

૪૩ प्रत्यहं प्रत्यवेक्षेत, नरश्चरितमात्मनः ।
किं नु मे पशुभिस्तुल्यं किं नु सत्पुरुषैरिति ॥

ઉપકારને છુપાવવો કે વિસારવો નહિ. સત્પુરુષો, ઉપકારીના ઉપકારને કદી ભૂલતા નથી, પણ શિર ઉપર ભારરૂપે માનતા તેનો યથાશકય બદલો કેમ વળે તેની ચિંતા સેવે છે.

શ્રીફળ પણ બાલ્યકાળમાં અલ્પ પાણી આપનાર (વૃક્ષ સિંચનાર)ને પોતાના ઉછેરનાર તરીકે ઉપકારી માની મસ્તક ઉપર ભારને ધારણ કરી, ઉપકારીને પોતાના પ્રાણનો નાશ કરીને પણ અમૃતસમાન મીઠું પાણી આપે છે.

જો શ્રીફળ પણ આ રીતે કૃતજ્ઞતા ગુણને ધારણ કરે છે, તો સત્પુરુષો ઉપકારીને કેમ વિસરે ? અર્થાત્ સત્પુરુષો કદી પણ ઉપકારીને ભૂલતા નથી, અને તેથી જેમ શ્રીફળ સર્વ ફળોમાં શ્રેષ્ટતાને પામ્યું છે, તેમ કૃતજ્ઞ પુરુષો મહાન યશ, પૂજાદિને પામી કલ્યાણના ભાગી બને છે. વળી કહ્યું છે કે-"પરોપકારમાં જેની બુદ્ધિ છે અને કરેલા ઉપકારને જે ભૂલતા નથી, એવા માત્ર બે જ પુરુષોને પૃથ્વી ધારણ કરે. અથવા આવા બેજ પુરુષથી આ પૃથ્વી ટકી રહી છે."[૪૪]

અર્થાત્ પરોપકારી અને કૃતજ્ઞતા ગુણને ધારણ કરનાર લોકમાં સર્વ શ્રેષ્ટપણાને પામે છે.

(૨૯) લોકપ્રિય થવું

લોકપ્રિય એટલે વિશિષ્ટ લોકોને પ્રિય. આવો લોકપ્રિય આત્મા સ્વભાવથી જ આલોક વિરુદ્ધ, પરલોક વિરુદ્ધ અને ઉભયલોક વિરૂદ્ધ કાર્યોનો ત્યાગ કરનારો હોય છે. આ ત્રણે પ્રકારનાં લોક વિરૂદ્ધ કાર્યોનો ત્યાગ કરનારોજ વાસ્તવિક લોકપ્રિય બની શકે છે. તે લોક વિરૂદ્ધ કાર્યો આ પ્રમાણે છે.

---

૪૪ दो पुरिसे धरउ धरा अहवा दोहिंपि धारिया धरणी ।
उवयारे अस्स मई उवयरिअं जो न लुसइ ॥

"કોઈપણ પ્રાણીની નિન્દા કરવી, તેમા પણ વિશેષે કરીને ગુણીજનની નિન્દા કરવી, સરળતાથી ધર્મ કરતા હોય તેમની હાંસી કરવી, લોકમાં જે પૂજ્ય ગણાતા હોય તેમનું અપમાન કરવું.[૪૫] ઘણા માણસો સાથે જે વિરોધ કરતો હોય તેનો સંગ કરવો. દેશાદિકના આચરણનું ઉલ્લંઘન કરવું, ઉદ્ધત વેશ રાખવો. સત્પુરુષોને કષ્ટ પડે તે જોઈ આનંદ પામવો તથા શકિત છતાં સત્પુરૂષોના દુઃખનો પ્રતિકાર ન કરવો. આ બધાં લોકવિરુદ્ધ કાર્યો છે, તથા રાજ્ય, ખેતરોનું સ્વામિપણું અને જગાત ઉઘરાવવા વગેરેનું કામ. ખર કર્મ એટલે પરલોક વિરુદ્ધ કાર્ય કહેવાય છે, તથા જુગાર, માંસ, મદિરા, વેશ્યા, શિકાર, ચોરી અને પરસ્ત્રી ગમન, આ સાત વ્યસનો ઘોરાતિઘોર દુર્ગતિનાં કારણ છે. આ વ્યસનોમાં જે આસકત હોય છે, તેને આ લોકમાં ઉત્તમ પુરુષો નિન્દે છે અને મરણ પછી પરલોકમાં તેની દુર્ગતિ થાય છે. તાત્પર્ય એ છે કે, લોકોની અપ્રીતિના કારણરૂપ આવાં કાર્યો ત્યાગ કરવાથી જ મનુષ્ય ઉત્તમ પુરુષોને પ્રિય થાય છે તથા ધર્મનો અધિકારી પણ તેજ થાય છે.

લોકપ્રિય થવા માટે જેમ લોક વિરુદ્ધ કાર્યોનો ત્યાગ જોઈએ. તેમ તેનામાં દાન, વિનય અને શીલગુણનું પાલન હોવું જોઈએ. કહ્યું છે કે:—

'દાન કરવાથી પ્રાણીઓ વશ થાય છે. દાનથી વૅર

---

૪૫ सव्वस्सचेव निन्दा, विसेसओ तह य गुणसमिध्धाणं ।
उजुधम्मकरणहसणं, रीढाजण पूअणिज्जाणं ॥

નાશ પામે છે અને દાનથી શત્રુ પણ બન્ધુરૂપ થાય છે. તેથી નિરંતર દાન આપવું યોગ્ય છે.'

જે માણુસનું કાંઈ પણ કામ પડે તેમ ન હોય, એવો માણુસ પણ જો ઘેર આવે, તો તેને સજ્જન પુરુષો હસતે મુખે આવકાર દઈ, આસન આપે છે. આવો વિનયી માણુસ લોકપ્રિય થાય છે અને જે શુદ્ધ આચાર પાળતો હોય છે, તે આ લોકમાં યશકીર્તિ પામે છે; તથા સર્વજનને પ્રિય થાય છે અને પરભવમાં શુભ ગતિ પામે છે. આવા પ્રકારનો લોકપ્રિય માણુસ, બીજા જીવોને પણ મોક્ષમાર્ગની પ્રાપ્તિમાં નિમિત્તભૂત બને છે. માટે લોકપ્રિય થવું એ જરૂરી છે.

૩૦ લજ્જાળું થવું

લજ્જા એટલે ધિઠ્ઠાઈનો ત્યાગ. લજ્જાળુ માણુસ પ્રાણાન્તે પણ પ્રતિજ્ઞાનું પાલન કરે છે. કહ્યું છે કે—

"માતા સમાન ઉત્તમ, અતિશુદ્ધ વાત્સલ્યવાળી અને અનેક ગુણોને પ્રગટ કરાવનારી લજ્જાને અનુસરનારા સત્ય પ્રતિજ્ઞાવન્ત-પ્રતિજ્ઞાશાળી પુરુષો પ્રતિજ્ઞાનું પાલન કરતાં મરણ આવે તો મરણને સુખપૂર્વક સ્વીકારે છે, પણ પ્રતિજ્ઞાનો ભંગ કરતા નથી." ૪૬

---

૪૬ लज्जां गुणौघजननीं जननीमिवार्यामत्यन्तशुद्धहृदयामनुवर्तमाना ।
तेजस्विनः सुखमसूनपि सन्त्यजन्ति सत्यस्थितिव्यसनिनो न पुनः प्रतिज्ञाम् ॥

લજ્જાશીલ માણસ નાનં સરખું પણ અકાર્ય કરતાં ડરે છે. તે અકાર્યને દૂર તજી સદાચારને સેવતો રહે છે, તેથી તે સદ્ધર્મને યોગ્ય ગણાય છે લજ્જાહીન મનુષ્ય કંઈ પણ અકાર્ય કરતાં ડરતો નથી. ગમે તેવા ઉત્તમ કુલમાં ઉત્પન્ન થયા છતાં તે કુલમર્યાદાને તજતાં વાર લગાડતો નથી.

૩૧. દયાળું થવું

દુઃખી પ્રાણીઓને દુઃખથી બચાવવાની ઈચ્છા તેનું નામ દયા, દયાળુ મનુષ્ય દરેક પ્રાણીને સુખી કરવાની ઈચ્છાવાળો હોય છે. પ્રાણીમાત્ર પ્રત્યે તે પ્રાયઃ દયાશીલ હોવાથી ઉપયોગપૂર્વકની પ્રવૃત્તિના યોગે તેની સર્વ આરાધનામાં દયા મુખ્ય હોય છે. દયા એ ધર્મનું મૂલ છે. તે પ્રાપ્ત થવાથી જ પ્રાણીમાત્ર પ્રત્યે દયાની ભાવનાપૂર્વક તે ક્ષમા વગેરે તાત્ત્વિક ધર્મની આરાધના કરી શકે છે.

ધર્મક્રિયા કરવા છતાં જે મનુષ્યમાં દયાના પરિણામ નથી, તે મનુષ્યની ધર્મ ક્રિયા તેના ધર્મને કલંકરૂપ બને છે. ધર્મ તો શ્રેષ્ઠ જ હોય છે, પણ ધર્મ કરનારની અયોગ્યતાથી જ જગતમાં ધર્મ અયોગ્ય ઠરે છે, વગોવાય છે.

૩૨. સૌમ્ય પ્રકૃતિવાળા થવું.

સ્વભાવથી જ શાન્ત પ્રકૃતિવાળો આત્મા બનતા લગી પાપકર્મમાં પ્રવૃત્તિ કરતો નથી અને સૌમ્ય પ્રકૃતિવાળા માણસને સહુ સુખે સુખે અનુસરી શકે છે. શાંત સ્વભાવને લીધે તે બીજા અશાન્ત જીવોને પણ સમાધિનું કારણ થઈ

પડે છે. અર્થાત્ આકરી પ્રકૃતિવાળા જીવો પણ શાન્ત પ્રકૃતિવાળા સજ્જનોના સમાગમથી ઠંડી પ્રકૃતિના થઈ જાય છે. તેથી શાન્ત પ્રકૃતિવાળા જીવો સુખપૂર્વક સ્વપરહિત સાધી શકે છે.

(૩૩) પરોપકારના કાર્યમાં પ્રવીણ થવું.

સ્વાર્થ વિના પરનું કાર્ય કરવામાં તત્પર થવું તે પરોપકાર. પરોપકાર પરાયણ મનુષ્યનું દર્શન સર્વને આનંદજનક બને છે.

પરોપકારી પુરૂષ ધર્મનું ખરૂં રહસ્ય સારી રીતે સમજી નિઃસ્પૃહ વૃત્તિવાળો થઈ પોતાના પૂર્ણ પુરુષાર્થના યોગે અન્યજનોને પણ સન્માર્ગમાં જોડી દે છે. એવા પરહિતકારી પુરુષોની જ બલિહારી છે. તેવા ધન્ય પુરુષો સ્વ પરનું હિત સુંદર રીતે સાધી શકે છે અને ધર્મને સારી રીતે દીપાવી શકે છે. આવા નિઃસ્વાર્થી જનો પરોપકારને પોતાનું કર્તવ્ય સમજીને કોઇની પ્રેરણા વિના સ્વાભાવિક રીતે જ ગુણને સેવે છે.

શકિત મુજબ જેટલો બને તેટલો પરોપકાર કરી લેવો એજ માનવજીવનનું શ્રેષ્ઠ કર્તવ્ય છે. જડ વસ્તુ પણ પોતાની યોગ્યતા પ્રમાણે પરોપકાર કરે છે. ખેતરનો ચંચા પુરુષ વાવેતરનું રક્ષણ કરે છે, રાખોડી અનાજ રક્ષા કરે છે, દાંતમાં પકડેલું તૃણ પ્રાણની રક્ષા કરે છે અને મકાન ઉપરની ધ્વજા મકાનનું રક્ષણ કરે છે, તો મનુષ્ય જેવો

ચૈતન્યવાન પરોપકાર વિનાનો કેમ હોઈ શકે ? મનુષ્યો ચાર પ્રકારના હોય છે.

1. નિઃસ્વાર્થ ઉપકારી અર્થાત અપકારી પ્રત્યે પણ ઉપકારી.
2. ઉપકાર કરનાર પ્રત્યે પ્રતિ ઉપકારી.
3. ઉપકારને પણ વિસરી જનાર.
4. ઉપકારી પ્રત્યે પણ અપકારી.

—આમાં પહેલા બે પ્રકારના મનુષ્યો ધર્મને માટે લાયક છે.

(૩૪) અંતરંગ શત્રુઓનો ત્યાગ કરવો.

કામ, ક્રોધ, લોભ, માન, મદ અને હર્ષ એ આત્માના છ અંતરંગ શત્રુઓનો ત્યાગ કરવો, એટલે કે—અયોગ્ય કાળે કે અયોગ્ય સ્થળે કામ-ક્રોધાદિ કરવાં નહિ. કારણ કે—તે ઉત્તમ પુરુષોની ઉત્તમતાના ઘાતક છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે.—

(૧) પારકી સ્ત્રી, અપરિણીત કન્યા, કે વિધવા સ્ત્રી વગેરેની સાથે દુષ્ટ વિષયની ઈચ્છા તેનું નામ કામ.

(૨) અવિચારીપણે પોતાને કે પરને આપત્તિજનક હૃદયનો રોષ-ધમધમાટ ગુસ્સાપૂર્વક કઠોર બોલવું કે કોપ કરવો તે ક્રોધ.

[redacted] દાન યોગ્ય સુપાત્રને કે દયાપાત્ર આત્માઓને દેવા યોગ્ય વસ્તુ પોતાની પાસે હોવા છતાં ન આપવી તેનું નામ

લોભ. અથવા કારણ વિના પણ બીજાની પાસેથી ધન લેવાની ઈચ્છા કરવી તે લોભ.

(૪) દુરાગ્રહે ચઢવું અથવા વ્યાજબી પણ વચન ન સ્વીકારવું તે માન.

(૫) સારૂં કુલ, શરીરમાં બળ, ઉચ્ચ જાતિ, ઘણું ધન, વિદ્વત્તા, સુંદર રૂપ વગેરે પ્રાપ્ત થવાથી અહંકાર કરવામાં કે બીજાને આપણાથી હલકો પાડવામાં કારણ રૂપ મનનો પરિણામ તે મદ.

(૬) કારણ વિના બીજાને દુ:ખી કરીને કે, પોતે જુગાર, શિકાર વગેરે અનર્થકારી કાર્યો કરીને ખુશ થવું તે હર્ષ.

એ રીતે અયોગ્ય સ્થળે કરેલાં આ કામ–ક્રોધાદિ આત્માના અંતરંગ શત્રુભૂત બની આત્મગુણોરૂપી ધનનો નાશ કરે છે, માટે દુ:ખના કારણભૂત આ છ અંતરંગ શત્રુઓનો ત્યાગ કરવો જરૂરી છે.

(૩૫) ઈન્દ્રિયોના સમુદાયને વશ કરનાર થવું

કાન, આંખ, નાક, જીભ તથા ચામડી એ પાંચે ઇંદ્રિયોની શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શરૂપ પોતપોતાના વિષયમાં અધિક પડતી આસક્તિનો ત્યાગ કરવો. અર્થાત્ વિકારને અટકાવવો તે ઇન્દ્રિયજય કહેવાય છે. આ રીતે ઈન્દ્રિયોના વિકારોને કાબુમાં લેવાથી મનુષ્યને બાહ્યઅભ્યંતર મહાન સંપત્તિઓ મળે છે, કહ્યું છે કે–

"ઈન્દ્રિયોનો અસંયમ તે દુ:ખનો માર્ગ છે અને ઇન્દ્રિયો ઉપર વિજય મેળવવો તે સંપદા (સુખ)નો માર્ગ છે. એ

બે માર્ગોમાંથી જે માર્ગ ઈષ્ટ હોય તે માર્ગે ગમનં કરવું[૪૭] અર્થાત્ સુખની અભિલાષાવાળાએ ઇન્દ્રિયોનો નિગ્રહ કરવાં સતત ઉદ્યમ કરવો. "ઇન્દ્રિયો એજ નરક અને સ્વર્ગરૂપ છે. નિગ્રહ કરેલી ઇન્દ્રિયો પાપથી બચાવીને સ્વર્ગમાં લઈ જાય છે, જ્યારે છૂટી મૂકેલી ઇન્દ્રિયો યથેચ્છપાપ કરાવીને નરકમાં લઈ જાય છે."[૪૮]

અહીં ઇન્દ્રિયવિજયમાં અતિ આસક્તિના પરિહાર રૂપ મર્યાદા બતાવી તેનું કારણ એ છે કે–અહીં સામાન્ય ગૃહસ્થ ધર્મનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે. સર્વથા ઇન્દ્રિયજય તો સાધુપણામાં કરી શકાય છે.

ઉપર જણાવવામાં આવ્યા છે તે ૩૫ ગુણો એ ધર્મનો પાયો છે, પાયો મજબૂત કર્યા વિના જેમ મહેલ સ્થિર થઈ શકે શહિ, તેમ યોગ્યતા વિના શ્રાવક કે મુનિ ધર્મની પ્રાપ્તિ થઈ શકતી નથી. પાત્રતા કેળવવા માટે જીવનમાં માર્ગાનુસારીના આ ગુણોની અતિશય આવશ્યકતા હોવાથી સૌથી પ્રથમ તેને રજુ કરવામાં આવ્યા છે. આવા માર્ગાનુસારી જીવને ધર્મ તત્ત્વ જાણવાની ઇચ્છા થાય એ સ્વાભાવિક છે. તેથી હવે પછીના પ્રકરણમાં ધર્મનું લક્ષણ જણાવવામાં આવશે.

---

૪૭ आपदां कथितः पन्था, इन्द्रियाणामसंयमः
तज्जयः संपदां मार्गो, येनेष्टं तेन गम्यताम् ॥

૪૮ इन्द्रियाण्येवतत्सर्वं, यत्स्वर्गनरकावुभौ ।
निगृहीतविसृष्टानि, स्वर्गाय नरकाय च ॥

પ્રકરણ બીજું.

ધર્મનું લક્ષણ.

પ્રશ્ન૦ ૧. ધર્મનું લક્ષણ શું ?

ઉત્તર. પૂર્વાપરઅવિરૂદ્ધ એવા આગમવચનને અનુસરતું, દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ સાપેક્ષ, મૈત્રી–પ્રમોદ–કરુણા–મધ્યસ્થભાવયુક્ત, ત્યાગ કરવા લાયક ભાવોને ત્યાગ કરવા રૂપ તથા ગ્રહણ કરવા લાયક ભાવોને ગ્રહણ કરવા રૂપ બાહ્ય પ્રવૃત્તિવાળું અનુષ્ટાન તે વ્યવહાર ધર્મનું લક્ષણ [1] છે; અને 'રાગ દ્વેષ, મોહ વગેરે ચિત્તનો મેલ ઘટવાથી પુષ્ટિ તથા શુદ્ધિવાળા ચિત્તનો પ્રાદુર્ભાવ થવો તે (ભાવ ધર્મનું) નિશ્ચય ધર્મનું લક્ષણ [2] છે.'

પ્રશ્ન૦ ૨. વ્યવહાર ધર્મ અને નિશ્ચય ધર્મનો નિષ્કર્ષ શું ?

ઉત્તર. પૂ. આ. શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજીએ શ્રી ધર્મબિન્દુની ટીકામાં ઉભયધર્મનું લક્ષણ બતાવતાં ફરમાવ્યું છે

---

१ वचनाद्यदनुष्ठानमविरुद्धाद्यथोदितम् ।
मैत्र्यादिभावसंयुक्तं, तद्धर्म इति कीर्त्यते ॥१॥

धर्मबिन्दुः ॥

२ धर्मश्चित्तप्रभवो, यतः क्रियाधिकरणाश्रयं कार्यम् ।
मलविगमेनैतत्खलु पुष्ट्यादिमदेष विज्ञेयः ॥२॥

श्री षोडशकः

કે ' શુદ્ધ અનુષ્ઠાન દ્વારા કર્મમેલ દૂર થવાથી મોક્ષના કારણભૂત સમ્યગ્દર્શન આદિ ગુણોના લાભ થવા રૂપ ફળવાલી પ્રગટ થયેલી જીવશુદ્ધિ તે જ ધર્મ. '[3]

ધર્મના ઉપર્યુક્ત લક્ષણમાં વ્યવહાર ધર્મ અને નિશ્ચય ધર્મ બન્નેનો નિષ્કર્ષ આવી જાય છે.

ચિત્તની શુદ્ધિ–પુષ્ટિ વિના કેવળ કાયિક–વાચિક પ્રવૃત્તિમાં જ ધર્મ માનવો તે અયોગ્ય છે. તેમજ ચિત્ત-શુદ્ધિમાં કારણભૂત તપ, જપ, સામાયિક, પ્રતિક્રમણ, દાન, શીલ આદિ કાયિક–વાચિક પ્રવૃત્તિ વિના માત્ર કલ્પિત મનશુદ્ધિને જ ધર્મ માની લેવો તે પણ અયોગ્ય છે, કારણ કે તપ, જપ, સામાયિક, પ્રતિક્રમણ, દાન, શીલ આદિ અનુષ્ઠાનો મનશુદ્ધિનાં પ્રબળ નિમિત્ત કારણો છે. જે કાર્યનું જે કારણ હોય તે કારણોનું વારંવાર આદર અને સન્માન પૂર્વક આસેવન કર્યા વિના કદી પણ કાર્યની ઉત્પત્તિ થતી નથી.

વ્યવહાર અને નિશ્ચય બન્ને પરસ્પર સાપેક્ષ છે. એકલી બાહ્યક્રિયામાં કે આચરણ વિના કલ્પિત મનની નિર્મળતામાં જ ધર્મ સમજનારા ભ્રાન્ત છે. અર્થાત્ વસ્તુ-સ્થિતિથી અજ્ઞાત છે. નિર્મળ ચિત્તદ્વારા જે કાંઈ શુભ પ્રવૃત્તિ થાય છે, તે વ્યવહાર ધર્મ છે; અને કાયિક શુભ

---

३ शुद्धानुष्ठानजन्या कर्ममलापगमलाभलक्षणा-
सम्यग्दर्शनादिनिर्वाणबीजलाभफलाजीवशुद्धिः धर्मः ।
धर्मबिन्दुटीका.

પ્રવૃત્તિ દ્વારા જે ચિત્ત શુદ્ધિ પ્રગટે છે, તે ભાવ-ધર્મ છે, (નિશ્ચય ધર્મ છે), અને તે ભાવધર્મ દ્વારા હેયોપાદેય તત્ત્વોમાં ત્યાગ અને આદરરૂપ પ્રવૃત્તિ થાય છે તે વ્યવહાર ધર્મ છે. આ રીતે બન્નેમાં પરસ્પર કાર્યકારણભાવ હોવાથી તેમને સર્વથા અલગ પાડી શકાતા નથી.

પ્રશ્ન૦ ૩. 'અવિરુદ્ધ એવા આગમ વચનને અનુસરતું' એટલે શું ?

ઉત્તર૦ વ્યવહાર ધર્મના લક્ષણમાં એક વિશેષણ એવું બતાવવામાં આવ્યું છે, કે 'અવિરુદ્ધ એવા આગમ વચનને અનુસરતું' એનો અર્થ એ છે કે જે ધર્મ-અનુષ્ઠાન કરવું છે, તે પરીક્ષિત વચનરૂપ આગમને અનુસરતું હોવું જોઈએ. પરીક્ષિત વચન તેને કહેવાય કે-જેમ કસોટીથી કસીને, છીણીથી કાપીને અને અગ્નિથી બાળીને સોનાની પરીક્ષા થાય છે, તેમ શાસ્ત્ર વચનોની પણ કષ, છેદ અને તાપ દ્વારા પરીક્ષા થાય છે. તે પરીક્ષામાં જે ટકી શકે તે જ પરીક્ષિત આગમવચન કહેવાય છે.

પ્ર૦ ૪. કષ શુદ્ધ આગમ કયું કહેવાય ?

ઉ૦ જે આગમમાં કરવા લાયક કાર્યોને કરવાનું વિધાન હોય અને નહિ કરવા લાયક કાર્યોનો નિષેધ કરવામાં આવ્યો હોય, તે આગમ કષશુદ્ધ કહેવાય. [૪]

પ્ર૦ ૫. છેદ શુદ્ધ આગમનું લક્ષણ શું ?

---

૪ विधिप्रतिषेधौ कषः (धर्मबिन्दुः)

૭૦ કસોટીથી શુદ્ધ જણાતું સુવર્ણ જેમ અંદરથી અશુદ્ધ હોવાનો સંભવ છે, માટે તેનો છેદ કરીને પરીક્ષા થાય છે, તેમ આગમ પણ વિધિનિષેધયુક્ત હોવા છતાં સ્વહિતથી વિપરીત ક્રિયાનું પ્રરૂપક હોય, તો તેના વિધિનિષેધો નકામા જ નીવડે છે. માટે જે પ્રમાણે તેમાં કરણીય અકરણીયના વિધિ નિષેધો જણાવ્યા હોય, તે જ પ્રમાણે તેને બાધ ન પહોંચે તેવી શુદ્ધ ક્રિયાનું જે પ્રરૂપક હોય, તે આગમ છેદશુદ્ધ ગણાય છે.[૫]

'अहिंसा परमो धर्मः' અથવા

'आत्मवत् सर्वभूतेषु, सुखदुःखे प्रियाप्रिये ।
चिन्तयन्नात्मनोऽनिष्ठां हिंसामन्यस्य नाचरेत् ॥'

'અહિંસા એજ પરમ ધર્મ છે' અથવા 'આપણા આત્માની જેમ સહુ કોઈ પ્રાણીને સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે; એમ સમજીને, જેમ આપણને હિંસા અનિષ્ઠ છે, તેમ બીજાની હિંસા પણ ન કરવી.' વગેરે વાક્યોથી જે આગમમાં અહિંસાનું વિધાન કે હિંસાનો નિષેધ જણાવેલ હોય, છતાં એ જ આગમ જો એમ કહે કે–

यज्ञार्थं पशवः सृष्टाः, स्वयमेव स्वयंभुवा ।
यज्ञोऽस्य भूत्यै सर्वस्य, तस्माद् यज्ञे वधोऽवधः ॥

ભાવાર્થ–'વિધાતાએ સ્વયમેવ યજ્ઞ માટે પશુઓ બનાવ્યાં છે, માટે તેનું બલિદાન દેવાથી, યજ્ઞ તે પશુના અને

---

૫ तत्संभवपाछनाचेष्टोक्तिश्छेदः । धर्मबिन्दुः ।

સર્વ જગતના હિત માટે થાય છે. આથી યજ્ઞમાં થતી હિંસા હિંસા નથી.'

અથવા એવી જ બીજી હિંસક ક્રિયાઓનું પ્રરૂપક હોય, તો તે શાસ્ત્ર એક બાજુ ઉપદેશથી હિંસાનો નિષેધ કરવા છતાં બીજી બાજુ ક્રિયાથી હિંસાનું પ્રરૂપક છે. માટે તે પરસ્પર વિરૂદ્ધ વચન બની જાય છે. આથી જ પોતે કરેલા કાયદાનો પોતે કહેલી ક્રિયાથી જેમાં ભંગ ન થતો હોય તે આગમવચન છેદ શુદ્ધ ગણાય છે.

પ્ર૦ ૬. તાપશુદ્ધ આગમનું લક્ષણ શું ?

ઉ૦ સોનું કાપવાથી શુદ્ધ જણાયા છતાં પણ, જેમ તે અન્ય ધાતુના મિશ્રણવાળું હોવાનો સંભવ છે અને તેથી તેને અગ્નિમાં ગાળીને પરીક્ષા કરવામાં આવે છે, તેમ આગમ વચન પણ વિધિ નિષેધયુક્ત અને તેને અનુરૂપ ક્રિયાઓનું પ્રરૂપક હોય, ઉપરાંત તે વિધિનિષેધમાં કારણ બની શકે તેવા જીવ-અજીવ વગેરે પદાર્થોને જે આગમ સ્યાદ્વાદ નીતિથી જણાવનારું હોય, તે તાપ શુદ્ધ આગમ કહેવાય.[૬]

આત્મા વગેરેને જે શાસ્ત્ર એકાન્ત નિત્ય કે અનિત્ય માને, તે શાસ્ત્ર ભલે વિધિનિષેધો અને તેને અનુરૂપ ક્રિયાનું પ્રરૂપક હોય, છતાં તે તાપશુદ્ધ નથી; કારણ કે, એકાન્ત નિત્ય આત્મા કદી પણ પોતાના સ્વરૂપને છોડતો નથી અને નવું સ્વરૂપ ધારણ કરતો નથી. જો આત્મા જ આવા નિત્ય સ્વરૂપવાળો હશે, અક્રિય હશે, તો ક્રિયાવાળો બનશે જ કેમ?

૬ उभयनिबन्धनभाववादस्तापः ।। धर्मबिन्दुः ।

અગર તે સક્રિય હશે તો ક્રિયાથી અટકશે જ કેમ ? કારણ કે, નિત્ય હોવાથી સ્વરૂપ કદી બદલાશે જ નહિ, એથી તેનામાં ક્રિયાદિ ઘટે જ નહિ અને તે સંસારી મટી મુક્તાત્મા પણ બને નહિ, વળી તે સુખી હોય તો દુઃખી થઈ શકે જ નહિ અને દુઃખી હોય તો સુખી થઈ શકે જ નહિ. આમ એકાન્ત નિત્યવાદથી સર્વત્ર વિરોધ જ આવશે. વળી જો એકાન્ત અનિત્ય માનવામાં આવે તો ક્ષણ વિનશ્વર તે આત્મા આ ક્ષણે ક્રિયા કરીને બીજી ક્ષણે નાશ પામે; એટલે ક્રિયાનાં ફળ સુખ-દુઃખ આદિનો ભોક્તા તે બની શકશે નહિ. આ ક્ષણે ક્રિયા કરનાર આત્મા જુદો, બીજી ક્ષણે ઉત્પન્ન થનાર ક્રિયાનું ફળ ભોગવનાર આત્મા જુદો. એમ કોઈનાં પુણ્ય-પાપ કોઈ બીજો આત્મા ભોગવનાર બનશે એ વાત જ તદ્દન અનુચિત છે, માટે પદાર્થ માત્ર કથંચિત્ નિત્યાનિત્ય છે. સોનાનું કડું હોય, તેને ભાંગી કુંડલ કરાવવા છતાં સોનું તો સોનારૂપે જ રહે છે. માત્ર તેનો કડારૂપી પૂર્વપર્યાય નાશ થયો અને કુંડલરૂપે નવો પર્યાય ઉત્પન્ન થાય છે તે રીતે પદાર્થ માત્ર પણ દ્રવ્યરૂપે નિત્ય છે. છતાં તેના એક પર્યાયનો નાશ થાય છે અને બીજો પર્યાય પ્રગટે છે, તેથી પર્યાય વડે અનિત્ય છે. એટલે પદાર્થ માત્ર દ્રવ્યથી નિત્ય છે અને પર્યાયથી અનિત્ય છે. તે જ રીતે પદાર્થમાત્રનું કથંચિત્ ભિન્નાભિન્નત્વ વગેરે પણ સ્વબુદ્ધિથી સમજી લેવું. એ રીતે જે આગમમાં જીવ, અજીવ, આદિ પદાર્થોનું સ્યાદ્વાદ શૈલીથી કથંચિત્ નિત્યાનિત્યત્વાદિ સ્વરૂપ જણાવ્યું હોય તે જ આગમ વચન તાપશુદ્ધ હોઈ ઉપાદેય બની શકે છે.

પ્ર૦ ૭. આ રીતે કષ, છેદ અને તાપદ્વારા પરીક્ષિત આગમવચન કોનું હોઈ શકે?

ઉ૦ નિમિત્તની શુદ્ધિ હોવાથી શ્રી જિનવચન આવું અવિરુદ્ધ શુદ્ધ હોઈ શકે. કારણ કે વચનનું અંતરંગ નિમિત્ત વકતા છે, તે જો રાગ દ્વેષ, મોહાદિથી પરતંત્ર હોય તો તેનું વચન અસત્ય હોવાનો સંભવ છે, એ રાગ-દ્વેષ મોહની પરતંત્રતા શ્રી જિનેશ્વરદેવોને નાશ પામી છે. તેઓ સ્વયં શુદ્ધ છે, તેથી તેઓનું વચન સત્ય જ હોય છે. રાગદ્વેષાદિથી પરતંત્ર હોય તે જિન કહેવાય નહિ, અને જિન હોય તે રાગદ્વેષાદિથી પરતંત્ર હોય નહિ. આ જિન શબ્દ નામ કે કલ્પના માત્ર નથી, પણ 'તપાવે તે તપન' વગેરે શબ્દોની જેમ 'અંતરંગ રાગદ્વેષાદિ શત્રુઓને જે જીતે તે જિન' એમ યથાર્થ શબ્દ છે.

ઘુણાક્ષર ન્યાયથી કોઈ કોઈ ઠેકાણે સ્વમતિ કલ્પનાથી પ્રરૂપણા કરનારના પણ અવિરૂદ્ધ વચનો મળી આવે છે. પણ તે વચનો શ્રી જિનેશ્વરદેવના કહેલાં છે. કારણ કે-સત્ય વચનનું મૂળ શ્રી તીર્થંકર દેવોજ છે. સમુદ્રમાં જેમ બધી નદીઓ સમાઇ જાય છે તેમ સર્વ દર્શનોનાં જે સત્ય વચનો છે, તે તમામ સત્ય વચનો શ્રી જિનેશ્વરદેવના આગમમાં સમાઈ જાય છે. આથી જ્યાં જ્યાં સત્ય વચનો મળી આવે છે, તે સઘળાં શ્રી જિનેશ્વરદેવના આગમ સમુદ્રનાં બિન્દુઓ રૂપ છે.

પ્ર૦ ૮. 'દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવને સાપેક્ષ' એટલે શું?

૭૦ વ્યવહાર ધર્મના લક્ષણમાં એક વિશેષણ એવું બતાવવામાં આવ્યું છે કે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવને સાપેક્ષ હોય તે અનુષ્ઠાન ધર્મ કહેવાય. તેનો અર્થ એ છે કે-સર્વ જીવદ્રવ્યો કર્મની વિચિત્રતાથી એક સરખાં નથી. સર્વ ક્ષેત્રો પણ એક સરખી સામગ્રીવાળા હોતા નથી અને અવસર્પિણી ઉત્સર્પિણીરૂપ કાળ પણ પડતી ચડતી અવસ્થાવાળો હોવાથી એકસરખો હોતો નથી. તેમ ક્ષયોપશમાદિક ભાવો, અધ્યવસાયો કે ભવ્યત્વાદિ પકાવવાની સાધન સામગ્રી પણ સર્વને એક સરખી હોતી નથી. આ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી વિચિત્રતામય જગતમાં કોઈ પણ અનુષ્ઠાન સર્વ જીવો સર્વ ક્ષેત્રોમાં સર્વદા સરખી રીતિએ કરી શકે નહિ. માટે જે જીવોને જે ક્ષેત્રમાં જે કાળે, અધ્યવસાય કે સામગ્રી મળી હોય, તેને અનુરૂપ 'શક્ય અનુષ્ઠાનનું વિધાન' કરેલું હોય તે જ અનુષ્ઠાન વાસ્તવિક કાર્યસાધક હોવાથી ધર્મ કહેવાય.

શ્રી જિનેશ્વર દેવોએ માસકલ્પવિહાર આદિ કોઈ કાર્યનું એકાન્તે વિધાન કે નિષેધ કર્યો જ નથી. તેઓની સ્પષ્ટ આજ્ઞા એ છે કે-જેમાં અધિક લાભ હોય અને અલ્પ હાનિ હોય, તે કાર્ય કરવું. અથવા જે રીતે આત્મિક ગુણો પ્રગટે તે રીતે નિષ્કપટ પરિણામી બનીને વર્તવું જોઇએ. મનુષ્યપણું દુર્લભ છે અને તેમાં પણ શ્રી જિનેશ્વર દેવોનાં વચનની પ્રાપ્તિ મહાદુર્લભ છે, માટે વિશુદ્ધ ભાવથી જે રીતે જ્ઞાનીની આજ્ઞાનું પાલન થાય, તે રીતે પ્રયત્ન કરવો જોઈએ. જેમ રોગીનો રોગ જે જે ઔષધ આદિ

ઉપચારોથી દૂર થાય, તે જ તેનું સાચું ઔષધ છે, તેમ જે અનુષ્ઠાનથી અનાદિ સહચર કુવાસનાદિ દોષો આત્મામાં ઓછા થાય, તે જ તેને માટે મોક્ષનો સાચો ઉપાય છે. આથી વિપરીત એટલે ન્યૂનાધિક પ્રવૃત્તિ કરવી તે વાસ્તવિક ધર્મ તો નથી પણ પોતે જે ધર્મ કરે છે, તેના પ્રત્યે જ દ્વેષનું તે પરિણામ છે. શ્રી યોગબિંદુ નામના ગ્રન્થરત્નમાં જણાવ્યું છે કે—"જે આત્મા કરણીય અનુષ્ઠાનોમાં આગમ વચનનું ઉલ્લંઘન કરીને તેજ આગમના નામે સ્વમતિ કલ્પનાથી (યથેચ્છ) પ્રવૃત્તિ કરે છે, તે મૂઢ આત્મા અનુષ્ઠાનને કરતો હોવા છતાં નિયમા તેનો દ્વેષી છે."[૭] પૂ. ક્ષમાશ્રમણ ધર્મદાસગણિએ પણ ઉપદેશ માલામાં કહ્યું છે, કે—"જે શ્રી જિનેશ્વર ભગવાનની આજ્ઞાને અનુરૂપ દ્રવ્ય, ક્ષેત્રાદિને અનુસરીને પ્રવૃત્તિ નથી કરતો (અને ઊલટી રીતે કરે છે) તેના જેવો મિથ્યાદૃષ્ટિ બીજો કોણ છે? અર્થાત કોઈ નથી, કારણ કે—તે આગમવચનથી વિપરીત વર્તન કરીને બીજા આત્માઓને આગમવચનમાં શંકાદિ દોષો ઉત્પન્ન કરતો સ્વપર મિથ્યાત્વની વૃદ્ધિનો કરનાર છે"[૮] માટે અવિરુદ્ધ આગમવચનને અનુસરતું દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ સાપેક્ષ જે અનુષ્ઠાન હોય તે જ ધર્મ કહેવાય.

---

૭ तत्कारीस्यात्स नियमात्, तद्द्वेषी चेति यो जडः ।
आगमार्थं तमुल्लङ्घ्य, तत एव प्रवर्तते ।। योगबिन्दुः ।।

८ जो जहवायं न कुणइ मिच्छादिट्ठी तउ को अन्नो—
वड्ढेइ मिच्छत्तं, परस्स संकं जणेमाणोत्ति ।। उपदेशमाला ।।

પ્ર૦ ૯ "મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય ભાવયુક્ત ધર્મ અનુષ્ઠાન હોવું જોઈએ" એનું તાત્પર્ય શું ?

ઉ૦ વ્યવહાર ધર્મના લક્ષણમાં એક વિશેષણ એવું બતાવવામાં આવ્યું છે કે–મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય ભાવયુક્ત જે અનુષ્ઠાન હોય તે ધર્મસ્વરૂપ બની શકે. અહીં પ્રથમ મૈત્રી આદિ ભાવો શું છે, તથા મૈત્રી આદિ ભાવોને ધર્મની સાથે શો સંબંધ છે, તે વિચારીએ. સમસ્ત પ્રાણીઓ પ્રત્યે મૈત્રી, ગુણાધિક આત્માઓ પ્રત્યે ભક્તિરાગરૂપ પ્રમોદ, દુ:ખી જીવો પ્રત્યે કરુણા અને જેને સુધારી શકાય તેમ ન હોય તેવા અવિનયાદિ દોષોથી દુષ્ટ આત્માઓ પ્રત્યે માધ્યસ્થ્યભાવ એટલે ઉપેક્ષાવાળું અંતઃકરણ તે મૈત્રી આદિ ભાવો છે. બીજી રીતિએ કહેવું હોય તો 'પ્રાણીમાત્ર પ્રત્યે સ્નેહના પરિણામ'–તે મૈત્રી.[૯] આપણા કરતાં અધિક ગુણવાળા વડીલો પ્રત્યે નમન આદિથી અને પ્રસન્નતાદિથી જણાવાતો તેમના પ્રત્યે હાર્દિક ભક્તિરાગ તે પ્રમોદ.[૧૦] દીન, દુ:ખી, રોગી વગેરે પ્રતિ દયાની કે દુ:ખ ફેડવાની લાગણી તે કરુણા[૧૧] અને અયોગ્ય આત્મા પ્રત્યે રાગદ્વેષનો અભાવ તે માધ્યસ્થ્ય[૧૨] કહ્યું છે.

---

९ तत्र समस्तसत्त्वविषयस्नेहपरिणामो मैत्री ।। महोपाध्याय श्री यशोविजयजी ।।

१० नमनप्रसादादिभिर्गुणाधिकेष्वभिव्यज्यमानान्तरभक्तिरनुरागः प्रमोदः ।

११ दीनादिष्वनुकम्पा करुणा (महोपाध्याय श्री यशोविजयजी ।)

१२ अरागभावो माध्यस्थ्यम् ,, ,,

આ મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય ચારે ભાવનાઓને અવશ્ય મોક્ષફળની પ્રાપ્તિ કરાવનાર ધર્મરૂપ કલ્પવૃક્ષના મૂળ તરીકે શાસ્ત્રોમાં જણાવી છે. જેમ મૂળ વિના વૃક્ષ કે ફળ ન હોય, તેમ આ મૈત્રી આદિ ભાવરૂપ મૂળ વિના ધર્મરૂપી વૃક્ષ ન જ હોય, તો મોક્ષફળ તો મળે જ ક્યાંથી?

જો હૃદયગત મૈત્રી આદિ ભાવો ન હોય તો બાહ્ય અનુષ્ઠાન ગમે તેવું હોય, તો પણ તે ધર્મ બને નહિ. કારણ કે–જેને મૈત્રીભાવ નથી તે આત્મા ધર્મક્રિયા કરવા છતાં વૈરભાવને શમાવી શકે નહિ. જેને ગુણનો રાગ નથી, તે કદી પોતે ગુણી બની શકે નહિ. જેને બીજાના દુઃખની લાગણી નથી, તેને પોતાનાં પણ ભાવિ દુઃખોનું ભાન થઈ શકે નહિ અને તેથી ઉન્માર્ગથી બચી શકે નહિ. તેમજ જે જીવોના કર્મજન્ય દોષો કે જેને સુધારવાનો કોઈ ઉપાય નથી, તેની જે ઉપેક્ષા કરી શકે નહિ, પણ ઊલટો દ્વેષ કરે કે બળાત્કારે તેને સુધારવા પ્રયત્ન કરે, તો તે સુધરવાને બદલે ઊલટો વધારે બગડે. પરિણામે અતિપ્રવૃત્તિ દોષથી પોતાને અશુભ ધ્યાનની વૃદ્ધિ અને કર્મનો બંધ જ થાય. માટે આ ચારે ભાવનાઓ સંસારનો છેદ કરનાર છે, ધર્મની પ્રથમ ભૂમિકારૂપ છે. દરેક ધર્મી આત્માએ આ ચાર ભાવનાઓને પોતાના જીવનમાં યથાશક્ય પ્રગટ કરવાની ખાસ આવશ્યકતા છે.

પ્ર૦ ૧૦. ઉપર કહેલા ધર્મના લક્ષણ મુજબ તો માત્ર એક વચન અનુષ્ઠાન જ ધર્મસ્વરૂપ બને છે. જ્યારે

શાસ્ત્રોમાં તો પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ, આ ચારે પ્રકારનાં અનુષ્ઠાનોને ધર્મ કહ્યો છે, તો તેની સંગતિ શી રીતે થશે ?

ઉ૦ માત્ર વચન અનુષ્ઠાનને જ અહીં ધર્મ કહેવામાં નથી આવતો, પણ આગમવચન જેમાં પ્રેરક એટલે પ્રયોજક હોય, તેવી કોઈપણ ક્રિયા અનુષ્ઠાનરૂપ વ્યવહારને ધર્મ કહીએ છીએ, પ્રસ્તુત અધિકારમાં વચનાત પદમાં પંચમી વિભક્તિ પ્રયોજ્ય-પ્રયોજક અર્થમાં છે. જિનવચન જે અનુષ્ઠાનનું પ્રયોજક છે તે ધર્મ. આવી વ્યાખ્યા કહેલી હોવાથી પ્રીતિ, ભક્તિ અને અસંગ અનુષ્ઠાનમાં પણ આગમવચન પ્રેરક રૂપે તો છે જ, તેથી બધાંય અનુષ્ઠાનોમાં આ વ્યાખ્યા ઘટે છે. અર્થાત તે ચારે ય અનુષ્ઠાનોમાં આ વ્યાખ્યા ઘટતી હોવાથી બધાય પ્રકારો ધર્મ રૂપ છે.

પ્ર૦ ૧૧. પ્રીતિ, ભક્તિ અને અસંગ અનુષ્ઠાનનું સ્વતંત્ર લક્ષણ શું ? અને આ ત્રણ અનુષ્ઠાનોમાં વચન અનુષ્ઠાનથી ભિન્નતા કઈ રીતે છે ?

ઉ૦ આગમવચનની પ્રેરણા છતાં જે અનુષ્ઠાનમાં આદર-પ્રીતિ મુખ્ય હોય છે, તે પ્રીતિઅનુષ્ઠાન કહેવાય છે. અને જે ક્રિયામાં આદર અને પૂજ્યભાવ મુખ્ય હોય છે, તે ભક્તિ અનુષ્ઠાન કહેવાય છે. આ બન્ને અનુષ્ઠાનોમાં આગમવચનની પ્રેરણા (પ્રયોજકપણું) હોવા છતાં તેનું નિયંત્રણપણું નથી, જ્યારે વચનઅનુષ્ઠાન, આગમવચનની નિયંત્રણાવાળું હોવાથી તેમાં અતિચાર બહુ અલ્પ અને

સૂક્ષ્મ હોય છે. નિશ્ચયનયથી વચનઅનુષ્ઠાન મુનિ સિવાય (છઠ્ઠાથી) નીચેના ગુણસ્થાને હોઈ શકતું નથી. આ રીતે પ્રીતિ, ભક્તિ અને વચન અનુષ્ઠાનમાં સ્વરૂપથી ભેદ છે. અસંગ અનુષ્ઠાન વચન અનુષ્ઠાનના અતિ અભ્યાસ રૂપ છે. જેમ કુંભારનો ચાક પ્રથમ દંડ વડે અને પછી ભૂમિના બળે દંડ વિના પણ ભમે છે. તેમ વચનાનુષ્ઠાન વચન બળે થનારું છે, અને અસંગ અનુષ્ઠાન તો તેના સતત અભ્યાસના બળે પ્રીતિ, ભક્તિ અને વચનના આલંબન વિના કેવળ આત્માનાં સહજ સ્વભાવમાં રમણતાપૂર્વક થવાનું છે. એ રીતે પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ અનુષ્ઠાનો ભિન્ન ભિન્ન પ્રકારના હોવાથી એકનું લક્ષણ બીજામાં ન ઘટે તો પણ દોષ જેવું કંઈ નથી.

પ્ર૦ ૧૨. ધર્મના લક્ષણમાં એક સ્થળે અવિરુદ્ધ આગમ વચનને અનુસરતા અનુષ્ઠાનને ધર્મ કહ્યો અને બીજે ઠેકાણે ચિત્તનો મેલ ઘટવાથી પુષ્ટિ તથા શુદ્ધિવાળા ચિત્તને ધર્મ કહ્યો. તો આ બન્ને લક્ષણોને પરસ્પર શો સંબંધ છે?

ઉ૦ ઉપર જે અવિરુદ્ધ આગમવચનને અનુસરતા અનુષ્ઠાનને ધર્મ કહ્યો, તે ઉપચારથી સમજવું. આવી ઉપચરિત વ્યાખ્યાઓ શાસ્ત્રોમાં હોય છે. જેમકે—નડવલ નામની વનસ્પતિવાળું પાણી પગે લાગવાથી રોગ થાય છે, માટે તે વનસ્પતિનું પાણી પાદરોગ કહેવાય છે. घृतं जीवनम् ઘી એ જીવવાનું કારણ છે, માટે ઘી એ જીવન કહેવાય છે. આમાં ખરી રીતે નડૂવલનું પાણી એ કોઇ રોગ નથી, પણ પગના

રોગનું કારણ છે. ઘી એ જીવન નથી, પણ જીવનનું કારણ છે. આમ છતાં કારણમાં કાર્યનો ઉપચાર કરી તેને કાર્યરૂપે કહેવામાં આવ્યું છે. આવા કથનને ઉપચરિત કથન કહેવાય છે. અહીં પણ અવિરુદ્ધ આગમવચનને અનુસરતું અનુષ્ઠાન ચિત્તની શુદ્ધિ પુષ્ટિ રૂપ ભાવધર્મના કારણરૂપે વ્યવહારધર્મ છે. અર્થાત્ કારણને પણ કાર્ય માનીને ઉપચારથી ધર્મ કહેવામાં આવ્યો છે. એ રીતે વ્યવહાર ધર્મ અને ભાવધર્મ બંનેનાં લક્ષણ કહ્યાં. કારણરૂપ દ્રવ્યધર્મમાં ભાવધર્મનો અંશ હોય છે. માટે ઉપચાર કરી શકાય છે. આવો અંશ જેમાં ન હોય તેમાં તેનો ઉપચાર કરી શકાતો નથી. દ્રવ્યધર્મ અને ભાવધર્મ અર્થાત્ વ્યવહાર ધર્મ અને નિશ્ચયધર્મ બંને પરસ્પર સાપેક્ષ છે. દ્રવ્યધર્મની અપેક્ષાએ જ તેના કાર્યને ભાવધર્મ અને ભાવધર્મની અપેક્ષાએ જ તેના કારણને દ્રવ્યધર્મ કહ્યો છે. આ રીતે કાર્ય કારણરૂપે બન્ને પરસ્પર એક બીજામાં રહ્યા છે.

પ્ર૦ ૧૩. વ્યવહાર ધર્મના લક્ષણમાં જણાવ્યું છે કે ત્યાગ કરવારૂપ ભાવોને ત્યાગ કરવા તથા ગ્રહણ કરવા લાયક ભાવોને ગ્રહણ કરવા રૂપ બાહ્ય પ્રવૃત્તિ તે ધર્મ. તો ત્યાગ કરવા રૂપ અને ગ્રહણ કરવા રૂપ ભાવો કયા કયા છે?

(1) ઉ૦ ત્યાગ કરવા લાયક મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને મન, વચન, કાયાની અશુભ પ્રવૃત્તિ. આ બધા

પાપ વ્યાપારો છે. પાપ માત્ર ત્યાગ કરવા લાયક છે. અને માર્ગાનુસારિતા, અણુવ્રતો, મહાવ્રતો, ક્ષમા, નમ્રતા, સરળતા, શૌચ, સત્ય, સંયમ, તપ, નિર્લોભતા, નિષ્પરિગ્રહતા, બ્રહ્મચર્ય વગેરે દસ પ્રકારનો તથા દાન-શીલ તપ ભાવરૂપ ચાર પ્રકારનો ધર્મ, ગુપ્તિ, સમિતિ, બાર પ્રકારની ભાવના, પરિષહ જય, પાંચ પ્રકારનું ચારિત્ર, ધૈર્ય, સ્થૈર્ય, ગાંભીર્ય, દાક્ષિણ્ય, સૌજન્ય, ઔદાર્ય વગેરે આદરવા લાયક ભાવો છે.

પ્ર૦ ૧૪ ભાવધર્મના લક્ષણમાં જણાવ્યું કે-ચિત્તનો મેલ ઘટવાથી પુષ્ટિ તથા શુદ્ધિવાળા ચિત્તનો પ્રાદુર્ભાવ થવો તે ધર્મ. તો ચિત્તનો મેલ, ચિત્તની પુષ્ટિ અને ચિત્તની શુદ્ધિ શું છે? અને તેમનું કાર્ય શું છે?

ઉ૦ "રાગ, દ્વેષ, મોહાદિ એ ચિત્તનો મેલ છે, તેને ઓળખીને શુદ્ધ ચિત્તપૂર્વક શુભક્રિયા કરવાથી તે દૂર થાય છે. એ દૂર થવાથી ચિત્તની શુદ્ધિ અને પુષ્ટિ થાય તે ભાવધર્મ છે. [૧૩] શુભ પુણ્યનો સંચય તે પુષ્ટિ અને અશુભ જ્ઞાનાવરણીય આદિ કર્મોની નિર્જરા તે શુદ્ધિ સમજવી. આ બન્ને પરંપરાએ વધતાં ક્રમે કરીને આત્માની કર્મથી સંપૂર્ણ મુક્તિ થાય છે. [૧૪] આ રીતે મોક્ષ પર્યન્ત જીવને

---

૧૩ रागाद्यो मलाः खल्वागमसद्योगतो विगम एषाम् ।
तद्यं क्रियात एव हि पुष्टिः शुद्धिश्च चित्तस्य ॥
(श्रीषोडशकः)

૧૪ पुष्टिः पुण्योपचयः द्धिः पापक्षयेण निर्मलता ।
अनुबन्धिनि द्वयेऽस्मिन्क्रमेण मुक्तिः परा ज्ञेया ॥
(श्री षोडशकः)

શુભ ક્રિયાની જરૂર રહે છે. એ શુભક્રિયાના-બળથી જ જીવની પરમ શુદ્ધિ સ્વરૂપ મોક્ષ અવસ્થા પ્રગટે છે."

આ રીતે ધર્મનું લક્ષણ જાણ્યા પછી સ્વાભાવિક રીતે જ જીવનમાં ઉપાસના કરવા યોગ્ય તત્ત્વોને જાણવાની અને આરાધવાની તમન્ના જાગે છે. સમગ્ર વિશ્વમાં આરાધવા લાયક શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કોઇ તત્ત્વો હોય તો તે દેવ-ગુરૂ અને ધર્મ એ ત્રણ તત્ત્વો છે. એને તત્ત્વત્રયી પણ કહેવામાં આવે છે. અહીં હવે પછીના પ્રકરણમાં તેની ઓળખાણ આપવામાં આવશે.

MADRAS 60.00 20.

અનેકાંત દૃષ્ટિની ઉપાદેયતા

મુક્તિ માર્ગમાં ઉન્નતિ કે પ્રગતિ કરાવનાર અનેકાંત દૃષ્ટિ ખૂબ જ ઉપયોગી છે. અનેકાંત દૃષ્ટિથી પોતાને ઇષ્ટ અનિષ્ટ એવા દરેક પદાર્થોના ધર્મો ઉપર મધ્યસ્થભાવે જોવાની ભાવના કેળવાય છે. તેથી રાગદ્વેષની પરિણતિ ઘટતી જાય છે અને શમશીલતા પ્રગટે છે. સ્યાદ્વાદ પ્રમાણ વસ્તુના દરેક ધર્મને પક્ષપાત દર્શાવ્યા વિના યથાર્થપણે પ્રગટ કરે છે. તેથી પરમાર્થ માર્ગમાં તે અતિ આવશ્યક છે.

પ્રકરણ ત્રીજું

"ઉપાસનાનાં ત્રણ તત્ત્વો"

(યાને "સમ્યગ્દર્શન")

સર્વ પ્રકારના સાંસારિક અભ્યુદયો અને પરંપરાએ મોક્ષને સાધી આપનાર વ્રત, દાન, તપ, જપ આદિ ધર્મ કરણીની વાસ્તવિક સફળતાનો આધાર સમ્યગ્દર્શન ઉપર રહે છે, સમ્યગ્દર્શન એટલે ઉપાસના કરવા લાયક દેવ, ગુરુ અને ધર્મ, એ ત્રણ તત્ત્વો ઉપરની સાચી શ્રદ્ધા તેને બોધિબીજ પણ કહેવામાં આવે છે. યોગશાસ્ત્રમાં કહ્યું છે કે–

या देवे देवताबुद्धिर्गुरौ च गुरुतामतिः ।
धर्मे च धर्मधीः शुद्धाः, सम्यक्त्वमिदमुच्यते ॥१॥

અર્થ:–દેવોમાં સાચી દેવત્વની બુદ્ધિ, ગુરુમાં સાચી ગુરુપણાની બુદ્ધિ અને ધર્મમાં શુદ્ધધર્મની બુદ્ધિ એ સમ્યગ્દર્શન કહેવાય છે.

સમગ્ર મોક્ષમાર્ગ આ ત્રણ તત્ત્વોની શ્રદ્ધા ઉપર નિર્ભર હોવાથી, મોક્ષ માર્ગની ઉપાસનામાં તે મહત્ત્વનો ભાગ ભજવે છે. તેથી અર્થી આત્માઓએ તે ત્રણ તત્ત્વોનું સ્વરૂપ જાણવું ખાસ જરૂરી છે.

આ એક સાધારણ નિયમ છે, કે જેને જેવા બનવું હોય તેને તેવા ઉપાસ્ય તત્ત્વની સેવા, ભક્તિ, સ્મરણ, જાપ, ધ્યાન આદિ જરૂરના છે. પવિત્ર બનવાની ભાવનાવાળાએ પવિત્રતમ એવા પરમાત્માને ઓળખવા માટે પોતાની શક્તિ અને સામગ્રી મુજબ પ્રયત્ન કરવો જોઈએ. તે વિષયના જાણકારો પાસેથી નમ્રતા પૂર્વક તે સંબંધી જ્ઞાન મેળવવું જોઈએ. એટલે કે પરમાત્મા કોણ હોઈ શકે ? એ પદની યોગ્યતાને સૂચવનારા કેવા ગુણો તેમનામાં હોવા જોઈએ ? કેવી ઉદાર ભાવના અને ઉત્તમ સાધના દ્વારા તેઓ પરમાત્મા બન્યા હોય છે ? અને કેવા કેવા નામોથી તેમને સંબોધવામાં આવે છે ? એ બધું જાણવાની જરૂર છે.

(1) યોગશાસ્ત્રમાં પરમાત્માની ઓળખાણ નીચે મુજબ આપવામાં આવી છે.

सर्वज्ञो जितरागादिदोषस्त्रैलोक्यपूजितः ।
यथास्थितार्थवादी च, देवोऽर्हन् परमेश्वरः ॥१॥

(૧) પરમાત્મા ત્રણકાળ અને ત્રણ લોકને જાણનાર હોવાથી સર્વજ્ઞ હોય છે.

(૨) રાગ, દ્વેષ અને મોહાદિ દોષો ઉપર વિજય પોતે કર્યો હોય છે, દ્રવ્ય-ભાવ ઉપદ્રવોથી પોતે મુક્ત હોય છે અને બીજાના ઉપદ્રવોને પણ ટાળનારા હોય છે.

(૩) વાણીના ૩૫ ગુણ યુક્ત અતિશયવાળી વાણી વડે તેઓ યથાર્થ ઉપદેશ આપનારા હોય છે.

(૪) જગતમાં પૂજનીય ગણાતા રાજા, બળદેવ, વાસુદેવ, ચક્રવર્તી, દેવ, દેવેન્દ્ર વિગેરે પણ જેમને સ્તુતિ કરવાને-પૂજવાને ઈચ્છે એવા ગુણ પ્રકર્ષને પામેલા હોય છે. કારણ કે તે ભગવંતોમાં સ્તુતિ કરવાને યોગ્ય સમગ્ર વસ્તુઓ હોય છે, તે માટે કહ્યું છે કે-

ऐश्वर्यस्य समग्रस्य, रुपस्य यशसः श्रियः ।
धर्मस्याथ प्रयत्नस्य, षण्णां भग इतीङ्गना ॥१॥

અર્થ-સમગ્રઐશ્વર્ય, રૂપ, યશ, શ્રી-લક્ષ્મી, ધર્મ અને પ્રયત્ન, એ છને 'ભગ' એવી સંજ્ઞા આપવામાં આવી છે. એ છ વસ્તુઓ જેઓમાં પરિપૂર્ણ હોય છે, તેઓ ભગવાન કહેવાય છે. પરમાત્મામાં એ છ વસ્તુઓનો સંપૂર્ણ યોગ રહેલો છે.

(૧) સમગ્ર ઐશ્વર્ય-ત્રિદશપતિ ઈન્દ્રો પણ જેઓના ચરણમાં ભક્તિથી નમ્ર બનીને લુંઠન કરે છે. તથા શુભાનુબન્ધિ મહાપ્રતિહાર્યો વડે પૂજા કરે છે.

(૨) રૂપ-જેઓનું રૂપ અદ્વિતીય હોય છે. સઘળા દેવતાઓ પોતાના પ્રભાવ વડે પોતાના રૂપને એક અંગુષ્ઠ પ્રમાણ વિકુર્વે તોપણ ભગવંતના ચરણના અંગુઠા આગળ તે રૂપ બૂઝાઈ ગયેલા અંગારા સમાન ભાસે.

(૩) યશ-પ્રભુનો યશ પણ રાગદ્વેષ, પરીષહ અને ઉપસર્ગોને સંપૂર્ણ પણે હઠાવવાના પરાક્રમથી સર્વત્ર ફેલાયેલો છે. અને ત્રણે લોકને સદાકાળ આનંદ આપવાવાળો છે.

(૪) શ્રી-લક્ષ્મી પણ ઘાતિકર્મના ઉચ્છેદથી પ્રાપ્ત થયેલ કેવલાલોક-કેવળજ્ઞાન અને નિરતિશય સુખરૂપ જેઓને શાશ્વત હોય છે.

(૫) ધર્મ-ધર્મ પણ સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર રૂપ અથવા દાન શીલ તપ અને ભાવનાદિરૂપ, સાશ્રવ અને અનાશ્રવ એવા બે ભેદવાળો તથા મહાયોગાત્મક જેઓને સર્વોત્કર્ષપણે હોય છે.

(૬) પ્રયત્ન-પ્રયત્ન પણ જેઓનો પરમવીર્યથી ઉત્પન્ન થયેલ એક રાત્રિકી આદિ મહાપ્રતિમાઓના કારણભૂત તથા કેવલી સમુદ્‌ઘાત અને યોગનિરોધ રૂપ શૈલેશી અવસ્થાઓ વડે વ્યંગ્ય હોય છે.

પરમાત્માનું અઢાર દોષરહિતપણું.

મુખ્યપણે અઢાર પ્રકારના દોષો સંસારી જીવોમાં જોવામાં આવે છે. પરમાત્મા એ અઢારે પ્રકારના દોષોથી સર્વથા મુક્ત હોય છે. કહ્યું છે કે-

'अन्तराया दानलाभवीर्यभोगोपभोगगाः ।
हासो रत्यरती भीतिर्जुगुप्सा शोक एव च ॥१॥
कामो मिथ्यात्वमज्ञानं, निद्रा चाविरतिस्तथा ।
रागो द्वेषश्च नो दोषास्तेषामष्टादशाप्यमी ॥२॥

(૭)

૧-૫. પરમાત્મામાં દાનાંતરાય નામનો દોષ હોતો નથી. એટલે કે દાન આપવાની સંપૂર્ણ શકિત પરમાત્મામાં પ્રગટેલી હોય છે. તેવી જ રીતે સર્વ પ્રકારના લાભો પ્રાપ્ત

કરવાની શકિત પણ પરમાત્મામાં સંપૂર્ણપણે પ્રગટેલી હોય છે, એટલે તેમનામાં (૭) લાભાંતરાય હોતો નથી. (૮) ભોગાંતરાય અને (૯) ઉપભોગાંતરાય પણ સંપૂર્ણ ક્ષય થયેલ હોય છે. અને પરાક્રમ ફોરવવાની સમગ્ર શકિત તેમનામાં પ્રગટેલી હોય છે, તેથી તેમને (૧૦) વીર્યાંતરાય હોતો નથી. અંતરાય કર્મના નાશથી પરમાત્મામાં ઉપરની પાંચ શકિતઓ સંપૂર્ણપણે પ્રગટેલી હોય છે. ૬.-૧૧. પરમાત્મા સંપૂર્ણ જ્ઞાની હોવાથી સામાન્ય જનતાની માફક કૌતક અગર કુતુહલ આદિથી તેમને (૬) હસવાનું (હાસ્ય) હોય નહિ. પરમાત્મા મોહ વિનાના હોવાથી સુખ ઉપર (૭) રતિ તેમને હોય નહિ. તેવી જ રીતે દુઃખ ઉપર (૮) અરતિ પણ ન હોય. સર્વશકિતમાન હોવાથી તેમને કોઈ જાતનો કોઈના તરફથી (૯) ભય હોતો નથી. (૧૦) જુગુપ્સા એટલે કોઈ ખરાબ વસ્તુ દેખીને નાક ચઢાવવું ઘૃણા બતાવવી. પરમેશ્વર મોહ રહિત અને સર્વજ્ઞ હોવાથી, તેમને કોઈ પણ વસ્તુ પર ઘૃણા આવતી નથી. પરમેશ્વરને કદી પણ દુઃખ થતું નથી. તેથી તેમને શોક પણ હોતો નથી.

(૧૨) કામ એટલે વિષય વિકાર. પરમાત્મા કામ વિકારથી સર્વથા રહિત હોય છે.

(૧૩) મિથ્યાત્વ એટલે સાચાને ખોટું અને ખોટાને સાચું માનવું તે. પરમાત્મામાં આ મિથ્યાત્વ હોતું નથી. પરમાત્મામાં કોઇ પણ પ્રકારનો મોહ નહિ હોવાથી પોતાના મત ઉપર પણ મોહ હોતો નથી.

(૧૪) ભગવાન સર્વજ્ઞ હોવાથી કોઈ પણ જાતનું અજ્ઞાન એમનામાં હોતું નથી.

(૧૫) પરમાત્મા જગતના ચરાચર સમગ્ર પદાર્થોને હંમેશને માટે દેખતા હોવાથી નિદ્રા તેમને હોતી નથી. તેઓ સદાકાળ જાગૃતજ હોય છે.

(૧૬) અવિરતિ એટલે ભોગ તૃષ્ણા. પરમેશ્વર ભોગ તૃષ્ણાથી સર્વથા રહિત હોવાથી તેમનામાં અવિરતિ નામનો દોષ હોતો નથી.

(૧૭-૧૮) જગતના તમામ પદાર્થો ઉપર તેઓ સમદૃષ્ટિવાળા હોવાથી તેમનામાં રાગ અને દ્વેષ હોતા નથી.

કૈવલ્યપદનાં નામો.

અહીં ઉપર જણાવવામાં આવ્યા તે અઢાર દોષો એ ઘાતિકર્મના પેટા ભેદો છે. એ દોષોનો અભાવ થવાથી એટલે કે ઘાતિકર્મોનો ક્ષય થવાથી અનુક્રમે કૈવલ્ય એટલે મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. શાસ્ત્રોમાં એ કૈવલ્યપદના અનેક શુભ નામો વર્ણવ્યાં છે. તેમાંના કેટલાક નામો નીચે મુજબ છે.

મહાનંદપદ, અમૃતસ્થાન, સિદ્ધિગતિ, અપુનર્ભવાવસ્થા, શિવપદ, નિઃશ્રેયસપદ, નિર્વાણપદ, બ્રહ્મપદ, નિવૃત્તિસ્થાન, મહોદયપદ, સર્વદુઃખક્ષય, નિર્વાણપદ, અક્ષયપદ, મુક્તિ, મોક્ષ અને અપવર્ગ ઈત્યાદિ—

કૈવલ્યપદનાં સાધકો.

એ પદની અભિલાષાવાળા આત્માઓને મુમુક્ષુ, શ્રમણ,

યતિ, વાચંયમ, સાધુ, અનગાર, ઋષિ, મુનિ, નિર્ગ્રન્થ, ભિક્ષુ, તપોધન, યોગી, શમભૃત અને ક્ષાન્તિમાન ઈત્યાદિ શુભ-નામોથી સંબોધેલા છે. તપ યોગ, સમતા અને ક્ષમા એ એમનું ધન હોય છે.

કૈવલ્યપદનો ઉપાય.

કૈવલ્યપદની સાધનાને શાસ્ત્રોમાં 'યોગ' પદથી સંબોધેલી છે. યોગ એ કૈવલ્યપદ યાને મોક્ષનો ઉપાય છે. એ યોગ જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્ર સ્વરૂપ છે. યથાવસ્થિત તત્ત્વના અવબોધને જ્ઞાન કહેવાય છે. સમ્યક્ તત્ત્વો વિષેની રુચિને શ્રદ્ધા કહેવાય છે. તથા સાવદ્યયોગો–પાપવાળા વ્યાપારોના ત્યાગને ચારિત્ર કહેવાય છે. એ ત્રણનો એકત્ર સમાગમ એ મોક્ષનો ઉપાય છે. અહીં પ્રાસંગિક આટલું કહ્યું. હવે આપણા મૂળ વિષય ઉપર આવીએ.

શ્રી તીર્થંકરોની ત્રીજા ભવની ઉત્તમ ભાવનાપૂર્વકની કલ્યાણકારિણી આરાધના.

શ્રી તીર્થંકર પરમાત્માના નામ, સ્થાપના, દ્રવ્ય એમની વાણી એમના અતિશયો એમનું તીર્થ આદિ તમામ વસ્તુઓમાં જે અચિંત્ય સામર્થ્ય ઉત્પન્ન થાય છે, તેમાં મુખ્ય કારણ ઉત્તમ ભાવના પૂર્વકની પૂર્વે ત્રીજા ભવે થયેલી એમની કલ્યાણકારિણી આરાધના છે.

શ્રી જિનેશ્વરદેવના આત્માઓની ત્રીજા ભવની એ ઉદાત્ત ભાવના અને અવસ્થાનું વર્ણન કરતાં સુવિહિત શિરોમણિ ૧૪૪૪ ગ્રન્થરત્નોના પ્રણેતા સૂરિપુરંદર શ્રી

હરિભદ્રસૂરિ મહારાજા સ્વોપજ્ઞ 'શ્રી યોગબિન્દુ' નામના ગ્રન્થરત્નમાં નીચે મુજબ ફરમાવે છે—

'मोहान्धकारगहने, संसारे दुःखिता बत ।
सत्त्वाः परिभ्रमन्त्युच्चैः, सत्यस्मिन्धर्मतेजसि ॥१॥
अहमेतानतः कृच्छ्राद्, यथायोगं कथंचन ।
अनेनोत्तारयामीति, वरबोधिसमन्वितः ॥२॥
करुणादिगुणोपेतः परार्थव्यसनी सदा ।
तथैव चेष्टते धीमान्, वर्धमानमहोदयः ॥३॥
तत्तत्कल्याणयोगेन, कुर्वन् सत्त्वार्थमेव सः ।
तीर्थकृत्त्वमवाप्नोति, परं सत्त्वार्थसाधनम् ॥४॥'

અર્થ—શ્રી સર્વજ્ઞ પ્રણીત ધર્મરૂપી ઉદ્યોત જગતમાં વિદ્યમાન હોવા છતાં અહો ! મિથ્યાત્વાદિ મોહાંધકારથી વ્યાપ્ત દુઃખિત પ્રાણીઓ ભવમાં–સંસારમાં પરિભ્રમણ કરે છે–(૧)

વરબોધિને પ્રાપ્ત થયેલો હું ભીષણ ભવભ્રમણથી પીડા પામી રહેલા આ પ્રાણીઓને કોઈ પણ પ્રકારે સર્વજ્ઞ ભગવાનના ધર્મરૂપી ઉદ્યોત વડે દુઃખમય સંસારથી પાર ઉતારું–(૨)

અનુકમ્પા અને આસ્તિક્યાદિ ગુણથી યુક્ત, પરોપકાર કરવાના વ્યસનવાળો, નવીન નવીન પ્રશસ્ત ગુણોનો ઉદય પ્રતિક્ષણ જેમને વૃદ્ધિ પામતો છે, એવો બુદ્ધિમાન આત્મા પ્રાણીઓ ઉપરની કરૂણાથી પ્રેરાઇ, તેમને તારવાની ક્રિયામાં રક્ત બને છે—(૩)

સિદ્ધાન્તનું પરિશુદ્ધજ્ઞાન, અતિશાયી ધર્મકથા, અવિસંવાદિ નિમિત્તાદિ વ્યાપારો વડે ભવ્ય પ્રાણીઓને હિતકારી, મોક્ષનું બીજાધાનાદિસ્વરૂપ પરમાર્થ કરવા વડે વરબોધિમાન પુરુષ તીર્થંકરપણાને પામે છે–તીર્થંકર નામકર્મની નિકાચના કરે છે—(૪)

' चिन्तयत्येवमेवैतत्, स्वजनादिगतं तु यः ।
तथाऽनुष्ठानतः सोऽपि, धीमान् गणधरो भवेत् ॥५॥'

ભવથી તારવાની ભાવના પોતાના સ્વજનો, કુટુંબીઓ, મિત્રો, દેશબન્ધુઓ વિગેરેને માટે જે બોધિ પ્રધાન પ્રશસ્ત બુદ્ધિવાળો આત્મા ચિન્તવે છે, તથા તેને અનુરૂપ પરોપકાર રૂપ અનુષ્ઠાન સેવે છે, તે આત્મા દેવ, દાનવ અને માનવાદિને માનનીય તથા મહિમાવાળું શ્રી ગણધરપદ–શ્રી તીર્થંકર દેવના મુખ્ય શિષ્યપદને દેવાવાળું કર્મ ઉપાર્જન કરે છે. (૫)

' संविग्नो भवनिर्वेदादात्मनिःसरणं तु यः ।
आत्मार्थं संप्रवृत्तोऽसौ, सदा स्यान्मुण्डकेवली ॥६॥'

માત્ર સ્વપ્રયોજન સંવિગ્ન આત્મા જરા મરણાદિ રૂપ દારૂણ અગ્નિથી સળગતા ભવરૂપી જંગલના મધ્યમાંથી માત્ર પોતાના આત્માને જ બહાર કાઢવાની ભાવના ભાવે છે તથા તેને અનુરૂપ અનુષ્ઠાન સેવે છે, તે આત્મા તથા–પ્રકારના બાહ્ય અતિશયોથી શૂન્ય એવા મુંડ કેવલી–સામાન્ય કેવલીપણાને પામે છે. (૬)

એ જ વાતને આચાર્યદેવ શ્રી મલયગિરિજી મહારાજા પણ શ્રી પંચસંગ્રહ ગ્રન્થની ટીકામાં નીચે મુજબ ફરમાવે છે—

'अहो! चित्रमेतत्, यत्-सत्यपि पारमेश्वरे प्रवचने स्फुरत्तेजसि, मोहान्धकारविलुप्तसत्पथि दुःखपरीतचेतसो जन्तवः परिभ्रमन्ति, तदहमेतानतः संसारात् अनेन प्रवचनेन यथायोगमुत्तारयामीति ॥'

'અહો! આશ્ચર્ય છે કે શ્રી જિનેશ્વરદેવ પ્રરૂપિત સ્ફુરાયમાન તેજ-પ્રકાશવાળું પ્રવચન વિદ્યમાન હોય છતાં, મોહાન્ધકારથી જેમનો સન્માર્ગ લુપ્ત થયો છે, એવા દુઃખપરીત ચિત્તવાળા જંતુઓ આ સંસારમાં પરિભ્રમણ કરી રહ્યા છે. હું તેઓને આ ભયંકર સંસારથી, આ તારક પ્રવચન વડે પાર ઉતારું.'

'एवं च चिन्तयित्वा यथा यथा परेषामुपकारो भवति तथा तथा चेष्टते ।'

'એ રીતે વિચાર કરી જે જે પ્રકારે બીજાઓને ઉપકાર થાય, તે તે પ્રકારે (શ્રી તીર્થંકર દેવના આત્માઓ) ઉદ્યમ કરે છે.'

સાહજિક ઉત્તમતા

શ્રી અરિહંત પરમાત્માના આત્માઓને આવી ઉત્તમ ભાવના સ્ફુરાયમાન થાય છે તેનું મુખ્ય કારણ તેમનામાં રહેલી સાહજિક ઉત્તમતા છે. ભવ્યત્વ તમામ આત્માઓનું

સમાન હોય છે કિન્તુ પ્રત્યેક ભવ્ય આત્માઓની મુક્તિ સમાન કાળે અને સમાન સામગ્રીઓથી થતી નથી. તેથી પ્રત્યેકનું '**તથાભવ્યત્વ**' ભિન્ન ભિન્ન પ્રકારનું માનવું પડે છે. શ્રી જિનેશ્વરદેવના આત્માઓનું 'સહજ તથા-ભવ્યત્વ' સર્વ કરતાં ઉત્તમ હોય છે. જેમ જેમ તેમનું '**સહજ તથાભવ્યત્વ**' તે તે સામગ્રીના યોગે પરિપાક પામતું જાય છે, તેમ તેમ તેમની ઉત્તમતા બહાર આવતી જાય છે. વરબોધિની પ્રાપ્તિ બાદ તો શ્રી જિનેશ્વરદેવના આત્માઓ સર્વથા પરાર્થઉદ્યમી, ઉચિત ક્રિયાવાળા અને જગત જંતુઓનો ઉદ્ધાર કરવાના વિશાળ આશયવાળા હોય છે. અને તેથી તેમની સઘળી પ્રવૃત્તિ સફલ આરંભ-વાલી તથા સર્વોત્કૃષ્ટ સત્ત્વાર્થ–પરોપકારને સાધનારી હોય છે.

શ્રી જિનેશ્વરદેવના આત્માઓની પુરૂષોત્તમતા જણા-વતાં શાસ્ત્રકાર મહર્ષિઓ ફરમાવે છે કે શ્રી જિનેશ્વરદેવના આત્માઓ અનાદિકાળથી આ સંસારમાં—

(૧) परार्थव्यसनिनः—પરોપકાર કરવાના વ્યસનવાળા હોય છે.

(૨) उपसर्ज्जनीकृतस्वार्थाः—સ્વાર્થને ગૌણ કરનારા હોય છે.

(૩) उचितक्रियावन्तः—સર્વત્ર ઉચિત ક્રિયાને આચર-નારા હોય છે.

(૪) अदीनभावाः—દીનતા વિનાના હોય છે.

(૫) सफलारम्भिणः—સફલ કાર્યનો જ આરંભ કરવાવાળા હોય છે.

(૬) अद्ढानुशयाः—અપકારિજન ઉપર પણ અત્યંત ક્રોધને ધારણ કરનારા હોતા નથી.

(૭) कृतज्ञतापतयः—કૃતજ્ઞતા ગુણના સ્વામી હોય છે.

(૮) अनुपहतचित्ताः—દુષ્ટ વૃત્તિઓથી નહિ હણાયેલા ચિત્તવાળા હોય છે.

(૯) देवगुरुबहुमानिनः—દેવ અને ગુરુનું બહુમાન કરનારા હોય છે.

(૧૦) गम्भीराशयाः—તથા ગંભીર આશય-ચિત્તના ભાવને ધારણ કરનારા હોય છે.

શ્રી જિનનામકર્મબંધના હેતુઓ.

શ્રી જિનેશ્વરદેવના આત્માઓ ત્રીજા ભવે શ્રી જિન-નામ-કર્મની નિકાચના વખતે કેવા પ્રકારની કલ્યાણકારિણી સાધનાને સાધનારા હોય છે, તેનું વર્ણન કરતાં દશ પૂર્વધર શ્રી ઉમાસ્વાતિ વાચક સ્વરચિત શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં નીચે મુજબ ફરમાવે છે.

'दर्शनविशुद्धिर्विनयसंपन्नताशीलव्रतेष्वनतिचारोऽभीक्ष्णंज्ञानोपयोगसंवेगौ शक्तितस्त्यागतपसी सङ्घसाधुसमाधिवैयावृत्यकरणमर्हदाचार्यबहुश्रुतप्रवचनभक्तिरावश्यकाऽपरिहाणिर्मार्गप्रभावनाप्रवचनवत्सलत्वमिति तीर्थकृत्त्वस्य ।'

दर्शनविशुद्धिः—પરમપ્રકૃષ્ટ સમ્યક્‌ત્વશુદ્ધિ–શ્રી જિનોક્ત તત્ત્વોને વિષે સર્વથા નિઃશંક્તિપણું આદિ દર્શનાચારનું પાલન.

विनयसम्पन्नता:—અહંકારનો ત્યાગ કરી સમ્યગ્‌દર્શનાદિ ગુણો અને તેને ધારણ કરનારા મહાપુરૂષોનો વિનય.

शीलव्रतेष्वनतिचारः—મૂલગુણ અને ઉત્તર ગુણનું ઉત્સર્ગ અપવાદાત્મક સર્વજ્ઞ પ્રણીત સિદ્ધાન્તાનુસારે અતિચાર રહિત પાલન.

अभीक्ष्णं ज्ञानोपयोगः—પ્રતિક્ષણ વાચના, પૃચ્છના, પરાવર્ત્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા લક્ષણ શ્રુતાભ્યાસમાં ઉપયોગ.

अभीक्ष्णं संवेगः—પ્રતિક્ષણ જન્મ, જરા અને મરણાદિ ક્લેશરૂપ સંસારથી ભયભીતપણું.

शक्तितस्त्यागः—શક્તિ મુજબ–શક્તિને ગોપવ્યા કે ઉલ્લંઘ્યા વિના દાનાદિ ધર્મોનું આસેવન–પાલન.

शक्तितस्तपः—શક્તિ મુજબ આઠ પ્રકારના કર્મને તપાવનાર બાર પ્રકારના તપનું આસેવન–પાલન.

संघसाधुसमाधिवैयावृत्त्यकरणम्—ચતુર્વિધ સંઘ અને મોક્ષમાર્ગને સાધનાર સાધુપુરૂષોને સમાધિ થાય તેવું વર્ત્તન અને વૈયાવૃત્ત્ય કરણ. અથવા સંઘની સમાધિ અને સાધુનું વૈયાવચ્ચ.

अर्हदाचार्यबहुश्रुतप्रवचनभक्ति:—અરિહંત, આચાર્ય, બહુશ્રુત અને પ્રવચન, એ ચારને વિષે, જેમાં જે રીતે ઘટે તે રીતે શુદ્ધાશયથી ભક્તિ–અનુરાગયુક્ત ઉપાસના.

आवश्यकापरिहाणि:––પ્રતિદિન ઉભયકાળ અવશ્ય કરવા લાયક સામાયિકાદિ ષડાવશ્યકોનું અથવા પ્રતિલેખનાદિ ક્રિયાઓનું ખામીરહિત આસેવન–પાલન.

मार्गप्रभावना––સમ્યગ્દર્શનાદિ શ્રી જિનોક્ત માર્ગના પ્રભાવને કરવા, કરાવવા અને ઉપદેશવા આદિ વડે વિસ્તારવો, વધારવો.

प्रवचनवत्सलत्वम्––પ્રવચન એટલે શ્રી અરિહંત પરમાત્માનું શાસન તેમાં રહેલા શ્રુતધરો, બાલમુનિઓ, તપસ્વીઓ નવદીક્ષિતો, ગ્લાન મુનિવરો આદિનો સંગ્રહ તથા ઉપગ્રહ વડે અનુગ્રહ કરવો. સાધર્મિકો પ્રત્યે સ્નેહ રાખવો. શ્રુતાધ્યયન અને સંયમાનુષ્ઠાન કરનારને દ્રવ્ય–ભાવ ઉભય પ્રકારે સહાય કરવી.

ઉપરોક્ત ગુણો એક સાથે મળીને અથવા પૃથક્ પૃથક્ જિનનામકર્મબન્ધના હેતુ બને છે. શ્રી જિનેશ્વરદેવના આત્માઓ ત્રીજે ભવે શ્રી જિનનામ કર્મની નિકાચના વખતે [redacted] એ ભાવનાપૂર્વક ઉપરની કલ્યાણકારિણી સાધનાને સાધનારા હોય છે. તેના પ્રભાવે ચરમ ભવમાં તેમનામાં જન્મથી ચાર અતિશય, કર્મક્ષયથી અગિયાર અતિશય અને કેવળજ્ઞાન થયા પછી દેવકૃત

ઓગણીસ અતિશય, એમ અનુક્રમે ચોત્રીસ અતિશયો ઉત્પન્ન થાય છે. અતિશય એટલે સમસ્ત જગતથી ચઢીયાતી અવસ્થા. લોકમાં ચમત્કાર પેદા કરનારી હકીકત. આવા અતિશયો અને પાંત્રીસ ગુણયુક્ત વાણી વિગેરે પૂર્વ ભવમાં સર્વજગતકલ્યાણના આશયપૂર્વક કરેલી આરાધનાનું પરિણામ છે. તેઓ ચરમ ભવમાં તીર્થની સ્થાપના કરે છે. જગતને કલ્યાણનો માર્ગ બતાવી અનેક જીવોનો ઉદ્ધાર કરે છે.

ગુણપ્રકર્ષની ટોચે પહોંચેલા આવા પ્રકારના દેવાધિદેવ એજ સર્વ બુદ્ધિમાન પુરૂષોને અર્ચનીય અને નમસ્કરણીય છે. તેમનું દર્શન, સ્તવન, પુજન, અને વન્દન અચૂક રીતે કલ્યાણનું કારણ બને છે.

દેવાધિદેવનાં નામો

પ્રથમ જણાવવામાં આવ્યું છે તે મુજબ અઢારદોષથી રહિત તથા સમગ્ર ઐશ્વર્યાદિ ગુણો સહિત જે કોઈ હોય, (પછી તે નામથી ગમે તે હોય) તેઓને પરમાત્મા કહી શકાય. દેવાધિદેવને શાસ્ત્રોમાં અનેક નામોથી સંબોધવામાં આવ્યા છે. ભગવાનના નામનો પણ મહિમા અચિન્ત્ય છે. યોગ શાસ્ત્રના ૧૧ માં પ્રકાશમાં જણાવ્યું છે કે--

तन्नामग्रहणमात्रादनादिसंसारसंभवं दुःखम् ।
भव्यात्मनामशेषं परिक्षयं याति सहसैव ॥ १ ॥

અર્થ--ભગવાનનું નામ ગ્રહણ કરવા માત્રથી ભવ્ય

જીવોનાં અનાદિ સંસારથી ઉત્પન્ન થયેલાં સમગ્ર દુઃખો એકદમ નાશ પામે છે.

સુપ્રસિદ્ધ કવિવર શ્રી સિદ્ધસેનદિવાકસૂરીશ્વરજી શ્રી કલ્યાણ મંદિર નામના પ્રસિદ્ધ સ્તોત્રમાં નીચે મુજબ ફરમાવે છે.

'आस्तामचिन्त्यमहिमा जिन ! संस्तवस्ते,
नामापि पाति भवतो भवतो जगन्ति ।'

હે જિન ! અચિન્ત્ય મહિમાવાળું આપનું સ્તવન તો દૂર રહો, પરંતુ આપનું નામ પણ ત્રણે જગતનું આ સંસારથી રક્ષણ કરે છે.

ભક્તામર સ્તોત્રમાં પણ આચાર્યશ્રી માનતુંગસૂરિજી ભગવાન શ્રી ઋષભદેવ સ્વામીની સ્તુતિ કરતાં ફરમાવે છે કે–

'आस्तां तव स्तवनमस्तसमस्तदोषं,
त्वत्संकथापि जगतां दुरितानि हन्ति ।'

સમસ્ત દોષોનો નાશ કરનાર આપનું સ્તવન તો દૂર રહો, પરંતુ આપની સંકથા–નામનું કીર્તન પણ જગતના પ્રાણીઓના પાપોને હણે છે.

આ રીતે તેમનું નામ ગ્રહણ પણ ભવ્ય જીવોને ઉપકારક હોવાથી અહીં સામાન્ય અર્થ સહિત પરમાત્માનાં કેટલાંક નામો અભિધાન ચિંતામણિ આદિ ગ્રંથોના આધારે રજુ કરવામાં આવે છે.

"अर्हन् जिनः पारगतस्त्रिकालवित्क्षीणाष्टकर्मा परमेष्ठ्यधीश्वरः ।
शंभुः स्वयम्भूर्भगवान् जगत्प्रभुस्तीर्थङ्करस्तीर्थकरो जिनेश्वरः ॥१॥

અર્હન્, જિન, પારગત, ત્રિકાલવિત્, ક્ષીણાષ્ટકર્મ, પરમેષ્ઠી, અધીશ્વર, શંભુ, સ્વયંભૂ, ભગવાન્, જગત્પ્રભુ, તીર્થંકર, તીર્થંકર અને જિનેશ્વર–૧.

" स्याद्वाद्यभयदसार्वाः सर्वज्ञः सर्वदर्शिकेवलिनौ ।
देवाधिदेवबोधिदपुरुषोत्तमवीतरागाप्ताः ॥ २ ॥ "

સ્યાદ્વાદી, અભયદ, સાર્વ, સર્વજ્ઞ, સર્વદર્શી, કેવલી, દેવાધિદેવ, બોધિદ, પુરૂષોત્તમ, વીતરાગ અને આપ્ત. એ ઉપરાંત ગુણનિષ્પન્ન બીજાં પણ અનેક નામો દેવાધિદેવનાં શાસ્ત્રોમાં કહેલાં છે.

१ अर्हन्—ચોત્રીસ અતિશયોને અથવા દેવેન્દ્રકૃત પૂજાને લાયક.

२ जिनः—રાગદ્વેષ મોહાદિક આંતરિક શત્રુઓને જીતનારા.

३ पारगतः—સંસારના પારને અથવા સર્વ પ્રયોજનોના પારને પામેલા.

४ त्रिकालवित्—ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાલને જાણનારા.

५ क्षीणाष्टकर्मा—જેઓના જ્ઞાનાવરણીયાદિ આઠે કર્મો ક્ષીણ થઇ ગયાં છે, તે.

६ परमेष्ठी—પરમપદ સર્વોચ્ચસ્થાનને વિષે રહેલા.

७ अधीश्वर—ત્રણે જગત ઉપર જેમનું શાસન વર્તે છે, તે.

૮ शम्भुः—શમ્-શાશ્વત સુખ તેને વિષે થનારા.

૯ स्वयंभूः—સ્વયં-પરોપદેશથી નહિ કિન્તુ પોતાની મેળે તથા-ભવ્યત્વાદિ સામગ્રીના પરિપાકથી થનારા.

૧૦ भगवान्—ભગ-સમગ્ર ઐશ્વર્ય અથવા સર્વોત્કૃષ્ટ જ્ઞાનને ધારણ કરનારા.

૧૧ जगत्प्रभुः—ત્રણે જગતમાં પ્રભુત્વ પ્રાપ્ત કરનારા.

૧૨ तीर्थङ्करः—સંસાર સમુદ્ર જેનાથી તરાય તે તીર્થ-ચતુર્વિધ સંઘ અથવા પ્રથમ ગણધર તેને કરનારા.

૧૩ तीर्थकरः—અહીં અર્થ ઉપર મુજબ સમજવો.

૧૪ जिनेश्वरः—જિન-રાગાદિને જીતનારા સામાન્ય કેવલીઓ તેમના ઈશ્વર.

૧૫ स्याद्वादी—સ્યાદ્-અનેકાન્તદ્યોતક અવ્યય સહિત બોલનારા અનેકાન્તવાદી.

૧૬ अभयदः—અભય-ઈહલોક, પરલોક, આદાન, અકસ્માત્, આજીવિકા, મરણ અને અપયશ, એ સાત પ્રકારના ભયથી મૂકાવો અભય આપવાનું વિશિષ્ટ સ્વાસ્થ્ય-નિઃશ્રેયસ-ધર્મના કારણભૂત ભૂમિકા-તેને આપનાર. (શ્રી જિનેશ્વર-દેવો ગુણ પ્રકર્ષવાન, અચિન્ત્ય શક્તિમાન તથા સર્વથા પરાર્થકારી હોવાથી તેમનું અવલંબન લેનાર ભવ્ય આત્મા અવશ્ય અભયને પામે છે, માટે ભગવાન અભયદ-અભયને આપનાર કહેવાય છે.

૧૭ सार्वः—સર્વ પ્રાણીઓના હિતકારી.

૧૮ સર્વજ્ઞ:—સર્વ વસ્તુઓને (વિશેષ ધર્મો વડે) જાણનારા.

૧૯ સર્વદર્શી:—સર્વ વસ્તુઓને (સામાન્ય ધર્મો વડે) જોનારા.

૨૦ કેવલી—સર્વથા આવરણનો વિલય થવાથી ચૈતન્ય સ્વરૂપનો અવિર્ભાવ થવો તે કૈવલ્ય છે, તે જેમને છે, તે કેવલી.

૨૧ દેવાધિદેવ:—દેવોના પણ દેવ. (દેવોથી પણ અધિક શક્તિવાળા).

૨૨ બોધિદ:—બોધિ-શ્રી જિનોક્તધર્મની પ્રાપ્તિ, તેને આપનારા.

૨૩ પુરુષોત્તમ:—પુરૂષોત્તમ-પુરૂષોને વિષે સહજ તથાભવ્યત્વાદિ ભાવથી શ્રેષ્ઠ.

૨૪ વીતરાગ:—રાગદ્વેષ અને મોહ જેમના સર્વથા નાશ પામ્યા છે તે.

૨૫ આપ્ત:—હિતોપદેશને આપનારા હોવાથી આપ્ત.

શ્રીજયશેખરસૂરિજી પ્રબોધચિન્તામણિના ૭ મા અધિકારમાં દેવાધિદેવના ભિન્નાભિન્ન નામોનું વર્ણન કરતાં ફરમાવે છે કે—

(૧) નિરન્તર નિર્મળ જ્ઞાન અને દર્શન રૂપી જ્યોતિના આશ્રય હોવાથી ભગવાન પરમજ્યોતિ-કાન્તિસ્વરૂપ 'રાજા' કહેવાય છે.

(૨) મનુષ્ય લોકરૂપી પૃથ્વીથી આવેલા હોવાથી 'પાર્થિવ' કહેવાય છે.

(૩) સમસ્ત આરંભથી મુક્ત બનેલા હોવાથી 'પ્રજા-પાલ' કહેવાય છે.

(૪) ત્રણ ભુવન વડે મુકુટની જેમ મસ્તકે ધારણ કરાય છે માટે 'ત્રિભુવન પ્રભુ' કહેવાય છે.

(૫) સર્વ ઉપપ્લવ–ઉપદ્રવથી રહિત હોવાથી 'સદા-શિવ' કહેવાય છે.

(૬) જ્ઞાન સ્વરૂપ વડે લોકાલોકને વીંટનાર હોવાથી 'વિષ્ણુ' કહેવાય છે.

(૭) કોઈથી પણ ઉત્પન્ન કરાયેલા નહિ હોવાથી 'સ્વયંભૂ' કહેવાય છે.

(૮) જન્મ રહિત હોવાથી 'અજ' કહેવાય છે.

(૯) કર્મથી અબદ્ધ આત્માઓને વિષે ઉત્કૃષ્ટ હોવાથી 'પરમાત્મા' કહેવાય છે.

(૧૦) પરમ જ્ઞાનવાન હોવાથી 'પરબ્રહ્મ' કહેવાય છે.

(૧૧) જ્ઞાનીઓ વડે પણ કોઈપણ પ્રકારે જાણી શકાતા નથી માટે 'અલક્ષ્ય' કહેવાય છે.

(૧૨) દ્રવ્ય દૃષ્ટિએ 'એક' કહેવાય છે.

(૧૩) પર્યાય દૃષ્ટિએ 'અનેક' કહેવાય છે.

(૧૪) સત્ત્વ, રજ અને તમોગુણથી રહિત હોવાથી '<u>નિર્ગુણ</u>' <u>કહેવાય છે.</u>

(૧૫) જ્ઞાનાદિ ગુણોએ સહિત હોવાથી '<u>મહાગણ</u>' <u>કહેવાય છે.</u>

(૧૬) આકાશ સમાન હોવાથી '<u>અવ્યક્ત</u>' <u>કહેવાય છે.</u>

(૧૭) તેમના ગુણનું વર્ણન થઈ શકે છે માટે '<u>વ્યક્ત</u>' <u>કહેવાય છે.</u>

(૧૮) 'શિવ' શબ્દના પર્યાયો વડે વિદ્યમાન હોવાથી '<u>ભાવ</u>' <u>કહેવાય છે.</u>

(૧૯) 'ભવ' શબ્દના પર્યાયો વડે અવિદ્યમાન હોવાથી '<u>અભાવ</u>' <u>કહેવાય છે.</u>

(૨૦) જ્ઞાનદર્શનવડે ચેષ્ટાવાન્‌હોવાથી '<u>સકલ</u>' <u>કહેવાય છે.</u>

(૨૧) વચન અને શરીરની ચેષ્ટાથી રહિત હોવાથી '<u>નિષ્કલ</u>' <u>કહેવાય છે.</u>

(૨૨) કલેશના કારણભૂત દ્વન્દ્વોથી રહિત હોવાથી '<u>સદાસુખી</u>' <u>કહેવાય છે.</u>

(૨૩) સંસારી આત્માઓથી વિલક્ષણ હોવાથી '<u>વિશ્વ વિલક્ષણ</u>' <u>કહેવાય છે.</u>

(૨૪) રૂપરસગંધ સ્પર્શાદિથી રહિત હોવાથી '<u>નીરૂપ</u>' <u>કહેવાય છે</u>

(૨૫) વિશ્વના તમામ સ્વરૂપને જાણનાર હોવાથી '<u>વિશ્વરૂપ</u>' <u>કહેવાય છે.</u>

શ્રી માનતુંગસૂરિજી 'ભક્તામર' સ્તોત્રમાં દેવાધિદેવનાં નામોનું વર્ણન કરતાં ફરમાવે છે કે—

"त्वामव्ययं विभुमचिन्त्यमसंख्यमाद्यं,
ब्रह्माणमीश्वरमनन्तमनङ्गकेतुम् ।
योगीश्वरं विदितयोगमनेकमेकं,
ज्ञानस्वरूपममलं प्रवदन्ति सन्तः ॥१॥"

હે ભગવાન! વિચક્ષણ પુરુષો આપને આ પ્રમાણે કહે છે:—

(૧) અવ્યય—ચયાપચયને નહિ પામનાર અને સર્વકાલ સ્થિર–એકસ્વભાવે રહેનાર.

(૨) વિભુ—પરમૈશ્વર્યથી શોભિત, કર્મનું ઉન્મૂલન કરવાને સમર્થ અથવા ઈન્દ્રાદિના સ્વામી.

(૩) અચિન્ત્ય—આધ્યાત્મિક પુરુષો વડે પણ ચિન્તવન કરવાને અશક્ય, અતિ–અદ્ભુતગુણયુક્ત.

(૪) અસંખ્ય—જેમના ગુણોની સંખ્યા થઈ શકતી નથી. અથવા જેમના જ્ઞાનને માપી શકાતું નથી માટે અસંખ્ય.

(૫) આદ્ય—પંચ પરમેષ્ઠિમાં પ્રથમ અથવા સામાન્ય કેવલીઓમાં મુખ્ય.

(૬) બ્રહ્મા—અનન્ત આનન્દથી વધતા, બ્રહ્મ–કેવળજ્ઞાન અથવા નિર્વાણને પામનાર.

(૭) ઇશ્વર—સકલ સુરાસુરનરનાયકને શાસન કરવા સમર્થ, કૃતાર્થ.

(૮) અનન્ત—અનન્ત ચતુષ્ટયની સમૃદ્ધિ ધારણ કરનારા અને મૃત્યુ રૂપી અન્ત વિનાના-મૃત્યુનો ક્ષય કરનારા.

(૯) અનંગકેતુ—કામદેવને માટે કેતુ સમાન, વૈક્રિયાદિ અંગ રૂપી કેતુ-ચિહ્નથી રહિત.

(૧૦) યોગીશ્વર—મન, વચન અને કાયાને જીતનારા, ધ્યાની પુરૂષોના ઇશ્વર અને સયોગિ-કેવલીઓને માન્ય.

(૧૧) વિદિતયોગ—સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ યોગને જાણનારા અને બીજાને જણાવનારા, વિશેષે કરીને ખંડિત-નાશ કર્યો છે જીવ અને કર્મનો યોગ-સંબંધ જેમણે.

(૧૨) અનેક—જ્ઞાનથી સર્વગત, અનેક સિદ્ધ એક જગ્યાએ રહેવાથી અનેક, ગુણપર્યાયની અપેક્ષાએ અનેક અને ઋષભાદિ વ્યક્તિના ભેદથી અનેક.

(૧૩) એક—અદ્વિતીય, ઉત્તમોત્તમ અથવા જીવ દ્રવ્યની અપેક્ષાએ એક.

(૧૪) જ્ઞાનસ્વરૂપ—ક્ષાયિક કેવળજ્ઞાન રૂપ સ્વરૂપવાળા-સર્વ કર્મના ક્ષયથી ચિદ્રૂપ.

(૧૫) અમલ—અઢાર દોષ રૂપી મલથી રહિત.

"यो विश्वं वेद वेद्यं जननजलनिधेर्भङ्गिनः पारदृश्वा,
पौर्वापर्याऽविरुद्धं वचनमनुपमं, निष्कलङ्कं यदीयम् ,

तं वन्दे साधुवन्द्यं सकलगुणनिधिं ध्वस्तरोषद्विषन्तम्,
बुद्धं वा वर्धमानं शतदलनिलयं केशवं वा शिवं वा ॥१॥"

અર્થ:—જેમણે જ્ઞેય એવા વિશ્વને જાણ્યું છે, જેઓ જન્મરૂપી સમુદ્રની લહરીના પારદ્રષ્ટા છે, જેમનું વચન–આગમ અનુપમ, કલંકરહિત અને પૂર્વાપરવિરોધ રહિત છે, જે સાધુ-પુરૂષોને વન્દનીય છે. જે સકલ ગુણના નિધાન છે અને ક્રોધ રૂપી શત્રુના વિનાશક છે. જે કોઈ આવા ગુણોથી સહિત હોય તે પછી નામથી ભલે તે બુદ્ધ, વર્ધમાન, બ્રહ્મા, કૃષ્ણ કે મહાદેવ ગમે તે હો તેને હું વંદન કરું છું.

પરમાત્માના અધિક નામો જાણવાની ઇચ્છાવાળાએ કલિકાલ સર્વજ્ઞ પૂ. હેમચંદ્રાચાર્ય વિરચિત શ્રી અર્હન્નામ સહસ્ર સમુચ્ચય, શ્રી સિદ્ધસેન દીવાકરસૂરિ વિરચિત ગદ્યમય શ્રી શક્રસ્તવ, તથા મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મ૦ વિરચિત શ્રી જિનસહસ્ર નામ સ્તોત્રાદિ ગ્રન્થો જોવા. ભગવાનના વિવિધ નામોનો હૃદયંગમરીતિએ તેમાં વિસ્તારથી ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ગુરૂ તત્ત્વની ઓળખાણ.

જગતમાં હરકોઈ વસ્તુના અનેક પ્રકારો હોય છે, તેમ ગુરૂના પણ અનેક પ્રકારો સંભવે છે. કોઈપણ જાતનો હુન્નર, કળા કે વિદ્યા આદિ દુન્યવી શિક્ષણને આપનારાઓ પણ ગુરૂથી ઓળખાય છે. ધાર્મિક શિક્ષણ આપનારા

શિક્ષકો પણ ગુરૂ કહેવાય છે, અહીં જે ગુરૂની વ્યાખ્યા કરવાની છે તે સંસારના ત્યાગી ધર્મગુરૂની સમજવાની છે. યોગશાસ્ત્રમાં ગુરૂની વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવી છે—

"महाव्रतधरा धीरा भैक्षमात्रोपजीविनः ।
सामायिकस्था धर्मोपदेशका गुरवो" मताः ॥

અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ મહાવ્રતોને ધારણ કરનારા. પોતાની આજીવિકા માટે કોઇ જાતનો સ્વયં આરંભ નહિ કરનારા, અર્થાત નિર્દોષ ભીક્ષા—માધુકરી વૃત્તિથી જીવનારા, સમતામાં રહેનારા અને ધર્મનો ઉપદેશ આપનારા ગુરૂઓ કહેવાય છે.

મહાવ્રતોની સમજ

(૧) પ્રથમ વ્રતમાં ત્રસ અને સ્થાવર કોઈપણ નાના અગર મોટા પ્રાણીઓની હિંસા સ્વયં કરે નહિ, અન્ય પાસે કરાવે નહિ અને જેઓ તેવી હિંસા કરતા હોય તેમની અનુમોદના કરે નહિ.

(૨) સૂક્ષ્મ અગર સ્થૂલ કોઈપણ પ્રકારના અસત્યને સ્વયં બોલે નહિ, બીજા પાસે બોલાવે નહિ અને અસત્ય બોલતા હોય તેની અનુમોદના કરે નહિ.

(૩) નાની અગર મોટી હલકી અગર કિંમતી કોઇપણ ચીજને માલીકની રજા વિના ગ્રહણ કરે નહિ, અન્ય પાસે ગ્રહણ કરાવે નહિ અને ગ્રહણ કરનારની અનુમોદના કરે નહિ.

(૪) સ્વયં અબ્રહ્મનું સેવન કરે નહિ, અન્ય પાસે કરાવે નહિ અને જે તેવું કાર્ય કરતા હોય તેને ભલા જાણે નહિ.

(૫) પરિગ્રહ સ્વયં રાખે નહિ, અન્ય પાસે રખાવે નહિ અને જે રાખતા હોય તેની અનુમોદના કરે નહિ.

ઉપર મુજબ અહિંસાદિ પાંચ મહાવ્રતોનું પાલન કરનારા અને ગૃહસ્થીઓએ પોતાના માટે બનાવેલા નિર્દોષ આહારથી ધર્મના સાધનભૂત પોતાના શરીરને ટકાવનારા, કનકમાં તથા પત્થરમાં, સુખમાં અને દુઃખમાં, ભક્તિ કરનારમાં અગર ભક્તિ નહિ કરનારમાં, પૂજકમાં અગર નિંદકમાં, દુનિયાના તમામ જીવો ઉપર સમભાવ રાખનારા (સામાયિકમાં રહેનારા) અને માત્ર ધર્મનો જ ઉપદેશ આપનારા ગુરૂઓ કહેવાય છે. તે સંબંધી અન્યત્ર પણ એક સ્થળે કહ્યું છે કે--

"धर्मज्ञो धर्मकर्ता च, सदा धर्मपरायणः ।
सत्त्वेभ्यो धर्मशास्त्रार्थदेशको गुरुरुच्यते ॥" ॥१॥

જે ધર્મના જાણ હોય, ધર્મને આચારનારા હોય, હંમેશાં ધર્મ માટે તત્પર હોય અને પ્રાણીઓને ધર્મશાસ્ત્રનો સમ્યગ્ ઉપદેશ કરનારા હોય તે ગુરૂ કહેવાય છે.

વળી તેઓ નીચે મુજબ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન કરવામાં સતત ઉદ્યમશીલ હોય છે. સમિતિ અને ગુપ્તિનું સ્વરૂપ યોગશાસ્ત્રમાં નીચે મુજબ કહ્યું છે.

(૧) લોકોની અવરજવરવાળા તથા સૂર્યના પ્રકાશવાળા ધોરી માર્ગે કોઈ જંતુને કલેશ ન થાય તે માટે સાવધાનતા પૂર્વક ચાલવું તે ઈર્યાસમિતિ કહેવાય છે.

(૨) દોષયુક્ત વાણીનો ત્યાગ કરી, સર્વ લોકોને હિતકર અને પરિમિત બોલવું તે ભાષાસમિતિ કહેવાય છે.

(૩) ભીક્ષાના બેતાલીશ દોષથી અદૂષિત અન્ન ગ્રહણ કરવું તે એષણા સમિતિ કહેવાય છે.

(૪) વસ્તુમાત્રને જોઇ તપાસી કાળજીપૂર્વક લેવી મૂકવી તે આદાનનિક્ષેપ સમિતિ કહેવાય છે.

(૫) કફ, મૂત્ર, મલ વગેરે વસ્તુઓ જીવજંતુ વિનાના સ્થાનમાં કાળજીપૂર્વક પરઠવવી તેનું નામ ઉત્સર્ગ સમિતિ છે.

(૧) કામ ક્રોધાદિ કલ્પનાજાળમાંથી મનને મુકત કરવું, પોતાના કલ્યાણને ઉપયોગી પદાર્થોના ચિંતનમાં તેને સમભાવપૂર્વક પરોવવું તથા અંતે મનોવૃત્તિઓનો નિરોધ કરી આત્માની અંદર જ તેને રમમાણ કરવું એ મનોગુપ્તિ છે.

(૨) મુખ, આંખ, હાથ આદિ વડે કંઈપણ સંજ્ઞા કર્યા વિના મૌન ધારણ કરવું. અથવા બોલવાનો પ્રસંગ આવે ત્યારે શાસ્ત્રાનુસાર વચનનું નિયમન કરવું એટલે કે ઉપયોગ જેટલું બોલવું તે વચનગુપ્તિ છે.

(૩) વિઘ્ન આવે તો પણ કાયોત્સર્ગ, ધ્યાન આદિ વખતે શરીરની નિશ્ચલતા રાખવી. તેમ જ શયન-આસન લેવું મૂકવું અને હરવું-ફરવું એ બધામાં મનસ્વી ચેષ્ટાનો ત્યાગ કરવો તે કાયગુપ્તિ છે.

ઉપર મુજબ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ મળીને આ આઠ બાબતો સાધના ચારિત્રરૂપી શરીરને ઉત્પન્ન કરતી હોવાથી, તેનું રક્ષણ કરતી હોવાથી તથા તેનું સંશોધન કરતી હોવાથી સાધની આઠ માતાઓ કહેવાય છે. વળી પણ કહ્યું છે કે—

क्षांतो दांतो मुक्तो, जितेन्द्रयः सत्यवागभयदाता ।
प्रोक्तितस्त्रिदंडविरतो, विधिगृहीता भवति पात्रम् ॥१।

ક્ષમાવાન, દાંત, લોભ વિનાનો, ઇન્દ્રિયોને જીતનાર, સત્ય વચન બોલનાર, અભય આપનાર, મનોદંડ-વચનદંડ અને કાયદંડ એ ત્રણ દંડથી રહિત અને વિધિનું ગ્રહણ કરનાર એવો સાધુ યોગ્યપાત્ર ગણાય છે.

જગતના સમગ્ર પ્રાણીઓનું હિત જેમના હૃદયમાં વસ્યું હોય અને સાધુ ધર્મનું આચરણ જેઓ કરતા હોય તેઓ જ વાસ્તવિક રીતે સાધપદને દીપાવી શકે છે. સાધ ધર્મનું લક્ષણ શાસ્ત્રોમાં નીચે મુજબ જણાવવામાં આવ્યું છે—

" सामायिकादिगतविशुद्धक्रियाभिव्यङ्ग्य-
सकलसत्त्वहिताशयामृतलक्षणस्वपरिणाम एव साधुधर्मः ।"

અર્થાત સામાયિકાદિ વિશુદ્ધ ક્રિયાઓ દ્વારા પ્રગટ થતો સકલ પ્રાણીઓના હિતના આશયરૂપ અમૃતલક્ષણ સ્વપરિણામ એ જ સાધુ ધર્મ કહેલો છે.

આવા ગુરૂઓનો સમાગમ, તેમની સેવા, તેમને કરેલું વંદન અને તેમની પાસે જઈ વિધિપૂર્વક કરેલું ધર્મશ્રવણ જીવોને અવશ્ય પ્રગતિને પંથે ચડાવે છે.

ગુરૂ વિના કદીપણ સાચું જ્ઞાન થતું નથી. ગમે તેટલી નિર્મળ ચક્ષુવાળો પણ માણસ અંધકારમાં દીપક વિગેરેના પ્રકાશ વિના વિદ્યમાન વસ્તુને પણ દેખી શકતો નથી તેમ ગમે તેટલો બુદ્ધિમાન પણ માણસ ગુરૂ વિના હિતકર સત્ય તત્ત્વોને જાણવા સમર્થ બની શકતો નથી. ગુરૂઓનો સમાગમ પુણ્યપાપના રસ્તાને બતાવનાર છે. તેમની વૈયાવચ્ચ અને ભક્તિ સંસાર સમુદ્રને તરવા માટેની બે મજબૂત ભુજાઓ છે. તેમના યોગે જ જગતમાં કલ્યાણમાર્ગ અખંડિત રહે છે. તેમની ધર્મ દેશના મોહ નિદ્રામાં પડેલાને જાગૃત કરે છે. તેમની કૃપાથી જ વિનય, વિવેક, ઉદારતા, ક્ષમા, વિશ્વવાત્સલ્ય આદિ નિર્મળ ગુણોની પ્રાપ્તિ થાય છે તેમને કરેલું વંદન ઉચ્ચગોત્ર બંધાવે છે. ગુરૂઓની ઉપાસનાથી માનરૂપી પર્વત ગળી જાય છે. શ્રી તીર્થંકર પરમાત્માની આજ્ઞાનું પાલન થાય છે, નમ્રતા, લઘુતા વગેરે ગુણોની પ્રાપ્તિ થવા સાથે શાસ્ત્રશ્રવણ અને શાસ્ત્રઅધ્યયન કરવાની સુંદર તક પ્રાપ્ત થાય છે.

સદ્‌ગુરૂના સમાગમ વિના જીવને ભક્ષ્યાભક્ષ્યનો, પેયાપેયનો અને કૃત્યાકૃત્યનો વાસ્તવિક વિવેક પ્રગટ થતો નથી. માટે જ જીવનને પવિત્ર અને ઉન્નત બનાવવાની ઈચ્છાવાળાઓ માટે ગુરૂતત્ત્વની ઉપાસના અતિ આવશ્યક છે.

ધર્મતત્ત્વની ઓળખાણ

ધર્મ તત્ત્વની વ્યાખ્યા શાસ્ત્રોમાં નીચે મુજબ કરવામાં આવી છે.

दुर्गतिप्रपतज्जन्तुधारणाद्धर्म उच्यते ।
दानशीलतपोभावभेदात्स तु चतुर्विधः ॥ १॥

અર્થ—દુર્ગતિમાં પડતા પ્રાણીઓને બચાવી લે (અને જીવોને સદ્‌ગતિમાં સ્થાપન કરે) તેનું નામ ધર્મ કહેવાય છે. દાન, શીલ, તપ અને ભાવ એ ધર્મના ચાર પ્રકાર છે.

ધર્મતત્ત્વ સમજવા માટે સૌથી પ્રથમ દાનાદિના પેટા ભેદોને પણ બરાબર સમજી લેવા જરૂરના છે. તેમાં પ્રથમ દાનધર્મના ત્રણ પ્રકારો છે જ્ઞાનદાન, અભયદાન અને ધર્મોપગ્રહદાન.

૧ જ્ઞાનદાન—ધર્મને નહિ જાણનારા જીવોને ધર્મની સમજ આપવી, અગર જ્ઞાનના સાધનોનું દાન આપવું તે જ્ઞાનદાન કહેવાય છે. જ્ઞાન વડે પ્રાણી પોતાનું હિતાહિત જાણી પાપથી વિરામ પામી શકે છે. સર્વ પાપમાં સ્વાર્થ પરાયણતા એ સૌથી મોટું પાપ છે. તે બધા પાપોનું મૂળ છે. જ્ઞાન વિના સ્વાર્થ પરાયણતાનો ભાવ ટળી શકતો નથી અને એ ભાવ ન ટળે ત્યાંસુધી પરમાર્થ પ્રધાન જીવનની શરૂઆત થઈ શકતી નથી. જીવનમાં જ્યાંસુધી સ્વાર્થ પરાયણતા જ મુખ્ય છે અને પરમાર્થ બીલકુલ નથી ત્યાં વિશુદ્ધ ધર્મ સંભવી શકે નહિ.

વળી શુભાશય પૂર્વક બીજા જીવોની હિતચિંતાદિ કર્યા વિના કુશલાનુબંધિ પુણ્યની પ્રાપ્તિ થઈ શકતી નથી. કુશલાનુબંધિ પુણ્ય વિના ભવનિસ્તાર માટેની ઉત્તમ સામગ્રી મળવી સુલભ નથી. અને ભવનિસ્તાર વિના મોક્ષ નથી. મોક્ષ વિના સાચા સુખની પ્રાપ્તિ નથી.

ભવચક્રમાં પરિભ્રમણ કરતાં જીવો જ્યારે વિકાસ-ક્રમમાં દાખલ થાય છે, ત્યારે એ વિકાસ થવામાં પરજીવો સંબંધી દાન, દયા અને હિતના વિચારોનો જ એમાં મુખ્ય ફાળો હોય છે. પોતાની રૂચિમાં બીજાના હિતનો કે સુખનો વિચાર ન આવે ત્યાંસુધી મનુષ્ય ભવ આદિ ઉત્તમ ભવની પણ પ્રાપ્તિ થઈ શકતી નથી.

જ્ઞાન જેમ જેમ વૃદ્ધિ પામે છે તેમ તેમ પરહિત ચિંતાનો ભાવ વધારે વિસ્તૃત બને છે. અને એ જ સાચા જ્ઞાનની સાચી કસોટી છે, જ્ઞાનથી જ સમગ્ર વિશ્વ ઉપર વાત્સલ્ય ભાવ પ્રગટે છે અને તેથી સમગ્ર જગતને તે મિત્રભાવે જોવા, જાણવા અને તેમની સાથે યોગ્ય આચરણ કરવા ભાગ્યશાળી બને છે. સમગ્ર જગતને પોતાના આત્મા સમાન જોવા, જાણવા અને તેમની સાથે યોગ્ય વર્તાવ રાખવો એ જ આત્મકલ્યાણનો અમોઘ ઉપાય છે. આ કાર્ય, જ્ઞાનથી જ બની શકે છે તેથી જ જ્ઞાની પુરૂષોએ 'પ્રથમ જ્ઞાન અને પછી દયા' છે એમ ફરમાવ્યું છે, જ્ઞાન-પૂર્વકના કરૂણા ભાવમાં આગળ વધતો જીવ ઘાતીકર્મનો ક્ષય કરી યાવત્ કેવળજ્ઞાન પામી મોક્ષપદને મેળવે છે માટે જ્ઞાનદાન સર્વ દાનમાં શ્રેષ્ઠ છે.

× **અભયદાન**—મન, વચન અને કાયાથી જીવોનો વધ કરવો નહિ, કરાવવો નહિ અને કરનારની અનુમોદના કરવી નહિ તેનું નામ અભયદાન છે. જીવોના આયુષ્યનો ક્ષય કરવો, તેઓના અંગોપાંગ છેદીને દુઃખ આપવું, તથા

તેમનાં મનમાં ક્લેશ ઉત્પન્ન કરાવવો, એમ ત્રણ પ્રકારે વધ કહેવાય છે. એ ત્રણે પ્રકારની હિંસાનો ત્યાગ કરીને જે પુરૂષ જીવોને અભયદાન આપે છે, તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, આ ચારે પુરૂષાર્થ આપે છે. કારણ કે વધથી બચાવેલો જીવ જો જીવે છે તો તેને ચારે પુરૂષાર્થ પ્રાપ્ત થઈ શકે છે.

અભયદાનના અર્થીએ જીવોની જાતિના ભેદો સમજવા પડશે, જગતનાં જીવો કેટલા પ્રકારના છે. તે જણાય નહિ ત્યાંસુધી અહિંસાના સાચા હિમાયતી બની શકાય તેમ નથી. એક કવિએ પણ કહ્યું છે કેઃ–

દયા દયા મુખસે કહે, દયા ન હાટ વેંચાય;
જાતિ ન જાણી જીવકી, કહો દયા ક્યું થાય ?

અહીં નીચે જીવોનું ટુંક સ્વરૂપ બતાવવામાં આવે છે.

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, અને વનસ્પતિ એ પાંચ સ્થાવર (સ્થિર રહેનાર) જીવો કહેવાય છે. તેમને માત્ર એક સ્પર્શેન્દ્રિય હોઈ તેઓ એક ઈન્દ્રિયવાળા જીવો કહેવાય છે. શંખ, જલો, અળસીયા, કરમીયા, પોરા વગેરે જીવો બેઈન્દ્રિય કહેવાય છે. માંકડ, કાનખજુરા, જુઆ, કીડી, મંકોડા, જુ આદિ જીવો ત્રણ ઈન્દ્રિયવાળા પ્રાણી કહેવાય છે વીછુ, ભમરી, પતંગિયા, તીડ, માખી, મચ્છર, કંસારી આદિ જીવો, ચાર ઈન્દ્રિયવાળા કહેવાય છે. નારકીના જીવો, દેવગતિના જીવો, મનુષ્યો અને પશુપક્ષીઓ પંચેન્દ્રિય

કહેવાય છે. ઉપર જણાવેલા તમામ જીવો ચૈતન્યની અપેક્ષાએ એકસરખા છે. સૌ કોઈ આપણા જેવા જ સુખના અર્થી છે. માત્ર કર્મવશાત ભિન્ન ભિન્ન જાતિઓમાં ઉત્પન્ન થયા છે. સર્વ કોઇ જીવો જીવવાને ઇચ્છે છે મરવાનું કોઇને પસંદ નથી. સ્વર્ગમાં રહેલ ઈન્દ્ર અને અશુચિમાં રહેલ કીડાને જીવવાની ઇચ્છા અને મરવાનો ભય એકસરખો છે. માટેજ સજ્જન પુરૂષો પોતાના શોખ ખાતર અગર સગવડતા ખાતર નાના જીવોની પણ નિરર્થક હિંસા ન થાય તેનો સતત ખ્યાલ રાખે છે અને તેવા આત્માઓ જ ધર્મી કહેવાય છે. સર્વ જીવોને પોતાના સમાન જાણી તેમને અભયદાન આપવાથી મનુષ્યો પરભવે મનોહર શરીરવાળા, દીર્ઘાયુષી, આરોગ્યવંત, લાવણ્યમાન અને શકિતમાન થઈ ઉત્તમ ધર્મ પ્રાપ્ત કરી આત્મકલ્યાણ કરવા માટે ભાગ્યશાળી બને છે

ધર્મોપગ્રહદાન—ધર્મોપગ્રહ દાનના પાંચ પ્રકાર છે. (૧) દાયકશુદ્ધ. (૨) ગ્રાહકશુદ્ધ. (૩) દેયશુદ્ધ. (૪) કાળશુદ્ધ. અને (૫) ભાવશુદ્ધ. તેમનું સ્વરૂપ આ પ્રમાણે છે.

(૧) દાયકશુદ્ધ—ન્યાયોપાર્જિત દ્રવ્યવાળો, સારી બુદ્ધિવાળો, આશંસા વિનાનો, જ્ઞાનવાન, આપીને પશ્ચાત્તાપ નહિ કરનારો, પરંતુ અહો ! આવું ચિત્ત, આવું વિત્ત અને આવું ઉત્તમ પાત્ર મને પ્રાપ્ત થયું છે, તેથી હું કૃતાર્થ થયો છું. એમ માની જે દાન આપે તે દાયક શુદ્ધ દાન કહેવાય છે.

(૨) ગ્રાહકશુદ્ધ—સર્વથા પાપ વ્યાપારોથી રહિત, ત્રણ ગારવથી રહિત, ત્રણ ગુપ્તિધારક, પાંચ સમિતિ પાળનાર, રાગદ્વેષ વર્જિત, નગર–નિવાસ–સ્થાન–શરીર અને ઉપકરણ વિગેરેમાં મમતા રહિત, અઢાર હજાર શીલાંગને ધારણ કરનાર, જ્ઞાન–દર્શન અને ચારિત્રરૂપ રત્નત્રયીના ધારક, ધીર, સુવર્ણ અને લોહમાં સમાન બુદ્ધિવાળા, ધર્મધ્યાન અને શુકલ ધ્યાનમાં સ્થિતિ કરનારા, જિતેન્દ્રિય, કુક્ષિસંબલ, ઉદરપૂર્તિ માત્ર જ આહારને ગ્રહણ કરનારા, જગતના તમામ જીવો પ્રત્યે સમદૃષ્ટિવાળા, સૌનું કલ્યાણ કરવાની કામનાવાળા, હંમેશાં શક્તિ પ્રમાણે આત્મવિશુદ્ધિ કરનારા, વિવિધ પ્રકારના તપ કરનારા, અખંડિતપણે સત્તર પ્રકારના સંયમને પાળનારા, અઢાર પ્રકારના બ્રહ્મચર્યને ધારણ કરનારા, એવા ગ્રાહકને દાન આપવું તે ગ્રાહક શુદ્ધ દાન કહેવાય છે.

તે ઉપરાંત દીન, દુઃખી અને કષ્ટમાં આવી પડેલા જીવોના તાત્કાળિક દુઃખ દૂર કરવા માટે જે દાન આપવામાં આવે છે, તે અનુકંપા દાન કહેવાય છે. દુઃખી જીવમાત્ર પ્રત્યે અનુકંપાબુદ્ધિ રાખવાની હોય છે. પછી તે મનુષ્ય હોય કે પશુ હોય. મનુષ્યમાં પણ ગમે તે જાતિનો હોય પણ તેનું વર્તમાન સંકટ દૂર કરવાની બુદ્ધિથી અને તેને સદ્બુદ્ધિ મળો એ ભાવનાથી દાન આપવાની પરમાત્માની આજ્ઞા છે. દુઃખી જીવોના દુઃખ દૂર કરવા માટે અનુકંપાદાનનો પ્રભુએ ક્યાંય નિષેધ કર્યો નથી. ત્યાં

પાત્રાપાત્રનો વિચાર કરવાનો નથી. ત્યાં તો તેનું વર્તમાન દુઃખ દૂર કરવાની જ બુદ્ધિ હોય છે. અને તેનામાં ધર્મબુદ્ધિ પ્રગટો એવી ભાવના રાખવાની હોય છે. અને એ પ્રમાણે કરૂણાબુદ્ધિથી જે દાન આપવામાં આવે છે, તેનાથી એ દાન લેનારમાં પણ સદ્બુદ્ધિ પ્રગટવાની સંભાવના રહે છે. વિવેકી પુરૂષો, સંયમી અણુવ્રતધારી અને સમ્યગ દૃષ્ટિરૂપી ભક્તિના પાત્રમાં પાત્રબુદ્ધિથી તથા દીન, દુઃખી અને કષ્ટમાં આવી પડેલા એવા અનુકંપાના પાત્રમાં અનુકંપાબુદ્ધિથી દાન આપવાનું કદી પણ ચૂકતા નથી.

(૩) દેયશુદ્ધ—દોષ રહિત અન્ન, પાણી, વસ્ત્ર, પાત્ર, પુસ્તકો વિગેરેનું દાન આપવું, તે દેયશુદ્ધ દાન કહેવાય છે.

(૪) કાળશુદ્ધ—યોગ્ય કાળે. યોગ્ય પાત્રને દાન આપવું તે કાળશુદ્ધ દાન કહેવાય છે.

ભાવશુદ્ધ—નિષ્કામભાવે, શ્રદ્ધાથી દાન આપવું તે ભાવશુદ્ધ દાન કહેવાય છે.

દેહ વિના ધર્મનું આરાધન થતું નથી અને અન્ન, જળ વિગેરે જરૂરી સાધનો વિના દેહ ટકી શકતો નથી માટે હંમેશાં ધર્મોપગ્રહ એટલે ધર્મમાં સહાય કરે તેવી વસ્તુઓનું દાન આપવું જરૂરી છે. જે માણસ અન્ન, જલ વિગેરે ધર્મોપગ્રહ દાન સુપાત્રને આપે છે, તે તીર્થને અખંડ રાખવામાં નિમિત્તભૂત બને છે અને પરંપરાએ તે પરમપદનો અધિકારી બને છે.

શીલ—ધર્મનો બીજો પ્રકાર શીલ છે. મન, વચન અને કાયાના પાપકારી વ્યાપારોને અટકાવવા તેનું નામ અહીં શીલ છે. શીલ એટલે સદાચાર. તે દેશવિરતિ અને સર્વવિરતિના ભેદથી બે પ્રકારે છે.

દેશવિરતિ—પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શીક્ષાવ્રત, એ પ્રમાણે દેશવિરતિના બાર પ્રકાર છે. શુશ્રૂષા (ધર્મ સાંભળવાની ઈચ્છા) વિગેરે ગુણવાળા, યતિ ધર્મના અનુરાગી, ધર્મપથ્યભોજનને ઈચ્છનારા,શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા અને આસ્તિકય એ પાંચ લક્ષણયુક્ત સમકિતને પામેલા, મિથ્યાત્વથી નિવૃત્ત થયેલા અને સાનુબંધ ક્રોધના ઉદયથી રહિત એવા ગૃહસ્થ મહાત્માઓને ચારિત્ર મોહનીયનો નાશ થવાથી દેશવિરતિ ગુણ ઉત્પન્ન થાય છે.

સર્વવિરતિ—સ્થાવર અને ત્રસ જીવોની હિંસાદિકનું સર્વથા વર્જવું તે સર્વ વિરતિ કહેવાય છે. અને તે સિદ્ધિરૂપી મહેલ ઉપર ચડવાને માટે નિઃસરણી રૂપ છે. એ સર્વવિરતિગુણ સ્વભાવથી અલ્પકષાયવાળા, ભવસુખના વિરાગી અને વિનયાદિ ગુણોને વિષે રક્ત એવા મુનિ મહાત્માઓને પ્રાપ્ત થાય છે.

તપ—જે કર્મને તપાવે તે તપ કહેવાય છે. તેના બાહ્ય અને અભ્યંતર એવા બે ભેદ છે. તેમાં અનશન (ઉપવાસ) ઉનોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ અને સંલીનતા એ છ પ્રકારનાં બાહ્ય તપ છે. તથા પ્રાયશ્ચિત, વૈયાવૃત્ય,(સેવા)સ્વાધ્યાય, વિનય, કાયોત્સર્ગ અને શુભધ્યાન

એ છ પ્રકારના અભ્યંતર તપ કહેવાય છે. આ બન્ને પ્રકારનાં તપ સર્વ પ્રકારના સુખનું અમોઘ સાધન છે, સિદ્ધિનું પરમ નિદાન છે. તપના આ બાર ભેદોનું વિશેષ વર્ણન હવે પછી (આત્મ જ્ઞાનના સાધન) એ નામના પ્રકરણ આઠમામાં આપવામાં આવશે.

ભાવના—જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ રત્નત્રયીના ધારણ કરનારને વિષે અદ્વિતીય ભક્તિ, તેમના કાર્યને કરવું, સકલ જીવરાશિના શુભની જ વિચારણા અને સંસારથી નિર્વેદ પામવું, તે ભાવના કહેવાય છે.

આ ચાર પ્રકારનો ધર્મ મોક્ષ ફળને આપવામાં સાધન રૂપ છે. તેથી ભવભ્રમણથી ભય પામેલા મનુષ્યોએ સાવધાન થઈને તે સાધવા યોગ્ય છે.

ધર્મનું પ્રથમ પગથિયું દાન છે. તેને સૌ કોઈ સહેલાઈથી આચરી શકે છે, તેથી અહીં દાનાદિ ધર્મનું સ્વરૂપ પ્રથમ બતાવ્યું છે. હવે અહીં નીચે સંયમાદિ દશ પ્રકારના ધર્મનું સ્વરૂપ બતાવવામાં આવે છે. યોગશાસ્ત્રમાં તે દશ પ્રકારો નીચે મુજબ બતાવવામાં આવ્યા છે.

"संयमः सुनृतं शौचं, ब्रह्माकिञ्चनता तपः ।
क्षांतिर्मार्दवमृजुता मुक्तिश्च दशधा स तु ॥१॥"

ભાવાર્થ—સંયમ, સત્ય શૌચ, બ્રહ્મચર્ય, અકિંચનતા, તપ, ક્ષમા, મૃદુતા, ઋજુતા અને ત્યાગ. આ પ્રમાણે દશ પ્રકારનો ધર્મ કહ્યો છે. શાસ્ત્રોમાં તેનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. સંક્ષેપમાં તેનું સ્વરૂપ નીચે મુજબ છે.

(૧) સંયમ—પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ, જીવહિંસાદિ પાંચ અવ્રતોનો ત્યાગ, ક્રોધાદિ ચાર કષાયનો જય અને મન-વચન-કાયાની વિરતિ અર્થાત મન, વચન અને કાયાને કાબૂમાં રાખવી તે. આ પ્રમાણે સંયમના સત્તર પ્રકારો છે.

(૨) સત્ય—કઠોરતા, ચાડીચુગલી, અસભ્યતા, સંદિગ્ધતા વિગેરેના ત્યાગપૂર્વક મધુર, ઉદાર, સ્ફુટ, હિત-મિત અને યથાર્થ વચનનો ઉપયોગ કરવો તે સત્ય.

૩. શૌચ—લોભનો અભાવ તે શૌચ.

૪. બ્રહ્મચર્ય—અબ્રહ્મનો ત્યાગ કરવો તે બ્રહ્મચર્ય છે. તથા વ્રતોના પાલન માટે, જ્ઞાનાદિગુણોની વૃદ્ધિ માટે અને ક્રોધાદિ કષાયોનો પરિપાક કરવા માટે ગુરૂકુલવાસમાં વસવું તે બ્રહ્મચર્ય છે.

૫. અકિંચનતા—ધર્મના ઉપકરણો અને શરીર સુદ્ધામાં આસક્ત ન રાખવી તે અકિંચનતા.

૬. તપ—મલિનવૃત્તિઓને નિર્મળ કરવા માટે જોઈતું બળ કેળવવા માટે આત્મદમન કરવું તે તપ છે.

૭. ક્ષમા—ક્ષમા એટલે સહનશીલતા, અર્થાત ગુસ્સાને ઉત્પન્ન થવા ન દેવો, અને ઉત્પન્ન થાય તો તેને વિવેક બળથી નકામો કરી નાંખવો તે.

૮. મૃદુતા—મૃદુતા એટલે અંદર અને બહાર નમ્રવૃત્તિ. રૂપ, બળ, તપ, ઐશ્વર્ય વિગેરેના અભિમાનનો ત્યાગ કરવાથી આ ગુણ કેળવાય છે.

૯. ઋજુતા—ઋજુતા એટલે ભાવની વિશુદ્ધિ અર્થાત્ વિચાર, વાણી અને વર્તનની એકતા રાખવી તે.

૧૦. ત્યાગ—ત્યાગ એટલે બાહ્ય અને અભ્યંતર વસ્તુઓમાં તૃષ્ણાનો વિચ્છેદ. આ પ્રમાણે ધર્મના દશ પ્રકારો છે.

ધર્મનો મહિમા અપાર છે. ધર્મ એ સર્વશ્રેષ્ઠ મંગળ છે. આ ધર્મ સ્વર્ગ અને મોક્ષને અપાવનાર છે. સંસારરૂપી અટવીનું ઉલ્લંઘન કરવામાં માર્ગદર્શક છે. તે માતાની પેઠે પોષણ કરે છે, પિતાની પેઠે રક્ષણ કરે છે, મિત્રની પેઠે પ્રસન્ન કરે છે, બન્ધુની જેમ સ્નેહ રાખે છે, ગુરૂની પેઠે ઉજ્જવલ ગુણોને વિષે ઉચ્ચપણે આરૂઢ કરે છે અને સ્વામીની જેમ ઉત્કૃષ્ટ પ્રતિષ્ઠાને પ્રાપ્ત કરાવે છે. ટૂંકમાં ધર્મથી જગતમાં સર્વ પ્રકારની સિદ્ધિ થાય છે. ધર્મનો મહિમા સમજવા માટે નીચેના શ્લોકો ઉપયોગી હોવાથી અહીં રજુ કરવામાં આવે છે.

एक एव सुहृद् धर्मो, मृतमप्यनुयाति यः ।
शरीरेण समं नाशं, सर्वमन्यत्तु गच्छति ॥ १ ॥

એક ધર્મ જ એવો મિત્ર છે કે, જે મરેલાની પાછળ જાય છે, બીજું સઘળું શરીરની સાથે જ નાશ પામે છે. (૧)

विशिष्टं देवसौख्यं यत्, शिवसौख्यं च यत्परम् ।
धर्मकल्पद्रुमस्येदं, फलमाहुर्मनीषिणः ॥ २ ॥

વિશિષ્ટ જે દેવસુખ અને પરમ જે શિવસુખ, તે

ધર્મરૂપી કલ્પવૃક્ષનાં ફળ છે, એમ પંડિત પરૂષો ફરમાવે છે (૨)

यत्किञ्चन शुभं लोके, स्थानं तत्सर्वमेव हि ।
अनुबन्धगुणोपेतधर्मादाप्नोति मानवः ॥ ३ ॥

લોકને વિષે જે કાંઈ સુંદર સ્થાન છે, તે સર્વને અનુબન્ધવાળા ગુણથી યુક્ત ધર્મ વડે મનુષ્ય પ્રાપ્ત કરે છે (૩)

धर्मश्चिन्तामणिः श्रेष्टो, धर्मः कल्याणमुत्तमम् ।
हित एकान्ततो धर्मो, धर्म एवाऽमृतं परम् ॥ ४ ॥

ધર્મ એ શ્રેષ્ઠ ચિન્તામણિ છે, ધર્મ એ ઉત્તમ કલ્યાણ છે, ધર્મ એકાન્ત હિત કરનાર છે અને ધર્મ એજ પરમ અમૃત છે (૪)

चतुर्दशमहारत्न–सद्भोगान्नृष्वनुत्तमम् ।
चक्रवर्तिपदं प्रोक्तं, धर्महेलाविजृम्भितम् ॥ ५ ॥

મનુષ્યોને વિષે ચૌદ મહારત્નથી થતા સદ્‌ભોગોથી અનુત્તમ એવું ચક્રવર્તિ પદ, એ ધર્મની હેલાનું વિલસિત છે. (૫)

किं चेह बहुनोक्तेन, तीर्थकृत्त्वं जगद्धितम् ।
परिशुद्धादवाप्नोति, धर्माऽभ्यासान्नरोत्तमः ॥ ३ ॥

બહુ કહેવાથી શું ? જગતને હિતકારી એવું તીર્થંકર પણું, પરિશુદ્ધ એવા ધર્મના અભ્યાસથી, ઉત્તમ મનુષ્ય પ્રાપ્ત કરે છે (૬)

छिन्नमूलो यथा वृक्षो, गतशीर्षो यथा भटः ।
धर्महीनो धनी तद्वत्, कियत्कालं ललिष्यति ॥ ७ ॥

મૂલરહિત જેમ વૃક્ષ તથા મસ્તકરહિત જેમ સુભટ તેમ ધર્મરહિત ધનાઢ્ય કેટલો કાળ ટકી શકશે-સમૃદ્ધ રહી શકશે ? (૭)

धराऽन्तःस्थं तरोर्मूलमुच्छ्रयेणाऽनुमीयते ।
अदृष्टोऽपि तथा प्राच्यधर्मो लक्ष्येत संपदा ॥ ८ ॥

ધરતીની અંદર રહેલ મૂલ જેમ વૃક્ષની ઉંચાઈથી માપી શકાય છે તેમ અદશ્ય એવો પણ ધર્મ પૂર્વોપાર્જિત પુણ્ય સંપત્તિ વડે ઓળખી શકાય છે. (૮)

धर्मादधिगतैश्वर्यो, धर्ममेव निहन्ति यः ।
कथं शुभगतिर्भावी, स स्वामिद्रोहपातकी ॥ ९ ॥

ધર્મથી ઐશ્વર્યને પામેલો જે ધર્મને જ હણે છે, તે સ્વામિ દ્રોહનો પાતકી શુભગતિને કેવી રીતે પ્રાપ્ત કરવાનો છે ? (૯)

धर्मस्य फलमिच्छन्ति, धर्मं नेच्छन्ति मानवाः ।
फलं पापस्य नेच्छन्ति, पापं कुर्वन्ति सादराः ॥१०॥

મનુષ્યો ધર્મના ફલને ઇચ્છે છે પણ ધર્મને ઇચ્છતા નથી, પાપના ફલને ઇચ્છતા નથી પણ પાપને આદરપૂર્વક કરે છે. (૧૦)

चला लक्ष्मीश्चलाः प्राणाश्चलं चंचलयौवनम् ।
चलाऽचलेऽस्मिन् संसारे, धर्म एको हि निश्चलः ॥११॥

લક્ષ્મી ચંચલ છે. પ્રાણો ચંચલ છે. યૌવન પણ ચંચલ છે. ચલાચલ આ સંસારને વિષે ધર્મ એક જ નિશ્ચલ છે. (૧૧)

આ રીતે ઉપરોક્ત દેવ, ગુરૂ અને ધર્મ એ ત્રણ તત્ત્વોના સ્વરૂપને બરાબર ઓળખી તેના ઉપર અટલ શ્રદ્ધા રાખવી એનું જ નામ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન એ આત્માના એક શુભ પરિણામ રૂપ છે. છદ્મસ્થોને તે દેખાય તેવું નથી. માત્ર તેના ચિન્હોથી તે ઓળખાય છે. તે માટે કહ્યું છે કે–

"शमसंवेगनिर्वेदानुकम्पास्तिक्यलक्षणैः ।
लक्षणैः पंचभिः सम्यक्, सम्यक्त्वमुपलक्ष्यते ॥१॥

અર્થ–શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય રૂપ પાંચ લક્ષણોથી સમ્યગ્દર્શન સારી રીતે જાણી શકાય છે. શમાદિનું સ્વરૂપ નીચે મુજબ છે.

૧. શમ—અનંતાનુબન્ધી કષાયના અનુદયને શમ કહેવામાં આવે છે. આવો શમ, સ્વાભાવિક એટલે આત્મામાં કષાયો મંદ પડવાથી થાય છે, અથવા કષાયના કડવા પરિણામોને જોવાથી પણ થાય છે. આવા ઉપશમવાળો જીવ, અપરાધી ઉપર પણ કદાપિ કોપ કરતો નથી. ચિત્તમાં અપરાધીનું પણ પ્રતિકૂલ ચિંતવતો નથી.

૨. સંવેગ—સંવેગ એટલે મોક્ષની અભિલાષા. સમ્યગદૃષ્ટિ આત્મા રાજા, ચક્રવર્તી કે ઈન્દ્રોના પણ વિષય સુખોને દુઃખમિશ્રિત અને પરિણામે દુઃખ દેનારા હોવાથી

દુઃખરૂપજ માને છે. માત્ર એક મોક્ષ સુખનેજ સાચું સુખ માને છે અને તેની જ અભિલાષા કરે છે.

૩. નિર્વેદ—સંસાર પ્રત્યેના થાકને નિર્વેદ કહેવામાં આવે છે. સમ્યગ્દૃષ્ટિ આત્મા, દુઃખ, દુર્ભાગ્ય વગેરેથી ભરેલા ભયંકર સંસારરૂપ જેલમાં કર્મરૂપી કોટવાળોની અનેક કદર્થના વેઠવા છતાં તેનો પ્રતિકાર કરવામાં અસમર્થ હોવાથી સંસારની ભયંકરતાથી નિર્વેદ પામેલો હોય છે. સંસારમાં મમત્વ વિનાનો આવો જીવ નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચારે ગતિમાં નિર્વેદ ગુણના યોગે દુઃખ માનીને કાળ નિર્ગમન કરે છે. અર્થાત્ ક્યારે હું સંસારના બંધનથી છૂટું એવી ઝંખનાપૂર્વક રહે છે

૪. અનુકમ્પા—નિષ્પક્ષપાતપણે દુઃખીઓના દુઃખોને ટાળવાની ઈચ્છાને અનુકમ્પા કહેવામાં આવે છે. પક્ષપાતથી તો સિંહ, વાઘ જેવા ક્રૂર જીવોને પણ પોતાનાં બચ્ચાંઓ વિગેરેનાં દુઃખોને દૂર કરવાની ઈચ્છા હોય છે. પણ તે કરૂણા મનાતી નથી. આ અનુકંપા દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારે છે. શક્તિ પ્રમાણે દુઃખીઓના દુઃખોને ટાળવાની પ્રવૃત્તિ તે દ્રવ્યઅનુકમ્પા અને દુઃખી પ્રાણીઓને જોઈને હૃદય દ્રવિત થાય તે ભાવ–અનુકમ્પા છે.

શારીરિક વિગેરે દુઃખોવાળાની અનુકમ્પા તે દ્રવ્યદયા અને પાપાચરણ વિગેરે આત્માના દુઃખોવાળાની અનુકમ્પા તે ભાવદયા એમ પણ અનુકમ્પાનું લક્ષણ કોઈ ઠેકાણે કહ્યું છે.

૫. આસ્તિક્ય—શ્રી જિનેશ્વરોએ જે કહ્યું છે તેજ, સત્ય અને શંકા વિનાનું છે એવી-માન્યતાવાળો અને અન્ય અભિલાષા રૂપ આકાંક્ષા વિનાનો આત્માનો શુભ પરિણામ તે આસ્તિકય કહેવાય છે. આવા આસ્તિકને પણ કદાચ બુદ્ધિની ન્યૂનતાને કારણે, તથાવિધ સમજાવનારા ગુરૂના અભાવે, જીવ, અજીવ વિગેરે જ્ઞેય ભાવોનું સ્વરૂપ ગહન હોવાને કારણે, જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી અથવા જેવા જોઈએ તેવા હેતુ દષ્ટાન્ત વિગેરે સમજવાના સાધનો નહિ હોવાના કારણે કોઈ પદાર્થો યથાર્થ ન સમજાય તો પણ બુદ્ધિમાન આસ્તિક જીવ 'સર્વજ્ઞનો મત સત્ય છે' એમ જ માને. ઉપર કહેલાં કારણોના યોગે હું સમજી શકતો નથી, એમ પોતાની ખામી સ્વીકારે. કારણ કે શ્રી જિનેશ્વરો નિષ્કારણ ઉપકારી છે. એટલે કે ઉપકાર નહિ કરનારા એવા અનુપકારી ઉપર પણ ઉપકાર કરનારા, રાગદ્વેષ વિનાના અને જગતશ્રેષ્ઠ આત્માઓ હોય છે, જેથી તેઓ અસત્યવાદી હોતા જ નથી. એ પ્રમાણે વિચારી શ્રી જિનવચન સત્ય જ માને.

આ સમ્યગ્દર્શનને શોભાવનારા પાંચ ભૂષણો નીચે મુજબ છે.

स्थैर्यं प्रभावना भक्तिः, कौशलं जिनशासने ।
तीर्थसेवा च पञ्चास्य, भूषणानि प्रचक्षते ॥ १ ॥

અર્થ—સ્થિરતા, પ્રભાવના, ભક્તિ, જૈન શાસનમાં કુશલતા અને તીર્થની સેવા, આ પાંચ સમ્યગ્દર્શનના ભૂષણો કહેવાય છે.

<u>સ્થિરતા</u>—શ્રી જિનેશ્વર દેવના ધર્મમાં અન્ય આત્મા-ઓને સ્થિર કરવા, અથવા અન્ય સ્થળે ચમત્કાર આદિ જોવા છતાં પોતે સ્વધર્મથી ચલાયમાન ન થવું તેને સ્થિરતા કહી છે.

<u>પ્રભાવના</u>—જેનાથી જૈનશાસનનો મહિમા વધે તેવી પ્રવૃત્તિઓને પ્રભાવના કહેવાય છે.

<u>ભક્તિ</u>—શ્રી જિન પ્રવચન-સંઘનાં વિનય વૈયાવ-ચ્ચાદિ કરવા તેને ભકિત કહી છે.

<u>જિનશાસનમાં કૌશલ્ય</u>—કૌશલ્ય એટલે નિપુણતા. <u>અર્થાત્</u> શ્રી જિન આગમમાં ભિન્ન ભિન્ન પ્રકારનાં વચનો છે. કેટલાંક વિધિ વચનો છે, કેટલાંક ઉદ્યમનાં પ્રેરનારાં છે, કેટલાંક પદાર્થોના વર્ણન રૂપે છે, કેટલાંક ઉત્સર્ગવચનો છે. કેટલાંક અપવાદરૂપ છે, એમ અનેક અપેક્ષા-વાળાં તે તે વચનોને અનુસારી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને પુરૂષાદિને આશ્રીને તેવો તેવો વ્યવહાર કરવો, તેને શ્રી જિનશાસનમાં નિપુણતા કહી છે. શ્રી જિનશાસનની વ્યવસ્થામાં-વ્યવહારમાં એ રીતિએ નિપુણતાને શ્રી જિન-શાસનમાં કૌશલ્ય કહ્યું છે.

<u>તીર્થસેવા</u>—સંસારસમુદ્ર જેનાથી તરાય તે તીર્થ. તે તીર્થો દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારનાં છે. તેમાં શ્રી જિનેશ્વરોનાં જન્માદિ જ્યાં થયાં હોય તે ભૂમિઓ તથા શ્રી શત્રુંજય ગિરિરાજ વગેરે દ્રવ્ય તીર્થો કહેવાય છે. તે સંબંધી કહ્યું છે કે—"<u>મહામહિમાવંત શ્રી તીર્થંકર ભગવંતોનાં</u>

જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન કે નિર્વાણ જ્યાં થયાં હોય, તે દ્રવ્યતીર્થ કહેવાય છે, તેની સ્પર્શનાથી દર્શન–શ્રદ્ધા-પરિણતિ આગાઢ એટલે સ્થિર થાય છે"[1]

તેમજ જ્ઞાન, દર્શન અને ચારિત્રના આધારભૂત શ્રમણ પ્રમુખ સંઘ અર્થાત્ સાધુ, સાધ્વી; શ્રાવક, શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘ, અથવા પહેલા ગણધર ભગવંત તે "ભાવ-તીર્થ" કહેવાય છે, એ રીતિએ દ્રવ્ય અને ભાવ બન્ને પ્રકારનાં તીર્થોની યાત્રા પૂજારૂપે કે વિનયાદિ રૂપે સેવા કરવી તે તીર્થસેવા કહેવાય છે.

સમ્યગ્દર્શનની છ ભાવનાઓ

૧ મૂલ—જેમ મૂલમાંથી વૃક્ષ ઉગીને ફળ આપે છે, તેમ સમ્યગ્દર્શન રૂપી મૂલમાંથી ચારિત્રધર્મ રૂપી વૃક્ષ ઉગીને પરિણામે મોક્ષરૂપ ફળ આપે છે. જેમ મૂલ વિના વૃક્ષ ટકતું નથી, તેમ સમ્યગ્દર્શન વિના મિથ્યામતિઓના મત રૂપી પવનથી ડોલાયમાન થતું ધર્મવૃક્ષ પણ ટકતું નથી. એ રીતિએ સમ્યગ્દર્શન એ ધર્મવૃક્ષનું મૂલ છે.

૨. દ્વાર—દ્વાર એટલે દરવાજો. જેમ નગર સુંદર હોય અને ચારે બાજુ કિલ્લો મજબૂત હોય, પણ દરવાજો ન હોય તો નગરમાં જવા આવવાનું કે નગરને જાણવા જોવાનું કાર્ય થઈ શકતું નથી; તેમ ધર્મરૂપ નગરમાં પણ સમ્યગ્દર્શન વિના પ્રવેશ થઈ શકતો નથી અને ધર્મનું સત્ય સ્વરૂપ પણ જાણી શકાતું નથી. આથી ધર્મનગરનું સ્વરૂપ જાણવા માટે સમ્યગ્દર્શન એ પ્રવેશદ્વાર છે.

---

१ जम्मं दिक्खा नाणं, तित्थयराणं, महाणुभावाणं ।
जत्थ य किर निव्वाण, आगाढं दसणं होइ ॥ १ ॥

૩. પીઠિકા—પીઠિકા એટલે પાયો. જેવી રીતે જમીનમાં પાયો ખોદી, તેને મજબૂતાઈથી પૂરી તેના ઉપર બાંધેલો મહેલ સ્થિર રહે છે, તે સિવાય ટકતો નથી, તેમ સમ્યગ્દર્શન રૂપી પાયા વિના ધર્મરૂપી મહેલ નિશ્ચલ-સ્થિર બનતો નથી-તૂટી જાય છે માટે સમ્યગ્દર્શન એ ધર્મરૂપી મહેલનો મજબૂત પાયો છે.

૪ આધાર—જેમ જગત પૃથ્વી વિના નિરાધાર રહી શકે નહિ, તેમ ધર્મરૂપ જગત પણ સમ્યગ્દર્શન વિના નિરાધાર રહી શકે નહિ, માટે સમ્યગ્દર્શન એ ધર્મ જગતનો આધાર છે.

૫ ભાજન—ભાજન એટલે વાસણ. અર્થાત વસ્તુને રાખવા માટેનું પાત્ર. જેમ પાત્ર વિના દૂધ, ઘી વિગેરે રસો નાશ પામે, તેમ સમ્યગ્દર્શન રૂપ ભાજન—પાત્ર વિના ધર્મ-રસ પણ નાશ પામે-ચાખી શકાય નહિ. માટે સમ્યગ્દર્શન એ ધર્મરસનું ભાજન છે.

૬ નિધિ—નિધિ એટલે ભંડાર. જેમ મહા મૂલ્યવાન મણિ, મોતી, સુવર્ણ વિગેરે ચીજો તીજોરી કે ભંડાર વિના સુરક્ષિત રહી શકે નહિ, ચોરાઈ જાય, તેમ સમ્યગ્દર્શન રૂપી ભંડાર વિના ચારિત્ર રત્ન સુરક્ષિત સચવાય જ નહિ. મોહ લૂંટારૂઓ લૂંટી જ જાય માટે સમ્યગ્દર્શન એ ધર્મરૂપ (જ્ઞાનાદિ) રત્નોનો ભંડાર છે.

આ રીતે શ્રી જિનેશ્વરદેવોએ સમ્યગ્દર્શનને ધર્મના મૂળ, દ્વાર, પીઠિકા, આધાર, ભાજન અને નિધિ રૂપ કહ્યું છે. આ છ પ્રકારે સમ્યગ્દર્શન ગુણને ભાવતાં-વિચારતાં તે

આત્માનું સમ્યગ્દર્શન વહેલામાં વહેલું મોક્ષ સાધક બને છે, માટે આને સમ્યગ્દર્શનની ભાવનાઓ કહી છે.

સમ્યગ્દર્શનના પાંચ અતિચાર

આ સમકિતને દૂષિત કરનાર શંકાદિ પાંચ અતિચારો જાણવા જરૂરી હોવાથી અત્રે દર્શાવવામાં આવે છે.

शंकाङ्क्षाविचिकित्सामिथ्यादृष्टिप्रशंसनम् ॥
तत्संस्तवश्चपञ्चापि, सम्यक्त्वं दूषयन्त्यलम् ॥ १ ॥

અર્થ–શંકા એટલે શ્રી જિન વચનમાં શંકા કરવી તે. કાંક્ષા એટલે અન્ય મતની અભિલાષા રાખવી તે. વિચિકિત્સા એટલે ધર્મના ફળનો સંદેહ કરવો. અર્થાત્ હું ધર્મકરણી કરૂં છું તેનું ફળ મને મળશે કે કેમ ? એવો વિચાર કરવો તે. ધર્મથી વિપરીત માન્યતાવાળા મિથ્યાદૃષ્ટિ લોકોની પ્રશંસા કરવી તથા તેમનો સંસર્ગ કરવો એ પાંચ સમ્યગ્દર્શનના દૂષણ છે. આ પાંચ અતિચાર ટાળવાથી સમ્યગ્દર્શન અતિ ઉજ્જવળ બને છે.

સમ્યગ્દૃષ્ટિ જીવનું વલણ કેવું હોય તે સંબંધી પૂર્વાચાર્યોએ એક ગાથા જણાવી છે. તે ઉપયોગી હોવાથી અહીં રજુ કરવામાં આવે છે.

सव्वत्थ उचियकरणं, गुणाणुराओ रई य जिणधम्मे ।
अगुणेसु अ मज्झत्थो, सम्मदिट्ठिस्स लिंगाइं ॥ १ ॥

સર્વ ઠેકાણે ઉચિતનું આચરણ, ગુણ તેમ જ ગુણીને વિષે અનુરાગ એટલે પ્રીતિ રાખવી, ધર્મને વિષે રતિ રાખવી અને નિર્ગુણ માણસ ઉપર મધ્યસ્થપણું રાખવું એ સમ્યગ્દૃષ્ટિ જીવનાં લક્ષણો છે.

પ્રકરણ ચોથું.

દેવદર્શન આદિનું રહસ્ય.

ગયા પ્રકરણમાં જોયું કે, ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે અને તે શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મના શ્રદ્ધાન સ્વરૂપ છે. પ્રત્યેક સમ્યગ્દષ્ટિ આત્માઓ માટે શ્રી વીતરાગ પરમાત્માનું દર્શન, વંદન, વિગેરે એક આવશ્યક કર્તવ્ય છે, એટલું જ નહિ પરંતુ બધા જ કર્ત્તવ્યોમાં મુખ્ય કર્તવ્ય છે, કારણ કે શ્રી વીતરાગ પરમાત્માનું દર્શન, વંદન, પૂજન એ સમ્યક્ત્વ શુદ્ધિનો અમોઘ ઉપાય છે, એમ શ્રી જિન ભગવંતોએ કહ્યું છે અને તેથી શ્રી જૈનશાસનમાં પ્રત્યેક સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓ માટે નિત્ય અને આવશ્યક કર્ત્તવ્ય તરીકે ઉપદેશાયેલાં છે. એ ઉપદેશના આધારે આજે પણ શ્રી વીતરાગદેવનાં દર્શનાદિની ક્રિયા શ્રદ્ધાપૂર્વક શ્રી જૈન શાસનમાં અખંડિત રીતે થઈ રહેલી છે, અને તેનાથી વ્યક્ત કે અવ્યક્તપણે અનેક પ્રકારના ફાયદાઓ જૈન સંઘ ઉઠાવી રહેલ છે. શાસ્ત્રોમાં શ્રી વીતરાગદેવના દર્શન, પૂજન અને સ્તવનાદિને આચરનાર ભવ્યાત્માઓના ભાવિ ઉન્નત જીવનની અચુક આગાહીઓરૂપ ગણેલાં છે. જે આત્મા જેટલી ઉચ્ચ વ્યક્તિને પૂજે છે, તે આત્મા તેટલી ઉચ્ચ સ્થિતિએ પહોંચે છે એ સર્વમાન્ય સિદ્ધાંત છે. શ્રી વીતરાગદેવની પૂજા કરનાર અને શ્રી વીતરાગદેવની સ્તુતિ

કરનારા અનુક્રમે શ્રી વીતરાગની સમાન બને છે, એ વાતમાં શ્રી જૈન કે જૈનેતરો સર્વ કોઈ પ્રમાણિક દર્શનકારો એકમત છે. શ્રી વીતરાગની ભક્તિ એ વિષમય દુનિયામાં અમૃતનો કુંડ છે. એમાં સ્નાન કરનાર આત્મા પાપપંકથી પાવન થયા વિના રહેતો નથી. શ્રી વીતરાગની ભકિતરૂપી અમૃતનાં કુંડમાં નિરંતર સ્નાન કરવા માટે શાસ્ત્રકારોએ અનેક પ્રકારના માર્ગો બતાવ્યા છે, તેમાં નિત્ય શાસ્ત્રોકત વિધિ પૂર્વક દેવદર્શન કરવું એ મુખ્ય છે. આબાલવૃદ્ધ સૌ કોઈ વડે સહેલાઈથી આચરી શકાય તેવું પવિત્ર ધર્મકૃત્ય છે. આત્મા ઉપર લાગેલ કર્મમળને ધોવા માટે તે એક પ્રકારનું આંતરિક સ્નાન છે. પરમાર્થદર્શી મહાપુરૂષો ભાર પૂર્વક ફરમાવે છે, કે નિત્ય શ્રી વીતરાગદેવના દર્શનાદિથી પાપરજ નાશ પામે છે અને પુણ્ય સમૂહ એકત્રિત થાય છે. તેથી તે ક્રિયાઓ શ્રી જૈન સંઘ અને ઉપલક્ષણથી સમસ્ત વિશ્વને એકાંત કલ્યાણ કરનારી છે. જેના દર્શનાદિનો આવો અચિંત્ય મહિમા છે, તે પરમ તારક શ્રી જિન પ્રતિમાનો મહિમા જેમ જેમ અધિક ખ્યાલમાં આવે છે, તેમ તેમ ભવ્ય આત્માઓ એ મૂર્તિદ્વારા શ્રી વીતરાગ પરમાત્માની ભક્તિમાં નિષ્કંપ શ્રદ્ધાવાન અને અધિક એકતાર બની શકે છે. અનુભવસિદ્ધ પુરૂષોએ આ અસાર સંસારમાં શ્રી વીતરાગ પરમાત્માની એક ભક્તિને જ સારભૂત ગણી છે. [redacted] એમ સ્પષ્ટ પણે જણાવ્યું છે. પ્રભુ ભકિત એ જ્ઞાનની માતા છે. અર્થાત હૃદયમાં પરમાત્મા પ્રત્યે પ્રેમ કે ભકિત-ભાવ જાગૃત

થયા વિના સાચા જ્ઞાનની પ્રાપ્તિ થઈ શકતી નથી. કેટ-લેક સ્થળે મુક્તિ કરતાં પણ પરમાત્માની ભક્તિને અધિક ગણવામાં આવી છે, તેની પાછળ પણ એ જ રહસ્ય છે કે અંતઃકરણમાં પ્રભુની ભક્તિ રોમરોમ પ્રગટ્યા વિના મુક્તિ સુલભ નથી. ભક્તિ એ જ મુક્તિને આકર્ષણ કરવા માટેનું સાચું લોહચુંબક છે. શ્રી. વીતરાગની ભક્તિને મુક્તિની દૂતી પણ ગણવામાં આવે છે. દુન્યવી સંપત્તિ એ ખરેખરી આત્માની સાચી સંપત્તિ નથી, પરંતુ વીતરાગનું સ્મરણ એ જ સાચી સંપત્તિ છે. અને દુન્યવી વિપત્તિઓ એ સાચી વિપત્તિઓ નથી, પરંતુ વીતરાગનું વિસ્મરણ એ જ સાચી વિપત્તિ છે.

પરમાત્માના ગુણોમાં ચિત્તની તન્મયતા થવાથી સેંકડો જન્મો વડે સંચિત કરેલા પાપપુંજો ક્ષણવારમાં ધ્વંસ થઈ જાય છે, તેમાં મુખ્ય કારણ એ છે, કે નિત્ય પ્રભુભક્તિથી બુદ્ધિ નિર્મળ બને છે અને નિર્મળ બુદ્ધિમાં પ્રભુની પ્રતિમા જોતાંની સાથે જ પ્રભુની અનંત કરૂણાનું સાચું દર્શન થાય છે. જગતના સમગ્ર જીવોનું સંપૂર્ણ કલ્યાણ પરમાત્માએ ચિંતવ્યું હોય છે, એટલું જ નહિ પણ ત્રણ ત્રણ ભવ સુધી એ ભાવને એમણે પરાકાષ્ઠાએ પહોંચાડ્યો હોય છે અને તેના યોગે તેમને એવી ઉત્કૃષ્ટ પુણ્યપ્રકૃતિઓનો બંધ થાય છે, કે જેના પ્રભાવે તેમની તમામ વસ્તુઓ જગતના કલ્યાણમાં અમોઘ રીતે સહાયક બને છે. તીર્થંકર પદના મૂલમાં પણ જગતકલ્યાણની ભાવના છે અને વચલા ગાળામાં પણ તીર્થપ્રવર્તન અને અવિચ્છિન્ન મોક્ષમાર્ગ

ચાલુ રહે તેવી પ્રવૃત્તિ છે. ભગવાનની કરૂણામાંથી એવું તીર્થ સર્જાય છે, કે જે તીર્થમાં રહેલા તમામ આત્માઓ સમગ્ર વિશ્વના મિત્ર બનવાને અહર્નિશ પ્રયત્ન કરે છે. 'मित्ती मे सव्वभूएसु' એ સૂત્ર જૈનધર્મનો પ્રાણ છે. "જગતના મિત્ર થઈને રહેવું" 'સૌનું સુખ ઈચ્છવું' 'કોઈને દુ:ખ ન આપવું' એવા આચાર અને વિચાર-વાળા સંઘની પ્રભુ સ્થાપના કરે છે. એ સંઘદ્વારા પ્રભુની કરૂણા જગતમાં વિસ્તાર પામે છે. પ્રભુએ જે કંઈ સર્જન કર્યું છે, તે બધું પ્રભુની કરૂણામાંથી ઉત્પન્ન થયું છે અને પ્રભુની પ્રતિમા એ પ્રભુની કરૂણાનું મૂર્ત સ્વરૂપ છે. એ પ્રતિમાની મનોહરતા જોવાથી જ પ્રભુની કરૂણા કેટલી અનંત અને અમાપ હતી તે ખ્યાલમાં આવે છે. જે પ્રભુની આપણે ભક્તિ કરીએ છીએ, એ પ્રભુ આટલા બધા કરુણાશીલ હતા, એવું ભાન થતાંની સાથે જ આપણો આત્મા પણ જગતના તમામ જીવોને પોતાના સમાન જોવા, જાણવા અને તેમની સાથે પોતાના સમાન આચરણ કરવા માટે ભાવનાશીલ બને છે. આ રીતે પ્રભુદર્શનથી આત્મામાં સમગ્ર જીવો પ્રત્યે સમદર્શિપણું આવે છે અને એ આત્મસમદર્શિત્વનો ભાવ એવો ઉત્કૃષ્ટ ભાવ છે, કે તે ક્ષણવારમાં અનંત ભવના પાપોનો ધ્વંસ કરી નાખે છે. કારણ કે તેમાં સ્વાર્થભાવને બદલે પરમાર્થભાવની મુખ્યતા છે. પરમાર્થભાવ એ જ ધર્મનો સર્વસ્વ સાર છે. જ્યાંસુધી જીવમાં સ્વાર્થભાવ પ્રધાન હોય છે, ત્યાં સુધી તેના મનમાં સંકલ્પ-વિકલ્પો શાંત થતા નથી અને સંકલ્પ-વિકલ્પો

શાંત ન થાય ત્યાંસુધી ઉત્તમ ધ્યાનની યોગ્યતા આવતી નથી. નિર્વિકલ્પ દશા પ્રાપ્ત કરવા માટે પ્રથમ મનની અંદર પરાર્થપ્રધાન એવો સર્વ જીવોના સુખનો વિચાર અત્યંત આવશ્યક બની જાય છે. સર્વ જીવોના હિતના વિચારથી મન શાંત બને છે, એટલે કે મનના અશુભ સંકલ્પ-વિકલ્પો શમી જાય છે અને એવા આત્મામાં અંતે જ્ઞાનની નિર્મલ જ્યોત પ્રગટ થાય છે. આ રીતે જગતના તમામ જીવો પ્રત્યે મિત્રતાનો ભાવ પહોંચાડવો એ નિર્વિકલ્પ દશા પ્રાપ્ત કરવા માટે ખૂબજ ઉપયોગી છે. નિર્વિકલ્પ દશા વિના કોઈ પણ જીવ વીતરાગ બની શકતો નથી. વીતરાગતા વિના કેવળજ્ઞાન નથી, કેવળજ્ઞાન વિના સર્વકર્મનો ક્ષય નથી અને સર્વ કર્મના ક્ષય વિના મોક્ષ કે મોક્ષનું સુખ કોઈ મેળવી શકતું નથી, એથી નક્કી થાય છે કે સુખપ્રાપ્તિનો સાચો ઉપાય આપણા અંતઃકરણમાં વિશ્વમૈત્રીનો ભાવ જાગૃત કરવો તે પણ એક પ્રધાન હેતુ છે. આ વિશ્વમૈત્રીનો ભાવ પરમાત્માની કરૂણા વિના પ્રગટાવી શકાતો નથી અને પ્રભુની કરૂણા પ્રાપ્ત કરવા માટે આદર અને બહુમાન પૂર્વક આંતરૂં પાડયા વિના નિત્ય પરમાત્માના દર્શન, વંદન, પૂજન, જાપ અને ધ્યાન આદિના સતત અભ્યાસની અત્યંત જરૂર છે. ધર્મની તમામ આરાધના આત્માને કોમળ બનાવવા માટે છે. અર્થાત્ આત્માને કરૂણાશીલ બનાવવા માટે છે. જ્યાંસુધી કરૂણાનો ભાવ આપણા અંતઃકરણમાં સુદૃઢ રીતે સ્થિર ન બને, ત્યાં સુધી કરૂણાવંત ભગવાનને ન ભૂલવા, એનું સતત સ્મરણ ચાલુ

રાખવું, કરૂણાવંતની કરૂણા લક્ષ્યમાં રાખવી એ જ વિવેકી પુરૂષોનું પરમકર્તવ્ય બની રહે છે. તમામ ધર્મક્રિયાઓનું હાર્દ પણ એ જ છે કે તે દ્વારા પરમાત્માનું સ્મરણ અખંડિત ચાલુ રહે. "અચિંત્ય ચિંતામણિ સમાન ભગવાન આ ક્રિયાના પ્રરૂપક છે. જગતના કેવળ હિતને માટે ભગવાને આ શુભયોગ બતાવ્યો છે." ક્રિયા કરતી વખતે આવું સ્મરણ જેના હૃદયમાં સતત રીતે ચાલ્યા કરે છે, તે સ્મરણ જ આત્માનું સર્વશ્રેષ્ઠ મંગળ છે. જેના અંતરમાં મંગળમય પરમાત્મા બિરાજમાન છે, તેની મલીનતા દૂર થાય છે અને તેના આત્મામાં ચારે તરફથી ગુણલક્ષ્મી ઉભરાવા લાગે છે, તેના અંતરાયો સમૂલ નાશ થાય છે અને તેની તમામ અભિલાષાઓ અવશ્ય ફળીભૂત થાય છે. એવો અચિન્ત્ય મહિમા પરમાત્માના સ્મરણનો છે. નિત્ય પ્રભુદર્શનાદિના અભ્યાસથી આ કાર્ય ઘણું જ સુલભ બને છે. માટે જ પ્રભુદર્શન એ પરંપરાએ આત્માના મહાન વિકાસનું એક અત્યંત મહત્ત્વનું અંગ બની રહે છે. ભક્તિના બળથી હૃદયમાં પરમાત્માના ગુણોની સ્થિરતા થવાથી કર્મના દૃઢ બંધનો પણ શિથિલ થઈ જાય છે. પરમાત્માના કરૂણાદિ ગુણોનું ધ્યાન, ચિન્તવન અને વારંવાર સ્મરણ થવાથી દુરૂછેદ્ય અને દીર્ઘ એવા સંસારનો પણ શીઘ્ર ઉચ્છેદ થઈ જાય છે. એ સઘળી વસ્તુઓનો લાભ શ્રી વીતરાગની મૂર્તિદ્વારા સિદ્ધ થઈ શકે છે. બાળકથી માંડીને વૃદ્ધ, ભણેલ હોય કે અભણ હોય, વિશિષ્ટ જ્ઞાની હોય કે સામાન્ય જ્ઞાની હોય અથવા સ્ત્રી હોય કે પુરૂષ હોય ધનવાન હોય કે નિર્ધન હોય પરંતુ આબાલગોપાલ સર્વ

અવસ્થાના જીવોને લાભ મેળવવા માટે શ્રી જિનપ્રતિમાં જેવું એક પણ સરળ કે સુલભ આલંબન બીજું કોઈ નથી. પરમપવિત્ર શ્રી જિનપ્રતિમાની મહત્તા અને ઉપયોગિતા સંબંધી થોડીક વધુ વિચારણા અહીં કરીએ.

મૂર્તિની મહત્તા.

હરકોઈ વસ્તુની ગેરહાજરીમાં તે તે વસ્તુઓનું યથાર્થ-જ્ઞાન અને સાક્ષાત અનુભવ થતો હોય તો તે મૂર્તિદ્વારા જ થઈ શકે છે દુનિયામાં રહેલા પર્વતો, નદીઓ, ગામો અને શહેરો આદિ પરોક્ષ વસ્તુનું જ્ઞાન જેમ નકશો કરાવી શકે છે, તેમ મૂર્તિ પણ પરોક્ષ પુરૂષોના સ્વરૂપનું જ્ઞાન કરાવ-વામાં નકશાનું કાર્ય કરે છે. આગમશાસ્ત્રો માત્ર ભણેલા-ઓને તથા સમજદારને ઉપકાર કરે છે, જ્યારે મૂર્તિ ભણેલ અગર અભણ સૌ કોઈને વૈરાગ્ય ઉત્પન્ન કરવામાં એક સરખી ઉપકારી થાય છે. વળી જે દેશમાં મુનિરાજોનો બીલકુલ વિહાર જ થતો નથી તથા અન્ય કોઈ સાધન દ્વારા શાસ્ત્રશ્રવણ આદિનો પણ પ્રસંગ પ્રાપ્ત થતો નથી, એવા દેશના જૈનોનું જૈનત્વ અદ્યાપિ પર્યન્ત ટકાવી રાખનાર કોઈ હોય, તો તે વીતરાગ પ્રભુના મંદિરો તથા તેમની મૂર્તિ જ છે મૂર્તિપૂજા એ કોઈ કપોલકલ્પિત વસ્તુ નથી, પરંતુ જીવનવિકાસનું એક અતિ મહત્વનું અંગ છે. એથી જ સિદ્ધાંતના રહસ્યનો વિચાર કરવામાં ચતુર પુરૂષોએ પરમાત્માની પ્રતિમાનો પ્રીતિ પૂર્વક સ્વીકાર કર્યો છે.

મૂર્તિ જડ હોવાથી ચેતનને શી રીતે લાભ કરનારી

અને ? આ પ્રશ્નને જો સરળતાથી વિચારવામાં આવે તો સમજવો તદ્દન સહેલો છે અને જિજ્ઞાસુને તેનું સમાધાન પણ થઈ શકે તેમ છે.

નિમિત્તવાસી આત્મા.

જૈન સિદ્ધાંત કહે છે કે જ્યાં સુધી જીવ કર્મના લેપથી લેપાયેલો છે, ત્યાં સુધી તેના ઉપર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અસર રહેલી છે અને તેમાં પણ પ્રમત્ત ગુણ-ઠાણા સુધી તો ઉત્તમ પ્રકારના આલંબનોમાં વસવું અને ઉત્તમ આલંબનોની ત્રિકરણયોગે આરાધના કરવી એને જ ધર્મ કહ્યો છે. કારણ કે ત્યાં સુધી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અસરથી તે મુક્ત હોઈ શકતો નથી. ભગવાનની મૂર્તિ જડ હોવાથી તે ચેતનને કંઈ પણ અસર ન ઉપજાવે એમ કહેવું એ અનુભવ વિનાનું કથન છે. ભગવાનની મૂર્તિ તો શું પણ પ્રત્યેક વસ્તુ કંઈ ને કંઈ અસર કરે જ છે, જે ભાવના પૂર્વક ભગવાનના દર્શનાદિ કરે છે, તેને સારી અસર જરૂર થાય છે. આ હકીકત સૌને અનુભવ સિદ્ધ છે, તો પણ આ વાતને વધુ સ્પષ્ટ કરવા ખાતર થોડાંક દૃષ્ટાન્તો અહીં વિચારીએ.

જડ વસ્તુઓનો પ્રભાવ.

દુનિયામાં એવી અનેક જડ વસ્તુઓ છે, કે જેના પ્રભાવથી ચેતનને કંઈ ને કંઈ અસર પેદા થયા વિના રહેતી નથી. બ્રાહ્મી વનસ્પતિનું ચૂર્ણ મગજને સતેજ કરે છે, જ્યારે મદિરાપાન મગજને ગાંડુ બનાવી દે છે. ઝેર મારે છે, જ્યારે

અમૃત જીવાડે છે. દૂરબીન જડ હોવા છતાં ઘણે દૂર રહેલા પદાર્થોને દેખાડી શકે છે. વસ્ત્ર જડ હોવા છતાં શરદી અને ગરમીની પીડાથી ચેતનનું રક્ષણ કરે છે. નેપાળાની ગોળી જડ હોવા છતાં માણસના પેટની મળશુદ્ધિ કરી આપે છે. ચંદન જડ હોવા છતાં તેનું વિલેપન ગરમીની પીડા દૂર કરી શીતળતા ઉપજાવે છે. અગ્નિનો શેક ઠંડીની પીડા દૂર કરી આપે છે. આગળ વધીને કહીએ તો અનંત શકિતના માલીક આત્માને સંસારમાં ભટકાવનાર પણ આઠ કર્મની જડ પ્રકૃતિઓજ છે. વર્તમાનમાં પણ ચૈતન્યની સેવા ચાકરી શરીર અને અન્ન, જળ વિગેરે અનેક જડ સાધનો દ્વારાજ થઈ રહી છે. સમય થાય છે અને ભૂખ તૃષા લાગે છે, તે ભૂખ અને તૃષા જડ એવા અન્ન અને જળથી સંતોષવામાં ન આવે તો ચૈતન્ય પોતાનું કામ આપતુ નથી. શરીર માંદુ પડે છે, ત્યારે જડ ઔષધની અપેક્ષા રહે છે. મંત્રાક્ષરો અને જડીબુટ્ટીઓ જડ હોવા છતાં અનેક પ્રકારના બાહ્ય અભ્યંતર ઉપદ્રવોમાંથી મુકત કરવા શકિતમાન થાય છે. રજોહરણ અને મુહપત્તિ જડ હોવા છતાં જીવોની રક્ષા કરાવી આત્માને સદ્ગતિમાં નિમિત્તભૂત બને છે. ગુરૂ મહારાજના આસનમાં ગરમ ઉન અથવા જે કાપડ છે તે પણ જડ છે, છતાં તેને પગ લાગી જાય તો પાપ માનવામાં આવે છે. ભીંત ઊપર રહેલું સ્ત્રીનું જડ ચિત્ર મનુષ્યોના ભાવને બગાડવામાં નિમિત્ત ભૂત થાય છે અને એટલા માટે જ શ્રી દશવૈકાલિક સૂત્રમાં સ્ત્રીના ચિત્રામણવાળા મકાનમાં ઉતરવાનો સાધુઓને નિષેદ્ધ કર્યો છે. સ્ત્રીનું જડ ચિત્ર જો ભાવને

ભગાડવામાં કારણ બને છે, તો પછી ભગવાનની મૂર્તિ ભાવપૂર્વક દર્શન, વન્દન કરનાર તેના ભકતોને વૈરાગ્યનું કારણ કેમ ન બને ?

શ્રી જિન આગમ અને જિન પ્રતિમા.

આ પંચમ કાળમાં તરવાનાં બે સાધન છે. એક તો શ્રી વીતરાગનું વચન અને બીજું શ્રી વીતરાગનું બિંબ. વીતરાગનાં આગમ જડ કાગળ અને શાહી વિગેરેના બનેલાં છે. વીતરાગનાં બિંબ પણ જડ પાષાણ અને ધાતુ વિગેરેનાં બનેલાં છે, બન્ને વસ્તુ જડ હોવા છતાં ચૈતન્યને વિકસાવનારાં છે. આ જગતમાં એ બે જડ વસ્તુઓ જ એવી છે, કે જે આત્માની અંદર ભરાયેલી સઘળી જડતાનો ઉચ્છેદ કરે છે. એ બે સિવાય બીજી જડ વસ્તુઓ, આત્માના ચૈતન્યને હણનારી થાય છે. એ બે વસ્તુઓ જડ હોવા છતાં એના ઉપાસક આત્માની જડતાને ક્ષણવારમાં હરી લે છે. એ કારણે શ્રી જિનાગમોમાં શાસ્ત્રોની ઉપાસના ઉપર જેટલો ભાર મૂકવામાં આવ્યો છે, તેટલો જ અને કોઈ અપેક્ષાએ તેથી પણ વધારે ભાર વિધિપૂર્વક શ્રી જિન ચૈત્યો અને શ્રી જિન મૂર્તિઓની ઉપાસના ઉપર મૂકયો છે. "जिणपआ जिणथणणं" શ્રી જિનેશ્વરોની ત્રિકાલપૂજા અને શ્રી જિનેશ્વરોની સ્તુતિ એ શ્રાવકોનાં અગત્યનાં કર્તવ્યો ગણાવ્યાં છે. એથી આત્માની જે શુદ્ધિ થાય છે, તે એના વિના બીજા હજાર ઉપાયોથી પણ થતી નથી. શ્રી જિનેશ્વરની પૂજા આત્માને વિશ્વના એક સર્વોત્તમ ગુણીની સાથે સીધો સંપર્ક સધાવી

આપે છે, તેમના વિપુલ ગુણોનું જ્ઞાન તથા બૂઝ કરાવતાં શીખવે છે અને અત્યંત નમ્ર બનાવીને આત્માને સદા તેમના ગુણોની અભિમુખ વૃત્તિવાળો બનાવે છે.

મૂર્તિ એ ધ્યાનનું પરમ સાધન છે

જેમ ગ્રન્થ, એ વીતરાગનાં વચનને જાણવાનું અને સમજવાનું સાધન છે, તેમ મૂર્તિ, એ સાક્ષાત્ વીતરાગને જાણવા અને ધ્યાવવા–ધ્યાન કરવાનું અર્થાત્ એકાગ્રચિત્તે સ્મરણ કરવાનું સાધન છે. પરંતુ ગ્રન્થદ્વારા એ જ્ઞાન મેળવવા માટે જેમ વ્યાકરણ, કાવ્ય, કોષ અને ન્યાયશાસ્ત્રાદિના અધ્યયનનું અને તે દ્વારા અક્ષરોના સંકેતનું, તથા વાક્ય, મહાવાક્ય અને ઐદંપર્યાર્થ પર્યંતનું જ્ઞાન મેળવવાની આવશ્યકતા છે, તેમ વીતરાગની મૂર્તિ દ્વારા વીતરાગ અને વીતરાગતાનું જ્ઞાન મેળવવા માટે વીતરાગના સ્વરૂપનું, વીતરાગના કરૂણાદિ ગુણોનું, વીતરાગની શક્તિનું, વીતરાગના ઉપકારનું, વીતરાગની પૂર્વાપર અવસ્થાનું, વીતરાગના શાસનનું, વીતરાગના શાસનના આરાધકોનું, વીતરાગના શાસનની આરાધનાનું, તેના ફળનું, ફળની પરંપરાનું વિગેરેનું યથાસ્થિત જ્ઞાન ચિત્તમાં પ્રગટ કરવાની આવશ્યક્તા રહે છે. આગમ અને અનુમાનથી એ જ્ઞાન થાય છે. પરંતુ એ જ્ઞાન જ્યારે શ્રી જિન પ્રતિમાદિના ધ્યાનથી પરિપક્વ બને છે ત્યારે તે અનુભવાત્મક બને છે. અનુભવજ્ઞાનના ગુણ ઘણા છે, તે બધા વાણીદ્વારા બતાવી શકાતા નથી. માત્ર મનમાં સમજી શકાય છે–અનુભવી શકાય છે.

જ્ઞાનથી પણ પ્રતિમાનું ધ્યાન શ્રેષ્ઠ છે.

મોક્ષ માર્ગમાં ધ્યાન એ સૌથી ચડીયાતી વસ્તુ છે, અને એ ધ્યાન મૂર્તિથી જેવી રીતે સર્વ અવસ્થાના જીવોને સુલભ છે, તેવી રીતે બીજી કોઈ વસ્તુથી સુલભ નથી. જ્ઞાન કરતાં પણ ધ્યાન શ્રેષ્ઠ છે. જ્ઞાનનું કાર્ય પ્રકાશ આપવાનું છે. વસ્તુને બતાવવાનું છે, જ્યારે ધ્યાનનું કાર્ય અનુભવ કરાવવાનું છે. ઘરમાં ભોજનની ઉત્તમ સામગ્રી વિદ્યમાન હોય, તેની માહિતી જ્ઞાનથી મળે છે. પણ તેનો આસ્વાદ, ભૂખનો છેદ અને તૃપ્તિ વગેરેનો અનુભવ તો ભોજન કરવાથી જ થાય છે. તેમ અહીં પણ શાસ્ત્રજ્ઞાન એ જાણવાનું સાધન છે અને મૂર્તિ એ ધ્યાનનું સાધન છે અર્થાત્ અનુભવ કરાવનાર વસ્તુ છે. એ ધ્યાન ચિત્તમાં જેમ જેમ સ્થિર થતું જાય છે, તેમ તેમ વીતરાગના સાક્ષાત દર્શન અને સમાગમ જેટલો લાભ એક અપેક્ષાએ મૂર્તિના ધ્યાનદ્વારા મેળવી શકાય છે.

મહા જ્ઞાનિઓનું પણ વિશ્રામસ્થાન મૂર્તિ છે.

શાસ્ત્રોમાં જંઘાચારણ અને વિદ્યાચારણ જેવા લબ્ધિધર તથા અપ્રમત્તદશાએ પહોંચેલા જ્ઞાની મુનિવરોના પણ જ્ઞાન ધ્યાનમાંથી સમય કાઢી નંદીશ્વરાદિ તીર્થોમાં રહેલાં શાશ્વત ચૈત્યો અને મનુષ્યલોકમાં રહેલાં બીજાં અશાશ્વત ચૈત્યોની યાત્રાએ જવાના ઉલ્લેખો મળે છે, તે એમ સિદ્ધ કરે છે, કે જ્ઞાની મહર્ષિઓને પણ વીતરાગનું ધ્યાન કરવા માટે વીતરાગનાં બિંબોનું જ એક શરણ સ્વીકારવું પડે છે. ત્રણે

ભુવનમાં વીતરાગનાં બિંબો અને ચૈત્યો દ્વારાએ જે ઉપકાર થઈ રહ્યો છે, તે અનુપમ છે, પરંતુ તેની કદર જ્ઞાની આત્માઓ જ કરી શકે છે અને એ કારણે ચાર જ્ઞાનના ધણી ગણધર શ્રી ગૌતમ મહારાજાએ રચેલ જગચિંતામણિ નામનાં પ્રસિદ્ધ ચૈત્યવંદનમાં સર્વલોકમાં રહેલ શાશ્વત-અશાશ્વત ચૈત્યો અને બિંબોને નમસ્કાર કર્યો છે. તથા શ્રુતકેવળી ભગવાન શ્રી ભદ્રબાહુ સ્વામી આદિ પૂર્વધર અને બીજા શ્રુતકેવળી મહાપુરૂષોએ પણ આવશ્યક નિર્યુક્તિ આદિ ગ્રંથોમાં ત્રણે લોકમાં રહેલા શાશ્વત અને અશાશ્વત શ્રી જિનચૈત્યો અને શ્રી જિનબિંબોને નમન, વન્દન અને ભક્તિ કરવા માટે તત્પરતા દાખવી છે તથા તેની ભક્તિનાં શુભ ફળોનો વિસ્તૃત નિર્દેશ કરેલો છે.

મૂર્તિને અપાયેલી ઉપમાઓ સત્ય છે.

શ્રી જિનમૂર્તિની સ્તુતિ કરતાં પ્રતિભાસંપન્નકવિઓએ ગાયું છે કે—

“ किं ब्रह्मैकमयी किमुत्सवमयी श्रेयोमयी किं किमु ।
ज्ञानानन्दमयी किमुन्नतिमयी किं सर्वशोभामयी ॥
इत्थं किं किमिति प्रकल्पनपरैस्त्वन्मूर्त्तिरुद्वीक्षिता ॥
किं सर्वातिगमेव दर्शयति सद्ध्यानप्रसादान्महः ॥ १ ॥

અર્થ—“શું આ મૂર્તિ બ્રહ્મમય છે? શું ઉત્સવમય છે? શું કલ્યાણમય છે? શું જ્ઞાનના આનંદમય છે? શું ઉન્નતિમય છે? શું સર્વ શોભામય છે? એ રીતની કલ્પનાઓમાં તત્પર એવા કવિઓ વડે જોવાયેલી આપની મૂર્તિ સદ્ધ્યાનના

પ્રસાદથી સર્વને ઉલ્લંઘન કરી જનાર એવા જ્ઞાનરૂપ તેજને દેખાડે છે."

મૂર્તિ પાષાણની કે ધાતુની હોવા છતાં કવિઓને તે બ્રહ્મમય, ઉત્સવમય, કલ્યાણમય, જ્ઞાનમય, આનંદમય, ઉન્નતિમય, સર્વશોભામય કે કેવળજ્ઞાનરૂપી તેજનાપુંજમય લાગે છે, તે કેવળ અતિશયોક્તિ રૂપ કે ભાષાના અલંકાર રૂપ છે, એમ સમજવાનું નથી. કિન્તુ તે એક પરમ સત્ય રૂપ છે, જેમ ગહન જ્ઞાનને સમજાવનાર કોઈ ગ્રંથવિશેષ, કાગળ અને શાહીના સમૂહરૂપ સાધારણ વસ્તુનો હોય છે, તો પણ, એકાગ્ર ચિત્તથી તેનું અધ્યયન કરનાર વિદ્વાન પુરૂષને તે જ્ઞાનના પુંજરૂપ અને ચૈતન્યના ભંડારરૂપ સમજાય છે, તેમ વીતરાગની મૂર્તિ પણ તેના દર્શન કરનાર જ્ઞાની પુરૂષને સાક્ષાત્ વીતરાગનું દૃશ્ય ખડું કરે છે અને જોનારના ચિત્તમાં વીતરાગના સઘળા ગુણોને પ્રતિબિંબિત કરે છે, વીતરાગની મૂર્તિ દર્શન કરનારના ચિત્તને સાક્ષાત્ વીતરાગની પાસે લઈ જાય છે અન્ય શબ્દોમાં કહીએ તો વીતરાગની પાસે જવા માટે અર્થાત્ વીતરાગતા જેવી ઉચ્ચ કક્ષાએ ચઢવા માટે મૂર્તિ એ સાક્ષાત્ નિસરણી રૂપ બની જાય છે.

અનુભવીઓના અમૃતોદ્ગારની પરંપરા

લાખો અને કરોડો દલીલોથી જે વાતનો ઉકેલ આવી શકતો નથી, તેનો ઉકેલ અનુભવથી સહેજમાં આવી શકે છે. મૂર્તિનું આલંબન લેવામાં શું શું લાભો રહેલા છે, તેની

પ્રતીતિ કરવી હોય તો થોડોક વખત [redacted] નિયમિત રીતે પ્રતિમાનું આલંબન લઈ પોતાનું ચિત્ત તેમાં એકાગ્ર કરવાનો અભ્યાસ કેળવવો જોઈએ. અને એ અભ્યાસના પરિણામે પોતાની ચિત્તની વૃત્તિઓમાં કેવું કેવું પરાવર્તન થાય છે, આંતરમળ કેટલો ઘટવા માંડે છે, કેટલી પવિત્રતા વધે છે, પ્રથમ ઘણા પ્રયત્ને પણ જે દોષો ઉપર કાબુ મેળવી શકાતો નહિ, એવા પણ દોષો વિના પ્રયાસે કેવી રીતે ઘટવા માંડે છે, કષાયોની મંદતા કેવી થવા માંડે છે, અગમ્ય પદાર્થોમાં બુદ્ધિનો સહેલાઈથી કેવો પ્રવેશ થઈ શકે છે, તેનો સ્વયં અનુભવ કરવો. અનુભવીઓની ખાત્રી છે, કે જે કોઈ પવિત્ર આત્મા સાચી રીતે પરમાત્માની પ્રતિમાનું આલંબન લે છે તેમને અપૂર્વ પ્રતિભા, અપૂર્વ આનંદ અને અપૂર્વ સુખસંપદાઓની પ્રાપ્તિ થાય છે. પ્રતિમાનાં ધ્યાનથી ઉત્પન્ન થયેલ અનુભવીઓના અમૃતોદ્ગારની પરંપરાઓ શાસ્ત્રોમાં ઘણી વિશાળ છે. તેમાંના કેટલાક હૃદયોદ્ગારો અહીં રજુ કરીએ છીએ.

'હે ભવ્ય પ્રાણીઓ! જો તમારે મોક્ષસુખ પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય તો તમે શ્રી તીર્થંકર ભગવંતની પ્રતિમાની ઉપાસના કરો, જે પ્રતિમા મોહરૂપી દાવાનલને શમાવવામાં મેઘની વૃષ્ટિરૂપ છે, સમતારૂપ પ્રવાહમાં ઝીલવા માટેની નદી છે, તે પ્રતિમા સત્પુરૂષોને વાંછિત આપવામાં કલ્પલતા છે અને જે સંસારરૂપી ઉગ્ર અંધકારનો નાશ કરવામાં સૂર્યની તીવ્ર પ્રભારૂપ છે.' (પ્રતિમાશતક શ્લોક ૫)

'હે સર્વ દુઃખથી રહિત પ્રભુ! હે સદા આનંદમય નાથ! તમારી મૂર્તિને જોઈ જોઈને હું મારા હૃદમાં વિશ્વાસ મેળવી, અવ્યય અવિનાશી એવા હર્ષને પ્રાપ્ત થયેલો છું. હે મનુષ્યના હિતકારી પ્રભુ! તે આપની પ્રતિમા અભયદાન સહિત ઉપાધિ વગર વધતા ગુણસ્થાનકને યોગ્ય એવી દયાનું પોષણ કરે છે.' (પ્રતિમાશતક શ્લોક ૬)

"હે પ્રભુ! તમારું બિંબ હૃદયમાં ધારણ કરવાથી બીજું કોઈ રૂપ હૃદયમાં સ્ફુરાયમાન થતું નથી. અને તમારા રૂપનું સ્મરણ થતાં પૃથ્વીમાં બીજા કોઈ રૂપની પ્રસિદ્ધિ થતી નથી. તે માટે 'તું તે હું' એવી અભેદ બુદ્ધિના ઉદયથી "યુષ્મદ્ અને અસ્મદ્" પદનો ઉલ્લેખ પણ થતો નથી અને કોઈક અગોચર પરમ ચૈતન્યમય જ્યોતિ અંતરમાં સ્ફુરાયમાન થાય છે." (પ્ર. શ. ૭)

"હે પ્રભુ! પાપનો ક્ષય કરનારૂં, ઉત્તમ પદ સ્વરૂપ અને રૂપ રહિત એવું અપ્રતિપાતિ ધ્યાન જ્યાં સુધી પ્રગટ ન થાય, ત્યાં સુધી મારા હૃદયમાં તમારૂં રૂપ અનેક પ્રકારે જ્ઞેયાકારરૂપે પરિણામ પામો, જે આનંદઘનમાં ત્રિકાલ સંભવી અને સર્વ તરફથી થયેલું સુર અસુરનું સુખ અનંતમાં ભાગે પણ ઘટતું નથી" (પ્રતિમાશતક શ્લોક ૯)

"હે જિનેન્દ્ર! ઉત્તમ પુરુષોના વૃંદોએ નમસ્કાર કરેલ અને મુક્તિરૂપ લતાના કંદ સમાન એવી તમારી પ્રતિમા, કે જેને દેવતાઓએ મંદારવૃક્ષના પુષ્પ સમૂહવડે પૂજેલી છે અને જે ઉગ્ર રોગને શોષણ કરનારા સ્નાત્રજલ

રૂપ અમૃતના ઝરણુથી સર્વ જગતની રક્ષા કરે છે, તે પ્રતિમાને અમે પરમ આનંદને (મોક્ષને) અર્થે વંદના કરીએ છીએ" (પ્રતિમાશતક શ્લોક ૧૧)

"જેમ ભ્રમર પ્રફુલ્લિત માલતીને છોડે નહિ, અને જેમ હાથી મનોહર રેવા નદીને છોડે નહિ, જેમ કોકિલ પક્ષી વંસતઋતુમાં સૌંદર્યવાળી આમ્રવૃક્ષની મંજરીને છોડે નહિ, અને જેમ સ્વર્ગપતિ ઈન્દ્ર ચંદનવૃક્ષોથી સુંદર એવી નંદનવનની ભૂમિને છોડે નહિ, તેમ હું શ્રી તીર્થંકર ભગવંતની પ્રતિમાને મારા હૃદયમાંથી ક્ષણવાર પણ છોડતો નથી." (પ્રતિમા શતક-૪)

"હે પ્રભુ! અનિમેષ દૃષ્ટિ વડે નિરંતર દર્શન કરવા યોગ્ય આપના રૂપને એકવાર જોયા પછી મનુષ્યની દૃષ્ટિ બીજે કોઈ સ્થળે સંતોષ પામતી નથી. ચંદ્રોના કિરણોના જેવા ઉજ્જવલ ક્ષીરસમુદ્રનું જલપાન કર્યા પછી લવણસમુદ્રનું ખારૂં પાણી પીવાની કોણ ઈચ્છા કરે? અર્થાત્ કોઈ ન કરે.' (ભક્તામર શ્લોક ૧૧)

'ત્રણ ભુવનમાં અદ્વિતીય અલંકારરૂપ હે પ્રભુ! શાન્તરસની કાન્તિવાળા જે પરમાણુ વડે તમારૂં શરીર બન્યું છે, તે પરમાણુઓ પૃથ્વી પર તેટલા જ છે. કારણ કે આપની સમાન અન્ય કોઈમાં પણ એવી સુંદરતા નથી.' (ભક્તામર શ્લો. ૧૨)

'હે ત્રણ જગતના અધિપતિ! હે પ્રભુ! જેણે અન્ય કાર્યો દૂર કર્યા છે અને ભક્તિવડે ઉલ્લાસ પામતા રોમાંચિત

શરીરવાળા પ્રાણીઓ પૃથ્વીને વિષે તમારા ચરણયુગલને વિધિપૂર્વક ત્રણેકાળ પૂજે છે, તેઓ જ ધન્ય છે, તેમનોજ જન્મ સાર્થક છે.' (કલ્યાણમંદિર શ્લો. ૩૪)

'હે નાથ ઘણા કાળથી સંચિત કરેલી તમારા ચરણ કમળની ભકિતનું કાંઈ પણ ફળ હોય તો હે શરણ કરવા લાયક પ્રભુ! માત્ર એક તમારા જ શરણવાલા એવા મારા આ ભવમાં અને બીજા ભવમાં પણ તમે જ સ્વામી થજો.' (કલ્યાણમંદિર શ્લોક. ૪૨)

આ રીતે અનુભવી મહાપુરૂષોના ઉદ્ગારોથી સ્પષ્ટ સમજી શકાય છે કે શ્રી જિનમૂર્તિના આલંબનથી જે રીતે આત્મવિકાસ સલભ બને છે તે બીજી રીતે સુલભ નથી. મૂર્તિનું આલંબન આત્મવિકાસમાં ઘણું જ જરૂરી છે. જેઓ પ્રતિમાજીનું આલંબન છોડી દઈ એકલા નામને જ સર્વસ્વ માને છે તેઓ ઘણા લાભોથી વંચિત રહી જાય છે.

ઉપાસનાની દૃષ્ટિએ નામ કરતાં સ્થાપનાની મહત્તા.

માત્ર નામસ્મરણથી જે રીતિએ શ્રી વીતરાગ પરમાત્માની ઉપાસના કે ભકિત થઈ શકે છે, તેના કરતાં તેઓશ્રીની પ્રતિમાના આલંબનથી વધારે સુંદર સ્થાયી અને નિર્મલ ઉપાસના થઈ શકે છે. જેમ ગુરૂના કે ધર્મના માત્ર નામસ્મરણથી તેઓની આરાધના સફળ કે સ્થાયી બનતી નથી, તેમ દેવના પણ કેવળ નામસ્મરણથી તેમની સંપૂર્ણ, સફળ અને સ્થાયી આરાધના થઈ શકતી નથી. પરમાત્માની ભક્તિનું મુખ્ય ફળ ચિત્તવિશુદ્ધિ છે. પણ એ

ચિત્ત વિશુદ્ધિ એકાએક અકસ્માત રીતિએ થતી નથી, પરંતુ તેના સાચા કારણોના આસેવનથી જ થાય છે. સંસારના અનેક રંગરાગમાં રચ્યામચ્યા રહેનાર ગૃહસ્થોને પોતાને પ્રાપ્ત થયેલ શક્તિ અને સામગ્રીનો શ્રી જિનભક્તિમાં સદ્‌વ્યય કર્યા વિના કેવળ એકલા ભાવથી ચિત્તવિશુદ્ધિ થવી શકય નથી. પ્રાપ્ત થયેલ શકિત અને સામગ્રીથી જ્યારે તે પ્રભુની ભકિત કરે છે ત્યારે જ સાચી ચિત્તવિશુદ્ધિ થાય છે.

શ્રી જિનપ્રતિમાજીના આલંબથી જ વર્તમાનકાળમાં તે મહાપુરૂષોની સર્વાંગ સેવા કરવાનો અમૂલ્ય અને મહત્ત્વનો પ્રસંગ આપણને પ્રાપ્ત થાય છે. સમસ્ત જગત ઉપર એકાંત ઉપકાર કરનારા, પ્રાણીમાત્રનું હિત ચિંતવનારા જગતબંધુ શ્રી તીર્થંકર પરમાત્મા આપણા માટે સર્વ રીતિએ એટલે કે, નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવથી. અને સર્વ સામગ્રીથી એટલે કે મન, વચન, કાયા અને ઉત્તમ પ્રકારની બીજી પણ તમામ સામગ્રીથી ઉપાસ્ય છે. અનંત ઉપકારી શ્રી અરિહંત દેવો પ્રત્યેની આપણી ભકિત, બહુમાન, સત્કાર કે સન્માન પ્રદર્શિત કરવા માટે શ્રી જિનપ્રતિમાજી પરમ આલંબન રૂપ છે. તે સિવાય તેમના પ્રત્યે ભકિત, બહુમાન, સત્કાર કે સન્માન પ્રદર્શિત કરવાનો આપણી પાસે અત્યારે બીજો કોઈ ઉપાય નથી. એટલા માટે જ કૃતજ્ઞ આત્માઓ ત્રિવિધ યોગે સર્વ શકય સામગ્રીથી શ્રી અરિહંત પરમાત્માની ઉપાસના કરવા સદાકાળ સજ્જ રહે છે. પરમ દયાળુની યથાશકિત ઉપાસના વિના આપણા આત્મામાં જગતના

તમામ જીવો પ્રત્યે મૈત્રી ભાવ પ્રગટી શકતો નથી, શકયનું પાલન કરવાપૂર્વક અશકયની ભાવના પરંપરાએ સર્વસિદ્ધિનું પરમ કારણ બને છે, એ રહસ્ય છે. પ્રાપ્ત શકિત અને સામગ્રીને પ્રભુ ભકિતમાં જોડવાથી શકયનું પાલન થાય છે અને એવા વિવેકી જીવોમાં પરંપરાએ અખૂટ સામર્થ્ય પ્રગટે છે.

પ્રશસ્તના આદરથી જ અપ્રશસ્તનો રાગ ટળે છે.

જ્યાં સુધી પાંચ વિષયોની અસર તળે આત્મા રહેલો છે, ત્યાંસુધી અયોગ્ય વિષયોના આકર્ષણમાંથી બચવા માટે યોગ્ય આલંબનના સ્વીકારની એટલી જ જરૂર છે. અયોગ્ય-ની અસરમાંથી મુક્ત થવા માટે યોગ્ય આલંબનના સ્વીકાર વિના બીજો કોઈ ઉપાય નથી. પ્રભુ પ્રતિમાનું આલંબન સત્ તત્ત્વના અભ્યાસ માટે સૌથી શ્રેષ્ઠ આલંબન છે. એ અભ્યાસના બળથી જ વૈરાગ્ય સાનુબન્ધ બને છે. અભ્યાસ-માં પોતાથી અધિક ગુણવંતો પ્રત્યે નમ્ર બનવાનું હોય છે. ગુણવંતોને વારંવાર સ્મૃતિપથમાં લાવવાના હોય છે. એમના ગુણો સંભારી સંભારીને ચિત્તમાં પ્રમોદભાવ પ્રગટાવવાનો હોય છે. પ્રતિમાજીના આલંબનથી એ કાર્ય જેટલી સરળ-તાથી સિદ્ધ થાય છે, તેટલું બીજી રીતે બનવું શકય નથી. અભ્યાસ નિરપેક્ષ વૈરાગ્યથી કે વૈરાગ્ય નિરપેક્ષ અભ્યાસથી દોષોને નિર્મૂળ કરવાનું બળ પ્રગટતું નથી પરંતુ વૈરાગ્યની સાથે પોતાથી અધિક પ્રત્યે નમ્રતાનો ભાવ અને તેની સ્મૃતિ અખંડ ટકી રહે છે, ત્યારે જ દોષો ઉપર કાબૂ મેળવવાનું

શકય બને છે. અભ્યાસમાં મહા વૈરાગ્યવાન આત્માઓનું બહુમાન છે. એ બહુમાનનું નામ જ ધર્મબીજનું વપન છે. એ અવન્ધ્યબીજો કદીપણ નિષ્ફળ જતા નથી. એનું સર્વશ્રેષ્ઠ ફળ મોક્ષનું અનંત સુખ આપીને જ વિરામ પામે છે. મહા વૈરાગ્યવાન પરમાત્મા ઉપરના બહુમાનના પરિણામ સિવાયનું અનુષ્ઠાન એ બીજનું વાવેતર કર્યા વિના જ ખેતી કરવા જેવું છે. ગમે તેવી ઉંચી જમીનમાં અને ગમે તેટલી કાળજીથી અન્ય સર્વ સામગ્રી સહિત કોઈપણ જાતની ભૂલ કર્યા વિના ખેતી કરવામાં આવે તો પણ બીજને વાવવામાં ન આવે તો તેમાંથી કદીપણ ફળ પ્રગટી શકતું નથી. ફળમાં બીજની પ્રધાનતા છે. બીજી બધી સામગ્રી બીજની હયાતીમાં જ સહાયક બને છે. જે સદ્ગુણના આચરણમાં અધિક ગુણવાનને આદર આપવાની વૃત્તિ નથી તે સદ્ગુણ દોષોના ક્ષય માટે નહિ પરંતુ ઉલટું સર્વદોષોમાં શિરોમણિભૂત અભિમાન આદિ દોષોની પુષ્ટિને માટે થાય છે. દોષો એ અંધકારના સ્થાને છે અને ગુણી પુરૂષો એ પ્રકાશના સ્થાને છે. દોષોની સત્તા ત્યાંસુધી જ ટકે છે કે નમ્ર બનીને જ્યાં સુધી અંતઃકરણપૂર્વક ગુણવાન પુરૂષોનું શરણ સ્વીકારવામાં નથી આવ્યું. પરમાત્મા અનંત ગુણના ભંડાર છે. સમગ્ર વિશ્વનું કલ્યાણ કરવાવાળા છે, એ રીતે કરૂણાવંત પ્રભુનું અચિન્ત્ય માહાત્મ્ય જાણીને જ્યારે પરમાત્મા ઉપર સર્વથી અધિક સ્નેહ પ્રગટે છે, ત્યારે અંતઃકરણ ભક્તિથી વાસિત બને છે અને એવા અંતઃકરણમાં કાચા ઘડામાં જેમ પાણી ટકે નહિ તેમ દોષો પણ લાંબો વખત ટકી શકતા નથી.

આ રીતે પ્રશસ્તના આદરથીજ અપ્રશસ્તનો રાગ ટળે છે. મનુષ્ય પ્રકૃતિના આ સનાતન નિયમને જ્ઞાનીઓ સારી રીતે જાણતા હતા અને તેથી જ પાંચ અપ્રશસ્ત વિષયોની પક્કડ-માંથી છોડાવવા કેવળ કરૂણાબુદ્ધિથી પ્રશસ્ત આલંબનોનો આધાર લેવાની ખાસ ભલામણ કરી ગયા છે. અને એ રીતે કર્મ સત્તાની પક્કડમાં અટવાયેલા જીવને તેમાંથી મુક્ત થવાનો એક અપૂર્વ કીમીઓ બતાવી ગયા છે. એક સાથે પાંચ અપ્રશસ્ત વિષયોના અયોગ્ય રાગને ટાળવાનું સામર્થ્ય જેવી રીતે શ્રી જિન પ્રતિમારૂપ આલંબનમાં છે, તે બીજી કોઈ વસ્તુમાં નથી.

પૂજ્ય ઉપાધ્યાય શ્રીમદ્ માનવિજયજી ગણિવરશ્રીએ સ્વરચિત ચોવીસીમાં પ્રભુની પ્રતિમાના આલંબનથી ઉત્પન્ન થતા અપૂર્વ લાભો સ્વાનુભૂતિપૂર્વક ઠેરઠેર જણાવ્યા છે. પાંચમા શ્રી સુમતિનાથ ભગવાનના સ્તવનમાં પિંડસ્થ ધ્યાનનો સુંદર મહિમા ગાયો છે. પ્રસ્તુત વિષયમાં તે ઉપયોગી હોવાથી અહીં રજુ કરીએ છીએ.

'રૂપ અનૂપ નિહાળી સુમતિ જિન તાહરૂં,
છાંડી ચપળ સ્વભાવ ઠર્યું મન માહરૂં;
રૂપી સરૂપ ન હોત જો જગ તુમ દીસતું,
તો કુણ ઉપર મન્ન કહો અમ હિંસતું.[1] ૧
હિંસ્યા વિણ કિમ શુદ્ધ સ્વભાવને ઈચ્છતા,
ઈચ્છયા વિણુ તુમ ભાવ પ્રગટ કિમ પ્રીછતા;

૧. ઉલ્લાસ પામતું.

પ્રીછયા વિણુ કિમ ધ્યાન દશામાંહી લાવતા,
લાવ્યા વિણુ રસસ્વાદ કહો કિમ પાવતા. ૨

ભક્તિ વિના નવિ મુક્તિ હુએ કોઈ ભક્તને,
રૂપી વિના તો તેહ હુએ કિમ વ્યક્તને;
નવણુ વિલેપન માલ પ્રદીપને ધૂપણાં,
નવનવ ભૂષણુ ભાલ તિલક શિર ખૂંપણાં. ૩

એમ સત પુણ્યને યોગે તુમે રુપી થયા,
અમૃત સમાણી વાણી ધરમની કહી ગયા;
તેહ આલંબને જીવ ઘણાએ બૂઝીયા,
ભાવિ ભાવને જ્ઞાને અમો પણ રંજીયા. ૪

તે માટે તુજ પિંડ ઘણા ગુણુ કારણો,
સેવ્યો ધ્યાયો હુએ મહા ભય વારણો;
શાન્તિ વિજય બુદ્ધ શિષ્ય કહે ભવિકા જના,
પ્રભુનું પિંડસ્થ ધ્યાન ધરો થઈ એકમના.' ૫

આ સ્તવનમાં પ્રભુપ્રતિમાના આલંબનથી ઉત્તરોત્તર થતાં અપૂર્વ અપૂર્વ લાભોનું સંકલનાબદ્ધ વર્ણન બહુ જ સુંદર, સરળ અને રોચક શૈલીમાં આબાળગોપાળ સૌ કોઈ સમજી શકે તેવી રીતે પૂ. ઉપાધ્યાયશ્રી તરફથી રજુ કરવામાં આવ્યું છે.

પરમાત્માનું નામ ગ્રહણ કરવા માત્રથી પણ જો આત્મા પ્રમુદિત બને છે અને કર્મનિર્જરાનો ભાગી બને છે, તો પછી ભગવાનના રૂપ દ્વારા–પ્રતિમાજીના દર્શનાદિ

દ્વારા કેમ લાભ ન થાય ? જેનું આપણને નામ ગમે છે તેનું રૂપ તો તેનાથી પણ અધિક ગમે છે, આ વાત દરેકને સ્વાનુભવ સિદ્ધ છે. બીજી રીતે કહેવું હોય તો જેનું નામ ગમે તેનું રૂપ અધિક ગમે તો જ નામ પણ ગમ્યું એમ કહી શકાય. ખરી રીતે તો પદ્માસને બિરાજમાન વાત્સલ્ય રસથી ભરપૂર પરમપ્રશાન્ત પ્રભુની પ્રતિમા દ્વારા તેની વીતરાગતાનું અને સત્ય સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે તે નામ માત્રથી થવું શકય નથી.

શ્રી જિનપ્રતિમા જિન સમાન છે.

મહાત્મા પુરૂષના મૃત દેહને પાલખીમાં પધરાવી વાજતે ગાજતે અગ્નિસંસ્કાર કરવા લઈ જતાં રસ્તામાં તેમના દેહને હજારો ભક્તો પગે લાગે છે. આ વાત સર્વમાન્ય છે. આમાં કોઈનો પણ વિરોધ નથી. મૂર્તિને નહિ માનનારા પણ આ વાત તો કબૂલ રાખે જ છે. અને તેથી મહાત્મા પુરૂષના મૃતદેહને પગે લાગે છે. જો કે તે મૃતદેહમાં ચૈતન્ય નથી, છતાં ભક્તોની ભાવવૃદ્ધિમાં તે અવશ્ય નિમિત્તભૂત બને છે. અંતઃકરણમાં થતી ભાવની વૃદ્ધિ એ ઘણી જ મહત્ત્વની વસ્તુ છે. આ ચરાચર વિશ્વમાં એવો કોઈ બાહ્ય પદાર્થ નથી, કે જેને ભાવની વૃદ્ધિની સાથે સરખાવી શકાય અને તેથી જ જે વસ્તુ ભાવવૃદ્ધિમાં અધિક નિમિત્તભૂત બને છે, તેની વિવેકી સમાજમાં હંમેશને માટે અધિક કદર રહી છે અને રહેવાની પણ છે. સાધુના મૃતદેહમાં ચૈતન્ય નથી છતાં ભાવવૃદ્ધિનું કારણ બને છે તેનું

મુખ્ય કારણ તે મૃતદેહ ઉપકારી મહાપુરૂષનું છે, એવી ત્યાં કૃતજ્ઞ બુદ્ધિ છે. તે જ મુજબ મૂર્તિ પાષાણની હોવા છતાં "આ તો અમારા ભગવાનની મુર્તિ છે." "શાસ્ત્રોક્ત વિધિ વિધાન મુજબ પ્રતિષ્ઠિત થયેલી છે." પ્રતિષ્ઠા થયા પછી તે માત્ર પત્થરની મૂર્તિ છે, એવી બુદ્ધિ રહેતી નથી, પરંતુ ભકતોના ઉદ્ધાર માટે સાક્ષાત્ ભગવાન સ્વરૂપ બની જાય છે. ભગવાનની પ્રતિમા એ ભગવાનના અનંત ગુણોને સ્મરણ કરાવનાર એક સંકેતશાળા છે. ભગવાનની પ્રતિમા જોવાથી ભક્તહૃદયમાં જે આનંદ સાગર ઉછળે છે, તે વાણીમાં બતાવી શકાતો નથી, તે અનુભવનો વિષય છે.

ભગવાનની સ્થાપના વિના સર્વ પ્રકારની ભક્તિ શકય નથી. સાક્ષાત્ ભગવાનના જીવંત કાળમાં પણ ભગવાનની ભકિત અને ભગવાનનું ધ્યાન કરવા માટે તો ભગવાનની પ્રતિમાનું જ આલંબન ઉપયોગી બને છે. તો તેમના વિરહ કાળમાં પ્રતિમાજીની ઉપયોગિતા કેવી રીતે ઓછી ઠરી શકે ?

આત્મવિકાસનું પ્રથમ પગથિયું દેવપૂજા છે.

શાસ્ત્રકારોએ ધર્મરૂપી પ્રસાદ ઉપર આરોહણ કરવાને પ્રથમ ભૂમિકા રૂપ ચાર પગથિયાં બતાવ્યાં છે, તેમાં સૌથી પ્રથમ સ્થાન દેવગુરુના પૂજનને આપ્યું છે, બીજું સ્થાન સદાચારને, ત્રીજું સ્થાન તપને અને ચોથું સ્થાન મુકત્યદ્વેષ—મોક્ષ પ્રત્યે અપ્રીતિના અભાવને આપ્યું છે. એ ચારને

ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી આદિ મુનિ પુંગવો 'પૂર્વ-સેવા' શબ્દથી સંબોધે છે. એ ચાર ધર્મરૂપી મહેલના પાયારૂપ છે. મુક્તિના અદ્વિતીય કારણભૂત સમ્યગ્ દર્શન, દેશવિરતિ અને સર્વ વિરતિ આદિ ધર્મની પ્રાપ્તિને નીકટ લાવનાર તરીકે એ ચારની શાસ્ત્રમાં ગણના કરવામાં આવી છે. તેમાં સૌથી પ્રથમ દેવગુરૂનું પૂજન છે. દેવ તરીકે શાસ્ત્રોમાં પ્રસિદ્ધ તે તે દિવ્ય પુરૂષોને ગણેલા છે, તથા ગુરૂ તરીકે માતા, પિતા, વિદ્યાગુરૂ, વડીલ, વૃદ્ધ અને ધર્મશાસ્ત્રોનો ઉપદેશ કરનારને ગણ્યા છે. તે ગુરૂવર્ગને ત્રિકાળ પ્રણામ આદિ કરવા એમની આજ્ઞા પાળવી વિગેરે કરવું એજ એમની પૂજા છે. દેવ અને ગુરૂની પૂજાથી આત્માની સાથે લાગેલો સહજ કર્મમળ ઓછો થાય છે અને એ સહજ કર્મમળ ઓછો થવાથી આત્માની સહજ અનાદિસિદ્ધ યોગ્યતા—ઉત્તમતા પ્રગટ થવા પામે છે. ઉત્તમતા પ્રગટવાથી સદાચાર અને તપનું સામર્થ્ય પ્રગટે છે. તથા સદાચાર અને તપના બળથી મુક્તિ, મુક્તિના સાધનો અને મુક્તિના સાધક મહાપુરૂષો પ્રત્યેનું માત્સર્ય નાશ પામે છે. એ નાશ પામવાથી મુક્તિ પ્રત્યે અનુરાગ પ્રગટે છે અને એ અનુરાગ અનુક્રમે સર્વ કલ્યાણના આકર્ષણનું અવન્ધ્ય કારણ બને છે. દેવ અને ગુરૂનું પૂજન આ રીતે ઉત્તરોત્તર કલ્યાણ પ્રાપ્તિનું પરમ અંગ બને છે. તેનું મુખ્ય કારણ એ છે કે એ પૂજનની પાછળ ગુણ બહુમાનનો ભાવ હોય છે અને એ ગુણ બહુમાનનો ભાવ એ ચિત્તનો અતિ વિશુદ્ધ આશય હોવાથી કર્મ નિર્જરાનું અમોઘ સાધન બને છે. સદાચાર અને

તપના સેવન સિવાય કોઈપણ આત્માની મુક્તિ પૂર્વે થઈ નથી, વર્તમાનમાં થતી નથી કે ભવિષ્યમાં થવાની નથી એ વાત જેટલી સત્ય છે, તેટલી જ સત્ય વાત એ પણ છે કે સદાચારી અને તપસ્વીની સેવા ભક્તિ અને બહુમાનાદિમાં પ્રવર્ત્યા સિવાય કોઈપણ આત્મા ભૂતકાળમાં સદાચારી કે તપસ્વી બની શક્યો નથી, વર્તમાનમાં બનતો નથી અને આગામી કાળમાં બની શકવાનો નથી. જેઓ દેવ પૂજનના માર્ગને અવગણે છે, તેઓ સન્મુખ આવતી સદાચાર અને તપ રૂપી લક્ષ્મીને હાથમાં લાકડી લઈને હાંકી કાઢવા પ્રયાસ કરે છે અને એજ કારણે જેટલી જરૂર શાસ્ત્રકારોએ જીવનમાં સદાચાર અને તપને સ્થાન આપવાની ગણી છે તેટલી જ કે તેથી પણ અધિક જરૂર દેવ ગુરૂના પૂજનને સ્થાન આપવાની ગણી છે.

શ્રી જિન પૂજામાં અનેક લાભો સમાયેલા છે.

આ રીતે ધર્મના આદ્ય સોપાન તરીકે દેવ પૂજનનું સમર્થન શાસ્ત્રોમાં કરેલું છે. દેવ પૂજનથી કર્મમલનો હ્રાસ થાય છે, કર્મબન્ધની અનાદિકાલીન યોગ્યતા ક્ષીણ થતી જાય છે, ઈન્દ્રિયો અને કષાયો ઉપર કાબુ આવે છે, સદાચાર અને તપના માર્ગે આગળ વધવાનું બળ પ્રાપ્ત થાય છે. અવગુણ પ્રત્યે દ્વેષ, તથા ગુણ અને ગુણી પ્રત્યે અનુરાગ ઉત્પન્ન થાય છે, ભવ રાગ અને મુક્તિનો દ્વેષ શમી જાય છે, અંતઃકરણની શુદ્ધિ થાય છે, અંતરમાં પ્રમોદ પ્રગટે છે, માનસિક સુખની વૃદ્ધિ થાય છે, સત્ તત્ત્વની આરાધના

થવાથી ચિત્ત પ્રસન્ન થાય છે, જીવવીર્યની વૃદ્ધિ થાય છે, અનુત્તર સ્મૃતિ તથા ધારાવાહી શુભ ભાવની પ્રાપ્તિ થાય છે, ચિત્ત સમાધિવાળું બને છે અને અપૂર્વ સમતા રસનો આવિર્ભાવ થવાથી અનુક્રમે પરમાનન્દપદ મોક્ષની સંપત્તિઓના ભોક્તા થવાય છે.

શ્રી જિનપૂજા એ અહિંસાનો પાયો છે.

શ્રી જિનપૂજામાં જળ, પુષ્પ, ધૂપ અને દીપક આદિનો ઉપયોગ થતો હોવાથી તેમાં પાણી, વનસ્પતિ અને અગ્નિ આદિ જીવોની વિરાધના થાય છે. માટે જે ક્રિયામાં હિંસા હોય ત્યાં ધર્મ શી રીતે સંભવી શકે ? એમ કેટલાકને શંકા થાય છે, પણ તે વ્યાજબી નથી.

હિંસા અહિંસાના મર્મને સમજવા માટે શાસ્ત્રોના ઉંડા અભ્યાસની જરૂર છે. જૈન શાસ્ત્રો કહે છે કે જીવ યોગારંભી છે એટલે કે મન, વચન અને કાયાનો યોગ જ્યાં સુધી જીવમાં વર્તે છે, ત્યાંસુધી તે સૂક્ષ્મ-એકેન્દ્રિય જીવોની હિંસાથી વિરામ પામી શક્તો નથી. જ્યાં સંપૂર્ણ અહિંસાનું પાલન છે, એવી અવસ્થા તો ચૌદમા ગુણઠાણે શૈલેશીના અંતે આવે છે, કે જે અવસ્થા આવ્યા પછી જીવ નિયમા ક્ષણ વારમાં જ સર્વ કર્મથી રહિત થઈ સિદ્ધ પરમાત્મા બને છે. તે અવસ્થાની પૂર્વે મન, વચન અને કાયાનો યોગ ચાલુ હોય છે, છતાં પણ પોતાને પ્રાપ્ત ગુણ સ્થાનકને યોગ્ય શાસ્ત્રોક્ત ક્રિયા કરવાથી નિજપરિણતિરૂપ ધર્મ હણાતો નથી, પણ એ ક્રિયા તો ઉલટી આત્મવિકાસમાં

અત્યંત હિતકારી બને છે. એટલું જ નહિ પણ આગળ આગળના ગુણસ્થાનકને મેળવવામાં સહાયકારી બને છે.

સંસારનો ત્યાગ કરીને મુનિવરો પણ ધર્મક્રિયા કરે છે, વિહાર કરે છે, ઉપદેશ આપે છે, તે બધી પ્રવૃત્તિમાં જીવોની વિરાધના હોવા છતાં મુનિઓ તે ક્રિયા છોડતા નથી. એકેન્દ્રિયની હિંસાના ભયથી પોતાના ગુણઠાણાને ઉચિત ગુરૂસેવા, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, વિહાર, આવશ્યક ક્રિયા, ચરણ સિત્તરી, કરણ સિત્તરી કે દશવિધ ચક્રવાલ સામાચારીનું પાલન જો મુનિઓ છોડી દે તો તે પોતાનું ગુણઠાણું ટકાવી શક્તા નથી અને આગળનું ગુણઠાણું મેળવી શક્તા નથી. વિનય–વૈયાવચ્ચ આદિ ક્રિયામાં એકેન્દ્રિય જીવોની વિરાધના હોવા છતાં અને વિહારમાં તો નદી આદિ પણ ઉતરવી પડે છે, છતાં એ ક્રિયા ત્યાજ્ય નથી, પણ અવશ્ય કરણીય છે. વિહારમાં હિંસા છે એમ ધારી કોઈ મુનિ વિહાર ન કરે તો તેણે પ્રભુ આજ્ઞા મુજબની અહિંસાનું પાલન કર્યું છે એમ કહી શકાશે નહિ. વળી એવો એકાંત સિદ્ધાંત જો નક્કી કરવામાં આવે તો ગૃહસ્થથી પણ વ્યાખ્યાનશ્રવણ, મુનિવન્દન, પ્રતિક્રમણ અને સુપાત્ર દાનની ક્રિયા પણ થઈ શકશે નહિ. કંઈ પણ હલનચલન પણ થઈ શકશે નહિ. અરે એક શ્વાસ પણ લઈ અને મૂકી શકાશે નહિ. કારણ કે શ્વાસ લેવા અને મૂકવામાં પણ વાયુકાયાના જીવોની વિરાધના થાય છે. પરંતુ એ પ્રમાણે બની શકવું કોઈને માટે પણ શકય નથી, એટલે સિદ્ધાંત

એ નક્કી થાય છે કે **પ્રભુની આજ્ઞા મુજબ પોતપોતાના ગુણ સ્થાનકને ઉચિત વર્તન કરવું એનું જ નામ ધર્મ છે.** જૈનશાસનમાં એક વચન બીજા અનેક વચનની અપેક્ષા રાખે છે. માત્ર કોઈ એકાદ વચનને પકડી બીજી ઉપયોગી અપેક્ષાઓની જો અવગણના કરવામાં આવે તો તે શુદ્ધ ન્યાયયુક્ત જિનવચન બની શકતું નથી. પરંતુ સર્વ અપેક્ષાઓને યોગ્ય સ્થાને યોજવામાં આવે તો જ તે વચન ન્યાયયુક્ત બની શકે છે. એવું વચન જ લોકોત્તર જિન વચન ગણાય છે:

શાસ્ત્રમાં કહ્યા મુજબ હિંસાની વ્યાખ્યા સમજવા માટે નીચેના શ્લોકો ઉપયોગી છે.

शास्त्रे हिंसा त्रिधोक्ताऽनुबन्धहेतुस्वरुपतः ।
जिनाज्ञाभंगमिथ्यात्वाद्धिंसा स्यात् सानुबन्धिका ॥ १ ॥
अयत्नात् प्रवृत्तेश्च, हेतुहिंसा प्रकीर्त्तिता ।
यतनां कुर्वतां पुसां, हिंसा स्वरुपतो मता ॥ २ ॥

અર્થ–અનુબન્ધ હિંસા, હેતુહિંસા અને સ્વરૂપહિંસા, એમ હિંસાના ત્રણ પ્રકારો શાસ્ત્રોમાં કહ્યા છે.

શ્રી જિનેશ્વર દેવની આજ્ઞાનો ભંગ કરવાથી અને મિથ્યાત્વનું સેવન કરવાથી જે હિંસા લાગે છે તે **અનુબન્ધ હિંસા** કહેવાય છે.

યતના વગર પ્રવૃત્તિ કરવાથી જે હિંસા થાય છે તેને **હેતુહિંસા** કહેવામાં આવે છે.

યતનાપૂર્વક પ્રવૃત્તિ કરનારા પુરુષોને જે હિંસા લાગે છે તેને **સ્વરૂપહિંસા** કહેવામાં આવે છે.

અનુબન્ધ હિંસા અને હેતુહિંસાના માઠા વિપાકો જીવોને અવશ્ય ભોગવવા પડે છે. જ્યારે દયા, દાન, પરોપકાર અને ભક્તિના કાર્યોમાં યતનાપૂર્વક કરવામાં આવતી, ઉપર માત્રથી જ દેખાતી સામાન્ય હિંસાથી કદી પણ માઠાં ફળો ઉત્પન્ન થતાં નથી, શ્રી વીતરાગ પરમાત્માની પૂજામાં દેખાતી સ્વરૂપહિંસા તો નાગકેતુએ કરેલી પુષ્પપૂજાની માફક કેવળજ્ઞાન સમર્પી હંમેશને માટે સર્વથા અહિંસક બનાવનારી છે.

અહીં એટલું યાદ રાખવાની જરૂર છે કે દ્રવ્યપૂજાના અધિકારી ગૃહસ્થો છે, કે જેઓ સર્વથા આરંભના ત્યાગી હોતા નથી, પરંતુ સંસારમાં અનેકવિધ આરંભની પ્રવૃત્તિ કરી રહ્યા હોય છે. તેમની અહિંસાની મર્યાદા પણ નિરપરાધી ત્રસ જીવોને મારવાની બુદ્ધિથી જાણી કરીને ન મારવાની હોય છે. આ ગૃહસ્થો જ્યારે જિનપૂજા, દયા, દાન કે પરોપકારના કાર્યમાં જોડાય છે, તેટલો વખત કેવળ સ્વાર્થમય અને એકલા મોહવૃદ્ધિના કારણભૂત અસદારંભથી નિવૃત્ત થાય છે. અને એટલો વખત તેઓ સદારંભમાં જોડાય છે.

દયા, દાન, ભક્તિ અને પરોપકારના કાર્યોમાં અનાજ, જળ, અગ્નિ, વનસ્પતિ આદિ એકેન્દ્રિય જીવોની હિંસાને આગળ કરીને ગૃહસ્થો તે કાર્યોને જો છોડી દે તો તેમની અવસ્થાને તે ઉચિત નથી. દયાદિના કાર્યો કરતી વખતે

કોઈ પણ સમજુ માણસને એવો વિચાર આવતો નથી, કે હું જીવોની વિરાધના કરૂં છું. પણ એમ જ થાય છે કે હું દયા, દાન, પરોપકારાદિનું કાર્ય કરી રહ્યો છું. જેમકે કોઈ ગૃહસ્થને રસ્તામાં કોઈ મનુષ્ય અથવા પશુ તૃષા, ક્ષુધા કે રોગથી અતિ પીડિત અવસ્થામાં આવી પડેલો તેના જોવામાં આવે. હવે તે વખતે જો તેને થોડું પાણી, અન્ન અથવા ઔષધ મલી જાય તો તે જીવી જાય છે. તો તે વખતે કોઈ દયાળુ ગૃહસ્થ એવો વિચાર કરતો નથી કે જો હું તેને પાણી આપું તો પાણીના તો એક બિન્દુમાં સંખ્યાતીત જીવો છે. તેનું પાપ મને લાગી જાય. તે વખતે તો તેનું વર્તમાન દુઃખ કેમ દૂર થાય એ જ મુખ્ય દયાની લાગણી હોય છે. તેવી જ રીતે કોઈ ધાર્મિક પ્રસંગે અનેક સાધર્મિકો ઘરને આંગણે આવે, હવે તે વખતે ઘર આંગણે આવેલ સાધર્મિકોની સાધર્મિકભક્તિમાં જલ, અગ્નિ, વનસ્પતિ આદિની વિરાધના થાય છે. પરંતુ વિરાધના કરવાની કોઈ ભાવના હોતી નથી, પણ સાધર્મિકની ભક્તિ તરફ જ દૃષ્ટિ હોય છે. તેથી ઉપરના દયા, ભક્તિ આદિના પ્રસંગમાં જીવોની વિરાધના થઈ એમ કોઈ કહેતું નથી પરંતુ દયાનું, પરોપકારનું, પુણ્યનું, અને ધર્મનું કાર્ય થયું એમ જ સૌ કોઈ કહે છે. તેમાં મુખ્ય કારણ અંતઃ-કરણનો શુભ આશય છે. દાન, દયા, પરોપકાર અને ભક્તિના કાર્યોમાં એકેન્દ્રિય જીવોની વિરાધનાનો લેશ પણ આશય નથી પણ દુઃખી જીવોના દુઃખ દૂર કરવાનો અથવા પૂજ્ય

પુરૂષોની ભક્તિનો જ એક આશય હોય છે. તેવી જ રીતે શ્રી જિનપૂજાના કાર્યમાં પણ પરમાત્માની ભક્તિનો જ એક શુભ પરિણામ હોય છે, તેમાં એકેન્દ્રિય જીવોની વિરાધના કરવાનો લેશ પણ આશય હોતો નથી, તેથી દાનાદિ ક્રિયાથી જેમ લાભ થાય છે તેમ શ્રી જિનપૂજાથી પણ લાભ જ થાય છે. મહા સામાયિકવાન એવા જિનેશ્વર દેવનો ઉપચાર વિનય પણ પૂજા દ્વારાજ થઈ શકે છે. સામાયિક આદિથી જેમ શુભ ભાવની પ્રાપ્તિ થાય છે, તેમ પૂજનમાં વિનય આદિનું પાલન હોવાથી શુભ ભાવની પ્રાપ્તિ થાય છે. જેમ દાનાદિક ધાર્મિક કૃત્યોનું આચરણ કરનાર ગૃહસ્થ ઉંચે જઈ શકે છે, તેમ શ્રી જિનપૂજા કરનાર પણ તેટલે જ ઉંચે જઈ શકે છે. એટલે કે દાનાદિ વખતે પરિણામની જેટલી નિર્મળતા પ્રગટે છે એટલી જ નિર્મળતા પૂજનથી પણ થઈ શકે છે. પ્રભુ ભક્તિથી એક તો નાશવંત દ્રવ્ય ઉપરથી મૂર્છા ઉતરે છે અને બીજુ પરમાત્માની સાથે સાચો સંબધ બંધાય છે. એ સંબંધ દ્વારા દિલમાં જ્યારે પરમાત્મા વસી જાય છે, ત્યારે તેને પ્રાપ્ત થયેલ તમામ શક્તિ અને સામગ્રીનો બીજાના હિતમાં ઉલ્લાસપૂર્વક તે ઉપયોગ કરનારો બની શકે છે. પણ તેની તાલીમ તો તેને પૂજ્યની ભક્તિ દ્વારા મળે છે. પરમાત્માની ભક્તિથી અંતરમાં જે નિર્મળતા પ્રગટે છે તેમાં એક વિશેષતા એ હોય છે કે પરોપકાર કરતી વખતે 'હુ' બીજા ઉપર ઉપકાર કરૂં છું.' એવું મિથ્યા અભિમાન તેને થતું નથી પરંતુ મારૂં એ કર્તવ્ય છે કે મારે મારા સુખમાં બીજાને

ભાગીદાર બનાવવા જોઈએ. કારણ કે જે પ્રભુની હું ભક્તિ કરૂં છું તે પ્રભુની એવી જ આજ્ઞા છે, કે શક્તિમુજબ બીજાનું ભલું કરવું જોઈએ તો એ આજ્ઞાનું પાલન મારે પણ અનાસક્ત ભાવે કરવું જોઈએ, એ મારી ફરજ છે. એમાં મારી ફરજથી હું અધિક કાંઈ કરતો નથી. હું જે કરૂં છું તે મારા ઋણની મુક્તિ માટે જ કરૂં છું. પરંતુ એમાં કોઈ મોટો પરોપકાર કરતો નથી. આવા પ્રકારની નમ્રતા પ્રગટવાથી દિવસે દિવસે તે વધુને વધુ પરમાર્થ-રસિક બને છે અને એ રીતે જગતમાં પણ તે અનેકને આશીર્વાદરૂપ બને છે.

રોગ મુજબ જ ઔષધ ગુણકારી બને છે.

જો પરમાત્માના દ્રવ્ય સ્તવમાં એટલો બધો લાભ છે, તો સંસારના ત્યાગી એવા મુનિરાજો સ્વયં કેમ એ પૂજા કરતા નથી? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે ઔષધ હંમેશાં રોગ મુજબ હોય છે. શાસ્ત્રમાં ધર્મકરણી અધિકાર ભેદે જુદી જુદી બતાવવામાં આવી છે, સાધુ મુનિરાજો સંસારના ત્યાગી છે. તેમને હવે પરિગ્રહનો રોગ નથી, તેથી દ્રવ્યપૂજારૂપી ઔષધની તેમને જરૂર નથી. તેઓ મુખ્યતયા ભાવપૂજાથી જ પોતાનો નિસ્તાર કરી શકે છે. જ્યારે ગૃહસ્થોને પરિગ્રહનો રોગ છે. ધન આદિની મૂર્છા છે. તેથી તેમની તે મૂર્છા તો જ્યાંસુધી દ્રવ્યસ્તવમાં દ્રવ્યનો ઉપયોગ ન કરે ત્યાંસુધી મૂર્છાનો એ રોગ ટળે નહિ. પરમાત્મતત્ત્વ ગમે તેટલું મહત્વનું હોય, પણ જે જીવોને

જે વસ્તુમાં મૂર્છા છે, તે વસ્તુનો ઉપયોગ પોતાના ઈષ્ટની ભક્તિમાં ન કરે ત્યાંસુધી તેને પરમાત્માની સાથે સાચો સંબંધ બંધાતો નથી. જીવને સૌથી વધુ ચાહના પોતાની માનેલી વસ્તુઓમાં હોય છે. પોતાનું નામ અને પોતાનું રૂપ એ બે વસ્તુ ઉપર જીવને સ્વાભાવિક અધિક ખેંચાણ હોય છે ચિત્તની એ વૃત્તિને પ્રભુના નામ અને રૂપમાં લીન કર્યા વિના સ્વનામ અને રૂપનો મોહ ટળતો નથી અને તેથી જ પરમાત્માના નામ અને રૂપમાં ચિત્તવૃત્તિને જોડવી એ જ સ્વનામ અને રૂપના આકર્ષણમાંથી બચવાનો ઉપાય છે. પોતાના નામ અને રૂપનો મોહ અવિવેક છે. જ્યારે પરમાત્માના નામ અને રૂપનો પ્રેમ એ વિવેક છે. અને આપણા આત્મામાં રહેલ અયોગ્ય મોહ ટાળવા માટેનું એ ઔષધ છે. પરમાત્માના રૂપનું દર્શન આત્માના અરૂપી ગુણને પ્રગટાવવાનો ઉપાય છે. પ્રથમ રૂપીનું આલંબન સ્વીકાર્યા વિના અરૂપીનું ધ્યાન આવી શકતું નથી અથવા બીજી રીતે કહેવું હોય તો એમ પણ કહી શકાય કે અરૂપીના રૂપનું દર્શન થયા વિના બાહ્ય રૂપ ઉપરનું અયોગ્ય આકર્ષણ કદી પણ ટળી શકતું નથી. પરમાત્માનું રુપ અરૂપીના રુપનું દર્શન કરવા માટેનું દુર્બીન છે. એ રીતે થયેલ પરમાત્માનું દર્શન એ ભવનિસ્તારનો પરમ હેતુ છે. અને તેથી જ શાસ્ત્રોમાં ત્રણ જગતના નાથ અનંત ઉપકારી ધર્મદાતા શ્રી તીર્થંકર પરમાત્માના દર્શન પૂજનનું ખાસ વિધાન કરવામાં આવ્યું છે.

લાભાલાભનો વિચાર

આવશ્યક નિર્યુક્તિમાં દ્રવ્યસ્તવથી થતા લાભોને જણાવતા શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કે—

अकसिणपवत्तगाण विरयाविरयाणं एस जुत्तो ।
संसारपयणुकरणे दव्वत्थए कूवदिट्ठंतो ॥ १ ॥

અર્થ—અણુવ્રતરૂપી અલ્પધર્મને આચરનારા અને સર્વ વિરતિરૂપ ધર્મને નહિ આચરી શકનારા દેશવિરતિધરો એટલે કે ગૃહસ્થધર્મિઓ માટે સંસારને અલ્પ બનાવનાર દ્રવ્યસ્તવ (દ્રવ્યપૂજા) કૂવાના દૃષ્ટાન્તથી કરવા યોગ્ય છે.

કૂવાનું દૃષ્ટાંત આ પ્રમાણે છે. જેમ તરસ્યા થયેલા કોઈ મુસાફરને પાણી માટે કૂવો ખોદતાં પરિશ્રમ પડે છે, શરીર મલીન બને છે અને તૃષામાં પણ વધારો થતો જાય છે, પરંતુ પાણી નીકળ્યા બાદ તેની સઘળી ઉપાધિઓનો નાશ થાય છે. તેમ વીતરાગદેવની પૂજામાં જલ, પુષ્પ, અને ધૂપ, દીપમાં થતી સ્વરૂપ હિંસા પણ પ્રભુ ભક્તિ રૂપ જલથી આત્માની કર્મમલીનતાને દૂર કરાવી જન્મ મરણોની ઉપાધિમાંથી આત્માને હંમેશને માટે મુક્ત બનાવનારી બને છે. પ્રભુભક્તિથી શુભભાવની જાગૃતિ થાય છે અને એ શુભભાવ એ જ આત્માનો સ્વચ્છ અધ્યવસાય છે, તેનાથી કર્મમળ અવશ્ય ધોવાઈ જાય છે. તેમાં મુખ્ય હેતુ પ્રભુની ભક્તિ છે.

મૂર્તિપૂજામાં થતી એકેન્દ્રિય જલ, પુષ્પની હિંસાને આગળ કરી પરંપરાએ અનંત અને શાશ્વત સુખને અર્પણ

કરનાર શ્રી વીતરાગદેવની પૂજાની ઉપેક્ષા કરવી એ વ્યાજબી નથી. વ્યવહારિક કાર્યોમાં પણ અલ્પહાનિ અને અધિક ફાયદો થતો હોય તેવાં કાર્યો બુદ્ધિશાળી આત્માઓ કરે જ છે, તેમ અહીં પ્રભુભક્તિમાં પણ લાભાલાભનો વિચાર જરૂરી છે.

આ ઉપરથી સમજી શકાશે કે પરમકલ્યાણકારિણી ભક્તિ જેમના હૃદયમાં વસી છે, એવા ભક્તજનો શ્રી તીર્થંકર પરમાત્માની ભકિત, સત્કાર અને સન્માન વિગેરે જે કાંઈ શાસ્ત્રોકત વિધાનો કરે છે, તે શાસ્ત્ર, યુકિત અને પરંપરાથી અબાધિત છે. એમાં લેશ પણ શંકાને સ્થાન નથી, વળી પૂજક એવા કૃતજ્ઞ ધર્મિસમાજ તરફથી થતી વિવિધ પ્રકારની ભકિતથી પૂજ્યશ્રી તીર્થંકર દેવોની વીતરાગતાને પણ કશોય બાધ આવતો નથી. જેઓનું સમગ્ર જીવન સર્વ રીતિયે પૂજનીય છે, તેવા તીર્થંકર દેવોની કોઈ એકાદ પ્રકારે ભકિત કરવાનું સ્વીકારી બીજા પ્રકારોનો નિષેધ કે ઉપેક્ષા કરવી એ તો પૂજ્યની ભક્તિમાં ખામી જ ગણાય.

શાસ્ત્રોમાં તો ત્યાંસુધી કહ્યું છે કે સંયોગ અને સામર્થ્ય હોય તો ત્રણે ભુવનમાં ભક્તિને યોગ્ય જે જે ઉત્તમ પદાર્થો ગણાતા હોય તે દ્વારા ભગવંતની ભક્તિ કરવી જોઈએ. ભક્તોની વિવિધ ભક્તિ જોઈને બીજા પણ અનેક ભવ્ય આત્માઓ અનુમોદના કરી પોતાના આત્મામાં ધર્મબીજનું વાવેતર કરે છે. પરિણામે મોહનીય કર્મનો ક્ષયોપશમ થતાં ચારિત્રવંત થઈ છકાયજીવના રક્ષક બને છે. આ રીતે પ્રભુ

ભક્તિથી થતા મહાન લાભો જ્ઞાની પુરૂષોએ જોયેલા અને અનુભવેલા હોવાથી ગૃહસ્થ ધર્મિઓ માટે ભક્તિ યોગની ભારપૂર્વક ભલામણ કરી છે. શ્રી તીર્થંકરોની પરિપૂર્ણ ભક્તિ તો આપણા આત્માને પરિપૂર્ણ પવિત્ર બનાવવો તે છે. વીતરાગતા પ્રાપ્ત કરવી એ જ વીતરાગની ભક્તિનું અંતિમ ફળ છે. પણ એ ફળ ન મળે ત્યાંસુધી તેના કારણભૂત બીજા પણ ભક્તિના તમામ પ્રકારો ભૂમિકાભેદે કાર્યસાધક હોવાથી એટલાં જ જરૂરી છે. ગૃહસ્થો માટે તરવાનું મુખ્ય સાધન ભક્તિ છે. ભકિતમાં નમ્રતા છે. પોતાની અપૂર્ણતાનો એકરાર છે. પોતાથી અધિક પ્રત્યે આદર છે. પરિપૂર્ણ ન બનાય ત્યાં સુધી પરિપૂર્ણની ભકિત સિવાય બીજો કોઈ માર્ગ જ્ઞાનિઓએ જોયો નથી. એથી જ સરળ હૃદયવાળા હળુકર્મી જીવો શુદ્ધ હૃદયથી ભકિતમાર્ગનો સ્વીકાર કરી પોતાના આત્માને કૃતાર્થ બનાવવા ભાગ્યશાળી બને છે.

દેવદર્શન અને અધ્યવસાયની શુદ્ધિ

પંચમ કાળના પ્રભાવે આજે આપણે સાક્ષાત્ તીર્થંકર દેવોના દર્શન કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત કરી શકયા નથી, છતાંપણ તેમની ગેરહાજરીમાં તેમના અનંત ગુણોનું સ્મરણ કરાવતી, સમતારસમાં ઝીલતી, રાગ અને દ્વેષ વિનાની અને અખંડ જ્યોતિને ધારણ કરનારી મૂર્તિના દર્શન, વન્દન, પૂજન અને સત્કાર કરવાની સુંદર સામગ્રીને પામી શકયા છીએ, એ પણ ઓછા ભાગ્યની વાત નથી. શ્રી જિનપ્રતિમા પણ જિન સરખી જ ગણાય છે.

શ્રી વીતરાગદેવના દર્શનપૂજનનો લાભ મનુષ્યોને અનંતકાળની રખડપટ્ટી પછી પ્રાપ્ત થાય છે. તે સુંદર તકને સુજ્ઞ મનુષ્યોએ જતી કરવા જેવી નથી. જગતમાં કોઈપણ એવું સ્થાન નથી કે જેની સેવા કરવાથી તે પોતાનું સર્વસ્વ આપી દે, પણ શ્રી વીતરાગદેવની સેવાપૂજા તો સાક્ષાત્ પોતાના જેવી વીતરાગતાને સમર્પણ કરી દે છે. વાસ્તવિક રીતે તો વીતરાગ બનવાના હેતુથી જ વીતરાગની ભક્તિ કરવાની છે, છતાં હકીકતની દૃષ્ટિએ વિચારીએ તો જેમ ઘઉંની ખેતી કરનારને પરાળ (ઘાસ) તો આપોઆપ મળી જ રહે છે, તેમ શ્રી વીતરાગદેવની ભક્તિ મોક્ષ બુદ્ધિથી કરનારને પણ જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાંસુધી દુનિયાના તમામ ઉત્તમ સુખો આપોઆપ આવી મળે છે. એટલા માટે સુખની ઇચ્છાવાળાએ સર્વ પ્રકારના સુખના વાસ્તવિક કારણરૂપ પ્રભુ ભક્તિમાં પ્રમાદનો ત્યાગ કરવો અત્યંત જરૂરી છે, વળી તે ભગવાનની ભક્તિ કરવામાં નથી તો ખાસ મોટું ખર્ચ, અગર નથી કાંઈ મોટું કષ્ટ, તે કારણે પણ આવું મહાન પુણ્યનું કાર્ય ગુમાવવા જેવું નથી. દુનિયામાં એવો એક પણ વ્યાપાર નથી, કે જે વ્યાપાર કરવા માટેની ઇચ્છા કરવા માત્રથી લાભ મળી જાય. જગતનાં સઘળા વ્યાપારોમાં તન, મન અને ધનનો ભોગ આપવો પડે છે, એ સૌ કોઈને અનુભવસિદ્ધ વસ્તુ છે. પરંતુ વીતરાગદેવનું દર્શન, સ્તવન, પૂજન આદિની ભક્તિનું ફળ તો દૂર રહો, પણ દર્શન કરવાની ઇચ્છા કરવા માત્રથી ઇચ્છા કરનારને મહાન લાભ થવો શરૂ થઈ જાય છે. દહેરે જવાની ભાવના

કરવાથી, જવા માટે ઉભા થવાથી, રસ્તામાં ચાલવાથી શું શું લાભ થાય છે, તેનું સમર્થન પૂર્વાચાર્યો નીચેના શબ્દોમાં કરે છે.

यास्याम्यायतनं जिनस्य लभते ध्यायंश्चतुर्थं फलं,
षष्टं चोत्थित उद्यतोऽष्टममथो गन्तुं प्रवृत्तोध्वनि ।
श्रद्धालु र्दशमं बहिर्जिनगृहात् प्राप्तस्ततो द्वादशं,
मध्ये पाक्षिकमीक्षते जिनपतौ मासोपवासं फलम् ॥१॥

હું શ્રી જિનેશ્વર મહારાજના મંદિર પ્રત્યે ગમન કરૂં, એમ મનથી ચિન્તવનાર શ્રદ્ધાલુ ભવ્ય આત્મા એક ઉપવાસના ફલને પામે છે, જવા માટે ઉઠતો તે બે ઉપવાસના ફલને પામે છે, ચાલવા માટે ઉદ્યમ કરતો ત્રણ ઉપવાસના ફલને પામે છે, માર્ગને વિષે ચાલવા માંડેલો ચાર ઉપવાસના ફલને પામે છે, જિનગૃહના બહારના ભાગને વિષે પહોંચતાં પાંચ ઉપવાસના ફલને પામે છે. જિનગૃહના મધ્ય ભાગને વિષે પહોંચતાં પંદર ઉપવાસ અને શ્રી જિનેશ્વર દેવને દેખવાથી દર્શન કરવાથી એક મહિનાના ઉપવાસના ફલને પામે છે. (૧) કહ્યું છે કે–

पयाहिणेण पावइ, वरिससयं फलं तओ जिणे महिए ।
पावइ वरिससहस्सं, अणंतपुण्णं जिणे थुणिए ॥ २ ॥

પ્રદક્ષિણા દેવાથી સો વર્ષના ઉપવાસના ફળને પામે છે, શ્રી જિનેશ્વર દેવની પૂજા કરવાથી હજાર વર્ષના ઉપવાસના ફળને પામે છે, અને શ્રી જિનેશ્વરદેવોની સ્તુતિ કરવાથી

જીવ અનંત પુણ્યને ઉપાર્જન કરે છે. એ માટે શાસ્ત્રમાં કહ્યું છે કે–

सयं पमज्जणे पुण्णं, सहस्सं च विलेवणे ।
सयसाहस्सिआ माला, अणंतं गीअवाईए ॥ ३ ॥

શ્રી જિનેશ્વર પ્રભુના બિમ્બને પ્રમાર્જન કરતાં સોગુણું, વિલેપન કરતાં હજારગુણું, પુષ્પની માળા ચઢાવતાં લાખગણું અને ગીત તથા વાજીંત્ર વગાડતાં અનંતગુણું પુણ્ય ઉપાર્જન થાય છે. એ જ વાતને શ્રી જ્ઞાનવિમલસૂરિજી મહારાજ પોતાની એક ગૂર્જર કૃતિમાં નીચેના શબ્દો વડે સમર્થન કરે છે.

જિનવર બિંબને પૂજતાં, હોય શતગુણું પુણ્ય;
સહસ્રગુણું ફળ ચંદને, જે લેપે તે ધન્ય. ૧

લાખગુણું ફળ કુસુમની, માળા પહેરાવે;
અનંતગુણું ફળ તેહથી, ગીતગાન કરાવે. ૨

તીર્થંકર પદવી વરે, જિનપૂજાથી જીવ;
પ્રીતિ ભક્તિપણે કરી, સ્થિરતાપણે અતીવ. ૩

જિનપડિમા જિનસારીખી, સિદ્ધાંતે ભાખી;
નિક્ષેપા સહુ સારિખા, થાપના તિમ દાખી. ૪

ત્રણ કાળ ત્રિભુવનમાંહી, કરે તે પૂજન જેહ;
દરિશન કેરૂં બીજ છે, એહમાં નહીં સંદેહ. ૫

જ્ઞાન વિમલ પ્રભુ તેહને, હોય સદા સુપ્રસન્ન;
એહિજ જીવિતફળ જાણીજે, તેહીજ ભવિજનધન્ન. ૬

પરમાત્માના દર્શન કરવાના વિચાર માત્ર આદિથી જે ફલ મલે છે, તેનું વર્ણન ઉપર કરવામાં આવ્યું છે, તે માત્ર પ્રભુદર્શનનો મહિમા બતાવવા માટે કેવળ અતિશયોક્તિ રૂપ છે એમ નહિ, પરંતુ કર્મસિદ્ધાંતના નિયમ પ્રમાણે યુક્તિયુક્ત પણ છે. ઉત્કૃષ્ટ અધ્યવસાય યાવત્ કેવળજ્ઞાન પણ અપાવે છે તો તેનાથી બીજા અવાંતર લાભો મળે તેમાં કંઈ પણ નવાઈ ગણાય નહિ. શ્રી જિનેશ્વરદેવનું દર્શન કરવા જનારો એક એવી મહાન અને પરમોત્કૃષ્ટ વ્યક્તિ પાસે જાય છે, કે જે પરમાત્માએ જગતના તમામ જીવોનું સંપૂર્ણ સુખ ઈચ્છેલું છે અને ધર્મનું પરિપૂર્ણ પાલન પણ પોતાના જીવનથી કર્યું છે.

એવા મહાન ધર્મીના ધર્મની અનુમોદનાનો અધ્યવસાય દર્શન કરવા જનારનો હોય છે. જેનો ધર્મ સાગર કરતાં પણ મહાન છે તે ધર્મ સાગરમાં આપણી અનુમોદના રૂપ ધર્મનો એક અંશ પણ ભળે છે, તે પણ અક્ષય અને અનંત બની જાય છે અને એથી સદ્ગુણના અનુમોદકને પણ મહાન લાભ થાય છે.

જેમ પાપ નહિ કરવા છતાં બીજાનું અશુભ ચિંતવવા રૂપ પાપના અધ્યવસાય માત્રથી પાપનો બંધ થાય છે. તેમ પરિપૂર્ણ ધર્મનું પાલન કરનાર પ્રભુના ધર્મની અનુમોદના કરનાર પણ ધર્મનો ભાગીદાર બને છે.

વળી સદ્ગુણને માટે એક નિયમ એવો છે કે જે વાસ્તવિક સદ્ગુણ છે, તેના વર્ણનમાં કદીપણ અતિશયોક્તિ

થઈ શકતી નથી, પરંતુ હંમેશાં હીનોક્તિ જ રહે છે. કારણ કે સદ્ગુણની વાસ્તવિક પ્રશંસા કરવાની તાકાત વૈખરી વાણીમાં છે જ નહિ. તેથી સદ્ગુણનું વાસ્તવિક વર્ણન વાણી દ્વારા થઈ શકતું જ નથી, છતાં ભક્તજનો પોતાની કાલી-ઘેલી અને ભાંગીતૂટી ભાષામાં ગુણોના સાગર સમાન પ્રભુનો મહિમા ગાવા માત્ર પ્રયાસ કરે છે. તેમાં અતિશયોક્તિ થવી શક્ય જ ક્યાં છે? દેવદર્શન આદિથી થતા લાભનું ઉપર જે વર્ણન કરવામાં આવ્યું છે તે લક્ષપૂર્વક દર્શન પૂજન કરનારને મળે છે. તેથી અહીં તે સંબંધી થોડી વિચારણા કરીએ. દરેક ક્રિયાની પાછળ આશય હોય છે. દેવદર્શન અને પૂજનની ક્રિયાની પાછળ કેવો ઉદાત્ત આશય છુપાયેલો છે, તે પણ એથી જાણવા મળશે.

પૂજા કરનારાઓને જરૂરી સૂચના

સાત પ્રકારની શુદ્ધિ

અંગ વસન મન ભૂમિકા, પુજોપકરણ સાર;
ન્યાય દ્રવ્ય વિધિ શુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર–૧

૧ **અંગશુદ્ધિ** :– શરીર બરાબર શુદ્ધ થઈ રહે એટલા માપસર જળથી સ્નાન કરીને કોરા રૂમાલથી શરીરને બરાબર લૂછવું, તથા ન્હાવાનું પાણી ઢોળતાં જીવજંતુની વિરાધના ન થાય એ ધ્યાનમાં રાખવું.

૨ **વસ્ત્રશુદ્ધિ** :– પૂજા માટે પુરુષોએ બે વસ્ત્ર અને સ્ત્રીઓએ ત્રણ વસ્ત્ર તથા રૂમાલ રાખવો, પૂજા માટેનાં વસ્ત્રો

સફેદ, ફાટયા કે બળ્યા વગરનાં તથા સાંધ્યા વિનાનાં રાખવાં, એ વસ્ત્રો હંમેશાં ધોવાં જોઇએ તથા સુગંધી પદાર્થોથી વાસિત કરવાં જોઇએ, પૂજાનાં કપડાં પહેરીને વગર ન્હાયેલાને કે અશુદ્ધ વસ્ત્રવાળાને અડવું નહિ.

૩ **મનશુદ્ધિ** :- જેમ બને તેમ મનને પૂજામાં સ્થિર કરવું તથા બીજું બધું એટલે સંસારના રગડા-ઝગડા, ખટપટ વગેરે ભૂલી જવું, ખોટા વિચારમાં મનને પરોવવું નહિ, દેવપૂજાદિ સમગ્ર ધર્મકરણીનો મુખ્ય હેતુ અંતઃકરણની શુદ્ધિ કરવી તે જ છે, એ કદી પણ ભૂલવા જેવું નથી

૪ **ભૂમિશુદ્ધિ** :- દેરાસરમાં કાજો બરાબર લીધો કે કેમ તે જોવું. પૂજાનાં ઉપકરણો લેવા-મૂકવાની જગ્યા પણ જેમ બને તેમ શુદ્ધ રાખવી, તેમ જીવાકુલ ન હોય તે માટે ધ્યાન રાખવું

૫ **ઉપકરણ શુદ્ધિ** :—પૂજાના જોઈતાં ઉપકરણો કેસર, સુખડ, પુષ્પ, ધૂપ, અગરબત્તી, દીપક, ચોખા, ફળ, નૈવેદ્ય વિગેરે જેમ બને તેમ ઉંચી જાતનાં તેમ જ બની શકે તો પોતાના ઘરનાં લાવવાં. કળશ, ધુપધાણું, ફાનસ, અંગલુંછણાં વિગેરે સાધનો ખૂબ ઉજળાં-ચકચકાટ રાખવાં. જેમ ઉપકરણની શુદ્ધિ વધારે, તેમ આલ્હાદ વધારે આવશે અને ભાવની વૃદ્ધિ પણ વધારે થશે.

૬ **દ્રવ્યશુદ્ધિ** :- જિનપૂજા આદિ શુભ કાર્યમાં વપરાતું દ્રવ્ય જો ન્યાયથી ઉપાર્જન કરેલું હોય, તો જ તે શુદ્ધ દ્રવ્યદ્વારા ભાવની અધિક વૃદ્ધિ થાય છે.

૭ **વિધિશુદ્ધિ** :-સ્નાન કરીને શુદ્ધ ઉજળાં વસ્ત્ર પહેરી, પૂજાનાં ઉપકરણો લઈ શુભ ભાવના ભાવતાં જિનમંદિરે જવું, રસ્તામાં સંસારી ખટપટમાં ન પડાય તે ધ્યાનમાં રાખવું. પરંતુ કોઈ દીનદુઃખી નજરે ચડે તો તેનું દુઃખ દૂર કરવા શક્ય દાન કરવું. જેથી હૃદયમાં કોમળતાનો વિકાસ થાય. એવા કોમળ હૃદયવાળાને જ પરમાત્માની સાથે સહજ રીતે મીલાન થઈ શકે છે.

ભક્તિ કરતી વખતે મંદિરમાં પણ મોટા મોટા ઘાંટા પાડી બીજાના ચૈત્યવંદનને ડોળવું નહિ, પણ ધીમાં અને મધુર સ્વરે બોલવાનો અભ્યાસ રાખવો. પ્રથમ દ્રવ્યપૂજા કર્યા પછી ચૈત્યવંદનરૂપ ભાવપૂજા કરવી. સમય ઓછો હોય તો થોડા જ ભગવાનની પૂજા કરવી, પરંતુ જેમ તેમ ગમે તે જગ્યાએ પૂજા કરી વેઠ ઉતારવા જેવું કરવું નહિ.

દેરાસરમાં ત્રણ પ્રદક્ષિણા દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ રત્નત્રયીને પ્રાપ્ત કરી ચોરાશી લાખ યોનિના ફેરા ટાળવા માટે દેવાય છે. દોડધામ કરી નીચું જોયા વિના પ્રદક્ષિણા આપવાથી આશાતનાનો સંભવ છે, તે માટે બહુ જ ઉપયોગ પૂર્વક નીચે જોઈને પ્રદક્ષિણા આપવી.

પૂજા કરતી વખતે ખેસથી આઠ પડ કરવા અને તે નાસિકા ઉપર બાંધવા. નાસિકા ખુલ્લી રાખવી નહિ. નાસિકાની દુર્ગન્ધ પ્રભુ ઉપર પડવાથી આશાતના થાય છે.

શ્રી જિનમંદિરમાં પ્રવેશ

દેરાસરમાં પેસતાં પ્રથમ 'નિસીહિ' કહેવી, છેટેથી

પ્રભુનું મુખ જોતાં ભક્તિપૂર્વક બે હાથ ભેગા કરી મસ્તકે લગાડી '**નમો જિણાણં**' બોલવું. જ્યાં પ્રદક્ષિણા ફરી શકાય ત્યાં ત્રણ પ્રદક્ષિણા ફરતાં અને ફર્યા પછી દેરાસરમાંથી આશાતના ટાળવા બનતું કરવું, પછી મૂળનાયક સન્મુખ જઈ સ્તુતિના શ્લોકો બોલવા. પુરૂષો જમણી બાજુ અને સ્ત્રીઓએ ડાબી બાજુએ ઉભા રહેવું, સ્તુતિ બોલતી વખતે પોતાનું અર્ધું અંગ નમાવવું,

પૂજા કરનારે પોતાના કપાળમાં, તિલક કરવું પછી બીજી વખત 'નિસીહિ' કહી દ્રવ્યપૂજામાં જોડાવું.

શ્રી અષ્ટ પ્રકારી પૂજાનો ક્રમ

અષ્ટપ્રકારી પૂજા એટલે આઠ પ્રકારોથી શ્રી જિનેશ્વર દેવની પૂજા કરવી. તે એ આઠ પ્રકારોમાં પહેલા ત્રણ પ્રકારની પૂજાને અંગપૂજા કહેવાય છે, પહેલી ત્રણ પૂજા પ્રભુનાં અંગને સ્પર્શ કરીને કરવાની હોવાથી તેને 'અંગપૂજા' કહેવાય છે.

જેને શરીરમાંથી રસી ઝરતી હોય તેને અંગપૂજા પોતાના ચંદન-પુષ્પ આદિથી બીજા પાસે કરાવવી, અંગપૂજા તથા ભાવપૂજા (ચૈત્યવંદન) પોતે કરવી.

૧ **જલપૂજા**:-પ્રથમ પંચામૃતથી (દૂધ, દહીં, સાકર, ઘી અને પાણી ભેગા કરીને) શ્રી જિનપ્રતિમા આદિને ન્હવણ કરી પછી ચોક્ખા પાણીથી ન્હવણ કરવું, ત્રણ અંગલુંછણા પોતાના હાથે જ બહુમાનપૂર્વક બરાબર કરવાં.

જલપૂજાના દુહા અને ભાવના

જલપૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ;
જલપૂજા ફલ મુજ હજો, માગો એમ પ્રભુ પાસ. ૧
જ્ઞાન કલશ ભરી આતમા, સાતમા રસ ભરપૂર;
શ્રી જિનને નવરાવતાં, કર્મ હોય ચકચૂર. ૨

મેરુ શિખર નવરાવે હો સુરપતિ મેરુ શિખર૦
જન્મકાળ જિનવરજીકો જાણી, પંચરુપ કરી ભાવે;
હો સુરપતિ મેરુ શિખર૦ ૧
રતન પ્રમુખ અડજાતિના કળશા, ઔષધિ ચૂરણ મિલાવે;
ખીર સમુદ્ર તિર્થોદક આણી, સ્નાત્ર કરી ગુણ ગાવે,
હો સુરપતિ૦ ૨
એણિપરે જિનપ્રતિમાકો ન્હવણ કરી, બોધિબીજ માનુવાવે;
અનુક્રમે ગુણ રત્નાકર ફરસી, જિન ઉત્તમ પદ પાવે.
હો સુરપતિ૦ ૩

(માલકોશ)

આનંદભર ન્હવણ કરો જિનચંદ,
કંચન–રતન કળશ જલ ભરકે, મહકે બરાસ સુગંધ;
સુરગિરિ ઉપર સુરપતિ સધરે, પૂજે ત્રિભુવન ઇંદ
આનંદ૦ ૧
શ્રાવક તિમ જિણ ન્હવણ કરીને, કાટે કલિમલ ફંદ;
આતમ નિર્મલ સબ અઘ ટારી; અરિહંત રૂપ અમંદ.

ભાવના—જેમ જલ પ્રક્ષાલનથી બાહ્યમળનો નાશ થાય છે, તેમ આત્મા સાથે રહેલ કર્મમલ શ્રી જિનેશ્વર-દેવની જલપૂજાના અધ્યવસાયથી નાશ પામે છે.

૨. ચંદનપૂજા--કેસર, બરાસ, સુખડ વગેરેથી વિલેપન પૂજા કરવી. નવઅંગે તિલક કરવાં. પૂજા કરતાં નખ કેસરમાં બોળાય નહિ અને પ્રભુને અડે નહિ તથા કેસરના છાંટા પડે નહિ, એ ધ્યાનમાં રાખવું. મૌનપણે પૂજા કરવી. દોહરો બોલી રહ્યા પછી અંગે તિલક કરવું.

ચંદન પૂજાનો દુહો

શીતલ ગુણ જેહમાં રહ્યો, શીતલ પ્રભુ મુખ રંગ;
આત્મ શીતલ કરવા ભણી, પૂજો અરિહા અંગ....૧

ભાવના--જેમ ચંદનમાં રહેલી શીતળતા બાહ્ય તાપનો નાશ કરે છે, તેમ શ્રી જિનેશ્વરદેવની ચંદનપૂજાનો પરિણામ આંતરતાપનો નાશ કરે છે.

ચંદનપૂજા પ્રભુના નવ અંગે કરવાની હોય છે. તેમાં પ્રત્યેક અંગના દુહા જુદા જુદા છે, તે પ્રત્યેક અંગનો દુહો બોલી પ્રત્યેક અંગે પૂજા કરતાં પૂજકે ત્યાં કેવી ઉદાર ભાવના ભાવવાની છે, તે અષ્ટપ્રકારી પૂજાનો ક્રમ બતાવ્યા પછી વિસ્તારથી આગળ આપવામાં આવશે.

૩. પુષ્પપૂજા--સરસ, સુગંધીવાળાં અને અખંડ પુષ્પો ચઢાવવાં. નીચે પડેલું પુષ્પ ચઢાવવું નહિ.

પુષ્પપૂજાનો દુહો

સુરભિ અખંડ કુસુમ ગ્રહી, પૂજો ગતસંતાપ;
સુમજંતુ ભવ્યજપરે, કરીયે સમકિત છાપ...૧

ભાવના—જેમ પુષ્પમાં દ્રવ્યથી સુગંધી રહેલી છે, તેમ શ્રી જિનેશ્વરદેવના પુષ્પ પૂજનથી આત્મામાં ભાવથી સુગંધ પ્રગટે છે–મન શુદ્ધ થાય છે.

૪. ધૂપ પૂજા—ગભારાની બહાર પ્રભુની ડાબી બાજુએ ઉભા રહી ધૂપ કરવો.

ધૂપપૂજાનો દુહો

ધ્યાન ઘટા પ્રગટાવીયે, વામ નયન જિન ધૂપ;
મિચ્છત્ત દુર્ગન્ધ દૂરે ટળે, પ્રગટે આત્મસ્વરૂપ. ૧

ભાવના—જેમ અગ્નિમાં ધૂપ નાંખવાથી ધુમાડો ઉત્પન્ન થઈને ઉંચે ચડે છે, તેમ શ્રી જિનેશ્વરદેવની ધૂપ પૂજાથી કર્મરુપી કાષ્ટને બાળવા માટે ધ્યાનરૂપી અગ્નિમાં શુભ–ભાવનારૂપી ધૂપ પડવાથી ગુણરૂપી સુગંધ પ્રગટે છે અને આત્મા ઉંચે ચડે છે.

૫ દીપકપૂજા—પ્રભુની જમણી બાજુએ ઉભા રહી દીપકપૂજા કરવી.

દીપકપૂજાનો દુહો

દ્રવ્ય દીપ સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક;
ભાવ પ્રદીપ પ્રગટ હુએ, ભાસિત લોકાલોક. ૧

ભાવના—દીપક જેમ બાહ્ય અંધકારને દૂર કરે છે,

તેમ શ્રી જિનેશ્વરદેવની દીપકપૂજા મોહરૂપી અંધકારનો નાશ કરે છે.

૬ **અક્ષત પૂજા**–અખંડ ચોખાવડે સાથિયો, નંદાવર્ત્ત વગેરે કરવું.

અક્ષત પૂજાનો દુહો

શુદ્ધ અખંડ અક્ષત ગ્રહી, નંદાવર્ત્ત વિશાલ;
પૂરી પ્રભુ સન્મુખ રહો, ટાળી સકલ જંજાલ. ૧

ભાવના–જેમ અક્ષત શ્વેત અને અખંડ હોય છે, તેમ શ્રી જિનેશ્વર દેવની અક્ષતપૂજાથી અક્ષય અને અખંડ એવા સિદ્ધિપદની પ્રાપ્તિ થાય છે.

સાથિયો કરતી વખતે બોલવાના દુહા

ચિહુગતિ ભ્રમણ સંસારમાં, જન્મ મરણ જંજાલ;
અષ્ટકર્મ નિવારવા, માગું મોક્ષ ફળ સાર. ૧
અક્ષત પૂજા કરતાં થકાં, સફળ કરું અવતાર;
ફલ માગું પ્રભુ આગળે, તાર તાર મુજ તાર. ૨
દર્શન—જ્ઞાન—ચારિત્રના આરાધનથી સાર;
સિદ્ધશિલાની ઉપરે, હો મુજ વાસ શ્રીકાર. ૩

૭ **નૈવેદ્યપૂજા**–સાકર, પતાસાં, ઉત્તમ મીઠાઈ વગેરે નૈવેદ્ય સાથિયા ઉપર મૂકવું.

નૈવેદ્યપૂજાનો દુહો

અણાહારી પદ મેં કર્યાં, વિગ્ગહ ગઈય અનંત;
દૂર કરી તે દીજીએ, અણાહારી શિવ સંત. ૧

ભાવના—જેમ શ્રી જિનેશ્વરદેવો નૈવેદ્ય—આહારની મૂર્છાનો ત્યાગ કરી, અણાહારી તથા અવેદીપદને પામ્યા છે, તેમ નૈવેદ્યવડે શ્રી જિનેશ્વર દેવની પૂજા કરનારો આત્મા પણ આહારના રસની અભિલાષાનો ત્યાગ કરી નિરાહારી તથા નિર્વેદીપદને પામે છે.

૮ **ફલપૂજા**-બદામ, સોપારી, શ્રીફળ અને પાકાં ફળો સિદ્ધ શિલા ઉપર મૂકવાં.

ફલપૂજાનો દુહો

ઈન્દ્રાદિક પૂજા ભણી, ફલ લાવે ધરી રાગ;
પુરુષોત્તમ પૂજી કરી, માગે શિવ ફલ ત્યાગ. ૧

ભાવના—ઉત્તમ, તાજાં અને મધુર રસવાળાં ફળોવડે શ્રી જિનેશ્વર દેવની પૂજા કરવાથી સર્વોત્તમ અભિનવ અને જ્ઞાનાદિ ગુણોના અનંત રસથી ભરપુર સદા સ્થિર અને શાશ્વત એવું મોક્ષરૂપી ફલ મળે છે.

એ રીતે અષ્ટપ્રકારી પૂજા કર્યા પછી ચામર વગેરેથી પૂજા કરવી.

ચામર પૂજા કરતાં બોલવાનો દુહો

બે બાજુ ચામર ઢાળે, એક આગળ વજ્ર ઉલાળે;
જઈ મેરૂ ધરી ઉત્સંગે, ઈન્દ્ર ચોસઠ મળીયા રંગે;
પ્રભુ પાસનું મુખડું જોવા, ભવોભવના પાતિક ખોવા ૧

નવઅંગ પૂજાની ઉદાર ભાવના

શ્રી જિનેશ્વર દેવની નવ અંગે પૂજા કરતાં પૂજકે

પ્રભુની પૂજા શા માટે કરવાની છે? પ્રભુના કયા ગુણોને ઉદ્દેશીને કરવાની છે? અને એ પૂજા દ્વારા પ્રભુ પાસે એનો શું બદલો માંગવાનો છે? પ્રભુની નવ અંગપૂજાની પાછળ કેવી રીતે વાસ્તવિક ચૈતન્યપૂજા-ગુણપૂજા સમાયેલી છે અને પૂજા કરનાર આત્માને એ કેટલી અચિંત્ય ફળદાયી છે તેનું વર્ણન અહીં પ્રત્યેક અંગના દુહા પછી આપવામાં આવ્યું છે, જે વાંચીને કોઈપણ સુહૃદય આત્માનું હૃદય પ્રમુદિત બન્યા સિવાય રહેશે નહિ.

જળ ભરી સંપુટ પત્રમાં, યુગલિક નર પુજંત;
ઋષભ ચરણ અંગૂઠડે, દાયક ભવ જલ અંત. ૧

હે કરૂણાસાગર પરમાત્મન્!

અનાદિ કાળના સંસાર ભ્રમણથી થાકેલો હું આજે આપના ચરણે આવ્યો છું. આપના ચરણનું શરણ પામીને અનેક દીન, દુઃખી અને પાપી આત્માઓ ભવનો નિસ્તાર પામી પરમપદને વર્યા છે. દેવના દેવ ઈન્દ્રો, નરેન્દ્રો અને યોગેન્દ્રોએ આપના ચરણોથી પવિત્ર થયેલ રજને મસ્તકે ચડાવી છે. આપના ચરણની પવિત્ર રેણુએ કંઈક પાપીઓની પાપવાસનાઓ ઉપર સૌરભ પાથરી છે. જયાં જયાં આપના ચરણોએ વિહાર કર્યો છે, ત્યાં ત્યાં સુખ અને માંગલ્યના ઓઘ ઉભરાયા છે. પ્રભુ! આપના એ પરમ પાવન ચરણો આ ભયંકર ભવાટવિમાં મારૂં શરણું હજો! હે વિશ્વવત્સલ વિભુ! આપના પગલે પગલે સ્નેહની સરિતા ઉભરાઈ છે અને એ સ્નેહની સરિતાએ સંસારમાં ભભૂકતા

દ્વેષ અને વૈરના દાવાનલો ઉપર સદાય અમીછાંટણાં કર્યા છે. પ્રભુ! આપના સમવસરણની રચના સૌને મંત્રમુગ્ધ કરી દે એવી છે, ન દ્વેષ, ન વૈર! જાણે સૌ જીવો દેહ-ભાવ ભૂલીને આત્માભાવમાં લીન થયા હોય એમ સમતા-રસમાં ઝીલતાં આપના ચરણે આવી વસે છે. સિંહ ને ગાય જાણે માડીજાયા ભાઈબ્હેન ન હોય, વ્યાઘ્ર અને હરણ જાણે ભાઈ ભાઈ ન હોય; મોર અને સર્પ જાણે એક કુળના ન હોય; એમ જન્મથી વૈરભાવ ભરેલા પ્રાણીઓ આપના ચરણે આવી શાંત થઈ જાય છે. આપના ચરણની આગળ બેસવાનો રાય અને રંક, દેવ, દેવેન્દ્ર અને ચક્રવર્તી, પાપી કે પુણ્યાત્મા સૌને એકસરખો અધિકાર છે. પ્રભુ! આપનાં એ પરમ સ્નેહ વર્ષાવતાં ચરણો, દુઃખ અને ઈર્ષ્યાથી ભરેલા આ સંસારમાં મારો આધાર હજો. પ્રભુ! લોભ અને લાલચમાં અંધ બનેલા મેં મારૂં આત્મભાન ભૂલીને કંઈક પાપી અને નીચ માનવીઓનાં ચરણ ચૂમ્યાં છે. સાધુ, સંત અને મહંતોની સેવા પણ મેં એ નમાલી લાલચો માટે કરી છે. આપના ચરણની સેવામાં આ લોભ લાલચનો અંશ પણ ન હજો. પ્રભુ! આપના પગલે પગલે વેરાતી અઢળક સંપત્તિને આપે આત્મ સમૃદ્ધિના આગળ તણખલાથીય તુચ્છ ગણી છે. આપ અનંત આત્મસમૃદ્ધિના સ્વામી છો. મારા આત્મામાં એ આત્મસમૃદ્ધિનો સંચાર થાય, મારી સંસારી લાલચો નાશ પામે એટલા માટે હું આપના ચરણની ભાવપૂર્વક પૂજા કરૂં છું. નાથ! અનંત આત્મ લક્ષ્મીના સ્વામી! આપના ચરણો, મુજ સમ રંકનું સદાને માટે શરણું હજો!

જાનૂ બળે કાઉસ્સગ્ગ રહ્યા, વિચર્યા દેશ વિદેશ;
ખડા ખડા કેવળ લહ્યું, પૂજો જાનૂ નરેશ. ૨

હે નિષ્કારણ જગદ્બંધો !

તપ, ત્યાગ અને સંયમના માર્ગે આપે આત્માનો સાક્ષાત્કાર કર્યો અને એ આત્મદર્શનના અમૃતનું સંસારને પાન કરાવવા આપે અનેક વિહારો કર્યા. આધિ, વ્યાધિ અને ઉપાધિમય સંસારના ત્રિવિધ તાપથી સંતપ્ત પ્રાણીઓને આ આત્મ સાધનાના ઉપદેશનું પાન પરમશાન્તિને આપે છે. આ સ્વાર્થમય સંસારમાં બધું જ સ્વાર્થમય છે. કોઈ કોઈનું સાચું સગું નથી. સૌ પોતપોતાની આશાઓના પ્રેર્યા આવે છે, અને સ્વાર્થ સરતાં ચાલ્યા જાય છે. પ્રભુ ! આવા સ્વાર્થમય સંસારમાં પરમ કરૂણાભર્યા અંતઃકરણથી જગત ઉપર ઉપકાર કરતા આપ સાચે જ નિષ્કારણ જગદ્બંધુ નિઃસ્વાર્થી નિર્યામક છો. નાથ ! આપની એ નિઃસ્વાર્થી પરોપકારપરાયણતાને મારા લાખ લાખવાર વંદન હજો ! હે પરમાત્મન્ ! અનાદિકાળથી મારો આ જીવ આ સંસારના જન્મમરણના ફેરામાં ભટક્યો છે. એણે નાની મોટી અનેક કરણીઓ આદરી છે. પણ નિઃસ્વાર્થ પરાયણતાનો માર્ગ એણે કદી પિછાન્યો નથી. સદાય સ્વાર્થ સ્વાર્થ અને સ્વાર્થમાં જ એ રત રહ્યો છે, અને આવી સ્વાર્થપરાયણતાના ભારથી એ હંમેશાં સંસારસાગરમાં ઊંડોને ઉંડો ઉતરતો ગયો છે પ્રભુ ! એ સ્વાર્થના પ્રેર્યા મેં નથી ગણી રાત કે નથી ગણ્યો દિવસ, નથી જાણી ટાઢ કે નથી જાણ્યો તડકો,

નથી પિછાણી ભૂખ કે નથી પિછાણી તરસ. એક મૂઢ પશુની જેમ સર્વ સાન ભાન વિસરીને હું એ સ્વાર્થની પાછળ ભમ્યા કર્યો છું. પ્રભુ ! મારી સર્વ શક્તિઓ જાણે મારા સંસારના સ્વાર્થ માટે જ ન હોય, એમ એ શક્તિઓથી મેં કોઈનો પરમાર્થ સાધ્યો નથી. અને સ્વાર્થપરાયણતાના અવિવેકમાં હું પરમાર્થની સાથે સાથે મારા આત્માને પણ સાવ વિસરી ગયો છું. નાથ ! સ્વાર્થમાં આસકત એવી મારી સર્વ આત્મશક્તિઓ જાણે લુપ્ત થઈ ગઈ હોય, એમ આત્મ સાધનાથી હું વિમુખ બની ગયો છું. સ્વામિન્ ! આપ અનંત શક્તિના ધણી છો. સમસ્ત સંસારના કલ્યાણ માટે આપે એ અનંત શક્તિની પુનીત ગંગાને વહેતી મૂકી છે. સંસારના ઉપકાર માટે આપે જાનુઓના બળે ઉગ્ર વિહારો કર્યા છે. નિઃસ્વાર્થ ભાવે વિશ્વકલ્યાણ એ જ આપનો માર્ગ છે. પ્રભુ ! નિઃસ્વાર્થપણે ઉપકારી એવી આપની ઉપાસનાથી મારી સ્વાર્થી વાસનાઓ નાશ પામો, મારી આત્મશક્તિઓ જાગૃત થાઓ અને પરમાર્થનો માર્ગ સુલભ થાઓ !

દેવ ! સાંસારિક સ્વાર્થનો નાશ કરીને પરમાર્થ સિદ્ધિ મેળવવા માટે હું આપના જાનૂઓની ભાવપૂર્વક પૂજા કરૂં છું.

લોકાંતિક વચને કરી, વરસ્યા વર્ષીદાન;
કર કાંડે પ્રભુ પૂજના, કરતા ભવિ બહુમાન. ૩

હે નિર્મોહીનાથ !

લોકાંતિક દેવતાઓએ આપને જ્યારે વિનંતિ કરી કે–' પ્રભુ ! આ દુખિયા સંસારનાં ઉદ્ધાર માટે, આપ

આપની આત્મસિદ્ધિ પ્રગટ કરીને, તીર્થનું પ્રવર્તન કરો, પ્રાણીઓને તરવાનો ઉપાય બતાવો.' ત્યારે જાણે જુગ જુગ જૂના મોહનાં આવરણોને ક્ષણ માત્રમાં તોડી દીધાં હોય, તેમ આપે વાર્ષિક દાન આપવાનો નિર્ણય કર્યો. નાથ ! જે સંપત્તિ માટે અમે સાંસારિક જીવો અનેક પ્રકારની મુશીબતો ઉઠાવીએ છીએ, જેને અમે અમારા પ્રાણથી પણ પ્યારી ગણીએ છીએ, જેને માટે અનેક પ્રકારનાં દુર્ધ્યાન કરીએ છીએ, અને જેને અમારા જીવનનું સર્વસ્વ માની એની પાછળ મોહાંધ થઈ ભમીએ છીએ, એ સંપત્તિના ઓઘના ઓઘ આપના ચરણ આગળ ઉભરાતા હતા, છતાં આપને મન એની કશી કિંમત ન હતી. એ સંપત્તિનું વિનાશીપણું આપ જાણતા હતા. આપે એ સંપત્તિને હસતે વદને તજીને આત્મલક્ષ્મી માટે ભેખ ધારણ કર્યો હતો. અને પ્રભુ ! આપનું એ વાર્ષિક દાન જાણે આત્મલક્ષ્મીની સાધના માટે પ્રયાણ કરતાં પહેલાં આત્મા ઉપરની મોહ અને મમતાની રજેરજ ધોઇ ન નાખવી હોય એમ આપે સાંસારિક સંપત્તિને સંસારના જીવો માટે વહાવી દીધી. સાચે જ પ્રભુ ! આપનું વાર્ષિક દાન સંસારના જીવોને જાણે કહેતું હોય કે યોગ અને ભોગ એકીસાથે ન રહી શકે ! આત્માના પ્રેમીએ ભોગવિલાસ અને સંપત્તિને તિલાંજલિ આપવી જ રહી. ત્યાગ એ આત્મલક્ષ્મીની સાધનાનો અમર મંત્ર છે. એ મંત્રની સાધના જેટલી અધુરી તેટલી આત્મલક્ષ્મી ઓછી મળવાની. સ્વામી ! આત્મસિદ્ધિની સાધના કરીને સંસારના ઉદ્ધાર માટે આપે તપ, ત્યાગ અને સંયમનો

માર્ગ સ્વીકારીને આ સંસારનો ત્યાગ કર્યો હતો. સ્વભાવે સ્ફટિકસમ આત્મા ઉપરનાં આવરણો આપને અળખામણાં લાગતાં હતાં સંસારમાં ભમતાં જીવોનાં દુઃખ અને દારિદ્રય જોઈ આપનું હૃદય દ્રવતું હતું. એનો ઉપાય આપે શોધ્યો હતો. જાણે દુનિયાનું આધ્યાત્મિક દારિદ્રય દૂર કરવાનો માર્ગ ઉપદેશ્યા પહેલાં દુનિયાના સાંસારિક દારિદ્રયનો દાવાનળ શાંત કરવો ન હોય ! એ રીતે આપે સ્વહસ્તે વાર્ષિક દાન આપીને આપની અઢળક સંપત્તિનો ઝરો વહાવી મૂક્યો હતો. પ્રભુ ! ધન્ય હો એ પુણ્યવંત આત્માઓને જેમને આપના હાથે દાન સ્વીકારવાનો સંયોગ મળ્યો. નાથ ! આપ અનંત આત્મઋદ્ધિના ધણી છો. આપે અનેક જીવોનો ઉદ્ધાર કર્યો છે. આજે હું આપના શરણે આવ્યો છું. પ્રભુ ! આપના પૂજનથી મારા મોહનાં બંધનો દૂર થજો. મારી મમતાના આવરણો નાશ પામજો, મારી સાંસારિક સંપત્તિની આશા અને ઇચ્છા શાંત થજો, અને મારા હૃદયમાં આત્મ ઋદ્ધિની અભિલાષા જાગૃત થજો. સ્વામી ! આપે દુનિયાનું દારિદ્રય દૂર કર્યું છે, મારૂં આત્મિક દારિદ્રય દૂર કરવા માટે હું આપના કાંડાની ભાવભર્યા ચિત્તે પૂજા કરૂં છું. નાથ! મને એ આત્મલક્ષ્મીનું દાન કરી મારો નિસ્તાર કરજો.

માન ગયું દોય અંશથી, દેખી વીર્ય અનંત;
ભુજા બલે ભવજલ તર્યા, પૂજો ખંધ મહંત. ૪

હે અનંતશક્તિ પ્રભુ !

આ આત્મા સ્વભાવે અનંતશક્તિનો ધણી આપે ઉપ-

દેશ્યો છે. અનાદિ કાળથી લાગેલાં કર્મનાં આવરણોએ આત્માની એ અનંતશક્તિને ઢાંકી દીધી છે. અને કોઈ મહાવિકરાળ કેસરીના પંજામાં સપડાયેલ મૃગલાની જેમ અનાદિ કાળથી કર્મના પાશમાં પકડાએલો આ આત્મા સાવ રંક બની ગયો છે. પ્રભુ! એ રંક બનેલ આત્માની સતામણીનો કશો પાર નથી રહ્યો. જાણે એનામાં કશીય શક્તિ ન હોય, એ જાણે સાવ હીનસત્વ હોય એવી એની સ્થિતિ થઈ ગઈ છે. ક્રોધ માન, માયા, લોભ રાગ, દ્વેષ વગેરે કષાયોના રાત દિવસ એ આત્માને ઉપદ્રવ કરી અધઃપાત આપનારા એવા પણ આદેશો સદાય માથે ચડાવ્યા જ કરે છે. સ્વામી! કોઈ મહાવૈરીને પડકાર કરતા હો એમ આપે એ કર્મરાજને પડકાર આપ્યો. એ કર્મરાજના શાસનના જાણે ખંડખંડ ટુકડા કરી નાખવા ન હોય એ રીતે આત્મ શક્તિને શોધવા આપ સંસારનો ત્યાગ કરી ચાલી નીકળ્યા. મહામૂલાં રત્નોનો શોધક જેમ પૃથ્વીના પડો ભેદી નાખે, તેમ આત્મ શક્તિની શોધમાં આપે તપ અને સંયમથી કર્મના પડો ભેદવા શરૂ કર્યા. દેવ! આપની આ અનંત આત્મશક્તિની શોધને કષાયો ન અટકાવી શક્યા, વિષયો એ શોધની આડે ન આવી શક્યા, મોહમાયા અને મમતાનાં બંધનો એ શોધને ન રોકી શક્યા. કોઈ દિગ્વિજય કરતા ચક્રવર્તીના અશ્વની જેમ આપના આત્મશક્તિની શોધના અશ્વને કોઈ ન રોકી શક્યું. જે જે કષાયો, જે જે વિષયો, જે જે મોહમાયા અને મમતાભરી વાસનાઓ વચમાં આવી તે સૌ ચુરા ચુરા થઈ ગયાં. પ્રભુ! જાણે કર્મરાજના કિલ્લાનો નાશ કરતા

હો તેમ અનંત વીર્યની ઉપાસનામાં આપે આ શરીર ઉપર ઉગ્ર તપસ્યાના ઘા કર્યા અને પ્રભુ! જાણે આપની અદૃશ્ય આત્મ ઉપાસનાથી ત્રાસી ઊઠચો હોય તેમ છેવટે એ કર્મ-રાજનો પરાજય થયો, એના અભેદ્ય બંધનો રેતીના મહેલની જેમ શીર્ણ વિશીર્ણ થઈ ગયાં, આત્મા ઉપરનું એનું આધિ-પત્ય લુપ્ત થઈ ગયું અને આત્માની અનંત શક્તિનો જય જયકાર થયો. પ્રભુ! આપ અનંત શક્તિના ધણી થયા. આપે સંસારને સમજાવ્યું કે આત્મબળ આગળ કર્મબળ રાંક બની જાય છે. પ્રભુ! કોઈ મહા તરવૈયો પોતાની ભુજાઓના બળથી મહાસમુદ્રને જેમ તરી જાય, તેમ આપ આત્માની અનંત શક્તિરૂપ ભુજાઓથી આ સંસારસમુદ્ર તરી ગયા. દેવ! આપ અનંત શક્તિના ધણી છો. મારી એ અનંત આત્મશક્તિઓ સજીવન થાય, મારા કર્મબંધનો નાશ થાય, અપૂર્વ વીર્યઉલ્લાસના આનંદનો મારા આત્મામાં સંચાર થાય અને હું આ ભયંકર સંસારસમુદ્રને તરવા શક્તિશાળી બનું, એ માટે પ્રભુ! અનંત બળવાળી એવી આપની ભુજાઓની હું ભાવપૂર્વક પૂજા કરું છું. નાથ! આપે અનેક નિર્બળોમાં બળનો સંચાર કર્યો છે, પ્રભુ! આપ જેવા મહાવીર્યવાનની પૂજાથી મુજ નિર્બળમાં એ આત્મશક્તિનો સંચાર થશે.

સિદ્ધ શિલા ગુણ ઊજળી, લોકાંતે ભગવંત;
વસીઆ તેણે કારણ પ્રભુ, શિર શિખાપૂજંત. ૫

હે ત્રણ લોકના નાથ!

કર્મને આધીન થઈ અનાદિકાળથી ભમ્યા કરતો આ

જીવ દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકીના ભવોમાં ઊંચ નીચ દશાને પામ્યા જ કરે છે. કદીક સ્વર્ગલોકનાં અપાર વૈભવ વિલાસ અને આનંદો એણે માણ્યા છે, તો કદીક નરક ગતિમાં અસહ્ય અનંત વેદનાઓ વચ્ચે એને આથડવું પડયું છે. કદીક મનુષ્ય લોકમાં કોઈ રાજા મહારાજાનો વેશ ધારણ કરીને સત્તાની મદિરાનું પાન કરીને એ મદમત્ત બન્યો છે, તો કદીક દીન, હીન અને દુઃખી બની રાંકડું જીવન જીવ્યો છે. વળી કદીક પશુ જીવનની નાની મોટી અનેક આફતો એના માથે આવી પડી છે. આમ આ જીવ ચારે ગતિમાં જુદા જુદા વેશ ધારણ કરીને સ્વર્ગ, મૃત્યુ અને પાતાળરુપ ત્રણ લોકની રંગભૂમિ ઉપર સદાય નાચ્યા જ કરે છે. કોઈ સ્થળે એને શાન્તિ વળતી નથી, કોઈ જગ્યાએ એને સ્થિરતા મળતી નથી અને કોઈ સ્થાને એને આત્મભાવ લાધતો નથી, કે જ્યાં એ સુખપૂર્વક પોતાનું સ્થળ માની વસી શકે. મહાસાગરના ભયંકર ઝંઝાવાતમાં સપડાયેલ જહાજની જેમ આ જીવ હંમેશાં ચારેકોર અથડાયા જ કરે છે. પ્રભુ! દુનિયાની આ સદાય અસ્થિર સ્થિતિથી આપ ત્રાસી ઊઠયા. જ્યાં આત્મા સદાકાળ આનંદમગ્ન થઈને રહી શકે, જ્યાં આત્માને નિજાનંદમાંથી હાંકી કાઢનાર કોઈ ન હોય, જ્યાં આત્મભાવ સિવાય બીજી કોઇ વસ્તુ સ્પર્શી શકે નહિ, એવા સ્થળની શોધ કરવી આપને જરૂરી લાગી, એવું સ્થળ મળે તો જ આત્માને શાંતિ વળે. એ આપે જોયું અને એ સ્થળની શોધ માટે આપ સંસારનો ત્યાગ કરીને ચાલી નીકળ્યા. પ્રભુ! એ શોધ માટે ચાલી નીકળતાં

આપનું એકએક પગલે પગલું જાણે દૃઢ નિશ્ચયની મ્હોર મારતું હતું. પ્રભુ! એ શોધ કરવામાં સ્વર્ગની અપ્સરાઓ, સ્વર્ગના અપાર વૈભવ વિલાસ અને સ્વર્ગની સુંવાળી સુખ સામગ્રીઓ આપને ન લલચાવી શકી. આપનો નિશ્ચય અફર હતો અને દેવ! આપે આપનો એ નિશ્ચય પાર પાડયો. તપ, ત્યાગ અને સંયમની એરણ ઉપર આત્માનો ઘાટ ઘડીને આપે એ ચારે ગતિના તાપને શાંત કરે એવી પંચમ ગતિની શોધ પૂરી કરી. એ શોધે ત્રણે લોકમાં અથડાતા આત્માની અસ્થિરતાનો અંત આણ્યો. નાથ! આપની પંચમ ગતિની–મોક્ષની શોધે આત્માને સ્થિરતા મેળવી આપી. સ્વામી! એ પરમપદ પામીને આત્મા સ્વભાવને મેળવીને સદા આનંદ મગ્ન રહેવા લાગ્યો. પ્રભુ! ચારે ગતિ અને લોકથી ચઢીયાતા પરમપદની શોધ કરીને સમગ્ર લોકના અગ્રભાગ ઉપર આપ આત્મભાવમાં લીન થઈને બિરાજમાન થયા છો. આપ સૌથી શ્રેષ્ઠ સ્થાનને પામ્યા છો, તેથી હું આપના શરીરમાં સૌથી ઉંચી એવી આપની શિરશિખાની ભાવથી પૂજા કરૂં છું. આપના પગલે અસંખ્ય આત્મા પરમપદને પામ્યા છે. પ્રભુ! મને પણ એ પરમપદનો માર્ગ મળજો.

તીર્થંકર પદ પુણ્યથી, ત્રિભુવન જન સેવંત;
ત્રિભુવન તિલક સમા પ્રભુ, ભાલ તિલક જયવંત. ૬

હે દેવાધિદેવ!

ગ્રીષ્મના મધ્યાન્હ સમયના તાપથી સંતપ્ત થયેલ પ્રાણી જેમ કોઈ તરૂવરની શીતળ છાયા શોધે છે, તેમ

સંસારના ત્રિવિધ તાપથી દુઃખી થયેલ પ્રાણી પોતાના ઈષ્ટ દેવનું શરણ શોધે છે અને શરણું મળતાં પરમ શાતા પામે છે. પ્રભુ! દીન, દુઃખી અને સંસારમાં રડવડતા પ્રાણીઓના શરણરૂપ આવા ઈષ્ટ દેવોમાં આપ શિરોમણિરૂપ છો. પ્રભુ! પૂર્વે આરાધેલ રત્નત્રયના બળે તીર્થંકર પદવીની સમૃદ્ધિ આપે મેળવી છે એ સમૃદ્ધિએ દેવતાઓ, દેવેન્દ્રો, નરેન્દ્રો અને યોગેંદ્રોને ભક્તિ ઘેલા બનાવ્યા છે, એ સમૃદ્ધિએ તિર્યંચ એવા પશુ પંખીઓને પ્રેરણાઓ આપી છે, એ સમૃદ્ધિએ અનેક પાપીઓનો ઉદ્ધાર કર્યો છે, એ સમૃદ્ધિએ આપને ત્રણ લોકના સ્વામી બનાવ્યા છે. પ્રભુ! આપની એ તીર્થંકરપણાની અમર સમૃદ્ધિને હું ભાવપૂર્વક નમન કરૂં છું. નાથ! દેવેન્દ્રો અને નરેન્દ્રોની ભક્તિ, આઠ મહાપ્રાતિહાર્યોની શોભા કે સમવસરણ આદિની રચના–એ બાહ્ય દેખાતી સામગ્રીના લીધે જ આપ સર્વ ઈષ્ટ દેવોમાં શ્રેષ્ઠ છો એમ નથી. એવી બાહ્ય સમૃદ્ધિ તો કોઈ કોઈ ઈન્દ્રજાળીઆ પાસે પણ હોઈ શકે છે. પણ પ્રભુ! જેના લીધે આપ દેવાધિદેવ બન્યા, જેના લીધે આપની તીર્થંકરપણાની સમૃદ્ધિ ત્રણે ભુવનથી ચઢી ગઈ. તે છે આપની અપૂર્વ આત્મ સિદ્ધિ. આપની અમર દેશના. પ્રભુ! આપે જોયું કે આ સંસાર સદા દુઃખમય છે. એમાં પડેલ આત્મા સુખ દુઃખનાં આદોલનોમાં સદાકાળ અથડાયા જ કરે છે. એ સંસારથી છુટા થવાનો ઉપાય ન શોધવામાં આવે ત્યાં સુધી આત્માને અમર શાન્તિ લાધવાની નથી અને તેથી પ્રભુ! આપે આત્મ સાધનાની શોધ કરી. એ શોધથી આપે આપના આત્માને સ્ફટિક જેવો નિર્મળ

બનાવ્યો, અને આપના અનંત જ્ઞાનના બળે સંસારના દુઃખ દાવાનળને શાંત કરવા માટે ઉપદેશની ગંગા વહેતી મૂકી. એ પુનીત ગંગાના કિનારે આવેલો આત્મા કદી તરસ્યો પાછો ફર્યો નથી. પ્રભુ! આપે જોયું કે સંસાર આખો 'મત્સ્યગલાગલ' ન્યાયે દુઃખી થઈ રહ્યો છે. મોટું માછલું નાના માછલાને ગળી જાય, તેમ બળવાન જીવ નિર્બળ જીવને સતાવી રહ્યો છે. અને આપે ઉત્કૃષ્ટ અહિંસાનો મહામૂલો મંત્ર સંસારને સમજાવ્યો. ન્હાના મોટા સૌ જીવને જીવવાનો સમાન અધિકાર છે, કોઈ જીવને મારવો કે સતાવવો એ પાપ છે. એ પાપથી આ આત્મા મલિન થાય છે. બળવાન જીવે નિર્બળના ભક્ષણના બદલે તેનું રક્ષણ કરવું જોઈએ. અહિંસા પરાયણ આત્મા જ આત્મા સાધનાનો અમર પંથ પામી શકે. પ્રભુ! આપની એ ઉત્કૃષ્ટ અહિંસાએ અનેક આત્માઓનો ઉદ્ધાર કર્યો છે. નાથ! આપની એ પરમ અહિંસાએ આપને સર્વ ઈષ્ટ દેવોમાં શ્રેષ્ઠ બનાવ્યા છે. પ્રભુ! આપની એ પરમ અહિંસાને મારી ક્રોડક્રોડ વન્દના હોજો. સ્વામી આપે જોયું કે સંસારના પંડિતો, તત્ત્વજ્ઞાનીઓ અને આત્માના પ્રેમીઓ સુદ્ધાં સૌ પોતાનું એ જ સાચું માની બીજાનું ખંડન કરીને વિતંડાવાદના ઊંડા ખાડામાં પડી રહ્યા છે, કોઈ કોઈની વાત સાંભળવા તૈયાર નથી, કોઈનો મત સમજવા તૈયાર નથી પ્રભુ! આવે સમયે આપે સ્યાદ્વાદ–અનેકાંતવાદનો મહામૂલો, મંત્ર ઉપદેશ્યો. પ્રભુ! આપના એ સ્યાદ્વાદે જગતને એક જ વસ્તુને અનેક દ્રષ્ટિબિન્દુથી જોતાં શિખવ્યું.

જાણે કોઇને લેશ પણ દુભાવવાનો પ્રસંગ ન આવે એમ આપના સ્યાદ્વાદના ઉપદેશે સંસારને અહિંસાની પરાકાષ્ઠાનો માર્ગ બતાવ્યો અને આપની નયવાદ અને સપ્તભંગીની પ્રરૂપણાએ આપના એ સ્યાદ્વાદના ઉપદેશ ઉપર કલગી ચઢાવી. પ્રભુ! પરમ અહિંસા, સ્યાદ્વાદ અને નયવાદના આપના ઉપદેશે જાણે સંસારને પરમ શાન્તિનો માર્ગ પ્રરૂપ્યો. પ્રભુ! આપની આત્મસાધના પરમોત્કૃષ્ટ છે, તેથી આપ સૌ ઈષ્ટદેવોમાં શ્રેષ્ઠ છો. સ્વામી! સંસારના સર્વ ઉપદેશોમાં આપનો ઉપદેશ પરમસત્યમય છે, તેથી આપ સૌથી મહાન્ છો. દેવ! સંસારમાં સર્વ દેવોમાં આપનું તીર્થંકરપણું તિલક સમાન છે, તેથી હું આપના ભાલ ઉપર ભાવપૂર્વક તિલક કરૂં છું.

સોળ પ્રહર દઈ દેશના, કંઠ વિવર વરતુલ;
મધુર ધ્વની સુરનર સુણે, તિણે ગળે તિલક અમૂલ. ૭

હે દયાનિધિ ભગવન્!

કોઈ ગારૂડીનો મનોહર મોરલીનાદ ભયંકર વિષધરને પણ શાંત કરી તેને ડોલાવે છે, તેમ હે પ્રભુ! સમવસરણમાં બિરાજેલ આપના કંઠમાંથી નીકળતો, માલકોશ રાગભર્યો, યોજનગામી મધુર ઉપદેશ ધ્વનિ, ભલભલા પાપી આત્માઓને શાંત કરી દે છે. પ્રભુ! આપના કંઠમાંથી નીકળતી એ કરુણાભરી દેશનાએ સંસારનાં દુઃખોથી સંતપ્ત પ્રાણીઓ ઉપર અમીનાં છાંટણાં છાંટ્યાં છે. નાથ!

એ દેશનાના તાંતણે રોહિણેય સમા અનેક અધમ આત્મા-ઓનો નિસ્તાર થયો છે. પ્રભુ ! આપના કંઠમાંથી નીકળતા એ દેશનાધ્વનિને હું ભાવપૂર્વક વંદન કરૂં છું. પ્રભુ ! આપે સમવસરણમાં બિરાજી આપેલ દેશનાના એ ધ્વનિનો મહિમા હું શું વર્ણવી શકું ? એ ધ્વનિએ માનવોને જ નહી દેવતાઓને પણ મુગ્ધ કર્યા છે. સદા આનંદ વિલાસ અને વૈભવમાં મગ્ન રહેતા દેવતાઓ પણ આપના કંઠ-માંથી નીકળતા એ દેશના અમૃતનું પાન કરવા માટે પોતાના વિલાસોને વેગળા મૂકે છે, અને આપના ચરણ પાસે આવીને બેસે છે અને એટલું જ શા માટે ? મૂઢ અને જડ ગણાતા પશુપંખીઓ પણ જાણે પોતાના પશુભાવને ભૂલીને આત્મભાવને પિછાનવા મથતા હોય તેમ આપના સમવસરણમાં આવી બેસે છે. પ્રભુ ! આપની દેશનાના ધ્વનિનો આવો પ્રભાવ એ સંસારને માટે કરૂણારસભર્યા આપના હૃદયના પ્રતિબિંબ સમો છે. એ ધ્વનિમાં મનુષ્ય, દેવ અને પશુ સૌ જાણે પોતાના આપ્તજનની મધુરી વાણી સાંભળતા હોય તેમ આપના ચરણ આગળ આવી સમતારસમાં ઝીલતા બેસે છે. પ્રભુ ! આપની એ મહા મહિમાભરી વાણીને હું વંદન કરૂં છું. દેવ ! પડતા કાળના પ્રભાવે આપના કંઠમાંથી નીકળતો એ મધુર ધ્વનિ સાંભળવાનું અમારા નસીબમાં નથી, આજે આપની એ પવિત્ર દેશના અમ ભારતવાસીઓને અલભ્ય છે. છતાં પ્રભુ ! અમારો ધર્મમાર્ગ સર્વથા પ્રકાશહીન નથી થયો. આપના કંઠમાંથી નીકળેલા એ દેશનાના ધ્વનિને શ્રીગણધર ભગવંતોએ

ગ્રન્થરૂપે ગુંથીને અમર બનાવ્યો છે. આપની દેશનાના સારભર્યા અને ગણધર ભગવંતોએ ગૂંથેલા એ આગમ ગ્રન્થો અમ પંચમકાળમાં વસતા માનવીઓનું મહામૂલું ધન છે. પ્રભુ! આપ જેવા જિનવર દેવના અભાવમાં જિનવર દેવે ઉપદેશેલી વાણી સંસારને સાધનાનો માર્ગ બતાવે છે. આપની દેશનાથી ભરેલા એ આગમોની આરાધનાએ અનેક આત્માઓના આત્મદર્શનના માર્ગને ઉજ્જવળ બનાવ્યો છે. પ્રભુ! સંસારના સમસ્ત પ્રાણીઓને કલ્યાણ માટે કરૂણાભર્યા ઉપદેશનો ધોધ વહેતો મુકનાર આપના એ કંઠની હું ભાવભર્યા હૃદયે પૂજા કરૂં છું. નાથ! આપના કંઠની પૂજાથી મને આગમ જ્ઞાનનો પ્રકાશ સાંપડજો.

હૃદય કમળ ઉપશમ બળે, બાળ્યા રાગ ને રોષ;
હિમ દહે વન ખંડને, હૃદય તિલક સંતોષ. ૮

હે પરમાત્મન્!

સંસારમાં અનાદિકાળથી આત્માને દુઃખ આપતાં કર્મોનો નાશ કરીને આત્માના અનંત સુખની શોધ કરવાનો આપે નિર્ણય કર્યો અને આપ, કોઈ નાગરાજ કાંચળીનો ત્યાગ કરે તેમ સંસારનો ત્યાગ કરી ચાલી નીકળ્યા. પ્રભુ આપના એ નિશ્ચયને સંસારના મોહક પાશો ન અટકાવી શકયા, કે આત્મ સાધનામાં આવી પડતી અપાર આપત્તિઓ એને ન ડગાવી શકી. પ્રભુ! આપે હૃદયબળે સ્વીકારેલો આપનો એ નિશ્ચય મેરૂસમ અડગ હતો, અને એ

નિશ્ચયની આધારભૂમિસમું આપનું હૃદય વજ્રસમ કઠિન હતું. એ હૃદય બળને ભેદવું અશક્ય હતું. પ્રભુ ! આપની આત્મ સાધનાના આધાર સમા આપના એ હૃદય બળને મારાં કોટિ કોટિ વંદન હો. નાથ ! મલિન પાણીથી મળનો નાશ થયો કદી સાંભળ્યો નથી. આત્મા ઉપરનાં કર્મ મળનો નાશ કરી સમસ્ત સંસારને આત્મશુદ્ધિનો માર્ગ ઉપદેશવા આપે સંયમ ધારણ કર્યું હતું. પ્રભુ ! એ આત્મશુદ્ધિ માટે આપે આપના હૃદયને સ્ફટિક સમું નિર્મળ બનાવ્યું, અને એ સ્ફટિક સમ નિર્મળ હૃદયનાં આંદોલનોએ આપનો વિશ્વબન્ધુપણાનો નાદ સમસ્ત સંસારને સંભળાવ્યો. નાથ ! આપના એ પવિત્ર કરૂણાભર્યા હૃદયમાં દીન, દુઃખી અને સંસારના ત્રિવિધ તાપથી સંતપ્ત પ્રાણીઓને પરમ શાંતિનું દર્શન થયું. પ્રભુ ! સ્ફટિક સમ નિર્મળ એવા આપના હૃદયને હું ભાવપૂર્વક નમન કરૂં છું. પ્રભુ ! આત્મસાધનામાં વજ્રસમ આપનું એ હૃદય સંસારના દુઃખી જીવો પ્રત્યે સદાય દ્રવતું હતું. કમળની કોમળ પાંખડી જેમ જરા પણ તાપ લાગતાં કરમાઈ જાય તેમ દીન દુઃખી જીવને જોઈને આપનું હૃદય કરૂણાથી ઉભરાઈ જતું. આપના કરૂણાના જળે અનેક જીવોના દુઃખ દાવાગ્નિને શાંત કર્યો છે. પ્રભુ ! કમળથી પણ કોમળ એવા આપના એ હૃદયને હું સદા પૂજું છું. અને પ્રભુ ! આપના એ નિર્મળ હૃદયમાં વહેતી શાન્તિસરિતાનું તો કહેવું જ શું ? હિમ ઠંડો ઠંડો પણ જેમ વનરાજીને બાળીને ખાખ કરી નાખે છે, તેમ પરમ શાન્તરસભર્યા આપના અંતઃકરણે

ચંડકૌશિક સમા ક્રોધથી ધમધમતા અનેક આત્માઓને શાંત બનાવી દીધા છે. પ્રભુ! પરમ શાંતરસ ભર્યા આપના એ હૃદયને મારા વંદન હજો. નાથ! વજ્રથીય કઠોર, કમળથી પણ કોમળ, સ્ફટિકથી પણ વધુ નિર્મળ અને પરમશાંત રસ ભર્યા આપના હૃદયનું હું ભાવપૂર્વક પૂજન કરૂં છું. સ્વામી! આપના હૃદયના પૂજનથી મારા હૃદયના ગુણોનો વિકાસ થજો, આત્મ સાધના માટે મને વજ્રસમ હૃદયબળ પ્રાપ્ત થજો, બધા જીવો પ્રત્યે સમભાવભરી કરૂણા મળજો, સ્ફટિક જેવી નિર્મળતા મળજો અને અપાર શાન્તિનો લાભ થજો.

રત્નત્રયી ગુણ ઊજળી, સકળ સુગુણ વિશ્રામ;
નાભિકમળની પૂજના, કરતાં અવિચળ ધામ. ૯

હે મંગલમય પરમાત્મન્!

અનાદિ કાળથી આત્મભાન ભૂલેલો આ આત્મા પુદ્‌ગલનો સંગી બની પરભાવમાં રાચ્યા કરે છે. એણે પોતાનું સ્વરૂપ વિસારી મૂક્યું છે. અજ્ઞાનનાં આવરણોએ એના જ્ઞાન ભાનુને ઢાંકી દીધો છે; સંશય અને સંદેહની કાલિમાએ એના શ્રદ્ધાગુણને આવરી લીધો છે અને સંસારમાં નિરંતર ભોગવવાં પડતાં સુખદુ:ખનાં ઘેરાં વાદળાંએ એના નિજાનંદનું તેજ હણી દીધું છે. પ્રભુ! આ બધી અનાદિકાળથી વળગેલાં કર્મની રચના છે. એ જડ કર્મને વશ બનેલો આ આત્મા પોતાના ચેતન ભાવને વિસરીને ગર્ભાવાસ, જન્મ અને મરણની કારમી વેદનાઓ સદાકાળ

સહ્યા કરે છે. પ્રભુ! જેમ મદઘેલો ગજરાજ મલિન કાદવમાં આળોટે છે, તેમ આ ભાનભૂલ્યો આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ ભૂલીને કર્મના કાદવમાં સદાકાળ રાચ્યા કરે છે. પરમાત્મન્ ! એ મલીન કર્મકીચડમાંથી મારા આત્માનો નિસ્તાર કરો. સ્વામી ! કરૂણાના સાગર એવા આપે જગતને કલ્યાણનો માર્ગ ઉપદેશ્યો છે. આત્મઋદ્ધિથી વિમુખ બનેલા સંસારને આપે અનંત આત્મલક્ષ્મીનું દર્શન કરાવ્યું છે. એ આત્મલક્ષ્મીએ અનેક આત્માઓને સમૃદ્ધ બનાવી તેમનો ઉદ્ધાર કર્યો છે. નાથ ! મારા કર્મ દારિદ્રયનો નાશ કરીને મને એ આત્મલક્ષ્મીનું દાન કરો. નાથ ! આપે શોધેલી એ આત્મલક્ષ્મીનું મૂલ્ય હું શું કરી શકું ? પ્રભુ ! દેવતાઓએ સાગરમંથન કરી રત્નો મેળવ્યાં, તેમ આપે આત્મમંથન કરી આત્મસમૃદ્ધિના મહાખજાના સમાં ત્રણ મહારત્નોની શોધ કરી. અનંત જ્ઞાન, અનંત દર્શન અને અનંત ચારિત્ર એ આત્માની અખૂટ સંપત્તિ છે. એ સંપત્તિને વરેલ આત્મા સંસારની સમગ્ર ઉપાધિઓને તરી જાય છે. પ્રભુ ! સ્વભાવે આ આત્મા અનંત જ્ઞાનનો ધણી છે, અનંત દર્શનનો માલિક છે અને અનંત આનંદનો ભોક્તા છે. પણ પ્રભુ ! મોહમાયાને વશ પડેલ આત્મા, મંત્રવશ બનેલ માનવી જેમ પોતાનું ભાન ભૂલી જાય તેમ પોતાની અમૂલ્ય આત્મ સંપત્તિને ભૂલી બેઠો હતો. નાથ ! આપે એને જાગૃત કર્યો. પ્રભુ ! આપે શોધેલ એ અમૂલ્ય રત્નત્રયીનો કેવો પ્રભાવ છે ! આંખ આગળનો પાટો દૂર થાય અને માનવી જેમ પોતાની આસપાસના પદાર્થો દેખી શકે, તેમ અજ્ઞાનનાં આવરણો દૂર

થતાં અનંત જ્ઞાનના બળે આત્મા સંસારના સમસ્ત ભાવોને હસ્તામલકવત્ નિહાળવા લાગે. અનંતદર્શન પ્રગટ થાય કે આત્માના સમસ્ત સંશયો કે સંદેહો દૂર થઈ જાય અને આત્મા સત્ય શ્રદ્ધાની નિર્મળ સરિતામાં સ્નાન કરવા લાગે. કોઈ મહારોગીનો રોગ દૂર થાય અને તેને જેમ શાતા વળે તેમ અનંત ચારિત્ર્યનો ઉદય થાય અને આત્માનો કર્મવ્યાધિ સર્વથા નાશ પામીને આત્માને અનંત આનંદનો સાક્ષાત્કાર થવા લાગે. નાથ ! આ રત્નત્રયીની સાધના એટલે આત્માના સત્ ચિત્ અને આનંદનો સાક્ષાત્કાર. નાથ ! મહામંત્રવાદીના એકાદ મંત્રાક્ષરમાં પણ જેમ અપાર શક્તિ ભરી હોય છે તેમ આપે પ્રરૂપેલા આ જ્ઞાન, દર્શન અને ચારિત્રની રત્નત્રયીમાં કર્મનો નાશ કરીને આત્માને શુદ્ધ બનાવવાની અનંત શક્તિ ભરી છે. પારસમણિના સ્પર્શે લોઢું પણ જેમ સુવર્ણ બની જાય છે, તેમ આ રત્નત્રયીના સ્પર્શે આત્માનાં કર્મરૂપી આવરણો દૂર થઈને આત્મા શુદ્ધ સ્વરૂપે પ્રકાશવા લાગે છે. પ્રભુ ! કોઈ ગાગરમાં સાગર સમાવી દે તેમ આ જ્ઞાન, દર્શન, ચારિત્રની રત્નત્રયીમાં આપે અનંત આત્મા સમૃદ્ધિને ભરી દીધી છે. પ્રભુ ! એ આત્મસમૃદ્ધિનો લાભ મારા આત્માને મળજો. સ્વામી ! આ દેહનું મૂળ નાભિ છે, તેમ ધર્મનું મૂળ આ જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ રત્નત્રયી છે. એ રત્નત્રયીમૂલક ધર્મ જ આત્માનો નિસ્તાર કરી શકે છે. પ્રભુ ! ધર્મના મૂલસમી એ રત્નત્રયીનો લાભ મેળવવા માટે હું આપની નાભિની ભક્તિભર્યા ચિત્તે પૂજા

કરૂં છું. પ્રભુ! આપની પૂજાથી મારા અજ્ઞાનનો નાશ થજો, મારાં દુઃખો નાશ પામજો અને મને અનંત જ્ઞાન, દર્શન, ચારિત્રની સાધનાનો માર્ગ સાંપડજો.

ઉપદેશક નવ તત્ત્વના, તિણે નવ અંગ જિણંદ;
પૂજો બહુવિધ ભાવશું, કહે શુભ વીર મુણીંદ. ૧૦

હે તરણતારણ દેવ!

ધન્ય છે તે પુણ્યાત્માઓને કે જેમણે સમવસરણમાં બેસી આપના મુખેથી દેશના સાંભળી છે અને આપનું પવિત્ર દર્શન કર્યું છે. ધન્ય છે તે ભૂમિને કે જ્યાં આપના ચરણોએ પગલાં પાડયાં છે. પ્રભુ! આપની વાણીએ અને આપના દર્શને અનેક આત્માઓને આત્મમાર્ગનું દર્શન કરાવી અમરપંથે વાળ્યા છે. નાથ! પંચમકાળના પ્રભાવે એ સમવસરણની રચના, એ યોજન ગામિની આપની દેશના અને પતિતોને પાવન કરતી આપની એ દેહજ્યોતિ આજે અલભ્ય છે. છતાં પ્રભુ! આપનું સ્મરણ કરાવી આત્મમાર્ગે પ્રેરતી આપની પ્રતિમા આ સંસાર સમુદ્રને તરવામાં મહાયાનતુલ્ય છે. આપની આત્મસિદ્ધિના અમર મહિમાને યાદ રાખવા અને આત્મ ભાવનાની જ્યોતિને સજીવન રાખવા દેવતાઓ પણ પોતાના દેવવિમાનોમાં આપની પ્રતિમાને પૂજે છે. પ્રભુ! આપની પ્રતિમાના પવિત્ર દર્શનથી આત્મભાવ પ્રત્યક્ષ કરીને આર્દ્રકુમાર સમા અનેક આત્માઓ ધર્મમાર્ગને પામ્યા છે. નાથ! આપની પ્રતિમાના પૂજનથી મારી ધર્મ ભાવના જાગૃત થજો. પ્રભુ! અનંત-જ્ઞાનમય કેવળજ્ઞાનના પ્રભાવથી સમસ્ત સંસારનો સાક્ષાત્કાર

કરીને આપે નવતત્ત્વની પ્રરૂપણા કરી. એ નવતત્ત્વમાં સંસારના સમસ્ત સચરાચર પદાર્થોનો સમાવેશ થાય છે. પ્રભુ ! આપની પવિત્ર પ્રતિમાના નવ અંગોના પૂજનથી મને એ નવ તત્ત્વોનું જ્ઞાન મળજો. સ્વામિ અગ્નિમાં તપાવેલ સુવર્ણ જેમ શુદ્ધ સ્વરૂપે પ્રકાશી ઉઠે છે, તેમ તપસ્યાની અગ્નિમાં તપાવેલ આ આત્માનો કર્મમળ બળીને ભસ્મ થઈ જાય છે અને આત્માનું શુદ્ધ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્ય પ્રકાશી ઉઠે છે. પ્રભુ ! આત્મા ઉપરના કર્મમળને બાળવા માટે આપે નવ પદના મહાતપની પ્રરૂપણા કરી છે. એ એક એક પદના આરાધનથી આત્મા ઉપરનાં કર્મબંધનો વધુને વધુ શિથિલ થતાં જાય છે. પ્રભુ ! આપની પ્રતિમાની નવ અંગની પૂજાથી મને એ નવપદ મહાતપની પ્રાપ્તિ થજો. પ્રભુ ! જડકર્મથી આવી મળેલ આ કાયાનાં અંગોનું જતન કરવા મોહવશ બની મેં અનેક પાપાચરણો સેવી મારા આત્માને ભારે બનાવ્યો છે, નાથ ! આપના અંગોના પૂજનથી મારા અંગો ઉપરનો મારો મોહ નાશ પામજો અને મને આત્મભાવનો લાભ થજો.

દેવાધિદેવ ! શાંત રસમાં ઝીલતી આપની પ્રતિમા મારા અંતરતાપને શમાવીને મારામાં શાન્તિનો સંચાર કરશે. પ્રભુ ! કોઇ મહામંત્રની જેમ આપના નામ સ્મરણરૂપી મંત્ર પાપીઓના પાપનો નાશ કરે છે. નાથ ! કોઈ મહાદાનીની જેમ આપની પ્રતિમાનું દર્શન પ્રાણીઓને પુણ્યસમૃદ્ધિનું દાન કરે છે. દેવ ! કોઈ પારસમણિની જેમ

આપની પ્રતિમાનું પવિત્ર સ્પર્શન–આપની પ્રતિમાનું પૂજન આત્મભાવને જાગૃત કરીને પ્રાણીઓના આત્માને નિર્મળ બનાવે છે. પ્રભુ! આપનું નામસ્મરણ મારા પાપોને દૂર કરજો, આપનું દર્શન મારી પુણ્યસમૃદ્ધિને જાગૃત કરજો અને દેવ! આપનું પવિત્ર પૂજન મારા સમસ્ત કર્મોને દૂર કરી મારા આત્માનો નિસ્તાર કરજો. નાથ! આ લાભ મેળવવા માટે હું આપનાં નવે અંગનું ભાવપૂર્વક પૂજન કરૂં છું.

સ્વામી! પંચમકાળમાં આપની દેશનાથી ભરેલ આગમ અને આપનું સ્મરણ કરાવતી આપની પ્રતિમા અમારૂં શરણ હજો.

પૂજન વખતે ભાવવાની જુદી જુદી ત્રણ અવસ્થાઓ.

પ્રભુની પિંડસ્થ, પદસ્થ અને રૂપાતીત એ ત્રણ અવસ્થાઓ ભાવવી. તેનો અર્થ એ છે કે પ્રભુનું છદ્મસ્થ પણુ, કેવલીપણું અને સિદ્ધપણું વિચારવું. સ્નપન અને અર્ચન વડે છદ્મસ્થ અવસ્થા ભાવવી, પરિકરમાં રચેલાં પ્રાતિહાર્યો વડે કેવલી અવસ્થા ભાવવી તથા પર્યંકાસન અને કાયોત્સર્ગ આસન વડે શ્રી જિનેશ્વરોની અરૂપી સિદ્ધત્વઅવસ્થા ભાવવી.

પિંડ—તીર્થંકર દેવનો તીર્થંકર પદવી પામ્યા પહેલાનો દેહ, તેમાં રહેલી અવસ્થા ત્રણ પ્રકારની છે. ૧ જન્માવસ્થા ૨ રાજ્યાવસ્થા અને ૩ શ્રમણાવસ્થા. એ ત્રણે અવસ્થામાં ભગવાન છદ્મસ્થ–અસર્વજ્ઞ હોય છે.

પદ—તીર્થંકર પદવી, તે પ્રભુ જ્યારે કેવલજ્ઞાન પામે છે ત્યારે જ પ્રગટ થાય છે. તેથી અહીં પદસ્થ અવસ્થા એટલે કેવળજ્ઞાનથી આરંભીને નિર્વાણસમયપર્યંતનું કેવલીપણું.

રૂપરહિતઅવસ્થા—આ અવસ્થા પ્રભુ જ્યારે નિર્વાણ પામી સિદ્ધ થાય છે ત્યારે હોય છે. રૂપ એટલે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ, તેનાથી રહિતપણું–કેવળ આત્મસ્વભાવમાં અવસ્થાન.

જન્માવસ્થા—પ્રભુની પ્રતિમા જે પરિકરમાં સ્થાપેલી હોય છે, તે પરિકરમાં પ્રભુના મસ્તક ઉપર હાથી ઉપર બેઠેલા અને હાથમાં કળશો લઈને જાણે પ્રભુનો અભિષેક કરતા હોય તેવા દેવોનો આકાર હોય છે, તે આકારોને ધ્યાનમાં લઈ જન્મ અવસ્થા ભાવવી. તથા સ્નાત્રાદિ-જળાભિષેક સમયે પણ જન્માવસ્થા ભાવવી.

રાજ્યાવસ્થા—એ જ પરિકરમાં માલાધારી–હાથમાં પુષ્પની માલા ધારણ કરેલા દેવો હોય છે, તેને ધ્યાનમાં લઈ રાજ્યાવસ્થા ભાવવી. પુષ્પમાલા તે રાજભૂષણ છે. ઉપલક્ષણથી બીજાં આભૂષણો પણ સમજવાં. પુષ્પપૂજા તથા અલંકાર પૂજા વખતે પણ રાજ્યઅવસ્થા ભાવવાની છે.

શ્રમણાવસ્થા—પ્રભુપ્રતિમાનું મસ્તક અને દાઢી-મૂછનો ભાગ કેશરહિત હોય છે, તેને ધ્યાનમાં લઈને શ્રમણાવસ્થા ભાવવી. પ્રભુ જ્યારે દીક્ષા લે છે ત્યારે પંચ-મુષ્ટિ લોચ કરે છે, ત્યારબાદ ભવપર્યન્ત લોચ કરતી વખતે જેવા રહ્યા હોય તેવા જ અલ્પકેશાદિ અવસ્થિત રહે છે.

પરંતુ વૃદ્ધિ પામતા નથી. એ અવસ્થિતપણું એ જ અહીં પ્રભુના શ્રમણપણાનું સૂચક છે.

કેવલીઅવસ્થા—એ જ પરિકર ઉપર કળશધારી દેવની બે બાજુએ કોરેલા પત્રનો આકાર હોય છે, તે **અશોકવૃક્ષ.** માલાધર દેવો વડે **પુષ્પવૃષ્ટિ**, વીણા અને વાંસળી વગાડતા દેવોના આકાર વડે **દિવ્યધ્વનિ**, મસ્તકના પાછળના ભાગમાં રહેલો તેજ રાશિને સૂચવનારો કિરણ-વાળો કાન્તિમાન આકાર તે **ભામણ્ડલ**, ત્રણ છત્રની ઉપર ભેરી વગાડતા દેવોનો આકાર તે **દુંદુભિ**, બે ચામર વીંજતા દેવનો આકાર તે **ચામર**, તથા **સિંહાસન** અને **છત્ર**, એમ આઠ પ્રાતિહાર્ય અવશ્ય સાથે રહેવાવાળા હોય છે, તેને ધ્યાનમાં લઈને પ્રભુની કેવલીઅવસ્થા-તીર્થંકર પદ-વીની અવસ્થા ભાવવી.

રૂપાતીતઅવસ્થા—સઘળા તીર્થંકરો પર્યંકાસન તથા કાયોત્સર્ગાસન, એ બે આસનોએ રહીને મોક્ષે ગયા છે, તેથી પ્રભુની મૂર્ત્તિઓ પણ એ બે આસનોવાળીજ હોય છે, તેને ધ્યાનમાં લઈને પ્રભુની સિદ્ધત્વ અવસ્થા એટલે રૂપાતીત અવસ્થા ભાવવી.

સ્તોત્ર કેવું હોવું જોઈએ?

"गंभीरमहुरसद्दं, महत्थजुत्तं हवइ थुत्तं ।"

શ્રી જિનેશ્વરદેવનું સ્તવન શબ્દથી મેઘની ગર્જનાની જેમ ગંભીર અને મધુર ધ્વનિવાળું તથા અર્થથી મહાન્-થોડા અક્ષરોમાંથી પણ ઘણો અર્થ નિકળે તેવું તથા ગૂઢ-ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનથી ભરપૂર હોવું જોઈએ.

સુવિહિત શિરોમણિ આચાર્ય પુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા શ્રી 'ષોડશક' પ્રકરણમાં 'સ્તોત્રો' કેવાં હોવાં જોઈએ એ સંબંધમાં ફરમાવે છે કે—

' पिण्डक्रियागुणगतैर्गम्भीरैर्विविधवर्णसंयुक्तैः ।
आशयविशुद्धिजनकैः संवेगपरायणैः पुण्यैः ॥ १ ॥
" पापनिवेदनगर्भैः, प्रणिधानपुरःसरैर्विचित्रार्थैः ।
अस्खलितादिगुणयुतैः, स्तोत्रैश्च महामतिग्रथितैः ॥२॥ "
युग्मम् ।

પિંડ—શરીર એક હજારને આઠ લક્ષણોથી યુક્ત.

ક્રિયા—આચાર અથવા ચરિત્ર, તે સર્વથી ચઢીયાતું, દુર્જય પરીષહો અને ઉપસર્ગોને પણ જીતનારૂં, તથા.

ગુણ—શ્રદ્ધા, જ્ઞાન અને વિરતિ આદિ જીવના સહવર્તિ પરિણામો, કેવલજ્ઞાન, કેવળદર્શન અને ક્ષાયિક ચારિત્રાદિના વર્ણનથી યુક્ત.

ગંભીર—સૂક્ષ્મ મતિથી સમજાય તેવા ભાવથી ભરેલા અથવા આન્તરિક ભાવથી રચાયેલાં.

વિવિધવર્ણસંયુક્ત—વિભિન્નછંદ અને અલંકારોના કારણે વિચિત્ર પ્રકારના અક્ષર સંયોગોવાળાં.

આશયવિશુદ્ધિજનક—ભાવ વિશુદ્ધિને ઉત્પન્ન કરનારાં.

સંવેગપરાયણ—સંવેગ એટલે સંસારભય અથવા મોક્ષાભિલાષાની તત્પરતા જણાવનારાં.

પુણ્ય—પુણ્ય બંધના કારણભૂત અથવા પવિત્ર —૧

પાપનિવેદનગર્ભિત—રાગદ્વેષ અને મોહથી સ્વયં કરેલાં, કરાવેલાં અને અનુમોદેલાં પાપોના નિવેદનથી ગર્ભિત.

પ્રણિધાનયુક્ત—ચિત્તની એકાગ્રતા અને ઉપયોગ-પૂર્વક.

વિચિત્ર—બહુ પ્રકારના અર્થવાળાં.

અસ્ખલિતાદિ ગુણોથી યુક્ત, આદિ શબ્દથી અ-મીલિત-વિરામાદિથી સંયુક્ત, અવ્યત્યાગ્રડિત-પુનરૂક્તિ-આદિ દોષો વિનાના.

મહામતિગ્રથિત—મહા બુદ્ધિમાન પુરૂષોથી વિર-ચિત સ્તોત્રો-સ્તુતિ વિશેષો વડે શ્રી જિનેશ્વરદેવોની સ્તુતિ કરવી જોઈએ.

એ જ મહર્ષિ 'શ્રી યોગબિન્દુ' નામના ગ્રન્થરત્નમાં ફરમાવે છે કે—

" स्थानकालक्रमोपेतं, शब्दार्थानुगतं तथा ।
अन्याऽसंमोहजनकं, श्रद्धासंवेगसूचकम् ॥ १ ॥
प्रोल्लसद्भावरोमाञ्चं, वर्धमानशुभाशयम् ।
अवनामादिसंशुद्ध,-मिष्टं देवादिवन्दनम् ॥ २ ॥

સ્થાન—ચૈત્યવન્દન સ્તુતિ આદિને યોગ્ય શરીર સંસ્થાન.

કાલ—સન્ધ્યાત્રયાદિ.

ક્રમ—પ્રણિપાતદંડકાદિ સૂત્રોનો અનુક્રમ, તથા

શબ્દાર્થાનુગત—સૂત્રના અર્થમાં ઉપયોગ યુક્ત.

અન્યાસંમોહજનક—પોતાના સિવાય બીજા જે ચૈત્યવન્દન સ્તુતિ આદિમાં પ્રવૃત્ત થયા હોય તેઓને સં-મોહપીડા ઉત્પન્ન ન થાય તે રીતે યુક્ત સ્વરથી-અતિ ધીમો પણ નહિ અને અતિ ઉંચો પણ નહિ તેવા સ્વરે.

શ્રદ્ધાસંવેગસૂચક—મોક્ષની તીવ્ર અભિલાષા અને ભવનિર્વેદને અભિવ્યક્ત-પ્રગટ કરનાર-૧

પ્રોલ્લસદ્દભાવરોમાંચ—સ્વાભાવિક પુલક-રોમાંચનો અનુભવ થઈ રહ્યો હોય તેમ.

વધતા જતા શુભ આશયવાળું તથા.

પ્રણામાદિ નિરવદ્ય ક્રિયાયુક્ત દેવાદિવન્દન કરવું. આદિ શબ્દથી ગુર્વાદિવન્દન-સ્તવન વિગેરે કરવાં તે શાસ્ત્રકારોને અભિમત છે.

"શુભભાવાર્થં પૂજા સ્તોત્રેભ્યઃ સ ચ પરઃ શુભો ભવતિ ।
સદ્ભૂતગુણોત્કીર્ત્તનસંવેગાત્ સમરસાપત્ત્યાઃ ॥ ૩ ॥"

શ્રી જિનપૂજા શુભ ભાવ માટે કરવાની છે. ઉત્તમ સ્તોત્રો વડે તે ભાવ પરમ-પ્રકૃષ્ટ શુભ થાય છે. પુષ્પાદિ વડે પૂજા કરવાથી જેમ ભાવની વિશુદ્ધિ થાય છે, તેમ સ્તોત્રાદિ વડે પણ શ્રીજિનભક્તિ કરવાથી પૂર્વની અપેક્ષાએ અત્યંત શુભ અધ્યવસાયો ઉત્પન્ન થાય છે. કારણ કે સ્તોત્રાદિ વડે શ્રી જિનેશ્વરદેવોના સદ્ભૂત-વિદ્યમાન અને સત્ય ગુણોનું સંકીર્ત્તન થાય છે, તેથી સંવેગ-મોક્ષનો અભિલાષ પ્રગટે છે. મોક્ષાભિલાષાથી સમરસ-સમભાવનો અભિલાષ પ્રગટે છે, અને સમરસની પ્રાપ્તિ એ જ શુભ ભાવની પરાકાષ્ઠા છે.

ચૈત્યવંદન આદિ ક્રિયાની શુદ્ધિ માટે ઉપયોગી માર્ગદર્શન.

શ્રીજૈનશાસનમાં પ્રણિધાનાદિ આશયોથી વિશુદ્ધ

એવો ચૈત્યવંદનાદિ સઘળોય ધર્મનો વ્યાપાર, મહાસુખ-સ્વરૂપ મોક્ષની સાથે આત્માને જોડનારો હોવાથી 'યોગ' સ્વરૂપ મનાયો છે. તેમાં પણ ચૈત્યવંદનાદિ ક્રિયા કરતી વખતે સ્થાન અને વર્ણાદિનો ઉપયોગ રાખવાથી વિશેષ કરીને 'યોગ' માર્ગની સાધના થાય છે. યોગની એ વિશેષ સાધનાના શાસ્ત્રમાં પાંચ પ્રકાર પાડવામાં આવ્યા છે. [૧]સ્થાન–મુદ્રાયોગ, [૨]વર્ણ–અક્ષર, [૩]અર્થ–શબ્દવાચ્ય, [૪]આલંબન–કાયોત્સર્ગાદિ અને [૫]નિરાલંબન–એકાગ્રતાપૂર્વક સિદ્ધનું સ્મરણ ઈત્યાદિ યોગના પાંચ પ્રકાર છે. એમાં પહેલા બે કર્મ–ક્રિયા યોગ છે અને પછીના ત્રણ જ્ઞાનયોગ છે. એ પ્રત્યેકના પાછા ચાર ચાર ભેદ છે. ઈચ્છાયોગ, પ્રવૃત્તિયોગ, સ્થિરયોગ અને સિદ્ધિયોગ. ચૈત્યવંદનાદિ ક્રિયાને વિષે સ્થાન, વર્ણ, અર્થ અને આલંબન વિગેરેનું વિભાવન–વારંવાર સ્મરણ કરવું, એ અત્યંત કલ્યાણનું કારણ મનાયેલું છે. પ્રણિધાનાદિ આશયો અને સ્થાનાદિ યોગોના ઉપયોગ વિનાની ક્રિયાને શાસ્ત્રોમાં તુચ્છક્રિયા–દ્રવ્ય ક્રિયા તરીકે સંબોધી છે. સ્થાનાદિયોગ રહિત પુરૂષને ચૈત્યવંદનાદિ સૂત્રો ભણાવવાની પણ શાસ્ત્રો ના પાડે છે. સ્થાનાદિ યોગયુક્ત અનુષ્ઠાનના પણ ચાર ભેદ પાડવામાં આવ્યા છે. પ્રીતિ–અનુષ્ઠાન, ભક્તિ–અનુષ્ઠાન, વચનાનુષ્ઠાન અને અસંગાનુષ્ઠાન એ રીતે યોગના એંશી (૮૦) પ્રકારો 'શ્રીયોગવિંશિકા' આદિ ગ્રન્થોમાં શ્રીહરિભદ્રસૂરીશ્વરાદિ મહર્ષિઓએ ફરમાવ્યું છે. પ્રણિધાનાદિ આશયો, સ્થાનાદિ અને ઈચ્છાદિ યોગો તથા પ્રીતિઆદિ અનુષ્ઠાનોનું સ્વરૂપ

વિસ્તારથી જાણવાની ઈચ્છાવાળાઓએ ગુરૂગમદ્વારા સમજવા પ્રયાસ કરવો. અહીં નીચે તો ક્રિયાશુદ્ધિ માટે ખાસ જરૂરી બાબતોનું ટૂંકમાં દિગ્દર્શન માત્ર કરાવ્યું છે.

ક્રિયાશુદ્ધિ માટે સૌથી વિશેષ જરૂર ચિત્તની એકાગ્રતાની છે. શાસ્ત્રોમાં એને 'પ્રણિધાન' શબ્દથી ઓળખાવેલ છે. પ્રણિધાનનો મહિમા વર્ણવતાં કહ્યું છે કે–

" प्रणिधानं कृतं कर्म, मतं तीव्रविपाकवत् ।
सानुबन्धत्वनियमाधत्, शुभांशाच्चैतदेव तत् ॥ १ ॥"

પ્રણિધાન–ચિત્તની એકાગ્રતાપૂર્વક કરેલું કર્મ તીવ્ર વિપાક–ફળને આપનારૂં છે પ્રણિધાનયુક્ત કર્મ અનુબંધના નિયમવાળું હોય છે તથા શુભ અંશવાળું પણ હોય છે. અનુબંધના નિયમવાળું એટલે પરંપરાએ અધિક અધિક શુભકર્મની પ્રાપ્તિ કરાવનારૂં અને શુભાશયવાળું એટલે પુણ્યાનુબંધી પુણ્યના લાભને કરાવનારૂં છે. (૧)

પ્રણિધાનનું સ્વરૂપ ટૂંકમાં દર્શાવતાં શાસ્ત્રકાર મહર્ષિઓએ ફરમાવ્યું છે કે–

" विशुद्धभावनासारं, तदर्थाऽर्पितमानसम् ।
यथाशक्ति क्रियालिङ्गं, प्रणिधानं मुनिर्जगौ ॥ २ ॥"

જેમાં ભાવના–ચિત્તનો આશય વિશુદ્ધ છે, જેમાં મન તેના અર્થને વિષે અર્પિત છે તથા જેમાં ક્રિયા શક્તિથી હીન પણ નથી તેમ અધિક પણ નથી, તેને શ્રી જિનેશ્વરદેવ 'પ્રણિધાન' કહે છે. (૨)

વિશુદ્ધ ભાવનાનું સ્વરૂપ જણાવતાં ફરમાવ્યું છે કે—

" उगादेयधियाऽत्यन्तं, संज्ञाविष्कम्भणान्वितम् ।
फलाभिसन्धिरहितं, संशुद्धं ही एतदीदृशम् ॥ ३ ॥"

જેમાં 'આજ એક સારભૂત છે' એવી અત્યન્ત ઉપાદેય બુદ્ધિ રહેલી છે, જેમાં આહારાદિ કે લોભાદિ સંજ્ઞાઓનું વિષ્કંભણ–રોકાણ છે તથા જે ફલની અભિસન્ધિ આકાંક્ષાથી રહિત છે, તે અનુષ્ઠાનને 'સંશુદ્ધ' અથવા વિશુદ્ધભાવના યુક્ત કહેલું છે. (૩)

KANTIE

પુષ્ટિ–પુણ્યોપચય, શુદ્ધિ–પાપક્ષય અને શુભાનુબન્ધ માટે શાસ્ત્રકારોએ ક્રિયાના પાંચ આશયો બતાવ્યા છે.

તે અનુક્રમે નીચે મુજબ છે:—

પ્રણિધાન—પોતાથી હીન કોટિવાળા જીવો ઉપર દ્વેષભાવ રાખ્યા વિના પરોપકાર સાધવાની અભિલાષાપૂર્વક સ્વયોગ્ય નિરવદ્ય અનુષ્ઠાન સાધવામાં સાવધાન–એકાગ્ર રહેવું.

પ્રવૃત્તિ—અધિકૃત ધર્માનુષ્ઠાનને વિષે ઉત્સુકતા વિના અતિશય પ્રયત્નપૂર્વક પ્રકૃષ્ટ અને નિપુણ ઉપાયવડે પ્રવૃત્તિ કરવી.

વિઘ્નજય—ધર્મમાં અંતરાય કરનારા જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ વિઘ્નોનું નિવારણ કરવું. માર્ગમાં જતાં જેમ કંટક, જ્વર અને દિશામોહ વિઘ્નભૂત થાય છે, તેમ મુક્તિનું અનુષ્ઠાન કરતાં કંટકવિઘ્નસમાન શીતોષ્ણાદિ પરીષહો છે, જ્વરવિઘ્નસમાન શારીરિક રોગો છે અને દિશામોહસમાન મિથ્યા-

ત્વાદિનો ઉદય છે, તેનો અનુક્રમે આસનવડે, અશનવડે અને ગુરૂસેવાદિ વડે જય થાય છે. આસન સિદ્ધાસનાદિ અને અશન–હિત મિત આહારાદિ.

સિદ્ધિ—અધિકૃત અહિંસાદિ ધર્મસ્થાનની સિદ્ધિ-પ્રાપ્તિ. જેમાં અધિક ગુણી પ્રત્યે વિનય, હીનગુણી અથવા નિર્ગુણી પ્રત્યે દયા અને મધ્યમગુણી પ્રત્યે ઉપકારની ભાવના પ્રધાનપણે હોય છે.

વિનિયોગ—સ્વપ્રાપ્ત ધર્મસ્થાનને યથાયોગ્ય ઉપાય-વડે અન્યને પમાડવું. એથી અનેક જન્મ જન્માન્તર સુધી પ્રકૃષ્ટ ધર્મસ્થાનની પ્રાપ્તિ થયા કરે છે.

પ્રણિધાનાદિથી પરિશુદ્ધ સર્વ ધર્મવ્યાપાર અનુબંધવાળો હોવાથી યોગ કહેવાય છે. તેમાં પણ સ્થાનાદિની શુદ્ધિપૂર્વક થતો ધર્મવ્યાપાર વિશેષે કરીને 'યોગ' સંજ્ઞાને પ્રાપ્ત કરે છે. સ્થાનાદિ યોગની સાધના વિપુલ કલ્યાણને શીઘ્ર આપનારી થાય છે સ્થાનાદિ યોગના પ્રકારો નીચે મુજબ છે.

સ્થાનયોગ—સ્થાન–આસનવિશેષ, કાયોત્સર્ગાસન, પર્યંકાસન અને પદ્માસન ઈત્યાદિ, તથા યોગમુદ્રા, જિનમુદ્રા અને મુક્તાશુક્તિમુદ્રા ઈત્યાદિનું યથાયોગ્ય પાલન.[1]

---

૧ ચૈત્યવંદનોમાં સ્તવપાઠ [નમોત્થુણં ઈત્યાદિ] યોગમુદ્રાથી, વંદન [અરિહંત ચેઈયાણં આદિ] જિનમુદ્રાથી અને પ્રણિધાન [જય-વીયરાય ઈત્યાદિ] મુક્તાશુક્તિમુદ્રાથી કરવાનો હોય છે. યોગ એટલે સમાધિ અથવા બે હાથનો સંયોગ. તેની મુખ્યતાવાળી મુદ્રા તે યોગમુદ્રા. જિન એટલે [વિઘ્નોને] જીતનારી મુદ્રા. મુક્તાશુક્તિ એટલે મોતીની છીપ

વર્ણયોગ—વર્ણ–શબ્દ ક્રિયાદિમાં બોલવામાં આવતા સૂત્રના અક્ષરોનું શુદ્ધ ઉચ્ચારણ.

અર્થયોગ—શબ્દનો અર્થ–વાચ્ય–અભિધેય અથવા તાત્પર્યનું ચિન્તન.

આલંબનયોગ—બાહ્યપ્રતિમાદિવિષયક એકાગ્રતાપૂર્વક ધ્યાન.

અનાલંબન—જેમાં રૂપિ દ્રવ્યનું આલમ્બન નથી તેવી નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ. સ્થાન અને વર્ણ, એ બે સાક્ષાત્ ક્રિયા રૂપ છે માટે કર્મયોગ કહેવાય છે. અર્થ, આલંબન અને અનાલંબન, એ ત્રણ સાક્ષાત્ જ્ઞાનરૂપ છે માટે જ્ઞાનયોગ કહેવાય છે.

સ્થાનાદિ પ્રત્યેક યોગના ચાર ચાર પ્રકાર છે તેનો ક્રમ નીચે મુજબ છે:—

ઇચ્છાયોગ—સ્થાનાદિયોગયુક્ત યોગીઓની કથામાં પ્રીતિ–જાણવાની ઇચ્છા અથવા જાણવાથી થયેલો હર્ષ તે પણ યથાવિહિત સ્થાનાદિ યોગને સાધવાની ઇચ્છારૂપ છે.

સમાન મુદ્રા. (૪) યોગમુદ્રામાં પરસ્પર અંતરિત કરવાથી કમળના ડોડાના આકારવાળા થયેલા બે હાથયુકત બંને કોણીને પેટ ઉપર સ્થાપના કરવાનું હોય છે. જિનમુદ્રામાં બે પગનો આગળનો ભાગ ચાર આંગળ અંતરવાળો અને પાછલો ભાગ તેથી કાંઈક ઓછા અંતરવાળો રાખી બે હાથ જોડી સ્થિર ઉભા રહેવાનું હોય છે. મુકતાશુક્તિ મુદ્રામાં બન્ને હાથ પોલા જોડી લલાટસ્થાને લગાડવાનાં હોય છે.

પ્રવૃત્તિયોગ—યથાવિહિત સ્થાનાદિ યોગનું અવિકલ–પરિપૂર્ણ પાલન.

સ્થિરયોગ—અભ્યાસના સૌષ્ઠવથી યથાવિહિત સ્થાનાદિ યોગનું અતિચાર રહિત સંપૂર્ણ પાલન.

સિદ્ધિયોગ—સ્થાનાદિ યોગની સંપૂર્ણ સિદ્ધિ. જેનાથી યોગની સિદ્ધિવિનાના બીજા પ્રાણીઓને પણ તેની સમીપમાં યોગનું ફળ પ્રાપ્ત થાય છે. જેમકે સિદ્ધયોગીની પાસે હિંસાશીલ પ્રાણી પણ હિંસા કરી શકતો નથી, અસત્યપ્રિય પ્રાણી પણ અસત્ય બોલી શકતો નથી. ઈત્યાદિ.

અથવા સ્થાનાદિ પ્રત્યેક યોગ અનુષ્ઠાનના ભેદે ચાર ચાર પ્રકારનો છે.

પ્રીતિઅનુષ્ઠાન—જેમાં પ્રયત્નનો અતિશય હોય, પરમ પ્રીતિ હોય અને શેષક્રિયાનો ત્યાગ હોય, તે પ્રીતિ અનુષ્ઠાન છે.

ભક્તિઅનુષ્ઠાન—જેમાં પ્રયત્નનો અતિશય હોય, પરમ ભક્તિ હોય અને શેષ ક્રિયાનો ત્યાગ હોય તે ભક્તિ અનુષ્ઠાન છે. પત્ની અને માતાનું કૃત્ય સમાન હોય છે, પરન્તુ પત્ની પ્રત્યે પ્રીતિ હોય છે અને માતા પ્રત્યે ભક્તિ હોય છે. એટલો પ્રીતિ અને ભક્તિ અનુષ્ઠાન વચ્ચે તફાવત છે.

વચનાનુષ્ઠાન—શાસ્ત્રના વચન મુજબ સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરવી તે વચનાનુષ્ઠાન છે.

અસંગાનુષ્ઠાન—દૃઢતર સંસ્કારથી શાસ્ત્રના વચનની

અપેક્ષા વિના ચંદનગંધસમાન સ્વભાવથી જ શુદ્ધ અનુષ્ઠાન થવું તે અસંગ અનુષ્ઠાન છે. તે જિનકલ્પિકાદિ મહામુનિઓને હોય છે. ચક્રનું ભ્રમણ જેમ પ્રારંભમાં દંડના વ્યાપારથી હોય છે, પણ પછી પોતાની મેળે જ સંસ્કારના યોગે ફર્યા કરે છે તેમ વચનાનુષ્ઠાન એ વચનના વ્યાપારથી હોય છે અને અસંગ અનુષ્ઠાન વચનના વ્યાપારથી જનિત સંસ્કાર વિશેષથી હોય છે.

બીજી રીતે પણ અનુષ્ઠાનનાં પાંચ પ્રકાર બતાવ્યા છે:–

વિષાનુષ્ઠાન–વિષ સ્થાવર અને જંગમ એમ બે પ્રકારનું છે. સોમલાદિ એ સ્થાવર વિષ છે અને સર્પાદિ એ જંગમ વિષ છે. એ ઉભય પ્રકારનું વિષ જેમ પ્રાણનો નાશ કરે છે, તેમ લબ્ધિ કીર્તિ આદિ આ લોકના ફલની અપેક્ષાથી કરવામાં આવતું અનુષ્ઠાન વિષાનુષ્ઠાન કહેવાય છે. ધર્મ કરતી વખતે અપેક્ષા–આલોકના ફલની ઇચ્છા રાખવી તે અંતઃકરણના પરિશુદ્ધ પરિણામનો તત્કાલ નાશ કરે છે તથા કલ્પતરૂ અને ચિન્તામણિ આદિની ઉપમાંઓથી પણ અધિક એવા ધર્મવડે તુચ્છ એવી કીર્તિ આદિના લાભની આકાંક્ષા ધર્મની લઘુતા કરાવનાર થાય છે, તેથી પણ તે અનુષ્ઠાન વિષ સ્વરૂપ છે.

ગરાનુષ્ઠાન—કુદ્રવ્યના સંયોગથી ઉત્પન્ન થનારૂં વિષ–વિશેષ–કાચાદિ દ્રવ્યને ગર કહેવાય છે. ઐહિક ભોગથી નિઃસ્પૃહ કિન્તુ સ્વર્ગ સુખની સ્પૃહાવાળા અનુષ્ઠાનને ગરાનુ-ષ્ઠાન કહેવાય છે. જેમ વિષ તત્કાલ પ્રાણનો નાશ કરે છે અને ગર કાલાન્તરે નાશ કરે છે, તેમ ગરાનુષ્ઠાન પણ પુણ્યક્ષય થયા બાદ ભવાન્તરમાં મહા અનર્થને કરનારૂં થાય છે.

અનનુષ્ઠાન—ઉપયોગશૂન્ય અનુષ્ઠાન–સન્નિપાતથી ઉપહત થયેલ મૂર્છિત આત્માને જેમ કોઈ પણ પ્રકારનું ભાન હોતું નથી તેમ અતિશય મુગ્ધ એવા આત્માને કોઈ પણ પ્રકારની સમજણ વિના થતું અનુષ્ઠાન, તે અનનુષ્ઠાન કહેવાય છે, સારાંશ કે એ અનુષ્ઠાન અનુષ્ઠાન જ નથી.

તદ્ધેત્વનુષ્ઠાન—જેમાં સદનુષ્ઠાન–તાત્ત્વિક અનુષ્ઠાન પ્રત્યે બહુમાન છે, મુક્ત્યદ્વેષ અથવા મુક્તિ પ્રત્યે કિંચિત્ અનુરાગ થવાથી શુભભાવ પણ રહેલો છે, તથા જે પરિણામે તાત્ત્વિક અનુષ્ઠાનરૂપે પરિણમવાનું છે, તે તદ્ધેતુ અનુષ્ઠાન કહેવાય છે.

અમૃતાનુષ્ઠાન—

" जिनोदितमिति त्वाहुर्भावसारमदः पुनः ।
संवेगगर्भमत्यन्तममृतं मुनिपुंगवाः ॥ १ ॥"

"આ અનુષ્ઠાન શ્રી જિનેશ્વરોએ કહેલું છે" માટે એજ એક તત્ત્વ છે એવા પ્રકારની પરિણતિથી ભાવસાર–શ્રદ્ધાપ્રધાન અને સંવેગગર્ભ–મોક્ષની અભિલાષા સહિત કરાતા અનુષ્ઠાનને ગૌતમાદિ મહામુનિઓ અમૃતાનુષ્ઠાન કહે છે. અમરણ-મુક્તિનો અવન્ધ્ય હેતુ હોવાથી તેને અમૃત કહેવાય છે.

અમૃતાનુષ્ઠાનનું લક્ષણ બાંધતાં અન્યત્ર પણ કહ્યું છે કે–

'તદ્ગત ચિત્તને સમય વિધાન,
ભાવની વૃદ્ધિ ભવભય અતિ ઘણો;

વિસ્મય પુલક પ્રમોદ પ્રધાન,
લક્ષણ એ છે અમૃત ક્રિયા તણો-૧'

જેમાં ચિત્તની એકાગ્રતા છે, જે શાસ્ત્રોક્ત વિધિથી યુક્ત છે, જેમાં શુભ ભાવની અત્યંત વૃદ્ધિ છે, જે કરતી વખતે ભવનો અતિશય ભય છે, ચિત્તમાં વિસ્મય છે, શરીરમાં રોમાંચ ખડા થાય છે અને દરિદ્રને નિધાનની પ્રાપ્તિ કે જન્માન્ધને નેત્રની પ્રાપ્તિથી પણ જેમાં અધિક આનંદ છે, એ પ્રકારના લક્ષણવાળા અનુષ્ઠાનને અમૃતાનુષ્ઠાન કહેવાય છે. એવું અનુષ્ઠાન એક જ વાર પ્રાપ્ત થઈ જાય તો પણ તેનો સ્વાદ કદી પણ જતો નથી. ઉપરોક્ત પાંચ પ્રકારના અનુષ્ઠાનોમાં પ્રથમના ત્રણ અનુષ્ઠાનો યોગાભાસ હોવાથી હિતકારક નથી. છેલ્લાં બે અનુષ્ઠાન યોગસ્વરૂપ હોવાથી આત્માને અત્યંત હિત કરનાર છે.

શ્રી જિન પૂજાથી આઠે કર્મનો ક્ષય.

ચૈત્યવંદન, સ્તુતિ અને સ્તોત્રાદિક વડે શ્રી જિન ગુણનું જ્ઞાન થવાથી **જ્ઞાનાવરણીય કર્મ** નાશ પામે છે.

શ્રી જિન મૂર્તિનાં દર્શનાદિ કરવાથી નેત્રોનું સાફલ્ય થવા સાથે **દર્શનાવરણીય કર્મ** નાશ પામે છે.

જીવ યતના અને જીવ દયાની ભાવનાપૂર્વક શ્રી જિન પૂજા થતી હોવાથી **અશાતાવેદનીય આદિ કર્મનો** ક્ષય થાય છે.

શ્રી અરિહંત પરમાત્માના ગુણના સ્મરણથી દર્શન-

મોહનીય અને શ્રી સિદ્ધ પરમાત્માના ગુણના સ્મરણથી **ચારિત્ર મોહનીય કર્મ** નાશ પામે છે.

અક્ષય સ્થિતિને વરેલા શ્રી જિનેશ્વર દેવના પૂજનના શુભ અધ્યવસાયથી ચારેગતિના **આયુષ્ય કર્મનો છેદ** થાય છે

શ્રી જિનેશ્વરદેવના નામ સ્મરણ આદિથી સંસારમાં વિચિત્ર પ્રકારના નામ અને આકાર અપાવનાર **નામ કર્મનો** નાશ થય છે. .

શ્રી જિનેશ્વરદેવને વન્દનાદિ કરવાથી **નીચ ગોત્ર કર્મનો** ક્ષય થાય છે.

શ્રી જિનપૂજામાં શક્તિ, સમય તથા દ્રવ્યાદિનો સદુપયોગ થવાથી દાનાંતરાય આદિ પાંચે પ્રકારના **અંતરાય કર્મનો** ક્ષય થાય છે.

શ્રી જિન પૂજામાં દાનાદિ અને વ્રતાદિ ધર્મોની આરાધના.

દાન-ધર્મ—શ્રી જિનેશ્વર દેવ એ રત્નપાત્ર છે, શ્રી જિન પૂજન માટે અક્ષત, ફળ અને નૈવેદ્ય આદિ ઉત્તમ દ્રવ્યનો ઉપયોગ કરનાર પોતાના દ્રવ્યો વડે રત્નપાત્રની ભક્તિ કરે છે, તેથી તેને દાનધર્મની સર્વોત્તમ આરાધના થાય છે.

શ્રી જિનેશ્વરદેવોને દાનની કયાં જરૂર છે? એમ ન કહેવું. કારણ કે શ્રી જિનેશ્વરદેવોને દાનની જરૂર નથી,

માટે જ તેઓ સર્વોત્તમ પાત્ર છે. જેઓ દાન ગ્રહણ નથી કરતા, તેઓને દાન આપવાનું શું ફળ? એમ પણ ન કહેવું. કારણ કે ગ્રહણ ક્રિયા અનેક પ્રકારની હોય છે, તેમાં અનિષેધક પણ ગ્રહણ કરનાર જ ગણાય છે. અન્યથા જેઓ પોતાની પૂજાના અભિલાષી નથી, તેઓ બધા દાન સન્માનાદિકને પાત્ર નથી, એમ માનવું પડે અને અભિલાષી છે તેટલા જ દાનને પાત્ર ગણાય. પરંતુ જગતમાં તેમ કોઈ માનતું નથી. ઉલટું જે પોતાના સન્માનાદિની અભિલાષા રાખે છે, તેઓ અપાત્ર ગણાય છે અને મનથી પણ અભિલાષા રાખતા નથી તેઓ જ સર્વોત્તમ ભક્તિને પાત્ર ગણાય છે. શ્રી જિનેશ્વરદેવો પણ પોતાની પૂજાને સર્વથા ઇચ્છતા નથી માટે જ તેઓશ્રી સર્વોત્તમ ભક્તિને પાત્ર છે.

શીલ ધર્મ : ઇન્દ્રિયોને વશમાં રાખવી તે શીલ ધર્મ છે. શ્રી જિન પૂજામાં જેટલો કાળ જાય છે, તેટલો કાળ પાંચે ઇન્દ્રિયો સંવર ભાવને પ્રાપ્ત કરે છે.

તપ ધર્મ : શ્રી જિનેશ્વર દેવના પૂજન કાળમાં ચારે પ્રકારના આહારનો ત્યાગ થાય છે, તેથી બાહ્યતપ થાય છે, અને શ્રી જિનેશ્વર દેવની પૂજાથી વિનય, વૈયાવચ્ચ, ધ્યાન આદિ થાય છે, તેથી અભ્યંતર તપ પણ સધાય છે.

ભાવ ધર્મ : શુભ ભાવ વિના સંસારના કાર્યોને છોડી શ્રી જિન પૂજામાં સમય ગાળી શકાતો નથી. માટે શ્રી જિન પૂજામાં પ્રવર્ત્તનારને શુભ ભાવ અવશ્ય હોય છે.

અહિંસા ધર્મ : શ્રી જિન પૂજા વખતે શ્રી જિન

પૂજાના વ્યાપાર સિવાયની સર્વ ક્રિયાનો ત્યાગ થાય છે, તેથી સંસારનાં કાર્યો સંબધી થતી સર્વ હિંસાનો તેટલા વખત માટે ત્યાગ થતો હોવાથી અહિંસા ધર્મ પણ સધાય છે.

સત્યધર્મ : શ્રી જિન પૂજનના કાળમાં અસત્ય બોલવાનું હોતું નથી માટે સત્ય ધર્મ પણ સધાય છે.

અસ્તેયધર્મ : શ્રી જિન પૂજન વખતે ચોરી કરવાની હોતી નથી, તેથી અસ્તેય ધર્મની પણ આરાધના થાય છે.

બ્રહ્મચર્યધર્મ : શ્રી જિન પૂજનના કાળમાં મન, વચન, કાયાથી શુદ્ધ શીલનું પાલન થાય છે અને સ્વસ્ત્રી સંબંધી પણ વિકાર હોતો નથી, તેથી બ્રહ્મચર્ય ધર્મ પણ સધાય છે.

અપરિગ્રહધર્મ : શ્રી જિન પૂજન માટે મંદિરમાં પ્રવેશ કરતી વખતે જ નિસીહિ કહીને પ્રવેશ કરવાનો હોય છે, તેથી તેટલા વખત માટે સંસારના આરંભ પરિગ્રહનાં સર્વ કાર્યોનો નિષેધ થવાથી અપરિગ્રહ ધર્મ પણ સધાય છે.

સમ્યક્ત્વધર્મ : શ્રી જિન પૂજા એ સુદેવની ઉપાસના રૂપ હોવાથી સમ્યક્ત્વની કરણી છે. રાગી દ્વેષીની ઉપાસના એ મિથ્યાત્વ છે અને શ્રી જિન પૂજાથી રાગી દ્વેષીની ઉપાસનારૂપ મિથ્યાત્વનો ત્યાગ થાય છે, તેથી સમ્યક્ત્વ ધર્મ પણ સધાય છે.

ચારિત્રધર્મ : શ્રી જિન પૂજા એ લૌકિક ઋદ્ધિ સિદ્ધિની પ્રાપ્તિ અર્થે કરવાની નથી હોતી કિન્તુ જ્ઞાન–દર્શન ચારિત્રરૂપી રત્નત્રયી તથા તેની આરાધનાના ફળરૂપ

મુક્તિની પ્રાપ્તિ અર્થે કરવાની હોય છે. તેથી શ્રી જિન પૂજા કરનારો આત્મા રત્નત્રયીનો ઉપાસક બને છે, તેના પ્રતાપે આ જન્મમાં અગર જન્માંતરમાં તેને સર્વવિરતિ ધર્મની અવશ્ય પ્રાપ્તિ થાય છે.

રત્નત્રયી : શ્રી જિનેશ્વરદેવ એ પરમ સર્વ વિરતિધર ઉત્કૃષ્ટ સાધુ પુરૂષ છે, તેમની સેવા કરવાથી સર્વ વિરતિને આવરણ કરનારૂં ચારિત્ર મોહનીય કર્મ નાશ પામે છે. તેથી જીવ વહેલો યા મોડો સર્વવિરતિને પામે છે. શ્રી જિનેશ્વરદેવ એ ક્ષાયિક સમ્યક્ત્વને પામેલા છે, તેથી તેમની પૂજા કરનારને સમ્યક્ત્વનું આવરક, દર્શન મોહનીય કર્મ નાશ પામે છે. શ્રી જિનેશ્વરદેવ ક્ષાયિક કેવળ જ્ઞાનને વરેલા છે, તેથી તેમની પૂજા કરનાર આત્માના પણ કેવળ-જ્ઞાનાવરણીય કર્મો નાશ પામે છે.

એ રીતે શ્રી જિનેશ્વર દેવની દ્રવ્ય-ભાવ ઉભય પ્રકારે પૂજા કરનારને દાનાદિક ધર્મો, વ્રતાદિ ધર્મો અને જ્ઞાનાદિક ગુણોની આંશિક સાધના નિરંતર થાય છે અને તે પૂજા પુણ્યવંત પ્રાણીઓના ઘર આંગણે નવ નિધાન પ્રગટાવે છે.

દ્રવ્ય પૂજા બધી પુરી કર્યા પછી ત્રીજી વખત ‘નિસીહિ’ કહી ચૈત્યવંદનાદિ ભાવ પૂજામાં જોડાવું.

શ્રી જિન દર્શન વખતની વિચારણા : શ્રી જિનમૂર્તિની મુખાકૃતિ જોઈ વિચારવું જોઈએ કે–અહો ! આ મુખ કેવું સુંદર છે ? કે જેના વડે કોઈના પણ અવર્ણવાદ બોલાયા નથી. જેમાંથી કદી હિંસક કઠોર કે મૃષાવચન

નીકળ્યું નથી. તેમાં રહેલી જીહ્વાથી કદી રસનાના વિષયોનું રાગદ્વેષથી સેવન કરાયું નથી. કિન્તુ આ મુખ દ્વારા ધર્મ દેશના આપીને અનેક ભવ્ય જીવોને આપે આ સંસાર સમુદ્રથી પાર ઉતારેલા છે, માટે આપનાં આ મુખને સહસ્ત્રશઃ ધન્યવાદ છે.

હે ભગવન્ આપની નાસિકા દ્વારા : સુરભિ કે અસુરભિ ગંધરૂપ ઘ્રાણેન્દ્રિયના વિષયોનો રાગ અગર દ્વેષથી કદી પણ ઉપભોગ કરાયેલો નથી, માટે આપની આ નાસિકાને પણ હજારોવાર ધન્ય છે.

હે ભગવન્ આપની આ ચક્ષુદ્વારા : પાંચ વર્ણ-રૂપ વિષયોનો ક્ષણવારને માટે પણ રાગ અગર દ્વેષથી સહિતપણે કદી પણ ઉપભોગ થયેલો નથી. કોઈ સ્ત્રીની તરફ મોહની દ્રષ્ટિથી કે કોઈ દુશ્મનની તરફ ઈર્ષાની દ્રષ્ટિથી જોવાયેલ નથી, માત્ર વસ્તુ સ્વભાવનો વિચાર કરી આપની ચક્ષુઓ સદા સમભાવે રહેલ છે. એવાં આપનાં નેત્રોને કોટિશઃ ધન્યવાદ છે.

હે ભગવન્ આપના આ બે કાનો વડે : વિચિત્ર પ્રકારનાં રાગ રાગણીઓ શ્રવણ કરવાના વિષયોનું સરાગપણે સેવન થયેલ નથી. સારા કે નરસા, ભલા કે બૂરા, જેવા શબ્દો કાને પડયા, તેવા સમભાવપણે સંભળાયા છે, માટે આપના આ બે કાનો પણ ધન્યવાદને યોગ્ય છે.

હે ભગવન્ આપના શરીરથી : કોઈપણ જીવની હિંસા આદિનું સેવન થયું નથી. પરંતુ કેવળ યતનાપૂર્વક

સર્વને સુખ ઉપજે તેમ વર્તાવવામાં આવ્યું છે. ગ્રામાનુગ્રામ વિહાર કરી અનેક જીવોનાં સંસાર બંધન તોડાવવામાં આવ્યા છે. તથા સર્વ કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટાવવામાં આવ્યા છે.

પ્રભુ કાચબાની જેમ ગુપ્તેન્દ્રિય છે, ખડ્ગી–ગેંડાની જેમ એકાકી છે, પક્ષિની જેમ બંધન મુક્ત છે, ભારંડ પક્ષિની જેમ અપ્રમત્ત છે, કુંજર–હાથીની જેમ શૌંડીર–પરાક્રમવાન છે, વૃષભની જેમ બળવાન છે, સિંહની જેમ દુર્ધર્ષ છે, મેરૂની જેમ નિષ્પ્રકંપ છે, સાગરની જેમ ગંભીર છે, ચંદ્રની જેમ સૌમ્યલેશ્યાવાળા છે, સૂર્યની જેમ દીપ્તતેજ છે, જાત્યકનકની જેમ જાતરૂપ છે, કાંસ્ય પાત્રની જેમ નિર્લેપ છે, શંખની જેમ નિરંજન છે, જીવની જેમ અપ્રતિહત ગતિવાળા છે, આકાશની જેમ નિરાલંબન છે, વાયુની જેમ અપ્રતિબદ્ધ છે, શરદૃઋતુના પાણીની જેમ શુદ્ધ હૃદયવાળા છે, કમળના પત્રની જેમ નિર્લેપ છે, પૃથ્વીની જેમ સઘળું સહન કરવાવાળા છે, અને સારી રીતે હવન કરેલા અગ્નિની જેમ તેજે કરીને જવલંત છે.

પ્રભુનું રૂપ હજારો આંખોથી જોવાયું છે, પ્રભુના ગુણો હજારો મુખેથી પ્રશંસાયા છે, પ્રભુનું જ્ઞાન હજારો હૈયાથી અભિનંદાયું છે, પ્રભુનું બલ હજારો મનોરથ માલાઓથી આકર્ષાયું છે, પ્રભુનો ઉપદેશ હજારો કાનોથી સંભળાયો છે, પ્રભુની કાયા હજારો અંજલિઓથી આદર પામી છે, પ્રભુના કલ્યાણકો હજારો જીવોથી ઉજવાયા છે,

પ્રભુના બિંબો હજારો પ્રાણીઓથી પૂજાયા છે. પ્રભુનું નામ હજારો જીવોને તારનારૂં બન્યું છે, પ્રભુનાં ચારિત્રો હજારોને પ્રેરણા આપનારાં થયાં છે.

સમુદ્ર જેટલું ભાજન-પાત્ર હોય, નીલગિરિ જેટલો મષીપુંજ-શાહીનો ઢગલો હોય, પૃથ્વી જેટલું પડ-કાગળ હોય, સુરતરૂની શાખા કલમ હોય અને સાક્ષાત્ ભગવતી સરસ્વતી દેવી લખનાર હોય તો પણ શ્રી વીતરાગ પરમાત્માના ગુણોની સંખ્યાનો પાર પામી શકાય તેમ નથી. તેથી અનંતકાળે પણ તે સર્વોચ્ચ પુરૂષના ગુણોની સંખ્યા લખી શકાય તેમ નથી.

પ્રભુ નીરાગી છે, હું રાગી છું. પ્રભુ અદ્વેષી છે, હું દ્વેષી છું, પ્રભુ અક્રોધી છે, હું ક્રોધી છું. પ્રભુ અકામી છે, હું કામી છું. પ્રભુ નિર્વિષયી છે, હું વિષયી છું. પ્રભુ અમાની છે, હું માની છું. પ્રભુ અલોભી છે, હું લોભી છું. પ્રભુ આત્માનંદી છે, હું પુદ્ગલાનંદી છું. પ્રભુ અતીન્દ્રિય સુખના ભોગી છે, હું વિષય સુખનો ભોગી છું પ્રભુ સ્વભાવી છે, હું વિભાવી છું. પ્રભુ અજર છે, હું સજર છું. પ્રભુ અક્ષય છે, હું ક્ષય પામવાવાળો છું. પ્રભુ અશરીરિ છે, હું શરીર ધારી છું. પ્રભુ અચળ છે, હું ચંચળ છું. પ્રભુ અમર છે, હું મરણ પામનારાવાળો છું. પ્રભુ નિદ્રારહિત છે. હું નિદ્રા-સહિત છું. પ્રભુ નિર્મોહી છે, હું મોહથી મુંઝાએલો છું. પ્રભુ હાસ્ય રહિત છે, હું હાસ્ય સહિત છું. પ્રભુ રતિ અરતિ રહિત

છે, હું રતિ અરતિ સહિત છું. પ્રભુ શોક રહિત છે, હું શોક સહિત છું. પ્રભુ ભય રહિત છે, હું ભય સહિત છું, પ્રભુ દુગંચ્છા રહિત છે, હું દુગંચ્છા સહિત છું. પ્રભુ નિર્વેદી છે, હું સવેદી છું. પ્રભુ અકલેશી છે, હું કલેશ સહિત છું. પ્રભુ અહિંસક છે, હું હિંસક છું. પ્રભુ વચન રહિત છે, હું મૃષાવાદી છું. પ્રભુ અપ્રમાદી છે, હું પ્રમાદી છું, પ્રભુ આશા વિનાના છે, હું આશાવાળો છું. પ્રભુ સર્વ જીવોને સુખ દેનાર છે, હું ઘણા જીવોને દુઃખ દેનારો છું. પ્રભુ અવંચક છે. હું વંચક છું. પ્રભુ આશ્રવથી રહિત છે, હું આશ્રવથી દબાયેલો છું. પ્રભુ નિષ્પાપ છે, હું સપાપ છું. પ્રભુ કર્મ રહિત છે, હું કર્મ સહિત છું. પ્રભુ સર્વના વિશ્વાસપાત્ર છે, હું અવિશ્વાસપાત્ર છું. પ્રભુ પરમાત્માપદને પ્રાપ્ત થયેલા છે, હું બહિરાત્મપણે વર્તવાવાળો છું. એ રીતે પ્રભુ અનેક ગુણોએ કરી ભરપુંર છે, હું સર્વ પ્રકારના દુર્ગુણોથી પરિપૂર્ણ છું. એજ કારણે હું આ સંસાર રૂપ અટવીમાં અનંત કાળ થયા ભટકયા કરૂં છું, આજે પૂર્ણ ભાગ્યોદયે મને ભગવાનની મૂર્તિના દર્શન થયાં અને તેના આલંબનથી મને પ્રભુના ગુણોનું અને મારા અવગુણોનું સ્મરણ થયું. પ્રભુના ગુણો અને મારા અવગુણો સમજવામાં આવ્યા. હવે હું મારા દુર્ગુણોને છોડવાનો પ્રયત્ન કરૂં અને જે માર્ગ પ્રભુએ દર્શાવ્યો છે તે માર્ગે ચાલું. સુખ અને કલ્યાણને માટે જેવી રીતે વર્તવાનું તેઓએ ફરમાવ્યું છે તેવી રીતે વર્તન કરૂં.

વળી પણ મહા પુરૂષો ફરમાવે છે કે તીર્થંકરોની ભક્તિ કરવાથી—

૧ કરોડો તપનું ફળ મળે છે.

૨ સર્વ કામનાઓ સિદ્ધ થાય છે.

૩ જિહ્વા અને જન્મ સફળ થાય છે.

૪ કષ્ટ અને વિઘ્નો ટળે છે.

૫ મંગલ અને કલ્યાણની પરંપરા મળે છે.

૬ મહિમા અને મોટાઈ વધે છે.

૭ પ્રત્યેક સ્થાને સુયશ અને મહોદય થાય છે.

૮ દુર્જનોનું ચિન્તવેલું નિષ્ફળ જાય છે.

૯ યશ-કીર્તિ અને બહુમાન વધે છે.

૧૦ આનંદ વિલાસ, સુખ, લીલા અને લક્ષ્મી મળે છે.

૧૧ ભવજલતરણ, શિવસુખમિલન અને આત્મોદ્ધાર-કરણ સુલભ થાય છે.

૧૨ દુર્ગતિના દ્વારોનું રોકાણ અને સદ્ગતિના દ્વારોનું ઉદ્ઘાટન થાય છે.

એ કારણે તીર્થંકરોનું દર્શન-પૂજન-સ્મરણ વગેરે એ પરમનિધાન છે. અમૃતનો કુંપો છે. જનમન-મોહનવેલ છે. રાત દિવસ સંભારવા લાયક છે. ઘડીપણ ન વિસરવા લાયક છે. તીર્થંકરોની ભક્તિ, નામસ્મરણ વગેરે આળશમાં મળેલી ગંગા છે. મયુરને મન જેમ મેઘ, અને ચકોરને

મન જેમ ચંદ્ર, ભ્રમરને મન જેમ કમલ, અને કોકિલને મન જેમ આમ્ર, જ્ઞાનીને મન જેમ તત્ત્વ ચિન્તન અને યોગીને મન જેમ સંયમધારણ, દાનીને મન જેમ ત્યાગ અને ન્યાયીને મન જેમ ન્યાય, સીતાને મન જેમ રામ અને પંથીને મન જેમ ધામ, તેમ તત્ત્વ ગુણ રસિક જીવને મન તીર્થંકરનું નામ આનંદ આપનારૂં છે. તીર્થંકરના નામને જપનારને નવ નિધાન ઘેર છે, કલ્પવેલ્લી આંગણે છે, આઠ મહાસિદ્ધિ ઘટમાં છે. એમની ભક્તિથી કોઈપણ જાતના કાયાના કષ્ટ વિનાજ ભવજલ તરાય છે. તીર્થંકરોના લોકોત્તર નામ કીર્તનરૂપી અમૃત પાનથી મિથ્યામતિ રૂપી વિષ તત્કાલ નાશ પામે છે. તથા અજરામર પદની પ્રાપ્તિ હસ્તામલકવત્ બની જાય છે.

એ રીતે ભાવના કરવાથી તથા વિચારવાથી જીવના ઘણાં અશુભ અને કિલષ્ટ કર્મો નાશ. પામે છે. બોધિ, (સમ્યક્ત્વ) જ્ઞપ્તિ, (જ્ઞાન) અને વિરતિ (ચારિત્ર) પ્રાપ્ત થાય છે. પરંપરાએ મોક્ષનાં અનંત સુખોના અધિકારી થવાય છે. માટે સુવિવેકી આત્માઓએ શ્રી જિનેશ્વરદેવની દ્રવ્યભાવ ઉભય પ્રકારની ભક્તિમાં સદાકાળ દત્ત ચિત્તવાળા થવું અત્યંત જરૂરી છે.

દેવદર્શન સંબંધી શંકા–સમાધાન

શંકા—દેવદર્શનની ક્રિયા નિષ્ફળ છે.

સમાધાન—દેવદર્શનની ક્રિયા નિષ્ફળ છે, એમ કહેવું ખોટું છે. દેવદર્શનથી પ્રત્યક્ષ શુભભાવ ઉત્પન્ન થાય છે અને શુભભાવથી જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષય છે.

શંકા—દેવદર્શનથી પ્રત્યક્ષ શુભભાવ ઉત્પન્ન થાય છે, એવો એકાન્ત નથી, કેટલાકને અશુભભાવ પણ ઉત્પન્ન થાય છે.

સમાધાન—અશુભભાવ ઉત્પન્ન થવાનું કારણ તેમની અજ્ઞાનતા છે. જેઓ સમ્યગ્જ્ઞાન પૂર્વક દેવનું સ્વરૂપ સમજી ઉપયોગ અને વિધિપૂર્વક દેવદર્શન કરે છે, તેઓને અવશ્ય શુભભાવ ઉત્પન્ન થાય છે.

શંકા—આજકાલ વિધિપૂર્વક કોઈ દર્શન કરતું નથી. જેઓ દર્શન કરે છે, તેઓમાંના ઘણાખરા તો દેવનું સ્વરૂપ સમજતા નથી અને જેઓ થોડું ઘણું સમજે છે, તેઓ પણ ઉપયોગ વિના–રૂઢિ માત્રથી જેમ તેમ ક્રિયા કરી આવે છે.

સમાધાન—વિધિપૂર્વક નહિ કરનારા વિધિપૂર્વક કરે, દેવનું સ્વરૂપ નહિ સમજનારા દેવનું સ્વરૂપ સમજે, તથા રૂઢિ માત્રથી કરનારા પણ સમજપૂર્વક કરતા થાય,

એ માટે ઉપદેશ અને લખાણ દ્વારા સમ્યગ્‌જ્ઞાનનો પ્રચાર કરવાની આવશ્યકતા છે. એ વાત સાચી છે કે સમ્યગ્‌જ્ઞાનદ્વારા જ્યાં સુધી દેવનું યથાર્થ સ્વરૂપ સમજાય નહીં ત્યાં સુધી જોઈએ તેવો ભાવ આવે નહિ અને જોઈએ તેવો ભાવ આવે નહિ ત્યાં સુધી ક્રિયાની શુદ્ધિ થાય નહિ.

શંકા—શુદ્ધ ક્રિયા કરનારા પણ ભાવ વિનાના દેખાય છે. રોજ વિધિપૂર્વક ત્રિકાળ દેવદર્શન કરવા છતાં તેમના અંતરના પરિણામ સુધરતા નથી અને દેવદર્શન નહિ કરનાર કરતાં પણ તેમના જીવન વધારે અશુદ્ધ દેખાય છે, તેનું શું ?

સમાધાન—એમાં કારણ તેમની શુદ્ધ ક્રિયા નથી પણ અજ્ઞાનતા અને લોભ વિગેરે છે. માયાથી, લોભથી અને અજ્ઞાનથી કરેલી શુદ્ધ ક્રિયા પણ શુભ ભાવનું કારણ બનતી નથી. ધર્મ ક્રિયાનું સર્વોત્તમ ફલ મેળવવા માટે જેટલી આવશ્યકતા ક્રિયાશુદ્ધિની છે, તેટલી જ આવશ્યકતા ભાવ-શુદ્ધિની પણ છે. કોઈ પણ પ્રકારના લૌકિક ફળની આકાંક્ષા વિના કેવળ કર્મક્ષયના ઈરાદે જેઓ ધર્મક્રિયા કરે છે, તેઓને શુભ ભાવની પ્રાપ્તિ થયા સિવાય રહેતી નથી અને શુભ ભાવથી નિયમા કર્મનો ક્ષય થાય છે અને કર્મક્ષયથી નિયમા સર્વ કલ્યાણની પ્રાપ્તિ થાય છે.

શંકા—આજે તેવા શુદ્ધ ધ્યેયથી ક્રિયા કરનારા ક્યાં છે ?

સમાધાન—નથી એમ કહેવું ખોટું છે, પણ પ્રમાણ-માં થોડા છે. તો પણ સમ્યગ્જ્ઞાનનો પ્રચાર કરી શુદ્ધ ધ્યેયથી ક્રિયા કરનારાઓની સંખ્યા વધારી શકાય છે. જેમ જેમ નિર્મળ ભાવથી દેવદર્શનાદિ ધર્મક્રિયા કરનારાઓની સંખ્યા વધતી જશે, તેમ તેમ દેવદર્શનાદિ ધર્મક્રિયાઓનો મહિમા દરેકને સ્વાનુભવપ્રતીત થશે. દેવદર્શન-વંદનાદિ ધર્મક્રિયા-ઓના પ્રભાવને કલ્પવૃક્ષ, ચિન્તામણિ અને બીજા તેવા ઇચ્છિત ફળને આપનાર પદાર્થોની સાથે પણ સરખાવી શકાય તેમ નથી.

કહ્યું છે કે—

"कल्पद्रुमः परो मन्त्रः, पुण्यं चिन्तामणिश्च यः
गीयते स नमस्कारस्तथैवाहुरपण्डिताः ॥ १ ॥

कल्पद्रुमो महाभागः, कल्पनागोचरं फलम् ।
ददाति न च मन्त्रोऽपि, सर्वदुःखविषापहः ॥ २ ॥

न पुण्यमपवर्गाय, न च चिन्तामणिर्यतः ।
तत्कथं ते नमस्कार, एभिस्तुल्योऽभिधियते ॥ ३ ॥

હે ભગવન્! જેઓ આપના નમસ્કારને શ્રેષ્ઠ કલ્પ-વૃક્ષ મંત્ર, પુણ્ય કે ચિન્તામણિની સાથે સરખાવે છે, તેઓ અપંડિત છે. (૧)

અચિન્ત્ય શક્તિવાળો કલ્પવૃક્ષ પણ કલ્પનાગોચર મનમાં કલ્પેલા ફલને જ આપે છે. ગારૂડિક આદિ મંત્ર પણ સર્વ દુઃખરૂપી વિષને હણનારો થતો નથી. (૨)

પુણ્ય કે ચિન્તામણિ પણ અપવર્ગને મોક્ષ ફળને આપનાર થતા નથી, જ્યારે આપને કરેલો નમસ્કાર કલ્પનાતીત ફલને આપનારો થાય છે, સર્વ દુઃખરૂપી વિષને હણનારો થાય છે, તથા અનન્ત સુખના ધામરૂપ અપવર્ગને દેનારો થાય છે, તો પછી એ પદાર્થોની સાથે તેને કેમ સરખાવી શકાય? (૩)

શંકા—દેવદર્શનાદિથી શાસ્ત્રો કહે છે, તેવું ફળ મળતું હોય તો બધાને તે કેમ મળતું નથી?

સમાધાન—દેવદર્શનાદિથી શાસ્ત્રો કહે છે તેવું ફળ મળે છે, એ નિર્વિવાદ છે, પરંતુ દરેક ક્રિયા તેની વિધિપૂર્વક કરવામાં આવે તો જ યથાર્થ ફલને આપે છે. અવિધિથી, અપૂર્ણવિધિથી કે વિપરીત વિધિથી કરવામાં આવે તો ફળ ન આપે અથવા અપૂર્ણ કે વિપરીત ફલને પણ આપે. લોકમાં ખેતીક્રિયાદિ સઘળી ક્રિયાઓ વિધિયુક્ત કરવામાં આવે તો જ ફલદાયી થાય છે. એથી વિપરીતપણે કરવામાં આવે તો ફળતી નથી, એ સર્વજન પ્રતીત છે.

શંકા—દેવદર્શનાદિ કરવાની શાસ્ત્રોક્ત વિધિ આજે શું સુલભ છે?

સમાધાન—અર્થી આત્મા માટે અવશ્ય સુલભ છે. દેવદર્શન, દેવવંદન, દેવપૂજન ઈત્યાદિ કરવાની શાસ્ત્રોક્તવિધિ પ્રાસંગિક આ પુસ્તકમાં દેવદર્શન નામના પુસ્તકમાં તથા વિસ્તારથી દેવવંદન ભાષ્ય વિગેરેમાં આપવામાં આવી છે. શાસ્ત્રોમાં એ સંબંધી ઘણો વિસ્તાર કરવામાં આવ્યો છે.

પરંતુ તેને સમજવા અને અમલમાં મૂકવા માટે જેટલો પ્રયાસ થવો જોઈએ, તેટલો થતો નથી. જો ગુરૂગમ-દ્વારા અગર આવા પુસ્તકાદિનાં સાધન દ્વારા તેને યથાર્થ સમજવા અને અમલમાં મૂકવા યોગ્ય પ્રયાસ કરવામાં આવે તો ક્રિયા અને ભાવની શુદ્ધિ થયા વિના રહે નહિ. અને એ ઉભયની શુદ્ધિ થાય તો ફલનો સાક્ષાત્કાર થયા વિના પણ રહે નહિ.

શંકા—દેવદર્શનની શાસ્ત્રોક્તવિધિ શું આજે પળાય છે?

સમાધાન—દેવદર્શનની શાસ્ત્રોક્તવિધિ આજે સર્વથા નથી પળાતી એમ નથી. અર્થી આત્માઓ આજે પણ શક્યવિધિનું પાલન કરી જ રહ્યા છે. જો કે શાસ્ત્રકારોએ એવો આગ્રહ રાખ્યો નથી કે દરેક ભૂમિકાવાળા જીવો શાસ્ત્રોક્તવિધિ મુજબ પરિપૂર્ણ વર્તન કરી શકે. અથવા શાસ્ત્રોક્તવિધિ મુજબ સંપૂર્ણ વર્તન કરી શકે તેઓ જ દેવદર્શનાદિ કરવાના અધિકારી છે, એવો પણ આગ્રહ રાખ્યો નથી. શાસ્ત્રકારોએ તો માત્ર એ વાત ઉપર ખાસ ભાર મૂક્યો છે કે જેઓ વિધિપૂર્વક અનુષ્ઠાન નથી કરી શકતા, તેઓએ પણ પ્રયત્ન તો વિધિપૂર્વક અનુષ્ઠાન કરવાનો કરવો જોઈએ. કિન્તુ પોતાના અવિધિવાળાં અનુષ્ઠાનને જ વિધિયુક્ત અનુષ્ઠાન માનવા કે મનાવવાનો આગ્રહ સેવવો જોઈએ નહિ.

શંકા—તમે કહો છો તેવી રીતે વર્તનારા આજે કેટલા છે?

સમાધાન—કેટલા છે અને કેટલા નથી, એની

ચર્ચા કરવા કરતાં 'આપણે કેવા થવું જોઈએ?' એની ચર્ચા, એજ અત્યંત લાભદાયક છે. જેઓના હૈયામાં વિધિનો રાગ અને અવિધિનો પશ્ચાત્તાપ બેઠો છે, તેઓની અવિધિવાળી ક્રિયા પણ શાસ્ત્રે નિન્દી નથી, કિન્તુ પ્રશંસી છે. "**અવિધિએ કરવા કરતાં ન કરવું સારૂં**" એ સૂત્રવિરૂદ્ધ વચન છે. જ્યારે વિધિથી કરવા માટે અવિધિ થઈ જાય, તો પણ અનુષ્ઠાનને ન છોડવું, એ સૂત્રાનુસારી કથન છે.

શંકા—અવિધિવાળાં અનુષ્ઠાન નભાવી લેવાની વૃત્તિથી જ દિનપ્રતિદિન વિધિમાર્ગનો લોપ થતો જાય છે, એમ નથી લાગતું?

સમાધાન—એવો એકાન્ત શાસ્ત્રકારોને માન્ય નથી. આદિધાર્મિકની અશુદ્ધ પ્રવૃત્તિ પણ શુદ્ધ પ્રવૃત્તિનો હેતુ છે. તેથી નૈગમ નયના મતે આદિધાર્મિકની અસત્પ્રવૃત્તિ પણ સત્પ્રવૃત્તિ ગણાય છે. કારણ કે તે સત્પ્રવૃત્તિની બાધક નહિ પણ સાધક જ હોય છે. શરત એટલી જ છે કે તેનું હૃદય તત્ત્વનું વિરોધક નહિ હોવું જોઈએ. કિન્તુ અવિરોધક હોવું જોઈએ.

શંકા—તત્ત્વનું અવિરોધક હૃદય કોને કહેવાય?

સમાધાન-શાસ્ત્રોમાં એવા હૃદયવાળાને અપુનર્બન્ધક આદિ શબ્દોથી સંબોધ્યા છે. અપુનર્બન્ધક આત્મા તેને કહેવાય છે કે જે અતિ તીવ્રભાવે પાપને કરતો નથી, જેને ભવનો રાગ-બહુમાન હોતું નથી અને જે સર્વત્ર ઉચિત પ્રવૃત્તિને આચરનારો હોય છે. એવા માર્ગાનુસારી આત્માની

અનાભોગવાળી અને અવિધિવાળી ધર્મક્રિયા પણ 'સદન્ધન્યાય'થી[1] માર્ગમાં લઈ જનારી છે. અપુનર્બન્ધક આત્માની પ્રવૃત્તિનું વર્ણન કરતાં શાસ્ત્રકાર મહર્ષિઓએ ફરમાવ્યું છે કે–

'તે અકલ્યાણ મિત્રના યોગનો ત્યાગ કરનારો હોય છે. કલ્યાણ મિત્રના સંપર્કને સાધનારો હોય છે. માતાપિતાદિ ગુરૂજનનું સન્માન કરનારો હોય છે. તેમની આજ્ઞાને પરતંત્ર રહેનારો હોય છે. દાનાદિ કાર્યોમાં યથાશક્તિ પ્રવૃત્તિ કરનારો હોય છે. વિધિપૂર્વક ધર્મશાસ્ત્રને સાંભળનારો હોય છે. મહા-પ્રયત્નપૂર્વક તેનો વિચાર કરનારો હોય છે. શક્તિનો વિચાર કરી તદનુસાર પ્રવૃત્તિ કરનારો હોય છે. ધૈર્યનું અવલંબન કરનારો હોય છે. આગામી કાલનો વિચાર કરનારો હોય છે. મૃત્યુને જોનારો હોય છે. પરલોકના સાધનને પ્રધાન માનનારો હોય છે. ભગવાનની પ્રતિમાઓને પૂજનારો હોય છે. ભગવાનના વચનને લખાવે છે તથા ભગવાનના મંગળ નામનો નિરન્તર જાપ કરે છે. અરિહંતાદિ ચારને શ્રેષ્ઠ, મંગળ અને શરણભૂત માનીને નિરન્તર પાપની નિન્દા તથા સુકૃતની અનુમોદના કરનારો હોય છે તથા ઉત્તમ પુરૂષોના દૃષ્ટાન્તે ચાલનારો હોય છે. એવા પ્રકારની માર્ગાનુસારી અપુ-નર્બન્ધક આત્માની સઘળી ધર્મપ્રવૃત્તિ આદિથી આરંભીને જ સત્પ્રવૃત્તિ ગણાય છે. કારણ કે તેનું હૃદય તત્ત્વથી પ્રતિકૂળ

૧–પ્રજ્ઞાવાન દેખતાની પાછળ આંધળાએ ચાલવું, તે 'સદન્ધ ન્યાય' કહેવાય છે.

હોતું નથી. અનાભોગાદિ કારણે તેની પ્રવૃત્તિ વિરૂદ્ધ થઈ જાય તો પણ હૃદય અવિરૂદ્ધ હોવાથી તે વિરૂદ્ધ પ્રવૃત્તિ પણ મહાકલ્યાણને બાધક થતી નથી. અન્યદર્શનકારોએ એવા આત્માની અનાભોગ અને અવિધિવાલી પ્રવૃત્તિને પણ સુપ્તમંડિતપ્રબોધદર્શન[1] અને સુપ્તસમુદ્રતીર્ણદર્શન[2] ઈત્યાદિ ઉત્તમ ઉપમાઓ આપીને વખાણી છે. પ્રકૃતિનો અધિકાર નિવૃત્તિ થયા વિના એવી સ્થિતિ આવતી નથી, એમ **કપિલમતવાલા** કહે છે. ભવ વિપાક પ્રાપ્ત થયા વિના એ દશા આવતી નથી, એમ **સુગત–બુદ્ધ** મતવાળા કહે છે. કર્મ સ્થિતિ લઘુ થયા વિના અથવા ભવસ્થિતિનો પરિપાક થયા વિના એ દશા પ્રાપ્ત થતી નથી, એમ શ્રી **જિનમતના** જ્ઞાતાઓ કહે છે. એવા અપુનર્બન્ધક આત્માઓ જ તત્ત્વથી ધર્મના અધિકારી છે, અને તેઓના પ્રત્યે કરેલો ઉપદેશ જ પ્રાયઃ સફલ થાય છે, એમ શાસ્ત્રકારો ફરમાવે છે.'

શંકા--જેઓએ અપુનર્બન્ધક અવસ્થા પ્રાપ્ત ન કરી હોય, તેઓએ ધર્મ ન કરવો જોઈએ?

---

૧. સૂતેલા માણસને કોઈ આભૂષણાદિ વડે અલંકૃત કરે અને પછી તે જાગ્રત થાય, ત્યારે પોતાને અલંકૃત થયેલો જોઈને આનંદ અનુભવે છે. તેની જેમ અનાભોગથી પણ વિચિત્ર ગુણો વડે પોતાને અલંકૃત થયેલો જોઈને સમ્યગ્દર્શનાદિ લાભના કાળે આનંદ અનુભવે છે.

૨. નિદ્રામાં સૂતેલો કોઈ માણસ સમુદ્ર તરી ગયા પછી જાગ્રત થાય ત્યારે જેટલો વિસ્મય પામે તેટલો વિસ્મય સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ વખતે પૂર્વે કરેલાં ધર્મક્રિયાઓને જાણીને સમ્યગ્દષ્ટિને થાય છે.

સમાધાન--તેઓએ ધર્મ ન કરવો જોઈએ એમ ન કહેવાય, પરંતુ સાથે સાથે અપુનર્બન્ધક અવસ્થાને ઉચિત જે આચરણ ઉપર જણાવી ગયા, તેને જીવનમાં ઉતારવા તત્પર બનવું જોઈએ.

શંકા--જેઓ અપુનર્બન્ધક દશામાં જણાવેલા ગુણો લાવવા પ્રયાસ ન કરે, તેઓનું ધર્માચરણ નિષ્ફળ ગયું ગણાય કે નહિ?

સમાધાન--શાસ્ત્રે બે પ્રકારનાં ધર્માચરણ ગણાવ્યાં છે,એક શીઘ્ર ફળવાવાળાં અને બીજાં લાંબા કાળે ફળવાવાળાં. અપુનર્બન્ધક આત્માનું ધર્માચરણ શીઘ્ર ફળદાયી થાય છે અને એ સિવાયના આત્માઓનું ધર્માચરણ ઘણા લાંબા કાળે ફળદાયી થાય છે.

શંકા--અપુનર્બન્ધક આત્માઓ પણ એક સરખા ફળના ભોક્તા થાય છે કે વધતા ઓછા?

સમાધાન--ફળની પ્રાપ્તિનો આધાર ભાવનાની તીવ્રતા ઉપર છે. '**પતંજલિ**' આદિ અન્યદર્શનકારોએ પણ કહ્યું છે કે-

"तीव्रसंवेगानामासन्नःमृदुमध्याधिमात्रत्वात्,ततोऽपिविशेषाः।"

તીવ્ર સંવેગવાળા આત્માઓને સમાધિની પ્રાપ્તિ આસન્નશીઘ્ર થાય છે. તીવ્ર સંવેગના પણ અનેક પ્રકાર પડી જાય છે. જઘન્ય તીવ્રસંવેગ, મધ્યમ તીવ્ર સંવેગ અને ઉત્કૃષ્ટ તીવ્ર સંવેગ. એનાથી ફલની પ્રાપ્તિમાં પણ વિશેષતા પ્રાપ્ત થાય છે, અર્થાત્ શીઘ્ર, શીઘ્રતર અને શીઘ્રતમ ફલની પ્રાપ્તિ થાય છે.

શંકા—તીવ્ર સંવેગ કોને કહેવાય ?

સમાધાન--ભવ પ્રત્યે અત્યંત વિરાગનું નામ તીવ્ર સંવેગ છે. જેને ભવ પ્રત્યે નિર્વેદ નથી, તે મોક્ષ માટે પ્રયત્ન કરતો નથી. ભવ પ્રત્યે રાગ હોવાથી તેનો પ્રયત્ન અપ્રયત્ન-નિર્જીવ ક્રિયા તુલ્ય હોય છે. એ કારણે દેવદર્શનાદિ ધર્માનુષ્ઠાનનું શીઘ્રફળ મેળવવા માટે ભવનિર્વેદની પરમ આવશ્યક્તા છે.

શંકા--ભવનિર્વેદ વિના પણ દેવદર્શનાદિ ક્રિયા થાય છે, તેનું શું ?

સમાધાન--ભવનિર્વેદ વિના થતી દેવદર્શનાદિ ક્રિયા, એજ અશુદ્ધિનું મૂળ છે, ક્રિયામાં શુદ્ધિ લાવતાં અટકાવનાર પણ તેજ છે, ભવનિર્વેદ વિનાના આત્માઓની ધર્મક્રિયા મોટે ભાગે વિષ, ગરલ કે સંમૂર્છિમ ક્રિયા હોય છે. કારણ કે તે ક્રિયા કરનારાઓ ભવરાગથી બંધાયેલા હોય છે, એટલે ક્રિયા કરતી વખતે તેમનો સંકલ્પ પૌદ્ગલિક સુખોની કામના આદિ માટે હોય છે. અશુદ્ધ સંકલ્પથી થતી શુદ્ધ ક્રિયા પણ અશુદ્ધ બની જાય છે. કારણ કે કર્મબન્ધ આશયાનુરૂપ માનેલો છે, જેનો આશય અશુદ્ધ છે તેની શુદ્ધ ક્રિયા પણ અશુદ્ધ માનેલી છે અને જેનો આશય શુદ્ધ છે તેની કવચિત્[1] અશુદ્ધ ક્રિયા પણ શુદ્ધ માનેલી છે,

---

૧. શુદ્ધ આશયવાળાની ક્રિયા અશુદ્ધ હોતી નથી. પરંતુ કવચિત્ સહસાત્કાર અને અનાભોગ આદિ કારણોએ અશુદ્ધ ક્રિયા થઈ જાય, તો પણ તેથી અશુભ બન્ધ થતો નથી પણ શુભ બંધ જ થાય છે,

શંકા—અશુદ્ધ આશયવાળાની શુદ્ધ ક્રિયા પણ નિષ્ફળ છે, તો આજે ઉપદેશમાં ક્રિયા કરવા માટે જેટલો ભાર દેવામાં આવે છે, તેટલો ભાર આશયની શુદ્ધિ ઉપર કેમ દેવાતો નથી ?

સમાધાન—શ્રી જિનમતના જ્ઞાતા સમર્થ ઉપદેશકો શ્રોતાની યોગ્યતા અનુસાર જેમ ક્રિયા કરવા માટે ભારપૂર્વક કહે છે, તેમ આશયશુદ્ધિ ઉપર પણ તેટલો જ ભાર મૂકે છે. પરંતુ આશયશુદ્ધિના ઉપદેશની અસર પ્રમાણમાં જેટલી થવી જોઈએ તેટલી થતી, નથી, તે જ્યારે થવા માંડે છે ત્યારે દેવદર્શનાદિ ધર્મક્રિયાઓ કેટલી પ્રભાવશાલી છે, તેનો અનુભવ સૌ કોઈને સ્વયમેવ પ્રતીતિ ગોચર થાય છે.

શંકા—આશયશુદ્ધિ એટલે શું ?

સમાધાન—આશય એટલે ચિત્તનો અભિપ્રાય. પ્રત્યેક ક્રિયાની પાછળ તેના કરનારનો કોઈ પણ આશય—અભિપ્રાય હોય જ છે. આશય કે અભિપ્રાય વિનાની ક્રિયાને શાસ્ત્રે સમ્મુર્છિમ—મન વિનાના પ્રાણીઓની ક્રિયા સાથે સરખાવી છે. તેનું જેમ સારું ફળ નથી તેમ નરસું ફળ પણ નથી. તેવી ક્રિયા કરનારના અનુષ્ઠાનને શાસ્ત્રકારોએ અનનુષ્ઠાન અર્થાત્ અનુષ્ઠાન નથી એમ કહ્યું છે. આ લોકમાં લબ્ધિ કીર્ત્તિ આદિ તથા પરલોકમાં ભોગસુખાદિ મેળવવાની કામનાથી જે ક્રિયા થાય છે, તેમાં આશય અતિ તુચ્છ અને મલિન હોવાથી તે સત્ક્રિયા બનતી નથી. એવા મલિન આશયવાળાની ક્રિયા કેવળ નિષ્ફળ જ નથી કિન્તુ વિપરીત ફલને આપનારી પણ

થાય છે, કારણ કે તેમાં કલ્પતરૂ, ચિંતામણિ અને કામધેનુથી પણ અધિક મહિમાવાળા ધર્મને અતિ તુચ્છ કીર્ત્તિ આદિ માત્રના હેતુ તરીકે કલ્પવામાં આવે છે. એ કલ્પના મહાન એવા ધર્મમાં અલ્પપણાનો બોધ કરાવનાર હોવાથી અસત્ય અને ભ્રાન્ત છેઃ એટલું જ નહિ પરંતુ ધર્મ પ્રત્યે લઘુતા, અનાદરભાવ ઉત્પન્ન કરાવી અતિતીવ્ર અશુભકર્મના બંધનો હેતુ થાય છે.[૧]

શંકા—દેવદર્શનાદિ ધર્મક્રિયા કયા આશયથી કરવી જોઈએ ?

સમાધાન—દેવદર્શનાદિ ધર્મક્રિયા કરવાનો પ્રધાન આશય અંતઃકરણની શુદ્ધિ કરવાનો છે. અંતઃકરણની શુદ્ધિથી કર્મક્ષય થાય છે અને કર્મક્ષયથી સકલ કલ્યાણની પ્રાપ્તિ થાય છે. લૌકિક ફલની કામના અંતઃકરણના શુભ પરિણામનો નાશ કરે છે, શુભ પરિણામના નાશથી કર્મનો બંધ થાય છે. અને કર્મબંધથી સર્વ અકલ્યાણની પ્રાપ્તિ થાય છે. એ કારણે શ્રી જિનમતમાં સઘળી ધર્મક્રિયાનો આશય-પ્રધાન હેતુ અંતઃકરણના શુભ પરિણામની વૃદ્ધિ અને અશુભ

---

૧. કીર્તિ આદિની સ્પૃહાથી ધર્મ કરવો એ કેવળ અશુભ માટે જ છે. તો પણ ધર્મ માટે-ધર્મમાં જોડાવા માટે ધર્મ કરનારની કીર્તિ, પ્રશંસા, દાન, સમ્માન, સ્તુતિ અને ભક્તિ આદિ કરવાં એ અશુભ માટે નથી, એ યાદ રાખવું જોઈએ. પૌદ્ગલિક લાભ માટે ધર્મ કરવાનો નથી તો પણ ધર્મ કરવાથી પૌદ્ગલિક લાભ પણ મલે છે, એમ કહેવામાં લેશ પણ દોષ કે ભ્રાન્તિ નથી. કારણ કે એથી ધર્મની લઘુતા નથી. કિન્તુ એક પ્રકારે મહત્તા જ પ્રતિષ્ઠિત થાય છે.

પરિણામનો નાશ કરવાનો છે અને એજ એક આશયે સઘળી ધર્મક્રિયા કરવાની છે.

શંકા--દેવદર્શનથી શુભ પરિણામની વૃદ્ધિ કેવી રીતે થાય ?

સમાધાન-શ્રીજિનમતમાં દેવ તરીકે અષ્ટાદશદોષ-રહિત, પરમગુણ પ્રકર્ષવાન, અચિન્ત્યશક્તિયુક્ત, પરાર્થરસિક, ત્રૈલોક્ય નાયક શ્રી જિનેશ્વરદેવ છે. તેમની મૂર્ત્તિનાં દર્શનાદિ કરવાથી નેત્રની સફલતા, ચિત્તની પ્રસન્નતા, અંતઃકરણની તુષ્ટિ અને શુભ ભાવની વૃદ્ધિઆદિ અવશ્ય થાય છે. શુભ-ભાવની વૃદ્ધિથી કર્મક્ષય અને કર્મક્ષયથી સર્વ કલ્યાણની પ્રાપ્તિ થાય છે.

શંકા--મૂર્ત્તિનાં દર્શનથી દેવનાં દર્શન કર્યા જેટલો સંતોષ માનવો, એ શું ઘટિત છે ?

સમાધાન--શ્રી જિનમતમાં દેવની ભક્તિ કરવા માટે દેવની મૂર્ત્તિનું જ આલંબન પ્રધાનપણે લેવાનું ફરમાવ્યું છે. દેવમૂર્ત્તિના આલંબન વિના દેવની ભક્તિ કરવાનું કાર્ય સર્વક્ષેત્ર અને સર્વ કાળમાં અશક્યવત્ બને છે. જેઓ દેવની મૂર્તિને માનતા નથી, તેઓ દેવની વિદ્યમાનતા સિવાયના ક્ષેત્રમાં અને કાળમાં દેવની ભક્તિ કરવા માટે અસમર્થ બને છે.

શંકા--દેવની વિદ્યમાનતા સિવાયના ક્ષેત્રમાં અને કાળમાં દેવનું નામ લેવાથી કે દેવની આજ્ઞા પાલવાથી શું દેવની ભક્તિ થઈ શકતી નથી ?

સમાધાન--થઈ શકે છે. તો પણ દર્શન, વંદન, અર્ચન, પૂજન અને ધ્યાનાદિવડે ભક્તિ કરવા માટે મૂર્તિની પરમ આવશ્યકતા છે. તે કાર્યો મૂર્ત્તિ સિવાય બની શકતાં નથી. જેઓ મૂર્ત્તિ માનવાનો નિષેધ કરે છે, તેઓ દેવનાં દર્શન, વંદન, અર્ચન, પૂજન અને ધ્યાનાદિ દ્વારા થતાં કર્મનિર્જરા અને પુણ્ય બન્ધનો નિષેધ કરી અંતરાય કર્મને ઉપાર્જન કરનારા થાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે--

" जिणपूआविग्घकरा हिंसाइपरायणो जयइ विग्घं "

શ્રી જિનપૂજામાં અંતરાય કરનારો તથા હિંસાદિ કાર્યોમાં તત્પર રહેનારો અંતરાય કર્મને ઉપાર્જન કરે છે.

શંકા--દેવદર્શનાદિમાં સમય ગાળવા કરતાં જ્ઞાન ધ્યાન, સ્વાધ્યાય કે સામાયિકાદિમાં સમય ગાળવાથી વિશેષ લાભ થાય કે નહિ?

સમાધાન--શ્રી જિનમતમાં દરેક વસ્તુ પોતપોતાના સ્થાનમાં એક સરખી પ્રધાનતા અને ઉપયોગિતા ધરાવે છે. જ્ઞાનાધ્યયનથી નિરપેક્ષ સામાયિક અને સામાયિકથી નિરપેક્ષ જ્ઞાનાધ્યયન જેમ નિષ્ફળ છે, તેમ દેવદર્શનથી નિરપેક્ષ જ્ઞાનાધ્યયન કે સામાયિક પણ નિષ્ફળ છે. જે જ્ઞાન ભણવા છતાં સામાયિકનો ભાવ ઉત્પન્ન ન થાય, તે જ્ઞાન જેમ સફળ નથી, તેમ જે જ્ઞાન ભણવા છતાં દેવભક્તિનો ભાવ પણ ઉત્પન્ન ન થાય, તે જ્ઞાન પણ નિષ્ફળ જ છે. અથવા જેમ જ્ઞાનરહિત સામાયિક કિંમત વિનાનું છે, તેમ દેવભક્તિ રહિત જ્ઞાન કે સામાયિક પણ કિંમત વિનાના છે. અથવા

શ્રી જિનમતમાં જેમ સમ્યગ્દર્શનમાં જ્ઞાન અને ચારિત્ર, સમ્યગ્જ્ઞાનમાં દર્શન અને ચારિત્ર તથા સમ્યક્ચારિત્રમાં જ્ઞાન અને દર્શન મળેલાં છે, તેમ જ્ઞાનાધ્યયનમાં દેવદર્શન અને સામાયિક, સામાયિકમાં જ્ઞાનાધ્યયન અને દેવદર્શન તથા દેવદર્શનમાં જ્ઞાનાધ્યયન અને સામાયિક માનેલાં છે. એકને સ્વીકારીને બીજાનો નિષેધ કરનારો એકને પણ શુદ્ધરીતિએ સ્વીકારી શકતો નથી. એકલા જ્ઞાનાધ્યયન કે એકલા સામાયિકને પકડી દેવદર્શનને છોડી દેનારાઓ સમ્યગ્જ્ઞાની કે યથાર્થ ચારિત્રી બની શકતા નથી. જ્ઞાન જેમ અજ્ઞાનથી થનારા આશ્રવને રોકનાર છે અને ચારિત્ર જેમ અવિરતિથી તથા આશ્રવને અટકાવે છે, તેમ દેવભક્તિ પણ મિથ્યાત્વથી આવતા ઘોર આશ્રવને અટકાવનારી છે. શ્રી જિનમતમાં અજ્ઞાન અને અવિરતિથી જેમ કર્મનો આશ્રવ અને બંધ માનેલો છે, તેમ મિથ્યાત્વથી પણ કર્મનો આશ્રવ અને બંધ માનેલો છે. મિથ્યાત્વના આશ્રવને અટકાવવાનું અને બંધને બંધ કરવાનું કાર્ય એકલા જ્ઞાન કે ચારિત્રથી થતું નથી. કિન્તુ તે માટે દેવભક્તિની પણ પરમ આવશ્યકતા છે. 'દેવદર્શન' એ દેવભક્તિનું પરમ પ્રધાન અંગ છે. એ વિના દેવને નમન-વંદન-અર્ચન-પૂજન-ધ્યાનાદિ કાંઈ પણ થઈ શકતું નથી. એ કારણે દીર્ઘદર્શી જ્ઞાની મહર્ષિઓએ આબાલવૃદ્ધ સર્વને ઉપકારક દેવદર્શનની પવિત્ર ક્રિયા નિરંતર કરવા માટે અત્યંત ભારપૂર્વક ઉપદેશ આપ્યો છે. જેનાથી બીજું કાંઈપણ ન બની શકતું હોય, તે પણ શ્રદ્ધાપૂર્વક નિરંતર દેવદર્શનની ક્રિયામાં રક્ત રહે અને

તેને ન છોડે તો તેનો ઉદ્ધાર પણ કાલક્રમે શક્ય છે. મિથ્યાત્વરૂપી જલથી અને કુગ્રાહ–દુરાગ્રહરૂપી જલજંતુઓથી ભરેલા આ ભવસાગરને તરી જવા માટે તે પણ એક ફલક –પાટીયું છે. અપૂજ્યની પૂજા અને પૂજ્યની અપૂજા કરીને જીવે આ સંસારમાં જે કર્મ સંચય કર્યો છે, તેનું પ્રક્ષાલન કરવાને માટે 'દેવદર્શન' અને 'દેવપૂજન' સમાન બીજું કોઈ જલ નથી મિથ્યાત્વ એ પરમ રોગ છે, પરમ અંધકાર છે, પરમ શત્રુ છે અને પરમ વિષ છે. દેવદર્શન અને દેવ-પૂજા એ મિથ્યાત્વ રોગનો પ્રતિકાર કરવા માટે પરમ ઔષધ છે. મિથ્યાત્વ અંધકારનું નિવારણ કરવા માટે પરમ દીપક છે. મિથ્યાત્વ શત્રુનો ઉચ્છેદ કરવા માટે પરમ શસ્ત્ર છે અને મિથ્યાત્વ વિષનો નાશ કરવા માટે પરમ અમૃત છે. મિથ્યાત્વ રોગથી મુક્ત થવા માટે, મિથ્યાત્વ અંધકારને ટાળવા માટે, મિથ્યાત્વ શત્રુનો ઉચ્છેદ કરવા માટે અને મિથ્યાત્વ વિષનો નાશ કરવા માટે દેવદર્શનરૂપી ઔષધ, દીપક, શસ્ત્ર અને અમૃતનો ઉપયોગ કર્યા સિવાય આજસુધી કોઈને ચાલ્યું નથી, વર્તમાનમાં ચાલતું નથી અને ભવિષ્યમાં ચાલવાનું નથી. એ સત્યને સત્વર સમજી અને આત્મોદ્ધાર માટે દેવદર્શનાદિ ધર્મ ક્રિયામાં અધિકાધિક રક્ત બનવું જોઈએ.

વળી શ્રી જિનેશ્વર દેવનું પૂજન કરનારો શ્રી જિનેશ્વર દેવના વીતરાગતાદિ અનંત ગુણોનું બહુમાન કરે છે. તેથી એ બહુમાન દ્વારા તે અનંત પુણ્યને ઉપાર્જન કરે છે. શ્રી

જિનેશ્વરદેવો અનંત ગુણના પુંજ છે. સર્વ ગુણોના પ્રકર્ષને પામેલા છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, ક્ષમા, માર્દવ, આર્જવ, સંતોષ, શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિકય, દાન, શીલ, તપ, ભાવ, દર્શન, જ્ઞાન, ચારિત્ર, ધૈર્ય, સ્થૈર્ય, ગાંભીર્ય, દાક્ષિણ્ય, સૌજન્ય, ઔદાર્ય, આદિ જેટલા ગુણો આ જગતમાં સંભવિત છે, તે સર્વ ગુણોનું પાલન શ્રી જિનેશ્વર દેવોએ સ્વયં કર્યું છે, અન્ય પાસે કરાવ્યું છે અને તે ગુણોનું નિરંતર પાલન થતું રહે તેવા પ્રકારનું તીર્થ જગતમાં સ્થાપીને અંતે અવ્યાબાધપદને વરેલા છે. એવા અનંતગુણી શ્રી જિનેશ્વર દેવના પૂજનનો અધ્યવસાય પણ અનંત ફલને આપનારો છે. તો પછી તેમનું સાક્ષાત્ પૂજન અનંત લાભને આપનારૂં થાય એમાં આશ્ચર્ય જ શું ?

— પ્રણિધાન —

હે પરમ મંગળ નવકાર ! તારા ચરણે આવેલો હું એટલું જ માગું છું કે તારા અચિન્ત્ય પ્રભાવથી નિયમિત અખંડ રીતે ઉત્સાહથી અને એકાગ્રતા સાથે તને આરાધવાનું સામર્થ્ય મારામાં પ્રગટો, મને બીજું કશું જ જોઈતું નથી.

પરમાત્માના દર્શન વખતે બોલવાની સ્તુતિઓ

दर्शनं देवदेवस्य, दर्शनं पापनाशनम् ।
दर्शनं स्वर्गसोपानं, दर्शनं मोक्षसाधनम् ॥ १ ॥

દેવાધિદેવનું દર્શન પાપને નાશ કરનારૂં છે, સ્વર્ગનું સોપાન-પગથીયું છે અને મોક્ષનું સાધન છે. અર્થાત્ મોક્ષનો ઉપાય છે. (૧)

अद्याऽभवत् सफलता नयनद्वयस्य,
देव ! त्वदीयचरणाम्बुजवीक्षणेन ।
अद्य त्रिलोकतिलक ! प्रतिभासते मे,
संसारवारिधिरयं चुलुकप्रमाणम् ॥ २ ॥

હે દેવ ! આપના ચરણકમળના દર્શનથી આજે મારા બન્ને નેત્રોની સફળતા થઈ. હે ત્રિલોક તિલક ! આજે આ સંસારરૂપી સાગર મને એક ચુલુક (ચાંગળા) જેવડો જણાય છે. (૨)

कलेव चन्द्रस्य कलङ्कमुक्ता, मुक्तावलीवोरुगुणप्रपन्ना ।
जगत्त्रयस्याभिमतं ददाना, जैनेश्वरी कल्पलतेवमूर्तिः ॥३॥

શ્રી જિનેશ્વર ભગવંતની મૂર્તિ ચંદ્રમાની કલાની જેમ કલંકથી મુક્ત છે, મોતીની માલાની જેમ મનોહર ગુણથી યુક્ત છે તથા ત્રણ જગતના મનોવાંછિત પૂરા પાડવા માટે કલ્પતરૂની લતાની જેમ શોભે છે. (૩)

धन्योऽहं कृतपुण्योऽहं, निस्तीर्णोऽहं भवार्णवात् ।
अनादिभवकान्तारे, दृष्टो येन श्रुतो मया ॥ ४ ॥

હું ધન્ય છું, ધર્મરૂપી ધનને પ્રાપ્ત થયેલો છું. હું કૃતપુણ્ય-પુણ્ય કરીને આવેલો છું, હું ભવસાગરથી તરી ગયો છું કારણ કે અનાદિ ભવ અટવીમાં જેને સાંભળ્યા હતા, તેને મેં આજે નજરે જોયા. (૪)

अद्य प्रक्षालितं गात्रं, नेत्रे च विमलीकृते ।
मुक्तोहं सर्वपापेभ्यो, जिनेन्द्र ! तव दर्शनात् ॥५॥

હે જિનેશ્વર દેવ ! આપના દર્શનથી આજે મારૂં શરીર સ્વચ્છ થયું, અને મારાં નેત્રો નિર્મળ થયાં છે તથા હું સર્વ પાપોથી મુક્ત થયો છું. (૫)

दिठ्ठे तुह मुहकमले, तिन्नि विणट्ठाइं निरवसेसाइं ।
दारिद्दं दोहग्गं, जम्मंतरसंचियं पावं ॥ ६ ॥

હે ભગવન્ ! આપનું મુખકમળ જોતાં મારી ત્રણ ચીજો સર્વથા નાશ પામી છે. એક દરિદ્રતા, બીજું દુર્ભાગ્ય અને ત્રીજું જન્માંતર સંચિત પાપ-પૂર્વજન્મોમાં ઉપાર્જન કરેલું અશુભ કર્મ. (૬)

अन्यथा शरणं नास्ति, त्वमेव शरणं मम ।
तस्मात्कारुण्यभावेन, रक्ष रक्ष जिनेश्वर ! ॥७॥

હે જિનેશ્વર ! તું જ એક મને શરણ છે. તારા સિવાય બીજું કોઈ મારે શરણ છે નહિ. માટે દયાભાવથી મારૂં રક્ષણ કર ! મારૂં રક્ષણ કર ! (૭)

दर्शनेन जिनेन्द्राणां, साधूनां वन्दनेन च ।
न तिष्ठति चिरं पापं, छिद्रहस्ते यथोदकम् ॥८॥

શ્રી જિનેશ્વર પરમાત્માનું દર્શન કરવાથી તથા સાધુ પુરૂષોને વન્દન કરવાથી છિદ્રવાળા હસ્તમાં જેમ પાણી ટકતું નથી, તેમ લાંબા કાળ સુધી આત્મામાં પાપ ટકી શકતું નથી. (૮)

दर्शनाद् दुरितध्वंसी, वन्दनाद् वांछितप्रदः।
पूजनात् पूरकः श्रीणां, जिनः साक्षात् सुरद्रुमः ॥९॥

શ્રી જિનેશ્વર ભગવાનનું દર્શન પાપનો નાશ કરે છે, શ્રી જિનેશ્વરોનું વંદન વાંછિતને આપનારૂં થાય છે અને તેમનું પૂજન બાહ્ય અભ્યંતર ઉભય પ્રકારની લક્ષ્મીને પૂરનાર બને છે. ખરેખર શ્રી જિનેશ્વરદેવ એ સાક્ષાત્ કલ્પદ્રુમ-કલ્પવૃક્ષ છે. (૯)

धूपं हन्ति पापानि, दीपो मृत्युविनाशनः।
नैवेद्यैर्विपुलं राज्यं, प्रदक्षिणा शिवप्रदा ॥१०॥

શ્રી જિનેશ્વરને ધૂપ કરવાથી પાપો નાશ પામે છે, દીપ કરવાથી મૃત્યુ નાશ પામે છે, નૈવેદ્યપૂજા વડે વિપુલ એવું રાજ્ય મળે છે અને પ્રદક્ષિણા એ મોક્ષને આપવાવાળી થાય છે. (૧૦)

जो पूएइ तिसंज्झं, जिणिंदरायं तहा विगयदोसं।
सो तइयभवे सिज्झइ, अहवा सत्तट्ठमे जम्मे ॥११॥

જે ભવ્યાત્મા રાગદ્વેષથી રહિત એવા જિનેશ્વર પરમાત્માની ત્રણે સંધ્યાએ પૂજા કરે છે, તે ત્રીજે ભવે અથવા સાતમે યા આઠમે ભવે સિદ્ધ થાય છે-મુક્તિમાં જાય છે. (૧૧)

यन्मयोपार्जितं पुण्यं, जिनशासनसेवया ।
जिनशासनसेवैव, तेन मेऽस्तु भवे भवे ॥१२॥

શ્રી જિનશાસનની સેવા વડે મેં જે પુણ્ય મેળવ્યું છે, તે પુણ્ય વડે મને ભવોભવ શ્રી જિનશાસનની સેવા મળો. (૧૨)

अद्य मे सफलं देहमद्य मे सफलं बलम् ।
नष्टानि विघ्नजालानि, जिनेन्द्र ! तव दर्शनात् ॥१३॥

હે જિનેન્દ્ર ! આજે આપના દર્શનથી મારૂં શરીર સફળ બન્યું, મારું બળ સફળ બન્યું અને મારો વિઘ્ન-સમૂહ નાશ પામ્યો. (૧૩)

अद्य मे सफलं जन्म, प्रशस्तं सर्वमङ्गलम् ।
भवार्णवं च तीर्णोऽहं, जिनेन्द्र ! तव दर्शनात् ॥१४॥

હે જિનેન્દ્ર ! આજે આપના દર્શનથી મારો જન્મ સફલ થયો, સર્વ મંગલો પ્રશસ્ત થયાં અને સંસાર સમુદ્રને હું તરી ગયો. (૧૪)

अद्य मे सफलं गात्रं, नेत्रे च विमलीकृते ।
स्नातोऽहं धर्मकृत्येषु, जिनेन्द्र ! तव दर्शनात् ॥१५॥

હે જિનેન્દ્ર ! આજે આપના દર્શનથી મારૂં ગાત્ર-શરીર સફલ થયું, નેત્રો મલરહિત કરાયા અને ધર્મકૃત્યો-માં મેં સ્નાન કર્યું—લયલીન બન્યો. (૧૫)

अद्याऽहं सुकृतीभूतो, विधूताशेषकिल्बिषः ।
भुवनत्रयपूज्योऽहं, जिनेन्द्र ! तव दर्शनात् ॥१६॥

હે જિનેન્દ્ર! આજે આપના દર્શનથી હું પુણ્યવાન બન્યો, મારા સઘળાં પાપો નાશ પામ્યાં અને ત્રણે ભુવનમાં હું પૂજ્ય બન્યો. (૧૬)

अद्य मिथ्यान्धकारस्य, हन्ता ज्ञानदिवाकरः ।
उदितो मच्छरीरस्य, जिनेन्द्र ! तव दर्शनात् ॥१७॥

હે જિનેન્દ્ર! આજે આપના દર્શનથી મિથ્યાત્વરૂપી અંધકારનો નાશક એવો જ્ઞાનરૂપી સૂર્ય મારા શરીરમાં ઉદય પામ્યો છે. (૧૭)

अद्य मे कर्मणां जालं, विधूतं सकषायकम् ।
दुर्गत्या विनिवृत्तोऽहं, जिनेन्द्र ! तव दर्शनात् ॥१८॥

હે જિનેન્દ્ર! આજે આપના દર્શનથી કષાય સહિત મારી કર્મની જાલ નાશ પામી છે અને હું દુર્ગતિથી નિવૃત્ત થયો છું. મારી દુર્ગતિ દૂર થઈ છે. (૧૮)

अद्य नष्टो महाबन्धः, कर्मणां दुःखदायकः ।
सुखसङ्गः समुत्पन्नो, जिनेन्द्र ! तव दर्शनात् ॥१९॥

હે જિનેન્દ્ર! આજે આપના દર્શનથી દુઃખને આપનાર એવો કર્મનો મોટો બન્ધ નાશ પામ્યો છે અને સુખનો સમાગમ થયો છે. (૧૯)

मनःप्रसन्नं संपन्नं, नेत्रे पीयूषपूरिते ।
अहं स्नातः सुधाकुण्डे, जिनेन्द्र ! तव दर्शनात् ॥२०॥

હે જિનેન્દ્ર! આજે આપના દર્શનથી મન પ્રસન્ન

થઈ ગયું, નેત્રો અમૃતથી પૂર્ણ બની ગયાં અને મેં અમૃત-કુંડમાં સ્નાન કર્યું. (૨૦)

सुप्रभातं सुदिवसं, कल्याणं मेऽद्य मङ्गलम् ।
यद् वीतराग ! दृष्टोऽसि, त्वं त्रैलोक्यदिवाकरः ॥२१॥

હે વીતરાગ પરમાત્મન્ ! ત્રણલોકના દિવાકર એવા આપનું દર્શન જે મેં કર્યું છે, તેથી શુભ-પ્રભાતમય એવો મારો આજનો દિવસ કલ્યાણકારી બન્યો અને મને સુખ તથા મંગલની પ્રાપ્તિ થઇ છે. (૨૧)

अद्य छिन्ना मोहपाशा, अद्य रागादयो जिताः ।
अद्य मोक्षसुखं जात-मद्य तीर्णो भवार्णवः ॥२२॥

હે નાથ ! આજે આપના દર્શનથી મારા મોહના પાશો છેદાઈ ગયા, મેં આજે રાગાદિ શત્રુઓ ઉપર વિજય મેળવ્યો, મોક્ષનું સુખ પ્રાપ્ત કર્યું અને હું સંસાર સાગરને તરી ગયો. (૨૨)

सारमेतन्मया लब्धं, श्रुताब्धेरवगाहनात् ।
भक्तिर्भागवती बीजं, परमानंदसम्पदाम् ॥२३॥

શ્રુત સાગરનું અવગાહન કરવાથી આ પ્રકારનો સાર મેં પ્રાપ્ત કર્યો છે કે શ્રી અરિહંત પરમાત્માની ભક્તિ એ જ એક પરમાનંદ એટલે મોક્ષ લક્ષ્મીનું બીજ છે. (૨૩)

सा जिह्वा या जिनं स्तौति, तच्चित्तं यत्तदर्पितं ।
तावेव केवलौ श्लाघ्यौ, यौ तत्पूजाकरौ करौ ॥२४॥

જે જીભ શ્રી જિનેશ્વર પરમાત્માની સ્તુતિ કરે છે તેજ જીભ છે, જે ચિત્ત પરમાત્માને સમર્પિત છે તેજ ચિત્ત છે, અને જે હાથ પરમાત્માની પૂજામાં વપરાય છે, તે હાથ જ પ્રશંસાને યોગ્ય છે. (૨૪)

इलिका भ्रमरीध्यानात्, भ्रमरीत्वं यथाश्नुते।
तथा ध्यायन् परात्मानं, परमात्मत्वमाप्नुयात् ॥२५॥

ભ્રમરીના ધ્યાનથી ઇલિકા જેમ ભ્રમરીપણાને પામે છે, તેમ પરમાત્માનું ધ્યાન કરનાર આત્મા, પરમાત્મપણાને પ્રાપ્ત કરે છે. (૨૫)

प्रशमरसनिमग्नं, दृष्टियुग्मं प्रसन्नम्,
वदनकमलमंकः, कामिनीसंगशून्यः।
करयुगमपि यत्ते, शस्त्रसंबन्धवन्ध्यम्,
तदसि जगति देवो, वीतरागस्त्वमेव ॥२६॥

હે વીતરાગ! આપનું દષ્ટિયુગલ પ્રશમ રસથી ભરેલું છે, આપનું મુખકમલ પ્રસન્ન છે, આપનો અંક–ખોળો કામિની–સ્રીસંગ રહિત છે, આપના કરયુગ–બે હાથ પણ શસ્રના સંબંધ વિનાના છે. માટે આપ જ જગતમાં વીતરાગાદિ ગુણોથી યુક્ત દેવ છો. (૨૬)

सरसशांतिसुधारससागरं, शुचितरं गुणरत्नमहाकरम्।
भविकपंकजबोधदिवाकरं, प्रतिदिनं प्रणमामि जिनेश्वरम् ॥२७॥

સરસ સમતારૂપી સુધારસના સાગર, અતિપવિત્ર ગુણરૂપી રત્નોની મહા ખાણરૂપ તથા ભવ્ય જીવરૂપી કમ-

ળોને વિકસ્વર કરવા માટે દિવાકર–સૂર્યસમાન એવા શ્રી જિનેશ્વર દેવને હું પ્રતિદિન–હંમેશાં નમસ્કાર કરૂં છું. (૨૭)

किं कर्पूरमयं सुधारसमयं कि चन्द्ररोचिर्मयम् ,
किं लावण्यमयं महामणिमयं कारुण्यकेलिमयं ।
विश्वानन्दमयं महोदयमयं शोभामयं चिन्मयम् ,
शुक्लध्यानमयं वपुर्जिनपतेर्भूयाद् भवाऽऽलम्बनम् ॥२८॥

જિનેશ્વરદેવનું શરીર શું કપૂરમય છે? અમૃતરસમય છે? ચન્દ્રકિરણમય છે? લાવણ્યમય છે? મહામણિમય છે? કારૂણ્યની કેલિ–ક્રીડારૂપ છે? સમસ્ત આનંદમય છે. મહોદયમય છે? શોભામય છે? જ્ઞાનમય છે? કે શુકલ ધ્યાનમય છે? આવા પ્રકારનું જિનપતિનું શરીર સંસારમાં પડતા પ્રાણીઓને આલંબન રૂપ થાઓ. (૨૮)

श्रेयः संकेतशाला सुगुणपरिमलैर्जेयमन्दारमाला,
छिन्नव्यामोहजाला प्रमदभरसरःपूरणे मेघमाला ।
नम्रश्रीमन्मराला वितरणकलया निर्जितस्वर्गिशाला,
त्वन्मूर्त्तिःश्रीत्रिशाला विदलतु दुरितं नंदितक्षोणिपाला॥२९॥

હે ભગવન્! કલ્યાણની સંકેતશાલા જેવી, સદ્ગુણની સુવાસ વડે જીતી છે કલ્પવૃક્ષના પુષ્પોની માલા જેણે એવી, મોહની જાળોને છેદી નાંખનારી, આનંદના સમૂહરૂપ સરોવરને પુરવામાં મેઘમાળા જેવી, નમ્યા છે ઐશ્વર્યધારી મનુષ્યોરૂપી હંસો જેને એવી, દાનની કળાથી જીતી છે દેવલોકની શાળા જેણે એવી અને આનંદિત કર્યા છે પૃથ્વી-

પાલક રાજા મહારાજાઓને જેણે એવી તથા વિશાળ શોભા —સંપત્તિવાળી આપની મૂર્ત્તિ સર્વ જીવોના પાપને દળી નાંખો—દૂર કરો. (૨૯)

किं पीयूषमयी कृपारसमयी कर्पूरपारीमयी ।
किं वाऽऽनन्दमयी महोदयमयी सद्ध्यानलीलामयी ।
तत्त्वज्ञानमयी सुदर्शनमयी निस्तन्द्रचन्द्रप्रभा,
सारस्फारमयी पुनातु सततं मूर्त्तिस्त्वदीया सताम् ॥३०॥

હે પ્રભુ ! આપની મૂર્ત્તિ શું અમૃતમય છે? અથવા કૃપારસમય છે ? અથવા કર્પૂરમય છે ? અથવા શું આનંદ-મય છે ? અથવા મહોદયમય છે ? અથવા શુભ ધ્યાનની લીલામય છે ? અથવા તત્ત્વજ્ઞાનમય છે ? અથવા સુદર્શન-મય છે ? અથવા ઉજ્જવળ ચંદ્રની પ્રભાના શ્રેષ્ઠ ઉદ્યોતમય છે ? આવા પ્રકારની આપની મૂર્ત્તિ સજ્જનોને સદા પવિત્ર કરો. (૩૦)

धन्या दृष्टिरियं यया विमलया दृष्टो भवान् प्रत्यहं,
धन्याऽसौ रसना यया स्तुति पथं नीतो जगद्वत्सलः ।
धन्यं कर्णयुगं वचोऽमृतरसः पीतो मुदा येन ते,
धन्यं हृत् सततं च येन विशदस्त्वन्नाममन्त्रो धृतः ॥३१॥

તે દૃષ્ટિને ધન્ય છે કે જે નિર્મળ દૃષ્ટિએ હમેશાં આપનાં દર્શન કીધાં, તે રસના—જીહ્વાને ધન્ય છે કે જેણે જગતવત્સલ એવા આપની સ્તુતિ કીધી, તે કાનને ધન્ય છે કે જેણે આપના વચનરૂપી અમૃતનો રસ આનંદથી

પીધો, તથા તે હૃદયને ધન્ય છે જેણે સતત્ આપના નામ-રૂપી નિર્મળ મંત્રને ધારણ કર્યો. (૩૧)

नित्याऽऽनन्दपदप्रयाणसरणी श्रेयोऽवनीसारणी,
संसाराऽर्णवतारणैकतरणी विश्वर्द्धिविस्तारिणी ।
पुण्याङ्कुरभरप्ररोहधरणी व्यामोहसंहारिणी,
प्रीत्यै कस्य न तेऽखिलाऽऽर्त्तिहरिणी मूर्त्तिर्मनोहारिणी ॥३२॥

નિત્યાનંદ-મોક્ષપદ પ્રત્યે પ્રયાણ કરવા માટે નિસરણી, કલ્યાણરૂપી પૃથ્વીની નીક, સંસારસાગર તરવા માટે અદ્વિતીય તરણી-હોડી, સમસ્ત ઋદ્ધિના સમૂહને વિસ્તારનારી, પુણ્યરૂપી અંકુરાના પ્રરોહ માટે ધરણી, વ્યામોહને વિણસાવનારી અને સમસ્ત પીડાઓને હરનારી એવી આપની (શ્રી જિનરાજની) મનોહર મૂર્તિ કોની પ્રીતિને માટે ન થાય ? (૩૨)

नेत्रे साम्यसुधारसैकसुभगे आस्यं प्रसन्नं सदा,
यत्ते चाहितहेतिसंहतिलसत्संसर्गशून्यौ करौ ।
अङ्कश्च प्रतिबन्धबन्धुरवधूसम्बन्धवन्ध्योऽधिकम्,
तद्देवो भुवने त्वमेव भवसि श्रीवीतरागो ध्रुवम् ॥३३॥

હે જિનરાજ ! આપના બે નેત્રો સમતારૂપી સુધારસ વડે અદ્વિતીય મનોહર છે. આપનું મુખ નિરંતર સુપ્રસન્ન છે, આપના હાથ, અહિતકારી શસ્ત્રસમૂહના સંસર્ગથી શૂન્ય છે તથા આપનો અંક-ખોળો રાગથી મનોહર એવી વધૂઓના સંબન્ધથી વિશેષે કરીને વન્ધ્ય-રહિત છે, તે કારણે હે દેવ ! આપ જ આ જગતમાં ખરેખર-નિશ્ચય વીતરાગ છો. (૨૯)

पाताले यानि बिम्बानि, यानि बिम्बानि भूतले ।
स्वर्गेपि यानि बिम्बानि, तानि वन्दे निरन्तरम् ॥१॥

પાતાલ-લોકને વિષે રહેલાં.
ભૂતલને-વિષે રહેલાં અને
સ્વર્ગ-લોકને વિષે રહેલાં.

શ્રી જિનબિમ્બોને હું નિરન્તર વંદન કરૂં છું.

* * *

जिने भक्तिर्जिने भक्ति-र्जिने भक्तिर्दिने दिने ।
सदा मेऽस्तु सदा मेऽस्तु, सदा मेऽस्तु भवे भवे ॥१॥

ભગવાન શ્રી જિનેશ્વરદેવોને વિષે—
ભવોભવમાં
સદાને માટે
નિત્ય પ્રતિ
મને ભક્તિ પ્રાપ્ત થાઓ !

મંગલ–કામના

"नेत्रानन्दकरी भवोदधितरी श्रेयस्तरोर्मंजरी,
श्रीमद्धर्ममहानरेन्द्रनगरी, व्यापल्लताधूमरी ।
हर्षोत्कर्षशुभप्रभावलहरी, रागद्विषां जित्वरी,
मूर्तिः श्रीजिनपुङ्गवस्य भवतु, श्रेयस्करी देहिनाम् ॥१॥

શ્રી જિનેશ્વરદેવની મૂર્તિ કે જે—

ભક્તજનોનાં નેત્રોને આનંદ પમાડનારી છે, સંસાર સમુદ્રને તરી જવા માટે નાવ સમાન છે, કલ્યાણ રૂપ વૃક્ષની મંજરી જેવી છે, ધર્મ રૂપ મહા-નરેન્દ્રની નગરી તુલ્ય છે, અનેક પ્રકારની આપત્તિઓ રૂપ લતાઓનો નાશ કરવાને માટે ધૂમરી જેવી છે, હર્ષના ઉત્કર્ષનો શુભ પ્રભાવ વિસ્તારવામાં લહરી-ઓની ગરજ સારનારી છે અને રાગ તથા દ્વેષ રૂપ શત્રુઓનો જય સાધનારી છે, તે—

શ્રી જિનેશ્વદેવની મૂર્તિ

જગતના જીવોનું કલ્યાણ કરનારી થાઓ !

પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિઓ.

પ્રભુ દરિશન સુખ સંપદા, પ્રભુ દરિશન નવ નિધ;
પ્રભુ દરિશનથી પામીએ, સકલ પદારથ સિદ્ધ. ૧
ભાવે જિનવર પૂજીએ, ભાવે દીજે દાન;
ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવળ જ્ઞાન. ૨
જીવડા જિનવર પૂજીએ, પૂજાનાં ફળ હોય;
રાજા નમે પ્રજા નમે, આણ ન લોપે કોય. ૩
ફૂલડાં કેરા બાગમાં, બેઠા શ્રી જિનરાજ;
જેમ તારામાં ચંદ્રમા, તેમ શોભે મહારાજ. ૪
વાડી ચંપો મોરિયો, સોવન પાંખડીએ;
પાર્શ્વ જિનેશ્વર પૂજીએ, પાંચે આંગળીએ. ૫
ત્રિભુવન નાયક તું ધણી; મહા મોટો મહારાજ;
મોટે પુણ્યે પામીઓ, તુમ દરિશન હું આજ. ૬
આજ મનોરથ સવિ ફળ્યાં, પ્રગટ્યાં પુણ્ય કલ્લોલ;
પાપ કરમ દૂરે ટળ્યાં, નાઠાં દુઃખ દંદોલ્લ. ૭
પંચમ કાળે પામવો, દુર્લભ પ્રભુ દેદાર;
તો પણ તારા નામનો, છે મોટો આધાર. ૮
શાન્તિનાથજી સોળમા, જગ શાન્તિ સુખકાર;
શાન્તભાવે ભક્તિ કરે, તરત તરે સંસાર. ૯
પ્રભુ નામકી ઔષધિ, ખરા ભાવથી ખાય;
રોગ પીડા વ્યાપે નહિ, મહા દોષ મીટ જાય. ૧૦
પાંચ કોડીને ફૂલડે, પામ્યો દેશ અઢાર;
કુમારપાલ રાજા થયો, વર્ત્યો જય જયકાર. ૧૧

આવ્યો દાદાને દરબાર.

આવ્યો દાદાને દરબાર, કરો ભવોદધિ પાર;
ખરો તું છે આધાર, મોહે તાર તાર તાર. ૧૨
આત્મગુણનો ભંડાર, તારા મહિમાનો નહિ પાર;
દેખ્યો સુંદર દેદાર, કરો પાર પાર પાર. ૧૩
તારી મૂર્ત્તિ મનોહાર, હરે મનના વિકાર;
ખરો હયાનો હાર, વંદુ વાર વાર વાર. ૧૪
આવ્યો દેરાસર મોઝાર, કર્યો જિનવર જુહાર;
પ્રભુ ચરણ આધાર, ખરો સાર સાર સાર. ૧૫
આત્મકમલ સુધાર, તારી લબ્ધિ છે અપાર;
એની ખુબીનો નહિ પાર, વિનતિ ધાર ધાર ધાર. ૧૬

*

જે દૃષ્ટિ પ્રભુ દર્શન કરે, તે દૃષ્ટિને પણ ધન્ય છે;
જે જીભ જિનવરને સ્તવે, તે જીભને પણ ધન્ય છે;
પીએ મુદા વાણી સુધા, તે કર્ણયુગને ધન્ય છે;
તુજ નામ મંત્ર વિશદ ધરે, તે હૃદયને નિત્ય ધન્ય છે. ૧૭
આવ્યો શરણે તુમારે, જિનવર કરજો, આશ પુરી અમારી;
નાવ્યો ભવપાર મારો, તુમ વિણ જગમાં, સાર લે કોણ મારી;
ગાયો જિનરાજ આજે, હરખ અધિકથી, પરમ આનંદકારી;
પાયો તુમ દર્શ નાસે, ભવભય ભ્રમણા, નાથ સર્વે હમારી. ૧૮
છે પ્રતિમા મનોહારિણી, દુઃખહરી શ્રી વીર જિણંદની;
ભક્તોને છે સર્વદા સુખકરી, જાણે ખીલી ચંદની;

આ પ્રતિમાના ગુણભાવ ધરીને, જે માણસો ગાય છે;
પામી સઘળાં સુખ તે જગતનાં, મુક્તિ ભણી જાય છે. ૧૯
દેખી મૂર્તિ પાર્શ્વજિનની, નેત્ર મારાં ઠરે છે;
ને હૈયું મારૂં ફરી ફરી પ્રભુ, ધ્યાન તારૂં ધરે છે;
આત્મા મારો પ્રભુ તુજ કને, આવવા ઉલ્લસે છે;
આપો એવું, બળ હૃદયમાં, માહરી આશ એ છે. ૨૦
સકલ કર્મવારી, મોક્ષ માર્ગાધિકારી;
ત્રિભુવન ઉપગારી, કેવળજ્ઞાન ધારી;
ભવિજન નિત્ય સેવો, દેવ એ ભક્તિ ભાવે;
એહીજ જિન ભજંતા, સર્વ સંપત્તિ આવે. ૨૧
જિનવર પદ સેવા, સર્વ સંપત્તિ દાઈ;
નિશદિન સુખદાઈ, કલ્પવલ્લી સહાઈ;
નમિ વિનમિ લહી જે, સર્વ વિદ્યા વડાઈ;
ઋષભ જિનહ સેવા, સાધતાં તેહ પાઈ. ૨૨
ઈહ જગત સ્વામી, મોહવામી, મોક્ષગામી સુખકરૂ;
પ્રભુ અકલંક અમલ, અખંડ નિર્મલ, ભવ્ય મિથ્યાતવ હરૂ;
દેવાધિદેવા, ચરણસેવા, નિત્ય મેવા આપીએ;
નિજ દાસ જાણી, દયા આણી, આપ સમોવડ થાપીએ. ૨૩
પાર્શ્વનાથ પ્રગટ પ્રભાવી, અલિક વિઘન સવિ દૂર કરે;
વાટઘાટ સમરે જે સાહિબ, ભય ભંજન ચકચૂર કરે. ૨૪
લીલા લચ્છી દાસ તુમારો, કોઈ પૂજે કોઈ અરજ કરે;
નજર કરીને નીરખો સાહિબ, તુમ સેવક અરદાસ કરે. ૨૫
પડછો પૂરે પાર્શ્વનાથ, આશા પૂરે આદિનાથ;
શાન્તિ કરે શાન્તિનાથ, વિઘન ચૂરે મલ્લિનાથ. ૨૬

શ્રી આદીશ્વર શાન્તિ નેમિ જિનને, શ્રી પાર્શ્વ વીર પ્રભુ;
એ પાંચે જિનરાજ આજ પ્રણમું, હેતે ધરી હે વિભુ;
કલ્યાણે કમલા સદૈવ વિમલા, વૃદ્ધિ પમાડો અતિ;
એવા ગૌતમ સ્વામી લબ્ધિ ભરીઆ, આપો સદા સન્મતિ. ૨૭

ઈમ નવપદ ધ્યાવે, પરમ આનંદ પાવે;
નવમે ભવ શિવ જાવે, દેવ નરભવ પાવે;
જ્ઞાન વિમલ ગુણ ગાવે, સિદ્ધચક્ર પ્રભાવે;
સવિ દુરિત સમાવે, વિશ્વ જયકાર પાવે. ૨૮

ઉત્સવ રંગ વધામણા, પ્રભુ પાર્શ્વને નામે;
કલ્યાણક મહોત્સવ કીયો, ચડતે પરિણામે;
શતવર્ષાયુ જીવીને, અક્ષય સુખ સ્વામી;
તુમ પદ સેવા ભક્તિમાં, નવી રાખું ખામી;
સાચી ભક્તિ સાહિબા, રીઝો એક વેળા;
શ્રી શુભવીર હુવે સદા, મનવાંછિત મેળા. ૨૯

ભવોભવ તુમ ચરણોની સેવા, હું તો માગું છું દેવાધિદેવા;
સામું જુઓને સેવક જાણી, એવી ઉદય રતનની વાણી. ૩૦

શ્રી પાર્શ્વનાથ પ્રભુની લાવણી.

તું અકલંકી રૂપ સરૂપી, પરમાનંદ પદ તું દાયી;
તું શંકર બ્રહ્મા જગદીશ્વર, વીતરાગ તું નિરમાયી. ૩૧
અનુપમ રૂપ દેખી તુજ રીઝે, સુરનર નારી કે વૃંદા;
નમો નિરંજન ફણીપતિસેવિત, પાસગોડીચા સુખકંદા. ૩૨
કાને કુંડલ શિર છત્ર બિરાજે, ચક્ષુ ટીકા નિરધારી;
અષ્ટ બિજોરૂ હાથ સોહિએ, તુમ વંદે સહુ નરનારી. ૩૩
અગ્નિ કાષ્ટસે સર્પ નિકાલ્યા, મંત્ર સુણાવ્યા બહુ ભારી;
પૂર્વ જન્મકા વૈર ખોલાયા, જળ વરસાવ્યા શિરધારી. ૩૪

જળ આવી પ્રભુ નાકે અડીયાં, આસન કંપ્યા નિરધારી;
નાગ નાગણી છત્ર ધરે છે, પૂર્વ જન્મકા ઉપગારી. ૩૫
રૂપવિજય કહે સુણો મેરી લાવણી, એસી શોભા બહુસારી;
માત પિતા બંધવ સહુ સાથે, સંજમ લીધાં નિરધારી. ૩૬

*

પ્રભુ પ્રદક્ષિણા વખતે બોલવાના દુહા.

કાલ અનાદિ અનંતથી, ભવભ્રમણનો નહિપાર;
તે ભ્રમણ નિવારવા, પ્રદક્ષિણા દઉં સાર. ૩૭
દર્શન જ્ઞાન ચારિત્રરૂપ, પ્રદક્ષિણા ત્રણ નિરધાર;
ત્રણ પ્રદક્ષિણા તે કારણે, ભવ દુઃખ ભંજનહાર. ૩૮
ભમતીમાં ભમતાં થકાં, ભવ ભાવઠ દૂર પલાય;
પ્રદક્ષિણા તે કારણે, ભવિક જન ચિત્તલાય. ૩૯

*

શ્રી સિદ્ધાચળની સ્તુતિના દુહા.

સિદ્ધાચળ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર;
મનુષ્ય જન્મ પામી કરી, વંદું વાર હજાર. ૪૦
જગમાં તીરથ દો વડા, શત્રુંજય ગિરનાર;
એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમિકુમાર. ૪૧
સોરઠ દેશમાં સંચર્યો, ન ચડયો ગઢ ગિરનાર;
શત્રુંજય ભેટ્યો નહિ, એળે ગયો અવતાર. ૪૨
એકેકું ડગલું ભરે, ગિરિ સન્મુખ ઉજમાળ;
ઋષભ કહે ભવકોડનાં, કર્મ ખપે તતકાળ. ૪૩
શેત્રુંજા સરખા ગિરિવરૂ ઋષભ સરીખા દેવ;
ગૌતમ સરખા ગણધરૂ, વળી વળી વંદું તેહ. ૪૪

શ્રી શાન્તિનાથ ભગવાનનું સ્તવન

શાન્તિ જિનેશ્વર સાહેબ વંદો, અનુભવ રસનો કંદો રે;
મુખને મટકે લોચન લટકે, મોહ્યા સુર નર વૃંદો રે.
શાન્તિ—૧

મંજર દેખીને કોયલ ટહુકે, મેઘ ઘટા જેમ મોરો રે;
તેમ જિનપ્રતિમા નિરખી હરખું, વળી જિમ ચંદ ચકોરો રે.
શાન્તિ—૨

જિનપ્રતિમા જિનવરશી[1] ભાખી, સૂત્ર ઘણાં છે સાખી રે;
સુરનર મુનિવર વંદન પૂજા, કરતા શિવ અભિલાષી રે.
શાન્તિ—૩

રાયપસેણી પ્રતિમા પૂજી, સૂરિયાભ સમકિત ધારી રે;
જીવાભિગમે પ્રતિમા પૂજી, વિજય દેવ અધિકારી રે.
શાન્તિ—૪

જિનવર બિંબ વિના નવિ વંદું, આણંદજી એમ બોલે રે;
સાતમે અંગે સમકિત મૂળે, અવર નહિં તસ તોલે રે.
શાન્તિ—૫

જ્ઞાતાસૂત્રે દ્રૌપદી પૂજા, કરતી શિવ સુખ માગે રે;
રાય સિદ્ધારથે પ્રતિમા પૂજી, કલ્પસૂત્ર માંહે રાગે રે.
શાન્તિ—૬

---

૧. જિનવર–સરખી.

વિદ્યાચારણ મુનિવરે વંદી, પ્રતિમા પાંચમે અંગે રે;
જંઘાચારણ મુનિવરે વંદી, જિનપ્રતિમા મન રંગે રે.
શાન્તિ—૭

આર્યસુહસ્તિ સૂરી ઉપદેશે, ચાવો સંપ્રતિ રાયા રે;
સવાક્રોડિ જિન બિંબ ભરાવ્યાં, ધન્ય ધન્ય એહની માયા રે.
શાન્તિ—૮

મોકલી પ્રતિમા અભય કુમારે, દેખી આર્દ્ર કુમાર રે;
જાતિ સ્મરણે સમકિત પામી, વરીઓ શીવ-સુખ સાર રે.
શાન્તિ—૯

ઈત્યાદિક બહુ પાઠ કહ્યા છે, સૂત્ર માંહે સુખકારી રે;
સૂત્રતણો એક વર્ણ ઉત્થાપે, તે કહ્યો બહુલ સંસારી રે.
શાન્તિ—૧૦

તે માટે જિનઆણા ધારી, કુમતિ કદાગ્રહ વારી રે;
ભક્તિ તણાં ફલ ઉત્તરાધ્યયને, બોધિ બીજ સુખકારી રે.
શાન્તિ—૧૧

એક ભવે દોય પદવી પામ્યા, સોલમા શ્રી જિનરાયા રે;
મુજ મન મંદિરીએ પધરાવ્યા, ધવલ મંગલ ગવરાયા રે.
શાન્તિ—૧૨

જિન ઉત્તમ પદ રૂપ અનુપમ, કીર્તિ કમળાની શાળા રે;
જીવ વિજય કહે પ્રભુજીની ભક્તિ, કરતા મંગળ માળા રે.
શાન્તિ—૧૩

શ્રી અરિહંત ભકિત ગર્ભિત દુહાઓ.

અરિહંત અરિહંત સમરતાં, લાધે મુક્તિનું ધામ;
જે નર અરિહંત સમરશે, તેહનાં સરશે કામ.

સુતાં બેસતાં ઉઠતાં, જે સમરે અરિહંત;
દુઃખીયાના દુઃખ ભાંગશે, લેશે સુખ અનંત.

આશ કરો અરિહંતની, બીજી આશ નિરાશ;
જેમ જગમાં સુખીયા થયા, પામ્યા લીલ વિલાસ.

નિત્ય પ્રભાતે ઉઠવું, રાખી મન ઉમંગ;
ધરવું ધ્યાન વીતરાગનું, કરવું નિર્મળ અંગ.

અગ્નિ કેરા બળ થકી, માખણનું ઘી થાય;
અંતરવૃત્તિ ધ્યાનથી, પરમાતમ પ્રગટાય.

અહંકારને છોડીને, ભજો અરિહંત સાર;
રાગ દ્વેષના ત્યાગથી, પામો મોક્ષનું દ્વાર.

તુજવિણ ઈણુ સંસારમાં, શરણું નહિ કોઈ સ્વામ;
તુજ ચરણોથી પામીએ, અનંત સુખોનું ધામ.

જગ તારણ જગ વાલહો, તું જગ જય જયકાર;
જે તુજ શરણે નિત્ય રહે, તે તરીયા સંસાર.

ત્રણ ભુવનમાં તું વડો, તુમ સમ અવર ન કોય;
ઈંદ્ર ચંદ્ર ચક્રી હરિ, તુજ પદ સેવે કોય.

પ્રભુ! હું અરજી કરૂં, તું છે દીન દયાળ;
મુજ અધમને તારવા, કર કૃપા કૃપાલ.

ધન ધન શ્રી અરિહંતને, જેણે ઓળખાવ્યો લોક;
તે પ્રભુની પૂજા વિના, જન્મ ગુમાવ્યો ફોક.

દ્રવ્ય ભાવથી અતિ ઘણો, હૈડે હરખ ન માય;
ઇણ વિધ જિનવર પૂજતાં, શિવ સંપત સુખ થાય.

શ્રી જિનેશ્વર પૂજના, ઉત્કૃષ્ટે પરિણામ;
કરતાં કેઈ જીવ પામીયા, સ્વર્ગ મોક્ષનાં ધામ.

સમકિતને અજુવાળવા, ઉત્તમ એહ ઉપાય;
પૂજાથી તમે પ્રીછજો, મનવાંછિત સુખ થાય.

પૂજા કુગતિની અર્ગલા, પૂણ્ય સરોવર પાળ;
શિવગતિની સાહેલડી, આપે મંગળ માળ.

પૂજા કરતાં પ્રાણીયા, પોતે પૂજનિક થાય;
આ ભવ પરભવ સુખ ઘણાં, તસ તોલે કોઈ ન આય.

ભવદવ દહનને વારવા, જલદ ઘટા સમ મેહ;
જિન પૂજા જુગતે કરો, પામીજે ભવ છેહ.

પ્રભુ પૂજનકું હું ચલ્યો, કેશર ચંદન ઘનસાર;
નવ અંગે પૂજા કરી, સફળ કરૂં અવતાર.

આતમરૂપ નિહાલવા, જિનબિંબ અનુપ નિદાન;
આતમ દરિશન આરીસો, પ્રતિમાજી ભગવાન.
જિન પ્રતિમા જિન સારીખી, ભેદ નહિ લવલેશ;
દર્શન પૂજા ભક્તિથી, ટાળે ભવભય કલેશ.
જિન પ્રતિમા અવલંબને, તરીઆ જીવ અનેક;
મોટે પુણ્યે પામીયો, દર્શન શુદ્ધ વિવેક.

જસ ઘર જિનપૂજા નહી, નહી સુપાત્રે દાન;
તે કેમ પામે બાપડા, વિદ્યારૂપ નિધાન.
કર ભક્તિ ભગવંતની, કર પરમારથ કામ;
કર સુકૃત જગમેં સદા, રહે અવિચલ નામ.
અરિહંતાદિ સુનવહપદ, નિજ મન ધરે જો કોઈ;
નિશ્ચય તસુ નરસેહરહ, મનવંછિત ફલ હોઈ.
અરિહંત દેવ સુસાધુ ગુરૂ, ધર્મ જ દયા વિશાલ;
જપહુ મંત્ર નવકાર તુમ, અવર મ ઝંખો આળ.
આરાહિજ્જઈ દેવગુરૂ, દીઓ સુપાત્રે દાન;
તપ સંજમ ઉપકાર કરી, કર સફલો અપ્પાણ.
જલમેં વસે કુમુદિની, ચંદ્રમા વસે આકાશ;
જો જાકે મનમેં વસે, સો તાકે રહે પાસ.
સિદ્ધચક્રના ગુણ ઘણા, કહેતાં નાવે પાર;
વાંછિત પૂરે, દુઃખ હરે, વંદુ વારંવાર.
સકલ સમીહિત પૂરવા, કલ્પવૃક્ષ અવતાર;
પાર્શ્વપ્રભુ પ્રસન્ન સદા, શંખેશ્વર સુખકાર.
દૂરિત ટળે વાંછિત ફળે, જાસ નામ સમરંત;
વામાનંદન જિનવરૂ, તે પ્રણમું એકંત.

પ્રકરણ પાંચમું

શ્રાવકનો ધર્મ

શ્રાદ્ધ દિન કૃત્યમાં શ્રાવક શબ્દનો અર્થ જણાવતાં પૂ. દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે—

श्रद्धालुतां श्राति, जिनेन्द्रशासने,
धनानि पात्रेषु वपत्यनारतम् ।
करोति पुण्यानि सुसाधुसेवना—
दतोपि तं श्रावकमाहुरुत्तमाः ॥ १ ॥

'श्रा' શબ્દથી ભગવાનના શાસનમાં શ્રદ્ધાને પરિપક્વ બનાવે.

'व' શબ્દથી પાત્રમાં નિરંતર પોતાના ધનને વાવે.

'क' શબ્દથી સાધુ મહાત્માઓની સેવા દ્વારા પુણ્યને ઉપાર્જન કરે.

ઉપર મુજબ ત્રણ ગુણ જેનામાં હોય તેને ઉત્તમ પુરૂષોએ શ્રાવક કહ્યો છે.

શ્રાવક એ ગુણનિષ્પન્ન શબ્દ છે. ઉપરના ત્રણ ગુણોને ધારણ કરનાર ગમે તે હોય તો પણ તેને ભાવથી શ્રાવક કહી શકાય છે. જ્યારે માત્ર શ્રાવકના કુલમાં ઉત્પન્ન થયો હોય પરંતુ ઉપર કહેલા ગુણો જો તેનામાં ન હોય તો તે નામનો જ (દ્રવ્ય) શ્રાવક કહેવાય છે.

વળી 'श्रृणोति इति श्रावकः' અર્થાત્ 'જે સાંભળે એનું નામ શ્રાવક' એ પ્રમાણે શ્રાવક શબ્દની વ્યુત્પત્તિ થાય છે. અહીં પ્રશ્ન એ થાય છે કે શું સાંભળવું? જગતમાં સાંભળવાનું તો ઘણું છે અને સંભળાવનારા પણ સંખ્યાબંધ છે. એટલે તેનું પણ સ્પષ્ટીકરણ કરતાં પૂ. દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજા જણાવે છે કે—

संपत्तदंसणाइ, पइदियहं, जइजणा सुणेई य ।
सामायारिं परमं, जो खलु तं सावगं बिंति ॥ १ ॥

અર્થ—જેણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું છે, એવો જે કોઈ માણસ પ્રતિદિન સાધુજન પાસે, સાધુ સામાચારી (મુનિઓના પવિત્ર જીવન સંબંધી ચર્યા) અને શ્રાવકની સામાચારી (શ્રાવકોની ફરજો) સાંભળે છે તે નિશ્ચયથી શ્રાવક કહેવાય છે.

નિરંતર ધર્મ શ્રવણ કરવામાં અનેક લાભો સમાયેલા છે. તે વાત આજ પુસ્તકમાં માર્ગાનુસારિતાના ૧૫ મા ગુણ-પ્રસંગે કહેવાઈ ગઈ છે.

શ્રાવક ધર્મનું પાલન કરવાની ઈચ્છાવાળાએ બાર વ્રતો ધારણ કરવા જોઈએ. તે બાર વ્રતોના ત્રણ વિભાગો પાડવામાં આવ્યા છે. પાંચ અણુવ્રત, ત્રણ ગુણ વ્રત અને ચાર શિક્ષાવ્રત. મુનિરાજોના પાંચ મહાવ્રતથી નાના હોવાથી તેને **અણુવ્રત** કહેવામાં આવે છે. છઠ્ઠું, સાતમું અને આઠમું વ્રત પાંચ અણુવ્રતને ગુણ કરનાર હોવાથી તેને **ગુણવ્રત**

કહેવામાં આવે છે. અને છેલ્લા ચાર વ્રતો મુનિપણાના પાલનની તાલીમરૂપ હોવાથી તેને શિક્ષાવ્રતો કહેવામાં આવે છે. અહીં તે ક્રમસર રજુ કરવામાં આવશે.

પાંચ અણુવ્રતો.

અહિંસા (પહેલું અણુવ્રત)

આ વ્રતમાં નિરપરાધી હાલતા ચાલતા (ત્રસ) જીવોને જાણી જોઈને મારવાની બુદ્ધિથી નહિ મારવાની પ્રતિજ્ઞા કરવામાં આવે છે. તે માટે કહ્યું છે કે—

पंगुकुष्टिकुणित्वादि, द्रष्ट्वा हिंसाफलं सुधीः ।
निरागस्त्रसजंतूनां, हिंसां संकल्पतस्त्यजेत् ॥१॥

વિવેકી મનુષ્યોએ હિંસાનો ત્યાગ કરવો જોઈએ. કારણ કે હિંસામાં પ્રત્યક્ષપણે બીજાને પીડા છે અને જ્યાં બીજાને પીડા છે ત્યાં અવશ્ય પાપબંધ થાય છે. તે પાપનો વિપાક ઘણો જ દારૂણ હોય છે. એ પાપના ઉદય વખતે તેને પાંગળાપણું, કોઢીયાપણું અને હાથ આદિનું ઠુંઠાપણું વિગેરે શરીરમાં અનેક પ્રકારના રોગો ઉત્પન્ન થાય છે. શરીરના વિવિધ રોગો, અંગોપાંગાદિનું અધિક કે ઓછાપણું તે સર્વ હિંસાના ફળ છે. પ્રાણી વધમાં નિમિત્ત બનનાર મનુષ્ય જન્મમરણનાં અનંત અને અસહ્ય દુઃખો પામે છે. તે વખતે તેમને કોઈ સહાયક થતું નથી અને તેવા પુણ્યહીન પ્રાણીઓ માતા પિતાદિક અનંત સંબંધીઓના વિયોગ ભવોભવ પામે છે. દુઃખ, દારિદ્રય, દૌર્ભાગ્ય, તેમની પાછળ

લાગ્યા જ કરે છે અને મન માન્યા વહાલાઓનો મેળાપ તેમને થઈ શકતો નથી. કર્મનો નિયમ એવો છે કે બીજાને આપણે જે પીડા આપીએ છીએ તેનાથી ઓછામાં ઓછી દશગુણી પીડા જન્માંતરમાં આપણને ભોગવવી પડે છે અને જો અધ્યવસાયની તીવ્રતા વધારે હોય તો સેંકડો, લાખો, કરોડો કે અસંખ્યગુણી પણ પીડા ભોગવવી પડે. કર્મના નિયમનું કોઈ ઉલ્લંઘન કરી શકતું નથી.

જે મનુષ્ય નિરપરાધી ત્રસ જીવોની હિંસાનો ત્યાગ કરતો નથી, તેનામાં ન્યાય બુદ્ધિ ટકતી નથી. ધર્મનો ટુંકો સાર એટલો જ છે કે જે આચરણ આપણા આત્માને અનિષ્ઠ હોય, એવું આચરણ બીજા પ્રત્યે કરવું ન જોઈએ. જેમ પોતાને સુખ વહાલું છે અને દુઃખ અપ્રિય છે, તેમ સર્વ જીવોને દુઃખ અપ્રિય અને સુખ પ્રિય છે. એમ જાણી બીજા આત્માઓને પણ પોતાના સમાન ગણી પોતાને અનિષ્ટ એવી હિંસા બીજાના સંબંધમાં ન કરવી, એ ન્યાયબુદ્ધિનું લક્ષણ છે. અન્યથા આંત્મૌપમ્યભાવ હણાય છે. અને આત્મૌપમ્યનો ભાવ હણાયા પછી માનવમાં માનવતા ટકી શકતી નથી. પશુ અને માનવમાં માત્ર એટલો જ ફરક છે કે માનવી પોતાના મનમાં પોતા સમાન બીજાને જોઈ શકે છે, જાણી શકે છે અને યથાયોગ્ય આચરણમાં પણ મૂકી શકે છે. પશુમાં બહુધા એ બુદ્ધિનો અભાવ છે. પરંતુ મનુષ્ય પણ જો બીજાની પીડાને પોતાના સમાન જાણી શકે નહિ અને શકય પીડાનું નિવારણ કરે નહિ તો તેમાં

અને પશુમાં વધારે અંતર રહેતું નથી. એક જન્મથી પશુ છે અને બીજો વિચારથી પશુ છે. જન્મથી પશુ કરતાં વિચારથી પશુ એ વધારે ભયંકર છે. કારણ કે જે મનુષ્યમાં પ્રધાનપણે માત્ર પોતાના જ સુખનો વિચાર છે અને બીજાના સુખદુઃખનો બીલકુલ વિચાર નથી તે માણસ પ્રસંગ આવતાં પશુ કરતાં પણ વધારે ક્રૂર બનતાં અચકાતો નથી. એટલા માટે જ આત્મવિકાસના માર્ગમાં સ્વાર્થપરાયણતાને સૌથી મોટો દોષ ગણવામાં આવ્યો છે. અને તેને હિંસાદિ બધા પાપોનું મૂળ ગણવામાં આવ્યું છે. તેનાથી ઉલટું બીજા ઉપર પરોપકાર કરવો, બીજાની પીડા દૂર કરવી, બીજાને સુખ આપવું એને પરમ ધર્મ ગણવામાં આવ્યો છે.

ગૃહસ્થોના અહિંસા વ્રતની મર્યાદા.

'નિરપરાધી ત્રસજીવોની સંકલ્પપૂર્વક હિંસા કરવાનો ત્યાગ કરવો' એવી મર્યાદા ગૃહસ્થના અહિંસાવ્રતમાં રાખવામાં આવી છે તે સહેતુક છે. ખૂબ વિચારપૂર્વકની છે.

નિરપરાધી જીવોને ન મારવા–એમ કહેવાનો હેતુ એ છે કે જો અપરાધી જીવોને ગૃહસ્થ શિક્ષા ન કરે તો તેનો ગૃહાસ્થાશ્રમ ચાલી શકે નહિ. ચોર, લુંટારા, ગુંડા વિગેરે દુષ્ટો તેનું ઘર લુંટી જાય સ્ત્રીને લઈ જાય, પુત્રાદિકને મારી નાંખે. જો તે ગૃહસ્થ રાજા હોય તો તેનું રાજ્ય લુંટાઈ જાય. બદમાસો નિર્દોષ પ્રજાને દુઃખ આપે, એટલે આવા પ્રસંગોમાં જો અપરાધીને અપરાધ કરવા દે અને છતી શક્તિએ શિક્ષા ન કરે તો નિરપરાધી વિશ્વાસુ એવા પોતાના પોષ્ય વર્ગની

હિંસા અને પીડામાં તે નિમિત્તભૂત બને. અપરાધીને પણ શિક્ષા ન કરવી એ ધર્મ તો અતિ ઉચ્ચ ભૂમિકાને પ્રાપ્ત થયેલા મહા સમતાવંત વિશિષ્ટ વ્યક્તિઓનો છે. પરંતુ સામાન્ય ગૃહસ્થોની એ ભૂમિકા હોતી નથી એટલે અપરાધીને શિક્ષા કરવાનું ગૃહસ્થોને અન્યાયપૂર્વકનું નથી. અર્થાત્ તેમ કરવાથી તેમના સ્થૂલ અહિંસા વ્રતને દૂષણ લાગતું નથી. અહીં એટલું યાદ રાખવું જોઈએ કે ધર્મ વિવેકમાં છે. શિક્ષા આપવાના વિવેકી અને અવિવેકીના આશયમાં મોટો તફાવત હોય છે. વિવેકી શ્રાવક અપરાધીને પણ શિક્ષા આપે છે ત્યારે અંદરથી તો કોમળ જ હોય છે. માત્ર બહારથી જ તે શિક્ષા આપે છે. અપરાધીના આત્મા પ્રત્યે તેના અંતઃકરણમાં લેશ પણ અશુભ ચિંતવન હોતું નથી. પરંતુ તેનું પણ તે શુભ જ ચિંતવે છે. શિક્ષા કરીને પાપીને પાપ કરતો અટકાવવો એજ એનો આશય હોય છે અને તે પણ પાપી જીવ પ્રત્યેની એક પ્રકારની દયાજ છે. કારણ કે તેથી પાપી જીવ પાપ ન કરી શકવાના કારણે દુર્ગતિની મહાન પીડાથી તે બચી જાય છે. આ રીતે દયાળુ શ્રાવકની શિક્ષામાં પણ અપરાધી પ્રત્યે પ્રધાનતયા કરૂણા જ હોય છે. વળી અપરાધીને શિક્ષા કરવાથી નિરપરાધી શાંત અને શિષ્ટ વર્ગનું રક્ષણ પણ થાય છે. અપરાધી જીવોને શિક્ષા કરતી વખતે આ બન્ને હેતુઓ આત્માર્થી જીવોને ખ્યાલ બહાર હોતા નથી તેથી તેના અધ્યવસાયમાં નિર્ધ્વંસપણું પણ આવતું નથી.

'ત્રસ જીવોની હિંસા ન કરવી'–એમ કહેવાનો હેતુ એ છે કે ગૃહસ્થાશ્રમમાં સંપૂર્ણ અહિંસાનું પાલન શક્ય નથી અને એ કારણે જ જેમણે સંપૂર્ણ અહિંસાનું પાલન કરવું હોય તેમણે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી શ્રમણ અવસ્થા સ્વીકારવી જોઈએ. ગૃહસ્થોને પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ વિગેરે એકેન્દ્રિય જીવોની સાથે રાત્રિ દિવસ કામ લેવું પડે છે, તેથી તેઓને હિંસાથી બચવું મુશ્કેલ છે. છતાં દયાળુ શ્રાવક તે જીવો ઉપર નિરપેક્ષતો હોય જ નહિ. અર્થાત્ વગર પ્રયોજને તેમની પણ હિંસા ન કરે. તેમ તેઓના ઉપર નિર્દયતા હોય નહિ. ન છુટકે કામ કરવું પડે છે, તેમાં ત્રસ જીવોની યતના તો ગૃહસ્થોથી બની શકે છે. એટલે ત્રસ જીવોની હિંસાની વિરતિ બતાવી.

'સંકલ્પથી હિંસાનો ત્યાગ કરવો'–એમ કહેવાનો હેતુ એ છે કે અણુવ્રતથી શ્રાવક રસ્તામાં જોઈને ચાલે છે, પોતાની પ્રવૃત્તિ કાળજીથી કરે છે, છતાં કાયાની અસ્થિરતાના કારણે, તથા વ્યાપાર વણજ, ખેતી વગેરે આરંભ આદિના કારણે કોઈ જીવની વિરાધના તેનાથી થઈ જાય છે. તો અહીં આવા પ્રસંગોમાં જીવોને જાણી જોઈને મારવાનો તેનો ઈરાદો નથી, તેથી વ્રતનો ભંગ થતો નથી. ઈરાદાપૂર્વક મારવાના અધ્યવસાયપૂર્વક જાણી જોઈને મારી નાખવો તે સંકલ્પથી માર્યો કહેવાય.

આ રીતે **'નિરપરાધી ત્રસ જીવોને સંકલ્પપૂર્વક મારવાની બુદ્ધિથી ન મારવા'** એ ગૃહસ્થોની પ્રથમ વ્રતની (અહિંસા વ્રતની) મર્યાદા છે.

હિંસા સર્વ રીતિએ ત્યાજ્ય છે.

કોઈને એવી શંકા થાય કે જીવહિંસા કરીને પૈસો મેળવવો, પછી દાન આપીને તે પાપથી છુટી જઈશું, તેને શાસ્ત્રકારો ઉત્તર આપે છે કે, પ્રાણી પોતાનું જીવિત બચાવવા માટે રાજ્ય પણ આપી દે છે, એવા એ જીવિતનો વધ કરવાથી થતું પાપ આખી પૃથ્વીના દાનથી પણ ધોઈ શકાતું નથી. વનમાં રહેનારાં, વાયુ, જળ અને તૃણ ખાઈને જીવનારાં નિરપરાધી પશુઓને માંસને માટે મારનારા ખરેખર મોટો અન્યાય કરે છે. જે માણસ પોતાના શરીરે એક ડાભનું તૃણ વાગવાથી પણ દુઃખી થઈ જાય છે, એવો માણસ નિરપરાધી પ્રાણીઓને તીક્ષ્ણ શસ્ત્રો વડે શા માટે મારતો હશે ? પોતાના ક્ષણિક સુખને માટે સ્વાર્થપરાયણ ક્રૂર લોકો બીજા પ્રાણીનો આખો જન્મ નાશ કરી નાંખે છે. કોઈ માણસને 'તું મરી જા' એટલું કહેવા માત્રથી પણ દુઃખ થાય છે, તો પછી દારૂણ શસ્ત્રો વડે તેને મારતાં કેટલું દુઃખ થતું હશે, એ મારનાર જીવે પોતે જ વિચારવું જોઈએ. શાસ્ત્રમાં કહ્યું છે કે પ્રાણીઓના ઘાત કરવા વડે રૌદ્ર ધ્યાનમાં તત્પર સુભૂમ અને બ્રહ્મદત્ત ચક્રવર્તિઓ સાતમી નરકે ગયા છે. મનુષ્યોએ હાથ વિનાના થવું તે સારૂં છે, પાંગળા થવું તે સારૂં છે, અને શરીર વિનાના થવું તે સારૂં છે, પણ સંપૂર્ણ શરીરવાળા થઈને હિંસા કરવામાં તત્પર થવું. તે સારૂં નથી. વિઘ્નની શાન્તિને માટે કરાયેલી હિંસા પણ ઉલટી વિઘ્નને માટે થાય છે. અને કુલાચાર

માનીને કરેલી હિંસા પણ કુલનો નાશ કરનારી થાય છે. વંશપરંપરાથી ચાલતી આવેલી હિંસાને પણ જે તજી દે છે તે કાલસૌકરિકના પુત્ર સુલસના જેવો પ્રશંસાપાત્ર થાય છે. માણસ હિંસાનો ત્યાગ ન કરે ત્યાંસુધી તેનો ઈન્દ્રિય નિગ્રહ, દેવગુરૂની ઉપાસના, તથા દાન, અધ્યયન અને તપ વગેરે શુભ કર્મો પણ નિષ્ફળ જાય છે, મહાન ખેદની વાત છે કે હિંસાપ્રધાન શાસ્ત્રો ઉપદેશનારા લોભથી આંધળા થયેલા નિર્દય લોકો, મુગ્ધ બુદ્ધિવાળા બિચારા વિશ્વાસુ ભોળા લોકોને નરકમાં પાડે છે. દેવોને બલિદાન આપવાના બહાનાએ અથવા યજ્ઞને બહાને જેઓ નિર્દય થઇને પ્રાણીઓને મારે છે તેઓ ઘોર દુર્ગતિને પામે છે. સર્વજીવો ઉપર સમભાવ, શીલ અને દયારૂપ મૂળવાળા જગતકલ્યાણકારી ધર્મનો ત્યાગ કરી, મંદબુદ્ધિ લોકોએ હિંસા પણ ધર્મને માટે કહેલી છે, એ કેવી નવાઈની વાત છે? ખરી વાત તો એ છે કે જે માણસ અન્ય પ્રાણિઓને અભયદાન આપે છે, તેને જ પ્રાણીઓ તરફથી ભય રહેતો નથી કારણ કે જેવું આપ્યું હોય તેવું જ ફળ મળે છે, એવો નિયમ છે.

હિંસા અહિંસાના વિષયમાં કેટલાક એવું કહે છે કે હિંસક પ્રાણીઓનો નાશ કરવામાં પાપ નથી. તેના સમર્થનમાં તેઓ કહે છે કે એક હિંસક પ્રાણીને મારવાથી તેને હાથે મરનારાં અનેક પ્રાણીઓનું રક્ષણ થાય છે, પણ તે માન્યતા ખોટી છે. કારણ કે જગતમાં હિંસક નહિ એવું કોણ છે? ઉપરાંત ધર્મનું મૂળ અહિંસા છે, હિંસા

કર્યાથી ધર્મ શી રીતે થાય ? કારણ કે હિંસા પોતે જ પાપનું કારણ છે. એટલે હિંસા પાપને દૂર કેવી રીતે કરી શકે ? અર્થાત્ નજ કરી શકે.

વળી કેટલાક એમ કહે છે કે, દુઃખીઓને મારવામાં દોષ નથી, કારણ કે તેમ કરવાથી દુઃખી જીવ દુઃખમાંથી મુક્ત થાય છે. પરંતુ એ માન્યતા પણ ભૂલભરેલી છે. કારણ કે એવી રીતે મરેલાં તે પ્રાણીઓ આ દુઃખમાંથી છુટી નરક આદિ અન્ય ગતિઓમાં તેથી પણ વધારે દુઃખ નહિ પામે તેની ખાત્રી શું ? માટે અહિંસાપ્રેમીએ આ બધા મિથ્યા વચનોનો ત્યાગ કરી અહિંસાના પાલનમાં દત્તચિત્ત થવું જોઈએ.

અહિંસાનું માહાત્મ્ય.

मातेव सर्वभूताना-महिंसा हितकारिणी ।
अहिंसैव संसार-मरावमृतसारणिः ॥१॥

અર્થ-માતાની માફક અહિંસા સર્વ પ્રાણીઓને હિતકારિણી છે. અહિંસા જ સંસારરૂપી મરૂધરભૂમિમાં અમૃતની નીક સમાન છે. (૧)

अहिंसा दूःखदावाग्नि । प्रावृषेण्यघनावली ।
भवभ्रमिरुगार्तांना-महिंसा परमौषधीः ॥२॥

અર્થ—દુઃખરૂપ દાવાનળને બુઝાવવા માટે અહિંસા

એ વર્ષા ઋતુના મેઘની શ્રેણી તુલ્ય છે અને સંસારમાં પરિભ્રમણ કરવારૂપ રોગથી પીડાયેલા જીવોને માટે પરમ ઔષધિ તુલ્ય પણ **અહિંસા** જ છે.

हेमाद्रिः पर्वतानां, हरिरमृतभुजां, चक्रवर्ती नराणां,
शीतांशुर्ज्योतिषां स्वस्तरुरवनिरुहां चंडरोचिर्ग्रहाणाम् ।
सिन्धुस्तोयाशयानां, जिनपतिरसुरामर्त्यमर्त्याधिपानां,
यद्वद्व्रताना-मधिपतिपदवीं यात्यहिंसा किमन्यत् ॥३॥

અર્થ—પર્વતોમાં જેમ મેરુ, દેવોમાં જેમ ઈન્દ્ર, મનુષ્યોમાં જેમ ચક્રવર્તી, જ્યોતિષગણમાં જેમ ચંદ્ર, વૃક્ષોમાં જેમ કલ્પવૃક્ષ, ગ્રહોમાં જેમ સૂર્ય, જળાશયોમાં જેમ સમુદ્ર, નરેન્દ્ર, દેવેન્દ્ર અને અસુરેન્દ્રોમાં જેમ જિનેશ્વર દેવ મહાન છે તેવી જ રીતે સર્વ વ્રતોમાં અહિંસાવ્રત શિરોમણિ ભૂત છે.

दीर्घमायुः परं-रूप-मारोग्यं श्लाघनीयता ।
अहिंसायाः फलं सर्वं किमन्यत्कामदैव सा ॥४॥

અર્થ—સુખદાયી લાંબુ આયુષ્ય, ઉત્તમરૂપ, નીરોગતા, અને પ્રશંસનીયતા એ સર્વ અહિંસાનાં ફળો છે, વધારે કહેવાથી શું ? સર્વ પ્રકારના મનોવાંછિત ફળ આપવા માટે **અહિંસા** સાક્ષાત્ કામધેનુ સમાન છે.

સત્ય (બીજું અણુવ્રત)

ગૃહસ્થોનું બીજું અણુવ્રત અસત્ય ન બોલવા સંબંધી

છે. સ્થૂલ અસત્ય પાંચ પ્રકારનું છે. વિવેકી મનુષ્યોએ કાંઈ પણ અસત્ય ન બોલવું જોઈએ, તેમાં પણ કન્યા સંબંધી, ગાય સંબંધી, ભૂમિ સંબંધી, થાપણ ઓળવવા સંબંધી અને ખોટી સાક્ષી ભરવા સંબંધી આ પાંચ મોટાં અસત્યો તો અવશ્ય તજવાં જોઈએ.

કન્યા સંબંધી–કન્યા નાની હોય ને મોટી કહેવી, મોટી હોય ને નાની કહેવી, શરીરમાં કોઈ ખોડખાંપણવાળી હોય છતાં ખોડ ખાંપણ વગરની કહેવી, એ પ્રમાણે અસત્ય બોલીને વિવાહિત કરવાથી તેઓની આખી જીંદગી કલેશિત નિવડે છે, કન્યાના ઉપલક્ષણથી કોઈ પણ મનુષ્ય સંબંધી ખોટું ન બોલવું.

ગાય સંબંધી–ગાયના સંબંધમાં જુઠું ન બોલવું અને ઉપલક્ષણથી સર્વ જનાવરો સંબંધી સમજી લેવું.

જમીન સંબંધી–જમીન બીજાની હોય તેને પોતાની કહેવી વિગેરે જમીન સંબંધી અસત્ય ન બોલવું.

થાપણ ઓળવવી–સારો માણસ જાણી વગર લેખે અથવા વગર સાક્ષીએ કાંઈ પણ વસ્તુ પોતાને ત્યાં રાખી હોય, રાખનાર ધણી મરણ પામ્યો હોય અને તેનાં સગાં વહાલાંને ખબર ન હોય તો પણ તેને છુપાવવી કે ઓળવવી નહિ, પણ તે રકમ તેના માલીકને પહોંચાડવી અથવા તેને સારા માર્ગે મરનારના નામે જ ખરચવી જોઈએ.

ખોટી સાક્ષી ન ભરવી–પ્રમાણિક માણસ જાણી

કોઈએ આપણને સાક્ષી બનાવ્યા તે પોતાના સંબંધમાં હોય કે પરના સંબંધમાં હોય પણ કોઈ જાતની લાલચ રાખ્યા વિના સત્ય કહેવું. અર્થાત્ ખોટી સાક્ષી ન આપવી. આ પાંચ મોટાં અસત્યો છે. તેનો ત્યાગ કરવો તે ગૃહસ્થનું બીજું વ્રત કહેવાય છે.

વળી સર્વ લોકમાં જે વિરૂદ્ધ ગણાતું હોય, જે વિશ્વાસનો ઘાત કરવાવાળું હોય અને જે પુણ્યનું પ્રતિપક્ષી હોય તે અસત્ય કદિપણ બોલવું નહિ. વિશ્વાસઘાત કરવો એ ઘણું મોટું પાપ છે.

અસત્ય બોલવાથી થતા ગેરફાયદા.

અસત્યના ફળરૂપે મૂંગાપણું, તોતડાપણું, તેમજ મુખના વિવિધ રોગો પ્રાપ્ત થાય છે, એમ જાણીને મનુષ્યોએ અસત્યનો ત્યાગ કરવો જરૂરી છે. વળી અસત્ય બોલવાથી લોકમાં હલકાઈ થાય છે. 'આ માણસ જુઠો છે' એવી વચનીયતા થાય છે અને પરલોકમાં અધોગતિ થાય છે. જે વસ્તુ પોતે જાણતા ન હોઈએ, કે જેમાં આપણને શંકા હોય, એવી બાબતમાં પ્રમાદથી પણ બુદ્ધિમાને અસત્ય ન બોલવું. હોય તેને છુપાવવું, ન હોય તેને ઉભું કરવું, હોય તેનાથી જુદું કહેવું, કોઈને સદોષ પ્રવૃત્તિમાં પ્રેરવું, કોઈને અપ્રિય વચન કહેવું, કોઈને ગાળ ભાંડવી વિગેરે, અસત્ય વચનોથી વંટોળિયા વડે જેમ મોટાં ઝાડ ભાંગી પડે તેમ કલ્યાણનો નાશ

થાય છે. કુપથ્ય કરવાથી જેમ વ્યાધિઓ ઉત્પન્ન થાય છે, તેમ અસત્ય બોલવાથી વેર, વિરોધ, વિષાદ, પશ્ચાત્તાપ, અવિશ્વાસ, અપમાન વિગેરે અનેક દોષો ઉત્પન્ન થાય છે. અસત્ય બોલવાથી જીવોને નિગોદ, તિર્યંચ અને નરક ગતિ પ્રાપ્ત થાય છે. ભયથી કે વહાલા મનુષ્યના આગ્રહથી પણ કાલિકાચાર્યની જેમ અસત્ય નજ બોલવું. જે માણસ ભયથી કે આગ્રહથી અસત્ય બોલે છે, તે વસુરાજાની જેમ નરકનો અધિકારી થાય છે. વળી સાચું પણ બીજાને પીડા કરનારૂં વચન ન બોલવું, આ પ્રમાણે બીજાના પ્રાણ જાય એવું સત્ય બોલી કૌશિક તાપસે નરકગતિ વહોરી લીધી. એટલે કે કૌશિક તાપસને પારધિઓએ પૂછ્યું કે મૃગનું ટોળું કઈ બાજુ ગયું છે? તાપસે જે બાજુ મૃગનું ટોળું ગયું હતું તે બતાવ્યું. આથી પારધિઓએ મૃગોનો નાશ કર્યો. તેમાં તાપસના બેદરકારી ભર્યા વચનથી એ જીવો મરણને શરણ થયા અને પોતાની પણ દુર્ગતિ થઈ. એટલે બીજાને પીડા કરનારું વચન બોલતાં પહેલાં ખૂબ વિચાર કરવો જોઈએ એ તાત્પર્ય છે. વળી થોડુંક પણ જુઠું બોલવાથી રૌરવાદિ નરકમાં જવું પડે છે, તો જિનેશ્વર ભગવાનની વાણીને અન્યથા કહેવી તેઓની શું ગતિ થશે?

અહિંસા વ્રતરૂપી પાણીના રક્ષણ માટે બીજાં વ્રતો પાળ સરખાં છે. તેમાંથી સત્યનો ભંગ થતાં આખી પાળ તૂટી જઈ બધું નાશ પામે છે. બુદ્ધિમાનોએ સર્વજીવોને

ઉપકારક સત્ય બોલવું જોઈએ અથવા સર્વાર્થસાધક મૌનપણે રહેવું, પરંતુ અસત્ય બોલી સ્વપરને દુઃખકર્તા તો નજ થવું. કોઈ પૂછે તો પણ વૈરનું કારણ, પારકા મર્મને ભેદનારૂં, કર્કશ, શંકાસ્પદ, હિંસક કે અસૂયાયુક્ત વચન ન બોલવું, પરંતુ દયા આદિ ધર્મનો ધ્વંસ થતો હોય, સન્માર્ગનો લોપ થતો હોય, પરમાત્માના સિદ્ધાંતાર્થનો વિનાશ થતો હોય તો પૂછયા વિના પણ શક્તિ હોય તો તેનું નિવારણ કરવા માટે લોકોને સત્ય હકીકત સમજાવવા પ્રયત્ન કરવો જોઈએ. દાવાનળમાં બળેલાં વૃક્ષો વર્ષાઋતુમાં પાછા નવપલ્લવિત થાય છે, પણ દુર્વચન રૂપ અગ્નિથી દગ્ધ થયેલાં મનુષ્યો સાર્દ્ર થતાં નથી. બરછીનો ઘા હજી રૂઝી જાય છે, પરંતુ કુવચનના ઘા રૂઝાતા ઘણો સમય લાગે છે. માટે વાણીને વિચારીને જ ઉચ્ચારવી. સત્ય વચનો મનુષ્યોને જેટલો આહ્લાદ, આપે છે, તેટલો આહ્લાદ, ચંદન, ચંદ્રિકા, ચંદ્રકાંતમણિ, અને મોતી પ્રમુખનીમાળાઓ નથી આપતી. એક તરફ અસત્યથી થતું પાપ મૂકે અને બીજી તરફ બીજાં બધાં પાપ મૂકે તો પણ અસત્યવાળું પલ્લું જ ભારે થાય. મહાન પાપીઓના પણ ઉદ્ધારનો ઉપાય છે, પરંતુ જ્યાં સુધી મનુષ્ય અસત્યને છોડતો નથી ત્યાં સુધી તેના ઉદ્ધારનો કોઈ ઉપાય જ નથી.

સત્યવાદીની શ્રેષ્ઠતા

સત્ય એ જ્ઞાન અને ચારિત્રનું મૂળ છે. જેઓ સત્ય જ બોલે છે, તેમની ચરણરજથી પૃથ્વી પવિત્ર થાય છે.

તથા સત્યવ્રત રૂપ મહાધનવાળા જે જીવો અસત્ય બોલતા નથી, તેઓને દુઃખ આપવા માટે ભૂત, પ્રેત કે સર્પ વિગેરે કોઈ સમર્થ થઈ શકતા નથી. દેવો પણ તેમનો પક્ષપાત કરે છે. રાજાઓ આજ્ઞા માન્ય કરે છે અને અગ્નિ વિગેરે પણ તેમના સત્યના પ્રભાવે શીતળ થઈ જાય છે. આ બધો સત્યનો પ્રભાવ છે.

(૩) અચૌર્ય

ધણીની રજા સિવાય પારકી વસ્તુ લેવારૂપ ચોરીનો ત્યાગ કરવો એ ગૃહસ્થનું અસ્તેય વ્રત નામનું ત્રીજું અણુવ્રત છે. ચોરીના ફળરૂપે દુર્ભાગ્ય, ગુલામી, દાસત્વ, અંગછેદ અને દરિદ્રતા વિગેરે પ્રાપ્ત થાય છે એમ જાણી કોઈનું પડી ગયેલું, ભૂલાઈ ગયેલું, ખોવાઈ ગયેલું, થાપણ કરેલું અને દાટેલું આ સર્વ પરનું ધન બુદ્ધિમાન જીવોએ ધણીના આપ્યા વિના કદીપણ લેવું નહિ. જે માણસ પારકાનું ધન ચોરે છે, તેણે તેનું ધન જ લૂટયું છે એટલું જ નહિ પણ તેની સાથે તેણે તેનો આ લોક, પરલોક, ધર્મ, ધૈર્ય, ધતિ અને મતિ પણ ચોરી છે. તાત્પર્ય એ છે કે ધન લુટાયાની ગમગીનીમાં તેનો આ ભવ બગડે છે, ધીરતા રહેતી નથી, શાન્તિમાં ખલેલ પડે છે અને બુદ્ધિ ગુમ થઈ જાય છે. માટે ધન ચોરનારે તેની આ સર્વ વસ્તુઓનો પણ નાશ કર્યો છે એમ સમજવું. ચોરીનું ફળ આ લોકમાં વધ, બંધાદિરૂપે મળે છે અને પરલોકમાં નરકની વેદના ભોગવવી પડે છે. ચોરી કરવાવાળો માણસ દિવસે કે રાત્રે,

ઊંઘતા કે જાગતાં શલ્ય ભોંકાયું હોય તેમ કદાપિ સ્વસ્થ થઈ શકતો નથી, ચોરનાં સગાં વહાલાં, મિત્ર, પુત્ર, પત્ની, ભાઈ, બાપ વિગેરે પણ રાજદંડના ભયથી કે પાપના ભયથી ચોરનો જરાપણ સંસર્ગ કરતા નથી. કારણ કે બ્રહ્મહત્યા, સુરાપાન, ચોરી વિગેરે મોટાં પાપની પેઠે તે પાપ કરનારાનો સંસર્ગ પણ મહાપાપરૂપ ગણાય છે. ઉપરાંત રાજનીતિમાં પણ ચોરની જેમ ચોરી કરાવનાર, તેનો સલાહકાર, તેનો ભેદ જાણનાર, તેનો માલ વેચાતો લેનાર તથા તેને સ્થાન તેમજ સહાય આપનાર પણ ચોર જ ગણાય છે. ચોરી કરવાવાળા પોતાના સંબંધીનો પણ મંડુકની માફક રાજાઓ નિગ્રહ કરે છે અને ચોર હોય તો પણ ચોરીનો ત્યાગ કરવાથી રોહિણીયાની માફક સ્વર્ગને ભોગવનાર દેવ થાય છે.

અચૌર્યવ્રતનું ફળ.

જે શુદ્ધ ચિત્તવાળા મનુષ્યોને બીજાનું ધન ગ્રહણ કરવાનો નિયમ છે, તેઓને સ્વયંવરાની માફક પોતાની મેળે જ લક્ષ્મી સન્મુખ આવી મળે છે, તેમના અનર્થો દૂર થાય છે અને દુનિયામાં તેમનો યશ વિસ્તારને પામે છે. પારકું સુવર્ણ આદિ પોતાની સામેજ પડ્યું હોય છતાં તે પારકું હોવાથી પરધનમાં જેની પત્થરબુદ્ધિ છે અને પ્રારબ્ધ યોગથી પોતાને પ્રાપ્તથયેલ વસ્તુમાં જ જેઓ મગ્ન છે એવા સંતોષરૂપી અમૃતથી તૃપ્ત થયેલા ગૃહસ્થ ધર્મિઓ પણ સ્વર્ગાદિ ઉચ્ચ ગતિને પ્રાપ્ત કરે છે.

(૪) બ્રહ્મચર્ય.

વિષય વાસના પરિણામે દારૂણ છે.

પોતાની સ્ત્રીમાં સંતોષિત થવું અને પરસ્ત્રીનો ત્યાગ કરવો એ ગૃહસ્થોનું ચોથું અણુવ્રત છે. નપુંસકપણું અને ઇન્દ્રિયછેદ આદિ અબ્રહ્મચર્યનાં ફળો છે. અબ્રહ્મ આરંભમાં જ મનોહર છે પરંતુ પરિણામે તે કિંપાકવૃક્ષના ફળની પેઠે અતિ દારૂણ છે. અબ્રહ્મથી કંપ, સ્વેદ, શ્રમ, મૂર્છા, ભ્રમ, ગ્લાની બલક્ષય, ક્ષયરોગ વગેરે અનેક રોગો શરીરમાં ઉત્પન્ન થાય છે. ગમેતેવો સત્પુરૂપ હોય, પરંતુ તેના હૃદયમાં જો સ્ત્રીભોગની કામના જાગી તો તેના હૃદયમાંથી બધા ઉત્તમગુણો દેશ નિકાલ થયા જાણવા. માયાશીલતા, ક્રૂરતા, ચંચળતા, કુશીલતા વગેરે દોષો સ્વાભાવિક રીતે જ સ્ત્રી કે પુરૂષની કામવાસનાની સાથે રહેનારા છે. અપાર મહાસાગરનો પાર પામવો સંભવિત છે. પરંતુ પ્રકૃતિથી જ વક્ર એવી કામવાસનાનાં દુશ્ચરિત્રોનો પાર પામવો સહેલો નથી. કામવાસના પતિ, પુત્ર, ભાઈ વગેરેને પણ પ્રાણના સંશયવાળા અકાર્યને વિષે આરોપિત કરે છે. કામવાસના સંસારનું બીજ છે, નરકમાર્ગની દીવી છે, શોકનું મૂળ છે, કંકાસની જડ છે અને દુઃખની ખાણ છે.

વેશ્યા સ્ત્રીના દોષો

કામવાસનાને વશ બની જેઓ વેશ્યાગમન કરે છે, તેમના દુઃખનો પાર રહેતો નથી. કારણ કે વેશ્યાઓના

મનમાં જુદું હોય છે, વાણીમાં જુદું હોય છે, અને ક્રિયામાં જુદું હોય છે. કોઈએ તેને પોતાનું સર્વસ્વ આપી દીધું હોય, છતાં તેની પાસેથી બધું ખાલી થઈ જાય ત્યારે તેનું પહેરેલું કપડું પણ લઈ લેવાની વેશ્યા દાનત કરે છે. એવી નિઃસ્નેહ ગણીકાને ડાહ્યા માણસે હંમેશાં ત્યાગવી.

પરસ્ત્રીગમનના દોષો.

ઉપાસકે તો પોતાની સ્ત્રીને પણ આસક્તિપૂર્વક ન સેવવી જોઈએ, તો પછી સર્વપાપોના મૂળરૂપ પરસ્ત્રીઓની તો વાત જ શી ? જે નિર્લજ્જસ્ત્રી પોતાના વહાલા પતિને તજી બીજા પતિને ભજે છે, તે ચંચળ ચિત્તવાળી પરસ્ત્રીનો વિશ્વાસ શો ? અર્થાત્ તેનો વિશ્વાસ ન જ રાખવો. પરસ્ત્રી ગમનમાં જીવનું જોખમ છે, તે પરમ વેરનું કારણ છે, તથા ઉભય લોકથી વિરૂદ્ધ છે, માટે તેનો ત્યાગ કરવો.

પરસ્ત્રીગમન કરનારનું આ લોકમાં રાજા તરફથી સર્વ ધનનું હરણ અને શરીરના અવયવોનું છેદન થાય છે તથા મરણ પામ્યા બાદ તેને ઘોર નરકની પ્રાપ્તિ થાય છે. જેણે પોત્તાના પરાક્રમથી આખા વિશ્વને વ્યાપ્ત કર્યું હતું, તેવો રાવણ પરસ્ત્રી સાથે રમણ કરવાની ઈચ્છામાત્રથી કુળનો ક્ષય કરનારો થયો, તથા નરકગતિને પામ્યો. પરસ્ત્રી ગમે તેવા લાવણ્યવાળી હોય, સર્વ સૌંદર્યનું સ્થાન હોય, તથા વિવિધ કલાઓમાં કુશલ હોય, છતાં તેનો ત્યાગ કરવો. પરસ્ત્રીના સાન્નિધ્યમાં પોતાની મનોવૃત્તિને જરાપણ મલિન ન થવા

દેનાર સુદર્શન શ્રેષ્ઠિના ગુણોની અમે કેટલી સ્તુતિ કરીએ ? અર્થાત્ તેમના સંબંધમાં જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી જ છે. ઐશ્વર્યમાં મોટો રાજરાજેશ્વર હોય, તથા રૂપમાં કામદેવ સમાન હોય, તો પણ જગદંબા સતી શિરોમણિ મહાસતી સીતાએ જેમ રાવણને તજ્યો તેમ સ્ત્રીએ પરપુરુષને તજવો જોઈએ. પરસ્ત્રી–પુરૂષમાં આસક્ત એવાં સ્ત્રીપુરુષને ભવોભવ નપુંસકપણું, તિર્યંચપણું અને દુર્ભાગ્યપણું પ્રાપ્ત થાય છે.

બ્રહ્મચર્યનો મહિમા.

ચારિત્રના પ્રાણસરખા અને મોક્ષના એક અસાધારણ કારણ સરખા બ્રહ્મચર્યને આચરનાર મનુષ્ય પૂજ્યો વડે પણ પૂજાય છે. બ્રહ્મચર્ય આચરનારાં મનુષ્યો લાંબા આયુષ્ય-વાળા, સુંદર આકૃતિવાળા, દૃઢબાંધાવાળા, તેજસ્વી તેમજ મહાન પરાક્રમવાળા થાય છે. માટે મનુષ્યે બ્રહ્મચર્યનું સેવન કરવા તત્પર રહેવું.

(૫) પરિગ્રહ પરમાણ.

ઈચ્છાને નિયમમાં રાખવારૂપ પરિગ્રહના નિયમવાળું ગૃહસ્થોનું પાંચમું અણુવ્રત છે. ધનધાન્યાદિ નવપ્રકારના પરિગ્રહનું પરિમાણ કરવું. પરિમાણ કરતાં અધિક થઈ જાય તો તેને શુભ માર્ગે વાપરી નાંખવું.

પરિગ્રહના દોષો.

પરિગ્રહ એટલે સંગ, આસક્તિ અથવા મૂર્છા. મૂર્છાના

કારણે અસંતોષ, અવિશ્વાસ અને દુઃખના કારણરૂપ આરંભમાં પ્રવૃત્તિ થાય છે. જેમ અતિશય ભાર ભરવાથી વહાણ સમુદ્રમાં ડૂબી જાય છે, તેમ અતિ પરિગ્રહથી પ્રાણી ભવ સાગરમાં ડૂબી જાય છે. પરિગ્રહમાં અણુ જેટલો પણ ગુણ નથી, પરંતુ પર્વત જેવડા મોટા મોટા દોષો તેમાંથી ઉત્પન્ન થાય છે. પરિગ્રહથી અછતા પણ રાગદ્વેષાદિ શત્રુઓ પ્રગટ થાય છે, પરિગ્રહથી આંદોલિત આત્માવાળા ત્યાગીઓનાં પણ ચિત્ત ચપળ થઈ જાય છે, તો ગૃહસ્થની તો વાત જ શી કરવી ? સંસારનું મૂળ કારણ હિંસાદિ પ્રવૃત્તિઓ છે અને તે પ્રવૃત્તિઓનું કારણ પરિગ્રહ છે. માટે, ઉપાસકે બને તેટલો અલ્પ પરિગ્રહ કરવો. સંગ અથવા આસક્તિને વશ થયેલા માણસનું સંયમરૂપી ધન વિષયોરૂપી ચોરો લુંટી જાય છે, તેને કામરૂપી અગ્નિ નિરંતર બાળે છે, અને સ્ત્રીઓરૂપી પારધીઓ તેને સંસારમાં રોકી રાખે છે. તૃષ્ણા એવી દુષ્પૂર છે કે સગરરાજાને ૬૦ હજાર પુત્રોથી પણ તૃપ્તિ ન થઈ, કુચીકર્ણને વિપુલ ગોધનથી, તિલક શેઠને પુષ્કળ ધાન્યથી અને નંદરાજાને સોનાના ઢગલાઓથી પણ સંતોષ ન થયો.

ધન, ધાન્ય, સુવર્ણ, રૂપું, બીજી ધાતુઓ, ખેતર, ઘર, નોકરચાકર અને પશુ, એ નવ બાહ્ય પરિગ્રહ છે, તથા રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, શોક, હાસ્ય, રતિ, અરતિ, ભય, જુગુપ્સા, કામવાસના અને મિથ્યાત્વ એ ચૌદ આંતર પરિગ્રહો છે. બાહ્ય પરિગ્રહથી આંતર પરિગ્રહો પુષ્ટ થાય છે. વૈરાગ્ય વગેરેએ ગમે તેટલી ઊંડી જડ ઘાલી હોય,

પણ પરિગ્રહ તેને નિમૂંળ કરી નાખે છે. પરિગ્રહને છોડ્યા વિના જ જે મોક્ષની કામના કરે છે તે બે ભુજાથી મોટો સમુદ્ર તરવાની ઈચ્છા કરે છે. જે બાહ્ય પરિગ્રહ ઉપર નિયંત્રણ ન કરી શકે તે આંતર પરિગ્રહ ઉપર નિયંત્રણ કરવા સમર્થ થતો નથી. તેથી સુખના અર્થીએ પરિગ્રહ ઉપર નિયંત્રણ કરવું જરૂરી છે.

ત્રણ ગુણવ્રતો ૬૪.

(૧) દિગ્ વિરતિ–(દિશાનો નિયમ)

ગૃહસ્થના પાંચ અણુવ્રતોનું વર્ણન ઉપર થઈ ગયું. હવે ત્રણ ગુણ વ્રતો કહેવામાં આવે છે. ગુણવ્રતો અણુવ્રતોને ગુણ ઉત્પન્ન કરનારા છે. આ છઠ્ઠું વ્રત પહેલા અહિંસા વ્રતને વિશેષ ફાયદાજનક છે. દિગ્વિરતિ એટલે દશે દિશાઓમાં અમુક ક્ષેત્રમાં જ પ્રવૃત્તિ કરવાની મર્યાદા નક્કી કરવી તે. ગૃહસ્થ તપેલા લોઢાના ગોળા જેવો છે. તે હંમેશાં આરંભ અને પરિગ્રહ યુક્ત રહેતો હોવાથી જ્યાં જાય છે ત્યાં જીવોની પીડામાં નિમિત્ત ભૂત બને છે, તેથી તે પોતાની પ્રવૃત્તિને દિશા પરિમાણથી મર્યાદિત કરે, તો તેટલા ભાગથી બહાર જીવહિંસાદિ પાપ તેનાથી થતાં અટકે છે. જે માણસ દિગ્-વિરતિ વ્રત લે છે તે આખા જગતનું આક્રમણ કરવા ધસતા લોભ સમુદ્રને આગળ વધતો અટકાવી દે છે.

ભોગોપભોગમાન (બીજું ગુણવ્રત)

શક્તિ પ્રમાણે જે વ્રતમાં ભોગોપભોગની સંખ્યા નક્કી

કરવામાં આવે છે તે ભોગોપભોગમાન નામનું બીજું ગુણવ્રત કહેવાય છે. એક જ વાર ભોગવી શકાય તેવા અન્ન, પુષ્પમાલ, તાંબુલ, વિલેપન વિગેરે ભોગ કહેવાય છે અને જે વારંવાર ભોગવી શકાય તેવા વસ્ત્ર, અલંકાર, ઘર, શય્યા, આસન, વાહન વિગેરે ઉપભોગ કહેવાય છે. ભોગવવા યોગ્ય પદાર્થોનું પરિમાણ નક્કી કરવાનું હોય છે. પરંતુ ભોગવવાને અયોગ્ય પદાર્થોનો તો સર્વથા ત્યાગ જ કરવાનો હોય છે.

સર્વથા ત્યાગવા યોગ્ય પદાર્થો

દરેક જાતનો દારૂ, માંસ, માખણ, મધ, ઉંબરાદિ પાંચ જાતના ટેટા, અનંતકાય, (કંદમૂલાદિ) અજાણ્યા ફળ, રાત્રિ-ભોજન, કાચા દુધ, દહીં તથા છાસની સાથે કઠોળ (દ્વિદળ) ખાવું તે, વાસી અનાજ, બે દિવસ ઉપરાંતનું દહીં અને ચલિત રસવાળું અનાજ. આ બધું જૈન શાસનમાં અભક્ષ્ય ગણાય છે. ઉપર કહેલા અભક્ષ્ય કે અનંતકાય એ એવી જાતના પદાર્થો છે કે તેનું ભોજન કરનાર આત્મા પૂર્વનો તીવ્ર પુણ્યોદય ન હોય તો ભાગ્યે જ આગંતુક રોગોનો ભોગ થતો બચી શકે.

આહાર તેવો ઓડકાર

વિશુદ્ધ જીવન જીવવા માટે વિશુદ્ધ મન જોઈએ, વિશુદ્ધ મન માટે વિશુદ્ધ અન્ન જોઈએ. આપણે ત્યાં કહેવત છે કે 'આહાર તેવો ઓડકાર' તેમ જર્મન આદિ દેશોમાં પણ તેવા જ પ્રકારની કહેવતો છે. કે ' માણુસ જેવું ખાય તેવું

થાય' વિગેરે. એ અનુભવને કોઈ પણ ઈન્કાર કરી શકયું નથી મનુષ્યને નિરોગી રાખવો હોય તો પણ જેમ અભક્ષ્ય ભક્ષણના ત્યાગની જરૂર છે, તેમ મનુષ્યને દયાળુ રાખવો હોય તો પણ તેની જ જરૂર છે. એ અભક્ષ્ય ભક્ષણનો ત્યાગ આજે એક બાળકથી માંડી વૃદ્ધ પર્યન્તના આત્માઓ સંસ્કારી જૈન કુલોમાં કોઈપણ જાતિના દબાણ, અભિમાન કે આડંબર વિના નૈસર્ગિક રીતિએ ચૂસ્તતાપૂર્વક પાળી રહ્યા હોય છે, એ સત્યનો કોઈથી પણ નિષેધ થઈ શકે તેમ નથી. અને તેવા જ આત્માઓ જીવ રક્ષાદિ આત્માના ઉચ્ચ અધ્યવસાયો કાયમ માટે ટકાવી શકે છે. અને પોતાની સાત્ત્વિક, દયાળુ અને કોમળ અહિંસક લાગણીઓને ઘોર હિંસક જમાનામાં પણ જીવનના અંત સુધી આંચ આવવા દેતા નથી. એથી પોતાનો આ ભવ અને આવતો પણ સુધારનારા બને છે. તેનાથી ઉલટું જે જે વસ્તુઓને અભક્ષ્ય ગણવામાં આવી છે, તેનું ભક્ષણ કરવાથી માત્ર આ લોકમાં જ રોગાદિકનો ભય છે એટલું જ નથી, પરંતુ તેનો પરભવ પણ અવશ્ય બગાડયા સિવાય રહેતો નથી. અનેક પ્રકારની અસહ્ય યાતનાઓ તેને તેના બદલા તરીકે નરકાદિ દુર્ગતિમાં ભોગવવી જ પડે છે. તે વખતે અભક્ષ્ય ભક્ષણથી જે સુખ મેળવેલું હોય છે, એનાથી અનંત ગણી વધુ પીડા તેને ભોગવવી જ પડે છે, તે સિવાય છુટકારો થતો નથી. અભક્ષ્ય ભક્ષણ આદિથી પ્રત્યક્ષ અને પરોક્ષ શું શું નુકશાન થાય છે, તે હવે અહીં યોગ્યશાસ્ત્રાદિ મહાગ્રન્થોના અનુસારે જણાવવામાં આવે છે.

મદિરા (દારૂ) પીવાથી થતા દોષો.

મદિરા પાનથી બુદ્ધિ નષ્ટ થાય છે. દારૂ પીને ભાન ભૂલેલા લોકોને મા–બહેનનો, પોતાનો પારકાનો, કે શેઠ નોકરનો ખ્યાલ રહેતો નથી. મડદાની માફક મેદાનમાં પડેલા દારૂડીયાના મુખમાં કુતરાં મૂતરી જાય છે. ધોરી રસ્તામાં પણ તે ભાન ભૂલી નાગો થઈ આળોટે છે, અને સહેજ સાજમાં પોતાના ગૂઢ અભિપ્રાયો–છાના વિચારો બોલી નાખે છે. ગમે તેવું સુંદર ચિત્ર હોય, તો પણ જેમ તેના ઉપર કાજળ ઢોળવાથી તેની શોભા નષ્ટ થઈ જાય છે, તેમ દારૂ પીનારની કાન્તિ, કીર્તિ, બુદ્ધિ અને લક્ષ્મી ચાલી જાય છે. જાણે ભૂત વળગ્યું હોય તેમ તે ધૂણે છે, શોકમગ્ન થઈ ગયો હોય તેમ તે રાડો પાડે છે, તથા દાહજવર ઉપડ્યો હોય તેમ તે જમીન ઉપર આળોટે છે. દારૂ હળાહળ ઝેર જેવો છે. તે અંગોને શિથિલ કરી નાખે છે, ઇન્દ્રિયોને અશક્ત કરી નાખે છે, અને ભારે ઘેનમાં નાખી દે છે. અગ્નિના એક તણખલાથી ઘાસની મોટી ગંજી બળી જાય છે, તેમ મદિરાપાનથી વિવેક, સંયમ, જ્ઞાન, સત્ય, શૌચ, દયા, અને ક્ષમા એ સર્વનો નાશ થાય છે સર્વદોષનું કારણ મદિરા (દારૂ) છે અને સર્વ પ્રકારની આપત્તિનું કારણ પણ મદિરા છે, માટે રોગાતુર માણસ જેમ અપથ્યનો ત્યાગ કરે તેમ આત્મહિતચિંતકોએ મદિરાપાનનો ત્યાગ કરવો જોઈએ.

માંસ ત્યાગ કરવા વિષે.

પ્રાણીઓના પ્રાણનો નાશ કરીને જે માંસ ખાવાને

ઇચ્છે છે, તે દયા નામના ધર્મવૃક્ષના મૂળને મૂળથી ઉખેડી નાંખે છે. જે નિરંતર માંસ ખાય છે અને દયા પાળવાને ઈચ્છે છે, તે બળતા અગ્નિમાં વેલડી રોપવાને ઇચ્છે છે. અર્થાત્ માંસ ખાવાવાળામાં દયા ટકતી નથી. પ્રાણીઓને હણનાર, માંસ વેચનાર, રાંધનાર, ખાનાર, વેચાતું લેનાર, અનુમોદન આપનાર અને દેવાવાળો આ સર્વે હિંસા કરનારજ છે. પોતાના માંસની પુષ્ટિને માટે જે માણસો અન્ય જનાવરોનું માંસ ભક્ષણ કરે છે, તેજ તે જીવોનો ઘાતક છે, કારણ કે ખાનારં સિવાય વધ કરનાર હોય નહિ.

બીજું દિવ્ય ભોજન હોવા છતાં પણ જે માણસો માંસનું ભક્ષણ કરે છે, તેઓ અમૃત રસને છોડીને હલાહલ વિષને ખાય છે. નિર્દય માણસમાં ધર્મ હોય નહિ. અને માંસ ખાનારમાં દયા કયાંથી હોય ? માંસમાં લુબ્ધ થનાર માણસ દયા અને ધર્મને જાણતો નથી. અથવા કદાચ જાણે તો પણ પોતે માંસ ભક્ષક હોવાથી તેની નિવૃત્તિ માટે બીજાને ઉપદેશ આપે નહિ. શુક્ર અને લોહીથી ઉત્પન્ન થયેલું વિષ્ટાના રસથી વૃદ્ધિ પામેલું, લોહીથી યુક્ત ઠરી ગયેલા મળરૂપ માંસને કોણ બુદ્ધિમાન ભક્ષણ કરે ? અર્થાત્ ડાહ્યો માણસ તો સ્પર્શ પણ ન કરે. માંસ ઉત્પન્ન થતાંની સાથે જ તેમાં અનંત જંતુઓ ઉત્પન્ન થઈ જાય છે. તેથી માંસાહાર કરનાર અનંત જંતુઓનો ઘાતક બને છે. પંચેન્દ્રિય પ્રાણીનો વધ કરવાથી વધમાં નિમિત્તભૂત થવાથી, તેના માંસનું ભક્ષણ કરવાથી પ્રાણીઓ નરકે જાય છે. અને ત્યાં દુઃસહ પીડા ભોગવે છે.

જે પરલોકમાં અનંત દુઃખને માટે અને આ લોકમાં માત્ર ક્ષણવાર સુખને માટે થાય તેવી માંસ ભોજનની પ્રવૃત્તિ કયો વિવેકી પુરૂષ ક્ષુધાતુર હોય તો પણ કરે ? અર્થાત્ નજ કરે. વળી જીવહિંસાના પાપથી પ્રાપ્ત થયેલી નરકની વેદના સહન કર્યા વગર કોઈ પ્રકારે શાન્ત થતી નથી. પ્રાણીનો વધ છે જેમાં એવું માંસ ભોજન છોડી દેનાર અને દયા ધર્મનું આચરણ કરનાર જીવ ભવોભવ સુખી થાય છે.

માખણ ખાવાના દોષો.

છાશમાંથી બહાર કાઢ્યા પછી અંતમુંહૂર્ત થયે માખણમાં ઘણા સૂક્ષ્મ જંતુના સમૂહો પેદા થાય છે. માટે વિવેકી પુરૂષોએ તે માખણ ન ખાવું. એક પણ જીવને મારવામાં પાપ છે, તો જન્તુઓના સમુદાયથી ભરપુર આ માખણનું કોણ ડાહ્યો માણસ ભક્ષણ કરે ? અર્થાત્ દયાળુ માણસ ભક્ષણ ન કરે.

મધ ખાવાના દોષો.

અનેક જંતુઓના સમુદાયનો નાશ થવાથી પેદા થએલું અને જુગુપ્સનીય લાળવાળું એવા મધનું ભક્ષણ કોણ કરે ? એક એક પુષ્પની અંદરથી માખીઓ રસ પીને બીજે ઠેકાણે તે રસને વમે છે, તેનાથી પેદા થયેલું તે મધ કહેવાય છે. આવું ઉચ્છિષ્ટ (એઠું) મધ ધાર્મિક પુરૂષો ખાતા નથી. કાળકુટ ઝેરનો કણીયો પણ ખાધો હોય તો તે પ્રાણના નાશને માટે થાય છે. કેટલાક અજ્ઞાની જીવો કહે છે કે મધમાં પણ મીઠાશ રહેલી છે. પણ જેનો આસ્વાદ કરવાથી

ઘણા વખત સુધી નરકની વેદના ભોગવવી પડે તેને તાત્વિક મીઠાશ કેમ કહેવાય? જેનું પરિણામ દુઃખદાયી આવે તેમાં મીઠાશ હોય તો પણ તે મીઠાશ ન કહેવાય, માટે મધનો વિવેકી પુરુષોએ ત્યાગ કરવો જોઈએ.

ઉપર બતાવવામાં આવેલ મદિરા, માંસ, માખણ અને મધ આ ચાર અભક્ષ્ય મહા વિગય ગણાય છે. તેમાં ઘોર હિંસા સમાયેલી છે. તેથી ધર્મપ્રેમી, દયાળુ અને પોતાના કલ્યાણ ઈચ્છુક આત્માઓએ તેનો સત્વર ત્યાગ કરવો જોઈએ.

પાંચ પ્રકારના ઉંબરડા પ્રમુખનાં ફળો.

ઉંબરડાનાં, વડનાં, પીપરનાં, કાકઉદુંબરનાં અને પીપળાનાં ફળ ઘણાં ત્રસ જંતુઓથી ભરપુર હોય છે, તેથી તે પાંચે વૃક્ષનાં ફળો કદીપણ ખાવાં નહિં. બીજું ખાવાનું મળ્યું ન હોય અને શરીર ક્ષુધાથી દુર્બળ થઈ ગયું હોય તો પણ પુણ્યાત્મા પ્રાણી ઉંબરાદિક વૃક્ષનાં ફળ ખાતા નથી.

બત્રીસ અનંતકાય.

૧ સુરણ. ૨ લસણ. ૩ લીલી હળદર. ૪ બટાકા. (આલુ) ૫ લીલોકચુરો. ૬ સતાવરી. ૭ હીરલીકંદ. ૮ કુંવાર. ૯ થોર. ૧૦ ગળો. ૧૧ સકરીયા. ૧૨ વંશકારેલા. ૧૩ ગાજર. ૧૪ લુણી. ૧૫ લોઢી. ૧૬ ગિરિકર્ણિકા. ૧૭ કુમળા પાંદડા. ૧૮ ખરસૈયો. ૧૯ થેકનીભાજી. ૨૦ લીલીમોથ ૨૧ લુલીના ઝાડનીછાલ. ૨૨ ખીલોડા. ૨૩ અમૃતવેલી. ૨૪ મુલાનાકંદ ૨૫ ભૂમિફોડા (બિલાડીના ટોપ)

૨૬ નવાઅંકુરા. ૨૭ વથ્થુલાની ભાજી. ૨૮ સૂકરજાતિના વાલ. ૨૯ પાલકાની ભાજી. ૩૦ કુણીઆંબલી. ૩૧ રતાળું. ૩૨ પીંડાળું.

ઉપર જણાવેલ બત્રીશ અનંતકાયોને સર્વ પાપભીરૂ શ્રાવક-શ્રાવિકાઓએ ત્યાગી દેવાની જરૂર છે. વળી તે બધી જ વસ્તુઓ કાંઈ રોજ ઉપયોગમાં આવતી નથી. કેટલીક તો એવી છે કે આખી જીંદગી સુધી ખાવામાં પણ આવતી નથી, તેમજ તેનાં દર્શન થવા પણ દુર્લભ હોય છે. છતાં પણ તે વસ્તુઓનો પ્રતિજ્ઞાપૂર્વક અને ઈરાદાપૂર્વક ત્યાગ કરવામાં નથી આવતો ત્યાં સુધી તે વસ્તુઓ સંબંધી નાહકનો પાપબંધ થયા કરે છે.

અજાણ્યાં ફળ.

અજાણ્યાં ફળો કે જેનું નામ યા સ્વરૂપ પોતે યા બીજા જાણતાં ન હોય તે ન ખાવાં જોઈએ. કારણ કે તેમ કરવાથી કદાચ નિષેધ કરેલાં અથવા વિષવૃક્ષનાં ફળો ખાવામાં પ્રવૃત્તિ થઈ જાય, માટે વિદ્વાનોએ અજાણ્યાં ફળો ન ખાવાં.

રાત્રિ ભોજનથી થતા દોષો.

અનેક પાપસ્થાનોમાં રાત્રિ ભોજન પણ એક પાપનું જ સ્થાનક છે. સૂર્યાસ્ત પછી અનેક સૂક્ષ્મજીવોની ઉત્પત્તિ થાય છે. જે જીવો ગમે તેવા જબ્બર પ્રકાશમાં પણ દેખી

શકાતા નથી. રાત્રે ખાનારના ભાણામાં તે જીવો ઉડી ઉડીને પડે છે, અને મરણને શરણ થાય છે.

રાત્રિ ભોજનના દોષને જાણનાર જે મનુષ્ય દિવસના પ્રારંભની અને અંતની બબે ઘડીનો ત્યાગ કરીને બાકીના દિવસે ભોજન કરે છે, તે પુણ્યનું ભાજન થાય છે. જે મનુષ્યો દિવસે ત્યાગ કરીને રાત્રિએ જ ભોજન કરે છે, તેઓ રત્નનો ત્યાગ કરીને કાચનો જ સ્વીકાર કરે છે. જે ધન્ય પુરૂષો સર્વદા રાત્રિ ભોજનની નિવૃત્તિ કરે છે, તે પોતાના અર્ધા આયુષ્યના અવશ્ય ઉપવાસી થાય છે. રાત્રિ ભોજનથી થતા પાપને પ્રભાવે પરભવે ઘુવડ, કાગડા, બિલાડા, ગીધ, શંબર, ભુંડ, સર્પ, વીંછી અને ઘો અથવા ગરોળી આદિની નીચ યોનિમાં જન્મ ધારણ કરવો પડે છે. એ અવતારને પામેલા પશુ પક્ષીઓ મોટે ભાગે માંસનો જ આહાર કરનારા હોય છે, એટલે ત્યાંથી મરીને તેઓ દુર્ગતિમાં ચાલ્યા જાય છે. આથી એ પણ સિદ્ધ થાય છે કે રાત્રિ ભોજનનો કરનારો તિર્યંચ ગતિમાં જઈને પરંપરાએ નરક આદિ દુર્ગતિનો મેમાન થાય છે.

રાત્રિ ભોજનનો ત્યાગ ધર્મદૃષ્ટિએ હિતકર છે એટલું જ નહિ, પરંતુ આરોગ્યની દૃષ્ટિએ પણ તે સૌને અત્યંત હિત કરનારો જ છે. રાત્રિ ભોજન કરનારાઓને શારીરિક નુકશાન શું થાય છે, તેની નોંધ લેતા શાસ્ત્રકારો ફરમાવે છે કેઃ—

मेधां पिपीलिका हन्ति, युका कुर्याज्जलोदरम् ।
कुरुते मक्षिका वान्ति, कुष्टरोगं च कोकिलः ॥१॥

અર્થ-કીડી બુદ્ધિનો નાશ કરે છે, જુ ખાવામાં આવે તો જલોદર રોગ થાય છે, માખી ઉલ્ટી કરાવે છે, અને કરોળીયો કોઢ રોગ કરે છે.

कण्टको दारुखण्डं च, वितनोति गलव्यथाम् ।
व्यञ्जनान्तर्निपतितस्तालु विध्यति वृश्चिकः ॥२॥

અર્થ-કાંટો અગર લાકડાનો કકડો ખાવામાં આવી જાય તો ગળામાં તકલીફ કરે છે. શાકમાં પડેલો વીછુ તાળવાને વિંધી નાંખે છે.

विलग्नश्च गले वालः, स्वरभङ्गाय जायते ।
इत्यादयो दृष्टदोषाः, सर्वेषां निशि भोजने ॥ ३ ॥

અર્થ-ગળામાં વાળ આવે તો સ્વરભંગ થઈ જાય છે. એ વિગેરે રાત્રિ ભોજનના દેખીતા દોષો સૌને થાય છે.

ઉપર જણાવ્યા મુજબ રાત્રિ ભોજનનો ત્યાગ નહિ કરનારને આ લોકમાં તેમજ પરલોકમાં એમ બન્ને લોકમાં ગેરફાયદો થાય છે. રાત્રે હોટલ આદિમાં ખાનારને શારીરિક નુકશાન ઉપરાંત મરણ સુધીનું મહાન નુકશાન પણ થયું છે, જે આજના ન્યુસપેપરોમાં વાંચવાથી માલૂમ પડે છે. અન્યત્ર પણ કહ્યું છે કેઃ—

चत्वारि नरकद्वाराणि, प्रथमं रात्रिभोजनम् ।
परस्त्रीगमनं चैव, सन्धानाऽनन्तकायिके ॥

અર્થ-ચાર નરકના બારણામાં પ્રથમ રાત્રિ ભોજન છે,

બીજું પરસ્ત્રીગમન છે, ત્રીજું લીલું અથાણું (સુકાવ્યા વિનાનું) જેને બોળ અથાણું કહે છે, અને ચોથું અનંતકાય એટલે તમામ જાતના કંદમૂળો વગેરે છે.

मद्य-मांसाशनं रात्रौ, भोजन, कंदभक्षणम् ।
ये कुर्वन्ति वृथा, तेषां, तीर्थयात्रा जपस्तपः ॥

અર્થ-દારૂ-માંસ, રાત્રિ ભોજન, અને કંદમૂળનું ભક્ષણ જે લોકો કરે છે, તેની તીર્થયાત્રા, તપ-જપ બધું ફોકટ થાય છે.

मद्यमांसाशनं रात्रौ, भोजनं कंदभक्षणं ।
भक्षणान्नरकं याति, वर्जनात् स्वर्गमाप्नुयात् ॥

અર્થ-દારૂ, માંસ ભક્ષણ, રાત્રિ ભોજન અને જમીન-કંદનાં ભક્ષણથી નરકમાં જવાય છે અને તેને છોડી દેવાથી સ્વર્ગ પ્રાપ્ત થાય છે.

चातुर्मास्ये तु संप्राप्ते, रात्रिभोज्यं करोति यः ।
तस्य शुद्धिर्न विद्येत, चान्द्रायणशतैरपि ॥

અર્થ-ચાતુર્માસ આવે છતે જે રાત્રે ખાય છે, તેની સેંકડો ચાન્દ્રાયણ તપથી પણ શુદ્ધિ થતી નથી.

માર્કણ્ડ પુરાણમાં પણ કહ્યું છે કે-

अस्तं गते दिवानाथे,, आपो रूधिरमुच्यते ।
अन्नं मांससमं प्रोक्तं, मार्कण्डेण महर्षिणा ॥

અર્થ-સૂર્ય અસ્ત થયા પછી પાણી પીવું તે લોહી

બરાબર છે અને અન્ન ખાવું તે માંસ બરાબર છે, એમ માર્કણ્ડ ઋષિએ કહ્યું છે.

પદ્મ પુરાણમાં પણ કહ્યું છે કે-

मृते स्वजनमात्रेपि, सुतकं जायते किल ।
अस्तं गते दिवानाथे, भोजनं क्रियते कथम् ॥
उदकमपि न पातव्यं, रात्रावत्र युधिष्ठिर ।
तपस्विना विशेषेण, गृहिणा तु विवेकिना ॥

કોઈ સ્વજન માત્ર મરી જાય છે તો સુતક આવે છે. તો પછી સૂર્ય અસ્ત થયા પછી ભોજન કરાય જ કેમ?

હે યુધિષ્ઠિર વિવેકી ગૃહસ્થીએ તથા તપસ્વીએ તો રાત્રિને વખતે ખાસ કરીને પાણી પણ પીવું ન જોઈએ.

આ મુજબ દરેક શાસ્ત્રોમાં નિષેધ કરાયેલા રાત્રિ ભોજનના પાપને તિલાંજલિ આપી, સ્વ અને પર આત્માઓનું રક્ષણ કરવું એ સમજુ અને બુદ્ધિમાનોનું ખાસ કર્ત્તવ્ય બની જાય છે.

મુખ્યતયા હમેશને માટે જ રાત્રિ ભોજન નહિ કરવું. તેમ ન બને તો ચોમાસામાં તો ન જ કરવું. અને છેવટે તેમ કરવા માટે પણ અશક્ત અને પ્રમાદી આત્માઓએ પર્વતિથિએ તો છોડી જ દેવું. રાત્રિ ભોજનનો ત્યાગ કરવામાં જે ગુણો રહેલા છે તે કહેવાને સર્વજ્ઞ સિવાય કોઈ સમર્થ નથી.

દ્વિદળનું સ્વરૂપ.

કાચા ગોરસ એટલે કાચા દુધ, કાચા દહીં અને કાચી છાશમાં દ્વિદળ મળવાથી તેમાં ઉત્પન્ન થતાં સૂક્ષ્મ જંતુઓ કેવળી ભગવંતોએ જોયાં છે. તેથી વિવેકી આત્માઓએ તેનો ત્યાગ કરવો. દ્વિદળ એટલે જેની બે ફાડ થાય તેવા વાલ, વટાણા, મગ, અડદ, તુવેર આદિ સઘળી જાતના કઠોળ ગણાય છે. જેમાંથી તેલ નીકળતું હોય, અને બે ફાડ થતી હોય તો તે કઠોળમાં ગણાય નહિ. જેની બે ફાડ થાય એવા સઘળા કઠોળના લીલાં સુકાં શાક સાથે અથવા જે વસ્તુમાં કઠોળ આવતું હોય તે સઘળી વસ્તુ સાથે જેમકે કઠોળની દાળ, કઠોળનો લોટ, કઠોળની સીંગ, કઠોળની ભાજી વગેરે સાથે કાચું દૂધ, કાચું દહીં અને કાચી છાશ (કાચી એટલે જ્યાં સુધી આંગળી દાઝે એવી ગરમ ન થાય ત્યાં સુધી) ખાઈ શકાય નહિ. કેટલીક જગ્યાએ છાશ સામાન્ય જેવી ગરમ થાય એટલે ચણાનો લોટ નાખે છે, તે પણ ઠીક ન કહેવાય. કઠોળ ખાધા પછી હાથ, મોં બરાબર સાફ કરીને દહીં, દુધ, છાશ લઈ શકાય છે. બંને સાથે ખાવામાં જ દોષ ગણાય છે. દ્વિદળના સ્વરૂપને સમજી સૌ કોઈએ એ પાપમાંથી બચવા પ્રયત્ન કરવાની જરૂર છે. તે ઉપરાંત પુષ્પિતભાત એટલે વાશી અન્ન, ભાત, રોટલી વિગેરે તથા બે રાત્રી વ્યતીત થએલું દહીં અને કોહી ગયેલું અન્ન એટલે જેનો રસ ચલિત થઈ ગયો હોય, કાળ વ્યતીત

થયેલી મીઠાઈ વગેરે. ઉપરાંત હિમ (બરફ), કરા, સર્વ પ્રકારનું વિષ, કાચી માટી વગેરે, તુચ્છ ફળ–જેમાં ખાવાનું અલ્પ અને ફેંકી દેવાનું ઘણું હોય તે. સંધાનક–બોળ અથાણું વિગેરે, બહુ બીજ અને રીંગણાં વિગેરે અભક્ષ્યો સમજવાં. અભક્ષ્યનું સ્વરૂપ સમજી સૌ કોઇએ એ પાપમાંથી બચવા પ્રયત્ન કરવાની જરૂર છે. કારણ કે ધર્મમાં દયા ધર્મ જ મુખ્ય છે, એમ જાણીને ભક્ષ્ય પદાર્થોને વિષે વિવેક બુદ્ધિવાળો શ્રાવક અનુક્રમે સંસારમાંથી મુક્ત થાય છે.

નિરર્થક પાપમાંથી બચવા માટે શ્રાવકોએ ભોગ અને ઉપભોગોની વસ્તુનું પરિમાણ પણ કરવું જોઈએ. અને તે માટે નીચે જણાવેલ ચૌદ નિયમોને સવાર–સાંજ ધારવા અને સંકેલવાની જરૂર છે.

ચૌદ નિયમની વિગત.

૧ **સચિત્ત**—દિવસમાં જેટલા સંચિત્ત દ્રવ્ય મુખમાં નાંખવા હોય તેની સંખ્યા નક્કી કરવી.

૨ **દ્રવ્ય**—જુદા જુદા નામવાલી અને સ્વાદવાલી જેટલી ચીજો ખાવી હોય તેની સંખ્યા ધારવી.

૩ **વિગય**—ઘી, ગોળ, દૂધ, દહીં, તેલ અને કડા એ છ વિગયમાંથી નિરંતર એક વિગયનો (મૂળથી અથવા કાચીનો) ત્યાગ કરવો.

૪ **ઉપાનહ**—જોડા, ચંપલ, મોજા, પાવડી વિગેરેની સંખ્યા ધારવી.

૫ **તંબોલ**—સોપારી, એલચી વિગેરે મુખવાસ ખાવાનું માપ ધારવું.

૬ **વસ્ત્ર**—દિવસમાં અમુક વસ્ત્ર પહેરવાની સંખ્યા ધારવી.

૭ **કુસુમ**—સુંઘવાની વસ્તુનું વજન ધારવું.

૮ **વાહન**—ગાડી, ઘોડા, ઉંટ, મોટર, ટ્રેઈન, ટ્રામ, બસ, આદિ વાહનોમાં બેસવાની સંખ્યા ધારવી.

૯ **શયન**—શૈય્યા, આસન, ગાદી ઉપર બેસવાની સંખ્યાનું માપ ધારવું.

૧૦ **વિલેપન**—શરીરે વિલેપન કરવાની વસ્તુનું માપ કરવું.

૧૧ **બ્રહ્મચર્ય**—યથાશક્તિ તે વિષે નિયમ ધારવો.

૧૨ **દિશિ**—દશે દિશામાં જવાની મર્યાદા બાંધવી.

૧૩ **સ્નાન**—સ્નાનની ગણતરી કરવી.

૧૪ **ભાતપાણી**—ભોજન પાણીનું વજન ધારવું.

પૃથ્વીકાય—માટી, ખારો, ચાક, મીઠું, આદિ વાપરવાનું પરિમાણ ધારવું.

અપ્પકાય—પાણી પીવાનું તથા વાપરવાનું વજન ધારવું.

તેઉકાય—ચુલા, દીવાનું પરિમાણ કરવું.

વાઉકાય—પંખા, હીંડોલા, વિગેરેનું પરિમાણ કરવું.

વનસ્પતિ—ઉપયોગમાં આવતી લીલોતરીનું નામથી તથા તોલથી પરિમાણ કરવું.

અસિ—સોય, કાતર, સુડી, આદિ વાપરવાની સંખ્યાનું પરિમાણ કરવું.

મસી-ખડીયા, કલમ વગેરે વાપરવાની સંખ્યા ધારવી.

કૃષિ—હળ, કુહાડા, પાવડી, કોસ વિગેરે વાપરવાની સંખ્યાનું પરિમાણ કરવું.

જગતમાં ખાવાની, પીવાની, ઓઢવાની અને વાપરવાની અનેક ચીજો છે. તે સમસ્ત વસ્તુઓનો ભોગવટો આપણે એકી સાથે કરતા નથી અને કરી શકવાના પણ નથી. છતાં પણ પચ્ચખ્ખાણ (પ્રતિજ્ઞા) ના અભાવે તે વસ્તુ ઉપર આપણી ઇચ્છાઓ ચોંટેલી જ રહે છે. એટલે તે ઇચ્છાઓદ્વારા આપણો આત્મા તે તે વસ્તુઓને નહિ ભોગવવા છતાં પાપને ઉપાર્જન કર્યા કરે છે. અર્થાત્ નાહકમાં તે પાપોથી આત્મા લેપાય છે. એટલે તે સમસ્ત પાપોમાંથી મુક્ત થવા માટે દરેક શ્રાવક શ્રાવિકાએ ઉપર જણાવેલ નિયમોનું હંમેશ પાલન કરવું જોઈએ. તે જ મુજબ પંદર કર્માદાનોના વ્યાપારોનો પણ ત્યાગ કરવો અત્યંત જરૂરી છે. એક આત્મા કાંઈ પંદરે જાતના વ્યાપાર કરતો નથી. છતાં તેનો ત્યાગ નહિ હોવાથી તે પાપોનો ચોટલો પણ નાહક આપણા આત્મા ઉપર ચડાવીએ છીએ.

માટે ભયંકર પાપવાલા વ્યાપારોનો સમજુ શ્રાવકોએ ત્યાગ કરવો જરૂરી છે.

ત્યાગ કરવા લાયક પંદર કર્માદાનો.

૧ **અંગાર કર્મ**—ચુનો, ઇંટ, નલીયાં, વિગેરે પકાવવાનો વ્યાપાર કરવો નહિ.

૨ **વન કર્મ**—જંગલ કાપવાનો, ફુલ, શાક, લાકડા વિગેરે વનસ્પતિનો વ્યાપાર કરવો નહિ.

૩ **શકટ કર્મ**—ગાડા, હળ પ્રમુખ તૈયાર કરી વેચવા નહિ.

૪ **ભાટક કર્મ**—ગાડી, ઘોડા વિગેરે ભાડે ફેરવવા નહિ.

૫ **સ્ફોટક કર્મ**—સુરંગ ફોડાવવી નહિ, ખાણ ખોદાવવી નહિ, ક્ષેત્ર કુવા વાવ ખોદાવવાનો ધંધો કરવો નહિ.

૬ **દંત વાણિજ્ય**—હાથીદાંત વિગેરેનો વ્યાપાર કરવો નહિ.

૭ **લાક્ષ વાણિજ્ય**—લાખ વિગેરેનો વ્યાપાર કરવો નહિ.

૮ **રસ વાણિજ્ય**—મધ, મદીરા, માંસ, માખણ, વિગેરેનો વ્યાપાર કરવો નહિ.

૯ **વિષ વાણિજ્ય**—અફીણ, સોમલ, કે વચ્છનાગ આદિ ઝેરનો વ્યાપાર કરવો નહિ.

૧૦ કેશ વાણિજ્ય—પશુ પંખીના વાળ-પીંછા વિગેરેનો વ્યાપાર કરવો નહિ.

૧૧ યંત્ર પીલણ—મીલ, જીન, સંચા, ઘંટી, ઘાણી, વિગેરેનો વ્યાપાર કરવો નહિ

૧૨ નિર્લાંછન કર્મ—બળદ, ઘોડા, વિગેરેને નપુંસક કરવા નહિ. તથા તેમનાં નાક, કાન આદિ અંગોપાંગ છેદવાનો વ્યાપાર કરવો નહિ

૧૩ દવદાન કર્મ—વનમાં, સીમમાં કોઈપણ જગ્યાએ અગ્નિદાહ મૂકવો નહિ.

૧૪ જળ શોષણ કર્મ—સરોવર તળાવ વિગેરેના પાણી સૂકાવી નાંખવા નહિ.

૧૫ અસતી પોષણ-રમતને ખાતર કુતરા-બીલાડા, મેના, પોપટ વિગેરે પાળવા નહિ તથા વ્યાપાર નિમિત્તે અસતી સ્ત્રી વેશ્યાદિકને પોષવી નહિ.

અનર્થદંડ વિરમણ. (ત્રીજું ગુણ વ્રત)

નાહકમાં વિના સ્વાર્થે જેમાં આપણને કશો લાભ થતો ન હોય એવી ક્રિયાઓ કરી આત્માને દંડવો એનું નામ અનર્થદંડ કહેવાય છે. શાસ્ત્રકારોએ અનર્થદંડના ચાર પ્રકાર બતાવ્યા છે. અપધ્યાન, પાપોપદેશ, હિંસ્રપ્રદાન અને પ્રમાદાચરણ.

૧ અપધ્યાન-વૈરીનો ઘાત કરૂં, રાજા થાઉં, ગામ નગર વિગેરેને સળગાવી દઉં, વિગેરે ખરાબ ધ્યાન કરવા

અર્થાત્ આર્ત રૌદ્ર ધ્યાન કરવા તે અપધ્યાન કહેવાય. આવું અપધ્યાન કરવું નહિ.

૨ **પાપોપદેશ**–જે સૂચના સલાહ કે શિખામણ આપવાથી અન્યને આરંભ સમારંભ કરવાની પ્રેરણા મળે તે પાપોપદેશ. જેમકે–બળદોને દમન કરો, ઘોડાઓને ષંઢ (નપુંસક) કરો, વૈરીઓનું નિકંદન કાઢો, શસ્ત્ર અસ્ત્રને તેજ કરો, વિગેરે કહેવું તે અનર્થદંડ છે.

જેની જવાંબદારી પોતાના માથે નથી તેવાઓને આવા શબ્દો કહેવા તે પાપોપદેશ છે.

૩ **હિંસ્રપ્રદાન**–ગાડું, હળ, શસ્ત્ર, અગ્નિ, સાંબેલું, ખાંડણિયો, વગેરે હિંસામાં કારણભૂત વસ્તુઓ દયાળુ શ્રાવકે, વગર પ્રયોજને બુદ્ધિનું ડહાપણ વાપરવા કે લોકમાં સારા થવા માટે બીજાને ન આપવી.

૪ **પ્રમાદાચરણ**–કુતૂહલથી ગીત, નાચ અને નાટક વિગેરે જોવાં નહિ, વિકાર પોષક કામશાસ્ત્રમાં આસક્તિ રાખવી નહિ, જુગાર અને મદિરાદિનું સેવન કરવું નહિ, જળક્રિયા, હિંડોળા વગેરેની ક્રીડા અને આપસમાં જનાવરોનાં યુદ્ધ કરાવવાં નહિ. દુશ્મનના પુત્ર પરિવાર ઉપર વર વાળવું નહિ, ખાનપાન સંબંધી, સ્ત્રી સંબંધી, દેશ સંબંધી તથા રાજ્ય સંબંધી નિરર્થક ચર્ચા કરવી નહિ. રોગ અને રસ્તાના પરિશ્રમ વિના આખીરાત સુઈ રહેવું નહિ તેમજ શ્રી જિને-

શ્વર ભગવાનના મંદિરની અંદર વિલાસ, હાસ્ય, થુંકવું, નિદ્રા તથા કજીઓ, કરવો નહિ, તેમજ પરસ્ત્રી વિગેરેની દુષ્કથા અને ચાર પ્રકારના આહારનો પણ જિનમંદિરમાં ત્યાગ કરવો.

કારણ કે ઉપર જણાવ્યું એ બધું પ્રમાદાચરણ હોવાથી તજવા લાયક છે.

ચાર શિક્ષા વ્રતો.

૧ સામાયિક વ્રત.

આર્ત અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરી, તેમજ માનસિક વાચિક તથા કાયિક પાપકર્મોનો ત્યાગ કરી, મુહૂર્ત પર્યન્ત સમતા ધારણ કરવી તેનું નામ સામાયિક છે. સામાયિકમાં સમ અને આય, એમ બે શબ્દો છે, તેમાં સમ એટલે રાગદ્વેષનો અભાવ અને આય એટલે જ્ઞાનાદિનો લાભ. ટૂંકમાં સમાય એટલે પ્રશમ સુખની પ્રાપ્તિ અને તે માટેનું વ્રત તે સામાયિક વ્રત છે. જ્યાંસુધી પ્રાણી સામાયિકમાં રહે છે, ત્યાંસુધી તથા જેટલી વાર સામાયિક કરે તેટલીવાર તે અશુભ કર્મનો નાશ કરે છે. શ્રાવક સામાયિક કરે છે ત્યારે સાધુ જેવો થાય છે માટે ઘણીવાર સામાયિક કરવું જોઈએ. સ્થિર ચિત્તવાળા વ્રતધારી ગૃહસ્થોનાં પણ ચંદ્રાવતંસક રાજાની માફક સંચિત કર્મોનો ક્ષય થઈ જાય છે.

૨ દેશાવકાશિક વ્રત.

દિશાપરિમાણ રૂપ પ્રથમ ગુણવ્રતમાં દશ દિશાઓમાં પ્રવૃત્તિની જે મર્યાદા બાંધવામાં આવે છે, તે જીંદગી ભરની

હોય છે. તે મર્યાદાને દિવસ, રાત્રિ, કે પ્રહર પૂરતી વધુ ટુંકાવવી તેનું નામ દેશાવકાશિક વ્રત છે, આ દેશાવકાશિક વ્રતમાં માત્ર દિશાનું જ પરિમાણ છે એમ નહિ પણ ઉપલક્ષણથી ભોગોપભોગ વ્રતોના પણ સંક્ષેપો આ વ્રતમાં કરવામાં આવે છે. તે સર્વને દેશાવકાશિક કહે છે.

૩ પૌષધ વ્રત.

અષ્ટમી ચતુર્દશી આદિ ચાર પર્વમાં ઉપવાસાદિ તપ કરવો, પાપવાળા સદોષ વ્યાપારનો ત્યાગ કરવો, બ્રહ્મચર્ય પાળવું અને સ્નાનાદિ શરીરના સંસ્કારોનો ત્યાગ કરવો એમ પૌષધ વ્રત ચાર પ્રકારનું છે. ધર્મનું પોષણ કરે તે પૌષધ. આ ચારે પ્રકારના પૌષધ સર્વથી અને દેશથી એમ બે પ્રકારે થાય છે. તેમાં પૂર્વાચાર્યોની પરંપરાએ હાલમાં આહાર પૌષધ સર્વથી અને દેશથી તથા બાકીના પૌષધ સર્વથી જ થાય છે. આહાર પૌષધમાં ચઉવિહાર ઉપવાસ તે સર્વ પૌષધ છે. અને તિવિહાર ઉપવાસ, આયંબિલ, નિવ્વિ; એકાસણું વગેરે દેશ પૌષધ છે, અન્યવ્રતોની અપેક્ષાએ આ વ્રતમાં ત્યાગની તાલીમ વિશેષ મળે છે, સાધુ જીવનની પવિત્રતાનો આંશિક પરિચય થાય છે, કારણ કે તેથી યાવજ્જીવનું નહિ તો પણ ચાર પ્રહર કે આઠ પ્રહરની મર્યાદાવાળું સામાયિકનું જ આચરણ થાય છે.

ગૃહસ્થપણામાં રહીને પણ દુઃખે કરીને પાળી શકાય એવું પવિત્ર પૌષધ વ્રત જે પાળે છે, તે ચુલનીપિતાની પેઠે ધન્યવાદને પાત્ર છે.

૪ અતિથિ સંવિભાગ વ્રત.

અન્ન, પાણી, આદિ ચાર પ્રકારનો આહાર, પાત્રો, વસ્ત્ર, અને રહેવા માટે મુકામ અતિથિઓને–સાધુઓને આપવું તે **અતિથિસંવિભાગ** નામનું વ્રત છે.

હંમેશા જે સત્ પ્રવૃત્તિમાં જ લયલીન હોય છે, તે અતિથિ કહેવાય છે. અને સંવિભાગ એટલે પોતાને માટે તૈયાર કરેલા શુદ્ધ, નિર્દોષ, ખાન, પાન વસ્ત્ર ઔષધ વિગેરે દેશ, કાલ, શ્રદ્ધા, સત્કાર, ક્રમ, પાત્ર, વગેરેને ધ્યાનમાં લઈને ઉચ્ચ પ્રકારની ભકિત વડે કેવળ આત્મ કલ્યાણની બુદ્ધિથી પંચ મહાવ્રતધારી મુનિરાજને દાન આપવું તે અતિથિસંવિભાગ કહેવાય છે. સંયમનું તથા શરીરનું રક્ષણ કરવા માટે તથા શીત, તાપ, ડાંસ, મચ્છરાદિના ઉપદ્રવને દૂર કરવા માટે સાધુઓને વસ્ત્ર દાન આપવાની જરૂર છે. તે સિવાય ધર્મ ધ્યાનમાં સ્થિરતા રહી શકતી નથી. તેજ પ્રમાંણે રહેવાને મુકામની પણ જરૂર છે. પાત્ર સિવાય અન્ન પાણી લેવામાં અને આહાર કરવામાં અડચણ પડે છે, માટે પાત્ર દાનની જરૂર છે. ચાર પ્રકારમાંથી કોઈપણ જાતનું દાન આપવું, તે ભવ સમુદ્રમાંથી તારનારૂં બને છે. ઉત્તમ મુનિને દાન આપવાના પ્રભાવથી સંગમક નામનો વાછરડાંને પાળવાવાળો (શાલીભદ્રના પૂર્વ ભવનો જીવ) ચમત્કાર ઉત્પન્ન કરે તેટલી સંપત્તિ પામ્યો હતો.

બાર વ્રતોમાં લાગતા અતિચારોનો ત્યાગ કરવો.

અતિચારવાળાં વ્રતો કલ્યાણને માટે થતાં નથી. માટે દરેક વ્રતમાં લાગતાં અતિચારો તજવા જોઈએ. અતિચારોની વિસ્તૃત હકીકત બીજા ગ્રન્થોથી અથવા ગુરુગમથી જાણી લેવી. અહીં તો વ્રતોમાં લાગતા અતિચારોથી બચવા માટે કયાં કયાં સાવધાની રાખવાની જરૂર છે, તેનો ટુંકસાર રજુ કરીએ છીએ.

વ્રતોના અતિચારોથી બચવાના ઉપાયો.

ક્રોધથી મનુષ્ય અથવા પશુઓને સખત બંધને બાંધવા નહિ. કોઈ પ્રાણીના અંગોપાગ છેદવા નહિ. પ્રાણીઓ પાસેથી ગજા ઉપરાંત કામ લેવું નહિ. મતલબ કે ઢોર, મજૂર, નોકર, ચાકર, વિગેરે પાસેથી દયા ધર્મ ન હણાય તે રીતે કામ લેવું. પ્રાણીઓના મર્મસ્થાનાદિમાં પ્રહાર કરવો નહિ. પ્રાણીઓને ભૂખ્યાં તરસ્યાં રાખવાં નહિ. બીજાને દુઃખ થાય તેવો પાપકારી ઉપદેશ આપવો નહિ. વિચાર કર્યા સિવાય કે અભિપ્રાય જાણ્યા વિનાં એકાએક કોઈને 'તું ચોર છે' 'વ્યભિચારી છે' એવો ખોટો આરોપ બીજા ઉપર મૂકવો નહિં. બીજાની ખાનગી વાત અનુમાનથી જાણી પ્રગટ કરવી નહિં. અંદરો અંદર પ્રીતિ તૂટી જાય તેવી ચાડી ખાવી નહિ સ્ત્રી અથવા મિત્રની ગુપ્તવાત ઉઘાડી પાડવી નહિ. ખોટું નામું લખવું નહિ. ખોટી સલાહ આપવી નહિ. લોકોને ખોટે રસ્તે દોરી જનારાં જૂઠાં ભાષણો કરવાં નહિ. કોઈને ચોરી કરવા પ્રેરણા આપવી

નહિ. ચોરીનો માલ ખરીદવો નહિ. રાજ્યના હિતમાં થયેલ કાયદાઓનું ઉલ્લઘંન કરવું નહિ. દાણચોરી કરવી નહિ. માલમાં કોઈપણ પ્રકારની ભેળસેળ કરવી નહિ. ખોટાં તોલ કે ખોટાં માપ રાખવાં નહિ. કામભોગ સંબંધી તીવ્ર અભિલાષા રાખવી નહિ. લાજ મર્યાદાનો ભંગ કરનારૂં વર્તન કરવું નહિ.લીધેલા પરિગ્રહ પરિમાણનો આશય ઘવાય તેવી રીતે સંખ્યા, તોલ, કે ભાવ આંકવામાં ગરબડ કરવી નહિ. કોઈપણ દિશામાં જવાનું જેટલું પ્રમાણ સ્વીકાર્યું હોય તેનું ઉલ્લંઘન કરવું નહિ. અભક્ષ્ય અનંતકાયનો ત્યાગ કરવો. પંદર કર્માદાનનો તથા કષાય,પારધી વિગેરેને પોષવાનો ધંધો કરવો નહિ. હળ, ખાંડણી, સાંબેલું, અગ્નિ, વિગેરે પાપનાં સાધનો બને ત્યાસુધી બીજાને ન આપવાં. પ્રમાણથી અધિક ઉપભોગની વસ્તુ ન રાખવી. અતિ વાચળપણું ન રાખવું, મર્મભેદી વચનો ન બોલવાં, બીજા હસે અને આપણી ઠેકડી થાય તેવી ભાંડ જેવી ચેષ્ટાઓ ન કરવી. કામ ચેષ્ટા એટલે આંખના કટાક્ષ વિગેરે ન કરવાં. મન, વચન અને કાયાને નિષ્પાપ બનાવવાનો પ્રયત્ન કરવો. તે માટે રોજ ઓછામાં ઓછી બે ઘડીવાળું ૪૮ મિનિટ પર્યન્તનું સામાયિક નામનું અનુષ્ઠાન કરવું. ઓછામાં ઓછી જરૂરીઆતથી રહેતાં શીખવું. સાંસારિક પ્રવૃત્તિઓની મર્યાદા કરવી. પર્વ દિવસે સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરી, પવિત્ર સ્થાનમાં ધર્મ ધ્યાન કરવા માટે પૌષધ કરવો. સાધુ સાધ્વીને અતિથિ માનીને તેમને શુદ્ધ આહાર પાણી વહોરાવવાં. તથા બીજી

પણ ધર્મસાધક જરૂરી વસ્તુઓનું દાન આપવું તથા તેમની અને તેટલી શુદ્ધ હૃદયથી સેવા ભક્તિ કરવી.

આ રીતે જીવનનું ઘડતર કરવાથી મનુષ્ય પોતાનો વ્યક્તિગત વિકાસ સાધી શકે છે. ઉપરાંત સામાજિક ધોરણ પણ ઉંચું આવે છે, એથી રાષ્ટ્રનું નૈતિક ધોરણ પણ ઉંચે ચડી શકે છે. ખરી રીતે તો એક જીવની શુભ કરણીની અસર સમગ્ર બ્રહ્માંડ ઉપર પડે છે. અણુવ્રતનું આચરણ એ જીવનને નિષ્પાપ બનાવવાની કળા છે. અભ્યાસમાં આગળ વધતાં ધીમે ધીમે મહાવ્રતી પણ બની શકાય છે. જે માણસ સર્વથા નિષ્પાપ બને છે, તે સમગ્ર વિશ્વના જીવોને અભય દાન આપનારો મહાન દાતાર બને છે.

મહાશ્રાવક.

અતિચાર વિનાના બાર વ્રતોનું આચરણ કરનાર અને ભક્તિ પૂર્વક શ્રી જિનમૂર્તિ, જિનમંદિર, જિનાગમ, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપી સાત ક્ષેત્રોમાં પોતાનું ધન વાપરનાર તેમજ દીન, દુઃખી, રોગી, વગેરેને કરૂણાપૂર્વક દાન આપનારો ગૃહસ્થ મહાશ્રાવક કહેવાય છે.

જે માણસ પાસે ધન વિદ્યમાન હોય છતાં તે ઉત્તમ ક્ષેત્રોમાં ખરચી શકતો નથી, તે મનુષ્ય ઉત્તમ ચારિત્ર ધર્મને આચરવા સમર્થ થઈ શકતો નથી. એમાં હેતુ એ છે કે ધન તો બાહ્ય પદાર્થ છે, વળી તે અનિત્ય છે અને અનેક અનર્થોની ખાણ સ્વરૂપ છે, એવી તુચ્છ વસ્તુનો પણ જે

ત્યાગ કરી શકે નહિ, તે માણસ અત્યંત કાયર ગણાય. અને એવો નિઃસત્ત્વ માણસ દુષ્કર એવા ચારિત્ર ધર્મને પાળવા માટે કેવી રીતે સમર્થ બની શકે? અર્થાત્ ચારિત્ર પાળવા સમર્થ બની શકતો નથી. કારણ કે ચારિત્રમાં તો પોતાનું સર્વસ્વ બાહ્ય અને અભ્યંતર જે કંઈ છે તે તમામનો ત્યાગ કરવાનો છે. સ્વપણાને તથા પોતાની માન્યતાઓને પણ છોડીને કેવળ ગુરૂને સમર્પિત રહેવાનું છે. જેનામાં સ્થૂલ ત્યાગ કરવા જેટલી પણ ઉદારતા નથી, તે અંતરંગ સૂક્ષ્મ ત્યાગ શી રીતે કરી શકવાનો હતો? તાત્પર્ય એ છે કે શકિત અનુસાર જે બાહ્ય ઉચિત દાન કરે છે, તે જ ઉત્તમ યોગના સાચા અધિકારી છે. કૃપણ માણસોને કયાંય અધિકાર મળતો નથી. અને કદાચ મળી જાય તો પણ તેમાં સફળતા થતી નથી. માટે જ જીવનમાં ઉદારતા કેળવવા માટે હંમેશાં કંઈને કંઈ દાન ધર્મનું આચરણ કરવું જરૂરી છે. ઔદાર્ય ગુણ અનેક ગુણોની ખાણ છે, ઉદાર પુરૂષો સળગતી અગરબત્તી જેવા હોય છે. તેઓ પોતે બળીને પણ બીજા અનેકને સુગંધ આપે છે. અને આસપાસના વાતાવરણને પણ મઘમઘાયમાન બનાવે છે. એવા ઉદાર શ્રાવકો જ પોતાના જીવનની પવિત્રતાથી અને ઉદારતાથી વિશ્વમાં જૈન શાસનનો પ્રભાવ વિસ્તારે છે.

પ્રકરણ છઠ્ઠું.

શ્રાવકની દિનચર્યા.

શ્રી નમસ્કાર મહામંત્ર.

યોગશાસ્ત્રમાં શ્રાવકની દિનચર્યામાં સૌથી પ્રથમ કર્તવ્ય તરીકે શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવાનું ફરમાવ્યું છેઃ–

'ब्राह्मे मुहूर्ते उत्तिष्ठेत्, परमेष्ठिस्तुतिं पठन् ।'

અર્થાત્ સવારમાં બ્રાહ્મ મુહૂર્તમાં ઉઠવું. નિદ્રાનો ત્યાગ કરી પરમમંગળને અર્થે શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવું.

અન્યત્ર પણ કહ્યું છે કે "નિદ્રા કરી જાગેલો આત્મા મનમાં શ્રી નવકાર મંત્રને ગણતો શય્યા મૂકે. ભૂમિ ઉપર ઉભો રહી અથવા સુખપૂર્વક બેસી શકાય તેવા આસને બેસી પૂર્વ, ઉત્તર અથવા જે દિશામાં જિનપ્રતિમા હોય તે દિશા તરફ મુખ કરે અને ચિત્તની એકાગ્રતા માટે **કમલબંધથી** અથવા **હસ્તજાપાદિથી** શ્રી નવકાર મંત્રને ગણે."

જાગ્યા પછી સૌથી પ્રથમ શ્રી નવકાર મંત્રનું સ્મરણ કરવાનું આ વિધાન એમ બતાવે છે કે શ્રી નમસ્કાર મહામંત્રની આરાધના એ શ્રેષ્ઠ માનવજીવનમાં એક મુખ્ય અને અતિ મહત્ત્વની ક્રિયા છે. અહીં પ્રથમ મૂલમંત્ર જણાવી પછી તે સંબંધી પ્રયોજન ભૂત ઉપયોગી હકીકત જણાવીએ છીએ.

श्री पंचपरमेष्ठि नमस्कार महामंत्र.

नमो अरिहंताणं ॥ १ ॥

नमो सिद्धाणं ॥ २ ॥

नमो आयरियाणं ॥ ३ ॥

नमो उवज्झायाणं ॥ ४ ॥

नमो लोए सव्वसाहूणं ॥ ५ ॥

एसो पंचनमुक्कारो ॥ ६ ॥

सव्वपावप्पणासणो ॥ ७ ॥

मंगलाणं च सव्वेसिं ॥ ८ ॥

पढमं हवइ मंगलं ॥ ९ ॥

નવકાર જાપ માટેની પૂર્વ ભૂમિકા

મકાનનો પાયો બરાબર મજબૂત હોય તો જ મકાન સ્થિર ટકી શકે અને તેમાં વસનારા મનુષ્યો નિર્ભયપણે વસવાટ કરી શકે. તેજ રીતિએ નમસ્કાર મહામંત્રના જાપમાં ચિત્તની સ્થિરતા કરવા માટે તેના પાયાના ગુણોને બરાબર દૃઢ બનાવવા પ્રયત્ન કરવો જોઈએ. એટલે કે પાયાના ગુણોને બરાબર સમજી વિચારી તેને જીવનમાં ઉતારવા અહર્નિશ પ્રયત્ન કરવો જરૂરી છે. જો એ પ્રમાણે વિધિપૂર્વક મહામંત્રનો જાપ કરવામાં આવે, તો મહામંત્રના જાપનો મહિમા શાસ્ત્રોમાં જે રીતિએ વર્ણવવામાં આવ્યો છે, તેનો ક્રમશઃ અનુભવ થયા વિના ન રહે. જાપની પૂર્વે 'પૂર્વસેવા' તરીકે કરવાની કેટલીક હકીકત અહીં સંક્ષેપમાં વિચારીએ.

શ્રી નવકારના જાપમાં પ્રગતિ ઈચ્છનાર સાધક માટે જાપની શરૂઆત કરતાં પહેલાં નવકાર મહામંત્રના મહિમાવાળા થોડાક પસંદગીના શ્લોકો દ્વારા નમસ્કાર મહામંત્રનો મહિમા હૃદયમાં સ્થાપિત કરવો જરૂરી છે. તે માટે શ્રી નમસ્કાર મહામંત્રના મહિમાગર્ભિત સ્તોત્રોમાંથી પોતાની રૂચિ મુજબ પસંદ કરી તેને કંઠસ્થ કરી લેવા. તેનો અર્થ પણ ધારી લેવો, અને જાપની શરૂઆત કરતાં પહેલાં શુભ ભાવનાથી ભાવિત હૃદયવાળા થઈને શાન્ત ચિત્તે અર્થની વિચારણાપૂર્વક તે શ્લોકોને સુમધુર રીતિએ બોલવા. નમુના માટેના થોડાંક પદ્યો અહીં જોઈએ.

શ્રી નમસ્કાર મહામંત્ર મહિમા ગર્ભિત શ્લોકો.

धन्नोहं जेण मए, अणोरपारम्मि भवसमुद्दम्मि ।
पंचण्ह नमुक्कारो, अचिंतामणी पत्तो ॥ १ ॥

—હું ધન્ય છું કે મને અનાદિ અનંત ભવસમુદ્રમાં અચિન્ત્ય ચિંતામણિ એવો પંચ પરમેષ્ઠિઓનો નમસ્કાર પ્રાપ્ત થયો.

जिणसासणस्स सारो, चउद्सपुव्वाण जो समुद्धारो ।
जस्स मणे नवकारो, संसारो तस्स किं कुणइ? ॥ २ ॥

—નવકાર એ જિન શાસનનો સાર છે, ચઉદ પૂર્વનો સમ્યગ્ ઉદ્ધાર છે. નવકાર જેના મનને વિષે સ્થિર છે, તેને સંસાર શું કરે ? અર્થાત્ કાંઈ પણ કરવા સમર્થ નથી.

सेयाणं परं सेयं, मंगल्लाणं च परमसंगल्लं ।
पुन्नाणं परमपुन्नं, फलं फलाणं परमरम्मं ॥ ३ ॥

—નવકાર એ સર્વ શ્રેયોમાં પરમ શ્રેય છે, સર્વ માંગલિકને વિષે પરમ માંગલિક છે, સર્વ પુણ્યોને વિષે પરમ પુણ્ય છે અને સર્વ ફલોને વિષે પરમ રમ્ય ફળ છે.

थंभेइ जलं जलणं, चिंतियमित्तोवि पंचनवकारो ।
अरिमारिचोरराउलघोरु-वसग्गं पणासेइ ॥ ४ ॥

—પંચ નવકાર ચિંતવવા માત્રથી પણ જલ અને અગ્નિને થંભાવી દે છે. તથા અરિ, મારિ, ચોર અને રાજાઓના ઘોર ઉપસર્ગોનો સંપૂર્ણપણે નાશ કરે છે.

हरइ दुहं कुणइ सुहं, जणइ जसं सोसए भवसमुद्दं ।
इहलोयपारलोइय-सुहाण मूलं नमुक्कारो ॥ ५ ॥

—શ્રી નમસ્કાર મહામંત્ર દુઃખને હરે છે, સુખને કરે છે, યશને ઉત્પન્ન કરે છે, ભવસમુદ્રને શોષવે છે, તથા આ નમસ્કાર આ લોક અને પરલોકનાં સઘળાં સુખોનું મૂળ છે.

नवकार-एक-अक्खर, पावं फेडेइ सत्तअयराणं ।
पन्नासं च पएणं, सागर-पणसय-समग्गेणं ॥ ६ ॥

—શ્રી નવકાર મંત્રનો એક અક્ષર સાત સાગરોપમનું પાપ નાશ કરે છે, શ્રી નવકાર મંત્રના એક પદ વડે પચાસ સાગરોપમનું પાપ નાશ પામે છે અને સમગ્ર નવકાર વડે પાંચસો સાગરોપમનું પાપ નાશ પામે છે.

जो गुणइ लक्खमेगं, पूएइ विहीइ जिणनमुक्कारं ।
तित्थयर-नामगोअं, सो बंधइ नत्थि संदेहो ॥ ७ ॥

—જે એક લાખ વાર નવકારને વિધિપૂર્વક ગણે છે; તે શ્રી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે. તેમાં જરા પણ સંદેહ નથી.

इक्कोवि नमुक्कारो, परमेट्ठीणं पगिट्ठभावाओ ।
सयलं किलेसजालं, जलं व पवणो पणुल्लेइ ॥ ८ ॥

—પ્રકૃષ્ટ ભાવથી પરમેષ્ઠિઓને કરેલો એક પણ નમસ્કાર, પવન જેમ જલને શોષવી નાખે, તેમ સકલ ક્લેશજાળને છેદી નાખે છે.

पंचनमुक्कारेण समं, अंते वच्चंति जस्स दस पाणा ।
सो जइ न जाइ मुक्खं, अवस्स वेमाणिओ होइ ॥ ९ ॥

—અંત સમયે જેના દશ પ્રાણો પંચ નમસ્કારની સાથે જાય છે, તે મોક્ષને ન પામે તો પણ વૈમાનિક અવશ્ય થાય છે. અર્થાત્ વિમાનાધિપતિ દેવ થાય છે.

जे केइ गया मुक्खं, गच्छंति य केवि कम्ममलमुक्का ।
ते सव्वे च्चिय जाणसु, जिणनवकारप्पभावेणं ॥ १० ॥

—જે કોઈ મોક્ષે ગયા છે, અને જે કોઈ કર્મમલથી રહિત બનીને મોક્ષે જાય છે, તે સર્વે પણ શ્રીજિન-નવકારના જ પ્રભાવે છે, એમ જાણો.

एसो मंगलनिलओ भवविलओ सयलसंघ-सुहजणओ ।
नवकार परममंतो चिंतियमित्तो सुहं देइ ॥ ११ ॥

અર્થ:—પરમ મંત્ર રૂપ આ નવકાર મંગલનું ઘર છે, તે સંસારનો વિલય કરનાર છે, સકલ સંઘને સુખ ઉપજાવનાર છે અને ચિંતવવા માત્રથી સુખને દેનારો થાય છે.

पणव-हरिया-रिहा, इह मंतह बीआणि सप्पहावाणि ।
सव्वेसिं तेसिं मूलो, इक्को नवकारवरमंतो ॥ १२ ॥

અર્થ:—પ્રણવ એટલે ૐકાર, માયા એટલે ह्रींकार

અને અર્હં વગેરે પ્રભાવશાળી મંત્ર બીજો છે, તે સર્વનું મૂળ એક પ્રવર નવકારમંત્ર છે. અર્થાત્ ૐ હ્રીં અર્હં વગેરે મંત્ર બીજોના મૂળમાં શ્રી નવકાર મંત્ર રહેલો છે.

तात्र न जायइ चित्तेण, चिंतियं पत्थिअं च वायाए ।
काएण समाढत्तं, जाव न सरिओ नमुक्कारो ॥ १३ ॥

—ચિત્તથી ચિંતવેલું, વચનથી પ્રાર્થેલું અને કાયાથી આરંભેલું કાર્ય ત્યાં સુધી જ સિદ્ધ થતું નથી, કે જ્યાં સુધી શ્રીપંચપરમેષ્ઠિ-નમસ્કારને સ્મરવામાં નથી આવ્યો.

भोअणसमए सयणे, विबोहणे पवेसणे भए वसणे ।
पंचनमुक्कारं खलु, समरिज्जा सव्वकालम्मि ॥ १४ ॥

—ભોજન સમયે, શયન સમયે, જાગવાના સમયે, પ્રવેશ સમયે, ભય વખતે, કષ્ટ વખતે, એમ સર્વ સમયે ખરેખર ! પંચ-નમસ્કારને સ્મરવો જોઈએ.

जं किंचि परमतत्तं, परमपयकारणं च जं किंचि ।
तत्थ वि सो नवकारो, झाइज्जइ परमजोगिहिं ॥ १५ ॥

—જે કાંઈ પરમતત્ત્વ છે અને જે કાંઈ પરમપદનું કારણ છે, તેમાં પણ આ નવકારજ પરમયોગિઓ વડે વિચારાય છે.

एनमेव महामन्त्रं, समाराध्येह योगिनः ।
त्रिलोक्यापि महीयन्ते-ऽधिगताः परमां श्रियम् ॥ १६ ॥

—યોગી પુરુષો આજ નવકારમંત્રનું સમ્યગ્ રીતિએ આરાધન કરીને પરમ લક્ષ્મીને પામી ત્રણે લોકવડે પૂજાય છે.

कृत्वा पापसहस्राणि, हत्वा जन्तुशतानि च ।
अमुं मन्त्रं समाराध्य, तिर्यञ्चोपि दिवं गताः ॥ १७ ॥

—હજારો પાપોને કરનારા તથા સેંકડો જંતુઓને હણનારા તિર્યંચો પણ આ મંત્રની સારી રીતિએ આરાધના કરીને સ્વર્ગને પામ્યા છે.

अहो पंचनमस्कारः, कोप्युदारो जगत्सु यः ।
संपदोऽष्टौ स्वयं धत्ते, दत्तेऽनन्तास्तु ताः सताम् ॥१८॥

—અહો ! આ જગતમાં પંચ નમસ્કાર કોઈ વિશિષ્ટ ઉદાર છે, કે જે પોતે આઠ જ સંપદાને ધારણ કરે છે, છતાં સત્પુરુષોને તે અનંત સંપદાઓને આપે છે.

त्वं मे माता पिता नेता, देवो धर्मो गुरुः परः ।
प्राणाः स्वर्गोऽपवर्गश्च, सत्त्वं तत्त्वं मतिर्गतिः ॥ १९ ॥

—તું મારે ઉત્કૃષ્ટ માતા છે, પિતા છે, નેતા છે, દેવ છે, ધર્મ છે, ગુરુ છે, પ્રાણ છે, સ્વર્ગ છે, અપવર્ગ છે, સત્ત્વ છે, તત્ત્વ છે, મતિ છે, અને ગતિ છે.

मन्त्रं संसारसारं, त्रिजगदनुपमं, सर्वपापारिमन्त्रं,
संसारोच्छेदमन्त्रं, विषमविषहरं, कर्मनिर्मूलमन्त्रम् ।
मन्त्रं सिद्धिप्रदानं, शिवसुखजननं, केवलज्ञानमन्त्रं,
मन्त्रं श्रीजैन-मन्त्रं, जप जप जपितं, जन्मनिर्वाणमन्त्रम्
॥ २० ॥

—મહામંત્ર શ્રી નવકાર એ સંસારમાં સારભૂત મંત્ર

છે, ત્રણ જગતમાં અનુપમ છે, સર્વ પાપોને નાશ કરનાર છે, સંસારનો ઉચ્છેદ કરનાર છે, વિષમ પ્રકારના વિષને હરનાર છે, કર્મને નિર્મૂલ કરનાર છે, સિદ્ધિને પ્રાપ્ત કરાવનાર છે, શિવસુખનું કારણ છે, કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરાવનાર છે. આવા પ્રકારના અદ્‌ભુત સામર્થ્યવાળા પરમેષ્ઠિ મંત્રને હે ભવ્યો તમો વારંવાર જપો. જાપ કરાયેલો આ મંત્ર જન્મ મરણની જંજાળમાંથી જીવોને છોડાવનાર છે

अर्हन्तो भगवन्त इन्द्रमहिताः सिद्धाश्च सिद्धिस्थिताः,
आचार्या जिनशासनोन्नतिकराः पूज्या उपाध्यायकाः ।
श्रीसिद्धान्तसुपाठका मुनिवरा रत्नत्रयाराधकाः,
पञ्चैते परमेष्ठिनः प्रतिदिनं कुर्वन्तु वो मङ्गलम् ॥ २१ ॥

—ઇન્દ્રો વડે પૂજ્ય એવા અરિહંત ભગવંતો, સિદ્ધિ-સ્થાનમાં રહેલા સિદ્ધ ભગવંતો, જિનશાસનની ઉન્નતિ કરનારા પૂજ્ય આચાર્ય ભગવંતો, શ્રી સિદ્ધાન્તને સારી રીતે ભણાવનારા ઉપાધ્યાય ભગવંતો અને રત્નત્રયને ધારણ કરનારા મુનિ મહંતો, એ પાંચે પરમેષ્ઠિઓ પ્રતિદિન તમારું મંગળ કરો. ૨૧

एक ज अक्षर एकचित्त, समर्यां संपत्ति थाय ।
संचित सागर सातनां, पातिक दूर पलाय ॥ २२ ॥

सकल मंत्र शिर मुकुटमणि, सद्‌गुरु भाषित सार ।
सो भवियां मन शुद्धशुं, नित्य जपिये नवकार ॥ २३ ॥

श्री नवकार समो ज़गि, मंत्र न यंत्र न अन्य ।
विद्या नहि औषध नहि, एह जपे ते धन्य ॥
कष्ट टल्यां बहु एहने, जापे तूरत किध्ध ।
एहना बीजनी विद्या, नमि विनमिने सिद्ध ॥ २४ ॥

रतन तणी जेम पेटी, भार अल्प बहु मूल्य ।
चौद पूरवनुं सार छे, मंत्र ए तेहने तूल्य ॥
सकल समय अभ्यंतर, ए पद पंच प्रमाण ।
महसुअ-खंध ते जाणो, चूला सहित सुजाण ॥ २५ ॥

नमस्कार अरिहंतने, वासित जेहनुं चित्त ।
धन्य तेह कृतपुण्य ते, जीवित तास पवित्त ॥
आर्तध्यान तस नवि हुए, नवि हुए दुरगतिवास ।
भवक्षय करतां रे समरतां, लहीए सुकृत उल्लास ॥२६॥

[એજ પ્રમાણે “ નમસ્કાર તે સિદ્ધને ” વિગેરે પદો જોડીને આ ૨૬ મું કાવ્ય પાંચે પરમેષ્ઠિઓ માટે પણ બોલી શકાય છે]

पंच नमस्कार ए सुप्रकाश ।
एहथी होये सवि पाप नाश ॥
सर्व मंगल तणुं एह मूल ।
सुजश विद्या विवेकानुकूल ॥ २७ ॥

अरिहंतादि सुनवह पद, निज मन धरे जो कोइ ।
निश्चय तसु नरसेहरह, मनवांछित फल होइ ॥ २८ ॥

अशुभ करमको हरणकुं, मंत्र बडो नवकार।
वाणी द्वादश अंगमे, देख लीओ तत्त्व सार ॥ २९ ॥

शुभ मानस मानस करी, ध्यान अमृतरस रेलि ।
नवदल श्री नवकार पय, करी कमलासन केलि ॥ ३० ॥

पातक पंक पखालीने, करी संवरनी पाळ।
परमहंस पदवी भजो, छोडी सकल जंजाल ॥ ३१ ॥

रात्रि तणि सुख निद्रा त्यागी, जेवुं मनडुं जागे ।
ध्यान धरो अरिहंत तणुं सौ, तन मनने शुभ लागे ॥३२॥

नमस्कार महामंत्रने, रटतां आतम शुभ रस जागे ।
दिनभरनी शुभ करणी मांहे, जय सुख डंका वागे ॥३३॥

શ્રી નવકાર પ્રત્યે પ્રીતિ જગાડનારાં કાવ્યો અહીં રજુ કરવામાં આવ્યાં છે. નવકારનો ભાવ આપણા હૃદયમાં જગાડવાના અનેક પ્રકારો છે, તેમાંનો આ પણ એક પ્રકાર છે.

હવે સંસ્કૃત અને પ્રાકૃત ભાષાનું જેમને જ્ઞાન નથી, તેવા જીવો પણ દરરોજ ભાવના ભાવી પોતાના અંતરમાં શ્રી નવકાર પ્રત્યે પ્રીતિ જગાડવા ભાગ્યશાળી બને તે માટે અહીં સરળતાપૂર્વક અર્થ સમજી શકાય તેવી રીતે ગદ્યમાં પણ શ્રી નવકારની ભાવના રજુ કરવામાં આવે છે. શ્રી નવકાર મહામંત્ર ગણનારે પોતાના હૃદયમાં કેવા ભાવ રાખવા જોઈએ એ હકીકત આમાંથી જાણવા મળશે.

શ્રી નમસ્કાર ભાવના (ગદ્યમાં)

અહો ! આજે મારો મહાન પુણ્યોદય જાગૃત થયો કે જેથી આ પંચ પરમેષ્ઠિઓને નમસ્કાર કરવાનો મને ભાવોલ્લાસ થયો. આજે હું ભવસમુદ્રના પારને પામ્યો છું. અન્યથા કયાં હું, કયાં આ નવકાર અને કયાં મારો તેની સાથેનો સમાગમ ?

અનાદિકાલથી મારો આત્મા અજ્ઞાનતા આદિના યોગે નિરાધારપણે સંસારમાં રખડી રહ્યો છે. આજે મને પરમ શરણની પ્રાપ્તિ થઈ છે. કારણ કે પંચ પરમેષ્ઠિઓને કરેલો નમસ્કાર એજ સંસારમાં ભટકતા મારા આત્માને પરમ શરણરૂપ છે.

અહો ! શું આ નવકાર એ મહારત્ન છે ? અથવા ચિન્તામણિ સમાન છે ? અથવા કલ્પવૃક્ષ સમાન છે ? નહિ —નહિ ! નવકાર તો તે સૌથી પણ અધિકતર છે. કારણ કે ચિન્તામણિ વગેરે તો એક જ જન્મમાં સુખના હેતુ છે, જ્યારે શ્રેષ્ઠ એવો નવકાર તો સ્વર્ગ અને અપવર્ગને આપનાર છે, મુક્તિ ન થાય ત્યાં સુધી પણ ભવોભવને વિષે સુખને આપનાર છે.

હે આત્મન્ ! ગિરિને મૂળથી ઉખેડવો એ દુર્લભ નથી, દેવલોકનાં સુખો મેળવવાં એ પણ દુર્લભ નથી, દુર્લભ તો ભાવથી નમસ્કારની પ્રાપ્તિ થવી એ છે. કારણ કે મંદ-પુણ્યવાળા જીવોને સંસારમાં કદી પણ નવકારની પ્રાપ્તિ

થતી નથી. આ ભાવનમસ્કાર અસંખ્ય દુઃખોના ક્ષયનું કારણ છે. આલોક અને પરલોકનાં સુખો આપવામાં કામધેનુ-ગાય સમાન છે. માટે હે આત્મન્ ! તું આદરપૂર્વક આ મંત્રને જપ !

હે મિત્ર મન ! સરલભાવે વારંવાર તને પ્રાર્થના પૂર્વક કહું છું કે સંસારસમુદ્રને તરવા માટે જહાજ સમાન આ નમસ્કાર મંત્રને ગણવામાં તું પ્રમાદી થઈશ નહિ. આ ભાવનમસ્કાર ઉત્કૃષ્ટ સર્વોત્તમ તેજ છે, સ્વર્ગ અને મોક્ષનો સાચો માર્ગ છે, તથા દુર્ગતિનો નાશ કરવામાં પ્રલયકાલના પવન સમાન છે. ભવ્ય પુરુષો વડે હંમેશાં ભણાતો, ગણાતો, સંભલાતો, ચિન્તન કરાતો આ નવકારમંત્ર સુખ અને મંગળની પરંપરાનું કારણ છે. ત્રણે જગતની લક્ષ્મી સુલભ છે, અષ્ટ સિદ્ધિઓ સુલભ છે. મહામંત્ર નવકારની પ્રાપ્તિ દુર્લભ છે. માટે હે આત્મન્ ! આ નવકારને પરમ શરણરૂપ માની તેના તરફ અત્યન્ત આદર અને બહુમાન રાખી તદ્દગતચિત્તે તેનું સ્મરણ કર !

મૈત્રી આદિ ભાવનાગર્ભિત શ્લોકો

શ્રી નવકાર મહિમાગર્ભિત કાવ્યો વિગેરેથી ભાવિત થયા બાદ મૈત્રી આદિ ભાવનાથી વાસિત થવું જોઈએ, એ માટે શ્રી નવકારના સાધકને ઉપયોગી એવા મૈત્રી આદિ ભાવનાગર્ભિત શ્લોકો અહીં રજુ કરવામાં આવે છે. તેમાંથી સ્વરૂચિ અનુસાર શ્લોકો પસંદ કરી તેને કંઠસ્થ કરી લેવા, તેનો અર્થ પણ ધારી લેવો. જાપની શરૂઆત પહેલાં અર્થની વિચારણા પૂર્વક તેને સુમધુર રીતે બોલવા અને અંતઃકરણને ભાવિત કરવું.

खामेमि सव्वजीवे, सव्वेजीवा खमंतु मे ।
मित्ती मे सव्वभूएसु, वेरं मज्झ न केणइ ॥ १ ॥

—જગતના સર્વ જીવોને હું ખમાવું છું–તેમની પાસે મારા અપરાધોની માફી માગું છું. સર્વ જીવો મને ક્ષમા આપો, એમ પ્રાર્થું છું, મારે સર્વ જીવોની સાથે મૈત્રી ભાવ છે, કોઈની સાથે મારે વૈર–-વિરોધ નથી. ૧

शिवमस्तु सर्वजगतः, परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखीभवतु लोकः ॥ २ ॥

—જગતના સર્વ જીવોનું કલ્યાણ થાઓ, સર્વ પ્રાણી સમૂહ પારકાનું હિત કરવાની ભાવનાવાળા બનો, સર્વના સર્વ દોષો નાશ પામો અને સર્વત્ર સર્વલોક સુખી થાઓ.૨

मा कार्षीत् कोपि पापानि, मा च भूत् कोपि दुःखितः ।
मुच्यतां जगदप्येषा, मति मैत्री निगद्यते ॥ ३ ॥

—કોઈ પણ પ્રાણી પાપ કરો નહિ, કોઈ પણ જીવ દુઃખી થાઓ નહિ, આ આખું જગત કર્મ બંધનથી મુક્ત થાઓ, આવી બુદ્ધિને **મૈત્રી ભાવના** કહેવાય છે. ૩

अपास्ताशेषदोषाणां, वस्तुतत्त्वावलोकिनाम् ।
गुणेषु पक्षपातो यः, स प्रमोदः प्रकीर्तितः ॥ ४ ॥

—જેમણે સર્વ દોષો દૂર કર્યા છે અને વસ્તુ તત્ત્વને જેઓ (વાસ્તવિક સ્વરૂપમાં) જોઈ રહ્યા છે, તેઓના ગુણો પ્રત્યે પક્ષપાત-સ્વાભાવિક ખેંચાણ થવું તે **પ્રમોદ ભાવના** કહેવાય છે. ૪

दिनेष्वार्तेषु भीतेषु, याचमानेषु जीवितम् ।
प्रतिकारपरा बुद्धिः, कारुण्यमभिधीयते ॥ ५ ॥

—દીન, દુઃખી, ભયથી આકુલવ્યાકુલ અને જીવિતવ્યને યાચનારા પ્રાણીઓના દુઃખને ટાળવાની બુદ્ધિ તે **કરૂણા ભાવના** છે. ૫

क्रुरकर्मसु निःशंकं, देवतागुरुनिंदिषु ।
आत्मशंसिषु योपेक्षा, तन्माध्यस्थमुदीरितम् ॥ ६ ॥

—નિઃશંકપણે ક્રૂર કર્મો કરનારા, દેવ અને ગુરૂની નિંદા કરનારા અને પોતાના આત્માની પ્રશંસા કરનારા

પ્રાણીઓ તરફ ઉપેક્ષા બુદ્ધિને **માધ્યસ્થ્ય ભાવના** કહેવાય છે. ૬

परहितचिन्ता मैत्री, परदुःखविनाशिनी तथा करुणा ।
परसुखतुष्टिर्मुदिता, परदोषोपेक्षणमुपेक्षा ॥ ७ ॥

—અન્ય જીવોના હિતની ચિન્તા કરવી એ **મૈત્રી ભાવના** છે. અન્ય જીવોનાં દુઃખોને ટાળવાની ભાવના એ **કરૂણા ભાવના** છે. અન્ય જીવો સુખ પામે તેમાં સંતોષ પામવો એ **પ્રમોદ ભાવના** છે. અને બીજા અસાધ્ય દોષોની ઉપેક્ષા કરી તેમના પ્રત્યે રાગ દ્વેષ ન કરવો તે માધ્યસ્થ્ય ભાવના છે. ૭

मैत्रीपवित्रपात्राय, मुदितामोदशालिने ।
कृपोपेक्षाप्रतीक्षाय, तुभ्यं योगात्मने नमः ॥ ८ ॥

—મૈત્રીના પરમભાજન ભૂત, મુદિતાથી પ્રાપ્ત થયેલા સદાનંદ વડે શોભતા અને કરૂણા તથા માધ્યસ્થ્ય વડે જગત પૂજ્ય બનેલા યોગ સ્વરૂપ હે વીતરાગ! તમને મારો નમસ્કાર હો! ૮

सत्त्वेषु मैत्रीं गुणिषु प्रमोदं, क्लिष्टेषु जीवेषु कृपापरत्वम् ।
मध्यस्थभावं विपरीत वृत्तौ, सदा ममात्मा विदधातु देव ॥ ९ ॥

—હે દેવ! મારો આત્મા નિરંતર જગતના સર્વ જીવો પ્રત્યે **મૈત્રી ભાવને**, ગુણવાન આત્માઓ પ્રત્યે

પ્રમોદ ભાવને, દુઃખી જીવો પ્રત્યે કરૂણા ભાવને, અને પાપી જીવો પ્રત્યે મધ્યસ્થ ભાવને ધારણ કરો. એમ હું આપની પાસે પ્રાર્થના કરૂં છું. ૯

सर्वेपि सुखिनः सन्तु, सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चित् दुःखभाग् भवेत् ॥१०॥

—વિશ્વના સર્વ પ્રાણીઓ સુખી થાઓ, સર્વ પ્રાણીઓ નિરોગી હો, સર્વ પ્રાણીઓ મંગલને જુઓ, અને કોઈ પણ જીવ દુઃખ ન પામો. ૧૦

दुःस्थां भवस्थितिं स्थेम्ना, सर्वजीवेषु चिन्तयन् ।
निसर्गसुखसर्गं ते- ष्वपवर्गंविमार्गयेत् ॥११॥

—આ ભવ સ્થિતિ અત્યંત દુઃખ દાયક છે, એમ સર્વ જીવોને વિષે સ્થિરતા પૂર્વક ધર્મ જાગરિકા વખતે વિચારતો ઉપાસક, જ્યાં સ્વાભાવિક સુખની જ સૃષ્ટિ છે, એવો મોક્ષ સર્વને મળો એવી પ્રાર્થના કરે. ૧૧

विश्वजन्तुषु यदि क्षणमेकं, साम्यतो भजसि मानसमैत्रीम् ।
तत्सुखं परममत्र परत्रा-प्यश्नुषे न यदभूत्तव जातु ॥१२॥

—હે મન! તું સર્વ પ્રાણી ઉપર સમતા પૂર્વક એક ક્ષણવાર પણ પરહિત ચિંતા રૂપ મૈત્રી ભાવ ભાવીશ તો તને આ ભવ અને પરભવમાં એવું સુખ મળશે કે જે તેં કદી અનુભવ્યું પણ નહિ હોય. ૧૨

नन्दन्तु सर्वभूतानि, स्निह्यन्तु विजनेष्वपि ।
स्वस्त्यस्तु सर्वभूतेषु, निरातङ्कानि सन्तु च ॥ १३ ॥

—પ્રાણી માત્ર આનંદિત બનો ! દુશ્મનો ઉપર પણ સ્નેહ ભાવવાલા બનો ! સર્વ જીવોનું કલ્યાણ થાઓ ! સહુ કોઈ નિરોગી બનો ! ૧૩

मा व्याधिरस्तु भूताना- माधयो न भवन्तु च ।
मैत्रीमशेष-भूतानि, पुष्यन्तु सकले जने ॥ १४ ॥

—પ્રાણીઓને વ્યાધિ ન થાઓ ! માનસિક ચિંતાઓ ન ઉપજો ! સકલ જીવો પ્રાણી માત્રની સાથે મૈત્રી ભાવને પુષ્ટ કરો ! ૧૪

यो मेऽद्य स्निह्यते तस्य, शिवमस्तु सदा भुवि ।
यश्च मां द्वेष्टि लोकेऽस्मिन् , सोऽपि भद्राणि पश्यतु ॥१५॥

—જે આજે મારા ઉપર સ્નેહ રાખે છે, તેનું સદા કલ્યાણ થાઓ ! પરંતુ જે મારા ઉપર દ્વેષ ધારણ કરે છે તે પણ કલ્યાણમાલાને પામો ! ૧૫

एकेन्द्रियाद्या अपि हन्त जीवाः,पञ्चेन्द्रियत्वाद्यधिगत्य सम्यक् ।
बोधिं समाराध्य कदा लभन्ते, भूयो भवभ्रान्तिभियां विरामम्
॥ १६ ॥

—એકેન્દ્રિયપણું આદિ ધારણ કરનારા જીવો પણ પંચેન્દ્રિયપણું આદિ સામગ્રી પ્રાપ્ત કરીને બોધિબીજને –પ્રભુશાસનને બરાબર આરાધીને કયારે ભવ ભ્રમણથી છુટશે ! ૧૬

या रागरोषादिरुजो जनानां, शाम्यन्तु वाक्कायमनोद्रुहस्ताः ।
सर्वेऽप्युदासीन-रसं रसन्तु, सर्वत्र सर्वे सुखिनो भवन्तु ॥१७॥

--જગતના પ્રાણીઓની રાગદ્વેષાદિથી ઉપજેલી મન વચન અને કાયાની પીડાઓ શાન્ત થાઓ ! બધા માધ્યસ્થ્યના અપૂર્વ આનંદને પામો ! સર્વત્ર સર્વ જીવો સુખી થાઓ ! ૧૭

तत्त्वं धर्मस्य सुस्पष्टं, मैत्रीभावविकासनम् ।
परोपकारनिर्माणं, शमवृत्तेरुपासनम् ॥ १८ ॥

--મૈત્રી ભાવનો વિકાસ કરવો, પરોપકારનું નિર્માણ અને ઉપશમ ભાવની ઉપાસના કરવી એ સંક્ષેપમાં ધર્મનું અતિ સ્પષ્ટ રહસ્ય છે. ૧૮

मैत्र्यादिभावयोगेन, शुभध्यानप्रभावतः ।
सुखंसुखेन प्राप्नोति, जीवो मोक्षं न संशयः ॥ १९ ॥

--મૈત્રી આદિ ભાવનાઓ વડે તથા શુભ ધ્યાનના પ્રભાવથી જીવ અત્યંત સુખ પૂર્વક મોક્ષને પ્રાપ્ત કરે છે, એમાં સંદેહ નથી. ૧૯

धर्मस्य विजयो भूयाद्, अधर्मस्य पराभवः ।
सद्भावना प्राणभूतां, भूयाद् विश्वस्य मंगलम् ॥ २० ॥

--ધર્મનો વિજય થાઓ, અધર્મનો પરાજય થાઓ, પ્રાણીઓ શુભભાવવાળા બનો અને વિશ્વનું મંગલ થાઓ. ૨૦

* ખમાવું બધા જીવને આજ પ્રીતે,
ખમો તે બધા મુજને સર્વ રીતે;
બધા જીવમાં મિત્રતાને પ્રસારું,
નથી કોઈ સાથે હવે વેર મારું. ૨૧

× × ×

* બધા વિશ્વનું થાવ કલ્યાણ આજે,
બનો સજ્જ સૌ પારકા હિત કાજે;
બધા દૂષણો સર્વથા નાશ પામો,
જનો સર્વ રીતે સુખો માંહિ જામો. ૨૨

× × ×

* સર્વ વિશ્વમાં શાંતિ પ્રગટો,
થાઓ સૌ કોનું કલ્યાણ;
સર્વ લોકમાં સત્ય પ્રકાશો,
દિલમાં પ્રગટો શ્રી ભગવાન. ૨૩

× × ×

* શાન્તિ તુષ્ટિ પુષ્ટિ પામો,
જીવો પામો મંગળમાળ;
આત્મિક ઋદ્ધિ સિદ્ધિ પામો,
પામો સર્વે પદ નિર્વાણ. ૨૪

× × ×

* ગુણીજનોકું વંદના, અવગુણ દેખ મધ્યસ્થ;
દુ:ખી દેખી કરુણા કરો, મૈત્રી ભાવ સમસ્ત. ૨૫

× × ×

* નિર્મળ મૈત્રી ભાવથી, ભરપૂર હે ભગવંત;
મુદિતભાવ ઉદિત થયો, પૂર્ણ કળાએ સંત. ૨૬

× × ×

* નિર્મળ કરુણાનો ઝરો, ચૌદ રાજ રેલાય;
તેના પ્રભાવે હે પ્રભુ ! જગ જીવ દુઃખ ધોવાય. ૨૭

× × ×

* મધ્યસ્થ દૃષ્ટિ છે આપની, પક્ષપાત નહીં લેશ;
ધર્મબીજ છો હે પ્રભુ ! યોગ સ્વરૂપ વિશેષ. ૨૮

× × ×

* એવા શ્રી વીતરાગને, ત્રિકરણ શુદ્ધે આજ;
વંદન કરું હું ભાવથી, જય જય શ્રી જિનરાજ. ૨૯

× × ×

* સૌ પ્રાણી આ સંસારના,
સન્મિત્ર મુજ વહાલા હજો,
* સદ્‌ગુણમાં આનંદ માનું, મિત્ર કે વૈરી હજો;
* દુઃખિયા પ્રતિ કરુણા અને,
દુશ્મન પ્રતિ મધ્યસ્થતા,
* શુભ ભાવના પ્રભુ ચાર આ,
પામો હૃદયમાં સ્થિરતા. ૩૦

× × ×

લોકોત્તર ભાવના

—અનુપમ મૈત્રી—

* જો શક્તિ મુજને મલે, (તો) આપું સહુને સુખ;
કર્મના બંધન ટાળીને, કાપું સહુનાં દુઃખ. ૩૧

\+ \+ \+

—ક્ષમાપના—

* મુજને દુઃખ આપે ભલે, તો પણ હું ખમું તાસ;
સુખ પીરસવા સર્વને, છે મારો અભિલાષ. ૩૨

\+ \+ \+

—સર્વાત્મભાવ—

* જગના પ્રાણી માત્રને, વ્હાલા છે નિજ–પ્રાણ;
માટે મન વચ કાયથી, સદા કરું તસ ત્રાણ. ૩૩

\+ \+ \+

—પરહિત ચિંતા—

* આશીર્વાદ મુજને મલો, ભવોભવ એહ મુજ ભાવ;
ત્રસ સ્થાવર જીવો બધા, દુઃખિયા કો નવિ થાવ. ૩૪

\+ \+ \+

—અનુપમ વાત્સલ્ય ભાવ—

* ભવો ભવ એ મુજ ભાવના, જો મુજ ધાર્યું થાય;
(તો) શ્રી જિન શાસન વિષે, સ્થાપું જીવ બધાય. ૩૫

\+ \+ \+

શ્રી નવકાર મંત્રના આરાધકની
મંગલ કામનાઓ

હું સર્વનો મિત્ર છું. બધા મારા મિત્ર છે. કોઈ પણ જીવ પાપ ન કરો. કોઈ પણ વજી દુઃખી ન થાઓ. બધા જીવો સુખી થાઓ. બધા નિરામય-રોગરહિત થાઓ. કોઈની સાથે મારે વૈર નથી. કોઈ મારો અપરાધી નથી. સર્વને ધર્મનાં સાધનોની પ્રાપ્તિ થાઓ. બધા ધર્મ પામો. બધાના રાગદ્વેષ શમી જાઓ. બધા પારકાના હિતમાં રક્ત બનો. બધાને સમત્વ મહાઅમૃતની પ્રાપ્તિ થાઓ. બધા જીવો દર્શન, જ્ઞાન અને ચારિત્રની સાધનામાં ખૂબ ખૂબ આગળ વધો. સર્વ જીવો કર્મથી મુક્ત થાઓ. સર્વ આત્માઓ પરમ કલ્યાણને પામો.

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

ઉપર જે કાવ્યો બતાવ્યા છે તેમાં રૂચિ અનુસાર શ્લોકો પસંદ કરી થોડો વખત તેનું ચિંતન કરી મૈત્રી આદિ ભાવનાથી ભાવિત થવું. પછી વજ્રપંજર સ્તોત્રથી આત્મરક્ષા કરવી.

'श्रीआत्मरक्षाकरं वज्रपञ्जराख्यं महास्तोत्रम्'

[શ્રી નમસ્કાર મહામંત્રનો વિધિપૂર્વક જાપ કરનાર મહાનુભાવ પુણ્યાત્માએ જાપના પ્રારંભમાં આ સ્તોત્ર વડે મુદ્રાઓ સહિત સ્વશરીરની રક્ષા કરવી. મુદ્રાઓ ગુરુગમથી શીખી લેવી. આત્મરક્ષાપૂર્વક જાપ કરવાથી અનેક ફાયદાઓ થાય છે.]

ॐ परमेष्ठिनमस्कारं, सारं नवपदात्मकम् ।
आत्मरक्षाकरं वज्र-पञ्जराभं स्मराम्यहम् ॥ १ ॥

ॐ नमो अरिहंताणं, शिरस्कं शिरसि स्थितम् ।
ॐ नमो सव्वसिद्धाणं, मुखे मुखपटं वरम् ॥ २ ॥

ॐ नमो आयरियाणं, अङ्गरक्षातिशायिनि ।
ॐ नमो उवज्झायाणं, आयुधं हस्तयोर्दृढम् ॥ ३ ॥

ॐ नमो लोए सव्वसाहूणं, मोचके पादयोः शुभे ।
एसो पंचनमुक्कारो, शिला वज्रमयी तले ॥ ४ ॥

सव्वपावप्पणासणो, वप्रो वज्रमयो बहिः ।
मंगलाणं च सव्वेसिं, खादिराङ्गारखातिका ॥ ५ ॥

स्वाहान्तं च पदं ज्ञेयं, पढमं हवइ मंगलं ।
वप्रोपरि वज्रमयं, पिधानं देहरक्षणे ॥ ६ ॥

महाप्रभावा रक्षेयं, क्षुद्रोपद्रवनाशिनी ।
परमेष्ठिपदोद्भूता, कथिता पूर्वसूरिभिः ॥ ७ ॥
यश्चैवं कुरुते रक्षां, परमेष्ठिपदैः सदा ।
तस्य न स्याद्भयं व्याधि–राधिश्चापि कदाचन ॥ ८ ॥

ભાવાર્થ—નવપદસ્વરૂપ અને જગતના સારભૂત આ પરમેષ્ઠિ નમસ્કાર, આત્મરક્ષા કરવા માટે વજ્રના પિંજર સમાન છે, તેનું હું સ્મરણ કરું છું. (૧)

'નમો अरिहंताणं ।' આ મંત્ર મુગટરૂપે મસ્તકે રહેલો છે, એમ જાણવું (રક્ષા કરતી વખતે મસ્તકે હાથ સ્પર્શવા) અને 'ॐ नमो सव्वसिद्धाणं ।' આ મંત્ર મુખ પર શ્રેષ્ઠ વસ્ત્ર તરીકે રહેલો છે, એમ જાણવું. (બોલતાં મુખ પર હાથ સ્પર્શવા.) (૨)

'ॐ नमो आयरियाणं ।' આ મંત્રને અતિશાયી અંગરક્ષક તરીકે જાણવો (બોલતાં શરીર પર હાથ સ્પર્શવા) અને 'ॐ नमो उवज्झायाणं ।' આ મંત્રને બે હાથમાં રહેલા મજબૂત આયુધ (શસ્ત્ર) તરીકે સમજવો. (બોલતાં બે હાથમાં શસ્ત્ર પકડવાની ચેષ્ટા કરવી.) (૩)

'ॐ नमो लोए सव्वसाहूणं ।' આ મંત્રને પગમાં રહેલી, મંગળકારી મોજડીઓ જાણવી (બોલતાં બે પગ નીચે હાથ સ્પર્શવા.) અને 'एसो पंचनमुक्कारो ।' આ

મંત્રને પાદતલે રહેલી વજ્રની શિલાના સ્થાને સમજવો. (બોલતાં જે આસન પર બેઠા હોય તેને બન્ને હાથથી સ્પર્શ કરતાં મનમાં વિચારવું કે હું વજ્રશિલા ઉપર બેઠો છું, તેથી જમીનમાંથી કે પાતાલલોકમાંથી મને કોઈ વિઘ્ન નડી શકશે નહિ.) (૪)

'सव्व-पावप्पणासणो।' આ મંત્રને ચારે દિશાઓમાં વજ્રમય કિલ્લારૂપ જાણવો, (બોલતાં એમ વિચારવું કે મારી ચારે તરફ વજ્રનો કોટ છે. બે હાથથી ચારે બાજુ કોટની કલ્પના કરતાં અંગુલી ફેરવવી.) 'मंगलाणं च सव्वेसिं।' આ મંત્રને ખેરના અંગારાની ખાઈ સમજવી. (બોલતી વેળા વિચારવું કે વજ્રના કોટની બહાર ચારે બાજુ ખેરના અગ્નિથી ખાઈ ભરેલી છે.) (૫)

'पढमं हवइ मंगलं।' આ મંત્રને કિલ્લા ઉપર વજ્રમય ઢાંકણુ સમજવું, (બોલતી વેળા હાથ મસ્તક ઉપર ફેરવીને વિચારવું કે વજ્રમય કોટ ઉપર આત્મરક્ષા માટે વજ્રમય ઢાંકણુ રહેલું છે. [આ પદને અંતે 'स्वाहा' મંત્ર પણ સમજી લેવો.] (૬)

પરમેષ્ઠિપદોથી પ્રગટ થયેલી મહાપ્રભાવશાળી આ રક્ષા સર્વ ઉપદ્રવોને નાશ કરનારી છે, એમ પૂર્વાચાર્યોએ કહેલું છે. (૭)

પરમેષ્ઠિપદો વડે આ રીતે જે નિરંતર આત્મરક્ષા કરે છે, તેને કોઈ પણ પ્રકારનો ભય, શારીરિક વ્યાધિ અને માનસિક પીડાઓ કદી પણ થતી નથી. સર્વ ઉપદ્રવોનો નિવારક આ મંત્ર છે. (૮)

પછી પાપપ્રતિઘાત અને ગુણબીજાધાન નામનું પંચસૂત્રમાંનું પ્રથમ સૂત્ર પ્રણિધાનપૂર્વક ગણી જવું. એ ન આવડતું હોય તો અમૃતવેલીની સજ્ઝાય અથવા નીચેના મહા મંગળકારી સૂત્રથી આત્માને ભાવિત કરવો.

'चत्तारि मंगलं–अरिहंता मंगलं ।
सिद्धा मंगलं । साहू मंगलं । केवलिपन्नत्तो धम्मो मंगलं ।'

—ચાર પદાર્થો મંગલ છે–(૧) અરિહંતો મંગલ છે, (૨) સિદ્ધો મંગલ છે, (૩) સાધુઓ મંગલ છે અને (૪) કેવલિ–પ્રરૂપિત ધર્મ મંગલ છે.

'चत्तारि लोगुत्तमा–अरिहंता लोगुत्तमा ।
सिद्धा लोगुत्तमा । साहू लोगुत्तमा ।
केवलि पन्नत्तो धम्मो लोगुत्तमो ।'

—ચાર પદાર્થો લોકમાં ઉત્તમ છે—(૧) અરિહંતો લોકમાં ઉત્તમ છે, (૨) સિદ્ધો લોકમાં ઉત્તમ છે, (૩) સાધુઓ લોકમાં ઉત્તમ છે અને (૪) કેવલિપ્રરૂપિત ધર્મ લોકમાં ઉત્તમ છે.

'चत्तारि सरणं पवज्जामि—
अरिहंते सरणं पवज्जामि,
सिद्धे सरणं पवज्जामि,
साहू सरणं पवज्जामि,
केवलिपन्नत्तं धम्मं सरणं पवज्जामि ।'

—ચાર વસ્તુઓ શરણરૂપ છે. સંસારના ભયથી બચવા માટે હું ચારના શરણ સ્વીકારું છું-(૧) અરિહંતોનું શરણ સ્વીકારું છું, (૨) સિદ્ધોનું શરણ સ્વીકારું છું, (૩) સાધુઓનું શરણ સ્વીકારું છું અને (૪) કેવલિ-પ્રરૂપિત ધર્મનું શરણ સ્વીકારું છું.

પછી નીચેની ગાથા સ્થિરચિત્તે ભણવી.

'अरिहंतो मह देवो, जावज्जीवं सुसाहुणो गुरुणो ।
जिणपन्नत्तं तत्तं, इअ सम्मत्तं मए गहीअं ॥'

—પ્રત્યેક ભવોમાં અરિહંત પરમાત્મા મારા દેવ છે, સુસાધુ ભગવંતો મારા ગુરુ છે, તેમજ સકલ જીવોનું હિત એ જ છે તત્ત્વ જેમાં એવો શ્રી જિનેશ્વર ભગવંત કથિત ધર્મ તેને જ હું તત્ત્વ માનું છું, આ જાતિનું સમ્યક્ત્વ મેં અંગીકાર કર્યું છે.

સાધકે સાધનાની શરૂઆતમાં ત્રણે કાલના અને ત્રણ જગતના સર્વ શ્રીનવકારસાધક ભવ્યાત્માઓની સાધનાની પણ ત્રિવિધે ત્રિવિધે ભૂરિ ભૂરિ અનુમોદના કરવી જોઈએ.

આ રીતે જાપ શરૂ કરતાં પહેલાં નવકાર મંત્ર મહિમા-ગર્ભિત શ્લોકો, મૈત્રી આદિ ભાવનાઓ, શ્રી વજ્રપંજર સ્તોત્રથી આત્મરક્ષા, પંચસૂત્રનું પ્રથમસૂત્ર, અથવા અમૃત-વેલિની સજ્ઝાય, અથવા 'चत्तारिमंगलं'નો પાઠ, વગેરેમાંથી અનુકૂલતા અને સ્ફૂર્તિ મુજબ થોડી વાર રટણ કરવું.

ઉપરની તમામ વસ્તુઓ અંતઃકરણમાં ભાવ જાગૃત

કરવાના ઉપાયભૂત છે. તેથી જે રીતે હૃદયમાં ભાવ ઉત્પન્ન થાય તે પદોનું આલંબન લઈ હૃદયને ભાવિત કરવું. તેમાં તાત્પર્ય એ છે કે પ્રાથમિક ભૂમિકામાં ભાવની વૃદ્ધિ કરવા માટે શરૂઆતમાં આ જાતિનો સ્વાધ્યાય ખાસ જરૂરી છે.

આટલું કર્યા બાદ સમગ્ર શબ્દ બ્રહ્મની ઉત્પત્તિના કારણભૂત તથા પંચપરમેષ્ઠિ પદ વાચક પ્રણવ—ૐકારનું નીચેના શ્લોકથી સ્મરણ કરવું.

'ॐकारं बिन्दुसंयुक्तं, नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव, ॐकाराय नमो नमः ॥'

ત્યાર પછી સકલ વિઘ્નના વિચ્છેદક અને સઘળાં મનોવાંછિત પૂર્ણ કરનાર શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનું સ્મરણ કરવું. તે માટે "ॐ नमः पार्श्वनाथाय विश्वचिन्तामणीयते" એ આખું કાવ્ય, અથવા નીચેનું કાવ્ય બોલવું.

नमोस्तु पार्श्वनाथाय, विघ्नविच्छेदकारिणे ।
नागेन्द्रकृतच्छत्राय, सर्वादेयाय ॐ नमः ॥

પછી નીચેના શ્લોકથી ચરમ શાસનપતિ આસન્ન ઉપકારી, શ્રી મહાવીર-વર્ધમાનસ્વામીનું સ્મરણ કરવું.

कल्याणपादपारामं, श्रुतगङ्गाहिमाचलम् ।
विश्वाम्भोजरविं देवं, वन्दे श्रीज्ञातनन्दनम् ॥

પછી નીચેના શ્લોકથી અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમ ગણધરેન્દ્રનું સ્મરણ કરવું.

सर्वारिष्टप्रणाशाय, सर्वाभीष्टार्थदायिने ।
सर्वलब्धिनिधानाय, श्रीगौतमस्वामिने नमः ॥

પછી નીચેના શ્લોકથી પરમ ઉપકારી ગુરુમહારાજનું કૃતજ્ઞ બુદ્ધિથી અતિ નમ્રભાવે સ્મરણ કરવું.

अज्ञानतिमिरान्धानां, ज्ञानाञ्जनशलाकया ।
नेत्रमुन्मीलितं येन, तस्मै श्रीगुरवे नमः ॥

'श्रीतीर्थंकरगणधरप्रसादात् सिद्ध्यतु मम एष योगः ।'

જાપની શરૂઆતમાં ઉપર બતાવેલી વસ્તુઓનું મનન ચિંતન કરવાથી મન વચન કાયાની ચંચળતા દૂર થાય છે. યોગશાસ્ત્રમાં તે માટે કહ્યું છે કે—

'वचनमनःकायानां, क्षोभं यत्नेन वर्जयेच्छान्तः ।
रसभाण्डमिवात्मानं, सुनिश्चलं धारयेन्नित्यम् ॥'

—સાધકે પ્રથમ મન, વચન અને કાયાની ચપળતાનો પ્રયત્નપૂર્વક ત્યાગ કરવો અને રસથી ભરેલા વાસણની માફક પોતાના આત્માને શાન્ત તથા નિશ્ચલપણે ધારી રાખવો.

જાપ પૂર્ણ થયા બાદ પણ મૈત્રી આદિ ભાવનાઓ ફરીથી વિચારવી. શુભ ધ્યાનની સ્થિરતા અને વૃદ્ધિ માટે એ ભાવનાઓ રસાયણનું કામ કરે છે. એનાથી ચિત્ત પ્રસન્ન અને પ્રફુલ્લિત થાય છે. અને હૃદયમાં સદ્ભાવ વૃદ્ધિ પામે છે.

હવે પછીના પ્રકરણોમાં જાપ કેવી રીતે કરવો તે હકીકત તથા જેનો જાપ કરવો છે, તે શ્રી નમસ્કાર મહામંત્રનું

બાહ્ય અને આંતર સ્વરૂપ, જાપ કરનાર સાધકે ખાસ ધ્યાનમાં રાખવા લાયક બાબતો, જાપની સિદ્ધિ માટે પ્રયોજનભૂત જ્ઞાન, અને તે માટે જરૂરી નિયમોનું પાલન, જાપમાં સામાન્ય પ્રવેશ થયા પછી તેમાં વિશેષ પ્રગતિ સાધવાના ઉપાયો, મહામંત્ર શ્રી નવકારની સાધનાથી થતા લાભો, ત્યારબાદ જાપથી આગળ વધીને શ્રી નવકારનું ધ્યાન કરનારના લક્ષણો, અને નવકારનું ધ્યાન કરવાની રીત વિગેરે પ્રયોજનભૂત હકીકત જણાવવી આવશ્યક છે. એ દ્વારા મહામંત્રની શ્રેષ્ઠતાનો પરિચય અને તેને આરાધવાની વિધિ ખ્યાલમાં આવવાથી મહામંત્રના જાપ આદિમાં એકાગ્રતાદિ ગુણોની સિદ્ધિ સહેલાઈથી થાય છે. માટે તે હકીકત અહીં ક્રમસર જણાવીએ છીએ.

દ્રવ્યથી શ્રી નવકારના પરમ પવિત્ર અક્ષરો મંગલ છે. ક્ષેત્રથી જ્યાં પણ શ્રી નવકાર મંત્રનો જાપ થાય તે સ્થાન મંગલરૂપ છે. કાળથી જ્યારે શ્રી નવકારનું સ્મરણ થાય તેટલો કાળ મંગળમય જાણવો અને ભાવથી આ પંચનમસ્કારનો ભાવ સ્વયં મંગલરૂપ છે.

શ્રી નમસ્કાર મહામંત્રનું બાહ્ય સ્વરૂપ.

કોઈ પણ ક્રિયાનું સંપૂર્ણ ફળ મેળવવું હોય તો તેનું વિધિપૂર્વક આરાધન જરૂરી છે. ખેડુત જો વિધિ પૂર્વક વપન આદિની ક્રિયા કરે છે, તો જ ધાન્યરૂપી ફળ પ્રાપ્ત કરી શકે છે. વિધિપૂર્વક ક્રિયા કરવા માટે જેની આરાધના કરવી છે, તે વસ્તુના સ્વરૂપનું જ્ઞાન આવશ્યક છે. નવકાર મંત્ર બરાબર ભણાય-ગણાય તે માટે તેનું બાહ્ય અને આંતરિક સ્વરૂપ સમજી લેવાની જરૂર છે.

બાહ્ય સ્વરૂપ એટલે મંત્રનો અક્ષરદેહ. તે બરાબર જળવાઈ રહેવો જોઈએ. શ્રીનવકાર મંત્રમાં પદો ૯ છે. સંપદાઓ ૮ છે અને અક્ષરો ૬૮ છે. આ અડસઠ અક્ષરોમાં ગુરુ એટલે જોડાક્ષરો ૭ છે અને લઘુ એટલે સાદા અક્ષરો ૬૧ છે.

નવ પદોની ગણના

શ્રીનવકાર મંત્રના નવ પદોની ગણના આ રીતે થાય છે.

नमो अरिहंताणं । એ પહેલું પદ.

नमो सिद्धाणं । એ બીજું પદ.

नमो आयरियाणं । એ ત્રીજું પદ.

नमो उवज्झायाणं । એ ચોથું પદ.

नमो लोए सव्वसाहूणं । એ પાંચમું પદ.

एसो पंचनमुक्कारो । એ છઠ્ઠું પદ.

सव्वपावप्पणासणो । એ સાતમું પદ.

मंगलाणं च सव्वेसिं । એ આઠમું પદ.

पढमं हवइ मंगलं । એ નવમું પદ.

સંપદા ૮

સંપદા એટલે અર્થનું વિશ્રામસ્થાન. શાસ્ત્રમાં તેની વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવી છે—साङ्गत्येन पद्यते—परिच्छिद्यतेऽर्थो याभिरिति संपदः—જેનાથી સંગત રીતે અર્થ જુદો પડાય તે સંપદા. આવી સંપદા નવકારમાં આઠ છે. પ્રથમના પાંચ પદની પાંચ, છઠ્ઠા સાતમા પદની એક અને છેલ્લાં બે પદોની બે એમ કુલ આઠ.

ગુરુ લઘુ અક્ષરો

અક્ષરોની ગણનામાં જોડાક્ષરને એક જ ગણવાનો છે, દોઢ નહિ. આ રીતે નવકાર મંત્રના અક્ષરો ૬૮ થાય છે.

પ્રથમ પદ 'नमो अरिहंताणं'માં અક્ષરો સાત છે અને તે સાતેય લઘુ છે.

બીજા પદ 'नमो सिद्धाणं'માં અક્ષરો પાંચ છે તેમાં ચાર લઘુ છે અને એક ગુરુ છે. सिद्धाणं માં द्धा અક્ષર ગુરુ છે.

ત્રીજા પદ ‘नमो आयरियाणं’માં અક્ષરો સાત છે, તે સાતેય લઘુ છે.

ચોથા પદ ‘नमो उवज्झायाणं’માં અક્ષરો સાત છે, તેમાં છ લઘુ અને એક ગુરુ છે. उवज्झायाणं માં ज्झा અક્ષર ગુરુ છે.

પાંચમા પદ ‘नमो लोए सव्वसाहूणं’માં અક્ષરો નવ છે, તેમાં આઠ લઘુ અને એક ગુરુ છે. सव्वसाहूणं નો व्व અક્ષર ગુરુ છે.

આ રીતે પાંચ પદમાં ૩૫ અક્ષરો છે, તેમાં ૩૨ લઘુ અને ત્રણ ગુરુ છે.

છઠ્ઠા પદ ‘एसो पंचनमुक्कारो’માં અક્ષરો આઠ છે, તેમાં સાત લઘુ અને એક ગુરુ છે. पंचनमुक्कारोનો क्का અક્ષર ગુરુ છે.

સાતમા પદ ‘सव्वपावप्पणासणो’માં અક્ષરો આઠ છે, તેમાં છ લઘુ અને બે ગુરુ છે. આ પદમાં व्व અને प्प એ અક્ષરો ગુરુ છે.

આઠમા પદ ‘मंगलाणं च सव्वेसिं’માં અક્ષરો આઠ છે, તેમાં સાત લઘુ અને એક ગુરુ છે. सव्वेसिं નો व्वे અક્ષર ગુરુ છે.

નવમા પદ पढमं हवइ मंगलंમાં અક્ષરો નવ છે, તે નવે અક્ષરો લઘુ છે.

આ રીતે નવકાર મંત્રના છેલ્લાં ચાર પદો કે જે

ચૂલિકા કહેવાય છે, તેમાં કુલ ૩૩ અક્ષરો છે, તેમાંના ૪ ગુરુ અને ૨૯ લઘુ છે.

શ્રીમહાનિશીથ સૂત્રમાં નવકારને પાંચ અધ્યયન અને એક ચૂલિકાવાળો કહ્યો છે, અને તેમાં અક્ષરોની સંખ્યા ઉપર જણાવવામાં આવી છે, તે મુજબ પ્રથમનાં પાંચ પદની ૩૫ અને પછીના ચાર પદની ૩૩ જણાવેલ છે.

ઉપદેશ તરંગિણીમાં કહ્યું છે કે—

'पञ्चादौ यत्पदानि त्रिभुवनपतिभिर्व्याहृता पञ्चतीर्थी,
तीर्थान्येवाष्टषष्टि-र्जिनसमयरहस्यानि यस्याक्षराणि।
यस्याष्टौ संपदश्चानुपमतममहासिद्धयोऽद्वैतशक्ति-
र्जीयाद् लोकद्वयस्याभिलषितफलदः श्रीनमस्कारमंत्रः ॥१॥'

આલોક અને પરલોક એમ બન્ને લોકમાં ઈચ્છિત ફળને આપનાર, અદ્વિતીય શકિત સ્વરૂપ, શ્રીનમસ્કાર મંત્ર જયવંત વર્તો, કે જેનાં પાંચ પદોને ત્રૈલોકયપતિ શ્રી તીર્થંકરદેવોએ પંચતીર્થી* તરીકે કહ્યાં છે. શ્રી જિનાગમના રહસ્યભૂત એવા જેના અડસઠ અક્ષરોને અડસઠ તીર્થો તરીકે વખાણ્યાં છે અને જેની આઠ સંપદાઓ અનુપમ શ્રેષ્ઠ આઠ મહા સિદ્ધિઓ તરીકે વર્ણવી છે.

*શ્રી અરિહંતનો આદ્ય અક્ષર अ અષ્ટાપદ તીર્થનું સૂચન કરે છે, શ્રી સિદ્ધનો આદ્ય અક્ષર सि સિદ્ધાચલજીનું સૂચન કરે છે, આચાર્યનો આદ્ય અક્ષર आ આબુજીનું સૂચન કરે છે, ઉપાધ્યાયજીનો આદ્ય અક્ષર उ ઉજ્જયંત એટલે ગિરનારજીનું સૂચન કરે છે અને સાધુના આદ્ય અક્ષરમાં રહેલ स સમેતશિખરજીનું સૂચન છે,

શ્રી નવકારનું આંતરિક સ્વરૂપ

નવકારનું આંતરિક સ્વરૂપ એટલે નવકારનો અર્થદેહ. નવકારથી પરિચિત થવા માટે તેના પ્રત્યેક શબ્દનો અર્થ જાણવો જોઈએ.

પ્રથમ 'नवकार' એ શબ્દનો અર્થ સમજીએ. નવકાર શબ્દ નમસ્કારનું જ રૂપાંતર છે. સંસ્કૃત नमस्कार શબ્દનાં પ્રાકૃતમાં બે રૂપો થાય છે, એક नमुक्कार અને બીજું नमोक्कार. પ્રાકૃત વ્યાકરણના નિયમ મુજબ આદિમાં રહેલા न નો વિકલ્પે ण થાય છે, એટલે णमुक्कार અને णमोक्कार એવાં રૂપો પણ નવકારનાં બની શકે છે. પરંતુ આ રૂપોમાંથી આપણો સંબંધ नमुक्कार પદ સાથે છે. नमुक्कारમાંથી म નો લોપ થતાં नउक्कार શબ્દ બને છે અને તેમાંથી नवक्कार અને છેવટે नवकार શબ્દ બને છે.

હવે મહામંત્રનાં જુદાંજુદાં પદોનો અર્થ વિચારીએ. नमो अरिहंताणं એટલે (મારો) નમસ્કાર હો અરિહંતોને.

नमो सिद्धाणं એટલે (મારો) નમસ્કાર હો સિદ્ધોને.

नमो आयरियाणं એટલે (મારો) નમસ્કાર હો આચાર્યોને.

नमो उवज्झायाणं એટલે (મારો) નમસ્કાર હો ઉપાધ્યાયોને.

नमो लोए सव्वसाहूणं એટલે (મારા) નમસ્કાર હો લોકમાં રહેલા સર્વ સાધુઓને.

एसो पंच–नमुक्कारो આ પાંચને કરેલો નમસ્કાર.

सव्वपावप्पणासणो—સર્વ પાપનો પ્રણાશક છે.

मंगलाणं च सव्वेसिं—અને સર્વમંગલોમાં.

पढमं हवइ मंगलं—પ્રથમ મંગલરૂપ થાય છે.

શ્રીનવકાર મંત્રનો આ સામાન્ય શબ્દાર્થ થયો. હવે થોડોક તેનો ભાવાર્થ વિચારીએ. નવકારમાં સૌથી પ્રથમ 'नमो' પદ આવે છે, તેથી પ્રથમ તેનો વિચાર કરીશું.

'नमो' પદની વિચારણા

'नमो' એ નૈપાતિક પદ છે. તે એક પ્રકારનું અવ્યય છે. તે દ્રવ્ય અને ભાવ એ બન્ને પ્રકારના નમસ્કારનું સૂચન કરે છે. દ્રવ્ય–નમસ્કાર એટલે હાથ જોડવા, મસ્તક નમાવવું, ઘૂંટણે પડવું વગેરે. અને ભાવ—નમસ્કાર એટલે જેમને નમસ્કાર કરતા હોઈએ તેમના પ્રત્યે વિનય રાખવો, ભક્તિ રાખવી, ઉત્કટ આદર રાખવો. 'જેને હું નમસ્કાર કરું છું એ મોટા અને હું નાનો' એવી ભાવના પ્રગટ કરવી; કારણ કે એવી ભાવના પ્રગટ્યા સિવાય ભાવ નમસ્કાર થાય નહિ.

'नमो' પદમાં નમસ્કારની ભાવના છે, અને તે ધર્મનું બીજ છે. એટલે નમસ્કારથી આપણા અંતઃકરણમાં ધર્મના બીજનું વાવેતર થાય છે. પરમ પૂ. આચાર્ય

ભગવંત શ્રી હરિભદ્રસૂરિ મહારાજે શ્રી લલિતવિસ્તરા નામની ચૈત્યવન્દન સૂત્રની વૃત્તિમાં કહ્યું છે કે 'धर्म प्रति मूलभूता वन्दना' અર્થાત્ ધર્મ પ્રત્યે લઈ જનારી મૂલભૂત વસ્તુ વંદના છે—નમસ્કાર છે. કારણ કે તેના વડે ઉત્પન્ન થતો ભાવોલ્લાસ આત્મક્ષેત્રમાં ધર્મપ્રશંસા—ધર્મના બહુમાનરૂપી બીજને વાવે છે, ધર્મ—ચિન્તાદિ રૂપ અંકુરાઓ પ્રગટાવે છે, ધર્મશ્રવણ અને ધર્મ આચારરૂપ શાખા પ્રશાખાઓનો વિસ્તાર કરે છે તથા સ્વર્ગ અને મોક્ષના સુખોની પ્રાપ્તિરૂપ ફૂલ અને ફળને આપે છે.

શ્રીનમસ્કાર મહામંત્રની શરૂઆત 'नमो' પદથી થાય છે, એ જ એની એક મહાન વિશેષતા છે. આ 'नमो' પદ ધર્મશાસ્ત્ર, મંત્રશાસ્ત્ર, અને તંત્રશાસ્ત્ર ત્રણેની દૃષ્ટિએ રહસ્યમય છે.

ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ તે વિનયનું બીજ છે, કે જેનું પરંપર ફળ મોક્ષ છે. વાચકશેખર પૂ. શ્રીઉમાસ્વાતિ મહારાજે પ્રશમરતિ પ્રકરણમાં ફરમાવ્યું છે કે "વિનયનું ફળ ગુરુની સેવા છે, ગુરુસેવાનું ફળ શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ છે, શ્રુતજ્ઞાનની પ્રાપ્તિનું ફળ આશ્રવનો નિરોધ છે, આશ્રવ નિરોધનું ફળ સંવરની પ્રાપ્તિ છે, સંવરની પ્રાપ્તિનું ફળ તપ છે, તપનું ફળ કર્મનિર્જરા છે, કર્મનિર્જરાનું ફળ ક્રિયાનિવૃત્તિ છે, ક્રિયાનિવૃત્તિનું ફળ યોગનો નિરોધ છે, યોગનિરોધનું ફળ ભવપરંપરાનો ક્ષય છે અને ભવપરંપરાના ક્ષયનું ફળ મોક્ષ છે. આ રીતે વિનય એ સર્વ કલ્યાણનું મૂળ કારણ છે."

મંત્રશાસ્ત્રની દષ્ટિએ 'નમો' એ શોધનબીજ છે, એટલે શરીર, મન અને આત્માની શુદ્ધિ કરવામાં તે અતિ ઉપયોગી છે.

તંત્રશાસ્ત્રની દષ્ટિએ 'નમો' એ શાન્તિક અને પૌષ્ટિક કર્મને સિદ્ધ કરનારું પદ છે, તેથી 'નમો' પદથી પ્રયોજાયેલું સૂત્ર શાન્તિ અને પુષ્ટિને લાવનારું છે.

વળી નવકારની આદિમાં રહેલ આ 'નમો' પદમાં ઓમ્ પણ છુપાયેલો છે. તે આ પ્રમાણે. 'નમો' પદમાં न्+अ+म्+ओ એ ચાર વર્ણો છે. હવે તે વર્ણોને જો ઉલટાવવામાં આવે તો ओ + म् + अ + न् એવો ક્રમ થશે. તેમાંના પ્રથમ બે વર્ણોના સંયોજનથી ઓમ્ ની નિષ્પત્તિ થાય છે.

સંસ્કૃત મનઃપદના 'म' અને 'न' અક્ષરોનો જો વિપર્યય કરવામાં આવે તો નમઃ પદ થઈ જાય છે. એનો અર્થ એ છે કે જ્યારે આપણું બહિર્મુખ મન અંતર્મુખ બનશે એટલે કે બાહ્ય સંસાર તરફ દોડતું મન આંતર સન્મુખ થશે, ત્યારે આ નમો પદ પ્રગટશે.

નમસ્કાર મહામંત્રમાં આ નમો પદનું છ વખત સ્મરણ કરાયું છે. આ નમો પદમાં ઘણા ગંભીર ભાવો છુપાયેલા છે, જેમ કે 'નમો' એટલે વિશુદ્ધ મનનો નિયોગ, મનનું શુદ્ધ પ્રણિધાન, વિષય કષાયથી વિરમવું, સાંસારિક ભાવોમાં દોડતા મનને રોકવું.

વળી આ નમો પદ સન્માન, શ્રદ્ધા, ભક્તિ અને આંતરિક બહુમાન સૂચક પણ છે. વિશેષ પરિચયમાં નમો એ સમર્પણ ભાવ સૂચક છે અને એથી પણ વિશેષ પરિચયમાં નમો સર્વ સમર્પણ ભાવ સૂચક છે, તેથી પણ આગળ વધીને કહીએ તો નમો બીનશરતી સર્વ સમર્પણ ભાવનું સૂચક છે.

નમો પદમાં પંચપરમેષ્ઠિઓ પ્રત્યેનો પ્રમોદ ભાવ રહેલો છે. જ્યાં પ્રમોદભાવ છે, ત્યાં અનુમોદનાના બીજમાંથી સર્વ સમર્પણ ભાવનું વૃક્ષ ઉગે છે. જેમ પ્રમોદ ભાવ નમસ્કારનો પર્યાય છે, તેમ સમર્પણ ભાવ પણ નમસ્કારનો પર્યાય છે.

જ્યારે પંચપરમેષ્ઠિ પ્રત્યે બીન શરતી સર્વ સમર્પણ ભાવ પ્રગટે છે, ત્યારે આપણામાં રહેલ પશુત્વ રૂપ દુર્ભાવો તરફનું અધોમુખી ચૈતન્ય સિદ્ધત્વ તરફ—ઉર્ધ્વીમુખ સદ્ભાવો પ્રત્યે વહે છે. આપણા નીચે જતા ભાવ પ્રવાહને ઉંચે આકર્ષવાનું જબ્બર બળ શ્રીપંચપરમેષ્ઠિઓમાં છે, પરંતુ આ બળમાં કાર્યકારી "નમો" પદની આકર્ષણ શક્તિ મુખ્ય કારણ છે.

નમસ્કાર મહામંત્રમાં અનુમોદના પંચપરમેષ્ઠિઓની છે. આ અનુમોદનાનું મહત્ત્વ ઘણું છે. ત્રણે કાળની સર્વ શ્રેષ્ઠ મહાવિભૂતિઓની પ્રત્યે અનુમોદના પ્રગટાવવાની ચાવી "નમો" પદમાં છે. "નમો" પદથી આપણું પંચપરમેષ્ઠિઓ સાથે જોડાણ થાય છે. અનુમોદનાનો સંબંધ બાહ્ય કરતાં

આંતર મન સાથે વિશેષ છે, તેથી અનુમોદનાનું બળ ઘણું છે.

અનુમોદના નમસ્કારની પ્રાથમિક ભૂમિકા છે, જ્યારે સર્વ સમર્પણભાવ એ નમસ્કારની પરાકાષ્ઠા છે, પરંતુ એ બન્નેનું મૂળ "नमो" પદમાં રહેલું છે.

પંચપરમેષ્ઠિઓની મહાવિદ્યુતનો પ્રવાહ તો વહી જ રહ્યો છે. આપણા આત્મામાં પ્રકાશ કરવા માટે "नमो" પદનું બટન ઉઘાડવું જોઈએ.

પંચપરમેષ્ઠિઓનું મહત્ત્વ ઘણું છે, પરંતુ તેમન. મહત્ત્વનો લાભ આપણને અપાવવાનું સામર્થ્ય 'नमो' પદમાં સમાયેલું છે, તેથી સાધકો માટે તો નમો પદનું વિશેષ મહત્ત્વ છે.

ટુંકાણમાં આ 'नमो' પદ મોક્ષની કુંચી છે.

'अरिहंत' પદની વિચારણા.

'अरिहंत' એટલે अर्हत्. આ अर्हत् શબ્દ अर्ह ધાતુ ઉપરથી બનેલો છે કે જે યોગ્ય હોવાનો અર્થ દર્શાવે છે. એટલે જે મહાપુરુષ સુરાસુર નરેંદ્રની પૂજાને યોગ્ય હોય તે अर्हत् કહેવાય.

શ્રીભદ્રબાહુ સ્વામીજીએ આવશ્યક—નિર્યુક્તિમાં કહ્યું છે કે—

'अरिहंति वंदण–नमंसणाइं, अरिहंति पूयसक्कारं ।
सिद्धिगमणं च अरिहा, अरहंता तेण वुच्चंति ॥'

—જેઓ વંદન નમસ્કારને યોગ્ય છે, જેઓ પૂજા સત્કારને યોગ્ય છે, અને જેઓ સિદ્ધિ ગમનને યોગ્ય છે, તે અરિહંત અર્થાત્ અર્હંત્ કહેવાય છે.

अर्हत्, अरहंत, अरिहंत અને अरुहंत આ બધા શબ્દો સમાન અર્થવાળા છે. તેમાં अर्हत् એ સંસ્કૃત શબ્દ છે. બાકીનાં બધાં પ્રાકૃત રૂપાંતરો છે.

'अरहंत' તથા 'अरुहंत' અરિહંત શબ્દના પાઠાંતર તરીકે આવે છે. ત્રણેના જૂદા જૂદા અર્થો થઈ શકે છે. अरिहंत એટલે કર્મ કે મોહરૂપી શત્રુનો નાશ કરનાર. अरहंत એટલે ત્રણે લોકની પૂજાને યોગ્ય અને अरुहंत એટલે ફરી ન ઉગનાર, અર્થાત્ સંસારમાં ફરી ન આવનાર.

નવકારમાં 'अरिहंताणं' પદ બહુવચનમાં છે. પાંચમા પદમાં રહેલ लोए તથા सव्व પદ અહીં જોડતાં 'नमो अरिहंताणं' એ પદનો અર્થ "સકલ લોકમાં રહેલા સર્વ અરિહંતોને મારો નમસ્કાર થાઓ," એવો થાય છે. અહીં સર્વ શબ્દનો અર્થ સર્વકાલીન કરીએ તો આ નમસ્કાર માત્ર વર્તમાનકાળના અરિહંતોને નહિ, પણ ત્રણે કાળના અરિહંતોને થાય છે. લોક અને કાળ માટે દરેક પદમાં આ પ્રમાણે સમજી લેવાનું છે.

અરિહંતો ધર્મતીર્થની સ્થાપના કરનારા હોવાથી તેમને ધર્મતીર્થંકર કે તીર્થંકર કહેવાય છે. રાગદ્વેષના પૂરેપૂરા જિતનારા હોવાથી જિન કહેવાય છે અને સર્વ

પુરુષોમાં ઉત્તમ હોવાથી પુરુષોત્તમ કહેવાય છે. આ રીતે તેઓ બીજાં પણ અનેક નામોથી ઓળખાય છે.

અરિહંતની દેવાધિદેવ તરીકે ગણના થાય છે, કારણ કે તેઓ સર્વજ્ઞ, સર્વદર્શી, વીતરાગ અને સર્વશક્તિમાન હોય છે. તેમનામાં દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, કામ, મિથ્યાત્વ, અજ્ઞાન, નિદ્રા, અવિરતિ, રાગ અને દ્વેષ એ અઢાર દોષો હોતા નથી.

અરિહંતના બાર ગુણો

શ્રી અરિહંત પરમાત્મા અનંત ગુણોના ભંડાર છે. તેમના સંપૂર્ણ ગુણો કોણ ગણી શકે? જેમ સાગરમાં જળબિન્દુઓને, પૃથ્વી પરના તમામ રેતીના કણને કે આકાશમાં રહેલા તારાઓને સામાન્ય મનુષ્ય ગણી શકે નહિ, તેવી રીતે તેમના અનંતગુણો પણ મનુષ્યથી ગણી શકાય નહિ. આમ છતાં તેમની વિશેષતાને ધ્યાનમાં રાખવા માટે તેમના ગુણોને બારની સંખ્યામાં સંગ્રહી લેવામાં આવ્યા છે, તેથી તેઓ નીચે મુજબ બાર ગુણોથી ઓળખાય છે.

તેઓ જ્યાં બિરાજતા હોય ત્યાં તેમના દેહમાનથી બાર ગણું ઊંચું અશોકવૃક્ષ રચાય છે, દેવતાઈ ફૂલોની વૃષ્ટિ થાય છે, દિવ્યધ્વનિ સંભળાય છે, ચામરો વીંઝાય છે, સુવર્ણમય સિંહાસનો રચાય છે, ભામંડલ ઝળહળે છે, દેવદુંદુભિ વાગે છે અને મસ્તક પર ત્રણ છત્રો રહે છે.

આ આઠ ગુણને અષ્ટ પ્રાતિહાર્ય કહેવામાં આવે છે, કારણ કે તે પ્રતિહારીની જેમ સાથે રહે છે. ઉપરાંત તેઓ અપાયાપગમાતિશય, પૂજાતિશય, જ્ઞાનાતિશય અને વચનાતિશયવાલા હોય છે.

શ્રીઅરિહંતોની કલ્યાણકારિણી સાધના.

શ્રીઅરિહંત પરમાત્માના આત્માઓ પોતાના પૂર્વના ત્રીજે ભવે શ્રીજિનનામકર્મની નિકાચના કરતી વખતે **'સવિ જીવ કરું શાસન રસી'** એ ભાવના પૂર્વક વીશસ્થાનક આદિ તપશ્ચરણની કલ્યાણકારિણી સાધનાને સાધનારા હોય છે. તેના પ્રભાવે ચરમભવમાં તેમનામાં જન્મથી ચાર અતિશય, કર્મક્ષયથી અગિયાર અતિશય અને કેવળજ્ઞાન પછી દેવ કૃત ઓગણીશ અતિશય એમ અનુક્રમે ચોત્રીશ અતિશયો ઉત્પન્ન થાય છે. ઉપરોક્ત બાર ગુણોમાં ઉપલક્ષણથી ચોત્રીશ અતિશયોનો સમાવેશ થઈ જાય છે.

શ્રીઅરિહંત પરમાત્માના નામ, સ્થાપના, દ્રવ્ય, એમની ૩૫ ગુણયુક્ત વાણી, એમના અતિશયો, એમનું તીર્થ આદિ તમામ વસ્તુઓમાં જે અચિંત્ય સામર્થ્ય ઉત્પન્ન થાય છે, તેમાં મુખ્ય કારણ સર્વજગત–કલ્યાણના આશયવાળી ઉત્તમ ભાવના પૂર્વકની પૂર્વે ત્રીજા ભવે થયેલી એમની કલ્યાણકારિણી આરાધના છે.

અરિહંત એ સાકાર ઈશ્વર છે અને સિદ્ધ એ નિરાકાર ઈશ્વર સ્વરૂપ છે. ઉપાસનાનો ક્રમ એવો છે કે પ્રથમ સાકારની ઉપાસના અને પછી નિરાકારની ઉપાસના કરવી: એટલે તે ક્રમને અહીં માન્ય રાખવામાં આવ્યો છે.

સાકાર ઈશ્વર વડે જ નિરાકાર ઈશ્વરનો બોધ થાય છે; માટે તેમનો ઉપકાર આ જગતમાં બહુ મોટો છે અને તેથી પ્રથમ પદે તેઓ સ્મરણ કરવા યોગ્ય છે.

સિદ્ધપદની વિચારણા

સિદ્ધ એટલે સર્વકર્મો ખપાવીને શુદ્ધ થયેલો આત્મા. જેમને જન્મ, જરા, મરણ, રોગ, શોક કંઈ પણ હોતું નથી. તેઓ લોકના અગ્રભાગે સિદ્ધશિલામાં વિરાજી અક્ષય, અનંત, અવ્યાબાધ સુખનો નિરંતર ઉપયોગ કરી રહેલ છે. ભૂતકાલમાં આવા અનંત સિદ્ધો થઈ ગયા. આજે વર્તમાનમાં પણ અનેક આત્માઓ સિદ્ધ થાય છે અને ભવિષ્યમાં અનંત આત્માઓ સિદ્ધ થશે.

સિદ્ધ ભગવંત આઠ ગુણોથી ઓળખાય છે. (૧) અનંતજ્ઞાન, (૨) અનંતદર્શન, (૩) અનંત અવ્યાબાધ સુખ, (૪) અનંતચારિત્ર, (૫) અક્ષયસ્થિતિ, (૬) અરૂપીપણું, (૭) અગુરુલઘુત્વ એટલે નહિ ભારેપણું કે નહિ હલકાપણું. (૮) અને અનંતવીર્ય.

સિદ્ધના આત્મામાં સમસ્ત લોકને ડોલાવી શકે એવી શક્તિ હોય છે, પણ તેમને એ શક્તિનો ઉપયોગ કરવાનું કોઈ પ્રયોજન હોતું નથી.

આચાર્યપદની વિચારણા.

આચાર્ય એટલે જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર આ પાંચે આચારનું પોતે પાલન કરનારા અને બીજાની પાસે પાલન કરાવનારા. તેઓ ગચ્છના

નાયક હોય છે અને સારણાદિવડે સાધુઓની સારસંભાળ રાખે છે તથા પરમ કરુણા-રસથી ભરપૂર પરમાત્માના શાસનની ઉન્નતિ માટે પ્રયત્નશીલ હોય છે. તેઓ છત્રીસ ગુણોથી ઓળખાય છે. જેમકે—

પાંચ ઇન્દ્રિયોના વિષય ઉપર કાબૂ રાખનાર, તથા નવ પ્રકારની બ્રહ્મચર્યની વાડને ધારણ કરનાર, ચાર પ્રકારના કષાયથી મુક્ત, પાંચ મહાવ્રતથી યુક્ત, પાંચ પ્રકારના આચારનું પાલન કરવામાં સમર્થ, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત, આ છત્રીસ ગુણયુક્ત આચાર્યો હોય છે. આચાર્યના છત્રીસ ગુણોની ગણના બીજી રીતે પણ થાય છે.

ઉપાધ્યાય પદની વિચારણા.

ઉપાધ્યાય એટલે સાધુઓને શાસ્ત્રનો અભ્યાસ કરાવનાર. તેની વ્યાખ્યા શાસ્ત્રકારોએ આ પ્રમાણે કરી છે, उप–समीपे अधिवसनात् श्रुतस्य आयो–लाभो भवति येभ्यस्ते उपाध्याया–જેમની સમીપે વસવાથી શ્રુતનો લાભ થાય તે ઉપાધ્યાય કહેવાય.

ઉપાધ્યાય ભગવંતો ૨૫ ગુણોથી ઓળખાય છે, તે આ પ્રમાણે—૧૧ અંગ અને ૧૨ ઉપાંગ પોતે ભણે તથા સાધુઓને ભણાવે તથા ચરણસિત્તરી અને કરણસિત્તરી યુક્ત હોય છે.

સાધુ પદની વિચારણા.

સાધુ એટલે નિર્વાણમાર્ગની સાધના કરનાર અથવા

સ્વહિત અને પરહિત એમ ઉભયહિતને સાધનાર. તે નીચે મુજબ સત્તાવીસ ગુણોથી ઓળખાય છે.

પાંચ વ્રતોને પાળનાર	૫
રાત્રિભોજનનો ત્યાગ	૧
છકાય જીવની રક્ષા	૬
પાંચ ઇન્દ્રિયો ઉપર સંયમ	૫
ત્રણ ગુપ્તિનું પાલન	૩
લોભ રાખે નહિ	૧
ક્ષમા ધારણ કરે	૧
ચિત્તને નિર્મળ રાખે	૧
પડિલેહણ કરે	૧
સંયમમાં રહે	૧
પરીષહોને સહન કરે.	૧
ઉપસર્ગ સહે	૧
	૨૭

સકલ પ્રાણીઓના હિતનો આશય સાધુઓના હૃદયમાં અંકિત થયેલો હોય છે. સાધુ ધર્મનું લક્ષણ શાસ્ત્રોમાં નીચે મુજબ જણાવવામાં આવ્યું છે—

“ सामायिकादिगतविशुद्धक्रियाऽभिव्यङ्ग्यसकलसत्त्वहिताशयामृतलक्षणस्वपरिणामः एव साधुधर्मः । ”

સામાયિકાદિ વિશુદ્ધ ક્રિયાઓ દ્વારા પ્રગટ થતો

સકલ પ્રાણીઓના હિતના આશયરૂપ અમૃત લક્ષણ સ્વ-પરિણામ એ સાધુ ધર્મ છે.

આ રીતે પંચપરમેષ્ઠિને ઓળખાવનારા ગુણો ૧૨+૮+૩૬+૨૫+અને ૨૭ મલી કુલ ૧૦૮ થાય છે. પરમેષ્ઠિઓના ગુણોનું વારંવાર ચિંતન કરવાથી આપણું મન નવકારમાં એકાગ્ર બનતું જાય છે.

નમસ્કારના પ્રથમ પાંચ પદોથી આ પાંચ પરમેષ્ઠિઓને નમસ્કાર થાય છે, તેથી જ તેને પરમેષ્ઠિ નમસ્કાર, પરમેષ્ઠિ મંત્ર, પંચપરમેષ્ઠિ નમસ્કાર કે પંચપરમેષ્ઠિ મંત્ર કહેવામાં આવે છે.

પંચનમસ્કાર એટલે પાંચને કરાયેલો નમસ્કાર. તેનો બીજો અર્થ પંચાંગ નમસ્કાર થાય છે. પંચાંગ નમસ્કાર એટલે બે હાથ, બે ઢીંચણ અને મસ્તક મલી પાંચ અંગોને ભેગાં કરીને કરવામાં આવતો નમસ્કાર.

નમસ્કાર ચૂલિકાનો વિચાર.

પંચ નમસ્કાર કેવો છે? તે માટે પછીના ચાર પદોમાં એટલે કે ચૂલિકામાં બતાવવામાં આવ્યું છે કે–આ પાંચને કરેલો નમસ્કાર સર્વ પાપોનો પ્રણાશક છે. પ્રણાશક એટલે અત્યંત નાશ કરનાર–જડમૂળથી પાપને ઉખેડી નાખનાર. સામાન્ય ઉપર ઉપરથી નાશ થયો હોય તો વસ્તુ ફરી ઉત્પન્ન થાય, પણ તેનો અત્યંત નાશ કે મૂળથી નાશ થયો હોય તે ફરી કદી પણ થાય નહિ.

મનુષ્યને જે દુઃખ, કષ્ટ અને આપત્તિનો અનુભવ

થાય છે, તે અશુભ કર્મના ઉદયને લીધે થાય છે, પરંતુ આ અશુભ કર્મનો સંપૂર્ણ નાશ થઈ જતો હોય તો પછી કોઈ દુઃખ, કષ્ટ કે આપત્તિનો અનુભવ થવાનો પ્રસંગ આવે નહિ. તાત્પર્ય કે પંચપમેષ્ઠિને કરાયેલો આ નમસ્કાર સર્વ પાપોનો અને પરિણામે સર્વ દુઃખોનો અત્યંત નાશ કરનાર છે.

નવકારના છેલ્લા બે પદોમાં જણાવવામાં આવ્યું છે કે આ પંચનમસ્કાર સર્વ મંગલોમાં પ્રથમ મંગલ રૂપ થાય છે. મંગલ શબ્દની વ્યાખ્યા શાસ્ત્રકારોએ અનેક પ્રકારે કરી છે, પણ તેની મુખ્ય વ્યાખ્યા मङ्गति हितार्थं सर्पतीति मंगलम्—'જે પ્રાણીઓના હિતને માટે પ્રવર્તે તે મંગલ', એ અહીં ગ્રહણ કરવાની છે. પ્રાણીઓના હિતની પ્રવૃત્તિ અનેક પ્રકારે થાય છે, એટલે મંગલો પણ અનેક પ્રકારનાં છે અને તેથી અહીં 'मंगलाणं च सव्वेसिं' એવો શબ્દ પ્રયોગ છે. મંગલના જો દ્રવ્ય મંગલ અને ભાવ મંગલ એવા બે ભેદો કરીએ તો આ सव्वेसिं શબ્દથી બન્ને પ્રકારનાં મંગલો ગ્રહણ કરવાનાં છે. દ્રવ્ય મંગલ એટલે શુભ પદાર્થો, જેવા કે સ્વસ્તિક, શ્રીવત્સ, નંદ્યાવર્ત, વર્ધમાનક, ભદ્રાસન, કળશ, મીનયુગલ, દર્પણ, વગેરે. તથા દધિ, દુર્વા, સુવર્ણ વગેરેની ગણના પણ શુભ પદાર્થોમાં થાય છે ભાવમંગલ એટલે અહિંસા, સંયમ, તપ, સ્વાધ્યાય, જ્ઞાન, ધ્યાન આદિ શુભ ભાવોની પ્રાપ્તિ.

પ્રથમ મંગલ એટલે ઉત્તમ કે ઉત્કૃષ્ટ મંગલ. પંચ-નમસ્કાર સર્વે મંગલોનું ઉત્કૃષ્ટ મંગલ થાય છે, એટલે

મંગલ તરીકે તે બીનહરીફ છે–અદ્વિતીય છે. તેનું સ્થાન અન્ય કોઈ વસ્તુ લઈ શકતી નથી. તાત્પર્ય કે આ મંગલ દ્રવ્ય અને ભાવ બન્નેથી પ્રાણીનું અત્યંત હિત કરનાર છે, એટલે તેને કોઈ પણ પ્રકારના ઉપદ્રવો સતાવી શક્તા નથી. ભાવથી પંચપરમેષ્ઠિનું સ્મરણ કરનાર ભવ્ય આત્મા અશુભ વિચાર યા અશુભ પરિણામની ધારાએ ચડતો નથી.

નવકારનું સ્મરણ એટલે પંચપરમેષ્ઠિનું સ્મરણ, પંચપરમેષ્ઠિનું સ્મરણ એટલે આત્મ––શુદ્ધિનું સ્મરણ અને આત્મશુદ્ધિનું સ્મરણ એટલે મુક્તિ, મોક્ષ કે નિર્વાણનું સ્મરણ. આ રીતે નમસ્કારનું સ્મરણ જીવનમાં અંતિમ ધ્યેયનું સ્મરણ કરાવી મનુષ્યને અનંત સુખ પ્રત્યે લઈ જાય છે. એટલે શાસ્ત્રમાં તે પરમ કે પ્રવરમંત્ર ગણાયો છે.

પારસ જે ધાતુને સ્પર્શે છે તેને સુવર્ણ બનાવે છે, તેમ શ્રી નવકારનું મંગલ જેનાં અંતઃકરણમાં વસ્યું છે તેને તે પૂર્ણ મંગલરૂપ બનાવે છે, સિદ્ધરૂપ બનાવે છે, સ્વસ્વરૂપ બનાવે છે.

જાપ કેવી રીતે કરવો ?

જાપ ત્રણ પ્રકારનો છે. (૧) ભાષ્ય, (૨) ઉપાંશુ અને (૩) માનસ. આ ત્રણ પ્રકારો ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે. એટલે કે ભાષ્ય કરતાં ઉપાંશુ અને ઉપાંશુ કરતાં માનસ જાપનું ફલ ઘણું વધારે છે. આમ છતાં જાપની શરૂઆત તો ભાષ્યથી જ કરવી ઉત્તમ છે. જેઓ ભાષ્ય જાપનો અભ્યાસ કર્યા વિના ઉપાંશુ જાપનો આશ્રય કરે છે, કે ઉપાંશુ જાપનો અભ્યાસ કર્યા વિના સીધો માનસ જાપનો આશ્રય કરે છે, તેમને જપસિદ્ધિ થતી નથી. કદાચ કોઈ મહાપુરુષને પૂર્વ જન્મના સંસ્કારના બળે આ ક્રમ અનુસર્યા વિના સિદ્ધિ થતી દેખાય તો પણ એ રાજમાર્ગ છે એમ માનવું નહિ. ભાષ્ય અને ઉપાંશુ જાપનો અભ્યાસ થઈ ગયા પછી માનસ જાપ કરવો હિતકર છે.

ભાષ્ય, ઉપાંશુ અને માનસ આદિ જાપનાં લક્ષણો.

'यस्तुपरैः श्रूयते स भाष्यः ।'–જેને બીજો સાંભળી શકે તે ભાષ્યઃ અર્થાત્ હોઠ હલાવીને સ્પષ્ટ ઉચ્ચારણરૂપ વૈખરી વાણીથી મંત્રનો જાપ કરવો તેને ભાષ્ય જાપ કહેવામાં આવે છે. આ જાપ મધુર સ્વરે ધ્વનિ શ્રવણ-પૂર્વક બોલીને કરવો. ભાષ્ય જાપથી ચિત્ત નિરવ શાન્ત બને છે. આ જાપ વચનપ્રધાન છે. તેને વાચિક જાપ પણ કહેવામાં આવે છે.

આ જાપ સારી રીતે સિદ્ધ કર્યા પછી કંઠગતા મધ્યમા વાણીથી જાપ કરાય, તેને 'ઉપાંશુ' કહેવામાં આવે છે.

'उपांशुस्तु परैरश्रूयमाणोऽन्तनर्जल्परुपः ।'

'—બીજાઓ ન સાંભળી શકે એવો પણ અંદરથી રટણરૂપ હોય તે ઉપાંશુ. આમાં ઓષ્ઠ, જીભ વગેરેનો વ્યાપાર ચાલુ હોય છે, પણ પ્રગટ અવાજ હોતો નથી. આ જાપમાં વચનની નિવૃત્તિ થાય છે. કાયાની પ્રવૃત્તિ તેમાં પ્રધાન હોય છે.

આ જાપની સિદ્ધિ થયા પછી હૃદયગતા 'પશ્યંતિ' વાણીથી જાપ કરાય તેને 'માનસ' જાપ કહેવામાં આવે છે.

'मानसो मनोमात्रवृत्तिनिर्वृत्तः स्वसंवेद्यः ।'

"—માનસ જાપ તેને કહેવામાં આવે છે કે જે માત્ર મનની વૃત્તિઓ વડે જ થાય છે અને સાધક પોતે જ તેનો અનુભવ કરી શકે છે. આ જાપમાં કાયાની અને વચનની પ્રવૃત્તિ નિવૃત્ત થાય છે. અર્થાત્ ઓષ્ઠ આદિ અવયવોનું હલન-ચલન અને ઉચ્ચાર સર્વથા અટકી જાય છે. જાપ કરતાં દૃષ્ટિને પ્રતિમા, અક્ષરો, અથવા નાસિકાના અગ્રભાગ ઉપર સ્થિર રાખવી તેમ ન બની શકે તો આંખો મીંચી ધારણાથી અક્ષરોને લક્ષ્યમાં રાખી જાપ કરવો. માનસ જાપ સારી રીતે સિદ્ધ થતાં નાભિગતા 'પરા' વાણીથી જાપ કરાય તેને 'અજપા' જાપ કહે છે. દૃઢતર અભ્યાસ થવાથી આ જાપમાં ચિંતન વિના પણ મનમાં નિરંતર

મહામંત્રનું રટણ થયા કરે છે. જ્યારે ઉપયોગ ન હોય ત્યારે પણ શ્વાસોચ્છ્વાસની જેમ આ જાપ ચાલુ જ હોય છે. જેમ કોઈ માણસ ચાર વાગે ઉઠવાનો દૃઢ સંકલ્પ કરીને સૂઈ જાય, પછી સંકલ્પ બળથી જ 'ચાર વાગે ઉઠવું છે' એવો અજપા જાપ ચાલુ થાય છે અને બરાબર ચાર વાગે ઉઠી શકે છે. તેમ અજપા જાપ પણ દૃઢ સંકલ્પ અને દીર્ઘ અભ્યાસથી સિદ્ધ થઈ શકે છે. આ સ્થિતિમાં પ્રયત્ન વિના પણ 'અખંડજાપ' ચાલુ રહે છે અને તેથી શરીરમાં રોમે રોમ ઈષ્ટદેવનું રટન ચાલુ રહે છે. આવો જાપ થતાં સાધક અનિર્વચનીય સુખનો અનુભવ કરવા ભાગ્યશાળી બને છે.

નવકારનો પ્રત્યેક અક્ષર મંત્ર સ્વરૂપ છે.

નવકારના પાંચ અથવા નવપદોને અનાનુપૂર્વીથી પણ ચિત્તની એકાગ્રતાને માટે ગણવામાં આવે છે. નવકારનો એક એક અક્ષર કે એક પદનો જાપ પણ ઘણા જ ફળને આપનારો થાય છે. યોગશાસ્ત્રના આઠમા પ્રકાશમાં કહ્યું છે કે પંચપરમેષ્ઠિના નામથી ઉત્પન્ન થયેલી સોળ અક્ષરની વિદ્યા છે, તેનો બસો વાર જાપ કરવાથી ઉપવાસનું ફળ મલે છે. 'अरिहंत सिद्ध आयरिय उवज्झाय साहू' એ સોળ અક્ષર જાણવા. તેમજ ભવ્યજીવ ત્રણસોવાર 'अरिहंत सिद्ध એ છ અક્ષરના મંત્રને, ચારસોવાર 'अरिहंत' એ ચાર અક્ષરના મંત્રને અને પાંચસોવાર નવકારના આદિ અક્ષર 'अ' વર્ણ-રૂપ મંત્રને ચિત્તની એકાગ્રતાથી જપે, તો ઉપવાસનું ફળ પામે છે.

નવકારના વર્ણોના જાપનું માત્ર આટલું જ ફળ નથી પરમાર્થથી નવકારના જાપનું ફલ સ્વર્ગ અને મોક્ષ છે. છતાં અહીં જે સામાન્ય ફળ બતાવવામાં આવ્યું છે, તે જીવને નવકારના જાપમાં પ્રવૃત્તિ કરાવવાને અર્થે બતાવવામાં આવ્યું છે. વળી કહ્યું છેકે નાભિકમલને વિષે સર્વતો મુખી 'अ'કાર શિરઃકમલે 'सि'કાર, મુખકમલને વિષે 'आ'કાર હૃદયકમલમાં 'उ'કાર, અને કંઠકમલ વિષે 'सा'કાર રહેલો છે, એમ ધ્યાન કરવું. તથા બીજા પણ સર્વકલ્યાણ કરનારા મંત્રબીજ ચિંતવવા. આલોકના ફલની ઈચ્છા કરનારાઓએ 'ॐ'કાર સહિત પાઠ કરવો અને નિર્વાણપદની અભિલાષાવાળાએ 'ॐ' કાર રહિત કરવો. એ રીતે ચિત્તની સ્થિરતા માટે એ મંત્રના વર્ણ અને પદ અનુક્રમે જુદા કરીને પણ જાપ થાય છે, શ્રી મહાનિશીથસૂત્રમાં આ મંત્રને અનંત ગમ-પર્યાય અને અર્થનો પ્રસાધક તથા સર્વ મહામંત્ર અને પ્રવર વિદ્યાઓના ઉત્કૃષ્ટ બીજ સ્વરૂપ ગણાવ્યો છે. આ મંત્રનો. જાપ આત્માને સર્વ રીતે હિતદાયક છે. જાપ કરતાં થાક લાગે તો 'ધ્યાન' કરવું અને ધ્યાન કરતાં થાક લાગે તો 'જાપ' કરવો, તેમજ બે કરતાં થાક લાગે તો સ્તોત્ર કહેવું. શાસ્ત્રોમાં જાપ વિગેરેનું ઘણું ફળ કહ્યું છે. જેમ કે-"**ક્રોડ પૂજા સમાન એક સ્તોત્ર છે. ક્રોડ સ્તોત્ર સમાન એક જાપ છે, ક્રોડ જાપ સમાન એક ધ્યાન છે અને ક્રોડ ધ્યાન સમાન એક લય છે.' લય એટલે ચિત્તની લીનતા, એકાગ્રતા સ્થિરતા, કે સ્વરૂપમાં રમણતા, કે જે ધ્યાનની સર્વોત્તમ ટોચ છે.**

જાપ કરનાર સાધકે ધ્યાનમાં રાખવા યોગ્ય બાબતો.

જાપ માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી.

(૧) **નિશ્ચિત સમય**—સામાન્યથી શ્રી નમસ્કાર મહામંત્રના જાપ માટે બ્રાહ્મ મુહૂર્ત (પાછલી ચાર ઘડી રાત્રી) અને ત્રણ સંધ્યાનો નિશ્ચિત સમય શ્રેષ્ઠ છે. ત્રણ સંધ્યા નીચે પ્રમાણે સમજવી. (૧) સૂર્ય ઉદય પહેલાંની એક ઘડી અને ઉદય પછીની એક ઘડી, (૨) મધ્યાહ્ન પહેલાંની એક ઘડી અને પછીની એક ઘડી, (૩) સૂર્યાસ્ત પહેલાંની એક ઘડી અને પછીની એક ઘડી, અથવા તો સૂર્યાસ્ત પછીની બે ઘડી કે સુર્યોદય પહેલાંની બે ઘડી. જાપ કરવા માટે આ ત્રણ સંધ્યાનો સમય ઉત્તમ મનાયો છે; પરંતુ તેમાં પહેલી સંધ્યા વધારે સારી છે. કારણ કે તે વખતે વાતાવરણ શાન્ત હોય છે અને મગજ પણ શાન્ત હોય છે. આ સિવાય સૂર્યોદયથી માંડી દશ વાગ્યા સુધીનો અને પાછલી રાત્રિનો સમય પણ જાપ માટે સારો કહ્યો છે.

શ્રીનવકાર મંત્રનું સ્મરણ જ્યારે જ્યારે અનુકૂળતા હોય ત્યારે ત્યારે વારંવાર કરવાનું શાસ્ત્રમાં જે વિધાન છે; તે તેવી રીતના જાપથી શુભ સંસ્કારોની સતત જાગૃતિ રહે એ અપેક્ષાએ સમજવું વારંવાર સ્મરણથી શુભ સંસ્કારોની

જાગૃતિ રહે છે એ સત્ય હકીકત છે, તો પણ વિશિષ્ટ આત્મ-શકિત જાગૃત કરવા માટે જાપની પ્રાથમિક ભૂમિકામાં ઉપર જણાવેલા સમયની મર્યાદા જાળવવી જરૂરી છે. પ્રાથમિક ભૂમિકાએ જાપ કરનારે અમુક સમય નકકી કરી રાખવો જોઈએ. જાપની પ્રાથમિક શકિતઓના અનુભવ માટે સમયની ચોકસાઈ જાળવવી જરૂરી છે.

(૨) **નિશ્ચિત આસન**—શ્રીનવકાર મંત્રના જાપ માટે આસન શ્વેત, શુદ્ધ, ઊનનું રાખવું. વસ્ત્રો પણ શ્વેત પહેરવાં જોઈએ અને માળા પણ સફેદ દોરાની ગુંથેલી હોવી જોઇએ. શ્વેતરંગ એ શુકલ લેશ્યાનું પ્રતિક છે. શુકલધ્યાનની યોગ્ય ભૂમિકાના ભાવને ખેંચવાની શકિત બીજા રંગોની અપેક્ષાએ તેનામાં અધિક છે. પ્રકાશના અધિક પરમાણુઓને પોતાના પ્રત્યે ખેંચવાનો વિશિષ્ટ ગુણ પણ શ્વેત રંગમાં છે. તથા પદ્માસન આદિ આસનોમાંથી પણ જે આસને સુખપૂર્વક લાંબો વખત બેસી શકાય તેવું અનુકૂળ આસન નક્કી કરીને તે આસન કરીને જાપ કરવો.

શરીર અને મનને સંબંધ છે. શરીર એ વાસણના સ્થાને છે અને મન એ પાણીના સ્થાને છે, શરીર ચંચળ બને તો તેની અસર મન ઉપર પણ થાય છે, અર્થાત્ મન પણ ચંચલ બને છે. તેથી સાધનાની શરૂઆતમાં આસન બાંધવું જ જોઈએ. આ આસનની સ્થિરતાનો આધાર ખોરાકની શુદ્ધિ ઉપર છે. તેથી સાધકે પોતાનીપ્રકૃતિને અનુકૂલ સાત્વિક અને મિત ખોરાક લેવો જોઈએ. ઉણોદરીનું પાલન નિયમા કરવું ઘટે. ભારે તળેલા અને મસાલાથી ભરપુર પદાર્થો

ન લેવા જોઈએ. ઉપરાન્ત ઓછામાં ઓછો સાંજનાં ભોજનનો મોહ છોડી દેવો જોઈએ.

દૃષ્ટિ નાસિકા ઉપર સ્થાપવી જોઈ એ. ટટાર બેસવું જોઈ એ, ઢીંચણ જમીનને અડવા જોઈએ; કરોડરજ્જુ સરલ હોવી જોઈએ અને હોઠ બંધ રાખી દાંતને દાંત ન અડે એ ખ્યાલમાં રાખવું જોઈ એ. જગ્યા પણ એક જ નિશ્ચિત રાખવી. એક સ્થાન ઉપર શ્રીનવકાર મંત્રનો જાપ કરવાથી તે સ્થળે વાતાવરણ વિશિષ્ટ કોટિનું સર્જાય છે. વારંવાર સ્થાન બદલવાથી અને જ્યાં ત્યાં મરજી મુજબ જાપ કરવાથી તેનાં આંદોલનો બરાબર ઉપજે નહિ અને શકિત જ્યાં ત્યાં વિખરાઈ જાય. એથી ખાસ અત્યંત જરૂરી કારણ વિના જાપનું સ્થાન બદલવું નહિ. સંજોગવશાત્ સ્થાન બદલવું પડે તો પણ બેસવાનું આસન તો એક જ રાખવું.

(૩) **નિશ્ચિત દિશાઃ**—જાપ નિયમિતપણે પવિત્ર અને એકાન્ત સ્થળમાં, પૂર્વ અગર ઉત્તર દિશા સન્મુખ બેસીને, મકાનની સૌથી નીચેની ભૂમિકા પર કરવો, અથવા જિનમંદિરમાં ભગવાનની સન્મુખ કરવો. સ્થળ જેટલું પવિત્ર હોય છે, તેટલી જપમાં વિશેષ તલ્લીનતા આવે છે. આ વિષયમાં સુરિપુરંદર શ્રીહરિભદ્રાચાર્યશ્રીએ યોગબિન્દુ નામના ગ્રન્થરત્નમાં જે હકીકત જણાવી છે, તે અતિ ઉપયોગી હોવાથી અહીં જણાવીએ છીએ.

તેઓશ્રી ફરમાવે છે કે **"ધાર્મિક પુરુષોનું પ્રધાન લક્ષણ ઇષ્ટદેવતાના મંત્રનો જાપ છે. આ જાપ ઈષ્ટદેવની**

સ્તુતિરૂપ છે. મંત્ર વડે સર્પદંશના વિષની જેમ આ જાપથી પાપરૂપી વિષનો નાશ થાય છે. આ જાપ દેવતાની સન્મુખ, જળવાળા તળાવ નદી કે દ્રહની નજીક, અથવા ફુલ-ફળથી લચી રહેલા વિશિષ્ટ વૃક્ષોવાલા બગીચાની અંદર કરવો. માળાવડે, આંગળીના વેઢાવડે, કે હૃદયકમળાદિ વિશિષ્ઠ સ્થાનવડે મંત્રનો જાપ કરવો, જાપ વખતે દષ્ટિ નાસિકાના અગ્રભાગ ઉપર અને ચિત્ત મંત્રોનાં પદો ઉપર એકાગ્ર કરવું."

ધૂપ અને દીપથી વાતાવરણ શાન્ત અને શુદ્ધ બને છે. તેથી શકય હોય ત્યાં સુધી ગૃહસ્થ સાધકે ગાયના શુદ્ધ ઘીનો દીવો અને દશાંગ જેવા ઉત્તમ ધૂપની સામગ્રીવાલું સ્થાન પસંદ કરવું.

(૪) **નિશ્ચિત માલા**—શ્રીનવકાર મંત્રના જાપ માટે શુદ્ધ સુતરની, અસલી સ્ફટિકની, અગર નક્કર ચાંદીની માળા વિહિત જાણવી.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ અનુસાર જાપના ફલની તરતમતા હોય છે, એટલે જાપમાં ઉપયોગી વસ્તુઓ અર્થાત્ માળા વિગેરે જો શુદ્ધ હોય તો ઉલ્લાસની વૃદ્ધિ થાય છે. જાપ હંમેશાં અમુક ચોક્કસ માળાથી જ કરવો. બનતાં સુધી માળાની પણ ફેરબદલી ન કરવી. જપ માળાને પોતાના હૃદયની સમ શ્રેણિમાં ધારણ કરવી જોઈએ અને તે માળા પહેરેલાં વસ્ત્રો કે પગને સ્પર્શ કરે નહિ તેની કાળજી રાખવી જોઈએ તથા મેરૂનું ઉલ્લંઘન ન કરવું જોઈએ.

આ પ્રમાણે કરવાથી શ્રીનવકાર મહામંત્રોના વર્ણોના

જાપદ્વારા આરાધકની આત્મશકિત નવકારવાલીના મણકામાં કેન્દ્રિત થાય છે. પરિણામે અમુક સમય ગયા પછી આત્મ-શકિતના કેન્દ્ર સમાન બનેલા તે મણકાઓવાલી માળાવડે જાપ કરવાથી આત્મશકિતઓનો ઝડપી વિકાસ થાયછે.શરૂઆતમાં થોડા દિવસ માળાથી જાપ કરવો, પછી નંદ્યાવર્ત્ત અને શંખાવર્ત્તથી ગણવાનો અભ્યાસ પાડવો. નંદ્યાવર્ત્તથી બારની સંખ્યા જમણા હાથે ગણવી અને શંખાવર્ત્તથી ડાબા હાથે નવની સંખ્યા ગણવી. એમ બારની સંખ્યાને નવ વખત ગણતાં ૧૦૮ ની સંખ્યા થશે.

ડાબા હાથે શંખાવર્ત્ત				જમણાં હાથે નંદ્યાવર્ત્ત			
૩	૪	૫	૦	૩	૪	૫	૧૨
૨	૯	૬	૦	૨	૭	૬	૧૧
૧	૮	૭	૦	૧	૮	૯	૧૦

ઉપરાંત જ્યારે સમય મળે ત્યારે જેમ બને તેમ સમાન સાધના અને સમાન વિચારવાળા અધિક સાધકોએ સાથે મળીને એક સ્થળે અધિક સમય માટે સહયોગથી જાપની સાધના કરવી જોઈએ, એથી જાપમાં અધિક શક્તિ ઉત્પન્ન થાય છે.

(૫) નિશ્ચિત સંખ્યાઃ—જાપનું જઘન્ય પ્રમાણ એટલું નક્કી કરવું જોઈએ કે જીવનના અંત સુધી તેટલી સંખ્યાથી ઓછો જાપ કદી પણ થાય નહિ. નિયત પ્રમાણથી અધિક થઈ શકે. પણ ઓછો તો નહિ જ. નિશ્ચિત કરેલી

સંખ્યાને વળગી રહેવાથી જાપ કરનારની વૃત્તિઓ જગતના પદાર્થોમાંથી પરાઙ્મુખ થઈને આત્માભિમુખ બને છે. કોઈ પણ જાતની સંખ્યાના ધોરણ વિના અવ્યવસ્થિતપણે કરાતો જાપ શકિતઓને કેન્દ્રિત કરવા સમર્થ બનતો નથી. સંખ્યાના ધોરણને જાળવવાથી આંતરિક શકિતઓનો વિકાસ સરળતાથી થઈ શકે છે. આધુનિક વિજ્ઞાનના કેટલાક પ્રયોગોથી એ વાત સાબિત થઈ છે, કે અમુક ચોક્કસ કરેલ જગ્યાએ, અમુક નક્કી કરેલા સમયે અને અમુક ચોક્કસ કરેલ સંખ્યામાં ધારાબદ્ધ રીતે જાપ કરવાથી અમુક પ્રકારનું ચોક્કસ વાતાવરણ બંધાય છે, અને તેમાં પ્રવેશ કરનાર ભયંકર આચાર-વિચારવાળો પણ ચમત્કારિક રીતે તે વાતાવરણના પવિત્ર સંસ્કારોથી ઘડીભરને માટે રંગાઈ જાય છે. આ છે સ્થાન સમય અને સંખ્યાની ચોકસાઈ જાળવવાનો મહિમા ! આ છે શબ્દશકિતના વિદ્યુત્ તરંગોનો પ્રભાવ ! ! મોક્ષમાં ગયેલા અનંતાનંત પુણ્યાત્માઓના આત્મબલના વાહકરૂપે શ્રીનમસ્કાર મહામંત્રના વર્ણો છે, તે પ્રત્યેક વર્ણો દિવ્યશકિતનાં નિધાન છે, અનાદિસિદ્ધ છે. એ અડસઠ વર્ણોને સમય, સ્થાન, દિશા, અને સંખ્યા આદિની નિયમિતતા પૂર્વક ગણવામાં ઘણા લાભ છે. જાપની પ્રાથમિક ભૂમિકામાં ઉપરની બાબતો ઉપયોગી હોવાથી આરાધકે પોતાની આત્મશકિતના વિકાસ માટે તેને આદરપૂર્વક અપનાવવી જોઈએ.

જાપનો આ બાહ્ય વિધિ છે, તેની સાથે **'આ જાપ સર્વ જીવોના ભવતાપને શાન્ત કરો'** એ ભાવના ભળવાથી સાધકનો અહંભાવ નાશ પામે છે. અહંભાવ નાશ પામવો એજ જાપનું શ્રેષ્ઠ ફળ છે.

જાપની સિદ્ધિ માટે પ્રયોજનભૂત જ્ઞાન

જાપની સિદ્ધિ ઈચ્છનાર સાધકને જાપમાં અતિ પ્રયોજનભૂત હકીકતોનું જ્ઞાન બરાબર રુચિપૂર્વકનું હોવું જોઈએ. રુચિપૂર્વકનું જ્ઞાન એટલે જ્ઞાન પ્રમાણે યથાશક્તિ જીવનમાં ઉતારવાની તાલાવેલીપૂર્વકનું જ્ઞાન. તે વિના સાધના માર્ગમાં આગલ વધી શકાય નહિ. એથી અહીં જાપમાં અતિ ઉપયોગી બાબતોને રજુ કરવામાં આવે છે.

પ્રથમ જાપ કરનાર સાધકે પરમેષ્ઠિ ભગવંતોનું સ્વરૂપ ગુરુઓ પાસેથી સારી રીતે સમજી લેવું જોઈએ અને તેનું વારંવાર ચિન્તન-મનન કરીને પોતાના નામની જેમ આત્મસાત્ કરી લેવું જોઈએ. પોતાનું નામ લેતાંની સાથે જ જેમ પોતાનું સમગ્ર સ્વરૂપ ખ્યાલમાં આવે છે; તેમ જાપ કરતી વખતે મંત્રના અક્ષરોનો અર્થ પોતાના મનની સમક્ષ પ્રગટ થવો જોઈએ,

પરમેષ્ઠિ ભગવંતોનો આપણા પર કેવો પરમ ઉપકાર તથા તેમના ઋણ નીચે આપણે કેટલા દબાયેલા છીએ, તેનો ખ્યાલ જાપ કરનારે સતત રાખવો જોઈએ. પરમેષ્ઠિ ભગવંતોનું આલંબન ન મલવાના કારણે ભૂતકાળમાં અનંત ભવભ્રમણો કરવાં પડયાં, તેનો અંત આજે તેમના અવલંબનથી આવી રહ્યો છે, તેનો હર્ષ ધારણ કરવો જોઈએ.

માનસજાપ વખતે કાયા અને વસ્ત્રની શુદ્ધિ સાથે મનનું અને વાણીનું મૌન પુરેપુરું જાળવવા પ્રયત્ન કરવો.

જાપનો ઉદ્દેશ પહેલેથી સ્પષ્ટ અને નક્કી કરી લેવો જોઈએ. સર્વ જીવરાશિનું હિત થાઓ, સર્વ જીવો પરમાત્મશાસનના રસિયા બનો, આ ઉદ્દેશ સર્વથી શ્રેષ્ઠ છે. ભવ્યાત્માઓ મુક્તિ પામો, સંઘનું કલ્યાણ થાઓ, વિષય અને કષાયની પરવશતાથી હું જલ્દી મૂકાઉં, મૈત્રી આદિ ભાવનાઓથી મારું અંતઃકરણ સદા સુવાસિત રહો, વિગેરે ઉદ્દેશોમાંથી કોઈ પ્રશસ્ત ઉદ્દેશ નક્કી કરવો. જાપ કરતી વખતે કદાચિત્ ચિત્તવૃત્તિ ચંચલ બને તો થોડીકવાર જાપ બંધ કરી નીચે લખેલાં વાકયોમાંથી કોઈ એક વાકયની કે એના જેવી બીજી વિચારણામાં ચિત્તને જોડવું.

જગતના સર્વ જીવો સુખી થાઓ, રોગી સર્વ નીરોગી બનો, વિશ્વના કોઇ પણ જીવો પાપ ન કરો, વિશ્વના કોઈ પણ જીવો દુઃખી ન થાઓ, વિશ્વના સમસ્ત દોષો નાશ પામો, વિશ્વમૈત્રી વિકાસ પામો, સર્વને સદ્બુદ્ધિ મળો, સર્વ જીવો બોધિબીજ પામો.

એ પ્રમાણે ઉચ્ચ વિચારણામાં ચિત્તને જોડવાથી ચિત્તની ચંચળતા ટળી જાય છે. એ રીતે ચિત્તને સ્વસ્થ કરીને તરત પુનઃ જાપ શરૂ કરી દેવો.

સાધકે રાગ કે દ્વેષમાં ચિત્તને પરિણત ન થવા દેવું, પરંતુ સમતામાં રહેવાનો પ્રયત્ન કરવો.

સમતાથી જાપમાં સાહજિક પ્રગતિ થશે, સમતા ચિત્તમાં શાન્તિનું સામ્રાજ્ય સ્થાપિત કરશે અને એથી નવકારનું સ્મરણુ કાયમી બનશે. શાન્તિ, સમતા અને સમર્પણુ એ ત્રણેને સાધક પોતાના જીવનમાં જેટલાં અધિક સ્થાપિત કરશે, તેટલી તેની પ્રગતિ અધિક થશે.

સાધકે પોતાના બધા સંબંધોમાં આધ્યાત્મિક્તા સ્થાપિત કરવી. કોઈ પણુ પ્રકારના અયોગ્ય આકર્ષણુમાં પોતે તણુાઈ જવું નહિ, તેમ કોઈ પણુ વિષયના રાગદ્વેષમાં બીજાને બાંધવાનો પણુ પ્રયાસ કરવો નહિ.

સાધનાના પરિણુામ વિષે અધિરા ન બનવું. પણુ ધૈર્ય ધારણુ કરવું. સાધનામાં વીતાવેલી પ્રત્યેક પળની જીવન ઉપર અચૂક અસર થાય છે. નવકાર જ્યારે સુક્ષ્મ-ભૂમિકાઓમાં અપ્રગટપણે શુદ્ધિનું કાર્ય કરે છે, ત્યારે એનો પ્રભાવ તાત્કાલિક જણુાતો નથી, પણુ ધીરે ધીરે યોગ્ય સમય પાકતાં એ બહાર આવે છે અને આપણી સમગ્રતામાં તેમ જ આપણુા વાતાવરણુમાં એનો પ્રભાવ પ્રગટ અનુભવાય છે. જ્યાં સુધી સાધકના ચિત્તમાં ચંચળતા, અસ્થિરતા, અશ્રદ્ધા, ચિંતા, વિગેરે હોય છે, ત્યાં સુધી તે પ્રગતિ કરી શકતો નથી. એ બધાનો અભાવ કરી શાન્તતા, સ્થિરતા, અડગતા, ધીરતા, વિગેરેને પોતાના ચિત્તમાં સ્થાપિત કરવાં, તે સાધક માટે અતિ આવશ્યક છે.

સાધકે એ પણુ નક્કી કરી રાખવું કે મારા ઉદ્દેશની

સફળતા આ જાપના પ્રભાવે જ થવાની છે. જેમ જેમ સફળતા દેખાતી જાય તેમ તેમ સમર્પણભાવ અધિક અધિક કેળવતા જવું.

જાપની સંખ્યા કેટલી થઈ તેનું ધ્યાન રાખવા સાથે જાપમાં ચિત્તની એકાગ્રતા કેટલી થઈ તેનું પણ ધ્યાન સતત રાખવું.

જાપથી અન્ય કાર્ય થાય કે ન થાય, પણ હૃદયશુદ્ધિ અવશ્ય થાય છે અને હૃદયશુદ્ધિના પરિણામે બુદ્ધિ પણ નિર્મળ બની રહી છે એમ સતત વિચારવું. 'બુદ્ધિ નિર્મળ થવાથી સર્વ પુરુષાર્થોની સિદ્ધિ થાય છે' એવું શાસ્ત્રવાક્ય સદા સ્મરણ પથમાં રાખવું. 'બુદ્ધિને નિર્મળ કરવાનું ધ્યેય જાપવડે અવશ્ય પાર પડે છે' એવી શ્રદ્ધા રાખવી. જાપ કરનાર સાધકે વિષયોને વિષવૃક્ષ જેવા માનવા, સંસારના સમાગમોને સ્વપ્નવત્ જોવા, પોતાની વર્તમાન અવસ્થાને નાટકનો એક ભાગ માનવો, શરીરને કેદખાનું અને ઘરને મુસાફરખાનું માનવું. આ રીતે અનિત્યાદિ ભાવનાઓથી પોતાના આત્માને ભાવિત કરવો. વળી સાધકે જાપથી પ્રાપ્ત થતાં ગુણોનું ચિંતન પણ કરવું.

શ્રી નવકાર મંત્રનો જાપ કરવાથી આત્મામાં શુભકર્મનો આશ્રવ થાય છે, અશુભ કર્મનો સંવર થાય છે, પૂર્વકર્મની નિર્જરા થાય છે. લોકસ્વરૂપનું જ્ઞાન થાય છે, સુલભબોધિપણું મળે છે અને સર્વજ્ઞકથિત ધર્મની ભવોભવ પ્રાપ્તિ કરાવનાર પુણ્યાનુબંધિ પુણ્યકર્મ ઉપાર્જન થાય છે. ઈત્યાદિ શુભ ભાવનાઓ ચિત્તમાં નિરંતર રમ્યા કરે તેવા પ્રયત્નો કરવા.

જાપમાં પ્રગતિ ઈચ્છનારે નીચેના નિયમોનું ચીવટથી પાલન કરવું જરૂરી છે.

(૧) દુર્વ્યસનોનો ત્યાગ.

(૨) અભક્ષ્ય ભક્ષણનો ત્યાગ.

(૩) શ્રી જિનપૂજન આદિ શ્રાવકાચારનું પાલન, તથા યથાશક્તિ તપ-જપ ધ્યાન અને આવશ્યક ક્રિયાઓ.

(૪) બાહ્ય જીવનમાં ખાસ કરીને પ્રમાણિકતા અને નીતિમત્તાનું પાલન-રક્ષણ.

(૫) ત્રણ સંધ્યાએ વિશ્વકલ્યાણની શ્રેષ્ઠ ભાવના-પૂર્વક ઓછામાં ઓછા બાર બાર નવકાર મંત્રનો નિયમિત જાપ.

(૬) શ્રી નમસ્કાર મહામંત્રના ધારકને પોતાના પરમ બાંધવ લેખી તેમના સુખ-દુઃખમાં પરસ્પર સહાનુભૂતિપૂર્ણ વ્યવહાર રાખવો.

(૭) પંચ પરમેષ્ઠિ નમસ્કાર પ્રત્યે પ્રીતિ ભક્તિ જગાડે તેવું વાંચન દિવસમાં થોડીવાર પણ દરરોજ નિયમિત કરવું.

(૮) આરાધકોને નમસ્કારની આરાધનામાં ઉત્તેજન મળે, એ હેતુથી સાહિત્યની વૃદ્ધિ, અનુભવની સામગ્રી, તથા જાપના અભ્યાસક્રમની વિધિ, આદિ યોજનાઓ દ્વારા માર્ગદર્શન આપવાના પ્રયત્નો કરવા અને કરાવવા.

જાપમાં વિશેષ પ્રગતિ સાધવાના ઉપાયો.

જાપ પ્રથમ નવકારવાલી આદિના આલંબનથી શંખાવર્ત્ત, નંદ્યાવર્ત્ત આદિથી અને પછી હૃદયકમળમાં નવકારના અક્ષરોની ધારણાથી કરવો. અક્ષરોની ધારણાનો અભ્યાસ કરવાની રીત આ પ્રમાણે છે.

અક્ષરો જોવાની પ્રથમ રીત.

મહામંત્રોના અક્ષરો સાથે આપણા ચિત્તનું જોડાણ થાય તે માટે શરૂઆતમાં કાલા રંગ ઉપર સફેદ અક્ષરોવાળું છાપેલું કાર્ડ સામે રાખી વાંચવું, એક વખતે અડસઠ અક્ષરો વંચાય ત્યારે એક જાપ થયો ગણાય. અક્ષરો વાંચતી વખતે જે અક્ષરો વંચાતા હોય તે અક્ષર ઉપર જ દૃષ્ટિનો ઉપયોગ પણ રાખવો, કારણ કે આપણને આ મહામંત્ર બાલ્યાવસ્થાથી સામાન્ય રીતે પ્રાપ્ત થયેલો હોવાથી અતિપરિચિત બનેલો હોય છે, તેથી દૃષ્ટિનો ઉપયોગ 'न' વાંચતી વખતે 'मो' ઉપર, 'मो' વાંચતી વખતે 'अ' ઉપર, 'रि' વાંચતી વખતે 'हं' ઉપર 'हं' વાંચતી વખતે 'ता' ઉપર અને 'ता' વાંચતી વખતે 'णं' ઉપર, એમ ઉપયોગ અને જાપનું ઉચ્ચારણ આગળ પાછળ થઈ જવા સંભવ છે. એવું ન થઈ જાય તે માટે નાનું બાળક વાંચતું હોય તે રીતે, જેમકે—

न........मो........अ........रि........हं........ता........णं ।

એમ છુટું છુટું વાંચવું. ધીમે ધીમે અભ્યાસ વધતાં શીઘ્ર વાંચતી વેળા પણ ઉચ્ચારણ અને દૃષ્ટિનો ઉપયોગ સાથે રહેશે. આ રીતે વાંચીને જાપનો અભ્યાસ ચાલુ રહેતાં થોડા સમય પછી આંખો બંધ કર્યા પછી પણ અક્ષરો દેખાવા માંડશે. પછી હૃદયરૂપી કોરા કાગળ ઉપર ધ્યાનરૂપી કલમવડે પોતાના નામની જેમ પંચ પરમેષ્ઠિના નામને લખતા હોઈએ તેવી એકગ્રતાથી જાપ કરવો. શરૂઆતમાં આવી એકાગ્રતા ન આવે તો પણ ધ્યેય તો તે જ રાખવું. જેથી દિન–પ્રતિદિન સ્થિરતા વધતી જશે.

અક્ષરો જોવા માટેની બીજી રીત.

ઉપરની રીત મુજબ જાપ નિયમિત કરવા ઉપરાંત નેત્રો બંધ કરીને અક્ષરો નજર સમક્ષ લાવવા માટે બીજા પણ પ્રયોગો છે. જેમ કે–નેત્રો બંધ કરીને સામે એક કાળું પાટીયું ધારવું. પછી ધારણાથી જ હાથમાં ચાકનો કકડો લઈને તેના ઉપર 'नमो, એમ ધારણાથી લખવું', એટલે લખેલું દેખાશે. ન દેખાય ત્યાંસુધી ફરી–ફરીને એ રીતે પ્રયત્ન કરવો. પછી 'अरिहंताणं' લખવું. ફરી ફરી પ્રયત્ન કરવાથી તે પણ દેખાશે. આ રીતે નવે પદો માટે પ્રયત્ન કરવો. અક્ષરો જોવા માટે આવો પ્રયત્ન દરરોજ થોડો વખતે કરવો અને પ્રયત્નની સાથે પ્રથમની રીત પ્રમાણેનો જાપ પણ ચાલુ જ રાખવો.

અક્ષરો જોવાની ત્રીજી રીત.

સફેદ હીરાનો એક ઢગલો ધારવો, પછી આંખો

મીંચીને ધારણાથી તેમાંથી હીરા લઈ એક એક હીરો ક્રમશઃ મૂકતાં 'ન'નો આકાર બનાવવો એ રીતે બધા અક્ષરો ધારણાથી બનાવવા. તે અક્ષરો સફેદ હીરા જેવા ચલકતા દેખાશે એ રીતે દરેક પદના અક્ષરો સ્પષ્ટ દેખાવા શરૂ થયા પછી બીજી આગળની રીતો વધુ અનુકૂલ પડે છે અને સાધનામાં ઝડપી વિકાસ શરૂ થાય છે. અક્ષરો ન દેખાય તો પણ ઉપરની રીતે જાપ ઉપયોગી છે,તેથી એકાગ્રતા તો કેળવાય જ છે. માટે તે પ્રયત્ન ચાલુ રાખવો. આ પ્રયત્નની સાથે પહેલી રીત પ્રમાણેનો જાપ પણ ચાલુ જ રાખવો.

ભગવાનની પ્રતિમા આંખો બંધ કરીને જોઈ શકાય. તે માટે પણ પ્રયત્ન કરવો,શ્રી શંખેશ્વરજી જેવા પવિત્ર તીર્થમાં જઈ અઠ્ઠમ કે ત્રણ આયંબિલ કરીને પ્રતિમા સમક્ષ બેસી આ અભ્યાસ કેળવવવો.

ધારણાથી માનસિક પૂજા.

ત્રણ નવકારનાં ૨૭ પદોથી ભગવાનની પ્રતિમાની પૂજા ધારણાથી બે વખત નીચેના ક્રમે કરવી.

(૧) જમણા પગનો અંગુઠો, (૨) ડાબા પગનો અંગુઠો, (૩) જમણો જાનુ,(૪) ડાબો જાનુ,(૫) જમણું કાંડું, (૬) ડાબું કાંડું, (૭) જમણો ખભો, (૮) ડાબો ખભો, (૯) શિર શિખા. એ દરેક સ્થાન ઉપર એક એક પદ બોલવાથી અહીં એક નવકાર પૂરો થશે પછી (૧૦) ભાલપ્રદેશ, બીજા નવકારનું પહેલું પદ અહીં આવશે. પછી (૧૧) કંઠ, (૧૨) હૃદય, (૧૩) નાભિકમળ, (૧૪) હથેલી. પુનઃ (૧૫) જમણા

પગનો અંગુઠો, (૧૬) ડાબા પગનો અંગુઠો, (૧૭) જમણો જાનુ (૧૮) ડાબો જાનુ અહીં બીજો નવકાર પુરો થશે અને ત્યાંથી નાભિ સુધી દરેક સ્થાન પર એક એક પદ ગણતાં ત્રીજો નવકાર પૂરો થશે, આ રીતે દર્શન, પૂજન વિગેરે કરતી વખતે તેમજ ધારણાથી પ્રતિમા કલ્પીને પણ ત્રણ નવકાર ગણવા. એથી એકાગ્રતાનો અભ્યાસ કેળવાય છે. ચિત્તની એકાગ્રતાના અભ્યાસ માટે અહીં તો માત્ર 'દિક્સૂચન' કર્યું છે. જે રીતે સાધકની ચિત્તવૃત્તિ પરમેષ્ઠિઓના ધ્યાનમાં ઐકાગ્ર બને, તે રીતિએ આ અને આવા પ્રકારના બીજા પણ જરૂરી પ્રયત્નો કરવા પ્રયત્નશીલ બનવું એ તાત્પર્ય છે.

કહ્યું છે કે 'अभ्यासः कर्मणां कौशलमावहति' અર્થાત્ અભ્યાસથી કાર્યમાં કુશળતા પ્રગટ થાય છે. જે બાળકને એકડો ઘુંટતાં મહિનાઓ વીતે છે, તે પણ સમર્થ વિદ્વાન બન્યાનાં દૃષ્ટાન્તો મળે છે. તેમ પ્રારંભમાં મુશ્કેલ જણાતો પણ જાપ તેનો સતત અભ્યાસ થયા પછી સુકર બની જાય છે. માટે સાધકે જાપમાં પ્રગતિ સાધવા માટે તેનો અભ્યાસ સતત ચાલુ રાખવો.

મહામંત્રની સાધનાથી થતા લાભો

સામાન્ય ફળ:—સાધનાના ક્રમ પ્રમાણે સાધના કરવાથી શારીરિક રોગો વગેરે ઉત્પન્ન થતા નથી અને થયેલા રોગાદિ દોષો વિનાશ પામે છે.

મધ્યમ ફળ:—મહામંત્રની સાધનાનું બળ વધવાથી જગત સાધકને અનુકૂલ વર્તે છે. તેનું અંતઃકરણ અને વિચારો પવિત્ર અને શુદ્ધ બને છે, વચન આદેય બને છે. અને શુભ ભાવોની વૃદ્ધિ થાય છે.

ઉત્તમ ફળ:—આ સાધનાના પ્રતાપે અપૂર્વ આત્મિક આનંદનો અનુભવ થાય છે. મન પ્રફુલ્લિત બને છે. સંતોષ વૃત્તિ પ્રગટે છે. કામ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષાદિ ઉપતાપ કરનારા કલેશકારી ભાવો નબળા પડે છે. ભાવનાદિ ગુણોની વૃદ્ધિ થાય છે અને ધૈર્ય, ઔદાર્ય ગાંભીર્યાદિ ભાવ ઐશ્વર્યની વૃદ્ધિ થાય છે.

ઉત્તમોત્તમ:—આ જગતમાં સર્વોત્તમ ફળ હોય તો એક જ છે અને તે **'વિશ્વકલ્યાણની પરમોચ્ચ ભાવના'** શ્રીપરમેષ્ઠિનો સાધનાનું આ શ્રેષ્ઠતમ ફળ સાધક સાધનાથી મેળવી શકે છે. અર્થાત્ શ્રીપરમેષ્ઠિની સાધના સાધકને પરમેષ્ઠિ બનાવે છે, સર્વશ્રેષ્ઠ બનાવે છે, જગત-પૂજ્ય બનાવે છે અને ક્રમે કરી સર્વકર્મથી મુક્ત બનાવી પારલૌકિક સર્વશ્રેષ્ઠ ફળ તરીકે સિદ્ધિપદ અપાવે છે.

સાધનાનાં માર્ગમાં પ્રારંભથી માંડી છેવટ સુધી જે કાંઇ વિકાસ થાય છે તે દેવ-ગુરુની કૃપાનું જ ફળ છે. એવી શ્રદ્ધા સાધકને અવશ્ય સંપૂર્ણ બનાવે છે. પરંતુ 'આ તો મારા પ્રયત્નનું ફળ છે' એ પ્રકારે 'अहं' ને આગળ કરવાથી વિકાસ અટકી જાય છે. માટે આ માર્ગના અનુભવી પુરુષોનું નીચેનું કથન સાધકે હંમેશને માટે પોતાના હૃદયપટ ઉપર કોતરી રાખવું જરૂરીછે. યોગશાસ્ત્રના બારમા પ્રકાશમાં આ. શ્રી હેમચંદ્રાચાર્યજી એ સંબંધી ફરમાવે છે કે--

अथवा गुरूप्रसादा-दिहेव तत्त्वं समुन्मिषति नूनं ।
गुरूचरणोपास्तिकृतः, प्रशमजुषः शुद्धचित्तस्य ॥

—ગુરુના ચરણની સેવા કરવાવાળા, શાન્તરસમાં ઝીલનારા અને પવિત્ર અંતઃકરણવાલા સાધકને ગુરુની કૃપાથી આ જ ભવમાં ચોક્કસ રીતે પ્રકાશ થાય છે.

तत्र प्रथमे तत्त्व-ज्ञाने, संवादको गुरूर्भवति ।
दर्शयिता त्वपरस्मिन्, गुरूमेव सदा भजेत्तस्मात् ॥

—પૂર્વ જન્મમાં પ્રથમ તત્ત્વપ્રકાશના અભ્યાસમાં ઉપદેશદાતા ગુરુ હોય છે અને બીજા ભવમાં પણ તે તત્ત્વ જ્ઞાનને દેખાડનાર ગુરુ છે. આ કારણથી તત્ત્વના પ્રકાશ માટે ગુરુની જ નિરંતર 'સેવા' કરવી.

શ્રી નવકારનું ધ્યાન કરનારનાં લક્ષણો

અગાઉ પ્રયોજનભૂત જ્ઞાનના પ્રકરણમાં જણાવવામાં આવ્યું છે કે 'સાધકે યોગ્ય ગુણોનું ચિંતન કરવું' તે ગુણો હવે અહીં કહીએ છીએ.

दक्षो जितेन्द्रियो धीमान्, कोपानलजलोपमः ।
सत्यवादी विलोभश्च, मायामदविवर्जितः ॥ १ ॥

मानत्यागी दयायुक्तः, परनारीसहोदरः ।
जिनेन्द्रगुरुभक्तश्च, मंत्रग्राही भवेन्नरः ॥ २ ॥

—મંત્રને ગુરુ પાસેથી ગ્રહણ કરીને તેનું ધ્યાન કરનારો મનુષ્ય ચતુર, ઇન્દ્રિયોને જિતનાર, બુદ્ધિમાન, કોપરૂપ અગ્નિ માટે જલસમાન એટલે ગમે તેવી સ્થિતિમાં પણ શાન્તિ રાખનાર, સત્યવાદી, લોભ વિનાનો, માયા અને મદથી રહિત, અહંકારનો ત્યાગ કરનાર, દયાવંત, પરનારીને બહેન ગણનાર, એટલે કે તેની સામે કદી પણ વિકાર દૃષ્ટિએ ન જોનાર અને શ્રી જિનેશ્વરદેવ તથા ગુરુ પ્રત્યે પરમ ભક્તિ રાખનાર હોવો જોઈએ.

અન્યત્ર પણ એક સ્થળે કહ્યું છે કે—

शुचिः प्रसन्नो गुरुदेवभक्तो,
दृढव्रतः सत्यदयासमेतः ।

दक्षः पटुर्बीजपदावधारी,
मंत्री भवेदीदृश एव लोके ॥ १ ॥

—બાહ્ય અને અભ્યંતર પવિત્રતાવાળો, સૌમ્યચિત્તવાળો, ગુરુ અને દેવનો ભક્ત, ગ્રહણ કરેલા વ્રતમાં અતિદૃઢ, સત્ય અને દયાથી સહિત, ચતુર, બુદ્ધિશાળી અને મંત્ર તથા પદોને ધારણ કરનારો, આવો પુરુષ જગતમાં મંત્ર સાધક થાય છે.

પરમેષ્ઠિ ધ્યાનમાલામાં પણ પરમેષ્ઠિ મંત્રની સાધના કરનાર સાધકમાં કેવા ગુણો જોઈએ તે સંબંધી ફરમાવ્યું છે કે—

શાન્ત દાંત ગુણવંત, સંતન સેવાકારી;
વારિત વિષયકષાય, જ્ઞાનદર્શન સુવિચારી. ૧
સ્યાદ્વાદ રસરંગ, હંસપરિ શમરસ ઝીલે;
શુભ પરિણામ નિમિત્ત, અશુભસવિકર્મને છીલે. ૨
તાદશ નર પરમેષ્ઠિ પદ–સાધનનાં કારણ લહે;
શાહ શામજી સુતરત્ન, નેમિદાસ ઈણ પરે કહે. ૩

—જે શાંત હોય, દાંત એટલે ઇન્દ્રિયોને જિતનારો હોય, ગુણવંત એટલે અહિંસા, સત્ય, દયા, ક્ષમા, મૈત્રી, કૃતજ્ઞતા, પરોપકાર આદિ ગુણોને ધારણ કરનારો હોય, સંત પુરુષોની સેવા કરનારો હોય, જેણે વિષય અને કષાયને વારેલા હોય, જે જ્ઞાન અને દર્શનનો આરાધક હોય, દરેક કામ સારી રીતે વિચાર કરીને કરનારો હોય,

જે સ્યાદ્વાદ એટલે અનેકાંતવાદના રંગથી રંગાયેલો હોય અને જે હંસની પેઠે શમરસમાં ઝીલનારો હોય, જે શુભ પરિણામનાં નિમિત્તોને શોધનારો હોય અને બધાં અશુભ કર્મોને છોડનારો હોય, તે જ પુરુષ પંચપરમેષ્ઠિની સાધના–આરાધના સારી રીતે કરી શકે છે.

સાધનાની શરૂઆતમાં જ સર્વ કોઇ સાધકોમાં આ બધા ગુણો હોવા સંભવિત નથી, અને સાધનાની શરૂઆતમાં જ શાસ્ત્રકારો સૌ કોઈને માટે એવો આગ્રહ રાખતા પણ નથી. કારણ કે ઉપર જે લક્ષણો બતાવવામાં આવ્યાં છે, તે સંપૂર્ણ લક્ષણો જો જીવનમાં પ્રગટ થયાં હોય, તો પછી ધ્યાન કરવાની જરૂરીઆત જ રહેતી નથી. માટે તાત્પર્ય એ છે કે ઉપરના ગુણોને પ્રાપ્ત કરવાનું પ્રત્યેક સાધકનું ધ્યેય અવશ્ય હોવું જોઈએ. નિશ્ચયદષ્ટિને હૃદય સમક્ષ રાખીને યથાશક્તિ શકયમાં જે શુભ પ્રવૃત્તિ થાય છે, તે અવશ્ય ફળદાયક બને છે. સંપૂર્ણતાના લક્ષ્યપૂર્વક જે કંઈ સત્પ્રવૃત્તિ થાય છે, તે બીજમાંથી ફુટેલા અંકુરાને સ્થાને છે. બીજમાં રહેલી વૃક્ષ થવાની શક્તિને પ્રગટવાનો પ્રારંભ અંકુરો ફૂટવાથી થાય છે. આ પ્રાથમિક અવસ્થા અંકુરારૂપ છે અને પૂર્ણતા વૃક્ષરૂપ છે. સાધકમાં ઉપર કહ્યા તે સંપૂર્ણ નહિ, પણ અંકુરા જેટલા ગુણો તો પ્રગટેલા હોવા જોઈએ. એટલી યોગ્યતા પ્રગટયા પછી અનુકૂળ હવા, પાણી, વાડ, રક્ષણ, આદિની સહાયતાથી અંકુરો વૃક્ષનું રૂપ ધારણ કરે છે, તેમ પ્રસ્તુતમાં અંકુરા જેટલા

પણ ગુણો જીવમાં પ્રગટ થયા હોય તો જ પછી ધ્યાનાદિની મદદથી તે ગુણો અનુક્રમે સંપૂર્ણ સ્વરૂપમાં પ્રગટી શકે છે. અર્થાત્ પ્રાથમિક યોગ્યતાના ગુણો આવ્યા પછી સહેલાઈથી આગળ વધી શકાય છે.

સામાન્ય રીતે ભિન્ન ભિન્ન પ્રકારની યોગ્યતા ધરાવનાર સાધકોમાં સાધનાને યોગ્ય ગુણોનો વિકાસ નીચેના ક્રમથી સંભવી શકે છે.

પરિમિત અને સાત્ત્વિક આહાર કરવાવાળો, દૃઢ મન-વાળો, અચપલ આસન અને સ્થિર દૃષ્ટિવાળો, આ સાધકને પ્રથમ કક્ષામાં મૂકી શકાય.

અપરોપતાપી, દેવગુરુ–ભક્ત, વિનયવાન, ઈર્ષ્યા, માત્સર્ય, અસૂયા, દ્વેષ આદિથી પરાઙ્મુખ, ગુણાનુરાગી, સુશીલ અને પ્રસન્ન મનવાળો, આ સાધકને પ્રથમ કરતાં ચઢતી કક્ષાવાળો કહી શકાય.

સર્વ જીવોનું હિત ચિંતવનારો, સર્વજીવો, સાથે મૈત્રીભાવ ભાવનારો અને કરુણારસથી તરબોળ થયેલો, આ સાધક ઉત્તમ ગુણવાળો ગણાય.

અને સર્વ જીવોને આત્મસ્વરૂપે જોનારો, સર્વત્ર સમતાભાવને ધારણ કરનારો, તથા નરેન્દ્ર અને દરિદ્ર બન્નેની સમાનભાવે કલ્યાણની કાંક્ષા કરનારો, આ સાધક ઉત્તમોત્તમ ગણાય. આવો ગુણી સાધક અચિંત્ય મહિમા-શાલી મહામંત્રની સંપૂર્ણ સાધના કરી શકે અને સાક્ષાત્ અનુભવ પણ કરી શકે.

આ રીતે ક્રમશઃ સદ્‌ગુણોને કેળવવાનો અભ્યાસ કરનારો પ્રત્યેક સાધક પોતાના જીવનમાં ઉત્તરોત્તર અધિક અધિક યોગ્યતા પ્રગટાવી શકે છે. તેથી સદ્‌ગુણોને જીવનમાં વણી લેવા માટે ઉપરોક્ત ગુણોને હંમેશાં સ્થિરબુદ્ધિથી વિચારવા જોઈએ અને જીવનમાં ઉતારવા યથાશક્ય પ્રયત્ન કરવો જોઈએ.

શ્રી નવકાર અને સામાયિક

ગ્રીષ્મના પ્રચંડ તાપ પછી વર્ષાઋતુનું શુભ આગમન થાય છે. તેમ શ્રી નવકાર મહામંત્રના પરમ કોટિના ધ્યાનની ગરમી પ્રગટ્યા પછી સદાચાર રૂપ સમતા-સામાયિકનું મંગળ આગમન થાય છે. સુવર્ણને ઘડતાં પહેલાં પૂરેપૂરું તપાવવું પડે છે, પછી જ ઘાટ લાવી શકાય છે. તેમ શ્રી નવકારના ધ્યાનની ગરમી વડે વિશુદ્ધ બનેલા જીવનનાં જ સમતા-સામાયિકનું ઘડતર થઈ શકે છે. નવકાર ધ્યાનના પૂરેપૂરા પૂટ આપ્યા વિના જીવનમાં સમતા-સામાયિકને યોગ્ય પુણ્ય પવિત્ર અધ્યવસાયોની નવરચના થઈ શકતી નથી. કૃત્રિમ સુખોમાં ઠગાવાનું ત્યાં સુધી જ રહે છે કે જ્યાંસુધી સમતા-સામાયિકના પરમ આનંદને અનુભવ્યો નથી.

મહામંત્ર નવકારનું ધ્યાન.

જાપ પછી ધ્યાનથી યોગ્યતા આવે છે, કારણ કેઃ—

(૧) જાપનું અનુષ્ઠાન યમ-નિયમ પૂર્વક કરવાનું હોય છે, તેથી તેમાં **યમ-નિયમ** સિદ્ધ થાય છે.

(૨) નિયત જાપ પૂરો કરવા માટે લાંબા સમય સુધી એક આસને સ્થિર બેસવું પડે છે, તેથી **આસનસિદ્ધિ** પણ થાય છે.

(૩) જાપમાં यत्र मनस्तत्र मरुत्‌એ નિયમથી **પ્રાણાયામ** પણ થઈ જાય છે.

(૪) જાપ કરતી વખતે ઈન્દ્રિયો અને મન વિષયોમાંથી સારી રીતે વિરામ પામે છે, તેથી **પ્રત્યાહારનો** પણ અભ્યાસ થાય છે.

(૫) જાપ વખતે મનની વૃત્તિઓનો પ્રવાહ એક નિશ્ચિત ધ્યેયમાં વહે છે, એટલે **ધારણા** પણ વિકાસ પામે છે.

આ રીતે જાપના અનુષ્ઠાનથી યમનિયમાદિ પૂર્વ અંગો સિદ્ધ થાય છે અને તેથી ધ્યાન માટેની યોગ્યતા આવે છે. જેમણે મંત્ર સિદ્ધિના ભક્તિ, શુદ્ધિ, આસન, ધારણા, મુદ્રા, વગેરે સોળ અંગ માન્યાં છે; ત્યાં પણ ચૌદમું સ્થાન જપને, પંદરમું સ્થાન ધ્યાનને અને સોળમું સ્થાન સમાધિને આપ્યું

છે. એટલે જપ પછી ધ્યાનનો ક્રમ આવે છે, એમ નક્કી થાય છે.

યોગિસમ્રાટ્ પૂ. શ્રીહેમચંદ્રાચાર્યજી શ્રીયોગશાસ્ત્રના આઠમા પ્રકાશમાં પદસ્થ ધ્યાનનું વર્ણન કરતાં જણાવે છે કે—

'तथा पुण्यतमं मन्त्रं, जगत्त्रितयपावनम् ।
योगी पंचपरमेष्ठि-नमस्कारं विचिन्तयेत् ॥ १ ॥'

—ત્રણ જગતને પવિત્ર કરનાર અને અત્યંત પવિત્ર એવા પંચપરમેષ્ઠિ નમસ્કાર મંત્રને યોગિઓએ વિશેષ પ્રકારે ચિંતવવો.

'अष्टपत्रे सिताम्भोजे, कर्णिकायां कृतस्थितिम् ।
आद्यं सप्ताक्षरं मन्त्रं, पवित्रं चिन्तयेत् ततः ॥ २ ॥
सिद्धादिचतुष्कं च, दिक्पत्रेषु यथाक्रमम् ।
चूलापादचतुष्कं च, विदिक्पत्रेषु चिन्तयेत् ॥ ३ ॥'

—આઠ પાંખડીનું શ્વેત કમળ ચિંતવવું, તે કમળની કર્ણિકામાં એટલે મધ્ય ભાગમાં, સાત અક્ષરવાળા પહેલા પવિત્ર મંત્ર 'नमो अरिहंताणं'ને ચિંતવવો. પછી સિદ્ધાદિક ચાર મંત્રોને દિશાઓના પત્રોમાં અનુક્રમે ચિંતવવા અને ચૂલિકાનાં ચાર પદોને વિદિશાનાં પત્રોમાં ચિંતવવા. તાત્પર્ય કે તેનું નીચે કમળ મુકવામાં આવ્યું છે તે પ્રમાણે ધ્યાન કરવું.

પિંડસ્થ અને પદસ્થ ધ્યાન આકૃતિ અને રંગના ખ્યાલ વિના થઈ શકતું નથી, એટલે અક્ષરો અને તેટલા



સુંદર અને મરોડદાર કલ્પવા અને પરમેષ્ઠિઓના વર્ણ પ્રમાણે તેનું ધ્યાન ધરવું અર્થાત્ 'નમો અરિહંતાણ'પદમાં ચંદ્રની જ્યોત્સના સમ શ્વેત વર્ણોને ચિંતવવા.'નમો સિદ્ધાણ' પદમાં અરુણની પ્રભા સમ રક્ત (લાલ) વર્ણોને ચિંતવવા. 'નમો આયરિયાણ' પદમાં સુવર્ણ સમાન પીળા વર્ણોને

ચિંતવવા. 'नमो उवज्झायाण' પદમાં પ્રિયંગુ સમાન નીલ વર્ણોને ચિંતવવા અને 'नमो लोए सव्वसाहूणं' પદમાં અંજન સમશ્યામ વર્ણો ચિંતવવા. આ અક્ષરો જ્યારે બરાબર સ્પષ્ટ અને સ્થિર દેખાય, તથા તેના રંગો બદલાઈ ન જાય, ત્યારે આપણું મન તેના પર સ્થિર થયું સમજવું. આ રીતે જ્યારે અક્ષરો પર મનની સ્થિરતા બરાબર થાય છે, ત્યારે એ અક્ષરોમાંથી પ્રકાશની રેખાઓ ફુટતી જણાય છે અને છેવટે તે અદ્ભુત જ્યોતિર્મય બની જાય છે. અક્ષરોને જ્યોતિર્મય નિહાળતાં પરમ આનંદ આવે છે. અને આપણું હૃદયકમળ જે અધોમુખ હોય છે, તે ઉર્ધ્વમુખ થવા માંડે છે.

પદસ્થધ્યાન પહેલાં પિંડસ્થધ્યાનનો અધિકાર છે.એટલે અક્ષર ચિંતનનો અભ્યાસ કરવા પૂર્વે આરાધકે અરિહંતાદિ પાંચે પરમેષ્ટિનું ઉપર જણાવેલા રંગો પ્રમાણે ધ્યાન ધરવું અને તેમાં ચિત્તવૃત્તિને તદાકાર બનાવી દેવી. અર્થાત્ તે વખતે તે તે મૂર્તિઓના દર્શન સિવાય બીજો વિચાર કે વિકલ્પ મનમાં ઉઠવા દેવો નહિ. અરિહંત ભગવાનનું ધ્યાન અષ્ટ મહાપ્રાતિહાર્યથી યુકત કરવાનું છે. તે લક્ષ્યમાં રાખવું. અભ્યાસની શરૂઆતમાં મનોવૃત્તિ અલ્પ સમય સુધી જ સ્થિર થશે, પરંતુ અભ્યાસ જેમ જેમ વધતો જશે તેમ તેમ તે વધારે સમય સુધી સ્થિર થશે અને તેટલો વખત અપૂર્વ આનંદસાગરમાં ન્હાલતા હોઈએ, એવો અનુભવ થશે.

ધ્યાનના પ્રારંભમાં અરિહંત અને હું, સિદ્ધ અને હું આચાર્ય અને હું, ઉપાધ્યાય અને હું, તથા સાધુઓ અને હું, એવો દ્વૈતભાવ હોય છે. પણ ધ્યાનમાં પ્રગતિ થતાં એ દ્વૈતભાવ ભૂંસાઈ જશે, મારો આત્મા જ અરિહંત છે. મારો આત્મા જ સિદ્ધ છે, મારો આત્મા જ આચાર્ય છે, મારો આત્મા જ ઉપાધ્યાય છે અને મારો આત્મા જ સાધુ છે, એવો અદ્વૈતભાવ ઉત્પન્ન થઈ આત્મતત્ત્વનો સંપૂર્ણ સાક્ષાત્કાર થશે. કે જે ધર્મનું અંતિમ ધ્યેય છે, યોગનો અંતિમ આદર્શ છે અને સાધનાનું અંતિમ ફળ છે.

આ રીતે નવકાર મહામંત્રનું ધ્યાન, ચૈતન્ય અને આનંદથી ચરમ સીમાએ પહોંચાડનારું છે. તેનાથી બીજા અવાંતર લાભો સહેજે પ્રાપ્ત થાય તેમાં કાંઈ નવાઈ નથી. યોગથીં જે સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, તે બધી મહામંત્રના ધ્યાનથી પ્રાપ્ત થાય છે, કારણ કે મહામંત્રનું ધ્યાન એ શ્રેષ્ઠ પ્રકારનો યોગ છે.*

---

* શ્રી મહામંત્ર નવકારને વિશેષ સમજવા અને આરાધવા માટે જુઓ "**મહામંત્રની સાધના**" ૩૨૦ પૃષ્ઠના એ પુસ્તકમાં અનેક ઉપયોગી હકીકત રજૂ કરવામાં આવી છે.

ચૈત્યવંદન કરવાની વિધિ અને તેનું રહસ્ય.

શ્રાવકે બ્રાહ્મ મુહૂર્તમાં ઉઠી પરમેષ્ઠિઓનું સ્મરણ કર્યા પછી મારો ધર્મ કયો છે? મારૂં કુલ કયું છે? અને મારા વ્રતો ક્યાં છે? એ યાદ કરવું. અર્થાત્ ધર્મ જાગરિકા કરવી. એ કર્યા બાદ પવિત્ર થઈ પોતાના ઘરમંદિરમાં અરિહંત ભગવાનની પુષ્પ, નૈવેદ્ય તથા સ્તોત્રથી પૂજા કરી યથાશક્તિ પચ્ચક્ખાણ કરવું. ત્યારબાદ સંઘના દેરાસરમાં જવું. ત્યાં વિધિસર પ્રવેશ કરી શ્રી જિનેશ્વર દેવની ત્રણ પ્રદક્ષિણા કરવી. પછી પુષ્પાદિ વડે તે પરમાત્માની પૂજા કરવી. અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજા એમ ત્રણ પ્રકારની પૂજા કરવી જોઈએ. અંગપૂજા અને અગ્રપૂજા સંબંધી ચોથા પ્રકરણમાં કહેવાઈ ગયું છે. અહીં ભાવપૂજા ચૈત્યવંદન સંબંધી ઉપયોગી હકીકત રજુ કરવામાં આવે છે.

ચૈત્યવંદનમાં પ્રથમ "इच्छामिखमासमणो वंदिउं जावणिज्जाए निसीहिआए मत्थएण वंदामि" એમ ત્રણવાર ખમાસમણ દઈ, 'इच्छाकारेण संदिसह भगवन् ! चैत्यवंदन करुं ?' એમ કહી ચૈત્યવંદન કહેવું. ચૈત્યવંદન બોલતાં પહેલાં નીચેનું પદ્ય પ્રથમ બોલવામાં આવે છે.

सकलकुशलवल्ली—पुष्करावर्तमेघो,
दुरिततिमिरभानुः कल्पवृक्षोपमानः ।

भवजलनिधिपोतः सर्वसम्पत्तिहेतुः,
स भवतु सततं वः श्रेयसे शान्तिनाथः, श्रेयसे पार्श्वनाथः॥१।

એ પદ બોલીને કોઈ પણ ચૈત્યવંદન અથવા નીચેનું ચૈત્યવંદન કહેવું.

જય ચિંતામણિ પાર્શ્વનાથ, જય ત્રિભુવન સ્વામી;
અષ્ટ કર્મ રિપુ જીતીને, પંચમી ગતિ પામી. ૧
પ્રભુ નામે આનંદ કંદ, સુખ સંપત્તિ લહીએ;
પ્રભુ નામે ભવ ભયતણાં, પાતિક સબ દહીએ ૨
ૐ હ્રીં વર્ણ જોડી કરી એ, જપીએ પારસનામ;
વિષ અમૃત થઈ પરિણમે, લહીએ અવિચળ ઠામ. ૩

ચૈત્યવંદન કહ્યા પછી નીચે મુજબ 'जंकिंचि' સૂત્ર કહેવું.

जं किंचि नामतित्थं, सग्गे पायाले माणुसे लोए ।
जाइं जिणबिंबाइं, ताइं सव्वाइं वंदामि ॥ १ ॥

અર્થ. સ્વર્ગ, પાતાળ અને મનુષ્ય લોકમાં જે કોઈ તીર્થો હોય અને જે જે જિનબિંબો હોય, તે સર્વેને હું વન્દન કરૂં છું.

આ સૂત્રમાં ત્રણ લોકમાં રહેમાં સઘળાં તીર્થો અને સઘળાં બિંબોને વન્દન કરવામાં આવ્યું છે. આ સૂત્રને શાસ્ત્રોમાં '**તીર્થવંદનસૂત્ર**' તરીકે ઓળખવામાં આવે છે. એ સૂત્ર કહી રહ્યા પછી नमुत्थुण शक्रस्तव કહેવામાં આવે છે. શાસ્ત્રોમાં એને **ચૈત્યવંદનસૂત્ર** તરીકે ઓળખવામાં આવે છે. અહીં શાસ્ત્રાનુસાર તેની વિશેષ વિચારણા કરીએ.

૧૪૪૪ ગ્રન્થ રત્નોના નિર્માતા સમર્થશાસ્ત્રકાર મહર્ષિ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા 'શ્રી લલિતવિસ્તરા' નામની શ્રી ચૈત્યવંદનસૂત્રની અનુપમ રહસ્યગર્ભિત-અર્થ-ગંભીર ટીકામાં ફરમાવે છે કે—

'इह साधुः श्रावको वा चैत्यगृहादावेकान्तप्रयतः, परित्यक्ताऽन्यकर्तव्यः, प्रदीर्घतरतद्भावगमनेन यथासम्भवं भुवनगुरोः सम्पादितपूजोपचारः, ततः सकलसत्त्वानपायिनीं भुवं निरीक्ष्य परमगुरुप्रणीतेन विधिना प्रमृज्य च क्षितिनिहितजानुकरतलः, प्रवर्द्धमानातितीव्रतरशुभपरीणामो, भक्त्य' तिशयात् मुदश्रुपरिपूर्णलोचनो, रोमाञ्चाञ्चितवपुः, मिथ्यात्वजलनिलयानेककुग्राहनक्रचक्राकुले भवाब्धावनित्यत्वाच्चायुषोऽतिदुर्लभमिदं सकलकल्याणैककारणं चाऽधःकृतचिन्तामणिकल्पमोपमं भगवत्पादवन्दनं कथञ्चिदवाप्तं, न चाऽतः परं कृत्यमस्तीति, अनेनात्मानं कृतार्थमभिमन्यमानो भुवनगुरौ विनिवेशितनयनमानसोऽतिचारभीरुतया सम्यगस्खलितादिगुणसम्पदुपेतं तदर्थाऽनुस्मरणगर्भमेव प्रणिपातदण्डकसूत्रं पठति।'

—ચૈત્યવંદન કરવાની ઈચ્છાવાળો સાધુ યા શ્રાવક અથવા અવિરતિ સમ્યગ્દૃષ્ટિ, અપુનર્બન્ધક યા યથાભદ્રક કોઈ પણ હોઈ શકે છે. તેણે શ્રી જિનમંદિરમાં જઈને ચૈત્યવન્દનને વિષે એકાન્ત પ્રયત્નવાળા બનવું જોઈએ. તે વખતે અન્ય સર્વકર્તવ્યનો ત્યાગ કરવો જોઈએ. ચૈત્ય-

વન્દનાના ભાવને દીર્ઘકાળ સુધી ધારણ કરીને યથાયોગ્ય શ્રી જિનેશ્વરદેવની પૂજોપચાર-સુંદર સામગ્રીઓ વડે પૂજા કરવી જોઈએ.ત્યારબાદ શ્રી જિનોક્તવિધિ વડે ભૂમિની પ્રતિ-લેખના અને પ્રમાર્જના કરવી જોઈએ. વિધિપૂર્વક ભૂમિને પૂંજી પ્રમાર્જીને તેના ઉપર બે જાનુ અને કરતલ સ્થાપન કરવાં જોઈએ. પ્રવર્ધમાન અતિતીવ્રતર સંવેગ અને વૈરા-ગ્યનાં શુભ પરિણામવાળા થવું જોઈએ. ભક્તિના અતિશયથી રોમાંચિત શરીરવાળા અને હર્ષાશ્રુથી પરિપૂર્ણ લોચનવાળા બનીને આયુષ્યની અનિત્યતા તથા ભગવત્પાદવન્દનની દુર્લ-ભતાનો વિચાર કરવો જોઈએ. આ ભવસમુદ્ર મિથ્યારૂપી જલથી અને કુગ્રહ-કદાગ્રહ રૂપી જલજંતુઓના સમૂહથી ભરેલોછે. તેમાં સકલ કલ્યાણના અદ્વિતીય કારણભૂત, ચિન્તા-મણિ અને કલ્પવૃક્ષની ઉપમાઓ પણ જેનાથી ઉતરતી છે,એવું ભગવાનના ચરણોનું વન્દન અતિ દુર્લભ છે-મહામુશીબતે મળેલું છે. આનાથી ચઢીયાતું બીજું કોઈ કર્ત્તવ્ય નથી. એની પ્રાપ્તિ થવાથી આત્માને કૃતાર્થ માનતો તથા ચક્ષુ અને મનને ભુવનગુરૂ-એક શ્રી જિનેશ્વરદેવની સન્મુખ સ્થિર કરતો તથા અતિચારના ભયથી, સમ્યગ્ અસ્ખલિતાદિ ગુણસંપદાઓથી યુક્ત અર્થસ્મરણપૂર્વક પ્રણિપાતદંડક-ચૈત્યવન્દનસૂત્ર અપર નામ શક્રસ્તવને કહે. તેના ૨૯૭ (૨૬૪ લઘુ ૩૩ ગુરૂ) વર્ણ (અક્ષર) છે. તેત્રીસ આલા-પક છે અને આલાપક દ્વિકાદિ પ્રમાણ વિશ્રામભૂમિ રૂપ નવ સમ્પદાઓ છે.

'નમોત્થુણં' ઇત્યાદિ પ્રથમ બે આલાપકની સ્તોતવ્ય

સમ્પદા છે ' આઇગરાણં ' ઇત્યાદિ બીજા ત્રણ આલાપકની ઓઘહેતુ–સ્તુતિ કરવાના સામાન્ય કારણો જણાવનારી સંપદા છે. ' પુરિસુત્તમાણં ' ઇત્યાદિ બીજા ચાર આલાપકની વિશેષહેતુ સ્તુતિ કરવાના વિશેષ કારણો જણાવનારી સમ્પદા છે, 'લોગુત્તમાણં" ઇત્યાદિ બીજા પાંચ આલાપકની ઉપયોગ અર્થાત્ સ્તોતવ્ય સમ્પદાનો ઉપયોગ જણાવનારી સમ્પદા છે, 'અભયદયાણં" ઇત્યાદિ બીજા પાંચ આલાપકની તદ્ધેતુ –ઉપયોગસમ્પદાના હેતુને જણાવનારી સંપદા છે, 'ધમ્મ–દયાણં ' ઇત્યાદિ બીજા પાંચ આલાપકની સવિશેષોપયોગ ઉપયોગ સંપદાના વિશેષ હેતુ જણાવનારી સમ્પદા છે. ' અપ્પડિહયવરનાણદંસણધરાણં ' ઇત્યાદિ બીજા બે આલાપકોની સ્વરૂપ–સ્તુતિ કરવા લાયક અરિહંતોનું સ્વરૂપ જણાવનારી સમ્પદા છે. ' જિણાણં જાવયાણં ' ઇત્યાદિ બીજા ચાર આલાપકોની નિજસમફલદ અપર નામ આત્મતુલ્ય–પરફલકર્તુત્વ નામની આઠમી સમ્પદા છે. ' સવ્વન્નૂણં ' ઇત્યાદિ છેલ્લા ત્રણ આલાપકોની પ્રધાન-ગુણાપરિક્ષય–પ્રધાનફલાપ્ત્યભયસમ્પદ અથવા 'મોક્ષ' નામની નવમી સમ્પદા છે.

એ રીતે નવ સમ્પદા, તેત્રીસ આલાપક–પદ અને ૨૯૭ વર્ણ–અક્ષરથી યુક્ત શ્રીશક્રસ્તવ ભાવજિનેશ્વરના સદ્ભુત ગુણોનો સાચો ખ્યાલ આપે છે. તેથી ચૈત્યવન્દનામાં તેને મુખ્ય સ્થાન આપવામાં આવ્યું છે. તેના અર્થનું વિશેષ સ્પષ્ટીકરણ હવે અહીં રજુ કરવામાં આવે છે.

શક્રસ્તવ–ભાવ જિનેશ્વરનું સ્વરૂપ.

'नमोऽत्थु णं अरिहंताणं भगवंताणं, आइगराणं तित्थराणं सयंसंबुद्धाणं, पुरिसुत्तमाणं पुरिससिंहाणं पुरिसवरपुंडरीयाणं पुरिसवरगंधहत्थीणं, लोगुत्तमाणं लोगनाहाणं लोगहियाणं लोगपईवाणं लोगपज्जोअगराणं, अभयदयाणं चक्खुदयाणं मग्गदयाणं सरणदयाणं बोहिदयाणं, धम्मदयाणं धम्मदेसयाणं धम्मनायगाणं धम्मसारहीणं धम्मवरचाउरंतचक्कवट्टीणं, अप्पडिहयवरनाणदंसणधराणं विअट्टछउमाणं, जिणाणं जावयाणं तिण्णाणं तारयाणं बुद्धाणं बोहयाणं मुत्ताणं मोयगाणं, सव्वन्नूणं सव्वदरिसीणं, सिवमयलमरुअमणंतमक्खयमव्वाबाहमपुणरावित्तिसिद्धिगइनामधेयं ठाणं संपत्ताणं नमो जिणाणं जिअभयाणं ।

नमोऽत्थुणं—નમસ્કાર થાઓ. '**નમસ્કાર** એ દ્રવ્ય ભાવ સંકોચ રૂપ છે. દ્રવ્યસંકોચ–હાથ, પગ, મસ્તક આદિ અવયવોનું યોગ્ય રીતે સ્થાપન. ભાવસંકોચ–મનનો વિશુદ્ધ નિયોગ. '**થાઓ**' એ પ્રાર્થના રૂપ છે. આશય વિશુદ્ધિને ઉત્પન્ન કરનાર હોવાથી એ જાતિની પ્રાર્થના, એ ધર્મનું બીજ છે. શ્રી જિનેશ્વરદેવોને ભાવનમસ્કાર થવો એ દુરાપ–દુર્લભ છે, એ જણાવવાને માટે 'नमोऽस्तु ॥' '**નમસ્કાર થાઓ**' એ શબ્દો વડે નમસ્કારની પ્રાર્થના માત્ર કરી

છે. ભાવ નમસ્કાર કરવાની અભિલાષા માત્ર દર્શાવી છે. કિન્તુ 'ભાવ નમસ્કાર કરૂં છું.' એવું મિથ્યાભિમાન દાખવ્યું નથી. એ જાતિની અભિલાષા એજ ભાવ નમસ્કાર બીજા શબ્દમાં ભાવ ધર્મનું બીજ છે. ભાવ નમસ્કારના પણ જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટાદિ અનેક ભેદો છે. તેથી ભાવ-નમસ્કારવાલાને પણ ઉત્કૃષ્ટ ભાવનમસ્કારની પ્રાર્થના અને અભિલાષા હોય છે, તેથી તેમને પણ '**નમસ્કાર થાઓ**' એ વચન સુસંગત છે, અથવા 'નમસ્કાર થાઓ' એ પ્રાર્થના વચન 'ઈચ્છાયોગ' રૂપ છે. લોકોત્તર માર્ગમાં ગમન કરવાવાળાને સૌથી પ્રથમ સાધન 'ઈચ્છાયોગ' છે. 'ઈચ્છાયોગથી' શાસ્ત્રયોગ અને શાસ્ત્રયોગથી સામર્થ્યયોગની અનુક્રમે પ્રાપ્તિ થાય છે. ફલસિદ્ધિનો સાક્ષાત્ હેતુ સામર્થ્યયોગ છે. પરંતુ એ સામર્થ્યયોગની પ્રાપ્તિ ઈચ્છાયોગ અને શાસ્ત્રયોગ વિના થતી નથી. 'नमोत्थु णं अरिहंताणं ।' એ પદો વડે ઈચ્છાયોગનું અભિધાન થાય છે. 'नमो जिणाणं जियभयाणं' એ પદો વડે શાસ્ત્રયોગનું અને

'इक्कोवि नमुक्कारो जिणवरवसहस्स वद्धमाणस्स ।
संसारसागराओ तारेइ नरं व नारिं वा ॥ १ ॥'

એ વચન વડે સામર્થ્યયોગનું પ્રતિપાદન થાય છે.

अरिहंताणं-અર્હંતોને-અતિશયવાળી પૂજાને યોગ્ય હોય તે અર્હંત છે. અર્હંતની પૂજા ત્રણે કાળ જગતમાં થયા કરે છે.

'अरिहननात् रजोहननात् रहस्याऽभावात् वा अर्हन्तः ।'

એ રીતે પણ 'અર્હંત' શબ્દની વ્યુત્પત્તિ થાય છે, મોહાદિ કર્મબન્ધના હેતુઓ છે. માટે દુશ્મનભૂત છે. તેને હણનારા, ઘાતિકર્મો આત્માના જ્ઞાનાદિ ગુણને આવૃત કરનાર છે માટે રજ તુલ્ય છે, તેને દૂર કરનારા તથા અપ્રતિહત કેવળજ્ઞાન અને કેવળદર્શન ગુણથી સમસ્ત જગતને સાક્ષાત્ જાણી અને જોઈ રહ્યા છે, માટે રહસ્ય વિનાના અર્થાત્ જેમને કોઈ પણ વસ્તુ ગુપ્ત નથી તેવા. અથવા अरहोंतेभ्यः' 'રહ' એટલે એકાન્તસ્થાન અને 'અન્ત એટલે ગિરિગુફાદિનો મધ્ય ભાગ. સર્વવેદી હોવાથી જેમને કાંઈ પ્રચ્છન્ન નથી, અથવા 'अरहद्भ्य अगच्छद्भ्य, अत्यजद्भ्यः ક્ષીણ રાગી હોવાથી કોઈ પણ પદાર્થ પ્રત્યે આસક્તિ નહિ પામનારા અથવા રાગદ્વેષના હેતુભૂત પદાર્થનો સંપર્ક થવા છતાં વીત-રાગતાદિ સ્વ-સ્વભાવને નહિ તજનારા, અથવા अरिहंताणं ! ' અરિ એટલે સર્વ જીવોને શત્રુભૂત એવા આઠ પ્રકારના કર્મો, તેને હણનારા અથવા अरुहंताणं !' કર્મરૂપી બીજ ક્ષય થવાથી સંસારમાં ફરી નહિ ઉત્પન્ન થનારા-તેમને નમસ્કાર થાઓ. તે અર્હંતો નામાદિ અનેક પ્રકારના હોય છે* તેમા ભાવ અર્હંતનું ગ્રહણ કરવાને

---

*શક્રસ્તવમાં ભાવજિનેશ્વરોને નમસ્કાર છે તેથી નામાદિ-જિનો નમસ્કરણીય નથી, એમ નહિ. શ્રી જૈનશાસનનો સિદ્ધાંત છે કે-

શુદ્ધભાવ જેહનો છે તેહના, ચાર નિક્ષેપા સાચા;
જેહનો ભાવ અશુદ્ધ છે. તેહના,
એક કાચે સવિ કાચા. ૧

ઉપા. શ્રી યશોવિજયજી, મ.

માટે બીજું 'भगवंताणं' એ પદ મૂકયું છે-બહુ વચનનો પ્રયોગ અર્હંત એક નથી પણ ઘણા છે એમ જણાવી સર્વ અર્હંતોને એક સાથે નમસ્કાર જણાવવા માટે છે.

भगवंताणं--ભગવંતોને—

" भगोऽर्कज्ञानमाहात्म्ययशोवैराग्यमुक्तिषु ।
रूपवीर्यप्रयत्नेच्छाश्रीधर्मैश्वर्ययोनिषु ॥ १ ॥ "

એ શ્લોકથી 'ભગ' શબ્દના ૧૪ અર્થ થાય છે. તેમાં પહેલો 'અર્ક' અને છેલ્લો 'યોનિ' અર્થ છોડી બાકીના જ્ઞાનાદિથી માંડી ઐશ્વર્ય સુધીના બાર પ્રકારના અર્થ જેમને છે તે ભગવંત કહેવાય છે.

જ્ઞાન—ભગવાનને ગર્ભાવાસથી માંડી દીક્ષા અંગીકાર કરે ત્યાં સુધી નિર્મળ મતિ, શ્રુત અને અવધિ એમ ત્રણ જ્ઞાન હોય છે. દીક્ષા લીધા બાદ ઘાતિ કર્મોનો ક્ષય ન થાય ત્યાં સુધી ચોથું મનઃપર્યાયજ્ઞાન મલી ચાર જ્ઞાન હોય છે. ઘાતિ કર્મોનો ક્ષય થયા બાદ અનન્ત વસ્તુને વિષય કરનારૂં-સમસ્ત ભાવોને જણાવનારૂં પાંચમું કેવલ-જ્ઞાન પ્રગટ થાય છે.

માહાત્મ્ય—ભગવાનના પ્રભાવનો અતિશય—સર્વ કલ્યાણકોને વિષે નારકી અને સ્થાવરોને પણ સુખ ઉત્પન્ન કરનારો, નિરંતર ઘોર અંધકારમય નરકોમાં પણ પ્રકાશ કરનારો, ગર્ભાવાસમાં આવે ત્યારથી કુળમાં ધનાદિની વૃદ્ધિ કરનારો, અણનમ રાજાઓને પણ નમાવનારો, ઈતિ, મારિ,

વૈરાદિ ઉપદ્રવો રહિત, રાજ્યના સુખનો અનુભવ કરાવનારો, સમસ્ત દેશને અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ આદિ બાધાઓથી રહિત બનાવનારો તથા આસનો ચલાયમાન થવાથી સકલ સુરાસુરના નમસ્કારને અપાવનારો હોય છે.

યશ—રાગ દ્વેષ તથા પરીષહ અને ઉપસર્ગો ઉપર વિજય મેળવવાથી ભગવાનનો યશ સદાકાળ પ્રતિષ્ઠિત થયેલો હોય છે. દેવલોકમાં દેવાંગનાઓવડે તથા પાતાલલોકમાં નાગકન્યાઓ વડે ભગવાનની નિરંતર સ્તુતિ કરાય છે.

વૈરાગ્ય—દેવલોક અને રાજ્યનાં સુખો ભોગવતી વખતે પણ પ્રભુનો વૈરાગ્ય કાયમ હોય છે. જ્યારે સર્વ વસ્તુના ત્યાગપૂર્વક ભગવાન પ્રવ્રજ્યા અંગીકાર કરે છે, ત્યારે તેથી પણ અધિક વૈરાગ્ય હોય છે અને જ્યારે ઘાતિ કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામે છે, ત્યારે ભગવાનના આત્મામાં અપૂર્વ ઉદાસીનતા પ્રગટે છે.

મુક્તિ—સર્વ ક્લેશથી રહિત એવી મુક્તિ ભગવાનને નિકટમાં જ હોય છે.

રૂપ—સર્વ દેવોના રૂપથી પણ ચઢી જાય તેવું રૂપ ભગવાનને જન્મથી જ હોય છે.

વીર્ય—મેરૂને દંડરૂપ તથા પૃથ્વીને છત્રરૂપ કરવાનું સામર્થ્ય ભગવાનને જન્મથી હોય છે. તત્કાલ ઉત્પન્ન થયેલા શ્રી **મહાવીર**પ્રભુએ ઈન્દ્રની શંકા દૂર કરવા માટે ડાબા પગના અંગૂઠા વડે **મેરૂ** પર્વતને કંપાયમાન કર્યો હતો.

પ્રયત્ન—ભગવાનનો પ્રયત્ન પરમ વીર્યથી ઉત્પન્ન થયેલ એક રાત્રિકીઆદિ મહાપ્રતિમાના કારણભૂત અને સમુદ્ઘાત તથ શૈલેશી અવસ્થાઓ વડે વ્યંગ્ય હોય છે.

ઈચ્છા—ત્રીજાભવે, દેવભવે અને તીર્થંકરના ભવમાં દુઃખમગ્ન જગતનો ઉદ્ધાર કરવાની ભગવાનને તીવ્ર ઈચ્છા હોય છે.

શ્રી—ઘાતિકર્મના ઉચ્છેદથી પ્રાપ્ત થયેલ કેવલજ્ઞાનની સંપત્તિ તથા અતિશયોની પરમપ્રકૃષ્ટ સંપત્તિ ભગવાનને હોય છે.

ધર્મ—અનાશ્રવ રૂપ, મહાયોગાત્મક, પરમ નિર્જરાના ફલવાલો અને અતિ કલ્યાણકર ધર્મ હોય છે

ઐશ્વર્ય—ભક્તિના સમૂહથી નમ્ર એવા દેવેન્દ્રો વડે વિહિત સમવસરણ અને પ્રાતિહાર્યાદિ રૂપ ઐશ્વર્ય-ઠકુરાઈ ભગવાનને હોય છે.

આવા પ્રકારના હોય છે તે જ પ્રેક્ષાવાનોને સ્તુતિ કરવા લાયક છે. તેથી આ બે પદો વડે **સ્તોતવ્ય સમ્પદા** કહી. હવે ત્રણ પદોવડે એ સ્તોતવ્ય સમ્પદાની હેતુ સમ્પદા કહે છે.

आइगराणं—સઘળી નીતિના કારણભૂત શ્રતધર્મ-દ્વાદશાંગી, તેના કરનારા-અર્થથી પ્રરૂપનારા.

तित्थयराणं—જેનાથી સંસારસમુદ્ર તરાય તે તીર્થ-પ્રવચન અથવા તેનો આધાર ચતુર્વિધ સંઘ અથવા પ્રથમ ગણધર, તેને કરનારા.

सयंसंबुद्धाणं-સ્વયં-તથાભવ્યત્વાદિ સામગ્રીના પરિપા-પાકથી પોતાની મેળે બોધ પામેલ-અજ્ઞાન નિદ્રામાં પ્રસુપ્ત જગતને વિષે પારકાના ઉપદેશ વિના જીવાદિરૂપ તત્ત્વને અવિપરીતપણે જાણનારા.

હવે ચાર પદ વડે **સ્તોતવ્ય સમ્પદાની વિશેષ હેતુ સમ્પદા કહે છે :—**

पुरिसुत्तमाणं-પુરુષોત્તમ-સહજ તથાભવ્યત્વાદિ ભાવથી પરોપકારાદિ સદ્ગુણોમાં અન્ય પુરૂષો કરતાં શ્રેષ્ઠ-ચઢીયાતા.

पुरिससीहाणं-પુરૂષોને વિષે સિંહની જેમ શૌર્યાદિ ગુણોવડે પ્રધાન. સિંહ જેમ શૌર્યાદિ ગુણયુકત હોય છે, તેમ ભગવાન પણ કર્મ શત્રુનો ઉચ્છેદ કરવા માટે શૂર, તપ કર્મ કરવા માટે વીર, રાગાદિ તથા ક્રોધાદિનું નિવારણ કરવાના આશય વડે ગંભીર, પરીષહો સહન કરવા માટે ધીર, સંયમમાં સ્થિર, ઉપસર્ગોથી નિર્ભય, ઈન્દ્રિય વર્ગથી નિશ્ચિન્ત અને ધ્યાનમાં નિષ્પકમ્પ હોય છે.

पुरिसवरपुंडरीयाणं-પુરૂષોને વિષે શ્રેષ્ઠ કમળ જેવા. જેમ કમલ કાદવમાં પેદા થાય છે, જલથી વધે છે અને તે બંનેને છોડી ઉપર રહે છે. તથા તે કમલ સ્વભાવથી સુંદર ભુવનલક્ષ્મીનું નિવાસ સ્થાન તથા ચક્ષુ આદિને આનંદ આપનાર હોય છે. તથા વિશિષ્ટ કોટિના તિર્યંચ, મનુષ્ય અને દેવોવડે સેવાય છે અને સુખનો હેતુ થાય છે, તેમ ભગવાન પણ કર્મપંકમાં ઉત્પન્ન થાય છે. દિવ્યભોગજલથી વધે છે. અને તે બન્નેને છોડીને નિરાળા રહે છે. અતિ-

શયોના યોગથી અતિ સુંદર હોય છે. ગુણસંપદાઓના નિવાસસ્થાન છે. પરમાનન્દના હેતુ છે. કૈવલ્યાદિગુણવડે વિશિષ્ટ પ્રકારના તિર્યંચ, મનુષ્ય અને દેવોવડે સેવાય છે તથા મોક્ષ સુખના કારણ થાય છે.

पुरिसवरगन्धहत्थीणं–પુરૂષોને વિષે શ્રેષ્ઠ ગન્ધ હસ્તી-સમાનઃ ગન્ધ હસ્તીની ગંધથી તે સ્થાનમાં વિચરનારા બીજા ક્ષુદ્ર હાથીઓ જેમ ભાગી જાય છે, તેમ અચિંત્ય પુણ્યપ્રભાવવાળા ભગવાનના વિહારના પવનની ગન્ધથીજ પરચક્ર, દુર્ભિક્ષ અને મારી વિગેરે સર્વ ક્ષુદ્ર ઉપદ્રવ રૂપી ગજો-હાથીઓ ભાગી જાય છે.

હવે પાંચ પદોવડે **સ્તોતવ્ય સમ્પદાની સામાન્ય ઉપયોગ સમ્પદા** કહે છેઃ—

लोगुत्तमाणं–લોકને વિષે ઉત્તમ. અહીંઃ 'લોક' શબ્દથી ભવ્યપ્રાણી રૂપી લોક લેવાનો છે. અન્યથા અભવ્યની અપેક્ષાએ સર્વ ભવ્યો ઉત્તમ જ છે, તેથી ભગવાનની કાંઈ ઉત્તમતા સાબિત થાય નહિ. સકલ કલ્યાણના કારણભૂત તથાભવ્યત્વભાવને ધારણ કરનારા હોવાથી ભગવાન સર્વ ભવ્ય લોકને વિષે ઉત્તમ છે.

लोगनाहाणं–લોકના નાથ. અહીં લોકશબ્દથી બીજાધાનાદિવડે સંવિભક્ત અને રાગાદિ ઉપદ્રવોથી રક્ષણીય વિશિષ્ટ ભવ્યલોક લેવાનો છે. તેને વિષેજ ભગવાનનું નાથપણું ઘટે છે. 'योगक्षेमकृन्नाथः !' બીજાધાન, બીજોદ્ભેદ તથા બીજ

પોષણાદિવડે 'યોગ' અને ઉપદ્રવોથી રક્ષણ કરવા વડે ભગવાન 'ક્ષેમ' કરનારા છે.

लोगहियाणं–લોકનું હિત કરનારા. અહીં લોક શબ્દથી વ્યવહારરાશિમાં આવેલ સર્વ પ્રાણિવર્ગ સમજવાનો છે. સમ્યક્પ્રરૂપણ અને રક્ષણ કરવા વડે સર્વ પ્રાણીગણનું ભગવાન હિત કરનારા છે.

लोगपईवाणं–લોકને વિષે પ્રદીપ તુલ્ય. અહીં લોક શબ્દથી વિશિષ્ટ સંજ્ઞીલોક લેવાનો છે, દેશનાદિ કિરણો વડે યથાયોગ્ય મિથ્યાત્વ અંધકારને દૂર કરનારા તથા જ્ઞેયભાવને પ્રકાશિત કરનારા હોવાથી તેઓ પ્રત્યે જ ભગવાનનું પ્રદીપપણું ઘટે છે.

लोगपज्जोअगराणं–લોકને વિષે પ્રદ્યોત કરનારા. અહીં લોક શબ્દથી વિશિષ્ટ ચૌદ પૂર્વધર લોક લેવાનો છે. તેમને વિષે જ તત્ત્વથી પ્રદ્યોતકરપણું ઘટે છે. સાત પ્રકારનું જીવાદિ વસ્તુતત્ત્વ એ પ્રદ્યોત્ય છે. તેનું પ્રદ્યોતીકરણ–વિશિષ્ટ તત્ત્વસંવેદન, વિશિષ્ટ પૂર્વધરોને વિષે જ સંભવે છે. પૂર્વધરોમાં પણ પરસ્પર ષટ્સ્થાન પતિતતા હોય છે. તેથી પ્રદ્યોતીકરણને યોગ્ય (સર્વ પૂર્વધરોથી પણ વિશિષ્ટ યોગ્યતાવાળા) પૂર્વધરોજ લેવાના છે.

હવે ઉપયોગ સંપદાની હેતુ સંપદા કહે છે

अभयदयाणं–અભયને આપનારા. ભય સાત પ્રકારના છે, ઈહલોક, પરલોક, આદાન, અકસ્માત્, આજીવિકા, મરણ અને અશ્લાઘા. મનુષ્યને મનુષ્યથી ભય તે ઈહલોક

ભય. તિર્યંચાદિથી ભય તે **પરલોક ભય.** ચોરી લુંટફાટાદિનો ભય તે **આદાનભય.** આગ–જળ–પ્રલયાદિનો ભય તે **અકસ્માત્‌ભય.** કુટુંબાદિની આજીવિકાના નિર્વાહનો ભય તે **આજીવિકાભય.** આયુષ્યપૂર્ણ થવાનો ભય તે **મરણ ભય.** અને યશ કીર્તિ ચાલી જવાનો ભય તે **અશ્લાઘાભય**—અપ યશભય. તેનાથી પ્રતિપક્ષ તે અભય. આત્માનું વિશિષ્ટ સ્વાસ્થ્ય–અન્ય લોકો જેને ધૃતિ કહે છે. તે ધર્મ ભૂમિકાનું કારણભૂત, 'અભય' તેને ભગવાન આપે છે. કારણ કે અરિહંત ભગવંતો ગુણના પ્રકર્ષને પ્રાપ્ત થયેલા હોય છે, અચિન્ત્ય શકિતથી યુકત હોય છે તથા સર્વથા પરાર્થ–પરોપકાર કરવામાં રકત હોય છે.

चक्खुदयाणं–ચક્ષુ આપનારા, તત્ત્વબોધના કારણભૂત વિશિષ્ટ આત્મધર્મને ચક્ષુ કહેવાય છે, બીજાઓ તેને 'શ્રદ્ધા' કહે છે. ચક્ષુ વિહીનને જેમ વસ્તુતત્ત્વનું દર્શન થતું નથી. તેમ શ્રદ્ધારૂપી ચક્ષુથી રહિતને પણ કલ્યાણકર વસ્તુતત્ત્વનું દર્શન થતું નથી. આ શ્રદ્ધા ધર્મકલ્પ વૃક્ષના અવન્ધ્ય–બીજભૂત છે અને તે ભગવાનથી જ પ્રાપ્ત થાય છે માટે ભગવાન તેના આપનાર છે.

मग्गदयाणं–માર્ગને આપનારા. વિશિષ્ટ ગુણસ્થાનકની પ્રાપ્તિ કરાવનાર સ્વાભાવિક ક્ષયોપશમવિશેષને માર્ગ કહેવાય છે. બીજાઓ તેને 'સુખા' કહે છે. આ 'સુખા'–વિશિષ્ટ ગુણસ્થાનકની પ્રાપ્તિ કરાવનાર ક્ષયોપશમ વિશેષ,

ભગવાનથી જ પ્રાપ્ત થાય છે, તેથી ભગવાન માર્ગના આપનાર છે.

सरणदयाणं–શરણને આપનારા. ભયથી પીડિતને રક્ષણ આપવું તે શરણ કહેવાય છે. બીજાઓ તેને 'વિવિદિષા' કહે છે. સંસારકાંતારમાં પડેલા અને અતિપ્રબળ રાગાદિથી પીડિત થયેલ પ્રાણીઓને 'વિવિદિષા'–તત્ત્વ ચિન્તારૂપ અધ્યવસાય સમાશ્વાસકલ્પ–આશ્વાસન તુલ્ય છે. તત્ત્વ–ચિન્તારૂપ અધ્યવસાયથી તત્ત્વવિષયક શુશ્રુષા, ગ્રહણ, ધારણ, વિજ્ઞાન, ઉહાપોહ અને તત્ત્વાભિનિવેશાદિ પ્રજ્ઞા બુદ્ધિના ગુણો પ્રાપ્ત થાય છે. તત્ત્વચિન્તારૂપ અધ્યવસાય વિનાના તે ગુણો સત્ય હોતા નથી કિન્તુ મિથ્યા–આભાસ માત્ર હોય છે. હિત સાધવામાં અસમર્થ હોય છે, તત્ત્વ-ચિન્તારૂપ શરણ ભગવાનથી પ્રાપ્ત થાય છે, માટે ભગવાન શરણને આપનારા છે.

बोहिदयाणं–બોધિને આપનારા. બોધિ–જિનપ્રણીત ધર્મની પ્રાપ્તિ. તેને સમ્યગ્દર્શન કહેવાય છે. અપૂર્વકરણ-રૂપી અધ્યવસાયદ્વારા રાગદ્વેષની તીવ્ર ગાંઠ ભેદાવાથી તે પ્રાપ્ત થાય છે. પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકમ્પા અને આસ્તિકય તેનાં લક્ષણ છે બીજાઓ તેને 'વિજ્ઞપ્તિ' કહે છે. તે 'વિજ્ઞપ્તિ' ભગવાનથી પ્રાપ્ત થાય છે. માટે ભગ-વાન બોધિને આપનારા છે.

આ પાંચે અપુનર્બન્ધક–તીવ્રભાવે પાપ નહિ કરનાર આત્માને હોય છે. પુનર્બન્ધકને તે યથોચિત હોતાં નથી.

ઉત્તર ઉત્તર પૂર્વ પૂર્વનાં ફળભૂત છે. અભય-ધૃતિનું ફલ ચક્ષુ-શ્રદ્ધા છે. ચક્ષુ-શ્રદ્ધાનું ફળ માર્ગ-સુખા છે. માર્ગ-સુખાનું ફળ શરણુ-વિવિદિષા છે. શરણુ-વિવિદિષાનું ફળ બોધિ-વિજ્ઞપ્તિ છે. એ પાંચેને ભગવાન આપે છે. કારણુ કે ભગવાન ગુણુપ્રકર્ષવાન, અચિન્ત્ય શક્તિમાન તથા સર્વથા પરાર્થરસિક છે.

હવે સ્તોતવ્ય સમ્પદાની વિશેષ ઉપયોગ સમ્પદા કહે છે.

धम्मदयाणं—ધર્મને દેનારા. શબ્દથી અહીં ચારિત્રધર્મ લેવાનો છે. તે બે પ્રકારનો છે. સર્વવિરતિરૂપ યતિધર્મ અને દેશવિરતિરૂપ શ્રાવકધર્મ. એ બંને પ્રકારનો ધર્મ ભગવાનથી જ પ્રાપ્ત થાય છે. ધર્મપ્રાપ્તિમાં બીજા પણ કારણો છે, કિન્તુ પ્રધાન કારણ ભગવાન જ છે. ભગવાનના અભાવે બીજા બધા કારણો સ્વકાર્ય સાધવા માટે સમર્થ નથી અથવા ધર્મપ્રાપ્તિના સર્વ હેતુઓના ઉત્પાદક ભગવાન છે તેથી પણ ભગવાન પ્રધાનહેતુ છે.

धम्मदेसयाणं—ધર્મનો ઉપદેશ કરનારા, પ્રસ્તુત ધર્મને યોગ્યતા મુજબ અવન્ધ્યપણે ઉપદેશનારા. જેમકે :-" સળગતા ઘરના મધ્ય ભાગ સમાન આ સંસાર છે. શરીર વિગેરે દુઃખોનું નિવાસસ્થાન છે. વિદ્વાન આત્માઓએ આ સંસારમાં પ્રમાદ કરવો યોગ્ય નથી, આ મનુષ્ય અવસ્થા અતિદુર્લભ છે, એમાં

પરલોકનું હિત સાધવું એ જ પ્રધાન છે-બીજું બધું વિનશ્વર છે, વિષયો પરિણામે કડવા અને દારૂણ વિપાકને દેવાવાળા છે, સંયોગો વિયોગના અંતવાળા છે, આયુષ્ય અવિજ્ઞાત અને પડવાની તૈયારીવાળું છે. તેથી આ સંસાર રૂપી આગને ઓલવવા માટે યત્ન કરવો એજ યોગ્ય છે, સિદ્ધાન્તની વાસનાથી પ્રધાન એવો ધર્મરૂપી મેઘ જ તેને ઓલવી શકે તેમ છે, એ કારણે સિદ્ધાન્તનો સ્વીકાર કરવો જોઇએ, સિદ્ધાન્તના જ્ઞાતાઓની સમ્યક્ પ્રકારે શુશ્રુષા કરવી જોઇએ, દુર્જન પુરૂષોની સોબત છોડવી જોઇએ, આજ્ઞા પ્રધાન બનવું જોઇએ; પ્રણિધાન-ચિત્તની એકાગ્રતા આદરવી જોઇએ, સાધુસેવા વડે ધર્મરૂપી શરીરને પુષ્ટ કરવું જોઇએ, સર્વત્ર વિધિપૂર્વક પ્રવર્તવું જોઇએ. અવિરૂદ્ધ યોગોમાં યત્ન કરવો જોઇએ, વિસ્રોતસિકા ચિત્તની વિપરીતગતિને ઓળખવી જોઇએ અને રોકવી જોઈએ. એ રીતે કરવાથી સોપક્રમ કર્મનો નાશ થાય છે તથા નિરૂપક્રમ કર્મના અનુબન્ધનો વિચ્છેદ થાય છે.”

धम्मनायगाणं-ધર્મના નાયક. અધિકૃત ચારિત્રધર્મના સ્વામી: (૧) વિધિપૂર્વક પ્રાપ્ત કરવાથી, અતિચારરહિત પાલન કરવાથી તથા યોગ્યને ઉચિત રીતે દાન કરવાથી ભગવાન ધર્મને વશ કરનારા છે. (૨) સર્વોત્કૃષ્ટ ક્ષાયિકભાવે પ્રાપ્ત કરનાર હોવાથી ધર્મના ઉત્કર્ષને પ્રાપ્ત કર-

નારા છે. (૩) ધર્મનું સર્વોત્કૃષ્ઠ ફળ જે તીર્થંકરપદ, તેને ભોગવનાર હોવાથી પ્રકૃષ્ટ ફળના ભોક્તા છે. (૪) અવન્ધ્ય પુણ્યબીજના યોગે વ્યાઘાતરહિતપણે ધર્મને પ્રાપ્ત થયેલા છે. એ ચાર કારણોના યોગે ભગવાન ધર્મના નાયક છે. ધર્મને વશ કરવાથી[1] તેના ઉત્કર્ષને પ્રાપ્ત કરવાથી,[2] ઉત્કૃષ્ઠ ફલનો ભોગવટો કરવાથી તથા વ્યાઘાતરહિતપણે અનુભવવાથી[3] ભગવાન ધર્મના સ્વામી છે.

धम्मसारहीणं–ધર્મના સારથિને. પ્રસ્તુત ધર્મનું સ્વપર અપેક્ષાએ સમ્યક્–પ્રવર્તન, સમ્યક્ પાલન, અને સમ્યગ્દમન કરનાર હોવાથી ભગવાન ધર્મના સારથિ છે.

धम्मवरचाउरंतचक्कवट्टीणं–ધર્મવરચાતુરંગ ચક્રવર્તીને. ધર્મ, અધિકૃત ચારિત્ર ધર્મ એજ છે વર–પ્રધાન ચતુરન્ત ચક્ર, તેને ધારણ કરનારાઃ ચારિત્રધર્મ એ ઉભય લોકમાં ઉપકારક હોવાથી ચક્રવર્તીના ચક્રની અપેક્ષાએ તથા ત્રિકોટિ–આદિ, મધ્ય અને અન્ત અથવા કષ, છેદ અને તાપ વડે પરિશુદ્ધ નિર્દોષ હોવાથી, અન્ય પ્રણીત ધર્મચક્રની અપેક્ષાએ પ્રધાન–શ્રેષ્ઠ છે તથા નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ લક્ષણ ચાર ગતિઓનો અંત કરનાર છે. અથવા દાન, શીલ, તપ અને ભાવરૂપ ચાર ધર્મોવડે ભવનો અન્ત કરનાર છે માટે ધર્મવરચાતુરંતચક્રવર્તી કહેવાય છે, ચક્રની જેમ ધર્મચક્ર પણ મિથ્યાત્વાદિ ભાવશત્રુઓનો નાશ કરે છે. દાનાદિ

---

૧ અપુનર્બન્ધકપણે. ૨ અતિચારરહિતપણે. ૩ અનિવર્તકપણે ફલપ્રાપ્તિપર્યંત અનુપરમપણે–નહિ અટકવાપણે.

ચાર પ્રકારના ધર્મના અભ્યાસથી આગ્રહ–મૂર્છા, મમતા, લોભ આદિનો છેદ મહાત્મા પુરૂષોને સ્વાનુભવ સિદ્ધ છે.

હવે બે પદો વડે **સ્તોતવ્ય સમ્પદાની સકારણ સ્વરૂપ સમ્પદા** કહે છે.

अप्पडिहयवरनाणदंसणधराणं–અપ્રતિહત વર જ્ઞાન અને દર્શનને ધારણ કરનારને. અપ્રતિહત–સર્વત્ર અસ્ખલિત વર–ક્ષાયિક, જ્ઞાન–વિશેષઅવબોધ, દર્શન–સામાન્યઅવબોધ, તેને ધારણ કરનારા. સર્વ પ્રકારના આવરણો દૂર થવાથી આત્માનો સ્વભાવ, જે સર્વ વસ્તુને જાણવા તથા જોવાનો છે, તે પ્રગટ થાય છે. પ્રથમ જ્ઞાન અને પછી દર્શન ગ્રહણ કરવાનું કારણ એ છે કે કેવલજ્ઞાનાદિ સર્વ લબ્ધિઓ સાકારોપયોગ–જ્ઞાનોપયોગથી યુક્ત આત્માને જ પ્રગટ થાય છે કિન્તુ દર્શનોપયોગથી યુક્તને થતી નથી.

वियट्टछउमाणं–ચાલ્યું ગયું છે છદ્મસ્થપણું જેમને. વ્યાવૃત્ત–નિવૃત્ત થઈ છે, છદ્મ–આત્મસ્વરૂપને આવરનાર જ્ઞાનાવરણાદિ ઘાતિકર્મ અને તેના બંધનની યોગ્યતા જેમની.

હવે ચાર પદો વડે **આત્મ–તુલ્ય–પર–ફલ–કર્તૃત્વ અથવા નિજ–સમ ફલદ સમ્પદા** કહે છે :—

जिणाणं जावयाणं–જિનોને, જીતાવનારાઓને. રાગાદિ દોષોને જીતનારા હોવાથી જિનઃ રાગાદિ દોષોનું અસ્તિત્વજ નથી એમ ન કહેવું. પ્રત્યેક પ્રાણીને રાગાદિ દોષો સ્વાનુભવ સિદ્ધ છે. એ અનુભવ ભ્રાન્ત છે એમ પણ ન કહેવું. રાગાદિના અનુભવને ભ્રાન્ત માનવાથી સુખ દુઃખા-

દિના અનુભવને પણ ભ્રાન્ત માનવો પડશે અને તે કોઈને પણ ઈષ્ટ નથી. રાગાદિ દોષોને સ્વયં જીતનારા છે તેમ સદુપદેશાદિવડે ભગવાન અન્યને જીતાવનારા પણ છે.

तिन्नाणं तारयाणं–તરેલાને,તારનારાઓને. સમ્યગ્જ્ઞાન, દર્શન ચારિત્રરૂપ નાવવડે ભવસમુદ્રને તરી ગયેલા અને બીજાઓને પણ તારનારા ભગવાન છે.

बुद्धाणं बोहयाणं–બોધ પામેલાને, બોધ પમાડનારાઓને. અજ્ઞાનનિદ્રામાં પ્રસુપ્ત જગતને વિષે પારકાના ઉપદેશ વિના જીવાજીવાદિ રૂપ તત્ત્વને સ્વસંવિદિત જ્ઞાનવડે જાણનારા અને બીજાઓને પણ બોધ પમાડનારા ભગવાન છે.

मुत्ताणं मोयगाणं–મુક્તોને, મુકાવનારાઓને. ચાર ગતિમાં વિચિત્ર પ્રકારના વિપાકને આપનાર કર્મના બંધનથી મુક્ત થયેલા હોવાથી ભગવાન મુક્ત–કૃતકૃત્ય–નિષ્ઠિતાર્થ છે. અને બીજાને કર્મના બંધનથી મુકાવનારા પણ ભગવાન છે.

હવે ત્રણ આલાપકો વડે અનુક્રમે ભગવાનનો પ્રધાન ગુણ, અક્ષય સ્થિતિ અને ઉત્કૃષ્ટ ફલને બતાવનાર નવમી **પ્રધાનગુણાપરિક્ષય પ્રધાનફલાવાપ્ત્યભય અથવા મોક્ષ નામની નવમી સંપદા કહે છે.**

सव्वन्नूणं सव्वदरिसीणं–સર્વજ્ઞને, સર્વદર્શીને નિરાવરણ હોવાથી સર્વ વસ્તુને જાણનારા: તથા સર્વવસ્તુને જોનારા.

'सिवमयलमरुअमणंतमक्खयमव्वाबाहमपुणरावित्तिसि-

द्धिगइनामधेयं ठाणं संपत्ताणं। ' શિવ, અચલ, અરુજ, અનંત, અક્ષય, અવ્યાબાધ અને અપુનરાવૃત્તિ એવા સિદ્ધિ ગતિ નામના સ્થાનને પામેલા શિવ–સર્વ ઉપદ્રવ રહિત, અચલ સ્વભાવિક અને પ્રાયોગિક ચલનક્રિયા રહિત, અરુજ-વ્યાધિ વેદના રહિત. કારણ કે વ્યાધિ અને વેદનાના કારણભૂત શરીર અને મન ત્યાં નથી, અનંત–અનન્ત જ્ઞાન વિષય સહિત, અક્ષય–વિનાશના કારણથી રહિત, અવ્યાબાધ–કર્મ-જન્ય વ્યાબાધાઓ રહિત, અપુનરાવૃત્તિ–સંસારમાં ફરી-વાર આવવાનું નથી એવું સિદ્ધિ ગતિનામધેય–જેમાં જીવો સિદ્ધ–નિષ્ઠિતાર્થ થાય છે તે લોકાન્ત ક્ષેત્ર લક્ષણ સિદ્ધિ અને જવા યોગ્ય સ્થાન હોવાથી ગતિ–તેને પ્રાપ્ત થયેલા. શિવાચલાદિ વિશેષણો નિશ્ચયથી મુક્તાત્માને લાગુ પડે છે. પણ વ્યવહારથી સ્થાન અને સ્થાનિનો અભેદ માનીને સિદ્ધિ ક્ષેત્રને પણ લાગુ પડે છે. એવા પ્રકારના સ્થાનને સમ્પ્રાપ્ત–અશેષ કર્મથી રહિત બનીને પ્રાપ્ત થયેલા–સ્વ-રૂપમાં સ્થિર થયેલા.

આ પ્રકારના જિનેશ્વરો એ જ પ્રેક્ષાવંત પુરુષોને નમસ્કાર કરવા યોગ્ય છે. એ જણાવવા તથા આદિ અને અંતમાં કરેલો નમસ્કાર મધ્યમાં પણ વ્યાપિ છે, એ દર્શા-વવા અને ભયને જીતનારા પણ તેઓ જ છે એ વાતનું સમર્થન કરવા ઉપસંહાર કરતાં કહે છે કે–

नमो जिणाणं जिअभयाणं–જિનોને તથા ભયોને જીત-નારાઓને નમસ્કાર થાઓ. અહીં પુનરુક્તિ દોષની શંકા

નહિ કરવી. સ્વાધ્યાય, ધ્યાન, તપ, ઔષધ, ઉપદેશ, સ્તુતિ-દાન અને સજ્જનોના ગુણોનું ઉત્કીર્ત્તન એટલી વસ્તુઓમાં શાસ્ત્રકાર મહર્ષિઓએ પુનરૂક્તિને દોષ તરીકે ગણાવેલ નથી. કિન્તુ ગુણ રૂપ માનેલી છે. અહીં સ્તુતિનો વિષય છે તેથી દોષની આશંકા અયુક્ત છે.

આ નવ સમ્પદાઓથી યુક્ત પાઠને પ્રણિપાતદંડક કહે છે. કારણ કે–એ પાઠ કહ્યા પછી તુરત જ પ્રણિપાત કરવાનો હોય છે. અથવા તેને શક્રસ્તવ પણ કહે છે. કારણ કે શ્રી જિનેશ્વરોના જન્માદિ કલ્યાણકોને વિષે તીર્થની પ્રવૃત્તિ પહેલાં પણ આ સ્તવવડે શક્ર **સૌધર્મેન્દ્ર** પોતાના વિમાનમાં રહીને ભગવાનની અતિ ભાવથી સ્તુતિ કરે છે. આ સ્તુતિ ભાવ અરિહંતને ઉદ્દેશીને છે, તો પણ ભાવ અરિહંતનું અધ્યારોપણ કરીને સ્થાપના અરિહંતની સન્મુખ કહેવામાં કોઇ પણ જાતનો દોષ નથી.

પ્રણિપાતદંડક કહી રહ્યા બાદ અતીત, અનાગત અને વર્તમાન, એમ ત્રણે કાળના જિનેશ્વરોને વન્દન કરવા માટે નીચેની ગાથા પણ કહેવામાં આવે છે.*

'जे अ अइया सिद्धा, जे अ भविस्संति णागए काले।
संपइ य वट्टमाणा, सव्वे तिविहेण वंदामि ॥ १ ॥

જે અતીત કાળમાં સિદ્ધ થઈ ગયા, જે અનાગત

---

* આ ગાથાને શ્રી દેવ **વન્દન ભાષ્ય**માં દ્રવ્ય જિનની સ્તુતિ તરીકે પણ જણાવી છે.

કાળમાં સિદ્ધ થશે અને જે સાંપ્રતકાળમાં વર્તે છે; તે સર્વેને ત્રિવિધે–ત્રણે પ્રકારે, (મનથી ધ્યાન કરવા વડે, વચનથી સ્તુતિ કરવા વડે અને કાયાથી વન્દન કરવા વડે) હું વન્દન કરૂં છું.

શક્રસ્તવ (નમુત્થુણં) સૂત્ર કહ્યા પછી નીચે મુજબ 'જાવંતિ ચેઈઆઈ' સૂત્ર કહેવામાં આવે છે.

जावन्ति चेइयाइं, उड्ढेअ अहेअ तिरिअलोए अ ।
सव्वाइं ताइं वंदे, इह संतो तत्थ संताइं ॥ १ ॥

અર્થ:–ઉર્ધ્વલોક, અધોલોક અને મનુષ્યલોકમાં જેટલાં પણ ચૈત્યો–જિનબિંબો હોય, તે સર્વને અહીં રહ્યો છતો ત્યાં રહેલાંને હું વન્દન કરૂં છું. આ સૂત્રમાં સર્વ ચૈત્યોને વંદન કરવામાં આવ્યું છે.

તેથી તેને **'સર્વ ચૈત્યવંદનસૂત્ર'** કહેવામાં આવે છે.

જિનપ્રતિમા આત્મબોધ માટેનું એક અગત્યનું સાધન છે.તેના પ્રત્યેની નિઃસીમભકિત આ સૂત્ર વડે પ્રદર્શિત કરાય છે.

ત્યાર પછી એક ખમાસમણ આપી નીચે મુજબ 'જાવન્ત કે વિ સાહૂ,' સૂત્ર કહેવામાં આવે છે.

जावन्त के वि साहू, भरहेरवय महाविदेहे य ।
सव्वेसिं तेसिं पणओ, तिविहेण तिदंडविरयाणं ॥१॥

ભરત, ઐરવત અને મહાવિદેહ ક્ષેત્રમાં રહેલા જે કોઈ સાધુ મન, વચન અને કાયાથી સપાપ પ્રવૃત્તિ કરતા નથી;

કરાવતા નથી. તેમજ કરતાને અનુમોદન આપતા નથી, તેમને હું વાંદું છું.

આ સૂત્રમાં સર્વ સાધુઓને વન્દન કરવામાં આવ્યું છે. તેથી તેને **'સર્વસાધુ વન્દન સૂત્ર'** કહેવાય છે.

શ્રી જિનેશ્વરો અને જિન પ્રતિમાઓની જેમ સાધુઓ પણ આત્મપ્રબોધ થવામાં અતિ ઉપકારક છે. તેમના પ્રત્યેનું સન્માન, તેમના પ્રત્યેની પૂજ્યબુદ્ધિ અને તેમના પ્રત્યેની અંતરંગ ભકિત મનુષ્યમાં રહેલા કુસંસ્કારોને દૂર કરવામાં અને ચારિત્રની ખીલવણી કરવામાં પ્રબલ નિમિત્ત છે. તેથી તેમને વંદન કરવામાં આવ્યું છે. દેવ, ગુરૂ અને ધર્મ એ ત્રણેની ઉપાસના મોક્ષમાર્ગમાં એક સરખી જરૂરી છે.

આ સૂત્ર કહ્યા પછી '**नमोर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः** એ સૂત્રના મંગલાચરણપૂર્વક સ્તવન બોલવાનું હોય છે.

આ સૂત્રમાં અરિહંત, સિદ્ધ આચાર્ય ઉપાધ્યાય અને સર્વ સાધુઓને નમસ્કાર કરવામાં આવ્યો છે.

સ્તવન

દીઠી હો પ્રભુ ! દીઠી જગગુરુ તુજ,
મૂરતિ હો પ્રભુ ! મૂરતિ મોહન વેલડી જી;
મીઠી હો પ્રભુ ! મીઠી તાહરી વાણી,
લાગે હો પ્રભુ ! લાગે જેસી શેલડી જી. ૧

જાણું હો પ્રભુ ! જાણું જન્મ કયત્થ,
જો હું હો પ્રભુ ! જોહું તુમ સાથે મિલ્યો જી;
સુરમણિ હો પ્રભુ ! સુરમણિ પામ્યો હત્થ,
આંગણે હો પ્રભુ ! આંગણે મુજ સુરતરૂ ફળ્યો જી. ૨

જાગ્યા હો પ્રભુ ! જાગ્યા પુન્ય અંકુર,
માગ્યા હો પ્રભુ ! મુહ માગ્યા પાસા ઢળ્યા જી;
વુઠયા હો પ્રભુ ! વુઠયા અમીરસ મેહ,
નાઠા હો પ્રભુ ! નાઠા અશુભ શુભ દિન વળ્યા જી. ૩

ભૂખ્યા હો પ્રભુ ! ભૂખ્યાં મિલ્યાં ઘૃતપુર,
તરસ્યાં હો પ્રભુ ! તરસ્યાં દિવ્ય ઉદક મિલ્યાં જી;
થાકયાં હોપ્રભુ ! થાકયાં મિલ્યાં સુખપાલ,
ચાહતાં હો પ્રભુ ! ચાહતાં સજ્જન હેજે હળ્યાં જી. ૪

દીવો હો પ્રભુ ! દીવો નિશા વન ગેહ,
સાખી હો પ્રભુ ! સાખી થળે જલ નૌ મિલી જી;
કલિયુગે હો પ્રભુ ! કલિયુગે દુલ્લહો તુજ,
દરિશણ હોપ્રભુ ! દરિશણ, લહ્યું આશાફળી જી. ૫

વાચક હો પ્રભુ ! વાચક જશ તુમ દાસ,
વિનવે હો પ્રભુ ! વિનવે અભિનંદન સુણો જી;
કહિએ હો પ્રભુ ! કહિએ મ દેશો છેહ,
દેજો હો પ્રભુ ! દેજો સુખ દરિશણ તણો જી. ૬

સ્તવનને સ્થાને નીચે પ્રમાણે ઉવસગ્ગહરં સ્તોત્ર પણ બોલાય છે.

ઉવસગ્ગહરં સ્તોત્ર.

उवसग्गहरं पासं,
पासं वंदामि कम्म–घण–मुक्कं ॥
विसहर–विस–निन्नासं,
मंगल–कल्लाण–आवासं ॥ १ ॥

विसहर–फुलिंग–मंतं,
कंठे धारेइ जो सया मणुओ ॥
तस्स गह–रोग–मारी–
दुट्ठ–जरा जंति उवसामं ॥ २ ॥

चिट्ठउ दूरे मंतो,
तुज्झ पणामो वि बहुफलो होइ ॥
नरतिरिएसु वि जीवा,
पावंति न दुक्ख–दोगच्चं ॥ ३ ॥

तुह सम्मत्ते लध्धे,
चिंतामणि–कप्पपायव–ब्भहिए,
पावंति अविग्घेणं,
जीवा अयरामरं ठाणं ॥ ४ ॥

इअ संथुओ महायस !
भत्तिब्भर–निब्भरेण हिअएण ॥
ता देव दिज्ज बोहिं,
भवे भवे पास जिणचंद ! ॥ ५ ॥

ઉવસગ્ગહરં સ્તોત્રનો અર્થ.

" જેઓ સઘળા ઉપદ્રવોને દૂર કરનાર છે, ભકત-જનોને સમીપ છે, કર્મસમૂહથી મુકત થયેલા છે. જેઓનું નામસ્મરણ વિષધરો (સાપ) ના ઝેરનો નાશ કરે છે તથા મિથ્યાત્વ આદિ દોષોને દૂર કરે છે અને જેઓ મંગળ તથા કલ્યાણનાં ધામ રૂપ છે, તેવા પાર્શ્વનાથને હું વંદન કરૂં છું. ૧

(શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં નામથી યુકત) 'વિસહર કુલિંગ' નામના મંત્રનું જે મનુષ્ય નિત્ય રટણ કરે છે, તેના દુષ્ટગ્રહો, મહારોગો, મારી, મરકી વગેરે ઉત્પાતો અને દુષ્ટ જવરો શાન્ત થઈ જાય છે. ૨

તે મંત્રની વાત બાજુએ રાખીએ, તો પણ હે પાર્શ્વનાથ ! તમને કરેલો પ્રણામ બહુ ફલ આપનારો થાય છે. તેનાથી મનુષ્ય અને તિર્યંચ-ગતિમાં રહેલા જીવો કોઈપણ પ્રકારનું દુઃખ કે દુર્દશા અનુભવતા નથી. ૩

ચિંતામણિ રત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક શકિત ધરાવનારૂં તમારૂં સમ્યકૃત્વ પામવાથી જીવો સહેલાઈથી મુકિતપદને પામે છે. ૪

મેં આ પ્રમાણે ભકિતથી ભરપુર હૃદય વડે

તમને સ્તવ્યા છે, તેથી હે દેવ ! હે મહાયશ ! હે પાર્શ્વજિનચંદ્ર ! મને ભવો ભવમાં તમારી બોધિ-તમારું સમ્યક્ત્વ આપો." ૫

આ સ્તોત્ર અત્યંત ચમત્કારિક ગણાય છે, તેમાં અનેક મહત્વના મંત્રો અને યંત્રો ગોપવવામાં આવ્યા છે. આ સ્ત્રોતની બીજી ગાથામાં **'વિસહર ફુલિંગ'** મંત્રનું બૃહ-ચ્ચક્ર–વિધાન નામનું સર્વસંપત્કર યંત્ર તથા ચિંતામણિ ચક્ર નામનુ ચિંતવેલા કાર્યની સિદ્ધિ કરનાર યંત્ર ગોપવેલ છે.

આ સ્તોત્રની રચના વિષે નીચેની કથા પ્રચલિત છે. ભદ્રબાહુ સ્વામીને વરાહમિહિર નામનો એક ભાઈ હતો. તેણે જૈન દીક્ષા લીધી હતી, પરંતુ કોઈ કારણવશાત્ પાછળથી તે છોડી દીધી હતી અને જ્યોતિષ શાસ્ત્ર દ્વારા પોતાની મહત્તા બતાવી જૈન સાધુઓની નિંદા કરતો હતો. મરીને તે વ્યંતરદેવ થયો, દ્વેષ બુદ્ધિથી તે જૈન સંઘમાં મહામારી (પ્લેગ જેવો રોગચાળો) ફેલાવવા લાગ્યો. પરંતુ ભદ્રબાહુ સ્વામીએ **'ઉવસગ્ગહરં સ્તોત્ર'** બનાવી સંઘને મુખપાઠ કરવા કહ્યું અને તેથી તે ઉપદ્રવ દૂર થયો. ત્યારથી આ સ્તોત્ર પ્રચલિત થયું છે.

આ સ્તોત્ર ઉપર નાની મોટી અનેક વૃત્તિઓ રચાઈ છે. આ સ્તોત્રનું માહાત્મ્ય દર્શાવવાને માટે શ્રી જિનસૂર-સૂરિએ **પ્રિયંકરનૃપ કથા** નામની એક સુંદર કથા આલેખેલી છે. આ સ્તોત્રનો મહિમા સમજવા માટે એ કથા ખાસ વાંચવા જેવી છે.

સ્તવન અથવા 'ઉપસર્ગહર સ્તોત્ર' પછી 'जयवीयराय' સૂત્ર કહેવામાં આવે છે. આ સૂત્રમાં આશયની શુદ્ધિ માટે પ્રણિધાન કરવામાં આવ્યું છે તેથી તેને 'प्रणिघान सूत्र' કહેવામાં આવે છે, અને તેના પ્રથમ શબ્દો ઉપરથી 'જયવીયરાય સૂત્ર' તરીકે પણ ઓળખાય છે. તે સૂત્ર નીચે મુજબ છે.

जय वीयराय सूत्र

जय वीयराय जगगुरु, होउ ममं तुह पभावओ भयवं; भवनिव्वेओ मग्गा—णुसारिआ इट्ठ—फल सिद्धि ॥१॥ लोग—विरुद्धच्चाओ, गुरुजण—पूआ परत्थकरणं च; सुहगुरु जोगो तव्वयण-सेवणा आभव—मखंडा ॥२॥ वारिज्जइ जइवि नियाण—बंधणं वीयराय तुह समए; तहवि मम हुज्ज सेवा, भवे भवे तुम्ह चलणाणं ॥३॥ दुक्खक्खओ कम्मक्खओ, समाहि—मरणं च बोहिलाभो अ; संपज्जउ मह एअं, तुह नाह ! पणाम-करणेणं ॥४॥ सर्वमंगल—मांगल्यं, सर्वकल्याण-कारणं; प्रधानं सर्वधर्माणां, जैनं जयति शासनम् ॥ ५ ॥

પ્રણિધાન સૂત્રનો અર્થ.

"હે વીતરાગ પ્રભુ ! હે જગદ્દગુરૂ ! તમે જયવંત

વર્તો. હે ભગવન્ ! તમારા સામર્થ્યથી મને સંસાર પ્રત્યે નિર્વેદ પ્રગટો, મોક્ષ માર્ગે ચાલવાની શકિત પ્રાપ્ત થાઓ અને ઇષ્ટ ફલની સિદ્ધિ થાઓ, (૧)

હે પ્રભુ ! મને એવું સામર્થ્ય પ્રાપ્ત થાઓ કે જેથી મારું મન લોક નિંદા થાય એવું કોઇ પણ કાર્ય કરવા માટે પ્રેરાય નહિ, ધર્માચાર્ય તથા માતા પિતાદિ વડીલો પ્રત્યે પૂરેપૂરો આદર ભાવ અનુભવે અને બીજાનું ભલું કરવા માટે ઉજમાળ બને. વળી હે પ્રભો ! મને સદ્‌ગુરૂનો યોગ સાંપડજો, તથા તેમનાં વચનો પ્રમાણે ચાલવાની શકિત પ્રાપ્ત થજો. આ બધું જ્યાં સુધી મારે સંસારમાં પરિભ્રમણ કરવું પડે ત્યાં સુધી અખંડ રીતે પ્રાપ્ત થજો. (૨)

હે વીતરાગ ! તમારા પ્રવચનમાં જો કે નિયાણું બાંધવાનું એટલે કે ધર્મના બદલા તરીકે કંઇ માગવાનું વાર્યું છે, તેમ છતાં હું એવી ઇચ્છા કરૂં છું કે દરેક ભવમાં તમારાં ચરણોની ઉપાસના કરવાનો યોગ મને પ્રાપ્ત થજો. (૩)

હે નાથ ! તમને પ્રણામ કરવાથી દુઃખનો નાશ થાય, કર્મનો નાશ થાય, સમાધિપૂર્વક મૃત્યુ થાય અને સમ્યક્‌ત્વ સાંપડે એવી પરિસ્થિતિ ઉત્પન્ન થજો. (૪)

સર્વ મંગલોમાં મંગળરૂપ, સર્વ કલ્યાણોના કારણ રૂપ અને સર્વધર્મોમાં શ્રેષ્ઠ એવું જૈન શાસન સદા જયવંતું વર્તે છે."

પ્રણિધાન સૂત્રનો ભાવાર્થ.

પ્રણિધાન સૂત્રની શરૂઆતમાં જ जयवीयराय! जगगुरु! એ શબ્દોથી વીતરાગ પરમાત્માનો વિજય ઇચ્છવામાં આવ્યો છે. "હે **વીતરાગ! તારો વિજય થાઓ!**" તારા વિજયમાં વિશ્વનો વિજય છે. વીતરાગના વિજયમાં રાગાદિ દોષોનો પરાજય છે અને દોષોના પરાજયમાં જ વિશ્વનો વિજય છે.

"**હે જગદ્ગુરૂ તારો વિજય થાઓ!**" પ્રાણીઓને જગતનું યથાવસ્થિત સ્વરૂપ કહે તે જગદ્ગુરૂ કહેવાય છે. જેઓ પ્રથમ જગતના યથાસ્થિત સ્વરૂપને સ્વયં જાણે છે, તથા જ્ઞાન મુજબ દુનિયાને યથાવસ્થિત સ્વરૂપે બતાવે છે. તેઓ જ જગદ્ગુરુ પદની પ્રાપ્તિને યોગ્ય બને છે. વીતરાગના વિજયમાં જેમ દોષો ઉપરનો વિજય ઇચ્છાય છે; તેમ જગદ્ગુરુના વિજયમાં કેવળજ્ઞાન અને યથાર્થ ઉપદેશનો વિજય ઇચ્છાય છે. યથાર્થ ઉપદેશ માટે કેવળજ્ઞાનની જરૂર છે અને કેવળજ્ઞાન માટે વીતરાગ ભાવની જરૂર છે. જગદ્ગુરુ પદથી કેવળજ્ઞાન અને યથાર્થ ઉપદેશ એ બે ગુણોનું ગ્રહણ થાય છે. સઘળાય અનર્થોનું મૂળ અજ્ઞાન છે, અજ્ઞાનથી ક્રોધાદિ દોષ, ક્રોધાધિ દોષથી હિંસાદિ અસત્ પ્રવૃત્તિ અને

હિંસાદિ અસત્ પ્રવૃત્તિથી દુર્ગતિની પરંપરા ઉત્પન્ન થાય છે. તે બધાને રોકવાનું સાધન યથાર્થ જ્ઞાન છે અને યથાર્થ જ્ઞાનનું સાધન યથાર્થ ઉપદેશ છે.

યથાર્થ ઉપદેશના શ્રવણથી જે આત્માઓના અજ્ઞાન અંધકારનો નાશ થાય છે, તે આત્માઓ ધીમે ધીમે ક્રોધ, લોભ, ભય આદિ દોષોથી મુક્ત થતા જાય છે. જેમ જેમ ક્રોધ, લોભ, ભયાદિ દોષોથી મુક્ત થતાં જવાય છે, તેમ તેમ હિંસા, અસત્ય, અબ્રહ્મ આદિ અસત્ પ્રવૃત્તિઓ પણ અટકતી જાય છે. અસત્ પ્રવૃત્તિઓ અટકવાથી નવીન કર્મનો બંધ અટકી જાય છે અને સત્ પ્રવૃત્તિઓના સેવનથી પૂર્વકર્મનો નાશ થતો જાય છે. પરિણામે ઉત્તમ જન્મોની પરંપરા સાથે થોડા જ સમયમાં ઘાતી કર્મોના નાશથી સાધ્ય કેવળ-જ્ઞાન, અને સર્વકર્મોના નાશથી સાધ્ય મુક્તિ એ બેની જીવને પ્રાપ્તિ થાય છે. આ બધા લાભની પરંપરાનું મૂળ કારણ યથાર્થ ઉપદેશ છે અને યથાર્થ ઉપદેશમાં હેતુ કેવળજ્ઞાન અને વીતરાગતા છે અને તે ત્રણેને ધારણ કર-નારા જગદ્ગુરૂ કહેવાય છે. તેવા જગદ્ગુરૂઓના વિજયમાં યથાર્થ ઉપદેશનો, કેવળજ્ઞાનનો, અને (સર્વદોષરહિત સર્વગુણસહિત) વીતરાગતાનો વિજય ઇચ્છાય છે. એ ત્રણેના વિજયમાં સત્યનો વિજય રહેલો છે અને સત્યના વિજયમાં ત્રણ જગતનો સાક્ષાત્ કે પરંપરાએ વિજય રહેલો છે.

વીતરાગ અને જગદ્ગુરૂનો વિજય ઇચ્છવા પૂર્વક બુદ્ધિમાં

તેમનું સન્નિધાન લાવવા માટે ફરીથી કહેવામાં આવે છે કે 'હે **ભગવન્ તમારા પ્રભાવથી મને પ્રાપ્ત** થાઓ. શું ? તે હવે પછી કહેવામાં આવશે.

(૧) **ભવનિર્વેદ.** આ 'જયવીયરાય' સૂત્ર પ્રાર્થના સૂત્ર છે. એમાં વીતરાગ પાસે ભવનિર્વેદ આદિની માગણી રૂપ પ્રાર્થના કરવામાં આવી છે તે અહીં ક્રમસર વિચારીએ.

હે ભગવન્ ! તમારા અચિન્ત્ય સામર્થ્યથી મને ભવનિર્વેદ પ્રાપ્ત થાઓ. એ પ્રમાણે આ સૂત્રમાં સૌથી પ્રથમ માગણી ભવનિર્વેદની કરવામાં આવી છે. ભવનિર્વેદ એટલે સંસાર પ્રત્યે અબહુમાન. ભવ પ્રત્યે અબહુમાન એ વાસ્તવિક રીતે ભગવાન પ્રત્યેનું જ બહુમાન છે.

ભવ એટલે સંસાર અને એ સંસાર દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક એ ચાર ગતિઓ અને તે ગતિઓમાં કારણભૂત પાંચ વિષય અને ચાર કષાયાદિ સ્વરૂપ છે. નરક અને તિર્યંચ ગતિઓ તો સાક્ષાત્ દુઃખોનો ભંડાર છે. મનુષ્ય અને દેવગતિમાં પણ મોટે ભાગે ઈર્ષ્યા, રોષ, વિષાદ તથા રોગ, શોક અને ઉપદ્રવની ચક્કીમાં પીસાવા સિવાય બીજું કાંઈજ નથી. સુદેવ અને સુમનુષ્ય ગતિમાં યત્કિંચિત્ દેખીતું સુખ છે, પણ તેમાં આસક્ત થનારા જીવોને ભવિષ્યમાં તે આકરાં કષ્ટોને આપનારા એવા અતિ ચીકણાં કર્મોને ઉપાર્જન કરાવવાનાં તીવ્ર હેતુઓ રૂપ બને છે. ચારે ગતિઓમાં વસીને તેમાં રહેલા સુખોને

ભોગવવાની લાલસાથી જીવે અસહ્ય કષ્ટોને અનંતીવાર સહ્યાં છે. ભવ અને ભવનાં સુખો પ્રત્યેનો એ અયોગ્ય રાગ જ્યાં સુધી દૂર ન થાય, ત્યાં સુધી મોક્ષ અને મોક્ષના અનંતા સુખો માટેનો યત્ન કેવી રીતે થાય ? જ્યાં સુધી ભવનો રાગ ઘટે નહિ, ત્યાં સુધી મોક્ષનો યત્ન થાય નહિ અને થાય તો પણ તેમાં જીવ આવે નહિ. મોક્ષ માટેના યત્નમાં પ્રાણ પૂરવા માટે ભવવિરાગની પરમ અગત્ય છે. અને તે વીતરાગની પ્રાર્થનાથી જ સુશક્ય છે. વીતરાગ ભવથી સર્વાંશ વિમુક્ત છે અને તેમનું સામર્થ્ય અચિન્ત્ય છે તેથી તેમની પ્રાર્થના ભવવિરાગને આપવામાં સમર્થ છે. ભવવિરાગ એ સૌથી મોટો સદ્‌ગુણ છે. ભવવિરાગ અને મોક્ષરાગને જૈન શાસનમાં મોટો યોગ પણ કહેલો છે. એ બે વસ્તુ જેના અંતરમાં સ્થિર હોય છે, તેની બધી ધર્મક્રિયા અમૃતક્રિયા બની જાય છે.

'ચાર ગતિમાં નિત્ય ઉદ્‌વેગ' એ ભવનિર્વેદનું સ્વરૂપ છે અને 'આત્મ સ્વરૂપમાં નિત્ય રમણ' એ સમસ્ત કર્મના ક્ષયથી મળતાં મોક્ષનું સ્વરૂપ છે. ભવમાં અનંત દુઃખ છે અને મોક્ષમાં અનંત સુખ છે. એ નિશ્ચય વીતરાગના આલંબનથી પણ કોઈક જ જીવને કોઈક જ કાળે થાય છે, અને એ થયા પછી એનો સંસાર પરિભ્રમણ કાળ એકદમ ટૂંકાઈ જાય છે. વીતરાગના આલંબનથી સાધવા લાયક જો કોઈ મોટામાં મોટું કાર્ય હોય તો તે એક ભવનિર્વેદ જ છે. અને તેથી સૌથી પ્રથમ માગણી

વીતરાગની પ્રાર્થનામાં તેનીજ કરવામાં આવે તો તે સર્વથા સુસંગત છે. હવે પછી બીજી જે જે પ્રાર્થનાઓ કરવામાં આવવાની છે, તે બધી ભવનિર્વેદને જ પોષણ આપવા માટે છે. તે બીજી પ્રાર્થનાઓ એક પછી એક હવે જોઈએ.

(૨) **માર્ગાનુસારિતા :–'હે ભગવન્ તારા સામર્થ્યથી મને જેમ ભવનિર્વેદ પ્રાપ્ત થાઓ તેમ માર્ગાનુસારિતા–મોક્ષ માર્ગને અનુસરવાપણું પ્રાપ્ત થાઓ.'** મોક્ષમાર્ગને અનુસરવાપણું જીવને ત્યારે જ થાય છે, કે જ્યારે તે અસદ્ગ્રહનો વિજય કરનારો થાય છે. મોક્ષને સુખ સ્વરૂપ અને ભવને દુઃખ સ્વરૂપ તરીકે સમજવામાં બાધક કોઈ પણ ચીજ હોય તો તે આ અસદ્ગ્રહ છે. અસદ્ગ્રહને આધીન થયેલો જીવ મોક્ષને અને સંસારને તેના યથાર્થ સ્વરૂપમાં સમજી શકતો નથી. યથાર્થ જ્ઞાનની પ્રાપ્તિમાં પ્રતિબંધક જેમ મતિમાંદ્ય, બુદ્ધિદૌર્બલ્ય અને જ્ઞાનાવરણીય કર્મનો ઉદય છે, તેમ અહંમાનિત્વ પૂર્વગ્રહગ્રહિતા, ધૂર્તવ્યુદ્ગ્રાહિતતાદિ પણ મુખ્ય છે. દુરભિનિવેશને આધીન થયેલ બુદ્ધિમાન પુરૂષો પણ અવસરે વસ્તુને તેના યથાર્થ સ્વરૂપે ઓળખી શકતા નથી. એ અસદ્ગ્રહ પ્રત્યેક જીવને અજ્ઞાનદશામાં કે મિથ્યાજ્ઞાનવાળી દશામાં અતિ ભારે હોય છે, તેની ઉપર જ્યાં સુધી સર્વથા વિજય મેળવવામાં ન આવે ત્યાં સુધી, ભવને અને મોક્ષને તેના યથાર્થ સ્વરૂપમાં પીછાણવા અતિ દુષ્કર છે. એ કારણે

વીતરાગ ભગવંત પાસે બીજી માગણી '**માર્ગાનુસારિતા**' એટલે **તત્ત્વાનુસારિતાની**–કરવામાં આવે છે.

(૩) '**ઇષ્ટફલસિદ્ધિ !**'–અભીષ્ટ પદાર્થોની નિષ્પતિ. આલોકમાં જે પદાર્થો ચિત્ત સ્વાસ્થ્ય માટે અત્યંત જરૂરી છે, તેવા અન્ન, વસ્ત્ર, આરોગ્ય, આજીવિકા અને કુટુંબાદિ પદાર્થો સાનુકૂળ પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી સ્થિર ચિત્તે તત્ત્વવિચારણા થવી શકય નથી. એ કારણે એ તત્ત્વાનુસારિતાને સહાયક એવી ચિત્તસ્વસ્થતાને મેળવી આપનાર ઇહલૌકિક અભિમત (પ્રશસ્ત અર્થકામાદિ) પદાર્થોની નિષ્પત્તિને પણ ઇચ્છવામાં આવી છે. ભવનિર્વેદાદિકને સહાયક જેટલી ઐહિક ચીજો છે, તેને ઇચ્છવામાં પણ ગર્ભિત રીતે ભવનિર્વેદ જ મંગાય છે.

(૪) '**લોકવિરૂદ્ધત્યાગઃ**'–ઉત્તમ જનસમાજમાં વિરુદ્ધ ગણાતા કાર્યોનો ત્યાગ. ચિત્તસ્વસ્થતા માટે જેમ જીવનનિર્વાહનાં સાધનોની જરૂર છે, તેમ જે લોકની વચ્ચે વસવું છે, તે લોકની સાથે નિરર્થક થોડોપણ વિરોધ ઉત્પન્ન થઈ ન જાય, તેની કાળજી રાખવાની પણ જરૂર છે. મહાપુરૂષો ફરમાવે છે કે 'लोकःखल्वाधारः सर्वेषां धर्मचारिणां यस्मात् ।' ધર્મ આચરનાર સર્વેને લોક એ જ આધાર છે. લોકવિરુદ્ધ આચરણ કરનાર એવા ધર્મીને પણ લોક પ્રતિકૂળ રહે છે અને તેથી પ્રતિકૂલ થયેલ લોક તરફથી તેના ધર્માચરણમાં અનેક વિઘ્નો ઊભાં થાય છે. લોક વિરૂદ્ધ કાર્યમાં સૌથી પ્રથમ છોડી દેવા લાયક કોઈપણ કાર્ય હોય તો તે 'નિન્દા'

છે. 'નિન્દા' કોઈને પણ પસંદ નથી. એક અંગ્રેજ કવિ કહે છે કે—'Nobody likes criticism, Everybody's shililing is worth 13d. Stinging criticism, even if it is justified, spoils human selations,' અર્થાત્ નિન્દા કોઈને પણ પસંદ નથી. દરેક માણસને પોતાની વસ્તુની કિંમત અધિક છે 'આકરા શબ્દો' જો કે તે સત્ય હોય તો પણ મનુષ્યના સંબંધોને બગાડી નાંખે છે.

'નિન્દા' એ મનુષ્યોના પરસ્પર સંબંધમાં વિષ રેડે છે, અથવા એ સંબંધોમાં ઝેર ફેલાવવાનું કાર્ય કરે છે; તો પણ તેનાથી ભાગ્યે જ કોઈ બચી શકે છે. નિન્દાથી બચી શકનાર આ વિશ્વમાં ઘણા વિરલ છે પર નિન્દાથી બચવું એ ઘણું દુષ્કર છે, ભર્તૃહરિએ કહ્યું છે કે—'निरभिमवसाराः परकथाः, कथमनभिजाते निवसति' જેમાં બીજાનો પરાભવ નથી, એવી પરકથા અકુલીન આત્મામાં કેવી રીતે સંભવી શકે ? મનુષ્યની પ્રાયઃ પ્રત્યેક વાતોમાં બીજાનો પરાભવ અને પોતાનો ઉત્કર્ષ સારવાનો ભાવ છુપાયેલો હોય છે. જે વાતમાં પરપરાભવ અને સ્વપ્રશંસા ન હોય, તે વાતમાં માણસને વધારે વખત રસ આવતો જ નથી. એ સ્થિતિમાં નિન્દાવૃત્તિથી બચવું કે તેનાથી છૂટવું એ શ્રી વીતરાગની કૃપા સિવાય શક્ય નથી. શ્રી વીતરાગની દયા જ તેનાથી છોડાવી શકે છે. બાકી તો લગભગ બધા જ તે વ્યસનમાં ફસાએલા છે અને એ કુવ્યસનના કલંકે પરસ્પર અપ્રીતિ, પ્રદ્વેષ અને વિષાદની સળગતી જ્વાળામાં જળી રહ્યા હોય છે. એનાથી બચવાનો

એક જ ઉપાય લોકવિરુદ્ધ ત્યાગની ભાવનાનો છે. નિન્દામાં પણ ગુણી પુરુષોની નિન્દા વિશેષે ત્યાજ્ય છે. બહુજન વિરોધ, ચિત્તની સ્વસ્થતાને વધારે ને વધારે બાધક થાય છે. બહુજન વિરુદ્ધનો સંગ તથા પ્રસિદ્ધ દેશાચારોનું ઉલ્લંઘન પણ બહુજન વિરોધની જેમ ચિત્ત સ્વાસ્થ્યને બાધક છે. એ વિગેરે **લોકવિરૂદ્ધકાર્યો કદી પણ મારાથી ન થાઓ,** એ જાતિની વીતરાગ પાસે પ્રાર્થના કરવી એ પણ 'ભવનિર્વેદ' ને સાધવાનું સાધન છે.

(૫) '**ગુરૂજનપૂજા**'-વીતરાગની પાસે પાંચમી પ્રાર્થના ગુરૂજન એટલે માતાપિતાદિ વડીલજનો-તેઓની પૂજા એટલે ઉચિત પ્રતિપત્તિ (ભક્તિ-વિનય ઈત્યાદિ) છે. માતાપિતાદિ ઉપકારી જનોની ઉચિત પ્રતિપત્તિ જેઓ કરતા નથી, તેઓ જાનવરથી અધિક નથી. કહ્યું છે કેઃ- 'आस्तन्यपानाज्जननीं स्मरन्ति।' ઈત્યાદિ. સ્તનપાન કરાવે ત્યાં સુધી માતાને માતા તરીકે માને, તે અધમ પુરુષનું લક્ષણ છે. ઉત્તમ પુરુષો જીવિતનાં અંત સુધી માતાને માતા તરીકે પૂજે છે. માતાપિતાદિ વડીલ જનોનો પ્રત્યક્ષ ઉપકાર જેઓ સ્મરણપથમાં રાખી શકતા નથી, તેઓ ધર્મ, ધર્માચાર્યો, ધર્મોપદેશકો અને ધર્મશાસ્ત્રકારો તરફથી થતો પરોક્ષ ઉપકાર હૃદયપટ ઉપર ધારણ કરી શકે, એ માનવું શું વધારે પડતું નથી ? જીવમાં સ્વાર્થવૃત્તિ ભયંકર હોય છે, અને પરમાર્થ વૃત્તિ લુપ્તપ્રાયઃ હોય છે. લુપ્તપ્રાયઃ તે પરમાર્થ વૃત્તિને જીવાડવાનો અને જગાડવાનો સરળ

ઉપાય માતાપિતાદિ ગુરુજનની પૂજા છે. જીવ કેવળ પરનિન્દાથી બચી જાય. તેટલા માત્રથી કલ્યાણ નથી. તેની સાથે ઉપકારીઓની પૂજાની પણ પરમાર્થના માર્ગમાં અત્યંત જરૂર છે. જે પોતાના ઉપર ઉપકાર કરનારાઓની પૂજા, સેવા કે ચાકરી માટે પણ તૈયાર નથી, તે બીજાઓ કે જેઓએ તેના ઉપર કોઈ પણ પ્રકારનો ઉપકાર કર્યો નથી, તેઓની સેવા, ચાકરી કે બરદાસ કરવાની વૃત્તિવાળો બની જાય એ શું શક્ય છે? અને જ્યાસુધી જીવમાં સ્વને ભૂલીને પરની સેવા કરવાની વૃત્તિ આવતી નથી, ત્યાંસુધી તેના ચિત્તની સ્વસ્થતા કે સમાધિ સુશક્ય નથી. ચિત્તસ્વાસ્થ્ય માટે અને માનસિક સમાધિ માટે સ્વને ભૂલવાની ઘણી જ આવશ્યક્તા છે. અને તે કાર્ય ગુરુજન પૂજાથી પણ અંશતઃ સિદ્ધ થાય છે.

(૬) 'પરાર્થકરણ.' બીજાઓનાં કાર્યોને કરવાં એ પરાર્થકરણ છે. પોતાના ધર્મને બાધ ન પહોંચે તે રીતે બીજાઓનાં કાર્યોને કરવાં એ સર્વ જીવલોકમાં સારભૂત વસ્તુ છે–મનુષ્યનું મનુષ્યત્વ અને પુરુષનું પુરુષત્વ એનાથી દીપે છે. પરોપકારી પુરુષ એ ચંદ્ર કે ચંદનની જેમ સર્વ-જનવલ્લભ બને છે. તેનું વચન અને વર્તન સર્વને ગ્રાહ્ય અને ઉપાદેય થાય છે. બીજાઓને ધર્મ પમાડવા માટે તે સારી રીતે યોગ્યતા પ્રાપ્ત કરે છે, એટલું જ નહિં, પણ 'પરાર્થકરણ'થી ઉત્પન્ન થતાં પુણ્યાનુબંધી પુણ્યના યોગે તેને વિશિષ્ટ વિશિષ્ટતર સત્પુરુષોનો સુયોગ પણ સુલભ બનતો જાય છે.

(૭) 'શુભગુરૂજોગ.' 'શુભગુરુયોગ' શુભ એટલે વિશિષ્ટ ચારિત્ર યુક્ત. ગુરુ એટલે આચાર્ય, તેનો યોગ એટલે તેઓનો સંબંધ મને થાઓ! આ સંસારમાં જ્યાં સુધી વિશિષ્ટ ચારિત્રયુક્ત આચાર્યનો સંબંધ ન થાય ત્યાં સુધી મુક્તિના માર્ગ ઉપર જીવને પૂરેપૂરો ભરોંસો બેસી શકે નહિ. પરોક્ષ એવા મુક્તિ માર્ગ ઉપર વિશ્વાસ બેસવા માટે મુખ્ય સાધન પ્રત્યક્ષ એવા ચારિત્રયુક્ત આચાર્યો જ છે. વિશિષ્ટ ચારિત્રયુક્ત આચાર્યોની પરોપકારપ્રધાન ચર્યા જોઈને લોકોને વિશ્વાસ બેસે છે, કે આવા જ્ઞાની અને સદ્ગુણી સત્પુરુષો જે જે પ્રવૃત્તિ કરે તે કદી નિષ્ફળ હોય નહિં, એટલું જ નહિં પણ તે નક્કી કોઈ મોટા ફળને આપનારી જ હોય. તેઓ જે ઉપદેશ આપે તે પણ કદી અહિતનો ન હોય પણ હિતનોજ હોય. એ રીતે વિશિષ્ટ ચારિત્રયુક્ત આચાર્યના સંબંધથી ઓછા પ્રયત્ને મોક્ષમાર્ગમાં મોટો લાભ થાય છે. તેમની ચર્યાને જોવાથી મોક્ષમાર્ગની શ્રદ્ધા વધે છે, તેમના ઉપદેશને સાંભળવાથી મોક્ષમાર્ગનું જ્ઞાન વધે છે અને તેમની સેવાને કરવાથી મોક્ષપ્રાપ્તિને રોકનારાં કર્મો ખપે છે. વિશિષ્ટ ચારિત્રયુક્ત આચાર્યોનો સંબંધ એ આ સંસારમાં જેમ દુર્લભ છે, તેમ તેમનાં વચનની સેવા અને તેમની આજ્ઞાનુસાર વર્તન એ એથી પણ વધુ કઠીન છેઃ તેથી વીતરાગની પ્રાર્થનામાં સૌથી છેલ્લી માંગણી તેમનાં વચનની સેવાની છે.

(૮) **'તદ્વચનસેવા.'** તેમનાં એટલે સદ્ગુરુનાં વચન એટલે આજ્ઞા તેની સેવા એટલે જીવનમાં તેનો અમલ. સદ્ગુરુની આજ્ઞાનુસાર જીવનમાં વર્તન થવું, એ ઘણું જ દુષ્કર છતાં અત્યંત જરૂરી છે, સદ્ગુરુને સદ્ગુરુ તરીકે ઓળખ્યા પછી પણ તેમની આજ્ઞાનુસાર વર્તન થવામાં અનાદિ સંજ્ઞાઓ, ઉન્મત્ત ઈન્દ્રિયો અને અતિ ચપળ મન વચન કાયાના યોગો ઘણાં આડે આવે છે, તે બધાને જીતવા અતિ દુષ્કર છે. તે ન જીતાય અને સદ્ગુરુની આજ્ઞાનુસાર વર્તન ન થાય તો મોક્ષ મેળવવાનું કાર્ય અધૂરું જ રહે છે. વૈદ્યનો આશ્રય લેવામાં આવે, પણ વૈદ્યના કથનાનુસાર ઔષધ ગ્રહણ કરવામાં ન આવે, તો જેમ રોગ મટી શકતો નથી, તેમ સદ્ગુરુની સેવા મલ્યા પછી પણ, તેમના હિતોપદેશનો અમલ કરવામાં ન આવે તો કર્મરોગ ટળી શકે નહિં અને મોક્ષ મળી શકે નહિં.

ભવનિર્વેદથી શરૂ કરીને ગુરુવચનની સેવા પર્યંતની માંગણીઓ વીતરાગ પાસે સાચા ભાવથી કરવામાં આવે, તો તે ફલ્યા સિવાય રહેતી નથી. વીતરાગની પાસે એ પદાર્થોની માગણી કરવામાં વીતરાગનું બહુમાન પણ જળવાય છે, અને પ્રાર્થનાનું સાફલ્ય પણ થાય છે. ભવનિર્વેદાદિ વસ્તુઓની પ્રાપ્તિમાં જેમ સ્વપુરુષાર્થ આદિ કારણો રહેલાં છે તેમ વીતરાગની ગુણપ્રકર્ષતા અને અચિન્ત્ય શક્તિયુક્તતાદિ કારણો પણ રહેલાં છે. ગુણપ્રકર્ષ સ્વરૂપ બનેલાં

ભગવાન વીતરાગનું અવલંબન લેવામાં ન આવે, ત્યાં સુધી ભવવિરાગ અને સદ્ગુરુવચનસેવાદિ વિશિષ્ટ કાર્યો પાર પડી શકતાં નથી. કોઈપણ કાર્યની સિદ્ધિ માટે જેમ ઉપાદાન કારણોની આવશ્યકતા છે, તેમ નિમિત્ત કારણોની પણ અપેક્ષા રહે છે. સઘળાં નિમિત્ત કારણોમાં વીતરાગનું આલંબન એ સાચા ગુણોની પ્રાપ્તિમાં પ્રધાન નિમિત્તકારણ છે અને બીજાં બધાં નિમિત્તોમાં ઉત્પાદક પણ વીતરાગ છે. તેથી ગુણપ્રાપ્તિના વિષયમાં વીતરાગ એ સર્વ રીતિયે મુખ્ય બની જાય છે. વીતરાગ સ્વયં કાંઈ આપતા કે લેતા નથી, તો પણ લેનાર કે પામનારને સાધનરૂપે વીતરાગ અને તેમનાથી ઊભા થયેલા આલંબનો જ ઉપયોગમાં આવે છે; તેથી વીતરાગ એ સર્વ દૃષ્ટિએ સાચા ને પરમ ઉપકારી બની જાય છે.

(૭)

'जय वीतराग' એ શબ્દથી પ્રારંભ થતું અને 'आभवम' 'खंडा।' એ શબ્દોના અંત સુધીનું વીતરાગની પ્રાર્થનાનું સૂત્ર 'પ્રણિધાન સૂત્ર' એ નામથી પણ ઓળખાય છે. 'પ્રણિધાન' એટલે ચિત્તની એકાગ્રતા થયા સિવાય પ્રવૃત્તિમાં વેગ આવતો નથી. પ્રવૃત્તિમાં વેગ લાવવા માટે તથા પ્રવૃત્તિમાં આવતાં વિઘ્નો ઉપર વિજય મેળવવા માટે 'પ્રણિધાન'-ચિત્તની એકાગ્રતાની અત્યંત આવશ્યકતા છે. એક જ વાતનું વારંવાર 'પ્રણિધાન' થવાથી પ્રવૃત્તિ વેગવતી બને છે, વિઘ્નો જીતવાનું સામર્થ્ય પ્રગટે છે, અને

કાર્યની અવશ્ય સિદ્ધિ થાય છે. અંતે સાચો પરોપકાર પણ સાધી શકાય છે. વીતરાગ પાસે 'પ્રણિધાન સૂત્ર' માં કહેલી પ્રાર્થનાને નિરંતર કરવાથી જે મોટા ફાયદાઓ થાય છે, તેને શાસ્ત્રકારોએ સંક્ષેપથી નીચે મુજબ પાંચ વિભાગમાં વહેંચી બતાવ્યા છે.

(૧) પ્રવચનની આરાધના, (૨) સન્માર્ગની દૃઢતા, (૩) કર્તવ્યતાનો નિશ્ચય, (૪) શુભાશયની વૃદ્ધિ તથા (૫) સાનુબંધ-શુભ અનુષ્ઠાનની પ્રાપ્તિ.

આ પાંચમાં પણ મુખ્ય પ્રથમ વિભાગ છે. પ્રવચન એટલે (વીતરાગ અને તેનું) શાસન, તેની આરાધના એટલે તેના ઉપકારની અખંડ સ્મૃતિ રહે, તે જાતિનું વર્તન. શાસનનો ઉપકાર આપણા ઉપર અને સમગ્ર વિશ્વ ઉપર અતિ મહાન છે. જે કાંઈ સારૂં આ દુનિયામાં દેખાય છે, તે એ શાસનની આરાધનાનો પ્રતાપ છે. અને જે કાંઈ નરસું આ દુનિયામાં દેખાય છે કે મળે છે, તે એ શાસનની વિરાધનાનું ફળ છે, સારી વસ્તુ પુણ્ય વિના મળતી નથી અને પુણ્ય એ સત્કાર્ય વિના બંધાતું નથી. સત્કાર્ય કરવાની પ્રેરણા જીવને સ્વયં થતી નથી. એ પ્રેરણા જેનાથી મળે છે તેનું જ નામ 'શાસન' છે. દેવ-ગુરુ-શાસ્ત્ર-સંઘ ચૈત્ય-તીર્થ કે સત્પુરુષ જે કોઈ સત્કાર્યોની પ્રેરણા માટે આ વિશ્વમાં આલંબનસ્વરૂપ છે, તેનું મૂળ ઉત્પાદન સાક્ષાત્ કે પરંપરાએ શ્રી જૈન શાસન સિવાય બીજા કોઇથી નથી. તેથી બધા જ જીવો ત્રણે કાળમાં એ શાસનના ઉપકાર તળે

દબાયેલા છે અને એના પ્રતાપે જ સુખ અનુભવી રહ્યા છે, એમ કહેવું જરાપણ ખોટું નથી. એ દષ્ટિએ એ શાસનને તથા એ શાસનના ઉત્પાદક શ્રી વીતરાગ ભગવાનને પ્રણામ, અને તેમનાં ચરણકમળની ભવોભવ સેવા, કેટલાં અમોઘ અને મૂલ્યવાન બની જાય છે, એ સમજાવવાની ભાગ્યે જ જરૂર રહે છે.

"वारिज्जइ जइवि नियाण-बंधणं वीयराय ! तुह समये।
तहवि मम हुज्ज सेवा, भवे भवे तुम्हचलणाणम् ॥३॥"

હે વીતરાગ ! તારા સિદ્ધાંતમાં યદ્યપિ નિદાનબંધન (ધર્મનાં ફળરૂપે કંઈ પણ માગવું) તેનો નિષેધ કર્યો છે, તો પણ પ્રત્યેક ભવમાં તારા ચરણોની સેવા મને મળજો, (એમ હું માગું છું.) ૩

ભગવાનનાં ચરણકમળની સેવા એટલે ભગવાનની ભક્તિ. ચરણની સેવા માગવામાં ભક્તિની પરાકાષ્ઠા ઈચ્છાય છે. ભગવાનનાં ચરણો એ પણ જો સેવા કરવા યોગ્ય છે, તો પછી તે ભગવાનની બીજી કયી વસ્તુઓ સેવા કરવા યોગ્ય નથી રહેતી ? ભગવાનની સર્વ વસ્તુ સેવનીય અને પૂજનીય છે, એ ભાવ વ્યક્ત કરવા અને દઢ કરવા માટે વારંવાર ચરણની સેવા ઈચ્છાય છે અને એ ઈચ્છામાં ભગવાન પ્રત્યે રહેલી ઉત્કૃષ્ટ ભક્તિ સૂચવાય છે. ભગવાનની ભક્તિ એ મુક્તિની દૂતી છે. જેને મુક્તિ હવે નિકટ છે, તેને જ ભગવાન પ્રત્યે ભક્તિ જાગે છે, જેને મુક્તિ દૂર છે તેને ભગવાનની ભક્તિની વાત પણ ગમતી નથી.

ભગવાનની ભક્તિ એ વાસ્તવિક મુક્તિની જ ભક્તિ છે. ભક્તિ અને મુક્તિને પરસ્પર સાધ્ય-સાધક ભાવ સંબંધ છે. મુક્તિ એ સાધ્ય છે અને ભક્તિ એની સાધક છે. સાચી ભક્તિ એ મુક્તિનું શ્રેષ્ઠ સાધન છે. મુક્તિના સાચા રસિયાઓ મુક્તિ કરતાં પણ ભગવાન (વીતરાગ)ની ભક્તિને અધિક ચાહે છે.

પૂ. મહોપાધ્યાય શ્રી **યશોવિજયજી** ગણિવર એક સ્થળે ફરમાવે છે કે–

"મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી,
જેહશું સબળ પ્રતિબંધ લાગ્યો;
ચમક પાષાણ જિમ લોહને ખીંચશે,
મુક્તિને સહજ તુજ ભક્તિ રાગો. ૧"

કવિશ્રેષ્ઠ ધનપાળ પંડિત પણ એક સ્થળે કહે છે કે–

"होही मोहुच्छेओ, तुह सेवाए धुवत्ति नंदामि ।
जं पुण न वंदियव्वो, तत्थ तुमं तेण झिज्झामि ॥१॥"

આપની સેવાથી મારા મોહનો અવશ્ય નાશ થશે, એથી હું આનંદ પામું છું; પણ પછી હું આપને વંદન કરવા યોગ્ય નહિં રહું, તેથી અત્યંત ખેદ પામું છું. ૧

મોહનાશથી કેવળજ્ઞાન અને મોક્ષ મળશે પણ પછી ભગવાનની ભક્તિ ક્યાં મળી શકશે ? આ વાતનો ઉપલા કાવ્યમાં ખેદ બતાવ્યો છે. એ ખેદ એમ સૂચવે છે કે ભગવાન ઉપરનો મોહ એ મોહનાશ કરતાં પણ એક

અપેક્ષાએ કીંમતી છે. મોહનો નાશ થાય એ તો સારી જ વસ્તુ છે, પણ નાશ ન થાય ત્યાં સુધી મોહનું સ્થાન દુનિયા બને, એ કરતાં ભગવાન બને એ શ્રેષ્ઠ છે, એવું એનું તાત્પર્ય છે. આવી વિશુદ્ધ ભક્તિની યાચના ભક્તિના ફળ-રૂપે કરવી, એ મોહવૃદ્ધિના હેતુરૂપ નથી, પણ મોહનાશના જ કારણભૂત છે, તેથી પ્રશસ્ત છે અને પ્રશસ્ત અધ્યવ-સાયને પેદા કરનાર છે.

"दुक्खक्खओ कम्मक्खओ, समाहिमरणं च बोहिलाभो अ।
संपज्जउ मह एअं, तुह नाह पणामकरणेणम् ॥४॥"

હે નાથ ! આપને પ્રણામ કરવાના પ્રભાવે મને દુઃખક્ષય, કર્મક્ષય, સમાધિમરણ અને બોધિલાભની પ્રાપ્તિ થાઓ. ૪

પ્રણામ એટલે પ્રકૃષ્ટ નમન. કાયાથી નમન, વચનથી સ્તવન અને મનથી સત્‌ચિંત્વન, અથવા મન વચન કાયાથી અનુકૂળ વર્તન, એ નમનની પરાકાષ્ટા છે; એ ઉત્કૃષ્ટ ભાવવંદન છે. ભગવાનને ભાવવંદન એ પણ એક વસ્તુ છે, અને કોઈ પણ વસ્તુ તેના સ્વભાવથી રહિત હોતી નથી. ભગવાનને વિશુદ્ધભાવથી નમન સ્વરૂપ વસ્તુનો સ્વભાવ કેવો છે, તે આ ગાથામાં વર્ણવાયો છે. ભગવાનનું નમન તેના સ્વભાવથી જ દુઃખનો ક્ષય, (દુઃખના કરણભૂત) કર્મનો ક્ષય, (કર્મક્ષયના અસાધારણ કારણ સ્વરૂપ) સમાધિમરણ અને સમાધિમરણના અદ્વિતીય સાધનરૂપબોધિ એટલે જિનપ્રણીત ધર્મના અચળ રાગસ્વરૂપ લાભને અપાવનારો છે.

પ્રણામથી બોધિ, બોધિથી સમાધિ, સમાધિથી કર્મક્ષય અને કર્મક્ષયથી દુઃખક્ષય, એ રીતે ક્રમશઃ ઉત્કૃષ્ટ પદાર્થોનો લાભ વીતરાગના પ્રણામથી સિદ્ધ થાય છે.

'વીતરાગને પ્રણામ કરવાની સામગ્રી સર્વ જીવોને સુલભ નથી. એ સામગ્રી શ્રી જૈન શાસનના સુયોગે પ્રાપ્ત થાય છે. વિશ્વમાં શ્રી જૈન શાસન જ ન હોય, તો વીતરાગ જ ક્યાંથી હોય? 'વીતરાગ' પણ જૈન શાસનની આરાધનાથી જ 'વીતરાગ' બને છે. ભવ્ય જીવોને 'વીતરાગ' થવાની વ્યવસ્થિત સામગ્રી પૂરી પાડવાનું કાર્ય અનાદિકાળથી આ વિશ્વમાં એક શ્રી જૈન શાસન જ કરી રહ્યું છે, તેથી તે શાસનની મહત્તા ઘણી વધી જાય છે. 'શાસન' એટલે 'તીર્થ' અને 'તીર્થ' એટલે 'તરવાનું સાધન.' ભવ્ય આત્માઓને સંસાર સાગર તરવાનું સાધન પૂરું પાડનાર આ 'તીર્થ' જ છે. એ તીર્થ એટલે પ્રવચન, અને પ્રવચન એટલે દ્વાદશાંગી. તેને અર્થથી કહેનારા તીર્થંકરદેવ પણ તીર્થ છે; સૂત્રથી ગુંથનારા ગણધર ભગવંત પણ તીર્થ છે, જ્ઞાન અને ક્રિયા ઉભય સ્વરૂપે તેને ધારણ કરનાર સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકારૂપ ચતુર્વિધ શ્રી સંઘ પણ તીર્થ છે. એ બધાં જ તીર્થ છે, તીર્થસ્વરૂપ છે. એ પવિત્ર તીર્થરૂપી, જલની સેવના ક્રોધરૂપી દાહને શમાવે છે, વિષયરૂપી તૃષાને છીપાવે છે, અને મોહ-રૂપી પંકને શોષવે છે. ક્રોધનો દાહ સમ્યક્ત્વનો નાશક છે, વિષયની તૃષા જ્ઞાનની નાશક છે, તથા મોહનો કાદવ જીવના નિષ્કલંક ચારિત્રગુણને કલંકિત કરે છે. જીવના

નિર્મળ એવા દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ મૂળ ગુણોને મલિન કરનાર જે ક્રોધ, લોભ અને મોહાદિ દોષો છે, તે અપાયનો નિગ્રહ કરવાનું સામર્થ્ય શ્રી જૈન શાસનરૂપી તીર્થની આરાધનામાં રહેલું છે. એ પવિત્ર શાસનની નિર્મળ આરાધના ભવ્ય જીવોને સદાકાળ મળતી રહે એવી શુભ ભાવનાને વ્યક્ત કરતી અંતિમ ગાથાને કહીને પ્રાર્થના સૂત્રની સમાપ્તિ કરવામાં આવે છે.

सर्वमंगलमांगल्यं, सर्वकल्याणकारणं ।
प्रधानं सर्वधर्माणां, जैनं जयति शासनम् ॥ ५ ॥

સર્વ મંગલોનું માંગલ્ય, સર્વ કલ્યાણોનું કારણ તથા સર્વ ધર્મોમાં પ્રધાન, એવું શ્રી જૈન શાસન (ત્રિકાળ અને ત્રિલોકમાં) વિજયવંત છે.

વિશ્વમાં જેટલાં દ્રવ્ય અને ભાવ મંગળો છે, તે સર્વ મંગલોનું માંગલ્ય શ્રી જૈન શાસનમાં રહેલું છે. જેનાથી હિત સધાય તે મંગળ. હિત ધર્મથી જ સધાય છે. હિત સાધનારો ધર્મ તેને જ કહેવાય કે જે અહિતનાં મૂળરૂપ ભવ અને કર્મના ક્ષયનું સાધન બને. કર્મ અને ભવને ન ગાળી આપે તે ધર્મ પણ મંગળ સ્વરૂપ ન ગણાય. કર્મક્ષય કે ભવક્ષય વિના જીવનું વાસ્તવિક કે હંમેશનું હિત સાધી શકાતું નથી. હિત સર્વ જીવોને ઈષ્ટ છે. ઈષ્ટ પદાર્થને સૌ કોઈ મંગળરૂપ માને છે. જૈન શાસન સર્વ ઈષ્ટનું સાધક છે, તેથી સર્વ મંગલોનું માંગલ્ય છે, એમ કહેવું સર્વથા સત્ય છે. હિતને સાધી આપનાર સર્વ માંગલિક ધર્મોનું નિરવદ્ય નિધાન શ્રી જૈન શાસન છે. શ્રી જૈન શાસન એ

અત્યંત અનવદ્ય ચરણ–કરણ સ્વરૂપ ધર્મોની ખાણ છે, તથા એ ધર્મોને અખંડિત આરાધનારા વિશ્વના સર્વ શ્રેષ્ઠ સત્પુરુષોનું આશ્રયધામ છે. પુણ્યનો જ એક વ્યાપાર કરનારા પરમ શ્રેષ્ઠિઓ સ્વરૂપ પરમેષ્ઠિઓ, એ શ્રી જૈન શાસનની પેદાશ છે, તેથી શ્રી જૈન શાસન એ ગુણરત્નોની ખાણ અને પુણ્ય પુરુષોનું નિધાન બની જાય છે.

તે જ કારણોથી એ સર્વ કલ્યાણોનું કારણ છે. કલ્ય એટલે સુખ, તેને લાવે તે કલ્યાણ. સુખને લાવનારાં જેટલાં સાધનો આ વિશ્વમાં છે, તે સાક્ષાત્ કે પરંપરાએ શ્રી જૈન શાસનથી ઉત્પન્ન થયેલાં છે. સુખનું કારણ ધર્મ છે અને ધર્મની પ્રેરણા આપનાર શ્રી જૈન શાસન છે, તેથી શ્રી જૈનશાસન એ પ્રધાન અને શ્રેષ્ઠ ધર્મ બની જાય છે, અને તેથી જ ત્રણે કાળમાં ટકી રહેવાને સૌથી વધારે લાયક છે. ત્રણેય કાળ અને ત્રણેય લોકમાં ઉત્પન્ન થનારા ઉત્તમ આત્માઓ તે જ ધર્મની આરાધના કરવા માટે સુસજ્જ રહે છે. દેવોમાં ઇન્દ્ર, ચંદ્ર અને નાગેન્દ્રાદિની પદવીઓ, તથા મનુષ્યોમાં બળદેવ, વાસુદેવ અને ચક્રવર્તી આદિનાં પદો અપાવનાર કેવળ એક શ્રી જૈનધર્મની આરાધના જ છે. આ લોકમાં અર્થ, કામ, આરોગ્ય અને અભિરતિ, તથા પરલોકમાં મુક્તિ, મુક્તિ ન મળે ત્યાં સુધી સુગતિ, સુગતિ બાદ સુકુલજન્મ અને સુકુલમાં પણ બોધિરત્નાદિની પ્રાપ્તિ ભવ્ય જીવોને થાય છે, તે બધુંય શ્રી જિનધર્મરૂપી કલ્પતરુની આરાધનાનાં જ સુફળો છે. એવા શ્રી જૈન શાસનનો વિજય ત્રણે ભુવનમાં સદાકાળ વિજયવંત છે.

સ્થાપના અરિહંતની ભક્તિ

'अरिहंतचेइयाणं करेमि काउस्सग्गं-वंदणवत्तियाए पूअणवत्तियाए सक्कारवत्तियाए सम्माणवत्तियाए बोहिलाभ-वत्तियाए निरुवसग्गवत्तियाए, सद्धाए मेहाए धीइए धारणाए अणुप्पेहाए वड्ढमाणीए ठामि काउस्सग्गं ।

'જયવીયરાય' સૂત્ર કહ્યા બાદ ઉભા થઈને સ્થાપના અરિહંતની ભક્તિ માટે જિન મુદ્રા વડે 'અરિહંત ચેઈયાણં' ઈત્યાદિ સૂત્રને કહેવાનું હોય છે.

अरिहंतचेइयाणं–પૂર્વોક્ત સ્વરૂપવાળા ભાવ અરિહંતોના પ્રતિમા લક્ષણ ચૈત્યોને. ચિત્ત એટલે અન્તઃકરણ તેનો ભાવ અથવા ક્રિયા, તેને ચૈત્ય કહેવાય છે. ચૈત્ય ઘણાં હોવાથી બહુવચનમાં મૂક્યું છે. અરિહંતોની પ્રતિમા પ્રશસ્ત સમાધિ-વાલા ચિત્તને ઉત્પન્ન કરે છે અથવા અરિહંતોની પ્રતિમાથી ચિત્તમાં પ્રશસ્ત સમાધિ ઉત્પન્ન થાય છે એટલા માટે તેને ચૈત્યો કહેવાય છે. ચૈત્યોને રહેવાના સ્થાનને પણ ચૈત્ય (જિનગૃહ–જિનમંદિર) કહેવાય છે. કારણ કે તે પણ પ્રશસ્ત સમાધિવાળા ચિત્તને ઉત્પન્ન કરે છે, તેને વન્દનાદિ કરવા માટે.

करेमि काउस्सग्गं–કાયોત્સર્ગ કરૂં છું–કાયાનો ઉત્સર્ગ એટલે ત્યાગ, કાયાથી એક સ્થાને સ્થિર રહેવા રૂપ, વચનથી

મૌન ધારણ કરવા રૂપ અને મનથી શુભ ધ્યાન કરવા રૂપ ક્રિયાને છોડીને અન્ય ક્રિયાનો (શ્વાસોશ્વાસ લેવા મુકવાદિ સૂક્ષ્મક્રિયાઓની છૂટ રાખીને) પરિહાર–ત્યાગ કરવો તે.

वंदणवत्तियाए—વન્દન નિમિત્તે વન્દન એટલે મન, વચન કાયાની પ્રશસ્ત પ્રવૃત્તિ કાયોત્સર્ગથી જ મને વન્દનનું ફળ મળે એ માટે સર્વત્ર સમજી લેવું.

पूअणवत्तियाए–પૂજન નિમિત્તે–પૂજન એટલે સુગંધી પુષ્પોની માલા ઈત્યાદિથી અભ્યર્ચન. સાધુ અને શ્રાવક શ્રી જિનેશ્વરોનાં ચૈત્યોને યથાયોગ્ય વન્દના નિરન્તર કરેજ છે. તો પણ અધિક અધિક કરવાનો ભાવ પ્રદર્શિત કરવા માટે કાયોત્સર્ગ દ્વારા પ્રાર્થના કરવી, તે પણ વ્યાજબી છે. એ રીતે ભક્તિનો અતિશય પ્રગટ થવા દ્વારા અધિક કર્મ-નિર્જરા સધાય છે.

सक्कारवत्तियाए–સત્કાર નિમિત્તેઃ સત્કાર એટલે પ્રવર વસ્ત્ર અલંકારાદિવડે અભ્યર્ચન. પૂજન અને સત્કારની પ્રાર્થના સાધુ માટે અનુચિત છે, એમ ન કહેવું. સાધુને દ્રવ્યસ્તવનો નિષેધ કેવળ 'કરવા' માટે છે કિન્તુ 'કરાવવા' અને 'અંનુમોદવા' માટે નથી. "જિનપૂજા કરવી જોઈએ લક્ષ્મીનો વ્યય કરવાનું એથી શુભતર કોઈ સ્થાન નથી." ઈત્યાદિ ઉપદેશ આપવા વડે ભગવાનની પૂજા અને સત્કાર કરાવવો તથા પૂજા અને સત્કાર થવો જોઈએ. અનુમોદન કરવું, એ સાધુ માટે કર્તવ્ય છે.

सम्माणवत्तियाए–સમ્માન નિમિત્તેઃ સમ્માન એટલે સ્તુતિ આદિવડે ગુણોન્નતિ કરવી, અથવા માનસિક પ્રીતિ વિશેષ.

હવે વન્દનાદિ શા માટે? તે કહે છે.

बोहिलाभवत्तियाए–બોધિલાભ નિમિત્તે: બોધિ એટલે શ્રી અરિહંત પ્રણીત ધર્મની ભાવથી પ્રાપ્તિ.

હવે બોધિલાભ શા માટે? તે કહે છે.

निरुवसग्गवत्तियाए–નિરૂપસર્ગ નિમિત્તે: નિરૂપસર્ગ એટલે જન્માદિ ઉપસર્ગ રહિત સ્થાન–મોક્ષ.

શ્રદ્ધાથી રહિત આત્માને આ કાયોત્સર્ગ કરવા છતાં અભિલષિત અર્થની સિદ્ધિ માટે થતો નથી. માટે 'सद्धाए ઈત્યાદિ પદો કહે છે.

सद्धाए, मेहाए, धीइए, धारणाए, अणुप्पेहाए, वड्ढमाणीए ठामि काउस्सग्गं–વધતી એવી શ્રદ્ધા વડે, મેધા વડે, ધૃતિવડે, ધારણાવડે અને અનુપ્રેક્ષાવડે હું કાયોત્સર્ગ કરૂં છું. વધતી કિન્તુ અવસ્થિત નહિ. વધતી શ્રદ્ધા, વધતી મેધા, વધતી ધૃતિ, વધતી ધારણા અને વધતી અનુપ્રેક્ષા. સાધુ અને શ્રાવકને બોધિલાભ હોય જ છે, તો પછી તેની પ્રાર્થના કરવાની શી જરૂર? બોધિલાભ હોવાથી મોક્ષ પણ મળવાનો જ છે, તો પછી તેની અભિલાષા કરવાની પણ શી જરૂર? એ જાતિની શંકા નહિ કરવી, કિલષ્ટકર્મના ઉદયથી કદાચિત્ પ્રાપ્ત થયેલું સમ્યક્ત્વ ચાલી પણ જાય અથવા જન્માંતરમાં તે ન પણ મળે, એ કારણે તેની પ્રાર્થના કરવી ઉચિત છે. અપ્રાપ્તની પ્રાપ્તિ માટે જ પ્રાર્થના હોય છે એમ નથી કિન્તુ પ્રાપ્ત થઈને ચાલી ગયેલું પણ પ્રય-

ત્નથી પ્રાપ્ય છે, માટે પ્રાર્થના કરવાની છે. અથવા ક્ષયો-પશમિક સમ્યક્ત્વની અપેક્ષાએ ક્ષાયિક સમ્યક્ત્વ શીઘ્ર ફલસાધક છે, તેને માટે પણ આ પ્રાર્થના કરવાની છે. નિરૂપસર્ગ-મોક્ષ પણ ક્ષાયિક સમ્યક્ત્વને આધીન છે. ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિનો ભાવ ટકાવી રાખવા માટે મોક્ષની પ્રાર્થના પણ સાર્થક છે.

सद्धाए-શ્રદ્ધા વડે: મારી ઈચ્છા વડે કિન્તુ કોઈના બલાત્કારાદિથી નહિ. શ્રદ્ધા-મિથ્યાત્વ મોહનીય કર્મના ક્ષયોપશમાદિથી જન્ય ચિત્તની નિજ અભિલાષા રૂપ એક પ્રકારની પ્રસન્નતા. આ શ્રદ્ધા જીવાદિ તાત્ત્વિક પદાર્થને અનુસરનારી ભ્રાંતિનો નાશ કરનારી તથા કર્મફળ, કર્મ સંબંધ અને કર્મના અસ્તિત્વની સમ્યક્ પ્રતીતિ કરાવનારી છે. શાસ્ત્રમાં એને **'ઉદકપ્રસાદકમણિ'**ની ઉપમા આપવામાં આવી છે. સરોવરમાં નાંખેલ 'ઉદકપ્રસાદકમણિ' જેમ પંકાદિ કાલુષ્યને દૂર કરી સ્વચ્છતાને પમાડે છે, તેમ શ્રદ્ધા-મણિ પણ ચિત્તરૂપી સરોવરમાં રહેલ સંશય-વિપર્યયાદિ કાલુષ્યને દૂર કરી ભગવાન્ અરિહંતપ્રણીતમાર્ગ ઉપર સમ્યગ્ ભાવ ઉત્પન્ન કરે છે.

मेहाए-મેધાવડે: સમજપૂર્વક કિન્તુ જડપણે નહિ. મેધા-જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થતો ગ્રન્થગ્રહણ પટુપરિણામ-એક પ્રકારનો સદ્ગ્રન્થમાં પ્રવૃત્તિ કરાવનારો પરિણામ. પાપશ્રુતની અવજ્ઞા કરાવનારો તથા ગુરુવિનયાદિ વિધિમાં જોડનારો ચિત્તનો ધર્મ. શાસ્ત્રમાં

એને **'આતુર-ઔષધાપ્તિ-ઉપાદેયતાની** ઉપમા આપવામાં આવી છે. જેમ કોઈ બુદ્ધિમાન રોગીને ઉત્તમ ઔષધની પ્રાપ્તિ થાય અને તેના વિશિષ્ટ ફલનો અનુભવ થાય, ત્યારે અન્ય સર્વ વસ્તુને દૂર કરી તેના ઉપર જ તેને મહાન ઉપાદેય ભાવ અને ગ્રહણ કરવાનો આદર રહે છે, તેમ મેધાવી પુરૂષોને પોતાની મેધાના સામર્થ્યથી સદ્ગ્રન્થને વિષેજ અત્યંત ઉપાદેયભાવ અને ગ્રહણાદર રહે છે. પણ બીજા ઉપર રહેતો નથી. કારણ કે સદ્ગ્રન્થોને તેઓ ભાવૌષધરૂપ માને છે.

धीइए-ધૃતિવડેઃ મનની સ્થિરતાવડે કિન્તુ રાગાદિથી આકુલ થઈને નહિ.-ધૃતિ-મોહનીય કર્મના ક્ષયોપશમાદિથી ઉત્પન્ન થતી વિશિષ્ટ પ્રીતિઃ અવન્ધ્ય કલ્યાણના કારણભૂત વસ્તુની પ્રાપ્તિના દૃષ્ટાંત વડે આ પ્રીતિ દીનતા અને ઉત્સુકતાથી રહિત તથા ધીર અને ગંભીર આશય રૂપ હોય છે. શાસ્ત્રમાં એને **'દૌર્ગત્યથી હણાયેલાને ચિન્તામણિની પ્રાપ્તિ'**ની ઉપમા આપવામાં આવી છે. જેમ દૌર્ગત્ય-દરિદ્રતાથી ઉપહત થયેલાને ચિન્તામણિરત્નની પ્રાપ્તિ થાય અને તેના ગુણની માલૂમ પડે ત્યારે "गतमिदानीं-दौर्गत्यं" 'હવે દૌર્ગત્ય ગયું' એ જાતિની માનસિક ધૃતિ-સંતોષ ઉત્પન્ન થાય છે, તેમ જિનધર્મરૂપી ચિન્તામણિ રત્નની પ્રાપ્તિ થવાથી અને તેનો મહિમા માલૂમ પડવાથી "क्व इदानीं संसारः." હવે સંસાર કોણ માત્ર છે? એ જાતિની દુઃખની ચિન્તાથી રહિત માનસિક લાગણી ઉત્પન્ન થાય છે.

ધારણાએ–ધારણાવડેઃ અવિસ્મરણ પૂર્વક કિન્તુ શૂન્ય-ચિત્તે નહિ. ધારણા–જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થનારી, પ્રસ્તુત એક વસ્તુને વિષય કરનારી તથા અવિચ્યુતિ,સ્મૃતિ અને વાસના રૂપ ભેદવાળી ચિત્ત પરિણતિઃ શાસ્ત્રમાં એને **'સાચા મોતીની માલાને પરોવવા'** ના દૃષ્ટાંતની સાથે સરખાવી છે. તેવા પ્રકારના ઉપયોગની દૃઢતાથી તથા યથાયોગ્ય અવિક્ષિપ્તપણે સ્થાનાદિ યોગમાં પ્રવૃત્તિ થવાથી યોગ રૂપી ગુણની માલા નિષ્પન્ન થાય છે.

अणुप्पेहाए–અનુપ્રેક્ષા વડે વિચારણાપૂર્વક કિન્તુ કેવળ પ્રવૃત્તિ માત્ર રૂપે નહિ. અનુપેક્ષા–જ્ઞાનાવરણીય કર્મના ક્ષયે-પશમથી ઉત્પન્ન થયેલો અનુભૂત અર્થના અભ્યાસનો એક પ્રકાર, પરમ સંવેગનો હેતુ, ઉત્તરોત્તર વિશેષ વિશેષ પ્રતીતિ કરાવનાર, કેવલજ્ઞાનની સન્મુખ લઇ જનારો ચિત્તનો ધર્મ. શાસ્ત્રમાં એને **' રત્નશોધક અનલ '** ની ઉપમા આપવામાં આવી છે. રત્નને પ્રાપ્ત થયેલો રત્નશોધક અનલ જેમ રત્નના મલને બાળી નાંખી શુદ્ધિ પેદા કરે છે, તેમ આત્મ-રત્નને પ્રાપ્ત થયેલો અનુપ્રેક્ષા રૂપી અનલ કર્મકમલને બાળી નાંખી કૈવલ્યને પેદા કરે છે. કારણ કે તેનો તેવો સ્વભાવ જ છે.

આ શ્રદ્ધાદિ પાંચ ગુણો અપૂર્વકરણ નામની મહા-સમાધિના બીજ છે. તેના પરિપાક અને અતિશયથી અપૂર્વ-કરણની પ્રાપ્તિ થાય છે. કુતર્કોથી ઉત્પન્ન થતા મિથ્યા વિકલ્પોને દૂર કરી શ્રવણ, પઠન, પ્રતિપત્તિ, ઇચ્છા અને

પ્રવૃત્તિમાં જોડાવું, એ એનો પરિપાક છે. તથા સ્થૈર્ય અને સિદ્ધિ પ્રાપ્ત કરવી, એ એનો અતિશય છે. શ્રદ્ધાદિ ગુણોના પરિપાક અને અતિશયથી પ્રધાનપરોપકારના હેતુભૂત અપૂર્વ-કરણ નામના ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય છે

લાભનો ક્રમ પણ એ રીતે જ છે. શ્રદ્ધાથી મેધા, મેધાથી ધૃતિ, ધૃતિથી ધારણા અને ધારણાથી અનુપ્રેક્ષા. તથા વૃદ્ધિનો ક્રમ પણ એ રીતે જ છે. શ્રદ્ધાની વૃદ્ધિથી મેધાની વૃદ્ધિ, મેધાની વૃદ્ધિથી ધૃતિની વૃદ્ધિ, ધૃતિની વૃદ્ધિથી ધારણાની વૃદ્ધિ અને ધારણાની વૃદ્ધિથી અનુપ્રેક્ષાની વૃદ્ધિ થાય છે. અરિહંત ચેઈઆણં' નો પાઠ કહ્યા પછી 'અન્નત્થ' કહી એક નવકારનો કાયોત્સર્ગ કરી કાયોત્સર્ગ પાળી નમોર્હત્૦ કહી એક થોય કહેવી.

कल्लाणकंदं पढमं जिणिदं, संतितओ
नेमिजिणं मुणिंदं; पासं पयासं सुगुणिक्कठाणं,
भत्तिइ वन्दे सिरिवद्धमाणं ॥ १ ॥

ઉપર કહી તે અથવા ગમે તે એક સ્તુતિ બોલી ચૈત્યવંદનની ક્રિયા પૂર્ણ કરવામાં આવે છે.

ગુરૂવંદન અને પચ્ચક્ખાણ

ચૈત્યવંદન કર્યા બાદ ગુરૂ મહારાજ પાસે વિનય-પૂર્વક વિશુદ્ધ ભાવથી પચ્ચક્ખાણ કરવું.

ગુરૂમહારાજનો વિનય કરવાની વિધિ આ પ્રમાણે છે.

(૧) ગુરૂમહારાજને દેખીને શિઘ્ર ઉભા થવું.

(૨) ગુરૂમહારાજ આવતા હોય ત્યારે તેમની સન્મુખ જવું.

(૩) તેઓને જાતે આસન લાવી આપવું.

(૪) ગુરૂમહારાજના બેઠા પછી બેસવું.

(૫) ભક્તિપૂર્વક ગુરૂમહારાજને વંદન કરવું.

(૬) ગુરૂમહારાજની સેવા-શુશ્રૂષા કરવી.

(૭) ગુરૂમહારાજ જતા હોય તેઓની પાછળ થોડે સુધી જવું.

(૮) તથા ગુરૂમહારાજ પાસેથી ધર્મ સાંભળવો.

આ બધું ગુરૂમહારાજની પ્રતિપત્તિ, ભક્તિ અને તેમનો વિનય ગણાય.

આ રીતે વિનયપૂર્વક ગુરૂમહારાજ પાસેથી પોતાની શક્તિ અનુસાર પચ્ચક્ખાણ કરવું.

પચ્ચક્ખાણની આવશ્યકતા

કર્મોને આપણા આત્મામાં દાખલ થવા માટે શાસ્ત્રકારોએ અનેક પ્રકારના હેતુઓ બતાવ્યાં છે તેમાં એક હેતુ અવિરતિ છે. અવિરતિ એટલે પાપ પ્રવૃત્તિનું પચ્ચક્ખાણ ન કરવું તે. વસ્તુનો ભોગવટો કરો કે ન કરો પણ વસ્તુના પચ્ચક્ખાણ ન હોય તો આત્મા પાપરૂપ કાદવથી લેપાય છે. વસ્તુનો અભાવ કે વસ્તુના ભોગવટાનો અભાવ એનું નામ ત્યાગ નથી પણ ઈચ્છાપૂર્વક વસ્તુનું પચ્ચક્ખાણ

કરવાથી ત્યાગ થાય છે. હજારો વર્ષ સુધી દેવતાઓને આહાર ખાવાની ઈચ્છા થતી નથી છતાં તેમને ઉપવાસનો લાભ થતો નથી. તેનું મુખ્ય કારણ પચ્ચક્ખાણનો અભાવ છે. શક્તિના અભાવે અગર તો હિંસા કરવાના સાધનના અભાવે અહિંસક હોવા છતાં કોઈ અહિંસક કહેવાતા નથી, તેમાં પણ મુખ્ય કારણ પ્રતિજ્ઞાનો અભાવ છે. ઝાડ હંમેશાં સ્થિર જ રહે છે. બધું પોતે સહન કરે છે, કોઈને કાંઈ પણ નુકશાન કરતું નથી છતાં પણ તેનો સ્વર્ગ મોક્ષ ન થવામાં કારણ પ્રતિજ્ઞા પૂર્વક ત્યાં પાપની વિરતિ નથી તે છે.

જન્મથી જ પવિત્ર જીવન જીવનારા ખુદ તીર્થંકર દેવો પણ સર્વવિરતિનો અંગીકાર કરતી વખતે 'सव्वं सावज्जं जोगं पच्चक्खामि.' અર્થાત્ "તમામ સાવદ્ય યોગોનો હું આજથી ત્યાગ કરૂં છું."

એમ પ્રતિજ્ઞા ઉચ્ચરે છે. પ્રતિજ્ઞામી મહત્તા અને જરૂરીયાત માટે આનાથી સચોટ પુરાવો બીજો કયો હોઈ શકે ? આજની રાષ્ટ્ર સરકારો પણ સત્તા ઉપર આવતાં પહેલાં પ્રજાને વફાદાર બની રહેવા માટે પ્રજા સમક્ષ સોગંદ વિધિ કરે છે, તે પણ એક અપેક્ષાએ પચ્ચક્ખાણની મહત્તાને જ સાબીત કરે છે.

નરક અને પશુ ગતિમાં પરાધીનપણે જીવ ભૂખ તરસ, ટાઢ તાપ આદિની અનેકવિધ તકલીફો સહન કરે છે, પરંતુ તે તકલીફો સહન કરવામાં ધર્મબુદ્ધિનો ઉદ્દેશ

ન હોવાથી તેનાથી માત્ર અકામ નિર્જરા થાય છે અને અલ્પ ફલ મલે છે. ઉત્તમ માનવ ભવ પામી રાજીખુશીથી ઇચ્છાપૂર્વક વ્રત–પચ્ચક્ખાણ, તપ, જપ નિત્ય નિયમોમાં રક્ત રહેવાથી કેટલો મહાન લાભ–કેટલી મહાન નિર્જરા થાય છે તે અહીં વિચારીએ.

પચ્ચક્ખાણનું ફળ

સવારનાં જઘન્યથી (ઓછામાં ઓછું) નવકારશી અને સાંજના ચઉવિહારનું પચ્ચક્ખાણ કરનારો પ્રાયઃ તીર્યંચ અને નરકગતિમાં જતો નથી. નવકારશી આદિ પચ્ચક્ખાણ કરનારાઓને કેવો અને કેટલો સુંદર લાભ થાય છે, તે નીચેની હકીકતથી જાણી શકાશે. નારકીમાં રહેલો આત્મા અકામનિર્જરા વડે (ધર્મની ભાવના વિના જે દુઃખો સહન કરવામાં આવે છે અને તેનાથી જે કર્મો ક્ષય થાય છે તેને અકામનિર્જરા કહેવાય છે.) બેસીતમ અસહ્ય દુઃખોને સહન કરવાથી સો વર્ષમાં જેટલા કર્મો ખપાવે, તેટલાં જ કર્મો માત્ર નવકારશીનું પચ્ચક્ખાણ કરનારો ખપાવી શકે છે. પોરસીથી એક હજાર વર્ષના, સાર્ધ પોરસીથી દશ હજાર વર્ષના, પરિમૂડ્ઢથી એક લાખ વર્ષના, એકાસણાથી દશ લાખ વર્ષના, નિવિથી એક ક્રોડ વર્ષના, એકલઠાણાથી (આ પચ્ચક્ખાણમાં માત્ર હાથ અને મોં સિવાય કોઈ અંગ હાલવું ન જોઈએ, અને ઠામ ચઉવિહાર કરવો જોઈએ) દશ ક્રોડ વર્ષના, એકલદત્તીથી (આ પચ્ચક્ખાણમાં પહેલી

વખત જેટલું ભાણામાં પીરસાય તેટલું જ ખાઈને ઉઠી જવાનું હોય છે.) સો ક્રોડ વર્ષના, આયંબીલથી એક હજાર ક્રોડ વર્ષના અને ઉપવાસથી દશ હજાર ક્રોડ વર્ષના કર્મો ખપાવી શકાય છે. આ પ્રમાણે એક એક ઉપવાસની વૃદ્ધિએ દશ ગુણા વર્ષો વધારતાં જવું. તપસ્યા કરવાથી એટલા કર્મનો ક્ષય થાય છે.

ચીકણા કર્મનો નાશ કરવા માટે પણ તપ એ જ એક રામબાણ ઈલાજ છે. તેજ ભવમાં જેમનો મોક્ષ નિશ્ચિત થઈ ચૂકયો છે, એવા શ્રી પરમતારક તીર્થંકર દેવો પણ મોક્ષે જાય ત્યાં સુધી તપનો આદર કરે છે. પાંચ ઇંદ્રિયો રૂપ અશ્વોને વશ કરવા માટે તપ એ એક સુંદર લગામ છે. ચિત્તની સમાધિ અર્પી સમસ્ત કર્મોનો નાશ કરી આત્માના મૂળ ગુણોને પ્રગટ કરી, નિર્વિઘ્નસ્થાને કોઈ પહોં-ચાડનાર હોય તો તે એક તપ છે. અઢાર હજાર સાધુઓમાં શ્રી નેમનાથ ભગવાને શ્રી ઢંઢણ ઋષિને પ્રથમ નંબર આપ્યો હોય તો તેમાં પણ તેમનું દુષ્કર તપ જ કારણ છે. જંઘાચારણ અને વિદ્યાચારણ મુનિઓને નંદીશ્વરદ્વીપ સુધી ઉડીને જવાની શક્તિ અર્પણ કરનાર કોઈ હોય તો તે પણ તપે જ કરાવી છે. સનત્કુમાર ચક્રવર્તીના થુંકનાં સ્પર્શમાં પણ સડેલી આંગળીને સુવર્ણ સમ બનાવવાની તાકાત પ્રાપ્ત કરાવી હોય તો તે તપે જ કરાવી છે. દૃઢ પ્રહારી અને અર્જુનમાલી જેવા ઘોર હિંસક આત્માઓનો ઉદ્ધાર કરનાર કોઈ હોય તો તે તપ જ છે. ખૂદ મહાવીર પરમાત્માએ ધન્નાઅણગારને ઉત્કૃષ્ટ અણગાર ગણ્યો હોય

તો તેમાં પણ તપ જ નિમિત્ત છે. ચરમ તીર્થંકરના પ્રથમ ગણધર શ્રીમાન ગૌતમસ્વામીએ ખીરના પાતરામાં અંગુઠો રાખી પંદરસો તાપસને પારણું કરાવવાની અપૂર્વ લબ્ધિ પ્રાપ્ત કરી હોય તો તે તપના પ્રભાવે જ. તપના જેટલા યશોગાન ગાઈએ તેટલા ઓછા છે. જૈન શાસ્ત્રકારોએ અનેક પ્રકારના તપો ફરમાવ્યાં છે. તેમાં શ્રી વર્ધમાન તપ અને શ્રી સિદ્ધચક્ર મહારાજની નવપદની ઓળીની આરાધના અગ્રસ્થાને ગણાય છે. આ બંને તપોનો પ્રચાર આજે અનેક શહેરોમાં અને ગામડાઓમાં થઈ રહ્યો છે, એને ભવિષ્ય માટે એક શુભ ચિન્હસ્વરૂપ પણ ગણી શકાય. જે તપના ભાવપૂર્વકના આરાધનથી આજે પણ અનેક આત્માઓ માનવ ભવની સાચી સફળતા સાધવા ભાગ્યશાળી બન્યા છે. અનાદિ કાળથી આત્મા સાથે લાગેલા કર્મરૂપ કચરાને સાફ કરનાર અને સર્વ દુઃખનો અંત કરનાર એ તપોની સુંદર આરાધના બની શકે ત્યાં સુધી શક્તિનું જરાપણ ગોપન કર્યા સિવાય સ્વયં કરવી જોઈએ. ન બની શકે તો બીજાઓ કરી શકતા હોય એમને સર્વ રીતિએ સહાયક બનવું અને છેવટ તેમ પણ ન બને તો કરનારાઓની અનુમોદના અવશ્ય કરવી.

વચલા ગાળાનું કર્તવ્ય

ધર્મ સ્થાનથી પાછા આવીને શ્રાવક પોતાના સ્થાને જાય અને ધર્મથી અવિરૂદ્ધ રીતિએ તે યથોચિત અર્થ

ચિંતન કરે. ત્યારબાદ દેવમંદિરમાં જઈ મધ્યાહ્નકાળની દેવપૂજા કરે. તે કર્યા પછી ઘેર જઈને ભોજન કરે. ભોજનના કાર્યને પતાવીને શ્રાવકે ધર્મરહસ્યોના જાણકારોની સાથે શ્રીજિનકથિત તત્ત્વોના રહસ્યનો વિચાર કરવો. કારણ કે શાસ્ત્રીય તત્ત્વોનો સમ્યગ્ વિચાર આત્માને શુદ્ધ માર્ગમાં દોરનારો છે. પાપરૂપરોગનું પારમાર્થિક ઔષધ છે અને પુણ્યનું પરમ કારણ છે.

પછી પાછલા પહોરે જે બે વાર ભોજન કરતો હોય તે ભોજન કરી લે. અને સંધ્યાકાળ થતાં ત્રીજીવાર ધૂપ દીપક આદિથી દેવપૂજા કરે. પછી સાધુની પાસે જઈ યથાવિધિ **આવશ્યક** ક્રિયાઓ કરે.

ષડાવશ્યક

આવશ્યક ક્રિયા એ શ્રાવકોનું દરરોજનું કર્તવ્ય છે. વીર પરમાત્માના શાસનમાં સપ્રતિક્રમણ ધર્મ છે જે દિવસે તીર્થની સ્થાપના થાય છે, તેના પ્રથમ દિવસથી જ શ્રી ચતુર્વિધ સંઘમાં આ ક્રિયાની શરૂઆત થાય છે.

આવશ્યક સૂત્રોને અર્થથી પ્રગટ કરનાર અનંતજ્ઞાની અરિહંત પરમાત્મા છે અને તેને સૂત્રરૂપે ગુંથનાર બુદ્ધિ નિધાન ગણધર ભગવંતો છે. તેથી એનું રહસ્ય અતિગંભીર છે. જીવનવિકાસ માટેના સમગ્ર યોગો આ ક્રિયામાં એકજ સ્થળે ઉપકારી ભગવંતોએ કુશળતા પૂર્વક ગોઠવી દીધા છે. તેથી આ આવશ્યક ક્રિયા સામાન્ય વસ્તુ નથી પણ યોગ

અને અધ્યાત્મ માર્ગનું સર્વ રહસ્ય તેમાં ગુંથાયેલું છે. અહીં છએ આવશ્યકને અતિ સંક્ષેપમાં વિચારીએ.

સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, ગુરૂવંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન, આ છ આવશ્યકનાં નામો છે.

શ્રી જિનેશ્વર દેવોએ ફરમાવેલો મુક્તિમાર્ગ એ પંચાચારના પાલન સ્વરૂપ છે. આવશ્યક ક્રિયાથી પાંચે આચારનું પાલન અને શુદ્ધિ નીચે મુજબ થાય છે.

'સાવદ્યયોગનું વર્જન અને નિરવદ્ય યોગોનું સેવન' એ સ્વરૂપ સામાયિક વડે ચારિત્રાચારની શુદ્ધિ થાય છે.

શ્રી જિનેશ્વરોના સદ્ભૂત ગુણોના ઉત્કીર્તન સ્વરૂપ ચતુર્વિંશતિ સ્તવવડે દર્શનાચારની વિશુદ્ધિ થાય છે.

જ્ઞાનાદિ ગુણોથી યુક્ત એવા ગુરૂઓને વંદન કરવાથી જ્ઞાનાચાર આદિ આચારોની શુદ્ધિ થાય છે.

જ્ઞાનાદિક ગુણોમાં થયેલી સ્ખલનાઓની વિધિપૂર્વક નિંદા આદિ કરવારૂપ પ્રતિક્રમણ વડે જ્ઞાનાદિ તે તે આચારોની શુદ્ધિ થાય છે.

પ્રતિક્રમણથી શુદ્ધ નહિ થયેલા એવા ચારિત્રાદિના અતિચારોની વ્રણચિકિત્સા સ્વરૂપ કાયોત્સર્ગવડે શુદ્ધિ થાય છે અને તેથી ચારિત્રાદિ આચારોની શુદ્ધિ થાય છે.

મૂલ-ઉત્તર ગુણોને ધારણ કરવારૂપ પચ્ચક્ખાણ વડે તપાચારની શુદ્ધિ થાય છે.

તથા સામાયિક આદિ સર્વ આવશ્યકો વડે વીર્યાચારની વિશુદ્ધિ થાય છે.

આ રીતે છ આવશ્યકો પાંચે પ્રકારના આચારની વિશુદ્ધિ કરે છે. પંચાચારનું પાલન એજ ખરૂં મુક્તિમાર્ગનું આરાધન છે. આવશ્યક ક્રિયા ને તૃતીય વૈદ્યનાં ઔષધની (અર્થાત્ દોષ હોય તો તેને દૂર કરે, અને ન હોય તો ઉપરથી ગુણ કરે) ઉપમા શાસ્ત્રકારોએ આપી છે. અને તે સાર્થક છે

આવશ્યક ક્રિયા વડે જ્ઞાનાદિ આચારમાં લાગેલા દોષો દૂર થાય છે અને આત્માના દર્શન, જ્ઞાન, ચારિત્ર, વીર્ય આદિ ગુણોની પુષ્ટિ થાય છે તેથી આવશ્યક ક્રિયાની ઉપયોગિતા શ્રી તીર્થંકરદેવોએ સ્થાપિત કરેલી છે.

સ્વાધ્યાય

આવશ્યક ક્રિયા પૂર્ણ થયા બાદ શ્રાવક સ્વાધ્યાય કરે. જિનશાસનમાં સ્વાધ્યાયને મોક્ષનું પરમ અંગ કહ્યું છે. સંયમના અસંખ્ય વ્યાપારોમાંથી કોઈ પણ યોગમાં વર્તતો જીવ પ્રતિસમય અસંખ્ય ભવોનાં કર્મોને ખપાવે છે તો પણ સ્વાધ્યાય યોગમાં વર્તતો જીવ સ્થિતિ અને રસ વડે કર્મોને વિશેષ કરીને ખપાવે છે. કર્મક્ષયના મુખ્ય હેતુઓ બે છે. એક તો મન, વચન અને કાયાના અશુભ વ્યાપારોનો નિગ્રહ અને બીજું તે ત્રણેનું શુભ વ્યાપારોમાં પ્રવર્તન. આ

બન્ને હેતુઓ સ્વાધ્યાય યોગમાં જે રીતિએ સિદ્ધ થાય છે, તે રીતે પ્રાયઃ અન્ય વ્યાપારો વડે સિદ્ધ થઈ શકતા નથી.

શ્રી જિનમતમાં સ્વાધ્યાય પાંચ પ્રકારનો કહ્યો છે. વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા. ગુરૂપાસે સૂત્ર અર્થ ગ્રહણ કરવાં તે **વાચના**. સંદેહ નિવારણ માટે પૂછવું તે **પૃચ્છના**. અસંદિગ્ધ સૂત્રાર્થની પુનઃ પુનઃ પરાવર્તના (પઠન) તે **પરાવર્તના**. પુનઃ પુનઃ વિચારણા તે અનુપ્રેક્ષા અને અનુગ્રહ બુદ્ધિથી યોગ્યની આગળ કથન કરવું તે **ધર્મકથા**.

આ પાંચે પ્રકારનો સ્વાધ્યાય મન, વચન, કાયાના અશુભ વ્યાપારોનો નિરોધ કરાવી શુભમાં એકાગ્રતાપૂર્વક પ્રવર્તન કરાવે છે, તેથી કર્મક્ષયનો અસાધારણ હેતુ બની પરંપરાએ પરમપદની પ્રાપ્તિ કરાવે છે. આદરપૂર્વક સ્વાધ્યાયની લીનતા એ યાવત્ સર્વજ્ઞપદ અને તીર્થંકરપણાની પ્રાપ્તિનો પણ હેતુ બને છે. કુશલ પુરુષોએ ફરમાવેલ બાહ્ય અને અભ્યંતર એ બન્ને પ્રકારના તપને વિષે સ્વાધ્યાય સમું તપકર્મ કોઈ છે નહિ અને થનાર પણ નથી.

આ સ્વાધ્યાય ઉત્કૃષ્ટથી ચૌદ પૂર્વધરોને હોય છે. તેઓ અંતર્મુહૂર્ત્તમાં ચૌદ પૂર્વોનું પરાવર્ત્તન કરે છે. જેને બીજું કાંઈ પણ ન આવડતું હોય તેને પણ પંચપરમેષ્ઠિ નમસ્કારનો સ્વાધ્યાય હોય છે. કારણ કે આ પંચપરમેષ્ઠિ નમસ્કાર દ્વાદશાંગનો અર્થ છે તેથી અતિમહાન છે. સઘળું દ્વાદશાંગ પણ પરિણામની વિશુદ્ધિ માટે ભણાય છે. પરમ-

પુરુષ પરમેષ્ઠિઓને નમસ્કાર દ્વારા પણ તેજ અર્થ સિદ્ધ થાય છે તેથી તે દ્વાદશાંગાર્થ છે.

આ રીતે પોતે પોતાની પરિસ્થિતિ મુજબ અને પોતે પ્રાપ્ત કરેલ પ્રકરણ આદિનો સ્વાધ્યાય કરીને યોગ્ય સમયે દેવગુરૂને યાદ કરવા વડે પવિત્ર થઈ પ્રાયઃ અબ્રહ્મનો ત્યાગ કરી શ્રાવક અલ્પનિદ્રાને કરે.

નિદ્રા પુરી થતાં મનને વિષયોથી વિમુખ કરવા સ્ત્રી વગેરેના શરીરનું સ્વરૂપ વિચારે, તથા સ્થૂલભદ્ર વિગેરે સાધુઓ સ્ત્રીશરીરથી કેવા નિવૃત્ત થયા હતા તેનું સ્મરણ કરે. સ્ત્રીઓના શરીર બહારથી જ રમ્ય, પરંતુ અંદર બધાં શરીરોની પેઠે અશુચિ આદિથી ભરેલ હોય છે. તેથી તેના ઉપર મોહ કરવા લાયક નથી એમ વિચારવું. વૈરાગ્ય ભાવમાં સવિશેષ વૃદ્ધિ પામવા વિચારે કે કામદેવનું વિષય-વાસનાનું એકમાત્ર જન્મસ્થાન સંકલ્પ છે. માટે હું કામ વાસનાના મૂલરૂપી સંકલ્પને જ જડમૂળથી ઉખેડી નાખું. અર્થાત્ મનમાં કામ વાસનાનો સંકલ્પ ઉઠવાજ નહિ દઉં એમ વિચારે.

તે ઉપરાંત બીજા જે જે બાધક દોષો પોતાનામાં હોય, તે દોષોથી મુક્ત થવા માટે તે તે દોષોથી મુક્ત મુનિજનો ઉપર પ્રમોદભાવ ધારણ કરતો શ્રાવક તે દોષોથી પ્રતિપક્ષ વસ્તુઓનું ચિન્તન કરે જેમકે રાગનો ઉપાય વૈરાગ્ય, દ્વેષનો ઉપાય મૈત્રી, ક્રોધનો ઉપાય ક્ષમા, માનનો

ઉપાય નમ્રતા, માયાનો ઉપાય સરલતા, લોભનો ઉપાય સંતોષ, મોહનો ઉપાય વિવેક, ઈર્ષ્યાનો ઉપાય સ્નેહ–વાત્સલ્ય ઈત્યાદિ ઉપાયો ચિંતવવા, દોષોના પ્રતિપક્ષી ગુણના ચિન્તવનથી દોષોનો નાશ સહેલાઈથી થાય છે. દોષો અંધકારના સ્થાને છે, ગુણો પ્રકાશના સ્થાને છે. જ્યાં પ્રકાશ પથરાય ત્યાં અંધકાર ટકી શકે નહિ.

સર્વ જીવોની આ ભવસ્થિતિ અત્યંત દુઃખદાયક છે. અર્થાત્ સંસારના તમામ જીવો અનેક પ્રકારના દુઃખથી વ્યાપ્ત છે. એમ સર્વ જીવોનેં વિષે સ્થિરતાપૂર્વક વિચારતો શ્રાવક જ્યાં સ્વાભાવિક સુખની સૃષ્ટિ છે, એવો મોક્ષ સર્વને મળે એવી પ્રાર્થના કરે. અર્થાત્ સર્વ સંસારી જીવો સમગ્ર દુઃખથી મુક્ત થઈ મોક્ષના અનંત સુખને પામો, એમ પ્રાર્થના કરે.

વળી શ્રાવક વિચાર કરે કે ઉપસર્ગના પ્રસંગમાં પણ વ્રતરક્ષણની દઢતામાં મજબુત રહેલા અને તેથી જ તીર્થંકરોની પણ પ્રશંસાના પાત્ર બનેલા કામદેવાદિ શ્રાવકોને ધન્ય છે.

શ્રાવકોએ નીચેના મનોરથ કરવા.

વળી વિચારવું કે રાગ–દ્વેષાદિને જીતનારા જિનેશ્વર જેવા દેવ છે, તેમજ સકલ જીવોનું હિત એજ છે, તત્ત્વ જેમાં એવો દયા જેનો ધર્મ છે, અને જેના ગુરુઓ પંચ મહાવ્રતધારી સાધુઓ છે, તેવા શ્રાવકપણાની કયો બુદ્ધિમાન

માણસ પ્રશંસા ન કરે? અર્થાત્ આવા ભાગ્યવાનની બુદ્ધિમાનો પ્રશંસા કરે જ. જૈન ધર્મથી રહિત થઈ ચક્રવર્તી પણ હું ન થાઉં. પરંતુ જૈનધર્મથી યુક્ત દાસ કે ગરીબ થવાનું હું પસંદ કરૂં. અહો! ક્યારે હું બધા સંયોગોનો ત્યાગ કરી જીર્ણપ્રાય: વસ્ત્રવાળો થઈ, શરીર વિભૂષા આદિથી નિરપેક્ષ બની, માધુકરી વૃત્તિથી મુનિચર્યાને આચરનારો બનીશ! દુ:શીલોની સોબતનો ત્યાગ કરી ગુરૂ મહારાજના ચરણોની રજમાં આળોટતો હું યોગનો અભ્યાસ કરી જન્મ-મરણરૂપી આ ભવનો નાશ કરવાને ક્યારે સમર્થ થઈશ? ગાઢરાત્રિમાં શહેરની બહાર નિશ્ચલ ઉભો રહી કાયોત્સર્ગ-ધ્યાન કરતો હોઉં, ત્યારે મને થાંભલો ધારી બળદો આવીને પોતાના સ્કંધનું ક્યારે ઘર્ષણ કરશે? વનમાં પદ્માસન વાળીને બેઠો હોઉં અને મારા ખોળામાં મૃગનાં બાળકો રમતાં હોય, તે વખતે વૃદ્ધ મૃગાધિપો આવીને મને મોં આગળ ક્યારે સુંઘશે? શત્રુના ઉપર અને મિત્ર ઉપર, તણખલા ઉપર અને સ્ત્રીના સમુદાય ઉપર, સોના અને પત્થર ઉપર, મણિ અને માટી ઉપર, મોક્ષ અને ભવ ઉપર એક સરખી બુદ્ધિવાળો અર્થાત્ રાગ-દ્વેષ વિનાનો હું ક્યારે થઈશ? **મોક્ષ મહેલ ઉપર ચડવાને ગુણઠાણાની શ્રેણિરૂપ નિસરણી સરખા તથા પરમ આનંદરૂપ લતાના કંદ સરખા મનોરથ શ્રાવકોએ સવારના પહોરમાં કરવા.** આ પ્રમાણે દિવસરાતની ચર્યાને અપ્રમાદીપણે આચરતો અને પૂર્વે જેવી રીતે કહ્યું છે તેવી

રીતે વ્રતમાં રહેલો ગૃહસ્થ પણ વિશુદ્ધ થાય છે. અર્થાત્ પાપનો ક્ષય કરી શકે છે.

અંતિમ સંલેખના

શ્રાવક જ્યારે આવશ્યક કર્તવ્ય કર્મો કરવાને અશક્ત થઈ જાય, અથવા મરણ નજીક આવ્યું જણાય, ત્યારે ક્રમેક્રમે ભોજન ત્યાગ તેમજ ક્રોધાદિ કષાયોને પાતળા કરવા રૂપ સંલેષણા કરી સંયમ અંગીકાર કરે. તથા શ્રીમાન અરિહંતના જન્મકલ્યાણક, દીક્ષાકલ્યાણક, કેવળજ્ઞાન કલ્યાણક યા મોક્ષ કલ્યાણક જેવાં સ્થળોમાં જવું. અથવા તેવાં સ્થળો નજીક ન હોય તો ઘરમાં કે વનમાં જીવ જંતુ રહિત સ્થળમાં જઈને, ચારે પ્રકારના આહારનો ત્યાગ કરી, પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રના જાપમાં તત્પર થવું. આ રીતે આરાધના કરી અરિહંતાદિ ચાર શરણનો અનન્ય ભાવે આશ્રય કરવો તથા આ લોક સંબંધી, પરલોક સંબંધી, જીવિત સંબંધી કે મરણ સંબંધી આશંસાનો (ઈચ્છાનો) તથા પોતાના તપના બદલામાં અમુક ફળ મને મળો, એવા નિયાણાનો ત્યાગ કરી, સમાધિરૂપ અમૃતથી સિંચાયેલો, પરિષહ તથા ઉપસર્ગોથી નિર્ભય અને જિનેશ્વર ભગવાનની ભક્તિમાં લીન રહીને આણંદ શ્રાવકની માફક સમાધિ મરણ અંગીકાર કરે.

આ અંતિમ સંલેખના વ્રતની આરાધના શ્રાવક જીવનમાં અતિ પ્રયોજનભૂત, રહસ્યભૂત તથા લાભકારક હોવાથી તેને હવે પછીના સાતમા પ્રકરણમાં થોડા વિસ્તારથી વિચારીએ.

પ્રકરણ ૫ મું.

સંલેષણા વ્રતની આરાધના.

સર્વ પ્રકારની આરાધનાઓમાં સૌથી વધુ અગત્યની આરાધના શ્રી જૈન શાસને દર્શાવી છે, તે અંતિમ આરાધના છે. તેનું બીજું નામ સંલેષણા વ્રત છે. જીવનમાં કરેલી સઘળી આરાધનાઓની સફળતાનો આધાર આ અંતિમ આરાધના ઉપર છે. અંતિમ વખતે એટલે આયુષ્યના અંત સમયે કરવા યોગ્ય આરાધના કર્યા વિના જ મૃત્યુ થઈ જાય, તો ગમે તેવા આરાધક આત્માની પણ ગતિ બગડી જાય. એટલું જ નહિ પણ કર્મવશાત્ જીવનપર્યંત જે આત્મા આરાધના નથી કરી શક્યો તે આત્મા પણ જો આ પર્યંત આરાધનાને સાધી લે તો તેની ગતિ સુધરી જાય, એવો આ અંતિમ આરાધનાનો મહિમા છે. શ્રી જિનશાસનમાં રહેલા સાધુ યા શ્રાવક પ્રત્યેકનો એ હંમેશનો મનોરથ હોય છે, 'કે મારૂં મરણ આરાધનાપૂર્વક થાઓ' અર્થાત્ 'મરણ વખતે હું આરાધનાપૂર્વક કેવી રીતે મરણ પામું ?' એની સતત ચિંતા એને હોય છે. એ આરાધના સંક્ષેપથી અહીં જણાવવામાં આવે છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે 'આત્મા, મરણ સમયે ભક્તપરિજ્ઞા નામના પ્રકીર્ણકમાં કહેલા વિધિ મુજબ મરે છે,

તે આત્મા નિશ્ચયથી વૈમાનિક કલ્પોમાં ઉત્પન્ન થાય છે. એટલું જ નહિ કિન્તુ ઉત્કૃષ્ટથી સાતમા ભવે અવશ્ય સિદ્ધ થાય છે.

મરણ પથારીએ રહેલો માંદો મનુષ્ય સદ્‌ગુરુને નમસ્કાર કરીને કહે 'હે ભગવન્! હવે અવસરને ઉચિત મને ફરમાવો!' તેના પ્રત્યુત્તરમાં ગુરુમહારાજ તેને છેવટની આરાધના કરી લેવા માટે નીચે મુજબ ફરમાવે. ગુરુનો યોગ ન હોય તો ઉત્તમ શ્રાવકના મુખે તેનું શ્રવણ કરે.

ગુરુ કહે-'મરણ સમયે (૧) લીધેલાં વ્રતોમાં લાગેલા અતિચારોને આલોવવા જોઇએ. (૨) લીધેલાં કે નહિ લીધેલાં વ્રતોને ફરી ઉચ્ચરવાં જોઈએ. (૩) સર્વ જીવોને ક્ષમા આપવી જોઈએ. (૪) ચાર શરણને ગ્રહણ કરવાં જોઇએ. (૫) દુષ્કૃતની નિન્દા કરવી જોઈએ. (૬) અઢાર પાપ સ્થાનકોને વોસિરાવવાં જોઈએ. (૭) સુકૃતની અનુમોદના કરવી જોઇએ. (૮) અનશન આદરવું જોઇએ. (૯) શુભ ભાવના ભાવવી જોઇએ. (૧૦) શ્રી પંચપરમેષ્ઠીઓને નમસ્કાર કરવો જોઇએ. આ દશે બાબતો હવે અહીં ક્રમસર બતાવવામાં આવે છે.

(૧) અતિચાર આલોચના.

સાધુ અને શ્રાવકોને પાળવા યોગ્ય પાંચ આચારો શ્રી જૈન શાસનમાં દર્શાવેલાં છે. તેના પાલનમાં જેટલી બેદરકારી બતાવી હોય અગર તેથી વિરૂદ્ધ આચરણ કર્યું હોય, તે અહીં અતિચારો સમજવાના છે. જેમકે-સામર્થ્ય

છતાં જ્ઞાનિઓને અન્ન, પાન, વસ્ત્ર, પાત્ર આદિવડે સહાય ન કરી હોય, તેમની અવજ્ઞા કરી હોય, મતિ-શ્રુતાદિ પાંચ પ્રકારના જ્ઞાનની નિન્દા કરી હોય, ઉપહાસ કર્યો હોય અથવા ઉપઘાત કર્યો હોય. જ્ઞાનનાં સાધન-પુસ્તક, કાગળ, કલમ આદિની આશાતના કરી હોય, તે બધા જ્ઞાનના અતિચારો છે. તેની હૃદયથી માફી માગવી જોઇએ

એ જ રીતે દર્શનના અતિચારો, જેવા કે શ્રી જિનેશ્વરદેવ અને તેમના બિંબોની ભાવથી ભક્તિ ન કરી હોય અગર અભક્તિ કરી હોય. શ્રી જિનભક્તિ નિમિત્તે ઉત્પન્ન કરેલા દ્રવ્યનો વિનાશ કર્યો હોય અગર વિનાશ થતો જોવા છતાં છતી શક્તિએ ઉપેક્ષા કરી હોય, શ્રી જિનમંદિર વિગેરેની આશાતના કરી હોય અગર આશાતના કરનારની ઉપેક્ષા કરી હોય, તેની ક્ષમા યાચવી જોઇએ.

ચારિત્રના અતિચારો, જેવા કે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સહિત ચારિત્રનું પાલન ન કર્યું હોય અગર પાલન કરનારની ભક્તિ ન કરી હોય, પૃથ્વીકાયાદિ એકેન્દ્રિય જીવો, કીડા, શંખ, છીપ, પુરા, જલો, અલસીયા આદિ બેઇન્દ્રિય જીવો. કીડી, મકોડી, જુ, માંકડ, લીખ, કુંથુઆ આદિ તેઇંદ્રિય જીવો. વીંછી, માંખ, મચ્છર, ભ્રમર આદિ ચઉરિન્દ્રિય જીવો, અને પાણીમાં વસનાર, જમીન ઉપર રહેનાર કે આકાશમાં ઉડનાર પંચેન્દ્રિય જીવોની વિરાધના કરી હોય; ક્રોધથી, લોભથી, ભયથી, હાસ્યથી કે પરવશતાથી અસત્ય વચન ઉચ્ચાર્યા હોય, માયાદિકનું સેવન

કરીને અન્યનું નહિ આપેલું ધન પણ ગ્રહણ કર્યું હોય. દેવ સંબંધી, મનુષ્ય સંબંધી કે તિર્યંચ સંબંધી મૈથુન સેવ્યું હોય, કે સેવવાની અભિલાષા કરી હોય, ધન-ધાન્યાદિક નવવિધ પરિગ્રહ સંબંધમાં જે મમત્વ ભાવ પોષ્યો હોય, તથા રાત્રિભોજન ત્યાગમાં જે કોઈ અતિચારો થયા હોય, તે સર્વની આત્મસાક્ષીએ નિન્દા કરવી જોઈએ અને ગુરુસાક્ષીએ ગર્હા કરવી જોઈએ.

તપ સંબંધી અતિચારો, જેવા કે-અનશન, ઊનોદરી આદિ છ પ્રકારનો બાહ્ય-તપ અને પ્રાયશ્ચિત્ત, વિનયાદિ છ પ્રકારનો અભ્યંતર-તપ શક્તિ પ્રમાણે ન કર્યો હોય, તેની નિન્દા અને ગર્હા કરવી જોઈએ.

વીર્ય સંબંધી અતિચારો, જેમકે-જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આરાધનામાં મન, વચન, કાયાનું છતું બળ ગોપવ્યું હોય, વીર્યાચારનું પાલન કરનારની નિંદા-ઉપેક્ષા કીધી હોય, તેની નિન્દા, ગર્હા કરવી જોઈએ.

(૨) વ્રતોચ્ચારણ.

પ્રાણાતિપાત વિરમણ આદિ વ્રતો પૂર્વે લીધેલાં હોય, તો તેને ફરી ઉચ્ચરવાં જોઈએ અને પૂર્વે ન લીધાં હોય તો અત્યારે નવાં લેવાં જોઈએ.

(૩) સર્વ જીવ ક્ષમાપના.

પૃથ્વીકાયાદિ ચોરાસી લાખ જીવયોનિમાં રહેલા જીવોના અપરાધો કર્યા હોય, તેને ખમાવવા જોઈએ તથા

તે જીવોએ કરેલા અપરાધોને ખમવા જોઇએ. પૂર્વે બંધાયેલાં વૈરોને દૂર કરીને સર્વ જીવોની સાથે હૃદયથી મૈત્રી ચિન્તવવી જોઇએ.

(૪) પાપસ્થાનક-આલોચના.

પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, રતિ, અરતિ, પરપરિવાદ, માયામૃષાવાદ અને મિથ્યાત્વશલ્ય-એ અઢાર પાપસ્થાનકોને મોક્ષમાર્ગમાં વિઘ્નભૂત તથા દુર્ગતિના કારણભૂત સમજી તેનો ત્યાગ કરવો જોઇએ. તથા પૂર્વે સેવેલાં તે પાપોને નિન્દવાં અને ગર્હવાં જોઇએ.

(૫) ચતુઃશરણગમન.

શ્રી અરિહંતાદિ ચારનું શરણ સ્વીકારવું જોઇએ. જેમ કેઃ-અતિશયોથી યુક્ત, કેવળ જ્ઞાન અને કેવળ દર્શન વડે જગતના ભાવોને જાણવા અને જોવાવાળા તથા દેવરચિત સમવસરણમાં બેસીને ધર્મોપદેશ આપવાવાળા, ઘાતિકર્મથી મુક્ત, આઠ પ્રતિહાર્યોની શોભાથી યુક્ત તથા આઠ પ્રકારનાં મદસ્થાનોથી રહિત, સંસારરૂપી ક્ષેત્રમાં જેમનું ફરી ઊગવું નથી, ભાવ શત્રુઓનો નાશ કરવાથી જેઓ અરિહંત બન્યા છે તથા ત્રણ જગતને જેઓ પૂજનીય છે, તે શ્રી અરિહંતોનું મને શરણ હોજો.

ભયંકર દુઃખની લાખ્ખો લહરીઓથી દુઃખે તરી શકાય એવા સંસાર સમુદ્રને જેઓ તરી ગયા છે અને

જેઓને સિદ્ધિ સુખની સંપ્રાપ્તિ થઈ છે, તપરૂપી મુદ્દગરથી જેમણે કર્મરૂપી બેડીઓ તોડી નાખી છે, ધ્યાન રૂપી અગ્નિના સંયોગથી જેમણે સઘળો કર્મ મળ બાળી નાખ્યો છે, જેમને જન્મ નથી, જરા નથી, મરણ નથી, ચિત્તનો ઉદ્વેગ નથી કે ક્રોધાદિક કષાય નથી, તેવા સુવર્ણ સમાન નિર્મળ શ્રી સિદ્ધોનું મને શરણ હોજો.

બેંતાલીસ દોષ રહિત ભીક્ષા અંગીકાર કરનારા, પાંચે ઇન્દ્રિયોને વશ કરવામાં તત્પર, કામદેવના માનને તોડનારા, બ્રહ્મવ્રતને ધારણ કરનારા, પાંચ સમિતિઓથી સમિત, ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત, મહાવ્રતો રૂપી મેરુનો ભાર વહન કરવાને વૃષભ સમાન, મુક્તિ રમણીના અનુરાગી, સર્વ સંગના પરિત્યાગી, તૃણમણી અને શત્રુ-મિત્રને સમાનપણે જોનારા, મોક્ષના સાધક અને ધીર એવા મુનિવરોનું મને શરણ હોજો.

ક્રોડો કલ્યાણને ઉત્પન્ન કરનારી તથા સર્વ પ્રકારના અનર્થોની રચનાનો નાશ કરનારી જીવદયા જેનું મૂળ છે તથા જગત્‌ના સર્વ જીવોને હિતકર છે, કેવળજ્ઞાન વડે ભાસ્કર સરિખા દેવાધિદેવ ત્રિલોકનાથ શ્રી તીર્થંકર દેવો વડે પ્રકાશિત છે, પાપના ભારથી ભારે થયેલા જીવોને કુગતિરૂપી ઊંડા ગર્તામાં પડતા બચાવી તેને ઉચ્ચ સ્થાને ધારણ કરી રાખનાર છે, સ્વર્ગ અને અપવર્ગના માર્ગમાં સાર્થવાહ તુલ્ય છે અને સંસારરૂપી અટવીનું ઉલ્લંઘન કરાવી આપવા માટે સમર્થ છે, એવા શ્રી સર્વજ્ઞભાષિત ધર્મનું મને શરણ હોજો.

(૬) દુષ્કૃત ગર્હા.

આ પ્રમાણે ચાર પ્રકારના શરણને સ્વીકારીને એ ચારની સાક્ષિએ જ પોતાનાં દુષ્કૃતોની નિન્દા કરવી જોઈએ. જેમકેઃ-મિથ્યાત્વથી મોહિત બનીને ભવમાં ભટકતાં મેં આજ સુધી મન, વચન કે કાયાથી જેટલાં મિથ્યા મતનાં સેવન કર્યાં હોય, તે સર્વની નિન્દા કરૂં છું. ભગવંતના માર્ગને પાછો પાડ્યો હોય કે અસત્ય માર્ગને આગળ કર્યો હોય અને બીજાઓને પાપના કારણભૂત બન્યો હોઉં, તે સર્વની હું હવે નિન્દા કરૂં છું.

જંતુઓને ત્રાસ આપનાર હળ, મૂસળ આદિ અધિકરણો મેં કરાવ્યાં હોય અને જે કોઈ પાપોનાં પોષણ કર્યાં હોય તે સર્વની હમણાં હું નિન્દા કરૂં છું.

(૭) સુકૃતાનુમોદના.

સ્વ-પરનાં સુકૃતોની અનુમોદના કરવી જોઈએ. જેમકેઃ- શ્રી જિનભુવન, શ્રી જિનપ્રતિમા, શ્રી જિનાગમ અને શ્રી ચતુર્વિધ સંઘ, એ ઉત્તમ પ્રકારનાં સાતે ક્ષેત્રોમાં જે ધનબીજ મેં વાવ્યું હોય અગર મન વચન કાયાથી તેની ભક્તિ કરી હોય, તે સુકૃતની હું વારંવાર અનુમોદના કરૂં છું. આ સંસારરૂપી સમુદ્રમાં જહાજ સમાન રત્નત્રયીનું સમ્યગ્ રીતિએ જે આસેવન મારાથી થયું હોય, તે સુકૃતની હું અનુમોદના કરૂં છું. શ્રી અરિહંત, શ્રી સિદ્ધ, શ્રી આચાર્ય, શ્રી ઉપાધ્યાય, શ્રી સાધુ અને શ્રી સિદ્ધાન્તને વિષે મેં જે બહુમાન

કર્યું હોય, તેની અનુમોદના કરૂં છું. સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન રૂપ ષડાવશ્યકમાં મેં જે કાંઈ ઉદ્યમ કર્યો હોય તે સુકૃતની અનુમોદના કરૂં છું.

(૮) શુભ ભાવ.

મરણ સમયે શુભભાવ લાવવા પ્રયત્ન કરવો જોઈએ: જેમકે:-આ જગતમાં પૂર્વે કરેલાં પુણ્ય અને પાપ એ જ સુખ દુઃખનાં કારણો છેઃ સુખ દુઃખનું કારણ બીજું કોઈ નથી, એમ સમજી શુભ ભાવ લાવવો. પૂર્વે બાંધેલાં કર્મોનો ભોગવટો કર્યા સિવાય છુટકો જ નથી, એમ જાણીને શુભ ભાવ રાખવો. શુભ ભાવ વિના ચારિત્ર, શ્રુત, તપ, શીલ, દાન આદિ સર્વ ક્રિયાઓ આકાશ કુસુમની જેમ નિષ્ફલ છે, એમ સમજી શુભ ભાવ લાવવા પ્રયત્ન કરવો. નરકમાં નારકીપણે આ આત્માએ તીવ્ર કલેશોનો અનુભવ કર્યો છે, તે વખતે કોઈ પણ સહાય કરવા આવ્યું નથી, એમ સમજી શુભ ભાવ રાખવો.

(૯) અનશનનો સ્વીકાર.

અંત સમયે ચારે પ્રકારનાં આહારનો ત્યાગ કરવો અને વિચારવું જોઈએ કે ' આ જીવે આજ સુધી મેરુપર્વતના સમૂહથી પણ અધિક આહાર ખાધો છતાં તૃપ્તિ થઈ નથી. માટે ચતુર્વિધ આહારનો સ્વેચ્છાએ ત્યાગ કરવો એ જ હિતકર છે' દેવ મનુષ્ય, તિર્યંચ અને નરક, એ ચારે ગતિઓમાં આહાર સુલભ છે, પણ એની વિરતિ અત્યંત દુર્લભ છે, એમ સમજી ચારે આહારનો ત્યાગ કરવો.

આહારનો સકામપણે ત્યાગ કરવાથી દેવોના આધિપ-

ત્યવાળું ઈન્દ્રપણું પણ સ્વાધીન થાય છે અને અત્યંત દૂર એવા મોક્ષનું સુખ પણ નિકટ આવે છે, માટે અંત સમયે ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવો.

(૧૦) શ્રી નમસ્કાર મહામંત્ર.

અન્તિમ આરાધના માટે છેલ્લું અને દશમું કૃત્ય શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ છે તે મંત્રને અંત સમયે અવશ્ય સ્મરવો જોઈએ. પાપપરાયણ જીવને પણ અંત સમયે તે પ્રાપ્ત થઈ જાય, તો તેની ગતિને પણ સુધારી નાંખે છે: દેવપણું અગર ઉત્તમ કોટિનું મનુષ્યપણું પ્રાપ્ત કરાવે છે. સ્ત્રીઓ મળવી સુલભ છે, રાજ્ય મળવું સુલભ છે, દેવપણું મળવું સુલભ છે, પણ શ્રી નમસ્કાર મહામંત્રની પ્રાપ્તિ થવી દુર્લભ છે. એક ભવમાંથી બીજા ભવમાં જતી વખતે શ્રી નવકાર મંત્રની સહાયથી પ્રાણીઓ મનોવાંછિત સુખોને પામે છે. નવકારનો મહિમા બતાવતા મહાપુરૂષો ફરમાવે છે કે-ગારૂડિક મંત્ર જેમ વિષનો નાશ કરે છે, તેમ શ્રી નવકાર મંત્ર સમસ્ત પાપરૂપી વિષનો નાશ કરે છે. શ્રુત કેવળી પણ મરણ સમયે સર્વશ્રતને છોડીને માત્ર એક નવકારનું જ સ્મરણ કરે છે ત્રણ લોકમાં નવકારથી સારભૂત અન્ય કોઈ મંત્ર છે નહિ, તેટલા માટે તેને પ્રતિદિન પરમભક્તિથી ગણવો જોઇએ. આ નવકાર જો જન્મતી વખતે ગણવામાં આવે તો જન્મ પામ્યા બાદ બહુ ઋદ્ધિને આપનારો થાય છે અને મૃત્યુ વખતે ગણવામાં આવે તો મરણ બાદ સુગતિને આપનારો થાય છે, આપત્તિ વખતે ગણવામાં આવે તો સેંકડો આપત્તિઓનું ઉલ્લંઘન થાય છે અને ઋદ્ધિની વખતે ગણવામાં આવે તો તે ઋદ્ધિ વિસ્તારને પામે છે. જેઓના હૃદયરૂપી ગુફામાં નવકારરૂપી

કેશરી કિશોર સિંહ નિરંતર રહેલો છે, તેઓને અનિષ્ટ એવા દુર્ઘટ વિધિની ઘટનાઓ નડતી નથી. અંતકાળે જેણે આ નવકારને ભાવપૂર્વક યાદ કર્યો છે તેણે સકલ સુખને આમંત્રણ કર્યું છે અને સકળ દુઃખને હંમેશને માટે તિલાંજલિ આપી છે. મરણ સમયે નવકારને યાદ ન કરી શકાય તો ધર્મબન્ધુની પાસેથી તેનું શ્રવણ કરવું અને વિચારવું કે અહો! હું સર્વાંગે અમૃતથી સિંચાયો છું અને આનંદમય થયો છું કે જેથી કોઈ પુણ્યશાળી બંધુએ પરમપુણ્યનું કારણ, પરમકલ્યાણને કરનાર, પરમમંગળમય આ નવકાર મને સંભળાવ્યો. અંત વખતે આ નવકારના શ્રવણથી આજ મારો પ્રશમ, દેવગુરૂની આજ્ઞાનું પાલન, નિયમ, તપ અને જન્મ બધું સફળ થયું. અહો! મને દુર્લભ વસ્તુનો લાભ થયો, પ્રિયનો સમાગમ થયો, તત્ત્વનો પ્રકાશ થયો, હાથમાં સારભૂત વસ્તુ આવી ગઈ, આજે મારા કષ્ટો નાશ પામ્યાં, પાપ પલાયન કરી ગયું અને હું ભવસમુદ્રનો પાર પામ્યો કે જેથી આ નવકારનું મને શ્રવણ થયું. સુવર્ણને અગ્નિનો તાપ જેમ શુદ્ધિ માટે થાય છે તેમ મારી વિપત્તિ પણ મને સારા માટે થઈ ગઈ અને મહામૂલ્યવાન આ નવકારનું તેજ આજે મને મલ્યું: આ રીતે શમરસના ઉલ્લાસપૂર્વક નવકારનું શ્રવણ કરનારા કિલષ્ટ કર્મોને હણી સદ્ગતિનું ભાજન થાય છે.

મોક્ષાધિકારી.

દર્શન જ્ઞાન અને ચારિત્રરૂપ રત્નત્રયને પામ્યા સિવાય કોઈપણ મોક્ષ પામી શકતું નથી. અંશથી સમ્યગ્ રત્નત્રયીનું અહીં વર્ણન પુરૂં થયું.

અહીં સુધી ભેદનયથી રત્નત્રયીનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. હવે પછીના પ્રકરણમાં પ્રથમ અભેદનયથી રત્નત્રયીનું સ્વરૂપ બતાવવા પૂર્વક આત્મજ્ઞાનનું પ્રાધાન્ય બતાવી આત્મજ્ઞાનની પ્રાપ્તિનાં ક્રમિક સાધનોનું સંકલનાબદ્ધ વર્ણન કરવામાં આવશે અને તે મુજબ આત્મજ્ઞાનની પ્રાપ્તિના વાસ્તવિક ઉપાયોના પુનઃ પુનઃ અભ્યાસના બળથી આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અને પરિણામે રત્નત્રયીના માર્ગમાં સર્વથા આગળ વધી અંતે સર્વ કર્મનો ક્ષય કરી આત્મા પરમાનંદ સ્વરૂપ મોક્ષનો અધિકારી થાય છે.

એકવીશ ગુણોના નામો

૧ અક્ષુદ્ર.	૧૨ ગુણરાગી.
૨ પ્રશસ્ત રૂપવાળો.	૧૩ સારી કથા કરનાવાળો.
૩ શાન્ત પ્રકૃતિવાન.	૧૪ સારા કુટુંબના પક્ષવાળો.
૪ લોકપ્રિય.	૧૫ દીર્ઘદર્શી.
૫ અક્રૂર.	૧૬ વિશેષ જાણનાર.
૬ પાપભીરૂ.	૧૭ વૃદ્ધને અનુસરનાર.
૭ અશઠ.	૧૮ વિનયવંત.
૮ દાક્ષિણ્યતાવાન.	૧૯ કૃતજ્ઞ.
૯ લજ્જાળુ	૨૦ પરહિતકારી.
૧૦ દયાળુ.	૨૧ લબ્ધલક્ષ.
૧૧ મધ્યસ્થ અને સૌમ્યદૃષ્ટિ	

પ્રકરણ ૮ મું

આત્મજ્ઞાનનાં સાધન

[યોગશાસ્ત્રના ચોથા પ્રકાશના આધારે]

નિશ્ચયથી રત્નત્રયીનું સ્વરૂપ-સંયમીનો આત્મા જ દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ છે, કારણ કે તે દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ આત્મા જ શરીરમાં વસે છે. મોહનો ત્યાગ કરીને જે આત્મા, આત્મામાં આત્મ વડે આત્મને જાણે છે, તેજ તેનું ચારિત્ર, તેજ તેનું જ્ઞાન અને તેજ તેનું દર્શન છે. આત્માના અજ્ઞાનથી ઉત્પન્ન થતું દુઃખ આત્મ જ્ઞાનથી નાશ પામે છે, આત્મજ્ઞાન વિનાના માણસો તપથી પણ તે દુઃખ દૂર કરી શકતા નથી. બધું દુઃખ આત્માના અજ્ઞાનના કારણે થયેલું છે, અને તે તેના પ્રતિપક્ષરૂપ આત્મજ્ઞાનથી નાશ પામે છે, માટે આત્મજ્ઞાન મેળવવા પ્રયત્ન કરવો યોગ્ય છે. આ આત્મા ચૈતન્ય સ્વરૂપ છે અને તે કર્મના સંયોગથી શરીરધારી થાય છે, તે જ આત્મ જ્યારે ધ્યાનરૂપ અગ્નિથી કર્મોને બાળી નાખે છે, ત્યારે તે નિરંજન-અશરીરી સિદ્ધ થાય છે. ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયો અને ઈન્દ્રિયો વડે જીતાયેલો આત્મા જ સંસાર છે અને કષાયો અને ઈન્દ્રિયોને જીતનારો આત્મા જ મોક્ષ છે.

સ્વરૂપના લાભ સિવાય બીજો મોક્ષ નથી, આત્મા આનંદ સ્વરૂપ છે, માટે આત્મજ્ઞાનનો જ આશ્રય કરવો.

કષાયોનું સ્વરૂપ. શરીરધારી આત્માને ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયો હોય છે, અને તે પ્રત્યેકના સંજ્વલનાદિ ભેદોવડે ચાર-ચાર પ્રકાર છે. તૃણના અગ્નિની માફક સળગી ઉઠે અને તત્કાળ શાન્ત થાય તેવો સંજ્વલન કષાય છે, તે એક પખવાડિયા સુધી રહે છે, તે સંપૂર્ણ વિરતિને રોકતો નથી પણ તેને અમુક અંશે મલિન કરે છે. પ્રત્યાખ્યાનાવરણીય કષાય ચાર માસ સુધી ટકે છે. તે અંશે વિરતિ થવા દે છે, અપ્રત્યાખ્યાનાવરણીય કષાયની સ્થિતિ એક વર્ષ સુધી હોય છે, અને તે દેશવિરતિનો પણ પ્રતિબન્ધ કરે છે. અનન્તાનુબંધી કષાય જીવન પર્યન્ત રહે છે, અને આત્માને અનન્ત ભવભ્રમણ કરાવે છે. તે સંજ્વલન આદિ કષાયો અનુક્રમે વીતરાગપણું, સાધુપણું, શ્રાવકપણું અને સમ્યગ્દષ્ટિપણું રોકે તથા દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ અને નરકગતિ પ્રાપ્ત કરાવે છે.

ક્રોધના દોષો. ક્રોધ, શરીર અને મનને સંતાપ કરનાર છે, વેરનું કારણ છે, દુર્ગતિનો માર્ગ છે તથા શમરૂપ સુખને રોકનાર અર્ગલા છે, વળી અગ્નિની પેઠે ઉત્પન્ન થતાંજ પ્રથમ તો તે પોતાના આશ્રિતનેજ બાળે છે અને પછીથી તે બીજાને બાળે છે, અથવા નથી પણ બળતો. અર્થાત્ સામો માણસ જો સમભાવથી ભાવિત હોય તો તેના ઉપર ક્રોધની અસર નથી થતી. એટલે આવા મહા-

પુરૂષને નથી બાળતો એમ કહ્યું. પણ ઘણા ભાગે તો ક્રોધની અસર બીજા ઉપર થાય છે. કારણ કે સમભાવથી ભાવિત આત્મા તો કોઈક વીરલ જ હોય છે.

ક્રોધને જીતવાના ઉપાયો. ક્રોધ રૂપી અગ્નિને જલ્દી શાન્ત કરવા માટે સંયમ રૂપ બગીચાને પલ્લવિત કરનાર પાણીની નીક સમાન ક્ષમાનો આશ્રય કરવો જોઈએ. મનુષ્યો સત્ત્વ ગુણને લીધે અથવા ભાવનાના બળથી ક્રોધને રોકી શકે છે.તેની ભાવના આ પ્રમાણે કરવી. જે મનુષ્ય પાપનો બંધ કરીને મને નુકશાન કરવા ઈચ્છે છે, તે ખરેખર પોતાના કર્મથીજ હણાયેલો છે, તો તેના ઉપર કયો વિવેકી પુરૂષ કોપ કરે ? વળી જો તું તારા અપકાર કરનારા ઉપર ગુસ્સે થાય છે, તો વધારે દુઃખના કારણભૂત તારા કર્મ ઉપર કેમ ગુસ્સે નથી થતો ? જે ક્રૂર કર્મની પ્રેરણાથી બીજો તારા ઉપર કોપ કરે છે, તે કર્મની ઉપેક્ષા કરી બીજા ઉપર ક્રોધ કરતાં, હું શા માટે શ્વાનવૃત્તિનો આશ્રય કરૂં ? કુતરો લાકડી મારનારને છોડી દઈ લાકડીને બચકું ભરે છે, જ્યારે સિંહ બાણને બચકું નહિ ભરતા તેને મારનારને પકડવાનો પ્રયત્ન કરે છે, [અજ્ઞાની મનુષ્ય પોતાનું નુકશાન કરવામાં નિમિત્ત થનારને નુકશાનમાં ઉતારવાનો પ્રયત્ન કરે છે. જ્યારે જ્ઞાની મનુષ્યો નિમિત્તનો દોષ નહિ કાઢતાં પોતાનાં અશુભ કર્મનો નાશ કરવા પ્રયત્ન કરે છે] શ્રી મહાવીર સ્વામી પરિષહો અને ઉપસર્ગો સહન કરવા માટે મ્લેચ્છ દેશમાં વિચર્યા, તો વગર યત્ને પ્રાપ્ત થયેલી ક્ષમાને ધારણ

કરવા તું કેમ ઇચ્છતો નથી ? ત્રણ લોકનો પ્રલય અને રક્ષણ કરવાને સમર્થ એવા મહાપુરૂષોએ પણ જો ક્ષમાનો આશ્રય કર્યો તો કેળના ગર્ભ જેવા તુચ્છ સત્ત્વવાળા તારે ક્ષમા ધારણ કરવી શું ઉચિત નથી ? તેં એવું પુણ્ય કેમ ન કર્યું કે જેથી તને કોઈ પીડા જ ન કરી શકે, તો અત્યારે તારી ભૂલનો પશ્ચાત્તાપ જાગૃત કરી તારે ક્ષમા સ્વીકારવીજ આવશ્યક છે. કોઈ તને મર્મવેધી વચનોથી પીડા કરે, તો વિચારવું કે જો એ સાચું છે તો મારે ગુસ્સે થવાની શી જરૂર છે ? જો એ ખોટું હોય તો તે ગાંડાનું વચન સમજી તેની ઉપેક્ષા કરવી યોગ્ય છે. જો કોઈ તારો વધ કરવા તયાર થાય તો, તારે વિસ્મય પામી હસવું કે મારો વધ તો મારા કર્મોથી જ થવાનો છે, તો આ બાપડો નકામો અભિમાનથી કર્મ બાંધે છે.

'સર્વ પુરુષાર્થનો ઘાત કરનાર ક્રોધ ઉપર તને ગુસ્સો થતો નથી. તો સ્વલ્પ અપરાધ કરનાર ઉપર ગુસ્સો કરનાર તને ધિક્કાર છે. સર્વ ઇન્દ્રિયોને થાક પમાડનાર અને ઉગ્ર દોડતા સાપના જેવા ક્રોધ ઉપર વિજય મેળવવા માટે બુદ્ધિમાન પુરુષે જાંગુલિ મંત્ર સમાન નિરવદ્ય ક્ષમાનો નિરંતર આશરો લેવો જોઈએ.

માનનાદોષો. માન નામનો કષાય ઘણો ભયંકર છે. તે વિનય, વિદ્યા, શીલ, તેમજ ધર્મ, અર્થ અને કામ એ ત્રણેય પુરૂષાર્થોનો ઘાતક છે, વળી તે વિવેકરૂપ ચક્ષુને ફોડી નાંખે છે. તેથી લોકોને આંધળા કરનારો છે, **જાતિ, લાભ કુલ ઐશ્વર્ય–પ્રભુત્વ, બળ, રૂપ, તપ, અને વિદ્યા,**

એ આઠ પ્રકારે મદ કરનાર માણુસ ફરીથી હીન પ્રકારનાં પ્રાપ્ત કરે છે. દોષરૂપી શાખાઓને ઉંચે ફેલાવનાર તથા ગુણરૂપી મૂળને નીચે લઈ જનાર માન રૂપી વૃક્ષને નમ્રતા રૂપી નદીના પ્રવાહવડે જડમૂળથી ઉખેડી નાંખવું જોઈએ.

માયાના દોષો. માયા, અસત્યની જનની છે, શીલ-રૂપી વૃક્ષને છેદવામાં કુહાડી રૂપ છે, અવિદ્યા—અજ્ઞાનની જન્મભૂમિ છે અને દુર્ગતિનું કારણ છે, કુટિલતામાં કુશળ, પાપકર્મ કરનારા માયા વડે બગલા જેવી વૃત્તિવાળા, જગ-તને છેતરનારા માણસો ખરેખર પોતાની જાતને જ છેતરે છે, તેથી જગતનો દ્રોહ કરનારી, માયારૂપી નાગિણીને જગત જીવોને આનંદના કંદરૂપ સરળતારૂપી ઔષધિથી જીતવા.

લોભના દોષો. લોભ,બધા દોષોની ખાણ છે, ગુણોનો કોળીયો કરી જનાર રાક્ષસ છે. દુઃખરૂપી વેલના મૂળરૂપ છે, તથા ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ ચારે પુરુષાર્થોનો નાશ કરનાર છે. તદ્દન ગરીબ માણુસ સો રૂપિયાની ઇચ્છા રાખે છે, સોવાળો હજારની, હજારવાળો લાખની, લક્ષાધિપતિ કરોડની, કરોડાધિપતિ રાજ્યની, રાજા ચક્રવર્તિપણાની, ચક્રવર્તિ દેવ-પણાની અને દેવ ઈન્દ્રપણાની ઈચ્છા કરે છે, અને ઈન્દ્રપણું મલ્યા પછી પણ ઈચ્છાની નિવૃત્તિ તો થતી જ નથી, કારણ કે લોભએ શરૂઆતમાં બહુ થોડો દેખાય છે,પણ શકોરાની માફક એકદમ વધતો જાય છે. લોભરૂપી અતિ ઉછળતા સમુદ્રને બુદ્ધિમાન પુરુષે સંતોષરૂપી સેતુ-પુલ બાંધીને આગળ વધતો અટકાવવો જોઇએ.

ચાર કષાયોને જીતવાના ઉપાયો. ક્ષમાથી ક્રોધને, નમ્રતાથી માનને, સરલતાથી માયાને અને સંતોષથ લોભને જીતવો જોઈએ

ઇન્દ્રિય જય. ઇન્દ્રિયોને જીત્યા સિવાય મનુષ્ય કષાયો ઉપર વિજય મેળવવા સમર્થ થતો નથી, કેમકે શીયાળાની ઠંડી, પ્રજ્વલિત અગ્નિ વિના દૂર કરી શકાતી નથી. અનિયંત્રિત, ચંચળ અને ઉન્માર્ગગામી ઇન્દ્રિયરૂપી ઘોડાઓ પ્રાણીને ખેંચીને નરકરૂપી અરણ્યમાં જલ્દી લઈ જાય છે. જે પ્રાણી ઇન્દ્રિયોથી જીતાયેલો છે, તે કષાયોથી જલ્દી પરાભવ પામે છે. બળવાન પુરૂષોએ પહેલાં જેની એક ઇંટ ખેંચી કાઢી છે, તેવા કિલ્લાને પાછળથી કોણ તોડી પાડતું નથી ? નહિં જીતાયેલી ઇન્દ્રિયો માણસોના કુળનો નાશ, અધઃપાત, બન્ધ અને વધના કારણરૂપ થાય છે.

હાથણીના **સ્પર્શ સુખના આસ્વાદથી સૂંઢ** લાંબી કરનાર હાથી તરત જ આલાન સ્તંભ સાથે બંધનના કલેશને પામે છે. અગાધ પાણીમાં ફરનાર ગરીબ માછલું લોઢાના સળીયામાં રહેલું માંસ ખાતાં, **સ્વાદમાં લુબ્ધ થતાં નિશ્ચય** પારધીના હાથમાં પડે છે. **ગંધનો લોલુપી** ભમરો મદોન્મત્ત હાથીના કપોલ પર બેસતાં કર્ણતાલના આઘાતથી મરણ પામે છે. સુવર્ણના છેદ જેવી શિખાના **પ્રકાશમાં મોહ પામેલો પતંગિઓ** મૂર્ખાઈથી દીવામાં પડતાં મૃત્યુ પામે છે. **મનોહર ગીત સાંભળવામાં ઉત્સુક થયેલું હરણ** પારધીના કાન સુધી ખેંચાયેલા બાણથી વિંધાય છે, એ રીતે

એક એક વિષયનું સેવન પણ મૃત્યુ માટે થાય છે, તો એકી સાથે પાંચેનું સેવન કેમ મૃત્યુ માટે ન થાય?

ઇંદ્રિયોની સર્વથા અપ્રવૃત્તિ તે ઇંદ્રિયોનો જય નથી, પણ વિષયોમાં રાગદ્વેષ ન કરવો તે ઈન્દ્રિયોનો જય છે. આંખ આદિની સમીપમાં રહેલા રૂપ આદિનો ઇાન્દ્રયોની સાથે સંબંધ જ ન થાય એમ બનવું અશકય છે, પરંતુ રૂપ રસાદિમાં થતા રાગદ્વેષને તો જરૂર નિવારી શકાય છે. સંયમી પુરુષોની ઈન્દ્રિયો હણાયેલી અને ન હણાયેલી છે. પ્રશસ્ત અને હિતકારી વિષયોમાં તેઓની ઈન્દ્રિયો હણાયેલી નથી, પણ અહિત વિષયોમાં હણાયેલી છે. વિષયોમાં પ્રિયપણું કે અપ્રિયપણું વાસ્તવિક રીતે નથી. એક જ વિષય અમુક હેતુથી પ્રિય થાય છે, અને અમુક હેતુથી અપ્રિય થાય છે; માટે વિષયોનું પ્રિયપણું અને અપ્રિયપણું ઔપાધિક સમજી બુદ્ધિમાન પુરૂષે મનની વિશુદ્ધિ વડે ઇન્દ્રિયો ઉપર વિજય મેળવવો, કારણ કે મનની શુદ્ધિ વિના મનુષ્યોને યમ-નિયમો વડે નકામો કાયકલેશ થાય છે.

મનઃ શુદ્ધિ. ગમે તે વિષયમાં નિર્ભયપણે ભ્રમણ કરતો નિરંકુશ મનરૂપી રાક્ષસ ત્રણ જગતને સંસારરૂપી ચક્રરાવામાં પાડે છે. મુકિત પામવાની ઈચ્છાથી તપ તપતા મનુષ્યોને ચંચળ ચિત્ત વંટોળિયાની પેઠે બીજે કયાંય ફેંકી દે છે. મનનો નિરોધ કર્યા વિના જે માણસ હું યોગી છું, એવું અભિમાન રાખે છે, તે પગે ચાલીને બીજે ગામ જવા ઈચ્છતા પાંગળા માણસની પેઠે હાસ્યાપાત્ર બને છે. મનનો

નિરોધ થતાં જ જ્ઞાનવરણીયાદિ અતિ પ્રબળ કર્મોનો પણ સર્વથા નિરોધ થઈ જાય છે, જેનું મન નિરોધ પામ્યું નથી તેનાં કર્મો ઉલટાં વધી જાય છે, માટે મુક્તિને ઇચ્છનારાઓએ સર્વ જગતમાં ભટકતા આ મનરૂપી વાંદરાને પ્રયત્નપૂર્વક વશ કરવો જોઇએઃ જ્ઞાની પુરૂષોએ એકલી મનની શુદ્ધિને જ મોક્ષમાર્ગ બતાવનારી કદી ન ઓલવાય એવી દીવી કહેલી છે. જો મનની શુદ્ધિ હોય તો અવિદ્યમાન ગુણો પણ અસ્તિત્વમાં આવે છે. પરંતુ જો મનની શુદ્ધિ ન હોય તો વિદ્યમાન ગુણોનો પણ અભાવ થાય છે માટે બુદ્ધિમાન પુરુષે મનશુદ્ધિ જ કરવી, જે લોકો મનની શુદ્ધિ કર્યા વિના મુક્તિ માટે તપ તપે છે, તે લોકો નાવને છોડીને બે હાથવડે મોટા સમુદ્રને તરવાની ઇચ્છા રાખે છે જેમ આંખો વિનાનાને દર્પણ નકામું છે, તેમ થોડી પણ મનની શુદ્ધિ વિનાના તપસ્વીને ધ્યાન નકામું છે, માટે સિદ્ધિની ઇચ્છાવાળાએ મનની શુદ્ધિ અવશ્ય કરવી જોઈએ.

રાગદ્વેષ જય. મનની શુદ્ધિ કરવા માટે રાગ–દ્વેષનો જય કરવો, રાગદ્વેષ જીતવાથી આત્મા મલિનતા દૂર કરીને પોતાના શુદ્ધ સ્વરૂપમાં સ્થિર થાય છે. આત્મામાં લીન કરવા પ્રયત્ન કરતા યોગીઓના મનને પણ રાગ–દ્વેષ અને મોહ ચડી આવીને પરાધીન બનાવે છે. ગમે એટલું રક્ષણ કરવામાં આવે છતાં પિશાચના જેવા રાગાદિ થોડું પણ પ્રમાદ રૂપ બહાનું મળતાં મનને વારંવાર છેતરે છે. જેમ આંધળો માણસ આંધળા માણસને ખાડામાં નાંખે છે,

તેમ રાગાદિ અંધકારથી વિવેકજ્ઞાન રહિત થયેલું મન માણુસને ખેંચીને નરકરૂપી ખાડામાં નાંખે છે, માટે નિર્વાણુ પદની ઈચ્છાવાળા પુરુષોએ પ્રમાદનો ત્યાગ કરી સમભાવ વડે રાગ–દ્વેષના હેતુઓમાં મધ્યસ્થ પરિણામ વડે રાગ–દ્વેષરૂપી શત્રુને જીતવા જોઈએ.

સમતા. અતિ આનંદજનક સમતારૂપી પાણીમાં ડૂબકી મારનાર પુરુષનો રાગદ્વેષરૂપી મેલ તત્કાળ નાશ પામે છે. માણસ જે કર્મને કોટિ જન્મની કઠિન તપશ્ચર્યાથી પણ નાશ ન કરી શકે, તે કર્મને સમભાવનો આશ્રય લઈ ને એક અર્ધા ક્ષણમાં નાશ કરે છે. જેને આત્મસ્વરૂપનો નિશ્ચય થયો છે, આવા સાધુ સામાયિકરૂપી સળી પડે પરસ્પર મળેલા જીવ અને કર્મને જુદા કરે છે, આત્મજ્ઞાનનો અભ્યાસ કરતાં તથાવિધ આવરણો દૂર થવાથી પુનઃ પુનઃ સ્વસંવેદનથી આત્મનો દૃઢ નિશ્ચય થાય છે, અને તેથી આત્મા સ્વરૂપનું આવરણ કરનારા અને આત્મ સ્વરૂપથી ભિન્ન એવા કર્મોને પરમ સામાયિકના બળથી નિર્જરે છે. સામાયિક રૂપી સૂર્યથી રાગાદિ અંધકારનો નાશ થતાં યોગીઓ પોતાના આત્મામાં પરમાત્માનું સ્વરૂપ દેખે છે, **બધા આત્માઓ તત્ત્વદૃષ્ટિથી પરમાત્માજ છે, કેવળ રાગ–દ્વેષાદિથી મલિન થયેલા હોવાથી પરમાત્મસ્વરૂપની અભિવ્યક્તિ થતી નથી,** પરંતુ સમભાવ રૂપ સૂર્યના પ્રકાશથી રાગાદિ અંધકારનો નાશ થતાં આત્માને વિશેજ પરમાત્મ સ્વરૂપ પ્રગટ થાય છે, પોતાના સ્વરૂપની પ્રાપ્તિ માટે સમત્વનું સેવન કરનાર

સાધુના પ્રભાવથી નિત્ય વેરવૃત્તિવાળાં પ્રાણીઓ પણ પરસ્પર સ્નેહભાવ ધારણ કરે છે.

પ્રિય અને અપ્રિય એવા ચેતન અને અચેતન પદાર્થમાં જેનું મન મોહ પામતું નથી તે સમભાવને પ્રાપ્ત થયેલો છે. કોઈ પોતાના હાથવતી ગોશીર્ષ ચંદનનું વિલેપન કરે કે વાંસલાથી કાપે તો પણ બન્નેમાં સમાનવૃત્તિ હોય, ત્યારે સર્વોત્તમ સમભાવ હોય છે. કોઈ પ્રસન્ન થઈને સ્તુતિ કરે કે ગુસ્સે થઈને ગાળો દે તો પણ જેનું ચિત્ત તે બન્નેમાં સરખું છે, તે સમભાવમાં મગ્ન છે. પ્રયત્નથી કરેલા અને કલેશજનક રાગાદિની ઉપાસના શા માટે કરવી ? પરન્તુ વગર પ્રયત્ને મળી શકે એવા સુખ આપનારા મનોહર સમભાવનો આશ્રય કરવો યોગ્ય છે. ખાવા યોગ્ય, ચાટવા યોગ્ય, ચૂસવા યોગ્ય, અને પીવા યોગ્ય પદાર્થોની વિમુખ ચિત્તવાળા યોગીઓ પણ સમભાવ રૂપ અમૃત વારંવાર પીવે છે. આમાં કંઈ ગુપ્ત નથી, તેમ કોઈ ગુરૂનું રહસ્ય નથી પરન્તુ અજ્ઞ અને બુદ્ધિમાનોને માટે એક જ ભવવ્યાધિને શમન કરનારૂં સમભાવ રૂપ ઔષધ છે. **જેનાથી પાપીઓ પણ ક્ષણમાત્રમાં શાશ્વતપદ પામે છે તે આ સમતાનો પરમ પ્રભાવ છે.** જે સમભાવ પ્રાપ્ત થતાં રત્નત્રય સફળ થાય છે અને જેના વિના નિષ્ફળતા પામે છે, તે મહાપ્રભાવ યુક્ત સમભાવને નમસ્કાર કરૂં છું. આચાર્ય શ્રી ફરમાવે છે કે, હું સર્વ શાસ્ત્રના રહસ્યને જાણી પોકાર કરીને કહું છું કે, આલોક અને પર–લોકમાં સમભાવથી

બીજી કોઈ સુખની ખાણ નથી. જ્યારે ઉપસર્ગો આવી પડે છે અને મૃત્યુ સામે ઉભું હોય છે ત્યારે તે કાલને ઉચિત સમભાવથી બીજું કંઈ પણ ઉપયોગી નથી. રાગદ્વેષાદિ શત્રુઓનો નાશ કરનાર સમભાવ રૂપ સામ્રાજ્યની લક્ષ્મી ભોગવીને પ્રાણીઓ શુભગતિને પ્રાપ્ત થાય છે તેથી જો આ મનુષ્યજન્મ સફળ કરવો હોય તો અમર્યાદ સુખથી પૂર્ણ સમભાવને પ્રાપ્ત કરવા જરા પણ પ્રમાદ ન કરવો.

ભાવનાઓ.

સમભાવની પ્રાપ્તિ નિર્મમત્વ પ્રાપ્ત થવાથી જ થાય છે અને નિર્મમત્વ પ્રાપ્ત થવા માટે અનિત્યત્વાદિ બાર ભાવનાઓનું અવલંબન કરવું આવશ્યક છે.

અનિત્ય ભાવના, અશરણ ભાવના, સંસાર ભાવના, એકત્વભાવના, અન્યત્વ ભાવના, અશુચિત્વ ભાવના, આશ્રવ ભાવના, સંવર ભાવના, નિર્જરા ભાવના, ધર્મ સ્વાખ્યાત ભાવના, લોકભાવના અને બોધિદુર્લભ ભાવના એ બાર ભાવનાઓ છે. તેનું સંક્ષિપ્ત સ્વરૂપ નીચે પ્રમાણે છે.

૧. **અનિત્ય ભાવના.** આ જગતમાં જે સવારે હોય છે તે બપોરે દેખાતું નથી, અને જે બપોરે હોય છે તે રાત્રે દેખાતું નથી, આ પ્રમાણે પદાર્થની અનિત્યતા સર્વત્ર દેખાય છે. બધા પુરુષાર્થના કારણભૂત પ્રાણીઓના શરીર પ્રચંડ પવનથી વિખરાઈ ગએલા વાદળાં જેવા વિનાશશીલ છે, લક્ષ્મી સમુદ્રના મોજાંની જેવી ચંચળ છે, ધન-કુટું-

આદિના સંજોગો સ્વપ્ન જેવા છે અને યૌવન વંટોળિયાના સંબંધથી ઉડેલા રૂ જેવું છે, આ પ્રમાણે તૃષ્ણારૂપી કાળી નાગણીને વશ કરનાર મંત્રસમાન નિર્મમત્વની પ્રાપ્તિ માટે જગત્‌ના અનિત્ય સ્વરૂપનો સ્થિરચિત્ત વારંવાર વિચાર કરવો.

૨. અશરણ ભાવના. ઈન્દ્રો-ઉપેન્દ્રો વગેરે પણ જે મૃત્યુને આધીન થયા, તે મરણના ભયથી પ્રાણીને કોણ શરણ આપી શકે એમ છે? પિતા, માતા, બ્હેન, ભાઈ અને પુત્રો જોઈ રહે છે અને અસહાય જીવને કર્મો યમને ઘેર લઈ જાય છે. મૂઢ બુદ્ધિવાળા લોકો પોતાના કર્મોએ મૃત્યુ પામતા સ્વજનોનો શોક કરે છે, પણ સ્વકર્મ વડે મૃત્યુ પામનાર પોતાના આત્માનો શોક કરતા નથી. પોતાની નજીક રહેલા મૃત્યુનો શોક નહિ કરતાં દૂર સ્વજનાદિકના મૃત્યુનો શોક કરવો, તે બુદ્ધિની મૂઢતાજ છે. દાવાગ્નિની ભભકતી જ્વાલાથી વિકરાળ દેખાતા વનમાં જેમ મૃગના બચ્ચાનું કોઈ શરણ નથી, તેમ દુઃખરૂપી દાવાગ્નિની બળતી જ્વાળાથી ભયંકર આ સંસારમાં પ્રાણીનું કોઈ શરણ નથી.

૩. સંસાર ભાવના. આ સંસાર રુપી રંગભૂમિ ઉપર પ્રાણી નટની પેઠે કોઈ જન્મમાં વેદજ્ઞ શ્રોત્રિય થાય છે, તો કોઈ જન્મમાં ચંડાળ થાય છે, કોઈવાર શેઠ થાય છે, તો કોઈવાર નોકર થાય છે, કોઈવાર પ્રજાપતિ થાય છે, તો કોઈવાર ક્ષુદ્રકીડા થાય છે, એમ વિવિધ પ્રકારે સંસારી જીવ ચેષ્ટા કરે છે. સંસારી જીવ કર્મના સંબંધથી ભાડાની કોટડીની જેમ કઈ યોનિમાં નથી જતો અને કઈ યોનિ-

માંથી નથી નીકળતો ? સમસ્ત લોકાકાશમાં વાળના અગ્ર-ભાગ જેટલું પણ કોઈ સ્થાન નથી, કે જ્યાં જીવ પોતાના કર્મથી એકેન્દ્રિયાદિ વિવિધ રૂપો ધારણ કરવા વડે ઉત્પન્ન ન થયો હોય.

૪. **એકત્વ ભાવના.** જીવ એકલો જ ઉત્પન્ન થાય છે અને એકલો જ મરણ પામે છે, તથા ભવાન્તરમાં કરેલાં કર્મો એકલો જ ભોગવે છે. તેણે ભેગું કરેલું દ્રવ્ય બીજા જ ભેગા મળીને ભોગવે છે, પરંતુ તે પોતે તો નરકમાં પોતાના કર્મોનાં ફળ ભોગવવા વડે કલેશ પામે છે. પ્રાણી એકલો જ શુભા-શુભ કર્મ કરીને સંસારમાં ભમે છે, અને તેને યોગ્ય શુભા-શુભનું ફળ પણ એકલો જ ભોગવે છે. તથા સર્વ સંબધોનો ત્યાગ કરીને એકલો જ મોક્ષ લક્ષ્મીનો ઉપભોગ કરે છે, ત્યાં બીજા કોઈનો સંભવ નથી.

૫. **અન્યત્વ ભાવના.** જ્યાં આત્માથી શરીરની વિલક્ષણતા હોવાથી અન્યપણું છે, ત્યાં ધન, બન્ધુ અને સહાયકનું આત્માથી અન્યત્વ હોય અર્થાત્ એ બધા આત્માથી જુદા છે એમ કહેવું મુશ્કેલ નથી. જે માણસ શરીર, ધન આદિથી પોતાના આત્માને ભિન્ન જુએ છે, તે માણસને શોકરૂપ શલ્ય ક્યાંથી દુઃખ આપે ? આત્માથી દેહાદિ પદાર્થોનો અન્યત્વ રૂપ ભેદ સ્પષ્ટ પ્રતીત થાય છે. દેહાદિ પદાર્થો ઇન્દ્રિય ગ્રાહ્ય છે અને આત્મા અનુભવ ગોચર છે. જો આત્મા અને દેહાદિ પદાર્થોનું અન્યપણું છે તો શરીરને પ્રહારાદિ થતાં દુઃખ કેમ થાય છે? એ શંકા

કરવા યોગ્ય નથી કારણ કે જેઓને શરીરાદિમાં ભેદ બુદ્ધિ નથી, તેઓના દેહને પ્રહારાદિ થતાં આત્માને પીડા થાય છે, પરંતુ જેઓને દેહઆત્માનું ભેદજ્ઞાન થયું છે, તેઓના દેહને પ્રહારાદિ થતાં આત્માને પીડા થતી નથી. નમિરાજર્ષિને આત્મા અને ધનનું ભેદજ્ઞાન થયું હતું, તેથી મિથિલા નગરી બળતી સાંભળીને તેને થયું કે મારૂં કાંઈ બળતું નથી. જે માણસને ભેદજ્ઞાન થયું છે, તેને ગમે તે પ્રિય વસ્તુના વિયોગનું દુઃખ આવી પડતાં લેશમાત્ર પણ દુઃખ થતું નથી અને જેને ભેદજ્ઞાન નથી તે તો નજીવા નજીવા દુઃખથી પણ મોહ પામે છે–દુઃખી બની જાય છે.

૬ **અશુચિ ભાવના.** રસ, લોહી, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, વીર્ય, આંતરડાં, વિષ્ટા વિગેરે અપવિત્ર વસ્તુઓના સ્થાનરૂપ આ શરીર છે. તેથી તેમાં પવિત્રતા કયાંથી હોય? આંખ, કાન, નાક, મુખ, અધોદ્વાર અને જનનેન્દ્રિયરૂપી નવ દ્વારમાંથી વહેતા દુર્ગન્ધી રસના સતત આવવાથી મલિન રહેતા શરીરમાં પવિત્રપણાનું અભિમાન કરવું, એ મહામોહનું લક્ષણ છે. કામવાસના ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે આ અશુચિ ભાવના ઘણી જ ઉપયોગી છે.

૭ **આશ્રવ ભાવના.** મન, વચન અને કાયાની પ્રવૃત્તિરૂપ મનોયોગ, વચનયોગ અને કાયયોગથી શુભાશુભ કર્મ આત્મામાં આશ્રવે છે, (પ્રવેશ કરે છે) તેથી તે યોગોને આશ્રવ કહે છે.

મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ્ય રૂપી ભાવનાથી

વાસિત કરેલું ચિત્ત શુભ કર્મને પેદા કરે છે અને ક્રોધાદિ કષાયો તથા વિષયોથી વ્યાપ્ત થયેલું ચિત્ત અશુભ કર્મને પેદા કરે છે. સત્ય અને શ્રુતજ્ઞાનાનુસારી વચન શુભ કર્મના બંધનું કારણ થાય છે અને તેથી વિપરીત વચન અશુભ કર્મના બંધનું કારણ છે. અસત્ પ્રવૃત્તિરહિત શરીર વડે જીવ શુભ કર્મ સંચિત કરે છે અને સતત મહાઆરંભી અને હિંસક પ્રવૃત્તિવાળા શરીર વડે અશુભ કર્મ બાંધે છે. ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયો, કષાયના સહચારી હાસ્યાદિ નવ નોકષાયો, સ્પર્શ આદિ વિષયો, મન, વચન, કાયાની પ્રવૃત્તિરૂપ યોગો, અજ્ઞાન, સંશય, વિપર્યય, રાગ-દ્વેષ, સ્મૃતિભ્રંશ, ધર્મનો અનાદર અને યોગદુષ્પ્રણિધાન રૂપ આઠ પ્રકારનો પ્રમાદ, અવિરતિ-નિયમનો અભાવ, મિથ્યાત્વ, આર્તધ્યાન અને રૌદ્રધ્યાન, એ બધાં અશુભ કર્મના હેતુઓ છે.

અહીં ઉપર સંક્ષેપથી શુભાશુભ કર્મના હેતુઓ કહ્યાં હવે એ જ વાતને વધારે સ્પષ્ટ કરવા માટે વિસ્તારથી જણાવવામાં આવે છે.

જુદાં જુદાં કર્મોના આશ્રવો.

કર્મ પુદ્‌ગલો ગ્રહણ કરવાનો હેતુ તેને આશ્રવ કહે છે. તે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આ-સુષ્ય. નામ, ગોત્ર અને અંતરાયના ભેદથી આઠ પ્રકારનાં છે. કેવાં કારણો (હેતુઓ) મળવાથી કયાં કર્મો બંધાય છે તે અનુક્રમે બતાવવામાં આવે છે

જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય.

જ્ઞાન ભણનારને અથવા જ્ઞાનીને અંતરાય–અડચણ કરવી, જ્ઞાન આપનાર ગુરૂને ઓળવવા, જ્ઞાન આપનાર ગુરૂની ચાડી કરવી, તેમની આશાતના કરવી, તેમનો ઘાત કરવો અને જ્ઞાનવાન પ્રત્યે મત્સરભાવ–ઈર્ષ્યા–અદેખાઈ ધરાવવી તે સર્વે જ્ઞાનાવરણીય કર્મ બાંધવાનાં કારણો છે. તેજ પ્રમાણે દર્શનના સંબંધમાં પણ સમજવું. એટલે કે ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવલ આ ચારે પ્રકારના દર્શનની વિપરીત પ્રરૂપણા કરવી અથવા જેમને દર્શન પ્રાપ્ત થયું છે, તેમના પ્રત્યે તથા દર્શનની ઉત્પત્તિનાં કારણો પ્રત્યે પૂર્વે કહ્યા છે, તે પ્રમાણે અંતરાય આદિ કરવા તે દર્શનાવરણીય કર્મ બાંધવાનાં કારણો સમજવા.

શાતાવેદનીય. દેવપૂજા, ગુરૂનીસેવા, પાત્રદાન. દયા, ક્ષમા, સરાગ સંયમ, (દશમાં ગુણઠાણા પર્યન્ત સરાગ સંયમ હોય છે.) દેશવિરતિ, (શ્રાવકપણું) અકામ નિર્જરા, વ્રતાદિમાં અતિચાર ન લગાડવારૂપ અને આત્માને પવિત્ર રાખવારૂપ શૌચ, અને બાલતપ, આ સર્વ શાતા: વેદનીય કર્મનાં કારણો છે.

અશાતાવેદનીય. પોતાને, બીજાને અથવા ઉભયને દુઃખ, શોક, વધ, તાપ, આક્રંદ અને વિલાપ કે પશ્ચાત્તાપ ઉત્પન્ન કરવો કે કરાવવો તે અશાતાવેદનીય કર્મ બાંધવાનાં કારણો છે.

દર્શનમોહનીય. વીતરાગના, શાસ્ત્રના, સંઘના, ધર્મના અને સર્વદેવતાઓના અવર્ણવાદ બોલવા, તીવ્ર મિથ્યાત્વના પરિણામ કરવા, સર્વજ્ઞ, અને સિદ્ધ અને દેવોનો નિન્હવ કરવો, અર્થાત્ સર્વજ્ઞ, સિદ્ધ અને દેવ નથી એમ કહેવું અથવા તેમના ગુણાદિકને ઓળવવા અથવા સર્વજ્ઞ અને સિદ્ધમાં દેવપણું ન માનવું, તેમાં વિપરીત ભાવ બતાવવો તે બધું તેમનો નિહ્નવ કર્યો ગણાય. ધાર્મિક પુરૂષોને દૂષણ આપવું, ઉન્માર્ગે ચાલવાનો ઉપદેશ કરવો, વિપરીત અર્થ કરવાનો આગ્રહ રાખવો, જેઓ સાંસારિક આરંભ સમારંભમાં ખુંચેલા છે તેવા અસંયમીઓની પૂજા કરવી, સહસાત્કારે વિચાર કર્યા વિના કાર્ય કરવુ અને ગુરૂ વિગેરેની અવજ્ઞા, અપમાન, આશાતના કરવી, આ બધાં દર્શનમોહનીય કર્મ બાંધવાનાં કારણો છે.

ચારિત્રમોહનીય કષાયના ઉદયથી આત્માના તીવ્ર પરિણામો થવા તે ચારિત્રમોહનીય કર્મ બાંધવાનાં કારણો છે. જુદા જુદા મોહનીય કર્મના બંધ કારણો અહીં ક્રમવાર બતાવે છે.

હાસ્યમોહનીય. મશ્કરી કરવાની ટેવ, કંદર્પ ઉત્પન્ન થાય એવી ચેષ્ટાઓ, વિશેષ હસવાનો સ્વભાવ, બહુપ્રલાપપણું અને દીનતાભર્યા વચનો એ હાસ્યમોહનીય કર્મ બાંધવાનાં કારણો છે.

રતિમોહનીય. નિરર્થક અનેક સ્થળો વગેરે જોવાની ઉત્કંઠા, અનેક પ્રકારે રમવું તથા ખેલવું, અને બીજાના

ચિત્તનું આવર્જન કરવું. એ રતિમોહનિય કર્મ બાંધવાનાં કારણો છે.

અરતિમોહનીય. પારકાના ગુણોમાં દોષોનું આરોપણ કરવારૂપ અસૂયા, પાપ કરવાનો સ્વભાવ, બીજાના આનંદનો નાશ કરવો, ખરાબ કાર્યોમાં બીજાને ઉત્સાહિત કરવા એ અરતિ મોહનીય કર્મ બાંધવાનાં કારણો છે.

ભયમોહનીય. પોતામાં ભયના પરિણામ કરવા, બીજાને ભય પમાડવો, બીજાને ત્રાસ આપવો અને નિર્દયપણું ધરાવવું એ ભયમોહનીય કર્મબંધનનાં કારણો છે.

શોકમોહનીય. પોતે શોક ઉત્પન્ન કરી શોકકરવો, બીજાને શોક કરાવવો અને રૂદન કરવામાં અતિ આસક્તિ રાખવી એ શોક–મોહનીય કર્મ બંધનનાં કારણો છે.

જુગુપ્સા મોહનીય. ચતુર્વિધ સંઘના અવર્ણવાદ બોલવા, તેમના તરફ તિરસ્કાર બતાવવો, અને સદાચારની નિંદા કરવી એ જુગુપ્સા મોહનીય કર્મબંધનનાં કારણો છે.

સ્ત્રીવેદ. ઈર્ષ્યા, વિષયોમાં આસક્તિ, મૃષાવાદ, અતિવક્રતા અને પરસ્ત્રીલંપટતાએ સ્ત્રીવેદ બાંધવાનાં કારણો છે.

પુરુષવેદ. પોતાની સ્ત્રીમાં સંતોષ, ઈર્ષ્યા ન કરવાપણું, મંદ કષાય અને સરલતા યુક્ત મનવાળો શુભ આચાર એ પુરૂષવેદ બાંધવાના કારણો છે.

નપુંસકવેદ. સ્ત્રી પુરૂષ સંબંધી અનંગ સેવા, ઉગ્ર કષાય, તીવ્ર વિષયાભિલાષી, સતી સ્ત્રીના વ્રતનો ભંગ કરવો એ નપુંસકવેદ બાંધવાનાં કારણો છે.

સાધુ પુરૂષોની નિંદા કરવી, ધર્મ કરવા તત્પર થયેલાઓને વિઘ્ન કરવું, મધુ માંસ ભક્ષણ કરનારાઓ પાસે તેમના એ મધુ માંસ ભક્ષણ પ્રવૃત્તિની પ્રશંસા કરવી, વ્રતધારીઓને વારંવાર અંતરાય કરવો, તેમની પાસે સંસારી અવસ્થાના અવિરતિપણાના ગુણો કહેવા અને ચારિત્રને દુષિત કહેવું, શાન્ત થયેલા કષાય, નોકષાયની ઉદીરણા કરવી વિગેરે સામાન્યથી ચારિત્ર મોહનીય કર્મ બાંધવાનાં કારણો છે.

નરક આયુષ્ય. પંચેન્દ્રિય પ્રાણીનો વધ, ઘણો આરંભ, ઘણો પરિગ્રહ, નિર્દયતા, માંસનું ભોજન, લાંબોકાળ વેર રાખવું, રૌદ્રધ્યાન, મિથ્યાત્વ, અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ, પ્રથમની ત્રણ અશુભ લેશ્યા, અસત્ય ભાષણ, પારકું દ્રવ્ય હરણ કરવું, વારંવાર અનંગ સેવા, અને ઈન્દ્રિયોની પરાધીનતા વગેરે નરક આયુષ્ય બંધનાં કારણો છે.

તિર્યંચ આયુષ્ય. ઉન્માર્ગનો ઉપદેશ, (ખોટા માર્ગે ચાલવાનો ઉપદેશ) ધર્મ માર્ગનો નાશ, ચિત્તની મૂઢતા, આર્તધ્યાન, કરેલા પાપને છુપાવવા રૂપ શલ્ય સહિતપણું, કપટ, આરંભ, પરિગ્રહ, શિયલમાં તથા વ્રતમાં અતિચાર સહિતપણું, નીલ તથા કપોત લેશ્યા અને અપ્રત્યાખ્યાનાવરણીય કષાય, આ સર્વ તિર્યંચ આયુષ્ય બંધનનાં કારણો છે.

મનુષ્ય આયુષ્ય. અલ્પ આરંભ, અલ્પ પરિગ્રહ, સ્વાભાવિક નમ્રતા અને સરલતા, કપોત અને પીત લેશ્યા,

ધર્મધ્યાનમાં પ્રીતિ, પ્રત્યાખ્યાનાવરણીય કષાય, મધ્યમ પરિણામ, સંવિભાગ કરવાપણું-દાનદેવાપણું અર્થાત્ પોતાના સુખમાં બીજાને ભાગ આપવાપણું, દેવ અને ગુરૂનું પૂજન, પહેલાં બોલાવવું અર્થાત્ આવો પધારો વિગેરે કહેવારૂપ પૂર્વાલાપ, પ્રિયાલાપરૂપ સજ્જનોને માન આપવાપણું, સુખે બોધ કરી શકાય યા સમજાવી શકાય તેવી બુદ્ધિ અને લોક સમુદાયમાં મધ્યસ્થપણે રહેવું. આ સર્વે મનુષ્ય આયુષ્ય બંધનાં કારણો છે.

દેવ આયુષ્ય. સરાગ સંયમ, દેશવિરતિ, અકામ-નિર્જરા, કલ્યાણ મિત્રોનો પરિચય અર્થાત્ ઉત્તમ મનુષ્યોની સોબત, ધર્મ શ્રવણ કરવાનો સ્વભાવ, સુપાત્ર દાન, તપ, શ્રદ્ધા, રત્નત્રયીની અપૂર્ણ આરાધના, મરણ અવસરે પીત અને પદ્મલેશ્યાના પરિણામ, બાલ તપ, શુભ પરિણામ પૂર્વક અગ્નિ પાણી આદિમાં મરણ અને અવ્યક્ત સામાયિક અર્થાત્ સમજણ પૂર્વક નહિ એવો સમભાવ આવવો તે, આ સર્વ દેવગતિનું આયુષ્ય બાંધવાનાં કારણો છે.

અશુભનામ. મન, વચન, કાયાનું વક્રપણું, બીજાને ઠગવા, માયાપ્રયોગ, ઉંધી માન્યતા, પૈશુન્ય(ચાડી), ચિત્તની ચપળતા, સુવર્ણ ચાંદિ વગેરેમાં ભેળસેળ કરવું અર્થાત્ બનાવટી સોનું વિગેરે બનાવવું, જુઠી સાક્ષી ભરવી, વર્ણ ગંધાદિ બદલીને વસ્તુ દેખાડવી, બીજાના અંગોપાંગ કાપવા-કપાવવા, યંત્રો, પિંજરાઓ વિગેરે બનાવવાં, કુડાં તોલાં, માપાં તથા ત્રાજવાં બનાવવા-વાપરવા, અન્યની નિંદા પોતાની પ્રશંસા,

હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, મોટા આરંભ, મોટા પરિગ્રહ, કઠોર અને અસભ્યતાવાળા વચનો, ઉજ્જવળ વેશભૂષા આદિકથી મદ કરવો, વાચાલપણું, આક્રોશ, બીજાના સૌભાગ્યનો નાશ કરવો, કાર્મણ ક્રિયા, બીજાને કુતુહલ ઉત્પન્ન કરવું, પરની હાંસી, વિડંબના કરવી, વેશ્યાપ્રમુખને લોભાદિકથી અલંકાર આપવા, દાવાનળ સળગાવવો, દેવાદિકના બાનાથી વસ્તુની ચોરી કરી પોતે ભોગવવી, તીવ્ર કષાય, ચૈત્ય, ઉપાશ્રય, ઉદ્યાન અને પ્રતિમાદિનો વિનાશ કરવો, અંગારા પડાવવા આદિ કર્માદાનની ક્રિયા કરવી એ સર્વ અશુભ નામ કર્મ બંધનનાં કારણો છે.

શુભનામ. ઉપર અશુભ નામ કર્મ બંધનનાં જે કારણો બતાવ્યાં છે, તેનાથી પ્રતિપક્ષ રીતે વર્તન કરવું, તે બધું શુભનામ કર્મબંધનનું કારણ છે. ઉપરાંત જન્મ મરણરૂપ સંસાર અને તેના કારણોથી ભય પામવો, પ્રમાદ ઓછો કરવો, બીજા જીવો સંબંધી મૈત્રી આદિ સદ્‌ભાવનાઓ ભાવવી, ક્ષમાદિગુણોની વૃદ્ધિ કરવી. ધાર્મિક પુરૂષોના દર્શન વખતે અત્યંત આનંદિત હૃદયવાળા થવું, તથા તેમની સ્વાગતક્રિયા કરવી. આ સર્વ શુભનામ કર્મબંધનનાં કારણો છે.

તીર્થંકરનામકર્મ. (૧) અરિહંતોની ભક્તિ. (૨) સિદ્ધોની ભક્તિ, (૩) ગુરૂઓની ભક્તિ, (૪) સ્થવિરોની ભક્તિ, (૫) બહુશ્રુત એવા જ્ઞાનીઓની ભક્તિ, (૬) ગચ્છની ભક્તિ, (૭) શ્રુતજ્ઞાનની ભક્તિ, (૮) તપસ્વીઓ (મુનિઓ)ની ભક્તિ, (૯) આવશ્યકાદિ ક્રિયામાં અપ્રમાદ (૧૦) ચારિત્રમાં અપ્રમાદ, (૧૧) બ્રહ્મચર્ય સેવનમાં અપ્રમાદ, (૧૨)

વિનીતપણું, (૧૩) જ્ઞાનાભ્યાસ, (૧૪) તપશ્ચર્યા (૧૫) ત્યાગ એટલે દાન, (૧૬) વારંવાર ધ્યાન, (૧૭) તીર્થની પ્રભાવના, (૧૮) ચતુર્વિધ સંઘને સમાધિ ઉપજાવવી તથા સાધુઓની વૈયાવચ્ચ કરવી, (૧૯) અપૂર્વજ્ઞાનનું ગ્રહણ કરવું અને (૨૦) સમ્યગ્દર્શનની નિર્મળતા રાખવી, આ વીશ સ્થાનકોનું મન, વચન, અને કાયાથી સેવન કરવાથી તીર્થંકર નામકર્મ બંધાય છે.

નીચગોત્ર–બીજાની નિંદા, બીજાની અવજ્ઞા અને બીજાનો ઉપહાસ, બીજાના સદ્‌ગુણોનો લોપ કરવો, છતા કે અછતા બીજાના દોષોનું કથન કરવું, પોતાની પ્રશંસા કરવી, પોતાના છતા અછતા ગુણના વખાણ કરવા, પોતાના દોષોને ઢાંકવા અને જાતિ વિગેરે આઠ વસ્તુઓનો મદ એ સર્વ નીચ ગોત્ર કર્મનાં કારણો છે.

ઉચ્ચગોત્ર નીચ ગોત્ર કર્મ બંધનનાં કારણોથી વિપરીત વર્તન, ગર્વ રહિતપણું, અને મન વચનકાયાથી વિનય કરવો તે સર્વ ઉચ્ચગોત્ર કર્મબંધનનાં કારણો છે.

અંતરાય કર્મ. કોઈ દાન આપતો હોય તેના સંબંધમાં, કોઈ દાન લેતો હોય તેના સંબંધમાં, શુભ કાર્યમાં શક્તિ ફોરવવાના સંબંધમાં, ભોગ અને ઉપભોગના સંબંધમાં કારણે કે વગર કારણે કોઈને વિઘ્ન કરવું, અંતરાય કરવો તે અંતરાય કર્મબંધનનાં કારણો છે.

આ પ્રમાણે કર્મબંધનનાં કારણો (આશ્રવો) સમજી

એ કર્મ બંધનોથી મુક્ત થવા માટે તથા વૈરાગ્ય પામવા માટે આ આશ્રવ ભાવનાને વારંવાર યાદ કરવી.

૮ **સંવર ભાવના.** ઉપર કહેલા બધા આશ્રવોને નિરોધ કરવાનો ઉપાય સંવર કહેવાય છે, તેના દ્રવ્યસંવર અને ભાવસંવર એમ બે ભેદો છે. કર્મ પુદ્ગલના આશ્રવ-દ્વારા થતા પ્રવેશને રોકવો તે દ્રવ્યસંવર અને સંસારના કારણભૂત આત્મ વ્યાપાર રૂપ ક્રિયાનો ત્યાગ કરવો તે ભાવસંવર. જે જે ઉપાયથી જે જે આશ્રવ રોકી શકાય, તે તે આશ્રવનાં નિરોધ માટે બુદ્ધિમાન પુરૂષોએ તે તે ઉપાય યોજવો.

જેમકે ક્ષમાથી ક્રોધને રોકવો, નમ્રતાથી માનને રોકવું, સરલતાથી માયાને રોકવી અને સંતોષથી લોભને રોકવો. બુદ્ધિમાન પુરૂષે ઇન્દ્રિયોના અસંયમથી પ્રબળ બનેલા વિષ જેવા વિષયોને ઇન્દ્રિયોના અખંડ સંયમથી રોકવા. સંવર માટે પ્રયત્ન કરતા યોગીએ ત્રણ ગુપ્તિથી મન-વચન-કાયાના વ્યાપારને રોકવા, અપ્રમાદથી પ્રમાદને રોકવો, બધી સદોષ પ્રવૃત્તિના ત્યાગથી અવિ-રતિને રોકવી, સમ્યગ્દર્શન વડે મિથ્યાત્વને રોકવું, તથા શુભધ્યાનરૂપ ચિત્તની સ્થિરતા વડે આર્ત તથા રૌદ્ર-ધ્યાનને રોકવાં.

રાજમાર્ગમાં રહેલ અનેકદ્વારવાળા ઘરનાં બારણાં ઉઘાડાં હોય તોજ તેમાં રજ દાખલ થાય છે અને દાખલ

થઈને ચીકાશના યોગે ત્યાં ચોટી જાય છે, પરંતુ બારી-બારણા બંધ કર્યાં હોય તો રજ પ્રવેશ થવા પામતી નથી અને ત્યાં ચોંટી જતી પણ નથી. કોઈ સરોવરમાં પાણી આવવાના બધા માર્ગો ઉઘાડા હોય તો તે દ્વારા પાણી આવે છે, પરંતુ તે બધા માર્ગો બન્ધ કર્યા હોય તો થોડું પણ પાણી સરોવરમાં દાખલ થઈ શકતું નથી. કોઈ વહાણની અંદર છિદ્રો હોય તો તે દ્વારા તેમાં પાણી દાખલ થાય છે, પરંતુ તે છિદ્રો બન્ધ કર્યા હોય તો થોડું પણ પાણી વહાણની અંદર પ્રવેશ કરતું નથી. તેમ મિથ્યાત્વાદિ આશ્રવદ્વારો ઉઘાડાં હોય તો જીવમાં કર્મ દાખલ થાય છે, અને તે દ્વારો બંધ થાય તો સંવર યુક્ત જીવમાં કર્મનો પ્રવેશ થતો નથી. સંવરથી આશ્રવનાં દ્વાર બંધ થાય છે. તે સંવર ક્ષમા વગેરે ભેદોથી અનેક પ્રકારનો છે મિથ્યાત્વના ઉદયને રોકવાથી અવિરતિ-સમ્યગ્-દૃષ્ટિ આદિ ગુણસ્થાને મિથ્યાત્વનો સંવર હોય છે, દેશવરતિ આદિ ગુણસ્થાને અવિરતિનો સંવર હોય છે, અપ્રમત્ત સંયતાદિ ગુણસ્થાને પ્રમાદનો સંવર હોય છે, ઉપશાન્તમોહ અને ક્ષીણમોહાદિ ગુણસ્થાને કષાયનો સંવર હોય છે અને અયોગીકેવલી ગુણસ્થાને સંપૂર્ણ યોગનો સંવર હોય છે.

૯ **નિર્જરા ભાવના.** સંસારના કારણભૂત કર્મને ખેરવી નાંખવાં તેને નિર્જરા કહે છે. તે સકામનિર્જરા અને અકામનિર્જરા, એમ બે પ્રકારની છે. સંયમી પુરૂષોને ઈરાદાપૂર્વક તપ વિગેરે ઉપાયદ્વારા કર્મનો ક્ષય કરવા રૂપ

સકામનિર્જરા હોય છે અને અસંયમીને તે સિવાય વિપાકથી કર્મને ભોગવીને ક્ષય કરવારૂપ અકામનિર્જરા હોય છે, કારણ કે કર્મોનો પાક–નિર્જરા ફળના પાકની પેઠે ઉપાયોથી અને સ્વાભાવિક રીતે એમ બે રીતે થાય છે. જેમ અશુદ્ધ સોનું પ્રજ્વલિત થયેલા અગ્નિ વડે શુદ્ધ થાય છે, તેવી રીતે તપરૂપ અગ્નિથી તપાવવામાં આવતો જીવ શુદ્ધ થાય છે. તે તપ (૭) બાહ્ય અને (૭) અભ્યંતર એ બે ભેદે બાર પ્રકારનો છે.

૧ **અનશન.** આહારનો ત્યાગ કરવો તે.

૨ **ઉણોદરી.** સ્વાભાવિક આહારથી અલ્પ આહાર લેવો તે.

૩ **વૃત્તિસંક્ષેપ.** પોતાને ખાવા પીવા વગેરે ઉપયોગમાં આવતી વસ્તુઓનો સંક્ષેપ કરવો તે.

૪ **રસત્યાગ.** દૂધ દહીં, ઘી, તેલ, ગોળ અને પકવાન્ન વગેરે વિગઈઓનો ત્યાગ કરવો તે.

૫ **કાયક્લેશ**–ટાઢ–તડકામાં કે આસનો વગેરેથી શરીરને કસવું તે

૬ **સંલીનતા**–બાધા વિનાના એકાન્ત સ્થાનમાં વસવું અથવા મન, વચન, કાયા, કષાય અને ઇન્દ્રિયોનો સંકોચ કરવો. એ છ પ્રકારનું બાહ્ય તપ છે.

૧ **પ્રાયશ્ચિત્ત**-વ્રતાદિમાં લાગેલા દોષની શુદ્ધિ માટે જે અનુષ્ઠાન કરવામાં આવે તે.

૨ **વૈયાવૃત્ય**–સેવાશુશ્રૂષા કરવા યોગ્યની સેવા કરવી તે.

૩ **સ્વાધ્યાય**-પાંચ પ્રકારનો સ્વાધ્યાય કરવો તે. સ્વાધ્યાયની હકીકત આગળ કહેવાઈ ગઈ છે.

૪ **વિનય**-ગુર્વાદિ વડીલનો વિનય કરવો તે.

૫ **વ્યુત્સર્ગ**-સદોષ અને જન્તુ સહિત અન્ન-પાનાદિ અને કષાયનો ત્યાગ કરવો. તે.

૬ **ધ્યાન**-શુભ ધ્યાન કરવું તે. એમ છ પ્રકારનું અભ્યંતર તપ છે.

સંયમી પુરૂષ બાહ્ય અને અભ્યંતર તપ રૂપી પ્રજ્વલિત અગ્નિમાં દુઃખે કરીને દૂર કરી શકાય એવાં તીવ્ર કર્મોનો પણ તત્કાલ નાશ કરી નાંખે છે.

૧૦ ધર્મસ્વાખ્યાત ભાવના. કેવલજ્ઞાની જિનેશ્વર ભગવન્તોએ ધર્મ સારી રીતે કહેલો છે, જેનું આલંબન લેનારો પ્રાણી ભવસાગરમાં ડૂબતો નથી, એમ વિચારવું તે ધર્મસ્વાખ્યાત ભાવના છે. સંયમ, (અહિંસા) સત્ય, શૌચ, (ચૌર્યત્યાગ) બ્રહ્મચર્ય, અકિંચનતા (અપરિગ્રહ), તપ, ક્ષમા, મૃદુતા-નમ્રતા, ઋજુતા-સરળતા અને મુક્તિ એટલે નિર્લોભતા એમ ધર્મ દશ પ્રકારનો છે. ધર્મના પ્રભાવથી કલ્પવૃક્ષાદિ પ્રાણીને ઇચ્છિત આપે છે, અને અધર્મી આત્માને તો તે દૃષ્ટિગોચર પણ થતા નથી. સદા સમીપવર્તી, અદ્વિતીય બન્ધુ સમાન અતિવત્સલ ધર્મજ અપાર દુઃખ સમુદ્રમાં પડતા પ્રાણીને બચાવે છે. પૃથ્વીને સમુદ્ર ડુબાવતો નથી અને મેઘ શાન્ત કરે છે, તે કેવળ

આ ધર્મનો જ પ્રભાવ છે. અગ્નિ તિર્છો બળતો નથી, અને વાયુ ઉંચે વાતો નથી, તેમાં અચિન્ત્ય મહિમાવાળો ધર્મજ કારણ છે. વિશ્વના આધારભૂત પૃથ્વી નિરાલંબ અને નિરાધાર રહે છે, તેમાં ધર્મ વિના બીજું કારણ નથી. ધર્મની આજ્ઞાથીજ જગતમાં સૂર્ય અને ચંદ્ર દુનિયાના ઉપકાર માટે ઉદય પામે છે. બન્ધુ રહિતનો બન્ધુ, મિત્ર રહિતનો મિત્ર, અનાથોનો નાથ અને સર્વ જગત ઉપર વત્સલતા રાખનાર ધર્મજ છે. જેઓએ ધર્મનું શરણ કરેલું છે, તેમનું રાક્ષસ, યક્ષ, સર્પ, વાઘ, અજગર, અગ્નિ અને ઝેર વિગેરે બુરૂં કરવાને સમર્થ થતા નથી. નરક રૂપ પાતાળમાં પડવાથી પ્રાણીઓનું રક્ષણ કરનાર ધર્મ છે અને ધર્મજ નિરૂપમ સર્વજ્ઞના વૈભવને આપે છે.

૧૧ લોક ભાવના. કેડે હાથ મૂકીને પહોળા પગ રાખી ઉભેલા પુરૂષ જેવી આકૃતિવાળા તથા સ્થિતિ, ઉત્પત્તિ અને વિનાશ સ્વરૂપવાળા દ્રવ્યોથી પરિપૂર્ણ લોકના સ્વરૂપનું ચિન્તવન કરવું. ત્રણ જગતથી વ્યાપ્ત આ લોક છે, તેમાં નીચે સાત પૃથ્વીઓ, મહાબળવાન ઘનોદધિ, મહાવાયુ અને તનુવાયુથી વીંટાયેલી છે. નીચેના ભાગથી વેત્રાસન જેવો, મધ્યભાગથી ઝાલર જેવો અને ઉપરના ભાગથી મુરજ જેવો આ લોક [એવી આકૃતિ વાળો] છે. આ લોક કોઇએ બનાવેલ નથી અને કોઇએ ધારી રાખેલો પણ નથી. પરન્તુ સ્વયંસિદ્ધ આકાશમાં (સ્વભાવથીજ) નિરાધાર રહેલો છે.

૧૨ બોધિદુર્લભ ભાવના. અકામ નિર્જરા રૂપ

પુણ્યથી એટલે કે યથાપ્રવૃત્તિકરણથી કર્મનો ક્ષય થતાં જીવ સ્થાવર યોનિમાંથી નીકળી ત્રસયોનિ કે પશુપણું પામે છે, તેમાં પણ અશુભ કર્મનો ક્ષય થવાથી પુણ્યના યોગે મનુષ્યપણું, આર્યદેશ, ઉત્તમ જાતિ, પાંચે ઇન્દ્રિયોથી પૂર્ણતા અને દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત થાય છે, તેમાં પણ પુણ્યથી ધર્મની અભિલાષા, ધર્મોપદેશક ગુરૂ અને તેમના વચનનું શ્રવણ પ્રાપ્ત થવા છતાં તત્ત્વનિશ્ચયરૂપ બોધિરત્ન પ્રાપ્ત થવું અતિ દુર્લભ છે. રાજ્ય, ચક્રવર્તિપણું કે ઇન્દ્રપણું પ્રાપ્ત થવું દુર્લભ નથી, પણ બોધિની પ્રાપ્તિ થવી અત્યંત દુર્લભ છે, એમ જિનપ્રવચનમાં કહ્યું છે. સર્વ જીવોએ સર્વ ભાવો પૂર્વે અનંત વાર પ્રાપ્ત કર્યા છે, પરન્તુ તેને કદાપિ બોધિની પ્રાપ્તિ થઈ નથી, તેથીજ સંસારમાં પરિભ્રમણ કરે છે. સર્વે જીવોને અનંત પુદ્ગલપરાવર્ત થયા પરન્તુ જ્યારે કંઈક ન્યૂન અર્ધપુદ્ગલપરાવર્ત્ત બાકી રહેતાં આયુ સિવાયના બધાં કર્મની સ્થિતિ અન્તઃ કોટાકોટિ સાગરોપમની બાકી રહે ત્યારે કોઈક જીવ ગ્રન્થિ ભેદથી ઉત્તમ બોધિરત્ન પામે છે અને બીજા જીવો યથાપ્રવૃત્તિકરણથી ગ્રન્થિની મર્યાદામાં આવેલા છતાં પાછા પડે છે અને પુનઃ સંસારમાં ભમે છે. કુશાસ્ત્ર શ્રવણ, મિથ્યાદૃષ્ટિનો સંગ, કુવાસના અને પ્રમાદશીલતા એ બધા બોધિના વિરોધિ છે. જો કે ચારિત્રની પ્રાપ્તિ દુર્લભ છે, તો પણ બોધિ પ્રાપ્ત થયે જ ચારિત્રની સફળતા છે; અન્યથા નિષ્ફળતા છે. અભવ્યો પણ ચારિત્ર પ્રાપ્ત કરીને ગ્રૈવેયકાદિ સ્વર્ગમાં જાય છે, પણ બોધિ સિવાય નિર્વાણ પ્રાપ્ત કરી

શકતા નથી. જેને બોધિરત્ન પ્રાપ્ત થયું નથી, તે ચક્રવર્તી હોવા છતાં પણ રંક જેવો છે, પરંતુ જેણે બોધિરત્ન પ્રાપ્ત કર્યું છે, તે રંક પણ ચક્રવર્તી કરતાં અધિક છે. જેમને બોધિરત્ન પ્રાપ્ત થયેલું છે તે જીવો સંસારમાં કયાંય આસક્ત થતા નથી, પરન્તુ મમત્વ રહિત થઇને માત્ર મુક્તિમાર્ગની ઉપાસના કરે છે, જેઓ પરમપદને પામ્યા છે, પામશે અને પામે છે તે બધા બોધિ પામીને જ તેમ કરી શકે છે, માટે બોધિની જ ઉપાસના કરો.

ભાવનાઓનું ફળ. આ રીતે બાર ભાવનાઓ વડે નિરંતર મનને સુવાસિત કરતો, મમત્વરહિત થઈને બધા પદાર્થોમાં સમત્વને પામે છે. વિષયોથી વિરક્ત થયેલા, સમભાવથી સુવાસિત ચિત્તવાળા પુરૂષોનો કષાય રૂપી અગ્નિ શાંત થાય છે અને બોધિરૂપી દીપક પ્રગટે છે. સમત્વનું અવલંબન કરીને યોગી ધ્યાન કરી શકે છે. સમબુદ્ધિ પ્રાપ્ત કર્યા વિના જો ધ્યાનની શરૂઆત કરે તો તે પોતાના આત્માની વિડંબના કરે છે. તે માટે કહ્યું છે કે—

"ઈન્દ્રિયો વશ કરી નથી, મન શુદ્ધ કર્યું નથી, રાગદ્વેષ જીત્યા નથી, નિર્મમત્વ કર્યું નથી, સમતાની સાધના કરી નથી, પરન્તુ ગતાનુગતિકપણે ધ્યાનનો આરંભ કરનાર મૂઢ પુરૂષો ઉભય લોકમાં માર્ગથી ભ્રષ્ટ થાય છે."

ધ્યાન અને સમતા—મોક્ષ એ કર્મના ક્ષયથીજ પ્રાપ્ત થાય છે, કર્મનો ક્ષય આત્મજ્ઞાનથી થાય છે અને આત્મજ્ઞાન ધ્યાનથી સધાય છે તેથી ધ્યાન આત્માનું હિતકારી છે. સમભાવ

વિના ધ્યાન સંભવતું નથી અને ધ્યાન વિના નિષ્કંપ સમભાવ પ્રાપ્ત થતો નથી. તેથી બન્ને એકબીજાનાં કારણ રૂપ છે. અર્થાત્ ધ્યાન અને સમભાવ એ બન્નેનું સમાન મહત્વ છે. એક આલંબનમાં અંતર્મુહૂર્ત પર્યંત ચિત્તની સ્થિરતા તે ધ્યાન. તેના બે ભેદ છે, ધર્મધ્યાન અને શુકલધ્યાન. તે બન્ને પ્રકારનાં ધ્યાન કેવળજ્ઞાન રહિત સયોગીને હોય છે અને અયોગીને યોગના નિરોધ રૂપ ધ્યાન હોય છે. સયોગી કેવલીને માત્ર યોગ નિરોધ કરવાના સમયે શુકલધ્યાન હોય છે ધ્યાન એક આલંબનમાં મુહૂર્ત સુધી સંભવે છે, ત્યારબાદ ચિન્તા એટલે તત્વનું ચિંતન હોય અથવા બીજું આલંબન લેવામાં આવે તો બીજું ધ્યાન હોય, એમ જુદાજુદા વિષયના આલંબનથી ધ્યાનનો પ્રવાહ લંબાવી શકાય છે.

મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ્ય.

(ચાર ભાવનાઓનું સંક્ષિપ્ત સ્વરૂપ)

ધર્મધ્યાનનો પ્રવાહ ચાલુ રાખવા માટે એટલે તૂટતા ધ્યાનને ધ્યાનાન્તરની સાથે અનુસંધાન કરવા મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ્ય એ ચાર ભાવનાઓને આત્મામાં જોડવી કારણ કે મૈત્રી આદિ ભાવનાની યોજના તુટતા ધ્યાન માટે રસાયણ રુપ છે.

'કોઈ પ્રાણી પાપ ન કરો, કોઈ દુઃખી ન થાઓ, આખું જગત મુક્ત થાઓ' આવી બુદ્ધિ તે **મત્રીભાવના** કહેવાય છે.

જેમના દોષો દૂર થઈ ગયા છે, અને જેઓ વસ્તુ સ્વરુપનું અવલોકન કરનારા છે, તેવા મુનિઓના ગુણો વિષે જે પક્ષપાત તે **પ્રમોદભાવના** છે.

દીન, પીડિત, ભયભીત, અને જીવિતને યાચતાં પ્રાણિઓનાં દીનતા વગેરે દૂર કરવાની બુદ્ધિ તે **કરૂણાભાવના** કહેવાય છે.

નિઃશંકપણે ક્રૂર કર્મો કરનારા, દેવ–ગુરુની નિન્દા કરનારા તથા આત્મપ્રશંસા કરનારા લોકો પ્રત્યે ઉપેક્ષા બુદ્ધિ તે **માધ્યસ્થ્ય ભાવના** કહેવાય છે.

ધર્મનો પ્રાણ

આ મૈત્રી આદિ ચાર ભાવનાઓ એ તમામ ધર્માનુષ્ઠાનોનો પ્રાણ છે. જે અનુષ્ઠાનના મૂળમાં મૈત્રી આદિ ભાવો ભળેલા છે, તે અનુષ્ઠાન શરૂઆતમાં ભલે ગમે તેટલું સામાન્ય હશે તો પણ ધીમે ધીમે વિકાસ ક્રમમાં જીવને આગળ વધારવામાં અવશ્ય નિમિત્તભૂત બને છે. મોક્ષની સાથે જોડનાર તમામ ધર્મવ્યાપાર એ યોગ છે. પરંતુ યોગનું પ્રથમ સાધન અદ્વેષભાવ છે. અદ્વેષ ભાવ આવ્યા વિના યોગમાર્ગમાં, ધર્મમાર્ગમાં, કે મોક્ષમાર્ગમાં આગળ વધી શકાતું નથી. અદ્વેષ ભાવ આવ્યા પછી બીજાં બધાં સાધનો વહેલામાં વહેલી તકે આવી મળે છે.[1] જો આ અદ્વેષભાવ ન આવે તો મોક્ષમાર્ગ અત્યંત દૂર રહે છે. આ અદ્વેષભાવની પ્રાપ્તિ મૈત્રી આદિ શુભ ભાવો વિના શકય નથી તેથી ધર્મમાર્ગમાં પ્રવેશ કરવા માટે કે પ્રગતિ

કરવા માટે જીવનમાં મૈત્રી આદિ ભાવો પ્રગટાવવા માટે પુરૂષાર્થ ફોરવવો એ મુમુક્ષુ જીવોને માટે અતિ આવશ્યક કર્તવ્ય છે.

શુભાશુભ કર્મનો બંધ આપણા અધ્યવસાય ઉપર છે. આપણી પ્રત્યેક કરણીની પાછળ આપણી વિચારસરણી ભગવાનની આજ્ઞા મુજબ છે કે નહિ એને આત્મસાક્ષીએ તપાસવી હોય તો આપણી વિચારધારા આ ચાર ભાવનાને અનુકૂલ છે કે તેનાથી પ્રતિકૂલ છે? એ જોવું. જો ચાર ભાવનામાંથી કોઈપણ એક ભાવનામાં આપણું મન રમતું હોય તો સમજવું કે આપણો આત્મા પ્રતિક્ષણ અશુભ કર્મોનો ક્ષય કરી રહ્યો છે અને આ ચાર ભાવનાથી પ્રતિકૂળ ભાવ મનમાં જયારે ભળે ત્યારે આપણો આત્મા અનેક પ્રકારના કર્મબંધન કરી રહ્યો છે, એમ સમજવું.

---

૧ ઉગ્ર વિહારને તપ જપ કિરિયા,
કરતાં દ્વેષ તે ભવ માંહે ફીરીયા;
યોગનું અંગ અદ્વેષ છે પહેલું,
સાધન સવિ લહે તેહથી વહેલું.

પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ

અર્થ૦ ભલે ઉગ્ર વિહાર કરે, કે ભલે ઉગ્ર તપ, જપ અને ક્રિયા કરે, પણ જો મનમાં દ્વેષ ભાવ ભર્યો હશે દ્વેષરુચિ બેઠી હશે, દ્વેષ ટાળવાની વૃત્તિ નહિ હોય તો તે ભવના જ સંસારના જ મુસાફર છે એમ સમજવું. કારણ કે યોગનું–મોક્ષમાર્ગનું પ્રથમ સાધન અદ્વેષ ભાવ છે. ધર્મમાર્ગની શરૂઆત અદ્વેષ ભાવથી થાય છે, આ અદ્વેષ ભાવ આવ્યા પછી બીજા બધા મોક્ષ માર્ગના સાધનો શિઘ્ર આવી મળે છે અને ફળે છે,

ભગવાને આત્મકલ્યાણુ માટે આ ભાવનાઓ બતાવી છે. તેની વિરોધી પ્રતિપક્ષી ભાવનાથી ધર્મ થતો નથી, તેથી જ્યારે જીવ આ ચારથી પ્રતિપક્ષી બીજી કોઈ વિચારસરણીમાં ચડે છે, ત્યારે તે પોતાના સ્થાનથી ખસી જાય છે. અને કર્મબંધ કરે છે.

જ્યાં સુધી મન વિચાર રહિત બન્યું નથી અર્થાત્ તેણે ચિત્તનિરોધરૂપ ઉંચી દશા પ્રાપ્ત કરી નથી ત્યાં સુધી મન વિચારોથી વ્યાપ્ત રહેવાનું છે. જો મનમાં વિચારો ઉત્પન્ન થવાનાંજ છે, તો એમાંથી કયા વિચારો કરવા લાયક છે અને કયા વિચારો ત્યાજ્ય છે અર્થાત્ વજન આપવા લાયક નથી એ પણ નક્કી કરવું જોઈએ. આત્માર્થી જીવો માટે ક્રોધ, દ્રોહ, ઈર્ષ્યા અને અસૂયાથી ભરેલા હલકા વિચારો ત્યાજ્ય છે અને મૈત્રી આદિ ભાવથી ભરેલા ઉત્તમ વિચારો કરણીય છે. મનવાળા પ્રાણી માટે આત્માને પરમ હિત કરનાર આ ચાર ભાવનાથી વધુ સરસ વિચાર અસંભવિત છે. આ ચાર ભાવના એ સર્વ ઉત્તમોત્તમ વિચારોનો અર્ક છે. પરમ રહસ્ય છે. વિચારોનું પરમ અમૃત છે. મનને અનાદિ દુષ્ટ વિચારણારૂપી વિષથી અને પાપબંધથી છોડાવવાનો એ અમોઘ ઉપાય છે. આ ભાવનાઓ જીવને નિરોગી બનાવી સદાને માટે અજરામર બનાવે છે. તેથી તે પરમ અમૃત સ્વરૂપ છે. ધર્મઆરાધનાનું રહસ્ય મૈત્રી આદિ ચાર ભાવનાઓમાં રહેલું છે. તેનું વિશેષ સ્વરૂપ હવે આપવામાં આવશે.

ચાર ભાવનાઓનું સ્વરૂપ

૧. परहितचिंता मैत्री

પોતા સિવાય બીજા પ્રાણીઓનું હિત ચિંતવવું તે મૈત્રી ભાવના છે. પોતા સિવાય બીજા પ્રાણીઓ મુખ્યપણે ચાર પ્રકારના હોય છે: (૧) પોતાના ઉપર ઉપકાર કરનારા, (સંખ્યાની દૃષ્ટિએ તે સૌથી થોડા હોય છે,) (૨) પોતાના સગાં-વહાલાં (એથી વધારે), (૩) પોતાનાં પરિચિતો (એથી પણ વધારે) અને (૪) પોતાથી અપરિચિતો (સૌથી વધારે). જે પોતાના ઉપકારીઓનાં હિતની ચિન્તા કરતો નથી, તે કૃતઘ્ન કહેવાય છે. જે પોતાના સ્વજનોની હિત-ચિન્તા કરતો નથી, તે કૃપણ કહેવાય છે. જે પોતાના પરિચિતોની હિતચિન્તા કરતો નથી, તે સ્વાર્થી કહેવાય છે. જે દુનિયાના કોઈપણ જીવની હિતચિન્તા કરતો નથી, તે એકલપેટો ગણાય છે. બીજાઓની હિતચિન્તારૂપ મૈત્રી-ભાવ જેના અંતરમાં સદા રમણ કરે છે, તેનામાં કૃતઘ્નપણું, કૃપણપણું, સ્વાર્થીપણું અને એકલપેટાપણું વગેરે દુર્ગુણોનો નાશ થવા સાથે કૃતજ્ઞતા, ઉદારતા, પરોપકારિતા, પરમાર્થ-વૃત્તિતા વગેરે સદ્‌ગુણો પ્રગટી નીકળે છે.

જીવ અનાદિકાળથી જેમ અચેતન પદાર્થો ઉપર રાગ-ભાવ અને દ્વેષભાવને વશ છે, તેમ સચેતન પદાર્થો ઉપર

પણ રાગભાવ અને દ્વેષભાવને આધીન છે. પોતાની જાત ઉપર તેને એટલું બધું મમત્વ હોય છે, કે પોતાની જાતનાં સુખની ખાતર કોઈપણ પ્રકારનાં પાપકાર્યો કરતાં તે અચકાતો નથી. મૈત્રીભાવ તેને પોતાની જાત ઉપરના મમત્વથી ખસેડી પરનાં સુખ માટે ચિન્તા કરનારો બનાવે છે. મૈત્રીભાવ આવ્યા પહેલાં પોતાની જાતનું જ એક મમત્વ તેના અંતરમાં હોવાથી 'દુનિયાનાં સઘળાં સુખો તેને પોતાને જ મળે' એવી અનંત તૃષ્ણા તેનામાં છુપી રીતે રહેલી હોય છે. બધાં સુખો એક જ આત્માને મળી જાય, એવી પરિસ્થિતિ દુનિયાની કદી હોતી નથી, તેથી મૈત્રીભાવવિહીન આત્મા હંમેશાં અત્યંત અતૃપ્ત અને શોકગ્રસ્ત જ રહે છે. જે સુખ પોતાને જોઈએ છે, તે સુખ પોતાને નહિ મળતાં બીજા કોઈને પણ મળે, ત્યારે તેના પ્રત્યે ઈર્ષ્યાભાવવાળો બની રહે છે. એ રીતે ઈર્ષ્યા, શોક, અતૃપ્તિ, વગેરે અનેક દુઃખો પોતાની જાત ઉપર જ રાગવાળા જીવને સદા સતાવ્યા કરે છે. એ બધાં દુઃખોથી છોડાવનાર કોઈ પણ ચીજ આ દુનિયામાં હોય તો તે એક મૈત્રીભાવના છે. મૈત્રીભાવનાથી તેને પોતાનીજ એકલી જાત ઉપરનો રહેલો રાગભાવ નાશ પામે છે, અને પોતા સિવાય આ દુનિયામાં રહેલા બીજા અનંત પ્રાણીઓનાં હિતની અને સુખની ચિન્તા ઉત્પન્ન થાય છે. તેથી પોતા સિવાય બીજા જેટલા પ્રાણીઓ સુખને મેળવતા દેખાય છે, તેને જોઈને તે પોતે તે સુખી થનાર પ્રાણીઓ જેટલો જ આનંદનો અનુભવ કરે છે; અને પોતાને મળેલાં થોડાં પણ સુખમાં તે હમેશાં તૃપ્ત રહે

છે. એ આનંદથી તેનો ઈર્ષ્યાભાવ અને તૃપ્તિથી તેનો શોકભાવ નાશ પામે છે.

મૈત્રી ભાવ ટકાવવાના ઉપાયો.

વૈર અને વિરોધરૂપી અગ્નિને પ્રગટાવનારી આ દુનિયામાં બે વસ્તુઓ છે. એક પોતે કરેલા બીજાના અપરાધોની માફી ન માંગવી અથવા પોતાનાં જ સુખની ચિન્તા કર્યા કરવી અને એ સુખ ખાતર પોતા સિવાય બીજાને ગમે તેટલી પીડા થાય તો પણ તેને ન ગણવી, અથવા પોતા સિવાય બીજાનાં સુખની ચિન્તા બિલકુલ ન કરવી અને તેના ઉપર આવેલા ગમે તેટલા કષ્ટોને નિવારણ કરવાને માટે છતી શક્તિએ બેદરકારી બતાવવી. એ વસ્તુને સરળ રીતે નીચે મુજબ સમજાવી શકાય

(૧) પોતાનાં સુખની ચિન્તા કર્યા કરવી.

(૨) બીજાનાં સુખની ચિન્તા બીલકુલ ન કરવી.

(૩) પોતાના અપરાધોની માફી કદી ન માગવી.

(૪) બીજાઓએ કરેલા અપરાધોની માફી કદી ન આપવી.

મૈત્રીભાવ ટકાવવા માટે ઉપરની ચાર પ્રકારની વૃત્તિઓને ત્યજવી જોઈએ.

(૧) આ માટે પોતા સિવાય બીજાઓનાં સુખની ચિન્તા પોતાના સુખની ચિન્તા જેટલી જ કરવી,

(૨) બીજાઓના ઉપર આવેલા દુઃખોનું નિવારણ કરવાને માટે પોતાના દુઃખ નિવારણના પ્રયત્ન જેટલો જ પ્રયત્ન કરવો, (૩) પોતાની થતી ભૂલોની ક્ષમા માગવા સદા તત્પર રહેવું અને (૪) બીજાઓથી પોતા તરફ થતી ભૂલોની ક્ષમા આપવા સર્વદા તત્પરતા બતાવવી.

परदुःखविनाशिनी करुणा.

દુઃખ બે પ્રકારનું છે, શારીરિક અને માનસિક. શારીરિક દુઃખોને દ્રવ્ય દુઃખો કહ્યાં છે અને માનસિક દુઃખોને ભાવ દુઃખો કહ્યાં છે. શારીરિક દુઃખોનું કારણ અશાતાવેદનીય કર્મનો ઉદય છે અને માનસિક દુઃખોનું કારણ મોહનીય આદિ કર્મોનો ઉદય છે.

માણસને પોતાનાં દુઃખોનું નિવારણ કરવાને માટે કુદરતી જ લાગણી હોય છે, તો પણ તેનાં બધાં દુઃખોનું નિવારણ અશક્ય પ્રાયઃ હોય છે. તેથી કોઈને કોઈ દુઃખની હયાતી તેને સદા પજવે છે અને તેની શાન્તિમાં ભંગ કરે છે, તેથી અકળાઈને આત્મા દુઃખ નિવારણના વાસ્તવિક ઉપાયોને છોડી અવાસ્તવિક ઉપાયો લે છે. દુઃખનિવારણ કરવાનો વાસ્તવિક ઉપાય, પોતા સિવાય બીજા આત્માઓનાં દુઃખોનું નિવારણ કરવા તત્પર રહેવું તે છે. એથી બે જાતના લાભ થાય છે, એક તો એ પુરૂષાર્થ કરતી વખતે તેટલો કાળ પોતાનાં દુઃખોનું વિસ્મરણ થાય છે અને બીજું બીજાનાં દુઃખો દૂર કરવાના પ્રયત્નથી શુભકર્મ ઉપાર્જન

થાય છે તથા તેના પરિણામે ઉત્તરોત્તર શાંતિ અને સુખની વૃદ્ધિ અનુભવાય છે.

કરૂણા ભાવનાનાં પાત્ર જીવો પણ ચાર પ્રકારના હોય છે–(૧) વર્તમાનમાં દુઃખી અને ભવિષ્યમાં દુઃખી થાય તેવા પાપ માર્ગે જ પ્રવર્તનારા, (૨) વર્તમાનમાં આહાર, વસ્ત્ર, શયન, આસન, ઔષધાદિ સામગ્રીના અભાવે દુઃખ ભોગવનારા, (૩) વર્તમાનમાં સુખી પણ હિંસાદિ પાપ-કર્મો કરીને દુર્ગતિનાં દુઃખો ઉભાં કરનારા તથા (૪) વર્તમાનમાં સુખી પણ મિથ્યાત્વાદિ પાપકર્મ કરીને ભાવિ દુઃખોને ઉત્પન્ન કરનારા.

એ રીતે દુઃખ અને તેના કારણભૂત પાપથી રીબાતા જીવોને તે બન્નેથી છોડાવવાની વૃત્તિ તે કરૂણા ભાવના છે.

દુઃખીનું દુઃખ દૂર થાઓ, કે ન થાઓ, પણ દુઃખ દૂર કરવાની ભાવના અને પ્રયત્ન કરનારને અવશ્ય લાભ મળે છે. એ રીતના પ્રયત્નથી નિકાચિત કર્મનો ઉદય ન હોય તો સામાનું દુઃખ દૂર પણ થાય છે. દ્રવ્ય દુઃખો દૂર કરવાના પ્રયત્નો કરતી વખતે તે દુઃખના કારણભૂત પાપકર્મોથી એને બચાવવાનું પણ લક્ષ્ય રહેવું જોઈએ. ભાવદયાના પરિણામે થનારી દ્રવ્યદયા અવશ્ય ધર્મસ્વરૂપ બને છે. દ્રવ્ય અને ભાવદુઃખોને અન્ય દર્શનકારોએ ત્રણ વિભાગમાં વહેંચ્યાં છે.

(૧) આધ્યાત્મિક–શરીર અને મન સંબંધી દુઃખો.

(૨) આધિભૌતિક-હિંસક પશુ-પક્ષી આદિ પ્રાણીઓ તરફથી પ્રાપ્ત થતાં દુઃખો.

(૨) આધિદૈવિક-દેવતાઈ ઉપદ્રવો. જેવા કે ધરતીકંપ, દુષ્કાળ, મરકી, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, અગ્નિ આદિના ઉપદ્રવો.

ઉપરનાં દુઃખોનો જૈનશાસનની રીત મુજબ ત્રણ વિભાગમાં સમાવેશ થઈ શકે છે. (૧) મિથ્યાત્વ-કુમતની વાસના, અને અસર્વજ્ઞ પ્રરૂપિત કુશાસ્ત્રોમાં નિરૂપણ કરેલા સિદ્ધાંતો ઉપર મજબૂત વિશ્વાસ, (૨) અવિરતિ-પ્રારંભમાં સુખદાયી પણ પરિણામે કડવાં એવાં વિષયનાં સુખોની તીવ્ર અભિલાષા, અને મરતાં પણ તેને નહિ છોડવાના પરિણામ, (૩) અશાતાવેદનીયનો ઉદય-તેનાથી ક્ષય, જ્વર, ભગંદર, કુષ્ટાદિ દુષ્ટરોગોની પીડાનો અનુભવ.

परसुखतुष्टिर्मुदिता.

પોતાથી બીજાને અધિક સુખી અથવા ગુણી દેખીને તેના સુખ કે ગુણ ઉપર ઇર્ષ્યા કે અસૂયાનો ભાવ ન થવા દેવો પણ હર્ષ ધારણ કરવો, એ પ્રમોદભાવનાનું લક્ષણ છે. ઇર્ષ્યા એટલે બળતરા અને અસૂયા એટલે બીજાના ગુણોમાં દોષોનું ઉદ્ભાવન. પ્રમોદ ભાવનાવાળો બીજાને પોતાથી અધિક સુખી અગર ગુણી દેખીને હૃદયમાં બળતો નથી, આનંદ ધારણ કરે છે, તેઓના સુખ કે ગુણને દૂષિત કરવાને બદલે તેને આગળ લાવવા પ્રયત્ન કરે છે.

'ગુણબહુમાન'નો પ્રભાવ અચિન્ત્ય છે તથા પોતાના

કરતાં પારકાના સુખની કિંમત ઘણી વધારે છે, એ વસ્તુ સમજાયા વિના સાચી પ્રમોદ ભાવના પ્રગટી શકતી નથી. ગુણબહુમાનથી નિત્ય નવીન નવીન ગુણોની પ્રાપ્તિ થાય છે, તેથી ગુણનો અર્થી ગુણ અને ગુણોનું સન્માન કે બહુમાન કર્યા સિવાય રહી શકતો નથી. જે પોતા સિવાય બીજાના ગુણને જાણતો જ નથી, અથવા જાણવા કાળજી પણ ધરાવતો નથી, અથવા જાણવામાં આવ્યા પછી પણ તેનું સન્માન કરવાની ભાવનાવાળો થતો નથી, તેને ગુણની પ્રાપ્તિ થવી સંભવિત નથી. એજ રીતે જે બીજા સુખી આત્માના સાચા સુખને જાણતો નથી, જાણવાને દરકાર ધરાવતો નથી, અથવા જાણવામાં આવે તો પણ હૃદયથી રાજી થતો નથી, તે આત્માને પણ વાસ્તવિક સુખની પ્રાપ્તિ સંભવિત નથી. ગુણી આત્માના બહુમાન વિના ગુણની પ્રાપ્તિ શક્ય નથી તેમ સુખીના સુખને જોઈ ને હર્ષિત નહિ થનારને કે ઈર્ષ્યાગ્નિથી બળનારને પણ સાચા સુખની પ્રાપ્તિ સુલભ નથી.

સુખ બે પ્રકારનાં છે, એક વૈષયિક અને બીજું આત્મિક. વિષયોથી થનારૂં સુખ અપથ્ય આહારથી થનારી તૃપ્તિ જેવું પરિણામે અસુંદર છે. તેથી સ્વ કે પરના વૈષયિક સુખોને જોઈને સંતુષ્ટ થવું એ સાચી પ્રમોદ ભાવના નથી.

સાચી પ્રમોદભાવના તો પરિણામે સુંદર, હિત, મિત અને પથ્ય આહારના પરિભોગથી થનારી ચિરકાલીન તૃપ્તિ સમાન છે. એવાં સુખ પોતાને મળતાં જે સ્વાભાવિક આનંદ થાય તેવો જ આનંદ પરનાં સુખો દેખીને થવો જોઈએ.

આત્મિક સુખોની પરાકાષ્ટા તો મોહાદિના સંપૂર્ણ ક્ષયથી ઉત્પન્ન થનારા અવ્યાબાધ અને શાશ્વતસુખસ્વરૂપ મોક્ષમાં છે. એ મોક્ષસુખને પ્રાપ્ત થએલા મહાપુરૂષોના સુખને જોઈને હૃદયમાં આહ્લાદ થવો, એટલું જ નહિ, પણ એ મોક્ષસુખના માર્ગે રહેલા મહામુનિવરોથી માંડીને સમ્યગ્દૃષ્ટિ અને માર્ગાનુસારી પર્યંતના જીવોના ગુણોને અને સુખોને દેખીને હર્ષિત થવું તે પણ પ્રમોદભાવનાનો વિષય છે. એ હર્ષ પ્રગટાવવાનાં મુખ્ય સાધનો મન, વચન અને કાયા છે. મનથી આદર, વચનથી પ્રશંસા અને કાયાથી વન્દન નમસ્કારાદિ કરવાથી પ્રમોદભાવના પ્રગટ થઈ શકે છે.

ગુણી આત્માની સ્વ-પર ઉભયકૃત વન્દનાદિ પૂજા જોઈને સર્વ ઈન્દ્રિયોથી અભિવ્યક્ત થતો હર્ષ જ્યારે સ્વભાવ સિદ્ધ બને ત્યારે પ્રમોદભાવના પરિપૂર્ણ થાય છે.

परदोषोपेक्षणमुपेक्षा.

દોષો બે પ્રકારના હોય છે, એક સાધ્ય અને બીજા અસાધ્ય. અસાધ્ય દોષોવાળા આત્માઓને દેખીને સ્વાભાવિક રીતે જ તેના પ્રત્યે મનુષ્યને રોષ પ્રગટે છે, તે વખતે ઉપેક્ષા (માધ્યસ્થ્ય) ભાવના ખાસ હિતકર છે. ઉપેક્ષાભાવના કે માધ્યસ્થ્યભાવના કર્મની પ્રબળતા અને પરતંત્રતાનો વિચાર કરાવે છે, અને તેથી આવેલો રોષ શમાવી દે છે.

આ માધ્યસ્થ્યભાવ જેમ અસાધ્ય દોષવાળા પ્રાણીઓ પ્રત્યે કેળવવાનો છે તેમ સુખ આપવા માટે સર્વથા અસમર્થ એવાં વિષયનાં સુખો પ્રત્યે કેળવવાનો છે. ચાર

ગતિમાં વિવિધ પ્રકારનાં દુઃખોને અનુભવતો જીવ કવચિત્ મનુષ્ય અને દેવાદિ ગતિઓને વિષે સર્વ ઇન્દ્રિઓને ઉત્સવ કરાવનારાં તથા મનને આહ્‌લાદ આપનારાં વિષય સુખોને પામે છે, પરન્તુ તે વખતે તેની અસારતા અને ક્ષણવિનશ્વરતાને નહિ જાણતો તે તેના ભોગમાં આસક્ત બની જાય છે અને પરિણામે અનંત દુઃખનો અધિકારી થાય છે. માધ્યસ્થ્ય ભાવનાના મર્મને પામેલો આત્મા તે વખતે વિષયસુખોની અસારતાને અને કાદાચિત્કતાને [તેનું કોઈક જ વાર મળવાપણું અને મળ્યા પછી તુરત જ ચાલી જવાપણું] જાણતો હોવાથી તેના પ્રત્યે ઉદાસીન ભાવને ધારણ કરી શકે છે અને તેથી મોટી આપત્તિઓથી તે બચી જવા પામે છે. માધ્યસ્થ્યભાવનાને ભાવનારો એમ જાણે છે કે દુનિયાની કોઈ પણ સચેતન કે અચેતન વસ્તુ સુખ–દુઃખની ઉત્પાદક નથી, પરંતુ જીવને તે વસ્તુ ઉપર રહેલો રાગદ્વેષ સુખદુઃખની કલ્પના કરાવે છે. સુખ–દુઃખનું કારણ અન્ય પદાર્થ નથી પણ મોહાદિકના વિકારથી પોતાના આત્મામાં ઉત્પન્ન થતો રાગદ્વેષનો પરિણામ જ છે. પદાર્થો તો પોતાના સ્વરૂપમાં રહેવાને વ્યવસ્થિત થયેલા છે, પણ પોતે જ પોતાનો સ્વભાવ છોડીને રાગદ્વેષ રૂપી વિભાવમાં પડે છે અને તેથી સુખી અથવા દુઃખી થાય છે. એ રીતે સુખનો આશ્રય પદાર્થોને નહિ, પણ પોતાના આત્માને જ માનતો જ્ઞાની જીવ જગતના તમામ સચેતન કે અચેતન પદાર્થો ઉપર મધ્યસ્થભાવ ધારણ કરી શકે છે અને તે જ મધ્યસ્થ્ય-ભાવનાની પરાકાષ્ટા ગણાય છે. આ ચાર ભાવનાઓ

મહાપુરૂષોને પણ વારંવાર અભ્યાસથી પ્રાપ્ત થાય છે, અનેક જન્મોમાં અભ્યાસ દૃઢ થયા બાદ આ ભાવનાઓ આત્મસાત્ થાય છે. કારણ કે એની પ્રતિપક્ષી અશુદ્ધ વૃત્તિઓ જીવને અનાદિ કાળથી લાગેલી હોય છે. ક્રોધ, દ્રોહ, ઈર્ષ્યા, અસૂયા, આદિ વૃત્તિઓ મૈત્રી પ્રમોદ કારૂણ્ય આદિ ભાવનાની પ્રતિપક્ષી છે અને તે અનાદિ કાળથી જીવને લાગેલી હોય છે. મૈત્રીભાવના દૃઢ થવાથી ઈર્ષ્યાભાવ, પ્રમોદભાવના દૃઢ થવાથી અસૂયાભાવ, કરૂણાભાવ દૃઢ થવાથી દ્રોહભાવ અને માધ્યસ્થ્યભાવનાનો પરિણામ પ્રાપ્ત થવાથી ક્રોધભાવ ચાલ્યો જાય છે.

આ ભાવનાઓ વડે આત્માને ભાવિત કરતો બુદ્ધિમાન પુરૂષ તુટેલા વિશુદ્ધ ધ્યાનના પ્રવાહને પણ સાંધી શકે છે. જેણે આસનનો અભ્યાસ કર્યો છે, એવા પુરૂષે ધ્યાનની સિદ્ધિ માટે તીર્થંકરોનાં જન્મસ્થાન, દીક્ષાસ્થાન, જ્ઞાનસ્થાન કે નિર્વાણ સ્થાનમાંનું કોઈ તીર્થસ્થાન અથવા ચિત્તની સ્વસ્થતાનું કારણ કોઈ પાવત્ર એકાંત સ્થાનનો આશ્રય કરે. જે જે આસન કરવાથી મન સ્થિર થાય, તે તે આસનને ધ્યાનનું સાધન સમજવું. સુખકર આસન કરી બેઠેલો, હોઠ બીડી નાસિકના અગ્રભાગ ઉપર બંને આંખો સ્થિર કરી દાંતોને દાંત સાથે અડકવા નહિ દેતો, પ્રસન્ન મુખવાળો, પૂર્વ કે ઉત્તર દિશામાં મોઢું રાખી સારી રીતે ટટાર બેસનાર અપ્રમાદી ધ્યાની ધ્યાન કરવાનો પ્રયત્ન કરે.

ધ્યાનનો પ્રભાવ.

ગયા પૃષ્ઠ ૫૦૧ સુધીમાં યોગ શાસ્ત્રના ચોથા પ્રકાશનો ભાવાર્થ પૂર્ણ થયો છે. યોગ શાસ્ત્રના બે વિભાગમાંનો પ્રથમ વિભાગ પણ ત્યાં જ પૂર્ણ થાય છે. એ પ્રથમ વિભાગને અંતે ગ્રન્થકારશ્રી જણાવે છે કે "અપ્રમાદી ધ્યાની ધ્યાન કરવાનો પ્રયત્ન કરે." આ રીતે પ્રથમ વિભાગમાં ધ્યાનની સામાન્ય હકીકત જણાવી છે. યોગ શાસ્ત્રના બીજા વિભાગમાં ધ્યાનની વિસ્તૃત હકીકત પુરી પાડી છે× અહીં ધ્યાનના વિષયને "**ધ્યાન શતક**" "**અધ્યાત્મસાર**" આદિના આધારે સંક્ષેપથી જણાવવામાં આવે છે. અધિક જિજ્ઞાસાવાળાએ ધ્યાન વિષયક અન્ય ગ્રન્થો જોવા.

શ્રી વિશેષાવશ્યક મહાભાષ્યના પ્રણેતા પરમોપકારી સૂરિપુરંદર **શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ** '**ધ્યાનશતક**' નામના ગ્રન્થરત્નમાં ધ્યાનનો પ્રભાવ વર્ણવતાં ફરમાવે છે કે, 'જલથી જેમ મલ, અગ્નિથી જેમ કલંક અને સૂર્યથી જેમ પંક શોષાય છે, તેમ ધ્યાનરૂપી જલથી કર્મરૂપી મલ, ધ્યાનરૂપી અગ્નિથી કર્મરૂપી કલંક અને ધ્યાનરૂપી સૂર્યથી કર્મરૂપી પંક શોષાય છે, શુદ્ધ થાય છે.' વળી ભોજન નહિ કરવાથી અથવા વિરેચન લેવાથી રોગના

× તે માટે જુઓ આ પુસ્તકમાં આપવામાં આવેલ પરિશિષ્ટ બીજામાં "**યોગનાં આઠ અંગો**" વાળું લખાણ.

કારણોની ચિકિત્સા થાય છે અને-રોગાશય શમે છે,તેમ ધ્યાન-વૃદ્ધિના હેતુભૂત અનશનાદિ બાહ્ય અને પ્રાયશ્ચિતાદિ અભ્યં-તર તપ વડે કર્મરોગની ચિકિત્સા થાય છે અને કર્માશયો શમે છે. વલી ચિરસંચિત ઇંધન જેમ પવન સહિત અગ્નિ વડે શિઘ્ર ભસ્મીભૂત થાય છે, તેમ તપરૂપી પવન સહિત ધ્યાન રૂપી અગ્નિ વડે અનેક ભવોમાં ઉપાર્જેલાં અનંત કર્મરૂપી ઇંધનો ભસ્મીભૂત થાય છે. અહીં કર્મ એજ દુઃખરૂપી તાપના હેતુભૂત હોવાથી ઈન્ધનની ઉપમાને યોગ્ય છે, વળી પવનથી હણાયેલા ઘણા મેઘો પણ જેમ વિલયને પામે છે, તેમ ધ્યાનરૂપી પવનથી આહત થયેલાં ઘન-ઘણાં ચીકણાં કર્મ-રૂપી મેઘો પણ ક્ષણવારમાં વિલયને પામે છે, અહીં જીવ સ્વભાવને આવરણ કરનાર હોવાથી કર્મને ઘનની-વાદળાંની ઉપમા બરાબર લાગુ પડે છે, વળી ધ્યાન યુક્ત ચિત્ત ઈર્ષ્યા, વિષાદ, શોક, દૈન્ય, વિકલતા વિગેરે માનસતાપથી બાધિત થતુ નથી. ધ્યાનના પ્રભાવે હર્ષ, મત્સર, ક્રોધ, લોભ, કામ, કષાય વિગેરે માનસિક વિકારો પીડાકારક થતા નથી, તથા ધ્યાનથી અતિનિશ્ચલ બનેલા ચિત્તને વિષે ટાઢ, તાપ, ભૂખ, તૃષા વિગેરે શારીરિક પીડાઓ પણ બાધાકારક થતી નથી. એ કારણે સર્વ ગુણોનું સ્થાન સર્વ દશ્ય-અદશ્ય સુખોનું કારણ અને સર્વ આપત્તિઓનું નિવારણ કરનાર સુપ્રશસ્ત-ધ્યાન નિરંતર શ્રદ્ધેય-શ્રદ્ધા કરવા લાયક, જ્ઞેય-જ્ઞાન કરવા લાયક અને ધ્યેય ધ્યાન કરવા લાયક છે. ધ્યાનના સ્વરૂપનું જ્ઞાન, ધ્યાનના ફલની શ્રદ્ધા અને ધ્યાનની ક્રિયાનું આચ-

રણુ અનંત કર્મનિર્જરા કરાવનાર હોવાથી સદાસર્વદા કરવા લાયક છે.

શંકા: આથી ધ્યાનને છોડીને બીજી બધી ક્રિયાઓનો લોપ નહિ થાય ?

સમાધાન—ના. કારણુ કે શ્રી જિનશાસનમાં ધર્મની એવી કોઈ ક્રિયા નથી કે જેનાથો ધ્યાન ન થતું હોય. વસ્તુતઃ જેમાં ત્રણે યોગોની એકાગ્રતા થાય છે, એવી શાસ્ત્રોક્ત ક્રિયાઓનું આસેવન એજ તત્ત્વથી ધ્યાન છે. મોક્ષનો પ્રધાન હેતુ સંવર (આવતા કર્મનું રોકાણુ) અને નિર્જરા (પૂર્વનાં કર્મોનો ક્ષય) છે. સંવર અને નિર્જરાનો હેતુ ધ્યાન છે અને એ ધ્યાનની સાધક પ્રશસ્ત ક્રિયાઓ અને ધ્યેય–ધ્યાન કરવા લાયક અને સાક્ષાત્ એથી ઉપજતું સુપ્રશસ્ત ધ્યાન એજ મોક્ષનું કારણુ–સાધન છે, અને મોક્ષ ન મળે ત્યાં સુધી એ સાધનનું સેવન છોડવા લાયક નથી.

એ રીતે જીવરૂપી વસ્ત્ર ઉપર ચઢેલ કર્મરૂપી મેલને ધોવાનું સાધન ધ્યાનરૂપી જલ છે. જીવરૂપી સોનામાં રહેલ કર્મરૂપી કલંકને બાળવાનું સાધન ધ્યાનરુપી અનલ છે, તથા જીવરૂપી કાદવવાળી ભૂમિમાં રહેલ કર્મરૂપી કીચડને સુકવવાનું સાધન ધ્યાનરૂપી સૂર્ય છે, તથા ચિરસંચિત કર્મેન્ધનને દગ્ધ કરનાર અગ્નિ અને શુભાશુભ કર્મરૂપી વાદળાની ઘટાઓને વિખેરી નાંખનાર પવન પણુ તે ધ્યાન જ છે. શીતોષ્ણાદિ શારીરિક દુઃખો અને ઈર્ષ્યા–વિષાદાદિ

માનસિક પીડાઓનું નિવારણ કરવા માટેનું ઔષધ તથા કર્મ રોગને હઠાવવા માટેનું વિરેચન પણ તેજ છે.

વળી પુણ્યાનુબંધીપુણ્યના ફલસ્વરૂપ દેવગતિ સંબંધી વિપુલ સુખો, સુકુલમાં જન્મ, બોધિલાભ, ધર્મસામગ્રી, પ્રવ્રજ્યા, ઉત્તમ ગુરૂ, ઉત્તમ ગચ્છ, શુદ્ધ સંયમ, કેવલજ્ઞાન, શૈલેશીકરણ અને અન્તે અપવર્ગ વગેરે ઉત્તરોત્તર શુભાનુબન્ધી સુખોની પ્રાપ્તિ ધ્યાનના પ્રભાવે થાય છે.

ત્રણ ભુવનને વિષય કરનાર મનને એક અણુને વિષે સ્થિર કરી ધ્યાનયોગી અંતે મન રહિત થાય છે જેમ સર્વ શરીરને વિષે વ્યાપી રહેલું વિષ મંત્ર વડે 'ડંશ' દેશની અંદર લાવી પ્રધાનતર મંત્ર અને ઔષધ વડે દૂર કરાય છે, તેમ મનરૂપી વિષને જિનવચન ધ્યાનના સામર્થ્યથી પરમાણુ દેશની અંદર લાવી, યોગી અચિન્ત્ય પ્રયત્નથી દૂર કરે છે, અથવા ઈન્ધન સમુદાયને ક્રમશઃ દૂર કરવાથી સ્તોક ઈન્ધનથી અવશેષ રહેલો અગ્નિ જેમ આપોઆપ બુઝાઈ જાય છે, તેમ વિષય ઈન્ધનથી મન હુતાશનને ક્રમશઃ દૂર કરી અંતે સર્વથા નાબુદ કરાય છે. અથવા જેમ તપાવેલ લોઢાના ભાજન ઉપર રહેલું પાણીનું બિન્દુ અનુક્રમે વિલીન થાય છે, તેમ અપ્રમાદ રૂપી અગ્નિથી તપ્ત થયેલા જીવરૂપી ભાજન ઉપર રહેલું મનરૂપી જલ પણ શોષાઈ જાય છે. અહીં ભાવ મરણ (વારંવાર મરણ)ના કારણભૂત હોવાથી મનને વિષની ઉપમા આપેલી છે, તથા દુઃખરૂપી દાહના કારણભૂત હોવાથી તેજ મનને ફરીથી અગ્નિની ઉપમા આપેલી છે.

ધ્યાન માટે દેશ, કાળ અને અધિકારી.

પરમોપકારી પૂ. ઉપાધ્યાય **શ્રી યશોવિજયજી મહારાજ અધ્યાત્મસાર** નામના ગ્રન્થરત્નના ધ્યાનાધિકારમાં ફરમાવે છે કે—

स्त्रीपशुक्लीबदुःशीलवर्जितस्थानमागमे ।
सदा यतीनामाज्ञप्तं, ध्यानकाले विशेषतः ॥१॥

સ્ત્રી, પશુ, નપુંસક અને દુરાચારીઓથી વર્જિત એવા સ્થાનમાં વસવા માટે સદા મુનિઓને આગમમાં ફરમાવ્યું છે, અને ધ્યાનકાલે તો વિશેષે કરીને તેમ કરવા ફરમાવ્યું છે. ૧

स्थिरयोगस्य तु ग्रामेऽविशेषः कानने वने ।
तेन यत्र समाधानं, स देशो ध्यायतो मतः ॥ २ ॥

સ્થિર યોગીને તો ગામ, જંગલ કે વનમાં કાંઈ તફાવત નથી, તે કારણે જે સ્થાનમાં ચિત્તનું સમાધાન રહે, તે સ્થાન ધ્યાન કરનારને માટે યોગ્ય માનેલું છે. ૨

ધ્યાન યોગ્ય કાળનું વર્ણન કરતાં ફરમાવે છે કે—

यत्र योगसमाधानं, कालोऽपीष्टः स एव हि ।
दिनरात्रिक्षणादीनां, ध्यानिनो नियमस्तु न ॥ ३ ॥

જે કાળે મન, વચન, કાયાના પ્રશ્નોનું સમાધાન હોય, તે કાળ ધ્યાન કરવા માટે યોગ્ય છે, એ માટે દિવસ, રાત કે અમુક ક્ષણોનો નિયમ ધ્યાન કરનારને નથી. ૩

यैनाऽवस्था जिता जातु, न स्याद्ध्यानोपघातिनी ।
तथा ध्यायेन्निषण्णोवा, स्थितो वा शयीतोऽथवा ॥४॥

જે કોઇ અવસ્થા ધ્યાનનો ઉપઘાત કરનારી ન હોય, તે અવસ્થા વડે બેઠેલો, ઉભેલો કે સુતેલો ધ્યાન કરે. ૪

सर्वासु मुनयो देशकालाऽवस्थासु केवलम् ।
प्राप्तास्तन्नियमो नासां, नियता योगसुस्थता ॥५

સર્વ દેશ, સર્વ કાળ અને સર્વ અવસ્થાઓમાં મુનિઓ કેવળજ્ઞાનને પાંમ્યા છે, તેથી તેને વિષે નિયમ નથી (માત્ર) મન, વચન, કાયાના યોગની સ્વસ્થતા એ નિયત છે. ૫

ધર્મધ્યાનના અધિકારીનું વર્ણન કરતાં તેજ ગ્રન્થરત્નમાં ફરમાવ્યું છે કે—

मनसश्चेन्द्रियाणां च, जयाद्यो निर्विकारधीः ।
धर्मध्यानस्य स ध्याता, शान्तो दान्तः प्रकीर्तितः ॥६॥

મન અને ઇંદ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરવાથી જેની બુદ્ધિ નિર્વિકાર થયેલી છે, એવો શાન્ત અને દાન્ત ગુણવાળો ધ્યાતા ધર્મધ્યાનનો અધિકારી છે.

परैरपि यदिष्टं च, स्थितप्रज्ञस्य लक्षणम् ।
घटते ह्यत्र तत्सर्वं, तथा चेदं व्यवस्थितम् ॥ ७ ॥

બીજાઓએ પણ સ્થિતપ્રજ્ઞનું જે લક્ષણ સ્વીકારેલું છે, તે બધું અહીં ઘટે છે અને તે આ પ્રમાણે છે. ૭

प्रजहाति यदा कामान्, सर्वान् पार्थ ! मनोगतान्।
आत्मन्येवाऽऽत्मना तुष्टः, स्थितप्रज्ञस्तदोच्यते ॥८॥

હે પાર્થ ! મનોગત સર્વ કામનાઓનો જ્યારે ત્યાગ કરે છે અને આત્મા વડે આત્માને વિષે જ તુષ્ટ થાય છે, ત્યારે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. ૮

दुःखेष्वनुद्विग्नमनाः, सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः, स्थितधीर्मुनिरुच्यते ॥ ९ ॥

દુઃખોને વિષે ઉદ્વેગ રહિત, સુખોને વિષે સ્પૃહા તથા રાગ, ભય અને ક્રોધ રહિત થયેલો મુનિ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે ૯

यः सर्वत्राऽनभिस्नेहस्तत्तत्प्राप्य शुभाशुभम् ।
नाऽभिनन्दति न द्वेष्टि, तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥१०॥

જે સર્વત્ર મમત્વ રહિત છે અને તે તે શુભાશુભ પામીને હર્ષ-શોક ધારણ કરતો નથી, તેની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત છે. ૧૦

यदा संहरते चाऽयं, कूर्मोऽङ्गानीव सर्वशः ।
इन्द्रियाणीन्द्रीयार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥११॥

કાચબો જેમ પોતાના અંગોને સર્વ બાજુથી સંકોચી લે છે, તેમ ઈન્દ્રિયોના વિષયોથી ઈન્દ્રિયોને સંકોચી લે છે, તેની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત-સ્થિર થયેલી છે. ૧૧

शान्तो दान्तो भवेदीदृग्, आत्मरामतया स्थितः ।
सिद्धस्य हि स्वभावो यः, सैव साधकयोग्यता ॥१२॥

આ રીતે શાન્ત, દાન્ત અને આત્મારામપણે રહેલ યોગી ધ્યાનનો અધિકારી છે. સિદ્ધનો જે સ્વભાવ, તેજ સાધકની યોગ્યતા છે. ૧૨

પ્રકરણ નવમું.

મોક્ષપ્રાપ્તિનો સાચો ઉપાય.

(ज्ञानक्रियाभ्यां मोक्षः)

આત્માની શુદ્ધ અવસ્થા તે મોક્ષ છે અને અશુદ્ધ અવસ્થા એ સંસાર છે. અશુદ્ધ અવસ્થામાં રહેલો જીવ શુદ્ધ અવસ્થાની પ્રાપ્તિ કેવી રીતે કરી શકે, અર્થાત્ તેનો ઉપાય શું ? એ બતાવવા માટે શાસ્ત્રકારોએ "ज्ञानक्रियाभ्यां मोक्षः ।" એ સૂત્રની રચના કરી છે. જીવનો મોક્ષ એકલા જ્ઞાનથી કે એકલી ક્રિયાથી નથી. પણ એ બેના સંયોગથી જ છે. એ વાતને આ સૂત્ર સંક્ષેપથી જણાવે છે. બીજા શબ્દોમાં કહેવું હોય તો એમ કહી શકાય કે ક્રિયાનિરપેક્ષ જ્ઞાન, એ જ્ઞાન જ નથી અને જ્ઞાનનિરપેક્ષ ક્રિયા એ ક્રિયા જ નથી. સાચું જ્ઞાન, ક્રિયાસહિત જ હોય છે અને સાચી ક્રિયા, જ્ઞાનપૂર્વક જ થાય છે, એ રીતે ક્રિયા અને જ્ઞાન, જલ અને તેના રસની જેમ પરસ્પર મળેલાં જ હોય છે. જલ અને તેનો રસ એ જેમ જુદા પાડી શકાતાં નથી, તેમ સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ક્રિયા પણ એક બીજાથી જુદી પાડી શકાતી નથી. દારિદ્રયથી હણાયેલો પુરૂષ જો ચિંતામણિના સ્વરૂપને જાણનારો હોય, તો તેની પ્રાપ્તિના ઉપાયને છોડીને બીજી પ્રવૃત્તિ કરી શકે નહિ અને જો કરે તો તે

ચિંતામણિના સ્વરૂપને જાણનારો છે એમ કહેવાય નહિ. તેમ અશુદ્ધ અવસ્થામાં રહેલો જીવ અશુદ્ધ અવસ્થાનાં દુઃખને અને શુદ્ધ અવસ્થાનાં સુખને ખરેખર જાણતો હોય, તો અશુદ્ધ અવસ્થા ટાળીને શુદ્ધ અવસ્થા મેળવવાનાં ઉપાયમાં પ્રવૃત્તિ કર્યા સિવાય રહી શકે જ નહિ. એ ઉપાયનું નામ જ ક્રિયા છે. તથા શુદ્ધ અને અશુદ્ધ અવસ્થાના સ્વરૂપનું સાચું ભાન તેનું નામ જ જ્ઞાન છે.

આત્માની શક્તિઓનો એક સરખો વિકાસ સાધ્યા વગર કોઈપણ ફળ પ્રાપ્ત કરી શકાય નહિ. એની શક્તિઓ મુખ્ય બે છે. એક ચેતના અને બીજું વીર્ય. એ બન્ને શક્તિઓ પરસ્પર એવી સંકળાયેલી છે કે એમના વિના બીજાનો વિકાસ અધુરો જ રહી જાય છે, જેથી બન્ને શક્તિઓ સાથે જ આવશ્યક છે. ચેતનાનો વિકાસ એટલે જ્ઞાન મેળવવું અને વીર્યનો વિકાસ એટલે જ્ઞાન પ્રમાણે જીવન ઘડવું. તાત્પર્ય એ છે કે જ્ઞાન એ ચેતનાની વિશુદ્ધિ રૂપ છે અને ક્રિયા એ વીર્યની વિશુદ્ધિ રૂપ છે. જ્યારે ચેતના અને વીર્ય એ બન્નેની સંપૂર્ણ વિશુદ્ધિ થાય છે, ત્યારે જ સર્વસંવર રૂપ મોક્ષ થાય છે. એ રીતે જ્ઞાન અને ક્રિયા એ બન્નેના સુમેળથી મોક્ષ થાય છે. તે બન્નેમાંથી એકનો પણ નિષેધ કરનાર મોક્ષનો સાધક થઈ શકતો નથી. જ્ઞાન અને ક્રિયા એ બન્ને જીવનના છેડાઓ છે, તે છુટા છુટા હોય ત્યાં સુધી કાર્યસાધક ન બને પણ એ બન્ને છેડાઓ સાથે ગોઠવાય તો જ ફળસાધક બને.

શાસ્ત્રમાં એ માટે અંધપંગુનું એક પ્રસિદ્ધ દૃષ્ટાંત છે એક ગામમાં આગ લાગવાથી ગામના બીજા બધા માણસો તો પોતાનો જીવ બચાવવા માટે ભાગી ગયા પણ એક આંધળો હતો, તે આંખે નહિ દેખવાથી અને એક પાંગળો હતો, તે દેખાવા છતાં પણ પગ નહિ હોવાથી તે બન્ને આગનું સ્થાન છોડી શક્યા નહિ અને આગમાં બળીને ભસ્મીભૂત થઈ ગયા. જો તેઓ પરસ્પર મલી ગયા હોત અને આંધળાએ પાંગળાની આંખની અને પાંગળાએ આંધળાના પગની મદદ લીધી હોત તો બન્ને બચી શક્યા હોત. આ દૃષ્ટાન્તનો ઉપનય એ છે કે ક્રિયા વગરનું જ્ઞાન પાંગળું છે અને જ્ઞાન વિનાની ક્રિયા આંધળી છે. એ બેનો પરસ્પર સંયોગ ન થાય અર્થાત્ બન્ને પરસ્પર સાપેક્ષ ન બને તો બન્નેનો નાશ થાય. અર્થાત્ એકલા ક્રિયાવાન કે એકલા જ્ઞાનવાનનો આ સંસારરૂપી આગમાં નાશ થયા વિના રહે નહિ.

વસ્તુ સ્થિતિ આમ હોવા છતાં એકલા જ્ઞાનનો કે એકલી ક્રિયાનો પક્ષપાત જીવને શાથી થાય છે ? તેના પણ કારણો છે અને તે એ છે કે શાસ્ત્રોમાં જ્ઞાનનો મહિમા ગાતી વખતે ક્રિયાની તુચ્છતા બતાવી હોય છે અને ક્રિયાનો મહિમા ગાતી વખતે જ્ઞાનની નિઃસારતા વર્ણવી હોય છે. અશુદ્ધ જીવમાં અનાદિની અશુદ્ધતાના કારણે બે દોષો ઘર કરી ગયા હોય છે, એક તો શુભ ક્રિયામાં આળસ અને અશુભ ક્રિયામાં ઉત્સાહ તથા બીજો દોષ આત્મસ્વરૂપનું અજ્ઞાન

અને પરસ્વરૂપમાં આત્મસ્વરૂપનો ભ્રમ. આ બે દોષો જીવમાં એવા જડ ઘાલીને બેઠા હોય છે કે, તે જ્યારે જ્ઞાનનો મહિમા સાંભળે છે, ત્યારે ક્રિયામાં આળસુ બની જાય છે અને જ્યારે ક્રિયાનો મહિમા સાંભળે છે ત્યારે જ્ઞાન પ્રત્યે ઉપેક્ષા ભાવવાળો બની જાય છે. જીવનની આવી અશુદ્ધ દશામાં જ્યારે તેને જેવા ઉપદેશકનો સંયોગ મળે છે, ત્યારે તે તેવા દોષવાળો બની જાય છે. એવી દશામાં તેની શુદ્ધિ થવી તો દૂર રહી જાય છે, કિન્તુ અનાદિકાળથી લાગેલા એક યા બીજા દોષની અધિક ને અધિક પુષ્ટિ થવાથી વધારે ને વધારે અશુદ્ધ થતો જાય છે. જ્યારે તેને શુદ્ધ ઉપદેશક ગુરુ મળે અને બેમાંથી એક પણ દોષ પુષ્ટ ન થઈ જાય, તેની સાવધાનીપૂર્વક ઉપદેશ આપે, ત્યારે તે જો સચેતન હોય તો જ્ઞાન અને ક્રિયા ઉભયની સાધના કરનારો થાય અને અશુદ્ધિનો નાશ કરી શુદ્ધ દશાને પામી શકે.

જ્ઞાન અને ક્રિયા એ બેના સુમેળથી જ મુક્તિ થાય છે એ વાત સમજવા માટે નીચેના સિદ્ધાંતસારગર્ભિત વાક્યો પણ આત્માર્થી જીવને ખૂબ ઉપયોગી હોવાથી અહીં નીચે રજુ કરીએ છીએ.

જેઓ મોક્ષને પામ્યા છે, પામે છે અને પામશે, તે સર્વ મુમુક્ષુઓ પ્રથમ શુદ્ધ વ્યવહારનું આલંબન લઈને પછી નિશ્ચયના આશ્રય વડે પામ્યા છે. શુદ્ધ વ્યવહાર વિના નિશ્ચયની ઉત્પત્તિ હોતી નથી.

વ્યવહાર રત્નત્રયીથી નિશ્ચય રત્નત્રયી પ્રગટ થાય છે. આ રત્નત્રયી (જ્ઞાન–દર્શન–ચારિત્ર) વિના કોઈને કોઈપણ કાળે પોતાના પરમ શુદ્ધ ચિદ્રુપની પ્રાપ્તિ થતી નથી, એવો જ્ઞાનિઓનો દઢ નિશ્ચય છે.

સંયમ આચરણ ચારિત્ર એ વ્યવહારરૂપ છે અને સ્વરૂપ આચરણ રૂપ ચારિત્ર એ નિશ્ચયરૂપ છે. સંયમ–આચરણ ચારિત્ર વિના કેવળ સ્વરૂપાચરણ ચારિત્રની પ્રાપ્તિ થતી નથી. સ્વરૂપાચરણ ચારિત્ર કેવળ અપ્રમત્તાદિ ગુણ-ઠાણે જ હોય છે.

સર્વ નયનો આશ્રય કરનારા મહાત્માઓ કેવળ એકાંત નિશ્ચયમાં ખેંચાતા નથી, વ્યવહારને તજી દેતા નથી. જ્ઞાનને સર્વોત્કૃષ્ટ માનીને સ્વીકારે છે પણ ક્રિયાનો અનાદર કરતા નથી, ઉત્સર્ગને આદરે છે પણ અપવાદ ભૂલી જતા નથી. ભાવમાં તત્પર રહે છે પણ દ્રવ્યનું નિમિત્તપણું યાદ રાખે છે, એવી રીતે સાપેક્ષપણે અહર્નિશ વર્તન કરે છે.

નિશ્ચયમાં જ લીન થયેલા મહાત્માઓને જે ક્રિયાઓ અતિ પ્રયોજનવાલી નથી, તેજ ક્રિયાઓ વ્યવહારમાં રહેલાને અતિ ગુણકારી છે. અપુનર્બંધક દશાથી માંડી છઠ્ઠા ગુણઠાણા સુધી વ્યવહારની મુખ્યતા છે અને નિશ્ચયની ગૌણતા છે, જ્યારે અપ્રમત્ત આદિ સાતમા ગુણસ્થાનકથી નિશ્ચયની મુખ્યતા છે.

વ્યવહારનયને જાણ્યા કે આદર્યા વિના નિશ્ચયનય આદરવાની ઈચ્છા કરવી એ અનુપયોગી છે. શુદ્ધ વ્યવહારમાં

પ્રવીણતા પ્રાપ્ત કર્યા વિના સાચા નિશ્ચયની કદી પણ પ્રાપ્તિ થતી નથી.

હંમેશાં અસદારંભમાં રહેલાઓને વ્યવહાર ક્રિયા ખૂબ જ ઉપયોગી છે. વૃત્તિઓમાં રહેલી સ્થૂલ મલિનતાઓને ઉત્તમ વ્યવહારવાળા દાન, તપ, જપ, વંદન, પૂજન, દયા, પ્રતિક્રમણ આદિ ક્રિયાઓથી દૂર કરી શકાય છે, જ્યારે મનમાં રહેલી સૂક્ષ્મ મલિનતાને વિવેક દષ્ટિવાળા વિચારથી વિશુદ્ધ કરી શકાય છે.

ક્રિયા માર્ગમાં પ્રવેશ કરનાર મનુષ્યને પોતાના મન, વચન અને કાયાને વ્રત, તપ, જપ આદિ યમ, નિયમોમાં અહર્નિશ પ્રવર્તાવવા પડે છે અને જ્ઞાન માર્ગમાં પ્રવેશ કરનાર મનુષ્યને ક્રિયા માર્ગમાં દઢતા થયા પછી અહોનિશ આત્મોપયોગમાં તત્પર રહેવું પડે છે.

જે ભૂમિકામાં જે ઘટે નહિ તે જીવ કરે તો તે ભૂમિકાનો સ્હેજે ત્યાગ થાય છે.

સિદ્ધાંતમાં જ્યાં નિશ્ચયધર્મનું વર્ણન છે, ત્યાં નિશ્ચયધર્મનો આદર કરવા માટે છે પણ વ્યવહાર ધર્મના ખંડન માટે નથી, તેમ વ્યવહાર ધર્મનું વર્ણન છે ત્યાં વ્યવહાર ધર્મના આદર માટે છે પણ નિશ્ચય ધર્મના ખંડન માટે નથી. વ્યવહાર અને નિશ્ચયની ગૌણતા–મુખ્યતા પ્રત્યેક જીવના અધિકાર પ્રમાણે જાણવી. સાપેક્ષ બુદ્ધિએ સર્વ સત્ય છે.

વ્યવહાર અને નિશ્ચય એ બન્ને નયોને ગૌણ-મુખ્ય રાખી પ્રવૃત્તિ કરતાં વસ્તુનો યથાર્થ બોધ થાય છે. જે વખતે વ્યવહારની મુખ્યતા હોય, તે વખતે નિશ્ચયની ગૌણતા હોય અને જે વખતે નિશ્ચયની મુખ્યતા હોય તે વખતે વ્યવહારની ગૌણતા હોય. આમ બન્ને નયદષ્ટિઓમાં જ્યારે જેની જરૂરીયાત હોય ત્યારે તેનો ઉપયોગ બીજી દષ્ટિનો તિરસ્કાર ન કરતાં સમભાવની દૃષ્ટિએ કરવામાં આવે તો વસ્તુ તત્ત્વનો યથાર્થ અનુભવ થાય છે.

સમ્યગ્જ્ઞાનવાળા, ક્રિયાને વિષે તત્પર, ઉપશમવાળા જ્ઞાનાદિ ગુણોવડે ભાવિતાત્મા, અને જેઓ જિતેન્દ્રિય છે તેઓ પોતે સંસાર સમુદ્રથી તરેલા છે અને તેઓ બીજાને પણ તારવાને સમર્થ બને છે.

ક્રિયા રહિત એકલું જ્ઞાન અનર્થક-મોક્ષરૂપ ફળ સાધવાને અસમર્થ છે. માર્ગનો જાણનાર પણ ગમન ક્રિયા કર્યા સિવાય ઇચ્છિત નગરે પહોંચી શકતો નથી.

જેમ દીવો પોતે સ્વપ્રકાશરૂપ છે, તો પણ તેલ પૂરવા વિગેરે ક્રિયાની અપેક્ષા રાખે છે, તેમ પૂર્ણજ્ઞાની પણ અવસરે સ્વભાવરૂપ કાર્યને અનુકૂલ ક્રિયાની અપેક્ષા રાખે છે.

'આ ક્રિયા તો બાહ્ય ભાવ છે,' એ રીતે બાહ્ય ક્રિયાના ભાવને આગળ કરીને જેઓ વ્યવહારથી ક્રિયાનો નિષેધ કરે છે, તેઓ મુખમાં કોળીઓ નાખ્યા સિવાય તૃપ્તિને ઇચ્છે છે.

'અધિક ગુણવંતોનું બહુમાન, પાપની જુગુપ્સા, અતિચારની આલોચના, વ્રતમાં લાગેલા દોષની ગર્હા, દેવ ગુરૂની ભક્તિ અને ઉત્તરગુણની શ્રદ્ધા તથા લીધેલા નિયમોને હમેશાં સંભારવા, આ બધા કારણો વડે શુભ ક્રિયા અત્યંત ગુણ કરનારી છે, તેનાથી ઉત્પન્ન થયેલા ભાવનો નાશ થતો નથી અને નહિ ઉત્પન્ન થયેલા ભાવને પણ શુભ ક્રિયા ઉત્પન્ન કરે છે.

ક્ષાયોપશમિક ભાવે વર્તતાં તપ, સંયમ અનુકૂલ જે ક્રિયા કરાય છે, તે ક્રિયાવડે શુભ ભાવથી પડી ગયેલાને પણ તે ભાવની ફરીથી વૃદ્ધિ થાય છે. તે હેતુથી ગુણની વૃદ્ધિ કરવા માટે અથવા ગુણથી પડી ન જવાય તે માટે ક્રિયા કરવી જરૂરી છે. એક સંયમ સ્થાન તો માત્ર કેવલજ્ઞાનીને જ સ્થિર રહે છે.

ભવ્ય જીવ વચનાનુષ્ઠાનથી નિર્વિકલ્પ સમાધિરૂપ અસંગ ક્રિયાની યોગ્યતાને પ્રાપ્ત થાય છે અને તે અસંગ ક્રિયા આ જ્ઞાન અને ક્રિયાની અભેદ ભૂમિકા છે. કારણ કે અસંગ ભાવરુપ ક્રિયા શુભ ઉપયોગ અને શુદ્ધ વીર્યોલ્લાસની સાથે તન્મયતા ધારણ કરે છે. વળી તે સ્વાભાવિક આનંદરૂપ અમૃતરસથી ભીંજાયેલી છે.

પોતાના શુદ્ધ આત્માને મૂકીને કોઈ સ્થળે, કોઈકાળે કે કોઈપણ પ્રકારે શુદ્ધ નિશ્ચય નય બીજાનો સ્પર્શ કરતો નથી; છતાં વ્યવહારનું આલંબન લઈ નિશ્ચયમાં પહોંચે છે. આમ વ્યવહારના આલંબનને લઈ નિશ્ચય વર્તતો હોવાથી જ

તે શુદ્ધ આત્મ સ્વરૂપની પ્રાપ્તિ કરે છે માટે વ્યવહાર, એ નિશ્ચયને માટે પરમ ઉપકારી છે.

જૈન શાસનરૂપી રથને નિશ્ચય નય અને વ્યવહાર નય એમ બે ચક્રો છે જેઓ એ બે ચક્રોમાંથી એક પણ ચક્રનો ઈન્કાર કરનારા અગર એકમાં જ રાચનારા પણ ઉભયનો યથાસ્થિત સ્વીકાર અને અમલ નહિ કરાનારાઓ રથને ભાંગી નાખવાનું કામ કરનાર છે.

બે પાંખ વિના જેમ પક્ષી ઉડી શકતું નથી અને બે હાથ વિના જેમ તાલી પાડી શકાતી નથી અને બે નેત્રો વિના જેમ વસ્તુનું અવલોકન બરાબર થતું નથી તેમ બે નય વિના દ્રવ્યોનું અવલોકન યથાર્થ થતું નથી. કેટલાક જીવો વ્યવહારનય વિના કેવળ નિશ્ચયથી નાશ પામ્યા છે. જ્યારે કેટલાક જીવો નિશ્ચયનય વિના એકલા વ્યવહાર નયથી પણ સર્વ કર્મરહિત બની શકયા નથી, એમ તીર્થંકર દેવોએ કહ્યું છે. વ્યવહાર અને નિશ્ચય બન્ને સાથે મળીને જ કાર્ય સાધક બને છે એ તાત્પર્ય છે.

કેવળજ્ઞાની ભગવંતો પણ સર્વસંવર રૂપ ક્રિયાને પામ્યા વગર પરમપદ સ્વરૂપ મોક્ષને પામી શકતા નથી, તો પછી બીજાની તો શી વાત ? મતલબ કે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ ક્રિયા એમ ઉભયથી મોક્ષ છે, પણ બેઉમાંથી એકના અભાવમાં મોક્ષ નથી.

અહીં મોક્ષમાર્ગમાં જ્ઞાનથી આત્મ સ્વરૂપનું જ્ઞાન લેવાનું છે અને ક્રિયાથી હિંસાદિ અશુભક્રિયાઓથી નિવારણ

કરનારી ક્રિયાઓ સમજવાની છે. મોક્ષમાર્ગમાં આત્મજ્ઞાન-શૂન્ય જ્ઞાન, સમગ્ર જગતનું થાય તો પણ તેની કાંઈ જ કિંમત નથી, તેમ જ્ઞાન, અધ્યાત્મ આદિના નામે અહિંસાદિ શુભ ભાવોને ઉત્તેજન આપનારી શુભ ક્રિયાઓનો નિષેધ જેમાં ન હોય તેજ સાચો મોક્ષ માર્ગ છે.

શુભ ક્રિયા પૂર્વકનું શુદ્ધજ્ઞાન અને શુદ્ધજ્ઞાન પૂર્વકની શુભક્રિયાઓ મોક્ષમાર્ગ છે. આત્માર્થી જીવોએ તે બન્નેનું યથાર્થ સ્વરૂપ સમજીને તે બન્નેમાંથી એકની પણ ઉપેક્ષા કર્યા વિના યથાશકય આરાધક જીવન ગાળવા પ્રયાસ કરવો જોઈએ.

સમાધિયોગ ઉપર ચઢવાને ઇચ્છતો સાધક બાહ્ય-ક્રિયાને પણ સેવે છે. અને એ ભાવસાધક પ્રીતિ, ભક્તિ અને વચનરૂપ શુભ સંકલ્પમય ક્રિયા વડે અશુભ સંકલ્પને દૂર કરતો આરાધક થાય છે યોગરૂપ ગિરિ શિખર ઉપર ચઢેલો પુરૂષ અંતર્ગત ક્રિયાવાળો ઉપશમથીજ શુદ્ધથાયછે.

જેની દૃષ્ટિ કરૂણાની વૃષ્ટિ જેવી છે અને જેની વાણી ઉપશમરૂપ અમૃતનો છંટકાવ કરનારી છે એવા શુભજ્ઞાન અને ક્રિયામાં મગ્ન થયેલા યોગિને નમસ્કાર હો.

પરિશિષ્ટ પહેલું.

મહાવ્રત અને તેની ભાવનાઓ.

"**ધર્મ સાધના**" નામનું આ પુસ્તક મુખ્ય રીતે યોગશાસ્ત્ર ગ્રન્થના આધારે ગૃહસ્થ ધર્મીઓને ઉદ્દેશીને તૈયાર થયેલું હોવાથી તેમને જરૂરી માર્ગાનુસારિતા ગુણોનું, અણુવ્રતોનું, તથા શ્રાવકની દીનચર્યા આદિનું વર્ણન એમાં કરવામાં આવ્યું છે. પરંતુ યોગશાસ્ત્ર ગ્રન્થની શરૂઆતમાં કરવામાં આવેલ મંગલાચરણનું રહસ્ય, યોગનો મહિમા, મુનિઓની આચાર શુદ્ધિમાં અનન્ય કારણભૂત મહાવ્રતો તથા મહાવ્રતોની ભાવનાઓનું, મહાવ્રતોના અધિકારીઓનું વર્ણન કે જે પ્રસ્તુત પુસ્તકમાં દાખલ થયું નથી તેથી તેને સંક્ષેપમાં અહીં જોઈએ, જેથી યોગશાસ્ત્રના પ્રથમ વિભાગ સ્વરૂપ શરૂઆતના ચાર પ્રકાશનો સંક્ષિપ્ત ભાવાર્થ પણ અહીં અખંડિત બનશે.

(યોગશાસ્ત્ર શરૂઆતના શ્લોક ૧ થી ૩૪ સુધીનો ભાવાર્થ)

મંગલાચરણ. ઘણી મહેનતને દૂર કરી શકાય એવા રાગદ્વેષ આદિ શત્રુઓના સમૂહનું નિવારણ કરનાર, અર્હંત, યોગીઓના સ્વામી અને જગતના જીવોનું રક્ષણ કરનાર મહાવીર દેવને નમસ્કાર!

ભગવાનની સમદ્રષ્ટિ. દંશ કરવાની બુદ્ધિથી પગને

સ્પર્શ કરનાર પૂર્વ જન્મના કૌશિકગોત્રી સર્પના ઉપર અને નમન કરવાની બુદ્ધિથી પગનો સ્પર્શ કરનાર ઈન્દ્રના ઉપર જે મહાશયનું મન તે બન્ને ઉપર સરખું જ હતું તે શ્રીમન્ મહાવીરદેવને નમસ્કાર!

મહાવીર દેવની કરૂણા. અપરાધ કરવાવાળાં જીવો ઉપર પણ કરુણાથી નમ્ર અને અશ્રુથી 'આર્દ્ર' એવા શ્રી વીર પરમાત્માના નેત્રોનું કલ્યાણ થાઓ!

આ શ્લોકમાં સુંદર રૂપક આપી પૂ. આચાર્યશ્રીએ ભગવાનના આત્મામાં રહેલ અનંત કરૂણાનું દર્શન કરાવ્યું છે. ભગવાનની અંદર રહેલ અનંત કરૂણાનું દર્શન આપણા આત્મામાં થવું એજ પરમાત્માનું સાચું દર્શન છે. પરમાત્માની સાથે સંબંધ બાંધવા માટેની એ યોગ્ય ભૂમિકા છે. પરમાત્માની સાચી પિછાણ થયાની એ શરૂઆત છે.

ભગવાન મહાવીરના જીવનની બે બાજુઓ છે. એક કઠોર અને બીજી કોમળ. આંતર બાહ્ય વિવિધ મુશ્કેલીઓનો સામનો કરતી વખતે ભગવાને પોતાના જીવનમાં ઘણી જ ધીરતા, વીરતા અને ગંભીરતા બતાવી છે અને એથી જ ભગવાનનું મહાવીર નામ એ ગુણ નિષ્પન્ન મહાવીર તરીકે પ્રસિદ્ધિમાં આવ્યું છે, વ્રત, તપ, ધ્યાન, ઉપસર્ગ અને પરિષહ સહવાની અને તે વખતે અડગ રહેવાની દૃષ્ટિએ તેમનું જીવન ઘણું કઠોર હતું પરંતુ ભગવાનના જીવનમાં કઠોર વ્રત, અને તપ જ હતાં એતો ભગવાનના જીવનની એક બાજુ હતી, એમની સામે એમની

બીજી બાજુ પણ છે. કઠોર તપ, વ્રતમાં અડોલ રહેવાનું સામર્થ્ય પ્રગટ થવામાં તેમની તે બીજી બાજુ ઘણી જ કારણભૂત હતી. ભગવાનમાં જ એવું અપૂર્વ સામાર્થ્ય પ્રગટ્યું તેમાં મુખ્ય તત્ત્વ એ હતું કે ભગવાનના આત્મામાં કરૂણા તત્ત્વ સૌથી અધિક હતું. ભગવાનના જીવનમાં કરૂણા એટલી અપાર હતી કે તેની સરખામણીમાં ઉભી શકે એવો કોઈ પદાર્થ આ ચરાચર વિશ્વમાં મહાજ્ઞાની પુરૂષોને પણ ગોત્યો જડતો નથી અને તેથી "जगत्त्रयाधार कृपावतार।" 'હે પ્રભુ! તમે ત્રણ જગતના આધાર છો અને કરૂણાના અવતાર છો' 'સ્વયં-ભૂરમણ સાગર કરતાં પણ આપની કૃપા અધિક છે.' એવી રીતે ભગવાનને સ્તવીને અટકી ગયા છે.

ભગવાન સૌથી શ્રેષ્ઠ ગણાય છે તેમાં ઘણા કારણો હોવા છતાં તેઓ કરૂણાના મહાસાગર છે એ કારણ મુખ્ય છે. ત્રણ ત્રણ ભવ સુધી ભગવાન સતત રીતે કરૂણાનો વરસાદ વરસાવે છે અને તેથી જ ભગવાનના એ ભવો પણ ગણના તુલ્ય બન્યા છે. સિદ્ધત્વની સાધના એક ભવમાં પણ થઈ શકે છે, જ્યારે અરિહંતપણાની સાધના માટે ઓછામાં ઓછા ત્રણ ભવ જોઈએ. આમાં સિદ્ધત્વ કરતાં ભવ વધારે છે, છતાં એ વસ્તુ પ્રશંસા પાત્ર બને છે, તેનું કારણ એ છે કે એ ત્રણ ભવોમાં ભગવાન કેવળ કરૂણાનો જ વરસાદ વરસાવે છે અને તેથી જ જગતના અનેક ભવ્યજીવો ભવથી નિસ્તારને પામે એવી પરિસ્થિતિ જગતમાં

સર્જાતી જાય છે. એથી એ ભવોભવસ્વરૂપ હોવા છતાં અનેકના ભવોચ્છેદમાં કારણ બને છે. જો જગતમાં આવું કરૂણા તત્ત્વ ન હોત તો કોઈપણ જીવનો મોક્ષની સાથે સંબંધ થઈ શકત નહી. જેમ ઘાતી કર્મો ખપ્યા પછી અવશેષ અઘાતી કર્મો જગતને આશીર્વાદ રૂપજ બને છે, તેમ પરાર્થભાવ પ્રધાન બન્યા પછીના કરૂણાશીલ એવા તીર્થંકરના ભવો પણ સમગ્ર જગતને પરમ આશીર્વાદ રૂપ જ બને છે.

વરબોધિની પ્રાપ્તિ પછી ભગવાનના આત્મામાં આ કરૂણા તત્ત્વ એટલું બધું વિકસી જાય છે કે તે તેની પરાકાષ્ટાએ પહોંચી જાય છે. તેમની તમામ પ્રવૃત્તિઓ કરૂણા પ્રધાન હોય છે. લોકોના ચિત્તમાં ચમત્કાર ઉત્પન્ન કરે તેવી યોગની મહાન વિભૂતિઓ–અતિશયોની પરંપરાઓ તેમની સામે ખડી થાય છે, તેમાં મુખ્ય કારણું તરીકે એમના આત્મામાં જગતના તમામ જીવો પ્રત્યે ઉત્પન્ન થયેલ અનંત કરૂણાતત્ત્વ જ છે. સૂર્ય જેમ સૌને સરખો પ્રકાશ આપે છે, પરંતુ કોઈ માણસ પોતાનો દરવાજો બંધ કરી મૂકે તો તેને પ્રકાશ મળતો અટકી જાય છે, પણ તેમાં સૂર્યની ખામી કે કૃપણતા નથી, પણ તેની સામે આડ મૂકનાર જીવની વિપરીત ચેષ્ટા કારણભૂત છે. તેમ ભગવાનની કરુણા પણ સર્વ જીવો પ્રત્યે સમાન હોવા છતાં તે કરુણાને માનવા કે ઝીલવા જે તૈયાર નથી તે ભગવાનની કરૂણાનો પાત્ર બનતો નથી. તીર્થંકર જેવી ઋદ્ધિ સિદ્ધિ બીજા જીવો પ્રાપ્ત કરી શકતા

નથી એનો અર્થ પણ એજ છે કે તીર્થંકર જેવી કરૂણા બીજા આત્મામાં પ્રગટી શકતી નથી. જેનામાં સૌથી અધિક સૌથી વિશાળ અને સર્વ જીવ વિષયક સહજ કરૂણા પ્રગટે, તેનામાં સૌથી અધિક તારવાનું સામર્થ્ય પ્રગટે એવો નિયમ છે. ભગવાનમાં સૌથી અધિક કરૂણા હતી માટે ભગવાન સૌથી વધારે તારક અને સૌથી વધારે પૂજ્ય બની શકયા છે. મોતીની સુંદરતાના મૂલમાં કોમળ પાણી કારણભૂત હોય છે. તેમ ભગવાન મહાવીરમાં પણ જે પરમસુંદરતા હતી તેના મૂલમાં સર્વ જીવ વિષય કોમળતારૂપી કરૂણા કારણભૂત હતી. જેમ પાણી વિનાનું મોતી નિસ્તેજ અને કિંમત વિનાનું છે, તેમ કરૂણા વિનાના ગુણો પણ નિસ્તેજ અને અકિંચિત્કર છે. ભગવાન મહાવીર સમગ્ર જગત પ્રત્યે અત્યંત કોમળ હતા અને એથીજ ઘોર અપરાધી ઉપર પણ ભગવાન કરૂણા વર્ષાવી શકયા હતા. માત્ર ચિત્તના દોષો અને ચિત્તની અશુભ વૃત્તિઓ પ્રત્યે જ ભગવાન કઠોર હતા કે જે કઠોરતા તો પ્રત્યેક મુમુક્ષુઓને મહાન બનાવનાર છે. આ રીતે ભગવાન મહાવીરના જીવનની બન્ને બાજુઓનો સ્થિરચિત્તે અભ્યાસ કરવો જરૂરી છે. અને એમના આંતર જીવનમાં રહેલા કરૂણાતત્ત્વને શોધીને તેને આત્મસાત્ બનાવવું એજ ભગવાન મહાવીરની વાસ્તવિક ભક્તિ છે. ભગવાન મહાવીર કેવળ કરૂણામૂર્તિ હતા એવું જ્યારે દુનિયાને ભગવાનનું સાચું દર્શન થશે ત્યારે ભગવાન મહાવીર તમામ વિવેકી પુરુષોના હૈયાના હાર બન્યા વિના નહિ રહે. જ્યાં સુધી પરમકૃપાળુ

ભગવાન મહાવીર આપણા હૃદયમાં બિરાજમાન ન થાય ત્યાં સુધી આંતર કલેશોની અપાર અને ભયંકર ભંગ-જાળમાંથી શી રીતે મુક્ત બની શકાય ? અનંત દુઃખથી મુક્ત થવા માટે અને આન્તરશાન્તિની પ્રાપ્તિ માટે તે સિવાય બીજો ઉપાય નથી.

ભગવાન મહાવીરનું કરુણાતત્ત્વ બહાર લાવવાની સર્વકાળ કરતાં આજના વિષમંકાળમાં વધુ જરૂર છે, કારણ કે એમાં જ સમગ્ર જગતનું પરમહિત સમાયેલું છે.

યોગશાસ્ત્ર બનાવવાનો આધાર : ચોથા શ્લોકમાં આચાર્યશ્રી જણાવે છે કે સિદ્ધાંત રૂપ સમુદ્રમાંથી કેટલોક ભાગ લઈને, કેટલોક ભાગ સદ્ગુરુની પરંપરાથી મેળવીને અને કેટલોક ભાગ મને પોતાને જે અનુભવ થયો છે તે, એમ ત્રણ આધાર મેળવીને આ યોગશાસ્ત્ર બનાવું છું. કોઈપણ વસ્તુને પ્રામાણિક બનાવવા માટે તેના કહેનારા તેને સ્વીકારનારા અને તે વસ્તુનું નિરવદ્ય સ્વરૂપ આ ત્રણની શુદ્ધિ બતાવવી પડે છે, આ શાસ્ત્રને કહેનારા અવિચ્છિન્ન પરંપરા પ્રાપ્ત મહાજ્ઞાની, અનુભવી અને યોગી મહાપુરુષ છે, તેને સ્વીકારનાર પરમાર્હત કુમારપાલ જેવા વિવેકી સત્પુરુષો છે, અને તેમાં બતાવેલ યોગનોમાર્ગ હેતુ સ્વરૂપ અને અનુબંધ એમ ત્રણ પ્રકારે શુદ્ધ છે. આગમ, સદ્-ગુરૂઓની પરંપરા અને આચાર્યશ્રીનો સ્વાનુભવ, એમ ત્રણ રીતે આ ગ્રન્થ કસોટીમાંથી પસાર થયેલો છે તેથી આ ગ્રન્થ સજ્જનોને માનનીય છે.

યોગમહિમા : દુનિયાની સર્વપ્રકારની વિપત્તિઓરૂપી વેલડીઓના સમૂહને કાપવા માટે **યોગ** એક તીક્ષ્ણ ધારવાળા કુહાડા સરખો છે. તથા જડીબુટ્ટી, મંત્ર કે તંત્ર વિના મોક્ષ લક્ષ્મીને વશ કરનાર વશીકરણ છે. જેમ પ્રચંડ પવનથી ઘણી ઘાટી પણ વાદળાની ઘટા વિખરાઈ જાય છે, તેમ **યોગના** પ્રભાવથી ગમે છેટલાં મોટાં પાપ પણ નાશ પામે છે. ઘણા વખતથી એકઠાં થયેલાં લાકડાંઓને પ્રબલ અગ્નિ જેમ એક ક્ષણવારમાં બાળીને ભસ્મ કરી નાખે છે, તેમ ઘણા કાળથી ભેગા થયેલાં પાપોને પણ **યોગ** બાળી નાંખે છે. યોગના પ્રભાવથી યોગીનો કફ વિગેરે શારીરિક મળ અને શરીરનો સ્પર્શ વિગેરે દિવ્ય ઔષધિરૂપ બની જાય છે. તેને અણિમા લઘિમા વિગેરે સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. બધી ઇન્દ્રિયોના વિષયોનું જ્ઞાન તે ગમે તે ઈન્દ્રિય દ્વારા પ્રાપ્ત કરી શકે છે. પૃથ્વી, પાણી, આકાશ વગેરે સ્થળે તે ગમે તેમ ગતિ કરી શકે છે. નિગ્રહ અને અનુગ્રહ કરવામાં સમર્થ થાય છે, દૂરના કોઈપણ મૂર્તદ્રવ્યનું જ્ઞાન કરી શકે છે. તથા બીજાના મન પ્રત્યક્ષ દેખી શકે છે. આ બધી સિદ્ધિઓ યોગરૂપી કલ્પવૃક્ષના વિકસ્વર થયેલા પુષ્પોની શોભા છે. યોગનું ખરેખરૂં ફલતો મોક્ષની પ્રાપ્તિજ છે.

યોગનું માહાત્મ્ય કેવું અદ્ભુત છે! ભરતક્ષેત્રના સ્વામી ભરત ચક્રવર્તી વિશાળ સામ્રાજ્ય વહન કરતા હોવા છતાં આરીસા ભુવનમાં યોગના માહાત્મ્યથી કેવળજ્ઞાન પામ્યા!

પહેલાં કોઈપણ જન્મમાં ધર્મ નહિ પામેલાં છતાં યોગના પ્રભાવથી પરમાનંદથી સમૃદ્ધિવાન મરૂદેવી માતા પરમપદ (મોક્ષપદ) પામ્યાં. બ્રાહ્મણ, સ્ત્રી, બાળક અને ગાયની હત્યા જેવાં મહાપાપ કરનારા તથા નરકમાં જવાને તૈયાર થયેલા લુટારૂ દૃઢપ્રહારી આદિનું રક્ષણ કરનાર યોગજ છે. તથા તરતમાંજ જેણે સ્ત્રી હત્યા કરી છે તેવા દુરાત્મા ચિલાતી પુત્રને પણ યોગેજ બચાવ્યો, તેવા યોગની સ્પૃહા કોણ ન કરે? હવે આચાર્યશ્રી જગતના જીવોને જાગૃત કરવાને અર્થે ફરમાવે છે કે **યોગ** એવા અક્ષરોરૂપ શલાકા (કાન વિંધવાની સળી) વડે જે માણસના કાન વિંધાયેલા નથી અર્થાત્ યોગ સંબંધી ઉપદેશ, વાર્તા, સંવાદ, કે ચર્ચા કંઈપણ શ્રવણ કરવામાં આવ્યું નથી, તે નરપશુનો જન્મ નિરર્થક છે. જન્મ થવા છતાં જન્મ ન થવા બરાબર છે. તેવા વ્યર્થ જન્મેલ નરપશુનો જન્મજ મા થજો. એ પ્રમાણે કઠોર શબ્દો કહીને પણ માનવોને જાગૃત કરવાનું આચાર્યશ્રીનું કથન એ આ દુનિયાના પામર જીવો ઉપર આંતરિક કરૂણારસને સૂચવી આપે છે. તેઓશ્રીના આ શબ્દો ઘોર નિદ્રામાં પડેલા દુનિયાના જીવોને જાગૃત કરવાને એક મહાન વાજીંત્ર તુલ્ય છે.

યોગનું સ્વરૂપ. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારે વર્ગોમાં મોક્ષ ઉત્તમ છે. એ મોક્ષનું કારણ યોગ છે. જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્રરૂપી રત્નત્રય એ યોગનું સ્વરૂપ છે.

જ્ઞાનયોગ. જેવી રીતે જીવાદિ તત્ત્વોનું સ્વરૂપ છે,

તેવી જ રીતે સંક્ષેપથી કે વિસ્તારથી બોધ થવો તેને વિદ્વાન પુરુષો સમ્યગ્જ્ઞાન કહે છે.

દર્શનયોગ. શ્રી જિનેશ્વર ભગવાનના કહેલા તત્વોને વિષે રૂચિ થવી તેને જ્ઞાનીઓ સમ્યક્ શ્રદ્ધા કહે છે. આ શ્રદ્ધા સ્વાભાવિક રીતે યા ગુરુના ઉપદેશથી થાય છે.

ચારિત્ર યોગ. સર્વ પાપવાળી, મન, વચન, કાયાની પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો તેને ચારિત્ર કહેવામાં આવે છે. અહિંસાદિ પાંચ મહાવ્રતોના ભેદ અનુસાર તેના પાંચ પ્રકાર છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અને અપરિગ્રહ. એક એક મહાવ્રતની પાંચ પાંચ ભાવનાઓ છે. એ ભાવનાઓ વડે ભાવિત કરેલા મહાવ્રતો પરમ મુક્તિને માટે થાય છે.

અહિંસા વ્રત. પ્રમાદના કારણથી ત્રસ જીવોનું અને સ્થાવર જીવોનું જીવિતવ્ય નાશ ન કરવું તેનું નામ અહિંસા નામનું પ્રથમ મહાવ્રત છે.

સત્ય વ્રત. બીજાને પ્રિય લાગે તેવું હિતકારી અને સત્ય વચન બોલવું તે સત્ય નામનું બીજું મહાવ્રત છે, જે વચન સત્ય હોવા છતાં અપ્રિય અહિતકાર હોય તે સત્ય નથી.

અસ્તેય વ્રત. માલિકે આપ્યું ન હોય ત્યાં સુધી તેનું કાંઈ ન લેવું, એ અસ્તેય અથવા અચૌર્ય નામનું ત્રીજું મહાવ્રત છે. ધનાદિ પદાર્થો એ મનુષ્યના બાહ્ય પ્રાણ જેવા છે. તે ધનાદિ હરણ કરવાથી તેના પ્રાણ જ હરી લીધા એમ કહી શકાય.

બ્રહ્મચર્ય વ્રત. દિવ્ય કે સ્થૂલ શરીરો સાથે મન, વાણી, કાયાથી, તેમજ કરવું, કરાવવું કે અનુમતિ આપવી એમ અઢાર પ્રકારથી કામ ભોગનો ત્યાગ કરવો તેનું નામ બ્રહ્મચર્ય નામનું ચોથું મહાવ્રત છે.

અપરિગ્રહ વ્રત. સર્વ પદાર્થોમાં આસક્તિનો ત્યાગ તેનું જ નામ અપરિગ્રહ છે. કારણ કે પદાર્થોનો ત્યાગ કર્યો હોય પણ જો આંસક્તિનો ત્યાગ ન કર્યો હોય તો વસ્તુ પાસે ન હોય તો પણ મનમાં અનેક વિકલ્પો ઉત્પન્ન થાય છે.

અહિંસાદિ વ્રતની પાંચ પાંચ ભાવનાઓ. મનોગુપ્તિ, એષણા સમિતિ, આદાન સમિતિ, ઈર્યા સમિતિ અને અન્ન પાન જોઈને ગ્રહણ કરવું આ પાંચ ભાવનાઓ વડે બુદ્ધિમાન મનુષ્યોએ અહિંસા વ્રતને ભાવિત કરવું.

હાસ્ય, લોભ, ભય અને ક્રોધનો ત્યાગ કરવા વડે, અને નિરંતર વિચાર પૂર્વક બોલવા વડે સત્ય વ્રતને ભાવિત કરવું.

બરાબર વિચાર કરીને અવગ્રહની યાચના કરવી, વારંવાર અવગ્રહની યાચના કરવી, આટલો જ અવગ્રહ વાપરીશું એમ નિશ્ચય કરી તેટલો અવગ્રહ રાખવો, સ્વધર્મીઓ પાસેથી અવગ્રહની યાચના કરવી અને અન્નપાન આસન વિગેરે ગુરૂની આજ્ઞા મેળવીને વાપરવા એ પાંચ અસ્તેય વ્રતની ભાવનાઓ છે.

સ્ત્રી, નપુંસક અને જનાવરોવાળાં ઘર, આસન તથા

તેઓ જયાં વસતા હોય તે મકાનની ભીંતના આંતરે રહે-વાનો ત્યાગ કરવાવડે કરીને, રાગ પેદા થાય તેવી રીતે સ્ત્રીની કથાઓનો ત્યાગ કરવાવડે કરીને, પૂર્વ અવસ્થામાં અનુભવેલા વિષયોની સ્મૃતિ ન કરવાવડે કરીને, સ્ત્રીઓનાં મનોહર અંગો રસપૂર્વક ન જોવા તથા પોતાના શરીરની ટાપટીપ ન કરવાવડે કરીને, તેમજ રસવાળાં અને પ્રમાણથી અધિક આહારનો ત્યાગ કરવા વડે કરીને બ્રહ્મચર્ય વ્રતને ભાવિત કરવું.

સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ આ પાંચ ઇન્દ્રિ-યોના મનોહર વિષયોને વિષે ગાઢ આસક્તિનો ત્યાગ કરવો અને તેજ પાંચ ઇન્દ્રિયોના અમનોજ્ઞ–મનને ન ગમે તેવા વિષયોને વિષે સર્વથા દ્વેષનો ત્યાગ કરવો તે આકિંચન્ય યાને અપરિગ્રહ વ્રતની પાંચ ભાવનાઓ કહેલી છે.

બીજી વ્યાખ્યા પ્રમાણે, પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓથી પવિત્ર બનેલા ચારિત્રને તીર્થંકર ભગવંતો સમ્યક્ ચારિત્ર કહે છે. વિવેક યુક્ત સમ્યક્ પ્રવૃત્તિ એ સમિતિ કહેવાય છે અને બુદ્ધિ તથા શ્રદ્ધાપૂર્વક મન, વચન, કાયાને ઉન્માર્ગથી રોકવાં તે ગુપ્તિ કહેવાય છે. આ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ મળીને આઠ બાબતો સાધુના ચારિત્રરૂપી શરીરને ઉત્પન્ન કરનાર હોવાથી, તેનું રક્ષણ કરતી હોવાથી, તથા તેનું સંશોધન–શુદ્ધિ કરનાર હોવાથી સાધુની આઠ માતાઓ કહેવાય છે.×

× આ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું વિશેષ સ્વરૂપ આ પુસ્તકમાં '**ગુરૂતત્ત્વની ઓળખાણ**' પૃષ્ઠ ૯૧–૯૨માં કહેવાઇ ગયુ છે.

ચારિત્રના અધિકારીના વિષયમાં બે વિભાગો કરવામાં આવ્યા છે. એક સર્વવિરતિ, બીજું દેશવિરતિ. પૂર્વે વર્ણન કરેલ પાંચ મહાવ્રતો રૂપ મૂલગુણ અને આઠ પ્રવચન માતા રૂપ ઉત્તર ગુણને જે પૂર્ણ રીતે પાળી શકે તે સર્વવિરતિ કહેવાય છે. આ સર્વવિરતિ ત્યાગીઓથી જ બની શકે છે. પરંતુ તે પ્રમાણે જેઓ પૂર્ણ આદર કરવા માટે સર્વથા સમર્થ નથી તેવા જીવો પણ સાધુધર્મમાં પ્રેમવાળા બની તે સ્થિતિ મેળવવા માટે અને પોતાની યોગ્યતામાં વધારો કરવા માટે દેશવિરતિનો આદર કરે છે. સર્વ વિરતિનો અમુક અંશે આદર કરવો તેનું નામ દેશ વિરતિ છે. તેને ગૃહસ્થનો **ધર્મ** અથવા **શ્રાવકધર્મ**[1] તરીકે ઓળખાવવામાં આવે છે. ચારિત્રમાં પ્રીતિ હોવા છતાં અશક્તિના કારણે તેને સર્વાંશે ન આચરી શકતા ગૃહસ્થો તેને અલ્પ અંશે આચરીને પણ ક્રમે ક્રમે કલ્યાણના ભાગી બની શકે છે.

આ દેશવિરતિરૂપ ચારિત્ર (શ્રાવક ધર્મરૂપ અણુવ્રતોના પાલન)ના મૂલમાં પણ **'ન્યાય સંપન્ન વિભવ'** આદિ **નીતિ માર્ગાનુસારીના પાંત્રીસ ગુણોના**[2] પાલનની જરૂર છે તે પાંત્રીસ ગુણોને જીવનમાં ઉતારવાની જેઓ કાળજીવાળા હોય છે તેવા ગૃહસ્થો ગૃહસ્થયોગમાર્ગના અધિકારી બની શકે છે.

---

૧ શ્રાવક ધર્મનું વિશેષ વર્ણન આજ પુસ્તકના પાંચમા પ્રકરણ-પૃષ્ઠ ૨૫૦ થી વિસ્તારથી કરવામાં આવ્યું છે.

૨ માર્ગાનુસારીના પાંત્રીસ ગુણોનું વિશેષ વર્ણન આ પુસ્તકની શરૂઆતમાં આપવામાં આવ્યું છે. જુઓ પ્રકરણ પહેલું પૃષ્ઠ ૫ થી ૪૯

પરિશિષ્ટ બીજું

યોગનાં આઠ અંગો

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર ધારણા, ધ્યાન અને સમાધિ આ યોગનાં આઠ અંગો છે. યોગશાસ્ત્રમાં યોગનાં આઠ અંગોનો નીચે પ્રમાણે સમાવેશ કરવામાં આવ્યો છે.

(૧) યમ.

અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ વ્રતોને યમની સંજ્ઞા આપવામાં આવી છે. શ્રાવકના અણુવ્રતના અધિકારમાં તથા મુનિરાજોના મહાવ્રતના અધિકારમાં આ યમોનું સ્વરૂપ આવી જાય છે. આ પુસ્તકમાં તે હકીકત આગળ આવી ગઈ છે.

(૨) નિયમ.

શ્રાવકના ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતોમાં તથા શ્રાવકની દિનચર્યામાં સાધકને ઉપયોગી અનેક નિયમોનું વર્ણન આ પુસ્તકમાં તે તે સ્થળે કરવામાં આવ્યું

છે. તેની અંતર્ગત શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણીધાન રૂપ પાંચ નિયમોનો પણ સમાવેશ થઈ જાય છે.

(૩) આસન.

સાધનાને ઉપયોગી આસનોનુ વર્ણન આ પુસ્તકમાં 'આત્મ જ્ઞાનનાં સાધન' નામના પ્રકરણમાં અગાઉ થઈ ગયું છે.

(૪) પ્રાણાયામ.

શ્વાસ પ્રશ્વાસની ગતિનો નિરોધ કરવો તેનું નામ પ્રાણાયામ છે. યોગશાસ્ત્રના પાંચમા પ્રકાશમાં તે હકીકત વિસ્તારથી બતાવવામાં આવી છે. છતાં મુક્તિના સાધનરૂપ ધ્યાનમાં પ્રાણાયામને આચાર્યશ્રી એકાંતે ઉપયોથી માનતા નથી. પ્રાણાયામથી મનઃસ્વાસ્થ્ય પ્રાપ્ત થવાને બદલે ઉલટો ક્લેશ થાય છે. પોતાના અનુભવથી લખેલા બારમા પ્રકાશમાં તેઓશ્રી ફરમાવે છે કે 'રેચક પૂરક તથા કુંભક કરવાના અભ્યાસક્રમ વિના પણ અમનસ્કતા પ્રાપ્ત થતાં પ્રયત્ન વિના પ્રાણ પોતાની મેળે જ કાબુમાં આવી જાય છે. એકવાર આત્માએ બહિરાત્મદશાનો ત્યાગ કરી અંતરાત્મરૂપ બની પરમાત્મા સાથે તન્મયતા કરી એટલે પ્રાણાયામાદિ કાંઈ ઉપયોગનાં નથી. ઇન્દ્રિય જય કરી અમનસ્કતા સિદ્ધ કરવી જોઈએ. એ સિદ્ધ થતાં પ્રાણાયામ એની મેળે સિદ્ધ થાય છે. ગુરૂ પાસેથી ઉપદેશ પ્રાપ્ત કરી

અધ્યાત્મ જ્ઞાનમાં લીન થવાથી યોગ સિદ્ધિ થાય છે. સદ્‌ગુરૂની ઉપાસના ઉપર ગાઢ ઈચ્છા કરવી તેમની પ્રસન્નતા પ્રાપ્ત કરવી અને આત્માને પરમ બ્રહ્મમાં યોજી દેવો એજ યોગની સિદ્ધિનો પરમ ઉપાય છે,

છતાં પ્રાણાયામના વિષયમાં એટલું વિશેષ સમજવાનું કે યોગીઓને નાના પ્રકારની રૂચિ થાય છે અને પોતાની રૂચિ પ્રમાણે યોગનો ઉપાય કરવામાં આવે તો ઉત્સાહ રહે, તેથી કોઈ વ્યકિતને પ્રાણાયામથી પણ ફળ સિદ્ધિ થવી સંભવે છે. તથાં જે પ્રાણીની ઇન્દ્રિય વૃત્તિનો નિરોધ પ્રાણ વૃત્તિના નિરોધથી જ થઇ શકે તેમ હોય તેને આ પ્રાણાયામ નામનું અંગ ઉપયોગી છે.

ઉપરાંત શારીરિક આરોગ્ય, મૃત્યુજ્ઞાન વિગેરે કેટલીક અન્ય બાબતો તેનાથી સિદ્ધ થાય છે, તેટલા પૂરતું તેનું પ્રયોજન સ્વીકારવામાં આવ્યું છે.

(૫) (૬) પ્રત્યાહાર અને ધારણા.

ઈન્દ્રિયો સહિત મનને વિષયોમાંથી ખેંચી લઈ, પ્રશાન્ત બુદ્ધિવાળા પુરૂષે ધર્મધ્યાન કરવા માટે મનને નિશ્ચલ કરવું, તે **પ્રત્યાહારનું** લક્ષણ છે. એ પ્રમાણે વિષયોમાંથી પાછા ખેંચેલા મનને પછી નાભિ, હૃદય નાસિકાનો અગ્રભાગ, કપાળ, ભ્રકૂટી તાળવું, આંખ, મુખ, કાન, અને માથું, એ બધા ધારણાના સ્થાનોમાંથી કોઈ એક સ્થાને નિશ્ચલ કરવું તે **ધારણા** કહેવાય છે. ઉપર

બતાવેલ સ્થળોમાંથી કોઇપણ એક સ્થળે મનને લાંબો વખત સ્થાપન કરનાર પુરૂષના અનુભવમાં યોગમાર્ગની ઘણી પ્રતીતિઓ ઉદ્ભવે છે.

(૭) ધ્યાન.

ધારણા પછી યોગશાસ્ત્રમાં ધ્યાનનો અધિકાર આવે છે. ધ્યાન કરવા ઈચ્છનારે સૌથી પ્રથમ ધ્યાતા (ધ્યાન કરનાર) ધ્યેય અને ધ્યાન એ ત્રણનું સ્વરૂપ જાણવું જોઇએ. તેથી તેને અહીં રજુ કરીએ છીએ.

ધ્યાન કરનાર ધ્યાતાનાં લક્ષણો

'अमुंचन् प्राणनाशेऽपि, संयमैकधुरिणताम् ।
परमप्यात्मवत्पश्यन्, स्वस्वरूपापरिच्युतः ॥ १ ॥

—પ્રાણનો નાશ થાય તો પણ સદાચરણમાં અગ્રેસરપણું ન મૂકનાર; બીજા જીવોને પણ પોતાના આત્માની જેમ જોનાર, પોતાના સ્વરૂપથી પાછો ન પડનાર.

' उपतापमसंप्राप्तः, शीतवातातपादिभिः ।
पिपासुरमरीकारि–योगामृतरसायनम् ॥ २ ॥

—ટાઢ, તાપ અને વાયુ આદિથી ખેદ ન પામનાર અને અજરામર દશાને કરનાર એવા યોગરૂપી અમૃત રસાયણ પીવાનો ઇચ્છુક.

' रागादिभिरनाक्रान्तं क्रोधादिभिरदूषितम् ।
आत्मारामं मनः कुर्वन् , निर्लेपः सर्वकर्मसु ॥३॥

—રાગદ્વેષાદિકથી નહિ દબાયેલ, ક્રોધ, માન, માયા, અને લોભાદિકથી અદૂષિત એવા પોતાના મનને આત્માનંદમાં રમતું કરનાર તથા સર્વ કાર્યોમાં નિર્લેપ રહેનાર.

विरतः कामभोगेभ्यः, स्वशरीरेऽपि निस्पृहः ।
संवेगहृदनिर्मग्नः, सर्वत्र समतां श्रयन् ॥ ४ ॥

—કામ-ભોગથી વિરક્ત, પોતાના શરીર પ્રત્યે પણ નિઃસ્પૃહ, સંવેગરૂપ દ્રહમાં મગ્ન થયેલ, શત્રુ અને મિત્ર, સુવર્ણ અને પત્થર, નિંદા અને સ્તુતિ વગેરે સર્વ વિષયમાં સમભાવ રાખનાર.

नरेन्द्रे वा दरिद्रे वा, तुल्यकल्याणकामनः ।
अमात्रकरुणापात्रं, भवसौख्यपराङ्मुखः ॥ ५ ॥

—રાજા હોય કે રંક હોય, બેઉના તુલ્ય કલ્યાણનો ઈચ્છુક, સર્વ જીવો ઉપર કરુણા કરનાર અને સંસારનાં સુખોથી પરાઙ્મુખ.

सुमेरुरिव निष्कम्पः, शशीवानन्ददायकः ।
समीर इव निःसंगः, सुधीर्ध्याता प्रशस्यते ॥ ६ ॥

—મેરુ પર્વતની જેમ [ઉપસર્ગ-પરિષહાદિથી] અડોલ, ચન્દ્રમાની જેમ આનંદદાયક અને વાયુની જેમ નિઃસંગ (અપ્રતિબદ્ધ), એવો બુદ્ધિમાન ધ્યાતા ધ્યાન કરવાને લાયક છે.

ધ્યેયનું સ્વરૂપ. પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત, આ ચાર પ્રકારનું ધ્યાનના આલંબનરૂપ ધ્યેય, જ્ઞાની પુરૂષોએ કહેલું છે.

પિંડસ્થ ધ્યેયમાં પાર્થિવી, આગ્નેયી, મારૂતી, વારૂણી અને તત્ત્વભૂ આ પાંચ ધારણાઓ કરવાની હોય છે.

પાર્થિવી ધારણા. તિર્છાલોક પ્રમાણ લાંબો પહોળો એક ક્ષીર સમુદ્ર ચિંતવવો, તે સમુદ્રની અંદર જંબુદ્વીપ

પ્રમાણુ એક લાખ યોજનના વિસ્તારવાળું અને એક હજાર પાંખડીઓવાળું કમલ ચિંતવવું, તે કમળના મધ્યભાગમાં કેસરાઓની અંદર દેદીપ્યમાન પીળી પ્રભાવાળી અને મેરૂ પર્વત જેટલી પ્રમાણુવાળી કર્ણિકા છે એમ ચિંતવવું. તે કર્ણિકા ઉપર એક ઉજ્જવલ સિંહાસન છે, તેના ઉપર બેસી કર્મોને મૂળથી ઉખેડી નાખવાનો પ્રયત્ન કરતા પોતાને ચિંતવવો, તે પાર્થિવી ધારણા કહેવાય છે,

આગ્નેયી ધારણા. તથા નાભિની અંદર સોળ પાંખડીવાળું કમલ ચિંતવવું, તે કમલની કર્ણિકામાં મહામંત્ર (अर्हं) સ્થાપન કરવો. અને તે કમલનાં દરેક પત્રોમાં અનુક્રમે अ કાર આદિ સોળ સ્વરો સ્થાપવા.

પછી હૃદયમાં આઠ પાંખડીનું કમલ ચિંતવવું. જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મો અનુક્રમે એક એક પાંખડીમાં સ્થાપન કરવાં. અને તે કમળનું મુખ નીચું રાખવું. અર્થાત સોળ પાંખડીવાળા કમળના ઉપર જાણે અધર ઝુલતું હોય તેમ નીચા મુખે તે કમળ રાખવું. પછી રેફ બિન્દુ અને કલાયુક્ત મહામંત્રમાં જે (हँ) અક્ષર છે તેના રેફમાંથી હળવે હળવે નીકળતી ધૂમાડાની શિખા ચિંતવવી. પછી તેમાંથી અગ્નિના કણિઆઓ નીકળતા ચિંતવવા અને પછી અનેક જ્વાળાઓ નીકળતી ચિંતવવી. તે જ્વાલાઓના સમૂહથી હૃદયની અંદર રહેલું (આઠ કર્મોથી બનેલું આઠ પાંખડીવાળું) કમળ બાળવું અને તે મહામંત્ર

(अर्हँ)ના ધ્યાનથી ઉત્પન્ન થયેલો પ્રબળ અગ્નિ અવશ્ય તે કર્મવાળા કમલને બાળી નાખે છે એમ ચિંતવવું. પછી શરીરની બહાર ત્રણ ખુણાવાળો બળતો અગ્નિનો જત્થો (કુંડ) સાથિયાના ચિન્હવાળો અને વહ્નિબીજ (र) રકાર સહિત ચિંતવવો. પછી શરીરની અંદર મહામંત્રના ધ્યાનથી ઉત્પન્ન થયેલી અગ્નિની જ્વાલા અને બહારના વહ્નિપુરની જ્વાળા, એ બન્ને વડે કરી દેહ અને આઠ કર્મનું બનેલું કમળ તે બન્ને બાળીને તત્કાળ ભસ્મસાત્ કરી શાન્ત થવું, તેને આગ્નેયી ધારણા કહે છે.

વાયવી ધારણા. ત્યાર પછી ત્રણ ભુવનના વિસ્તારને પૂરી દેતા, પર્વતોને ચલાયમાન કરતા અને સમુદ્રને ક્ષોભ પમાડતા, પ્રચંડ વાયુને ચિંતવવો. અને પૂર્વે શરીર તથા કમલને બાળીને જે રાખ કરવામાં આવી છે, તેને આ વાયુ-વડે ઉડાડી નાખી દૃઢ અભ્યાસે–પ્રબળ ધારણાએ કરી તે વાયરાઓને પાછો શાન્ત કરવો, એને મારૂતી નામની ત્રીજી ધારણા કહેવાય છે.

વારૂણી ધારણા. અમૃત સરખા વરસાદને વરસાવનાર, મેઘની માળાઓથી વાદળાંઓથી ભરપૂર આકાશને ચિંતવવું. પછી અર્ધચંદ્રાકાર કલાબિંદુ સહિત વરૂણ બીજ (वँ)ને સ્મરવું, તે વરૂણ બીજથી ઉત્પન્ન થયેલા અમૃત સરખા પાણીથી આકાશને ભરીને પૂર્વે શરીરથી પેદા થયેલ રજ, જે આકાશમાં ઉડાડી હતી, તે રજને તે પાણીથી ધોઈ

નાંખવી. પછી વારૂણ મંડલને શાન્ત કરવું, તે વારૂણી ધારણા કહેવાય છે.

તત્ત્વભૂ ધારણા. ત્યાર પછી શુદ્ધ બુદ્ધિવાળા યોગીએ સાત ધાતુ વિનાના, પૂર્ણચંદ્રની માફક નિર્મલ કાંતિવાળા અને સર્વજ્ઞ સમાન પોતાના આત્માને ચિંતવવો. પછી સિંહાસન ઉપર આરુઢ થયેલા, સર્વ અતિશયોથી સુશોભિત, સર્વ કર્મોનો નાશ કરનારા અને કલ્યાણકારક મહિમાવાળા, પોતાના શરીરની અંદર રહેલા, નિરાકાર આત્માને ચિંતવવો. એ તત્ત્વભૂ નામની ધારણા જાણવી. આ પિંડસ્થ ધ્યાનનો હંમેશાં અભ્યાસ કરનાર યોગી મોક્ષ સુખ પામે છે.

પિંડસ્થ ધ્યેયનું માહાત્મ્ય. આ પ્રમાણે નિરંતર પિંડસ્થ ધ્યાનમાં અભ્યાસ કરનાર યોગીને દુષ્ટ વિદ્યા, મંત્ર, મંડલ, શક્તિ વગેરે પરાભવ કરી શકતાં નથી. શાકિનીઓ, ક્ષુદ્ર યોગણીઓ, પિશાચો અને માંસ ભક્ષણ કરનારાઓ, તે યોગીના તેજને સહન નહી કરી શકતાં તત્કાળ જ ત્રાસ પામે છે. તેમજ દુષ્ટ હાથી. સિંહ, શરલ અને સર્પો મારવાની ઈચ્છાવાળા પણ સ્તંભિત થયેલાની માફક દૂર ઉભા રહે છે. પિંડસ્થ ધ્યાનનું આ સામાન્ય ફળ છે. વિશેષ ફલ કર્મક્ષયથી ઉત્પન્ન થનાર મોક્ષ છે.

પદસ્થ ધ્યાન. પવિત્ર પદોનું આલંબન લઈને જે ધ્યાન કરવામાં આવે છે, તેને સિદ્ધાન્તના પારગામી પુરૂષોએ પદસ્થ ધ્યાન કહેલું છે.

માતૃકાનું ધ્યાન. નાભિકંદ ઉપર સોળ પાંખડીવાળું એક કમળ ચિંતવવું. તેની પ્રત્યેક પાંખડીમાં અનુક્રમે अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, ऌ, ॡ, ए, ऐ, ओ, औ अं अः એ પ્રમાણે સોળ સ્વરની શ્રેણિ ભ્રમણ કરતી ચિન્તવવી.

તથા હૃદયમાં ચોવીસ પાંખડીવાળું કમળ ચિંતવવું. તેમાં વચ્ચે એક કર્ણિકા છે એમ ચિન્તવવું. ચોવીસ પાંખડીમાં અનુક્રમે क, ख, ग, घ, ङ, च, छ, ज, झ, ञ, ट, ठ, ड, ढ, ण, त, थ, द, ध, न, प, फ, ब, भ, એ ચોવીશ વ્યંજનો ચિન્તવવા અને પચ્ચીસમો म કાર વચ્ચે કર્ણિકામાં ચિન્તવવો.

તથા મોઢામાં આઠ પાંખડીવાળા કમલની કલ્પના કરવી અને તે મુખકમલની આઠ પાંખડીમાં અનુક્રમે य, र, ल, व, श, ष, स, ह, આ આઠ વર્ણોની સ્થાપના કરી તેનું ચિન્તવન કરવું.

આ પ્રમાણે આ સ્વર અને વ્યંજન સ્વરૂપ માતૃકાનું ચિન્તવન કરતો ધ્યાતા શ્રુતજ્ઞાનનો પારગામી થાય છે. તે સંબંધી કહ્યું છે કે–અનાદિ સિદ્ધ આ अ કાર આદિ વર્ણોનું વિધિપૂર્વક એટલે કે ઉપર બતાવેલ ત્રણે કમળોમાં ગોઠવીને એકાગ્રતાપૂર્વક ધ્યાન કરતાં થોડા જ વખતમાં ધ્યાન કરવાવાળાને નષ્ટાદિસંબંધી અર્થાત્ ગયું–આવ્યું, થયું–થવાનું તથા જીવિત અને મરણાદિ સંબંધી જ્ઞાન ઉત્પન્ન થાય છે.

બીજી રીતે પદસ્થ ધ્યાન. નાભિકંદની નીચે આઠ

પાંખડીવાળું એક કમળ ચિંતવવું. તે કમળની રમણિક કેસરાઓ સોળ સ્વરોની કલ્પવી. કમળની આઠ પાંખડીઓમાં આઠ વર્ગો અનુક્રમે સ્થાપન કરવા. તે આઠ વર્ગો નીચે પ્રમાણે સમજવા. (૧) अ કારથી માંડી अः સુધી સોળ સ્વરો (૨) क ख ग घ ङ. (૩) च छ ज झ ञ. (૪) ट ठ ड ढ ण. (૫) त थ द ध न. (૬) प फ ब भ म (૭) य र ल व. (૮) श ष स ह. આ આઠ વર્ગો એક પાંખડીમાં એક વર્ગ એમ આઠ પાંખડીમાં સ્થાપન કરવા. આઠ પાંખડીવાળા આ કમળની પ્રત્યેક પાંખડીની સંધિઓમાં એટલે કે એક પાંખડી અને બીજી પાંખડીના આંતરમાં સિદ્ધસ્તુતિ અર્થાત્ ह्रीँ કાર તેને સ્થાપન કરવા. આઠ પાંખડીઓના અગ્રભાગમાં ॐ ह्रीँ સ્થાપન કરવા. તે કમલમાં પહેલો વર્ણ अ અને છેલ્લો વર્ણ ह, રેફ (ॅ) કલા (ँ) અને બિન્દુ (૦) સહિત બરફની માફક ઉજ્જવલ સ્થાપન કરવો. તાત્પર્ય એ છે કે કમલમાં अर्हँની સ્થાપના કરવી. આ अर्हँ અક્ષર છે. તેનું મનમાં સ્મરણ કરવા માત્રથી પવિત્ર કરનાર છે. આ अर्हँ શબ્દનો પ્રથમ હ્રસ્વ ઉચ્ચાર મનમાં કરવો, પછી દીર્ઘ, પ્લુત, સૂક્ષ્મ અને પછી અતિસૂક્ષ્મ કરવો. પછી તે નાદ નાભિની, હૃદયની અને ઘંટિકાદિકની ગાંઠને વિદારણ કરતો, સૂક્ષ્મ ધ્વનિવાળો થઈ તે સર્વના મધ્યમાં થઈ આગળ ચાલ્યો જાય છે એમ ચિંતવવું. પછી તે બિન્દુથી તપેલી કળામાંથી નીકળતા દુધ સરખા ઉજ્જવળ અમૃતના કલ્લોલે કરી અંતરાત્માને સિંચાતો ચિંતવવો. પછી એક અમૃતનું સરોવર કલ્પવું. તે સરોવરથી પેદા થયેલ

સોળ પાંખડીવાળા કમલની અંદર પોતાના આત્માને સ્થાપન કરી તે પાંખડીઓમાં અનુક્રમે સોળ વિદ્યાદેવીઓને ચિંતવવી. પછી દેદીપ્યમાન સ્ફટિક રત્નના કુંભમાંથી ઝરતા દુધની માફક ઉજ્જવલ અમૃતવડે પોતાને સિંચાતા ઘણા વખત સુધી મનમાં ચિંતવવું. પછી આ મંત્રરાજના નામવાળા શુદ્ધ સ્ફટિકની માફક નિર્મળ જે પરમેષ્ઠિ અર્હંત છે તેનું મસ્તકને વિષે ધ્યાન કરવું. તે ધ્યાનના આવેશથી સોહં, સોહં,–તે વીતરાગ તેજ હું, તેજ હું, એમ વારંવાર બોલતાં નિઃશંકપણે આત્માની અને પરમાત્માની એકતા અનુભવવી. પછી નિરાગી, અદ્વેષી, અમોહી, સર્વદર્શી, દેવોથી પૂજનીક અને સમવસરણમાં રહી ધર્મદેશના કરતા પોતાને પરમાત્માની સાથે અભિન્નપણે ધ્યાવવો. આ પ્રમાણે પરમાત્માની સાથે અભિન્નતાનું ધ્યાન કરતાં ધ્યાની પાપનો નાશ કરીને પરમાત્મપણાને પામે છે.

अर्हँ નું **ધ્યાન.** ઉપર અને નીચે રેફયુક્ત અને કલા અને બિન્દુથી આક્રાન્ત, અનાહત સહિત મંત્રાધિરાજ (अर्हँ)ને સુવર્ણના કમલમાં રહેલા ગાઢ ચંદ્રના કિરણોની માફક નિર્મલ, આકાશમાં સંચરતો અને દિશાઓને પ્રાપ્ત થતો ચિંતવવો. ત્યાર પછી મુખ કમળમાં પ્રવેશ કરતા, ભ્રૂલતાની અંદર ભમતા, નેત્રપત્રમાં સ્ફુરાયમાન થતા, ભાલ મંડપમાં રહેતા, તાલુના રંધ્રથી બહાર નીકળતા, અમૃતરસને ઝરતા, ઉજ્જવલતામાં ચંદ્રમા સાથે સ્પર્ધા કરતા, જ્યોતિષ મંડલમાં સ્ફુરતા, આકાશના ભાગમાં સંચરતા અને મોક્ષ-

લક્ષ્મી સાથે યોજતા સર્વ અવયવોથી સંપૂર્ણ મંત્રાધિરાજને કુંભક કરીને ચિંતવવો. કહ્યું છે કે અ કાર જેની આદિમાં છે અને હકાર જેના અંતમાં છે તથા મધ્યમાં બિન્દુ સહિત રેફ (ँ) છે તે જ (अर्हँ) પરમ તત્ત્વ છે તેને જે જાણે છે, તે તત્ત્વનો જાણ છે. મનને સ્થિર કરી યોગી જ્યારે આ अर्हँ મહાતત્ત્વનું ધ્યાન કરે છે, તે જ વખતે તેને આનંદ સંપદાની ભૂમિ સમાન મોક્ષ લક્ષ્મી સમીપ આવીને ઉભી રહે છે.

ૐકારનું ધ્યાન. હૃદય કમલમાં રહેલ, સમગ્ર શબ્દ બ્રહ્મની ઉત્પત્તિનું એક કારણ, સ્વર તથા વ્યંજન સહિત, પંચ પરમેષ્ઠિપદ વાચક તથા મસ્તકમાં રહેલા ચંદ્રકલામાંથી ઝરતા અમૃતના રસે કરી ભિંજાતા, મહામંત્ર પ્રણવ–ૐકારને કુંભક કરીને ચિન્તવવો.

પંચ પરમેષ્ઠિ મંત્રનું ધ્યાન. ત્રણ જગતને પવિત્ર કરનાર, અતિ પવિત્ર, પંચ પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રને વિશેષ પ્રકારે ચિન્તવવો. આ પુસ્તકના છઠ્ઠા પ્રકરણમાં શ્રાવકની દિનચર્યામાં શ્રી નમસ્કાર મહામંત્રના અધિકાર પ્રસંગે મહામંત્ર નમસ્કારનું ધ્યાન કેવી રીતે કરવું તે હકીકત સંક્ષેપથી કહેવાઈ ગઈ છે.

આ મહામંત્રનેજ સારી રીતે આરાધીને શ્રેષ્ઠ આત્મલક્ષ્મીને મેળવી, આ ભવમાં યોગીઓ ત્રણેલોકના જીવોથી પણ પૂજાય છે. હજારો પાપો કરનારા અને સેંકડો પ્રાણી-

ઓને મારનારા તિર્યંચો પણ આ મહામંત્રનું આરાધન કરી દિવ્ય ગતિને પ્રાપ્ત થયા છે.

ચત્તારિમંગલં આદિ. મંગલ, ઉત્તમ અને શરણ આ ત્રણને અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ એ ચારની સાથે મેળવીને એકાગ્ર ચિત્તથી સ્મરણ કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. તે પવિત્ર પદો નીચે પ્રમાણે છે—

चत्तारि मङ्गलं–अरिहंता मंगलं, सिद्धा मंगलं, साहू मंगलं केवलिपन्नत्तो धम्मो मङ्गलं । चत्तारिलोगुत्तमा–अरिहन्ता लोगुत्तमा, सिद्धा लोगुत्तमा, साहू लोगुत्तमा, केवलिपन्नत्तो धम्मो लोगुत्तमो। चत्तारि सरणं पवज्जामि–अरिहन्ते सरणं पवज्जामि, सिध्धे सरणं पवज्जामि, साहू सरणं पवज्जामि, केवलिपन्नतं धम्मं सरणं पवज्जामि ।

વિદ્યા અને મંત્ર. મોક્ષ સુખને આપવાવાળી પંદર અક્ષરવાળી વિદ્યાનું ધ્યાન કરવું અને સર્વજ્ઞાન પ્રકાશક, સર્વજ્ઞ સમાન મંત્રને સ્મરવો. તે વિદ્યા અને મંત્ર અનુક્રમે નીચે મુજબ છે. "ॐ अरिहंत सिद्ध सयोगी केवली स्वाहा।" આ વિદ્યા છે. અને "ॐ श्रीँ ह्रीँ अर्हँ नमः ।" આ મંત્ર છે. આ મંત્ર મહાન ચમત્કારી છે. તે સર્વજ્ઞ ભગવાનના સરખાપણાને ધારણ કરે છે. સર્વપ્રકારે તેનો પ્રભાવ કહેવાને કોઈ સમર્થ નથી.

नमो अरिहंताणं. શ્રી મહામંત્ર નવકારના આદિપદ સંબંધી કહ્યું છે કે જો સંસારરૂપ દાવાનળનો એક ક્ષણ

વારમાં ઉચ્છેદ કરવાને તમે ઇચ્છતા હો તો નવકાર મંત્રના પહેલા સાત અક્ષરોનું સ્મરણ કરો.

नमो सिद्धाणं. તથા આઠ કર્મોનો નાશ કરવા માટે મહામંત્ર નવકારના બીજા પદસ્વરૂપ પાંચ અક્ષરવાળા नमो सिद्धाणं પદનું સ્મરણ કરો.

હ્રીઁકાર વિદ્યાનું ધ્યાન. મુખની અંદર આઠ પાંખડીવાળું ઉજ્જવળ. કમળ ચિંતવવું. તે આઠ પાંખડીમાં આઠ વર્ગો अ. क. च. ट. त. प. य. श. (પૂર્વે કહેવાઈ ગયા છે તે) સ્થાપવા. તેમજ ॐ **नमो अरिहंताणं** આ આઠ અક્ષરોમાંથી એક એક અક્ષર એક એક પાંખડીમાં મૂકવો. આ કમળની કેસરાની ચારે બાજુના ભાગમાં अ आ આદિ સોળ સ્વરો ગોઠવવા અને વચલી કર્ણિકાને અમૃતના બિંદુઓથી વિભૂષિત કરવી પછી ચંદ્ર મંડળમાંથી આવતા, મુખમાં સંચરતા, પ્રભામંડલમાં રહેલા અને ચંદ્રમા સમાન કાંતિવાળા માયાબીજ હ્રીઁ કારને તે કમળની કર્ણિકામાં ચિંતવવો. પછી દરેક પાંખડીઓમાં ભમતા, આકાશ તળમાં સંચરતા, મનની મલિનતાનો નાશ કરતા, અમૃત રસને વરસાવતા, તાલુરંધ્રમાં ગમન કરતા, ભ્રકુટીની અંદર દીપતા, ત્રણ લોકમાં અચિન્ત્ય માહાત્મ્યવાળા અને જ્યોતિમયની જેમ અદ્ભુતતાવાળા, આ પવિત્ર મંત્રનું એકાગ્ર મનથી ધ્યાન કરતાં મન અને વચનની મલિનતા જેની દૂર થઈ છે એવા ધ્યાતાને શ્રુતજ્ઞાન પ્રકાશ પામે છે. મનને સ્થિર કરી છ મહીના નિરંતર અભ્યાસ

કરનાર સાધક મૂખકમળમાંથી નીકળની ધૂમની શિખા જોઈ શકે છે એક વર્ષ અભ્યાસ કરનાર સાધક જવાલા જોઈ શકે છે, પછી વિશેષ વૈરાગ્ય પ્રાપ્ત થતાં સર્વજ્ઞનું મુખ કમળ જુએ છે અને તેથી આગળ વધતાં કલ્યાણ માહાત્મ્ય, સર્વાતિશય સંપન્ન અને ભામંડલની અંદર રહેલા જાણે સાક્ષાત્ સર્વજ્ઞ હોય તેમ સર્વજ્ઞને જુવે છે. પછી તે સર્વજ્ઞના સ્વરૂપમાં નિશ્ચયવાળો મનને સ્થિર કરી સંસાર અટવીનું ઉલ્લંઘન કરી મોક્ષ મંદિરમાં આરૂઢ થાય છે.

ક્ષિઁ વિદ્યાનું ધ્યાન. ચંદ્રના બિંબથી જાણે ઉત્પન્ન થયેલી હોય તેવી ઉજ્જવલ, નિરંતર અમૃતને વરસાવતી અને કલ્યાણના કારણરૂપ ક્ષિઁ નામની વિદ્યાનું લલાટને વિષે ધ્યાન કરવું.

ઁ શશિકલાનું ધ્યાન. ક્ષીર સમુદ્રમાંથી નીકળતી, અમૃતના પાણીથી વિશ્વને પલાળતી અને મોક્ષરૂપ મહેલના પગથિયાની શ્રેણિ સમાન ચંદ્રકલાનું લલાટને વિષે ધ્યાન કરવું. આના સ્મરણ માત્રથી સંસારના કારણરૂપ કર્મો ત્રુટી જાય છે. અને તેનું ધ્યાન કરનારો ધ્યાતા પરમ આનંદના કારણ રૂપ અવ્યયપદ સ્વરૂપ મોક્ષ પ્રત્યે જાય છે.

પ્રણવ, શૂન્ય અને અનાહતનું ધ્યાન. નાસિકાના અગ્રભાગ ઉપર પ્રણવ (ૐ કાર) શૂન્ય (૦) અને અનાહત (ह) આ ત્રણનું ધ્યાન કરનાર અણિમાદિ આઠ સિદ્ધિઓ પ્રાપ્ત કરી નિર્મળ જ્ઞાન પામે છે. આ ત્રણેનું નિરંતર

શંખ, મચકુંદ અને ચંદ્રમાના સરખું શ્વેત ધ્યાન કરનાર મનુષ્યો સમગ્ર પદાર્થોનાં જ્ઞાનમાં પ્રવિણુતા મેળવે છે.

અષ્ટાક્ષરી વિદ્યા. આઠ પાંખડીવાળા કમળને વિષે દેદીપ્યમાન તેજવાળા આત્માને ચિંતવવો અને ૐ કાર સહિત પહેલા મંત્રના (ॐ नमो अरिहंताणं એ મંત્રના) આઠે વર્ણોને અનુક્રમે આઠે પાંખડીઓ ઉપર સ્થાપવા. તેમાં પહેલી પાંખડી પૂર્વદિશા તરફથી ગણવી અને તેમાં પહેલો ૐ મૂકવો પછી અનુક્રમે બાકીના અક્ષરોથી સ્થાપના કરી તે આઠ અક્ષરવાળા મંત્રનો (કમળના અક્ષરો ઉપર) અગિયારસો વાર જાપ કરવો. સર્વ જાતના વિઘ્નોની શાન્તિ માટે આઠ દિવસ સુધી તે આઠ અક્ષરવાળી વિદ્યાનો જાપ કરવો. એમ કરતાં આઠ દિવસે તે કમળની અંદર રહેલા પાત્રોમાં તે અષ્ટાક્ષરી વિદ્યાના વર્ણો અનુક્રમે જોવામાં આવે છે. જ્યારે એ અક્ષરો દેખાય છે, ત્યારે જોનારમાં એવું સામર્થ્ય આવે છે કે ધ્યાનમાં વિઘ્ન કરનાર ભયંકર સિંહ, હાથી, રાક્ષસ અને બીજા વ્યંતરો વિગેરે પણ તત્કાળ શાન્ત થઈ જાય છે.

સિદ્ધચક્રનું ધ્યાન. વિદ્યાપ્રવાદમાંથી ઉદ્ધાર કરીને શ્રી વજ્રસ્વામી આદિ જ્ઞાની પુરૂષોએ પ્રગટપણે મોક્ષ લક્ષ્મીના બીજ સરખું માનેલું, જન્મમરણાદિ દાવાનળને શાન્ત કરવાને માટે નવિન મેઘ સમાન શ્રી સિદ્ધચક્રજી (શ્રી નવપદજી) ને ગુરૂના ઉપદેશથી જાણીને કર્મક્ષય માટે ચિન્તવવું.

સિદ્ધાંત રૂપ સમુદ્રથી ઉત્પન્ન થયેલ બીજાં પણ

અક્ષર, પદ, વગેરે સમગ્રનું ધ્યાન પણ મોક્ષપદની પ્રાપ્તિ માટે થાય છે. ગમે તે પદનું, વાકયનું કે શબ્દનું પણ ચિંતન કરતાં ધ્યાતા રાગરહિત થાય તેને પદસ્થ ધ્યાન કહ્યું છે. પદસ્થ ધ્યાનની વિસ્તૃત માહિતિ માટે યોગશાસ્ત્રનો આઠમો પ્રકાશ જોવો.

રૂપસ્થ ધ્યાન. અરિહંત ભગવાનના રૂપને અવલંબીને કરેલું ધ્યાન રૂપસ્થ ધ્યાન કહેવાય છે. તે આ પ્રમાણે, જેમકે શ્રી અરિહંતો કે જેઓ મોક્ષ લક્ષ્મી પ્રાપ્ત કરવાની હવે તૈયારીમાં છે, સમગ્ર કર્મોનો જેમણે વિનાશ કર્યો છે, ધર્મદેશના આપતી વખતે દેવોએ કરેલા ત્રણ પ્રતિબિંબ સહિત ચાર મુખવાળા, ત્રણ ભુવનના સર્વ જીવોને અભય-દાન આપનાવાળા અર્થાત્ કોઈ જીવને નહિ મારવા તેવી દેશના આપનાવાળા, ચંદ્રમંડલ સદૃશ ઉજ્જવળ ત્રણ છત્રો જેમના મસ્તક ઉપર શોભી રહ્યાં છે, સૂર્યમંડલની પ્રભાને વિડંબન કરતું અતિ તેજસ્વી ભામંડલ જેમની પાછળ ઝળ-ઝળાટ કરી રહ્યું છે, જેમની સામ્રાજ્ય સંપત્તિનો ઘોષ દિવ્ય દુંદુભિઓ વડે થઈ રહ્યો છે, શબ્દ કરતા ભ્રમરોના ઝંકારથી અશોક વૃક્ષ વાચાલિત થયો હોય તેમ શોભી રહ્યો છે, વચમાં સિંહાસન ઉપર તીર્થંકર મહારાજા બિરા-જેલા છે, બે બાજુ ચામરો વીંઝાઇ રહ્યાં છે, નમસ્કાર કરતા સુરાસુરના મુકુટ મણિઓથી જેમના પગના નખોની કાંતિ પ્રદીપ્ત થઈ રહી છે, દિવ્ય પુષ્પોના સમૂહોથી જેમની સભાની જમીન ઢંકાઇ ગઈ છે, ઉંચી ડોકો કરીને—એકતાન

થઇ ને મૃગાદિ પશુઓના સમૂહો જેમની મધુર ધ્વનિનું પાન કરી રહ્યા છે. અર્થાત્ પ્રભુની દેશના સાંભળી રહ્યા છે. સિંહ તથા હાથી વગેરે પ્રાણીઓ પોતાનું સહજ વેર ભૂલીને શાંત થઇને નજીકની ભૂમિમાં બેઠેલાં છે,—જેમની આસપાસ દેવ, મનુષ્ય અને તિર્યંચનો સમુહ એકત્રિત થયો છે, સર્વ અતિશયોથી પરિપૂર્ણ, કેવળજ્ઞાનથી શોભતા અને સમવસરણમાં રહેલા તે પરમેષ્ઠિ અરિહંતના રૂપનું આવી રીતે આલંબન લઇને ધ્યાન કરવું તેને **રૂપસ્થ ધ્યાન** કહેલું છે.

પ્રતિમાથી રૂપસ્થ ધ્યાન. એજ પ્રમાણે શ્રી જિનેશ્વર પરમાત્માની પ્રતિમાના રૂપનું ધ્યાન કરનારો પણ રૂપસ્થ ધ્યાન કરનારો કહેવાય છે. તે પ્રતિમાજીના ધ્યાન વખતે આ પ્રમાણે ચિન્તવન કરવું. શ્રી જિનેશ્વરની પ્રતિમા રાગદ્વેષ અને મહામોહ—અજ્ઞાનાદિ વિકારોના કલંકથી રહિત છે, શાન્ત, કાંત અને મનોહર છે, સર્વ ઉત્તમ લક્ષણોથી ઓળખાયેલ છે, અન્ય તીર્થિકોએ નહિ જાણેલ યોગ મુદ્રાની મનોહરતાને ધારણ કરનાર છે, આંખને મહાન આનંદ અને અદ્‌ભૂત સ્થિરતા આપનાર, શ્રી જિનેશ્વર ભગવાનની પ્રતિમાનું નિર્મલ મન કરી એક દષ્ટિએ ધ્યાન કરનાર રૂપસ્થ ધ્યાનવાન કહેવાય છે. તાત્પર્ય એ છે કે શ્રી જિનેશ્વર ભગવાનની શાન્ત મનોહર અને આનંદી મૂર્તિની સન્મુખ ખુલ્લી આંખ રાખી, એક દષ્ટિથી જોઇ રહેવું, આંખ મીંચવી કે હલાવવી નહિં. તેમ કરતાં શરીરનું પણ ભાન

ભૂલી જઈ એક નવિન દશામાં પ્રવેશ કરાય છે. જેમાં અપૂર્વ આનંદ અને કર્મની નિર્જરા થાય છે તે દશાવાળાને રૂપસ્થ ધ્યાનવાન કહે છે.

રૂપસ્થ ધ્યાનનું ફલ. આ રૂપસ્થ ધ્યાનના અભ્યાસ વડે પોતાના ધ્યેય સાથે તન્મયતાને પામેલો સાધક પોતાના આત્માને સર્વજ્ઞરૂપ બનેલો જુએ છે. તથા આ સર્વજ્ઞ ભગવાન હું પોતે જ છું એમ જાણે છે. એવી તન્મયતાને પામેલો યોગી સર્વને જાણનાર મનાય છે. કારણ કે વીતરાગ પરમાત્માનું ધ્યાન કરનારો વીતરાગ થઈને મુક્ત થાય છે. તેજ પ્રમાણે રાગવાનનું ધ્યાન કરનારો તત્ક્ષણ રાગવાન બને છે. જેમ સ્ફટિકમણિ જે જે પદાર્થોની સાથે યોગ પામે છે તે તે રૂપ બની જાય છે, તેમ ધ્યાન કરનારો આત્મા પણ જે જે ભાવનું ધ્યાન કરે છે તે તે ભાવ સાથે તન્મય બની જાય છે. એટલા માટે કૌતુકની ખાતર પણ સાધકે અસદ્ધ્યાનોનું આલંબન લેવું નહિ. કારણ કે તે અસદ્ધ્યાનો સેવવાથી તે પોતાના જ વિનાશને માટે થાય છે. મોક્ષનું જ આલંબન લેનારને બધી સિદ્ધિઓ સ્વયં સિદ્ધ થાય છે. કર્મક્ષયને અર્થે પ્રયત્ન કરવો એ આચાર્યશ્રીનો ઉપદેશ છે.

રૂપાતીત ધ્યાન. જે ધ્યાનમાં અમૂર્ત, ચિદાનંદ સ્વરૂપ, નિરંજન સિદ્ધ પરમાત્મા ધ્યેય તરીકે હોય છે તે ધ્યાન રૂપાતીત ધ્યાન કહેવાય છે. નિરંજન સિદ્ધ પરમાત્માનું અવલંબન લઈ નિરંતર તેનું ધ્યાન કરનાર યોગી ગ્રાહ્ય

ગ્રાહક ભાવથી રહિત એવું તન્મયપણું પ્રાપ્ત કરે છે. આ રીતે યોગી જ્યારે અનન્ય ભાવે તન્મયપણું પ્રાપ્ત કરે છે, ત્યારે તેને કોઈપણ આલંબન રહેલું ન હોવાથી તે સિદ્ધાત્મામાં એવી રીતે લય પામે છે કે ધ્યાતા અને ધ્યાન એ બંનેનો અભાવ થતાં ધ્યેય જે સિદ્ધ પરમાત્મા તેની સાથે જ એકરૂપ બની જાય છે. આવો જે સમરસ ભાવ તેનું નામ જ આત્મા સાથે પરમાત્માનું એકીકરણ છે; કારણ કે તે વખતે આત્મા જરાપણ ભેદ વિના પરમાત્મામાં લીન થાય છે.

નિરાલંબન ધ્યાનનો ક્રમ. પ્રથમ પિંડસ્થ આદિ લક્ષ્યવાળા ધ્યાનના ક્રમે અલક્ષ જે નિરાલંબન ધ્યાન તેમાં આવવું. પ્રથમ સ્થૂલ ધ્યેયો લઈ, અનુક્રમે સૂક્ષ્મ ધ્યેયોનું ચિંતન કરવું. અને રૂપસ્થ આદિ આલંબન ધ્યેયોથી નિરાલંબન (સિદ્ધ અરૂપિ) ધ્યેયોમાં આવવું. આ ક્રમે અભ્યાસ કરવામાં આવે તો તત્ત્વનો જાણકાર સાધક થોડા વખતમાં તત્ત્વ પામી શકે. આ પ્રમાણે પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત આ ચાર પ્રકારના ધ્યાનરૂપી અમૃતમાં મગ્ન થયેલું મુનિનું મન જગતના તત્ત્વોને સાક્ષાત કરી-તત્ત્વોનો અનુભવ કરી આત્માની વિશુદ્ધિ કરે છે.

બીજી રીતે ધર્મધ્યાનના ચાર પ્રકાર.

હવે બીજી રીતે એટલે કે આજ્ઞા, અપાય, વિપાક

અને સંસ્થાનના ચિંતન કરવા રૂપ ધર્મ ધ્યાનના ચાર પ્રકાર કહેવામાં આવે છે.

આજ્ઞાવિચય. પૂર્વાપર બાધારહિત સર્વજ્ઞ ભગવંતની આજ્ઞાને આગળ કરી તત્ત્વથી પદાર્થોનું ચિંતવન કરવું તે આજ્ઞાવિચય ધ્યાન કહેવાય છે. સર્વજ્ઞ ભગવંતે કહેલું સૂક્ષ્મ વચન પણ હેતુ કે યુક્તિ વડે ખંડિત થતું નથી, તે સર્વજ્ઞનું વચન આજ્ઞારૂપે સ્વીકારવું જોઈએ, કેમકે જિનેશ્વરો અસત્ય બોલતા નથી.

અપાય વિચય. રાગ, દ્વેષ, કષાય વગેરે દોષોથી થતાં કષ્ટોનો વિચાર કરવો તે અપાય વિચય ધ્યાન કહેવાય છે. એ ચિંતન કરવાથી મનુષ્ય રાગદ્વેષાદિથી થતાં ઐહિક અને પારલૌકિક દુઃખોમાંથી બચવા તત્પર થાય છે અને અંતે તેમનો ક્ષય કરી બધાં પાપકર્મોથી નિવૃત્ત થઈ શકે છે.

વિપાક વિચય. પ્રતિક્ષણ ઉત્પન્ન થંતા કર્મફળના ઉદયનો અનેક પ્રકારે વિચાર કરવો તે વિપાક વિચય ધ્યાન કહેવાય છે. તે વિચાર આ પ્રમાણે કરવાનો છે કે અરિહંત ભગવાનની ઉંચામાં ઉંચી સંપદાઓ છે, તે પુણ્ય કર્મોનું ફળ છે અને નારકીના જીવોની ઉત્કૃષ્ટ વિપદાઓ છે, તે પાપ કર્મોનું ફળ છે.

સંસ્થાન વિચય. આખા લોકનું સંસ્થાન–આકૃતિ–સ્વરૂપ વિચારવું તે સંસ્થાન વિચય ધ્યાન કહેવાય છે. જેમ કે આ અનાદિ અને અનંત આખો લોક ઉત્પત્તિ

અને વિનાશશીલ છે. આ પ્રમાણે લોકમાં આવેલાં વિવિધ દ્રવ્યોની પરિવર્તનશીલતા જાણ્યા બાદ, મન તેમાં આસક્તિ રહિત થાય છે અને રાગદ્વેષાદિથી વ્યાકુલ બનતું નથી.

ધર્મ ધ્યાનનું ફળ. ઉપર જણાવેલા ધાર્મિક ચિન્તનથી ચિત્તનો ભાવ વિશુદ્ધ થાય છે. તથા કર્મજનિત બધા વિકારો કાંતો ઉપશમ પામી જાય છે, અથવા કંઈક અંશે ક્ષીણ થાય છે. અથવા તદ્દન નષ્ટ પણ થાય છે. વળી ચિત્તની મલિનતા અને શુદ્ધિની નિદર્શક લેશ્યાઓ આવું ધર્મ ચિંતન કરનારને ક્રમે ક્રમે પીત લેશ્યા, તેનાથી પણ વિશુદ્ધ પદ્મ લેશ્યા અને તેનાથી પણ વિશુદ્ધ એવી શુકલ લેશ્યા પ્રાપ્ત થાય છે.

આ ચાર પ્રકારનાં ધ્યાનમાં અત્યંત વૈરાગ્ય રસના સંયોગથી તરંગિત થયેલા મનુષ્યોને, પોતે અનુભવ કરી શકે તેવું અતીન્દ્રિય આત્મિક સુખ અહીં જ પ્રાપ્ત થાય છે. અને પરલોકમાં દેવ મનુષ્યની સુગતિ, બોધિ, સમાધિ અને પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

અનિત્યાદિ ભાવનાઓ, મૈત્રી આદિ ભાવનાઓ તથા જ્ઞાનાદિ ભાવનાઓ આ ધ્યાન માટે અતિ ઉપયોગી છે. ઘણા આત્માઓ તેના આલંબનથી શુકલ ધ્યાન પર આરૂઢ થઈ, કેવળજ્ઞાન પામ્યા છે.

શુકલ ધ્યાન

શુકલ ધ્યાન ચાર પ્રકારનું છે. તેમાં દ્રવ્યના અર્થ,

વ્યંજન અને યોગના સંક્રમણ પૂર્વક પૂર્વગત શ્રુતાનુસાર ચિંતવન કરવું તે પૃથકત્વવિતર્કસવિચાર નામનું શુકલ ધ્યાન કહેવાય છે. તાત્પર્ય એ છે કે જે ધ્યાનમાં શાસ્ત્રોમાં વર્ણવેલાં દ્રવ્યોનાં ચિંતન પરથી શબ્દનાં ચિંતન પર અને શબ્દનાં ચિંતન પરથી કાયાદિયોગનાં ચિંતન પર અવાય તે પૃથકત્વ–વિતર્ક–સવિચાર નામનો શુકલ ધ્યાનનો પહેલો પ્રકાર છે. અહીં વિતર્કનો અર્થ શ્રુત છે

અર્થ, વ્યંજન તથા યોગાંતરોમાં સંક્રમણ કર્યા વિના દ્રવ્યના એક જ પર્યાયનું ચિંતન કરવું, તે **અપૃથકત્વ વિતર્ક અવિચાર** નામનો શુકલ ધ્યાનનો બીજો પ્રકાર છે. આ ધ્યાનના બળે આત્મા કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે કે જેના વડે તે સમસ્ત લોકના સર્વ પદાર્થોના સર્વપર્યાયોને બરાબર જાણી શકે છે.

મોક્ષ ગમનના અવસરે કેવલી ભગવંતો મન, વચન અને કાયાના બાદર યોગોને રોકે છે, તે **સૂક્ષ્મ–ક્રિયા અપ્રતિપાતિ** નામનું શુકલ ધ્યાન કહેવાય છે. અને શૈલેશી અવસ્થામાં રહેલા કેવલી ભગવંતોનું ત્રણ યોગથી રહિત, પહાડની માફક અકંપનીય અને अ, इ, उ, ऋ, અને ऌ, એ પાંચ હ્રસ્વ સ્વરો બોલતાં જેટલો સમય લાગે તેટલા કાળ સુધીનું જે ધ્યાન, તે **ઉચ્છિન્નક્રિયાઅનિવૃત્તિ** નામનું શુકલ ધ્યાન કહેવાય છે. છેલ્લા બે ધ્યાનોમાં મન હોતું નથી. પણ અંગની નિશ્ચલતા હોય છે અને તેને જ ઉપચારથી, શબ્દાર્થથી બહુલતાએ ધ્યાન કહેવામાં આવે છે.

સમાધિ

કેવળજ્ઞાન અને કેવળદર્શનવાન યોગી, સર્વ કર્મોથી મુક્ત થઈ, આદિ અનંત, અનુપમ, અવ્યાબાધ અને સ્વભાવથી પેદા થયેલ આત્મિક સુખને પામી જ્ઞાનાનંદમાં મગ્ન રહે છે, આનું નામ પરમ સમાધિ છે. સર્વ કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલી સ્થિતિને સમાધિ કહેવામાં આવે છે. આ સમાધિ પરિપૂર્ણ છે. તેમજ અનુપમ છે, એટલે આ સ્થિતિને કોઈપણ ઉપમા આપી શકાતી નથી. ઉપમા ન આપવાનું કારણ, તેવી સર્વોત્કૃષ્ટ સ્થિતિનો દુનિયામાં અભાવ છે. તે સમાધિ સુખ અવ્યાબાધ એટલે કોઈપણ પ્રકારની કાયિક કે માનસિક પીડા વિનાનું છે. જ્યાં શરીર અને મન છે ત્યાં જ આધિ, વ્યાધિ અને અનેક પ્રકારની ઉપાધિ લાગી પડે છે. આ મુક્તાત્માને શરીરાદિ સર્વ ઉપાધિનો અભાવ હોવાથી તેવી કોઈપણ પ્રકારની વ્યાબાધા તેમને નથી. કેવળ આત્મસ્વભાવનું સુખ હોવાથી તે પરમ સુખ છે.

આ દેહમાં રહી અનેક પ્રકારની સમાધિઓ થઈ શકે છે, તેવું અન્ય દર્શનકારો કહે છે. તે સર્વ સમાધિઓનો સમાવેશ ધ્યાનમાં જ થઈ શકે છે. શ્રી જિનેશ્વરોએ બતાવેલ ધ્યાન અને અન્ય દર્શનકારોએ બતાવેલી સમાધિની સરખામણી જો પરસ્પર કરવામાં આવે તો આ વાતની ખાત્રી સહજ થઈ શકે, આ પ્રમાણે યોગના આઠ અંગોની સંક્ષિપ્ત વિચારણા અહીં સમાપ્ત થાય છે.

પરિશિષ્ટ ત્રીજું.

અનુભવ વાણી.

(યોગશાસ્ત્રના બારમા પ્રકાશને આધારે)

આ પરિશિષ્ટમાં યોગીસમ્રાટ્ પૂ. આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીના યોગવિષયક સ્વાનુભવને સાધકને જરૂરી માર્ગદર્શન મળે તે રીતે સંક્ષિપ્ત ભાવાર્થ સહિત પ્રગટ કરવામાં આવ્યો છે.

સ્વાનુભવ પ્રગટ કરતાં તેઓશ્રી શરુઆતમાંજ ફરમાવે છે કે સિદ્ધાંતરૂપ સમુદ્રથી અને ગુરુના મુખથી યોગ સંબંધી જે કાંઈ જાણ્યું હતું તે પૂર્વે સારી રીતે. જણાવી દીધું છે. હવે મને પોતાને યોગ સંબંધી જે કાંઇ અનુભવથી સિદ્ધ થયું છે, તે નિર્મળ તત્ત્વને અહીં પ્રકાશિત કરૂં છું.

યોગનો સર્વ આધાર મન ઉપર છે. મનની અવસ્થાઓ જાણ્યા સિવાય અને તેને ઉચ્ચ સ્થિતિમાં મૂકયા સિવાય, યોગમાં પ્રવેશ થઇ શકતો નથી. માટે આચાર્યશ્રી પ્રથમ મનની સ્થિતિના ભેદો બતાવે છે.

મનના ભેદો. વિક્ષિપ્ત, યાતાયાત, શ્લિષ્ટ, અને સુલીન, એમ ચાર પ્રકારનું મન છે. અને તે તેના જાણનાર માનવોને ચમત્કાર કરવાવાળું થાય છે.

વિક્ષિપ્ત. જ્યાં ત્યાં ભમતું અસ્થિર મન વિક્ષિપ્ત કહેવાય છે. પ્રથમ અભ્યાસી જ્યારે અભ્યાસ શરૂ કરે છે, ત્યારે મનમાં અનેક જાતનાં વિક્ષેપો આવ્યા કરે છે. મન ઠરતું નથી અને ચપળતા કર્યા જ કરે છે. પણ આથી અભ્યાસીએ કાંઈ નાશીપાસ થવાનું નથી, કિંતુ હિંમત રાખીને પોતાનો અભ્યાસ આગળ વધાર્યા કરવાનો છે, એ પ્રમાણે લાંબા કાળ સુધી સતત રીતે આદર અને બહુમાન પૂર્વક અભ્યાસ ચાલુ રાખવામાં આવે તો ઘણી ચપળતા અને વિક્ષેપવાળું પણ મન શાન્ત થઈ સ્વાધીન બની જાય છે. માટે સાધકે મનોજય સાધવા માટે તેનો અભ્યાસ સતત ચાલુ રાખવો.

યાતાયાત. પહેલી વિક્ષિપ્ત દશા ઓળંગ્યા પછી મનની બીજી દશા યાતાયાત નામની આવે છે. યાતાયાત એટલે જવું અને આવવું. જરાવાર મન સ્થિર રહે વળી ચાલ્યું જાય, અર્થાત્ વિકલ્પો આવી જાય. વળી ઉપયોગથી સ્થિર કર્યું, વળી ચાલ્યું જાય, આ યાતાયાત અવસ્થા છે. પહેલી વિક્ષિપ્ત દશા કરતાં બીજી યાતાયાત નામની દશા શ્રેષ્ઠ છે. તેમાં કાંઈક આનંદનો અંશ રહેલો છે, કારણકે જેટલી વાર મન સ્થિર હોય તેટલી વાર તે આનંદ સહિત હોય છે. વિક્ષિપ્ત અને યાતાયાત આ બન્ને પ્રકારનાં મન પ્રથમ અભ્યાસીને હોય છે અને તે વિકલ્પપૂર્વક બાહ્યવિષયને ગ્રહણ કરે છે.

શ્લિષ્ટ. સ્થિર અને આનંદવાળું ચિત્ત શ્લિષ્ટ

કહેવાય છે. તે મનની આત્મામાં સ્થિરતા હોવાથી આનંદ યુક્ત હોય છે.

સુલીન. અત્યંત સ્થિર અને પરમાનન્દ યુક્ત ચિત્તને સુલીન કહેવામાં આવે છે. શ્લિષ્ઠ અને સુલીન આ બન્ને પ્રકારનું ચિત્ત, માત્ર ચિત્તગત ધ્યેયરૂપ વિષયને ગ્રહણ કરે છે પણ બાહ્ય વિષયને ગ્રહણ કરતું નથી. જેટલી મનની સ્થિરતા અધિક તેટલો આનંદ અધિક. મનની બીજી અવસ્થા કરતાં ત્રીજી અવસ્થામાં સ્થિરતા વિશેષ હોવાથી આનંદ પણ વિશેષ હોય છે. ચોથી અવસ્થામાં તેથી પણ અધિક સ્થિરતા હોય છે. તેમાં મન અત્યંત નિશ્ચલ થાય છે. અને તેથી આનંદ પણ અલૌકિક થાય છે. આ પ્રમાણે વારંવાર અભ્યાસથી યોગી નિરાલંબન ધ્યાનને પ્રાપ્ત થાય છે. તાત્પર્ય એ છે કે પ્રથમ સ્વાભાવિક વિક્ષિપ્ત ચિત્તથી યાતાયાત ચિત્તનો અભ્યાસ કરે, યાતાયાત ચિત્તથી શ્લિષ્ટ ચિત્તનો અભ્યાસ કરે, અને શ્લિષ્ટ ચિત્તથી સુલીન ચિત્તનો અભ્યાસ કરે. એમ પુનઃ પુનઃ અભ્યાસ કરવાથી નિરાલંબન ધ્યાન પ્રાપ્ત થાય છે. ત્યારબાદ સમરસ ભાવની પ્રાપ્તિથી પરમાનન્દને અનુભવે છે.

સમરસભાવની પ્રાપ્તિનો ક્રમ. બાહ્યાત્મભાવનો ત્યાગ કરી પ્રસન્નતાયુક્ત અંતરાત્મા વડે પરમાત્મામાં તન્મય થવા માટે યોગીએ નિરંતર પરમાત્મભાવનું ચિન્તન કરવું.

બાહ્યાત્માનું સ્વરૂપ. આત્મ બુદ્ધિથી શરીરાદિકને

ગ્રહણ કરનાર બાહ્યાત્મા (બહિરાત્મા) કહેવાય છે. અર્થાત્ શરીર તે હું, એ રીતે શરીરાદિકમાં "अहं" બુદ્ધિ રાખનાર અને ધન, સ્વજન, કુટુંબ, સ્ત્રી પુત્રાદિને વિષે 'ममत्व' બુદ્ધિ રાખનાર એટલે પોતાના માનનાર અને તેમના સંયોગ વિયોગથી સુખી દુઃખી થનાર બાહ્યાત્મા (બહિરાત્મા) કહેવાય છે.

અંતરાત્માનું સ્વરૂપ. શરીરનો હું અધિષ્ઠાતા છું, શરીરમાં હું રહેનારો છું, શરીર મારું રહેવાનું ઘર છે, અથવા શરીરાદિનો હું દષ્ટા છું, આદિ શબ્દથી ધન, સ્વજન કુટુંબ, સ્ત્રી પુત્રાદિ એ સાંયોગિક છે તથા પર છે. સંયોગ વિયોગો એ શુભાશુભ કર્મવિપાક—જન્ય છે, એમ જાણી સંયોગ વિયોગમાં હર્ષ શોક ન કરતાં દષ્ટા તરીકે રહે તે અંતરાત્મા કહેવાય છે

પરમાત્મ સ્વરૂપ. જ્ઞાનસ્વરૂપ, આનંદમય, સમગ્ર ઉપાધિથી રહિત, પવિત્ર, ઇન્દ્રિયોને અગોચર, અને અનંત ગુણોનું ભાજન જે હોય તેને જ્ઞાનીઓ પરમાત્મા તરીકે ઓળખાવે છે.

ભેદજ્ઞાનનું ફળ. આત્માને શરીરથી જુદો જાણવો અને શરીરને સત્ એવા આત્માથી જુદું જાણવું. એ પ્રમાણે જે આત્મા અને શરીરનો ભેદ જાણે છે, તે યોગી આત્મનિશ્ચય કરવામાં સ્ખલના પામતો નથી.

જેમની આત્મજ્યોતિ આવરણોને લીધે ઢંકાયેલી છે,

એવા અવિવેકી જીવો આત્માથી બીજી વસ્તુ અર્થાત્ પુદ્ગલોમાં સંતોષ પામે છે. પરંતુ બાહ્ય વિષયોમાં જેમની સુખની ભ્રાન્તિ દૂર થયેલી છે, એવા જ્ઞાની પુરુષો આત્માને વિષેજ સંતુષ્ટ થાય છે-સંતોષ પામે છે. જ્ઞાની પુરુષોને વિના પ્રયત્ને પ્રાપ્ત થઈ શકે તેવું મોક્ષપદ ખરેખર આત્મામાં જ છે, તેથી તો જ્ઞાની પુરુષો માત્ર આત્મજ્ઞાન મેળવવા ઈચ્છે છે. જેમ સિદ્ધ રસના સ્પર્શથી લોઢું સુવર્ણભાવને પામે છે, તેમ પરમાત્માના ધ્યાનથી આત્મા પરમાત્મપણાને પામે છે.

સદ્ગુરુની ઉપાસના. જેમ નિદ્રામાંથી જાગૃત થયેલા મનુષ્યને પૂર્વે અનુભવેલા પદાર્થોનું કોઈના કહ્યા સિવાય જ્ઞાન થાય છે, તેમ પૂર્વજન્મના સંસ્કારથી કોઈના ઉપદેશ સિવાય પણ સ્વયમેવ આત્મતત્ત્વ પ્રકાશિત થાય છે. તાત્પર્ય એ છે કે જેણે અન્ય જન્મમાં આત્મતત્ત્વનો અભ્યાસ કર્યો છે, તેને આ જન્મમાં ગુરુના ઉપદેશ સિવાય પણ આત્મજ્ઞાન થાય છે અથવા જન્માન્તરના સંસ્કાર સિવાય પણ ગુરુના ચરણની સેવા કરનારા, પ્રશમયુક્ત અને શુદ્ધ ચિત્તવાળાને ગુરુની કૃપાથી ચોક્કસ રીતે આ જન્મમાં પણ આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તેમાં જેણે જન્માંતરમાં તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો છે, તેને ગુરુ તે તત્ત્વજ્ઞાનની બાબતમાં દૃઢ પ્રતીતિ કરાવનારા થાય છે, અર્થાત્ જે તત્ત્વ જ્ઞાન થયું છે તે બરાબર છે, એવું ચોક્કસ કરી આપનાર ગુરુ છે. અને જેને જન્માંતરના તત્ત્વજ્ઞાનના સંસ્કાર નથી તેને તત્ત્વજ્ઞાનમાં ગુરુ આ જન્મમાં માર્ગદર્શક થાય છે.

આ કારણથી બન્ને રીતિએ એટલે કે તત્ત્વજ્ઞાન થયું હોય તો પણ અને ન થયું હોય તો પણ ગુરુની સદા ઉપાસના કરવી યોગ્ય છે. કારણ કે ગુરુ બન્ને રીતે ઉપકારક છે. જેમ સૂર્ય ગાઢ અંધકારમાં પડેલી વસ્તુને પ્રકાશિત કરે છે. તેમ અહીં સદ્‌ગુરુ પણ અજ્ઞાનરૂપ અંધકારમાં પડેલા તત્ત્વને પ્રકાશિત કરે છે. માટે યોગીએ પોતાની મતિ કલ્પના મુજબ કરાતા અનુષ્ઠાનોનો ત્યાગ કરી ગુરુનો ઉપદેશ પામી આત્માના અભ્યાસમાં પ્રીતિ કરવી.

સાધકે પ્રથમ મન, વચન અને કાયાની ચપળતાનો પ્રયત્નપૂર્વક ત્યાગ કરવો અને રસથી ભરેલા વાસણની માફક પોતાના આત્માને શાન્ત અને નિશ્ચલપણે ઘણો વખત ધારી રાખવો. રસને નિશ્ચલ ધારી રાખવા માટે તે રસના આધારભૂત વાસણને સ્થિર રાખવું પડે છે કારણ કે આધારમાં જેટલી અસ્થિરતા હોય છે, તેટલી અસ્થિરતાની અસર આધેય ઉપર થાય છે. આજ હેતુથી જણાવ્યું છે કે મન, વચન, અને શરીરને જરાપણ ક્ષોભ ન થાય તે માટે બહુ જ પ્રયત્ન કરવો. અહીં મન, વચન અને શરીર આધારરૂપ છે. અને આત્મા તેમાં આધેયરૂપે રહેલો છે. આધારની અસ્થિરતાની અસર આત્મા ઉપર થાય છે. આ અસ્થિરતા એકાગ્રતા કર્યા સિવાય બંધ થઈ શકતી નથી. અહીં આ હકીકતને જરા વિસ્તારથી વિચારીએ.

એકાગ્રતા. મનની વારંવાર પરાવર્તન પામતી સ્થિતિને રોકી અને મનને કોઇ એકજ આકૃતિ કે વિચાર

ઉપર દૃઢતાથી જોડી રાખવું તેને એકાગ્રતા કહેવામાં આવે છે. આત્મવિશુદ્ધિ માટે એકાગ્રતા પ્રાપ્ત કર્યા વિના બીજો કોઈ ઉપાય જ નથી. તે સિવાય આગળ વધી શકાય નહિ માટે પ્રબળ પુરુષાર્થ ફોરવીને પણ એકાગ્રતા સિદ્ધ કરવી જોઈએ. ખરી રીતે જોતાં એકાગ્રતામાં મનની પ્રવૃત્તિ શાન્ત થતી નથી, પણ મનની સમગ્ર શક્તિને એકજ માર્ગે વહન કરાવાય છે. નદીના અનેક જુદા જુદા વહન થતા પ્રવાહો પ્રવાહના મૂળ બળને જુદા જુદા ભાગમાં વહેંચી નાખે છે. તેથી પ્રવાહનું મૂળ બળ ભાંગી જાય છે અને તે જોશથી પ્રબળ કાર્ય કરી શકતું નથી. પણ જો તે બધા પ્રવાહો એકત્ર મળીને એક જ દિશામાં વહેતા હોય તો મહાન કાર્યકારી બની શકે. તેવી રીતે એકાગ્રતાથી એકજ પ્રવાહે વહન થતું અને તેથી મજબૂત થયેલું પ્રબળ મન જે થોડા વખતમાં કાર્ય કરી શકશે તે અસ્ત-વ્યસ્ત જુદા જુદા વહન થતા મનના પ્રવાહો કામ નહિ જ કરી શકે. એટલા માટે જ એકાગ્રતાના મહાન ઉપયોગીપણા વિષે દરેક મહાપુરૂષોએ વિશેષ ભાર આપ્યો છે. એકાગ્રતા જ્યારે પરાકાષ્ટાએ પહોંચે છે ત્યારે મન તરંગ વિનાના સરોવરની માફક શાન્ત બને છે. આ અવસ્થા સ્વલ્પકાળથી વધારે વખત રહેતી નથી, પરંતુ આ સ્વલ્પ વખતની પણ ઉત્તમ અવસ્થાને **લય** અવસ્થા કહેવામાં આવે છે. આ લય અવસ્થામાં વધારે વખત સ્થિતિ થતાં **તત્ત્વજ્ઞાન**–આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે એકાગ્રતાનું અંતિમ ફળ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ છે. હવે એકાગ્રતા કેવી રીતે કરવી તે વિચારીએ.

આકૃતિ ઉપર એકાગ્રતા. કોઈ પણ પૂજ્ય પુરુષ ઉપર ભક્તિવાળા માણસો ઘણી સહેલાઈથી એકાગ્રતા કરી શકે છે. ધારો કે તમારી ખરી ભક્તિની લાગણી ભગવાન શ્રી મહાવીરદેવ ઉપર છે. તેઓ તેમની છદ્મસ્થ અવસ્થામાં રાજગૃહીનગરીની પાસે આવેલા વૈભારગિરિના પહાડની એક ગીચ ઝાડીવાળા પ્રદેશમાં આત્મધ્યાનમાં નિમગ્ન થઈ ઉભેલા છે. આ સ્થળે વૈભારગિરિ, ગીચ ઝાડી, સરિતાના પ્રવાહનો ધોધ અને તેમની આજુબાજુનો હરિયાળો શાન્ત અને રમણીય પ્રદેશ આ સર્વ તમામ માનસિક વિચારોથી કલ્પો. આ કલ્પના મનને શરૂઆતમાં ખુશી રાખનાર છે. પછી મહાવીરપ્રભુની પગથી તે મસ્તકપર્યન્ત સર્વ આકૃતિ એક ચિતારો જેમ ચિતરતો હોય, તેમ હળવે હળવે તે આકૃતિનું ચિત્ર તમારા હૃદયપટ પર ચિતરો, આલેખો, અનુભવો, આ આકૃતિને સ્પષ્ટપણે તમે દેખતા હો તેટલી પ્રબળ કલ્પનાથી મનમાં આલેખી તેના ઉપર તમારા મનને સ્થિર કરી રાખો, થોડો વખત તેમ અભ્યાસ કરવાથી ધીમે ધીમે મન એકાગ્ર થતું જશે, અથવા ભગવાનની મૂર્તિ ઉપર એકાગ્રતા કરો. એજ રીતે તેમના સમવસરણનો ચિતાર ખડો કરી તેના ઉપર એકાગ્રતા કરો. એજ રીતે ચોવીશે તીર્થંકરોનું આલંબન લઈ એકાગ્રતા કેળવી શકાય છે. ઉપરાંત આપણા પરમ ઉપકારી કોઈપણ યોગી–મહાત્મા હોય તો તેમની આકૃતિ ઉપર પણ એકાગ્રતા કરો. ગમે તે ઉત્તમ અવલંબન લઈને એકાગ્રતા કરવી એ તાત્પર્ય છે.

સદ્‌ગુણ ઉપર એકાગ્રતા. સદ્‌ગુણ ઉપર પણ એકાગ્રતા થઈ શકે છે. કોઈપણ એક સદ્‌ગુણ લઈ તેના ઉપર એકાગ્રતા કરવી. ગુણની પ્રીતિ દ્વારા મન જાગૃત થઈ તદાકાર થશે. ઉંચામાં ઉંચો સદ્‌ગુણ પોતે કલ્પી શકાય તેવો કલ્પવો, તેની સામાન્ય અસર મન ઉપર થવા લાગે ત્યારે તેના તાત્ત્વિક સ્વરૂપ ઉપર મનને સ્થિર કરવું. છેવટે આ સદ્‌ગુણોની એકાગ્રતા સ્વાભાવિક પોતાના ગુણરૂપ થાય છે. અર્થાત્ પોતે તે ગુણરૂપ બની જાય છે.

અનેક વિચારો. આ એકાગ્રતાનો અભ્યાસ જેઓને કઠણ પડે તેઓએ જુદી જુદી જાતના અનેક વિચારો કરવા. આ પણ એકાગ્રતાનું એક સાધન છે, પણ તે એકાગ્રતા નથી; કેમકે જુદા જુદા વિચારો કરવામાં મનને અનેક આકારો ધારણ કરવા પડે છે, અર્થાત્ અનેક આકારે પરિ· ણમવું પડે છે અને તેથી એક આકૃતિ કે એક જાતના વિચાર ઉપર તે સ્થિર રહેતું નથી. તો પણ એક આકૃતિ ઉપર મનને ઠરાવવું તે કરતાં આ રસ્તો ઘણો સરળ છે અને પછી એકાગ્રતા ઉપર પણ હળવે હળવે સાધક પહોંચી શકશે.

સંકલ્પનું બળ. મનને સુશિક્ષિત કરનારા મનુષ્યોએ મનમાં જે વિચારો આવે તેના સંબંધમાં દઢ સાવધાની રાખવી જોઈએ. નિરંતર આવો દઢ નિર્ણય કરવો કે મારે અસદ્ વિચારો બીલકુલ મનમાં દાખલ થવા દેવા

નથી જ ” કદાચ પેસી જાય તો તત્કાળ તેને કાઢી નાખવા. તેમજ તે ખરાબ વિચારોને સ્થાને તેનાથી પ્રતિપક્ષી અર્થાત્ સારા વિચારોને તરત જ સ્થાપન કરવા. આ અભ્યાસથી મન એટલું બધું વશ થશે કે થોડા વખત પછી પોતાની મેળે જ સારા વિચારો કરશે. અને અસદ્ વિચારો પોતાની મેળે દૂર થશે. માટે શરુઆતમાં ઉપર જણાવેલ દૃઢ સંકલ્પ કરવો જ. આપણા મનમાં આવતા વિચારોની જો આપણે પોતે તપાસ કરીશું તો ખાત્રી થશે કે જે વિચારોને આપણે વારંવાર ઉત્તેજન આપીએ છીએ તે જ પ્રકારના વિચારો વારંવાર આવે છે. પોતાની સામાન્ય પ્રકૃતિને અનુકૂલ જે વિચારો હોય તેનું મન આકર્ષણ કરે છે માટે જ આપણે આપણી પ્રકૃતિના ઘડતર માટે નિર્ણય કરવો જોઈએ કે “આવા જ વિચારો મારે કરવા અને આવા વિચારો ન જ કરવા.” જો કે એકાગ્રતાનું બળ વધે છે ત્યારે એકાગ્રતાના જોરથી મન પોતાની મેળે બળવાન થાય છે તેથી આ વિચાર કરવા અને આ વિચાર ન કરવા, તે કામ મન પછી પોતાની મેળે કરી લેશે. પણ એકાગ્રતાની શરૂઆતમાં તો તેને આવી ટેવ પડાવવી જ પડશે. વળી ખરાબ વિચારો મનમાં આવે ત્યારે તે વિચારોની સાથે પ્રત્યક્ષ યુદ્ધ ન કરવું. પણ તે વખતે ખરાબ વિચારોને સારા વિચારોમાં ફેરવી નાખવા. તાત્પર્ય એ છે કે ખરાબ વિચારોની સામે સારા વિચારો ગોઠવી દેવા. તેમ કરવાથી ખરાબ વિચારો પોતાની મેળે દૂર થઈ જશે. કોઈપણ વિચારોની સાથે

ઉત્તર—પ્રત્યુત્તરરૂપ યુદ્ધ કરવામાં પરિશ્રમ વધારે થાય છે. અને ફળ ઓછું મળે છે, એનાથી ઉલટી જ રીતે તે વિચારની જુદી દિશા તરફ મનનું પરાવર્તન કરવાથી વિચારમાંથી તે ખરાબ આકૃતિ વિના પ્રયત્ને વિલય થઈ જાય છે. સારા વિચારો કરવાનો અભ્યાસ રાખવાથી ખરાબ વિચારો ન કરવાની દૃઢતા કેળવાતી જાય છે અને સાચા વિચારોનો સ્વીકાર કરવાનું આપણું સામર્થ્ય વધતું જાય છે.

અસદ્ વિચારોને સદ્ વિચારો નીચે પ્રમાણે સ્થાપન કરવા.

ધારો કે આપણને કોઈ મનુષ્યના સંબંધમાં અપ્રિય વિચાર આવ્યો તો તે ઠેકાણે સામા મનુષ્યમાં આપણા કરતાં જુદો જ કોઈ વિશિષ્ટ સદ્ગુણ હોય, અથવા તેણે કાંઈ સારૂં કાર્ય કર્યું હોય, તેનો વિચાર કરવો. એથી અપ્રિયતા દૂર થશે.

કદાચ આપણું મન ચિંતાથી વ્યગ્ર રહેતું હોય, તો તે ઠેકાણે તે ચિંતાનું મૂળ કારણ અને ચિંતા કરવાથી જેને ગેરફાયદા થયા હોય તેવા મનુષ્યની સ્થિતિ આપણા મન આગળ સ્થાપન કરવી. અથવા આવી ચિંતાથી મુક્ત થયેલ મહાવીર્યવાન મહાત્માઓના વિચારો સ્થાપન કરવા. તે પ્રમાણે કરવાથી ચિંતામાં અવશ્ય ફેરફાર થશે અને કાંઈક શાન્તિ મળશે.

કદાચ કોઈ પૌદ્ગલિક પદાર્થ ઉપર વધુ પડતો

રાગ–સ્નેહ થતો હોય તો તે વસ્તુની ઉત્પત્તિનું મૂળ અને તેનું અંતિમ પરિણામ આ બેનો બારીકાઇથી વિચાર કરતાં રાગને બદલે વિરાગ થશે. કદાચ કોઈ અમુક પ્રકારનો ખરાબ વિચાર જોરથી મનમાં પ્રવેશ કરવાનો દુરાગ્રહ કરતો હોય ત્યારે તેનાથી વિપરીત ભાવના દેખાડનાર એક સૂત્ર કે પદ મોઢે કરી રાખવું અને તે પદ કે સૂત્રનું વારંવાર મનમાં પુનરાવર્તન કર્યા કરવું. આમ નિરંતર કરવાથી થોડા જ દિવસો પછી તે ખરાબ વિચારો બંધ પડશે.

વિચારોને સુધારવા માટે નિદ્રાનો ત્યાગ કરોકે ઈષ્ટ દેવનું સ્મરણ કરી તરત જ સારામાં સારા વિચારોથી મનને પુષ્ટ કરો. જે રીતે સુંદર વર્તન કરવાની તમારી ઈચ્છા હોય તેવી જ શિખામણ મનને આપો. ઉત્તમ શિક્ષાવાળાં પદો કે ભજનોનું ધીમે ધીમે પઠન કરો. પઠન કરતી વખતે મનનો તમામ પ્રવાહ પ્રબળતાથી તેમાં વહન કરાવો. અર્થાત્ વિક્ષેપ વિના મન, વચન, કાયાની એકાગ્રતા પૂર્વક તે પદો બોલો. તેનાથી અંતઃકરણને દૃઢ વાસિત કરો અને ત્યાર પછી જ બીજું કામ કારો. આમ કરવાથી દિવસના કોઈ પણ ભાગમાં જ્યારે તમારું મન કોઈ કામમાં નહિ રોકાયેલું હોય ત્યારે તે પદોનું તે પુનરાવર્તન કર્યા કરશે. આમ થવાથી દિવસના મોટા ભાગમાં મન શુભ ભાવનાથી વાસિત થઈ રહેશે.

ખરાબ વિચારો એ માનસિક રોગ છે. ભલે તે જુદા જુદા અનેક આકારે પ્રગટ થાય પણ મૂળ તો તે બધા વિકૃત મનના પરિણામો છે. જુદા જુદા તે તમામ ખરાબ

વિચારોને અટકાવવાનો અને માનસિક રોગને ટાળવાનો સિદ્ધ રામબાણ એક ઉપાય પંચપરમેષ્ઠિ નવકાર મહામંત્રના પવિત્ર જાપથી મનને વાસિત કર્યા કરવું તે પણ છે. અથવા મહામંત્રના પ્રથમ પદસ્વરૂપ "नमो अरिहंताणं"નું રટણ કર્યા કરવું તે છે. તે સંબંધી કહ્યું છે કે—

"નમસ્કાર અરિહંતને, વાસિત જેહનું ચિત્ત;
ધન્ય તેહ કૃતપુણ્ય તે, જીવિત તાસ પવિત્ત.
આર્તધ્યાનતસ નહિ હુએ, નવિ હુએ દુરગતિ વાસ;
ભયક્ષય કરતાં સમરતાં, લહીએ સુકૃત અભ્યાસ. ॥૧॥

જેમ કુશળ વૈદ્ય હજારો રોગોની એક જ દવા શોધી કાઢે તેમ જ્ઞાની ભગવંતોએ મનુષ્યોના માનસિક હજારો રોગોના નાશ માટે અમોઘ જડીબુટ્ટી સમાન આ મંત્રને ફરમાવ્યો છે. આ નવકારરૂપી કેશરી કિશોર જ્યાં સુધી આપણા મનમાં નિર્ભયપણે ફરે છે, ત્યાં સુધી પાપ વિચારરૂપી તુચ્છ સત્ત્વો પ્રવેશ પામી શકતા નથી. **"સર્વ જગતનું કલ્યાણ થાઓ"** એવી શુભ ભાવનાપૂર્વક મહામંત્ર નવકારના સતત સ્મરણથી માત્ર માનસિક ખરાબ વિચારો અટકે છે એટલું જ નહિ. પણ ખરાબ વિચારને ઉત્પન્ન થવાની મૂળભૂત યોગ્યતા જ નાશ પામે છે. મહામંત્ર નવકારની એજ વિશેષતા છે "सव्वपावप्पणासणो" એ પદમાં આ અર્થ છુપાયેલો છે.

વિચાર શક્તિ ખીલવવાની ક્રિયા. વિચાર કરવાની ટેવ ન હોવાથી ઘણા માણસો તરફથી એવી ફરીયાદ

આવે છે કે અમે સારા વિચાર કરવા બેસીએ છીએ પણ સારા વિચાર આવતા નથી અથવા તે વખતે ખરાબ વિચારો વગર તેડ્યા આવી પહોંચે છે. ત્યાં સમજવું જોઈએ કે દઢતા પૂર્વકના નિરંતર અભ્યાસથીજ માત્ર વિચારશક્તિ વૃદ્ધિ પામે છે. આ વિચારો પછી સારા હોય કે નઠારા હોય. સારા વિચારથી સારા વિચારની અને ખરાબ વિચારથી ખરાબ વિચારની શક્તિ વૃદ્ધિ પામે છે. વિચારની અધિકતા ઉપર મનના પ્રવાહની વૃદ્ધિનો આધાર છે અને વિચારના ગુણ ઉપર તે ગુણની દઢતાનો આધાર રહે છે. મનને સુધારવાની અને તેને વિકસિત કરવાની જેમની ઇચ્છા હોય તેમણે નિરંતર નિયમિત રીતે મનન કરવાનો અભ્યાસ કરવો અને પોતાની માનસિક શક્તિઓ સુધારવાનો નિશ્ચય લક્ષમાં રાખવો. આ અભ્યાસ પૂર્ણફળદાયક થાય તે માટે પોતાને અધ્યાત્મ આદિ જે વિષય પ્રિય હોય, એવા કોઈ વિષયના સંબંધમાં કોઈ ઉત્તમ પુરુષે રચેલું અને જેની અંદર પ્રતિભાજન્ય સુંદર અને અપૂર્વ વિચારો દાખલ થયા હોય તેવું એક પુસ્તક લેવું. તેમાંથી થોડાં વાક્યો હળવે હળવે વાંચવાં. પછી વાંચેલ વાક્યો ઉપર દૃઢતાથી વિચાર કરવો. જેટલા વખતમાં તે વાક્યો વાંચ્યાં હોય તેથી બમણા વખત સુધી વિચાર કરવો. વાંચવાનું કારણ નવા વિચારો મેળવવાનું નથી પણ વિચાર શક્તિ પ્રબળ કરવાનું છે. શરુઆતમાં અડધી ઘડી વાંચવાનું બસ છે, કારણ કે વધારે વખત વાંચવાથી દૃઢતાથી ધ્યાન આપવાનું કામ શરુઆતમાં જરા વિશેષ પરિશ્રમ

આપનાર છે. કેટલાક મહિના સુધી આવો નિયમિત અભ્યાસ કરનારને માનસિક બલમાં સ્પષ્ટ વધારો થયેલો માલમ પડે છે. અને પ્રથમ કરતાં ઘણી સારી રીતે નવીન વિચારો કરી શકે છે. આ સર્વે વિચારોની ઉત્પત્તિનું મુલ આપણો આત્મા છે. સત્તામાં રહેલી શક્તિઓ આવા વિચારો દ્વારા બહાર આવે છે. અભ્યાસીઓએ આ વાત વારંવાર સ્મરણમાં રાખવી કે અવિચ્છિન્ન ઉન્નતિ માટે અભ્યાસની નિયમિતતા જરૂરની છે એક દિવસનો અભ્યાસ સ્ખલિત થતાં ચાર દિવસના અભ્યાસ જેટલી ખોટ પડે છે-તેટલી હાનિ પહોંચે છે. વિચારની સ્થિરતા થયા પછી આ નિયમિતતાની એટલી બધી જરૂર રહેતી નથી.

જે માણસો વિચાર શક્તિને ખીલવતા નથી તેઓના મનમાં ઘણા અસ્તવ્યસ્ત વિચારો હોય છે. કોઈપણ જાતના ધ્યેય વિના વારંવાર જેમ તેમ વિના પ્રયોજને જેવા તેવા વિચારો કર્યા કરે છે. એક જંગલી માણસ કે અજ્ઞાન પશુ આડું અવળું વિના પ્રયોજને જેમ ફર્યા કરે છે, તેમ તેઓના મનમાં વગર કિંમતના વિચારો આમ તેમ ઘુમ્યા કરે છે. તેના પરિણામનું તેમને ભાન હોતું નથી. આવા મનુષ્યોનાં મનો જલ્દીથી ક્રોધ, કામાદિથી વિકૃત બને છે અને સ્થિર માનસિક વ્યાપાર તેમને અશકય થઈ પડે છે તેઓ અનેક પ્રકારની ઈચ્છા, તૃષ્ણા, ભય, શોક કે તેવા જ કોઇ કારણથી પીડાતા હોય છે. આવી સ્થિતિમાંથી મુક્ત

થવા માટે કર્મના ઉત્તમ નિયમ ઉપર આશ્રય રાખવાનું મનને શિક્ષણ આપવું જોઈએ. કર્મના નિયમને અનુસરીને સર્વ વૃત્તાંતો બને છે અકસ્માત કાંઈ થતું નથી. એ પ્રમાણે હૃદયમાં સંતોષવૃત્તિ ધારણ કરવી જોઈએ. જે દુઃખ કે પીડા પૂર્વકૃત કર્મથી આપણી સન્મુખ આવે તે ભોગવવાને સજ્જ થવું. શાન્તિથી તેનો સ્વીકાર કરવો. તેને અનુકૂલ થવું આ નિયમને આધીન થવાથી જ તેની વેદના કે વિકળતા ઘણે અંશે ઓછી થશે. જે કર્મો આપણને બંધનમાં રાખનાર છે, તે કર્મો તેના નિયમ પ્રમાણે આપણને પ્રવર્તાવે તેમાં આપણને દુઃખ થશે તોપણ તે દુઃખ પરિણામે સુખના માર્ગરૂપ થશે આપણાં બંધનો ઓછાં કરાવનાર થશે. છેવટમાં તેથી સુખ જ થશે. જન્મ મરણના પરિભ્રમણનો સંબંધ ઓછો થશે. માટે પ્રતિકૂલ સંજોગોમાં કે દુઃખ વખતે "જે થાય છે તે કર્મના નિયમને અનુસરીને થાય છે" આ વિચારોનો નિત્ય અભ્યાસ રાખીએ તો મનની વિકળતા દૂર થાય છે. કેમકે સંતોષ અથવા વિચારની પ્રબળ શાન્તિમાં વિકળતા સુખના આકારમાં બદલાઈ જાય છે.

મનને શાન્તિ આપવાનો સરળ માર્ગ. જ્યારે મનન કરવાનું કામ સમાપ્ત થાય ત્યારે મનને આરામ આપવો જરૂરી છે. જ્યારે કામ ન કરવું હોય, ત્યારે યંત્રને ચાલતું રાખવાથી તે ઘસાઈ જાય છે. તેવીજ રીતે મનની અમૂલ્ય યંત્ર રચનાને નિષ્પ્રયોજન વારંવાર ભ્રમણ કરતી રાખવામાં આવે તો તેથી કાંઈ પણ ઉપયોગી પરિ-

ણામ ઉત્પન્ન કર્યા સિવાય તે જર્જરિત થઈ જાય છે. વિચારમાંથી વિરામ પામવું અર્થાત્ મનને શાન્તિ આપવી તે મહાન્ અમૂલ્ય લાભ છે. નિરંતર વિચાર કરવો અને નિરંતર ક્ષય પામવો. શક્તિના આ નિરર્થક વ્યયથી શાન્તિ અકસ્માત્ નાશ પામે છે. વિચારવૃત્તિને નિવૃત્ત કરવી, આ કાર્ય સરલ નથી. વિચાર–ક્રિયા કરતાં તે અધિક કઠણ છે. જ્યાં સુધી તેનો અભ્યાસ સંપૂર્ણ દૃઢ ન થાય ત્યાં સુધી થોડો થોડો વખત અભ્યાસ ચાલુ રાખવો ખૂબ જરૂરી છે.

મનને વિશ્રાન્તિ આપવાનો એક ઘણો સહેલો માર્ગ વિચારનું પરિવર્તન કરવાનો છે. એક જ શ્રેણિને અનુસરીને જે મનુષ્ય નિરંતર દૃઢતા પૂર્વક વિચાર કરતો હોય તેણે બને તેટલી તેનાથી કેવળ ભિન્ન પ્રકારની એક અન્ય વિચાર શ્રેણિ રાખવી જોઈએ, કે જે શ્રેણિ ઉપર તે પોતાનું મન વિશ્રાન્તિ માટે પરાવર્તન કરી શકે. જેમકે, દ્રવ્યાનુયોગનો વિચાર કરનારે, મગજ અથવા મનની વિશ્રાન્તિ માટે તે વિચાર શ્રેણિ મૂકી દઈ, થોડો વખત કથાનુયોગ–મહાપુરુષોનાં ચરિત્રોના વિચારની શ્રેણિને અંગીકાર કરવી. અથવા ધ્યાન સમાપ્ત થયા પછી જેમ મૈત્રીઆદિ ભાવના સંબંધી શ્રેણિ સાધકો અંગીકાર કરે છે, તેવી જ રીતે તે વિષયથી જુદા વિષયની શ્રેણિ લેવી. આથી થાકેલ કે કંટાળેલ મનને, સહેલા વિષયનું વિચાર કરવાનું ગમતું હોવાથી તે વિચાર કરવા છતાં વિશ્રાન્તિ પામી શકશે.

જેમ અતિપરિશ્રમ કર્યા પછી શરીરને વિશ્રાંતિની જરૂર પડે છે, તેમ વિચારના વ્યાયામમાં પણ મનુષ્યને વિશ્રાન્તિની જરૂર છે. જો તેવી સ્થિતિમાં વિશ્રાન્તિ લેવામાં ન આવે તો શરીર જેમ પક્ષાઘાતાદિકથી પીડા પામે છે, તેમ મગજમાં પણ પક્ષાઘાત અને વિચારમાં ઘેલછા થવાની. માટે વિચાર ક્રમના અભ્યાસીઓએ મનને, મગજને અને શરીરને વિશ્રાન્તિ આપવી જરૂરની છે.

છેવટે એકાગ્રતા પ્રાપ્ત કરી, તે દ્વારા લય, અને તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાનાં છે. મનની એકાગ્રતા અને તત્વજ્ઞાન કરવામાં જે જે બાબતો ઉપયોગી જણાઈ છે, તે તે બાબતોનો સામાન્ય સૂચનારૂપ અહીં સંગ્રહ કરવામાં આવ્યો છે. સાધકોને એકાગ્રતા અને તત્ત્વજ્ઞાન સુલભ થાય તે માટે તેઓએ પોતાના મનની વિકળ સ્થિતિને સુધારવી, વિચાર શક્તિ ખીલવવી, અનેક વિચાર કરવાનો અભ્યાસ રાખવો, આકૃતિ કે સદ્ગુણ ઉપર એકાગ્રતા કરી એક વિચારમાં સ્થિર થવાની ટેવ પાડવી, પછી વિચારવૃત્તિને નિવૃત્ત કરવાની ટેવ પાડવી. છેવટે મનની શાન્તદશા, લય, અને તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાં. આ પ્રસંગે જે જે સૂચનાઓ બતાવવામાં આવી છે, તે સૂચનાઓ ઉપર પુરતું લક્ષ આપવું સાધકો જો આટલી હદની દશા પ્રાપ્ત કરશે તો આગળ શું કરવું તે તેમને પોતાની મેળે સમજાશે. આપણને મહાપુરુષો તરફથી પ્રસાદી, શબ્દમાં આવી શકે તેટલી અથવા

બીજાને સમજાવી શકાય ત્યાં સુધીજ મળી શકે છે પણ તે પ્રસાદી આગળનો માર્ગ ખુલ્લો કરી આપે છે.

હવે એજ વાતને આચાર્યશ્રીએ પોતાના અનુભવથી જે રીતે જણાવી છે તે રીતે અહીં સંક્ષેપમાં રજુ કરવામાં આવે છે.

જ્યાં સુધી સાધકના પ્રયત્નની ન્યૂનતા છે અને સંકલ્પ વિકલ્પો થયા કરે છે, ત્યાં સુધી ચિત્તની લીનતા પણ થતી નથી તો પછી આત્મજ્ઞાનની વાત જ શી કરવી ? ઉદાસીનતામાં તત્પર થયેલો સાધક કોઈ પણ વસ્તુનું ચિન્તન ન કરે કારણકે સંકલ્પોથી વ્યાકુળ થયેલું ચિત્ત સ્થિર થતું નથી. જે તત્ત્વને 'તે આ છે' એમ કહેવાને સાક્ષાત્ ગુરુ પણ શક્તિમાન નથી. તે તત્ત્વ ઉદાસીનતામાં તત્પર થયેલાને પોતાની મેળે પ્રગટ થાય છે.

ઉન્મનીભાવની પ્રાપ્તિનો ઉપાય–એકાંત અતિ પવિત્ર અને રમણીય સ્થાનમાં સુખપૂર્વક બેસી શકાય તેવા આસને બેસી પગના અંગુઠાથી માંડી મસ્તકના અગ્રભાગ સુધીના શરીરના બધા અવયવોને (શિથિલ) ઢીલા કરી મન અને ઈન્દ્રિયોના વિષયમાં તદન તટસ્થ બની અર્થાત્ તેમના પ્રવર્તન અને નિવર્તનમાં જ્ઞાતા દૃષ્ટા બની, રાગ દ્વેષ રહિત ઉદાસીનતાને ધારણ કરી નિરંતર વિષયની ભ્રાન્તિને તજી, ચેષ્ટાથી રહિત થઈ તન્મયતાને પ્રાપ્ત થયેલો યોગી અત્યંત ઉન્મનીભાવને પામે છે.

મનસ્થિરતાનો ઉપાય. જ્યારે, જેમ, જે સ્થળે અને જેનાથી યોગીનું ચંચળ ચિત્ત સ્થિર થાય ત્યારે, તેમ, તે સ્થળે અને તેનાથી જરાપણ ચલાવવું નહિ. આ યુક્તિવડે અભ્યાસ કરનારનું મન ઘણું ચંચળ હોય તો પણ આંગળીના અગ્રભાગ ઉપર સ્થાપન કરેલા દંડની પેઠે સ્થિર થાય છે.

દષ્ટિજય ઉપાય. દષ્ટિ પ્રથમ નીકળીને કોઈપણ ધ્યેય પદાર્થમાં લીન થાય છે. અને ત્યાંજ સ્થિરતા પામીને હળવે હળવે વિલય પામે છે–પાછી હઠે છે. એમ સર્વ ઠેકાણે ફેલાયેલી અને ત્યાંથી ધીમે ધીમે પાછી વળેલી દષ્ટિ પરમાત્મ–તત્ત્વ–રૂપ નિર્મળ આરીસામાં આત્માવડે આત્માને જુએ છે.

આખા વિશ્વમાં ઈચ્છામાં આવે ત્યાં રોકી શકાય તેની દષ્ટિને, એકાગ્ર કરનાર પ્રથમ કાળા બિન્દુ પર અથવા સ્ફટિકના કે બીજા ઉજ્જવલ પદાર્થ પર રોકે છે અને ત્યાં સ્થિર થતાં ધીમે ધીમે તેને નાસિકાના અગ્ર ભાગ પર લાવે છે, અને ત્યાં સ્થિર થતાં પછી ત્યાંથી ખસેડી કપાળની વચ્ચે સ્થાપન કરે છે અને ત્યાંથી પછી ગુરુની આજ્ઞાનુસાર તેને અંતરમાં રોકી, સ્થિર કરી પરમ તત્ત્વનો અનુભવ કરે છે,

મન જીતવાનો ઉપાય. ઉદાસીનતામાં મગ્ન થયેલો, અપ્રયત્ન વિનાનો અને નિરંતર પરમાનંદ દશાની ભાવનાવાળો

આત્મા કોઈ પણ સ્થળે મનને જોડતો નથી. આ પ્રમાણે થવાથી આત્માવડે ઉપેક્ષા કરાયેલું મન કદી પણ ઇંદ્રિયોનો આશ્રય કરતું નથી અને મનના આશ્રય વિના ઇંદ્રિયો પણ પોતપોતાના વિષયોમાં પ્રવૃત્ત થતી નથી. જ્યારે આત્મા મનને પ્રેરણા કરતો નથી, અને મન જ્યારે ઇંદ્રિયોને પ્રેરણા કરતું નથી ત્યારે બન્ને બાજુથી ભ્રષ્ટ થયેલું મન પોતાની મેળેજ વિનાશ પામે છે.

મનોજયનું ફળ. જ્યારે મન, ભસ્મથી ઢંકાયેલા અગ્નિની પેઠે દેખાતું નથી અને કલાસહિત સર્વથા પાણીના પ્રવાહની અંદર પડેલા અગ્નિની પેઠે વિલય પામે છે, ત્યારે પવન વિનાના સ્થાનમાં રહેલા દીપકની માફક સંપૂર્ણ આત્મજ્ઞાન રૂપ તત્ત્વ પ્રગટ થાય છે.

તત્ત્વજ્ઞાન થયાની નિશાની. આત્મજ્ઞાન જેને પ્રાપ્ત થાય છે, તેનું શરીર સ્વેદન અને મર્દન સિવાય પણ કોમળતા ધારણ કરે છે, તેલ વિના પણ સ્નિગ્ધતા પ્રાપ્ત કરે છે. અમનસ્કતાની પ્રાપ્તિ વડે જ્યારે મનરૂપ શલ્ય નાશ પામે છે ત્યારે શરીર છત્રની પેઠે જડતાને–અક્કડતાને તજી નમ્ર થાય છે. હંમેશાં કલેશ આપનારા શલ્ય રૂપે થયેલા અંતઃકરણને શલ્ય રહિત કરવા માટે અમનસ્કતા સિવાય બીજું કોઈ ઔષધ નથી.

ઉન્મનીભાવનું ફળ. ચંચળ ઇંદ્રિયો રૂપ પાંદડાવાળી અને મનરૂપ કંદવાળી, કેળરૂપ અવિદ્યા, અમનસ્કતા રૂપ ફળનું દર્શન થતાં સર્વથા નાશ પામે છે.

કેળને ફળ આવ્યા પછી તેને ઉખેડી નાખવામાં આવે છે કારણ કે ફરી તેમાં ફળો લાગતાં નથી. તેથીજ અહીં કહેવામાં આવ્યું છે કે ફળો દેખાવા પછી જેમ કેળનો નાશ થાય છે તેમ અવિદ્યારૂપ કેળ પણ અમનસ્કતા રૂપ ફળ દેખ્યા પછી નાશ પામે છે.

મન અતિ ચંચળ છે અને વેગવાળું હોવાથી લક્ષમાં આવે તેવું નથી. તેને પ્રમાદ રહિતપણે થાકયા સિવાય ઉન્મનીભાવ રૂપ શસ્ત્ર વડે ભેદી નાંખવું.

અમનસ્કતાના ઉદયની નિશાની. જ્યારે અમનસ્કભાવની પ્રાપ્તિ થાય છે, ત્યારે યોગી પોતાનું શરીર છુટું પડી ગયું હોય, બળી ગયું હોય. ઉડી ગયું હોય, ઓગળી ગયું હોય, અને જાણે હોયજ નહિ તેમ જાણે છે, મદોન્મત્ત ઇંદ્રિય રૂપ સર્પો રહિત અમનસ્કતારૂપ નવીન અમૃતના કુંડમાં મગ્ન થયેલો યોગી અનુપમ પરમ અમૃત રસનો આસ્વાદ અનુભવે છે. અમનસ્કતા પ્રાપ્ત થતાં રેચક, પૂરક અને કુંભક ક્રિયાના અભ્યાસ વિના પ્રયત્ન સિવાય વાયુ પોતાની મેળેજ નાશ પામે છે. લાંબા કાળ સુધી પ્રયત્ન કરવા છતાં જે વાયુ ધારી શકાતો નથી, તે વાયુ અમનસ્કતા પ્રાપ્ત થતાં તત્કાળ એક ઠેકાણે ધારી શકાય છે. આ અભ્યાસમાં સ્થિરતા પ્રાપ્ત થાય છે ત્યારે અને નિર્મળ તથા આવરણરહિત તત્ત્વ ઉદય પામે છે ત્યારે મૂલથી શ્વાસનું ઉન્મૂલન કરનાર યોગી મુક્ત જેવો લાગે છે. જે જાગૃત અવસ્થામાં સ્વસ્થ અને

લયની અવસ્થામાં સુતેલાની માફક રહે છે. તે લય અવસ્થામાં શ્વાસોશ્વાસરહિત યોગી મુક્ત જીવ કરતાં કોઇ પણ રીતે ઉતરતો નથી. આ પૃથ્વી ઉપર રહેનારા લોકો હંમેશાં જાગરણ અને સ્વપ્ન (નિદ્રા) ની અવસ્થામાં હોય છે. પરંતુ લયની અવસ્થામાં મગ્ન થયેલા તત્ત્વજ્ઞાનીઓ જાગતા પણ નથી તેમ ઉંઘતા પણ નથી ઉંઘમાં ખરેખર શૂન્યભાવ છે અને જાગૃત અવસ્થામાં જાગવા પછી પાંચે ઇંદ્રિયોના વિષયોનું ગ્રહણ થાય છે. પરંતુ એ બન્ને અવસ્થાઓથી પર આનંદમય તત્ત્વ રહેલું છે.

અંતિમ ઉપદેશ. કર્મો દુઃખને માટે છે. અર્થાત્ કર્મોથી દુઃખ થાય છે. અને નિષ્કર્મપણું–કર્મરહિત થવું તે સુખને માટે થાય છે એ પ્રસિદ્ધ છે. તો પછી જેમાં મોક્ષ સુલભ છે એવા આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે કોણ પ્રયત્ન ન કરે ? ભલે મોક્ષ પ્રાપ્ત થાઓ કે ન થાઓ, પણ શુદ્ધ આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે ખરેખર પરમાનન્દનો અનુભવ થાય છે. કે જે પરમાનન્દની પાસે સંસારનાં સમગ્ર સુખો તૃણ તુલ્ય પણ લાગતાં નથી.

અમનસ્કતાના ફળ રૂપ આ પરમાનંદની આગળ મધુ પણ મધુર નથી, ચંદ્રના કિરણો પણ શીતલ નથી, અમૃત તો નામનું અમૃત છે. સુધા પણ વૃથા છે. તો હે મિત્ર મન ! સુખપ્રાપ્તિના બધા નિષ્ફળ પ્રયત્નો છોડી પ્રસન્ન થા. અને તું પ્રસન્ન થઈશ એટલે તને સંપૂર્ણ

સુખની પ્રાપ્તિરૂપ ફળ પ્રાપ્ત થશે. જો મન છે તો પ્રિય વસ્તુ દૂર હોય તો પણ ગ્રહણ કરાય છે. અને જો મન નથી તો વસ્તુ નજીકમાં રહેલી હોવા છતાં પણ ગ્રહણ કરાતી નથી. આમ જાણનારા પુરુષોને ઉન્મનીભાવ (અમનસ્કપણું) પ્રાપ્ત કરવા માટે સદ્દગુરુની ઉપાસના કરવામાં તીવ્ર ઈચ્છા કેમ ન થાય ? અર્થાત્ થાયજ. કારણ કે સદ્દગુરુની કૃપા સંપાદન કર્યા વિના ઉન્મનીભાવની પ્રાપ્તિ થઈ શકતી નથી.

અમનસ્કતા પ્રાપ્ત કરવા માટે આત્માને પ્રસન્ન કરવાની આવશ્યકતા.

હે ઐશ્વર્યયુક્ત આત્મા ! સુખપ્રાપ્તિના અને દુઃખને દૂર કરવાના ઉપાયોનો અજાણ હોવાથી તું ધન, યશ, વિદ્યા, રાજ્ય અને સ્વર્ગાદિની પ્રાપ્તિ, તથા રોગ, દરિદ્રતા, ઉપદ્રવાદિ અનર્થને દૂર કરવાના તે તે પ્રકારના અભિપ્રાયથી આત્મા સિવાયના પરમેશ્વર સુધીના પર પદાર્થોને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરતો વૃથા મહેનત શા માટે કરે છે? રજસૂ અને તમો ગુણને દૂર કરી એક આત્માને જ જરા પ્રસન્ન કર. જેથી સંપત્તિ તો શું પણ પરમ જ્યોતિ સ્વરૂપ પરમાત્મનું પ્રચુર સામ્રાજ્ય તને પ્રાપ્ત થશે.

અંતમાં ઉપસંહાર કરતાં પૂ. આચાર્ય શ્રી ફરમાવે છે કે, વિવેકી પુરૂષોની પરિષદના ચિત્તને આનંદ આપનાર શાસ્ત્ર, સુગુરૂ અને અનુભવથી જે યોગનું રહસ્ય

જાણ્યુ હતું તે ચૌલુક્ય વંશના કુમારપાલ રાજાની અત્યંત પ્રાર્થનાથી મેં —શ્રી હેમચંદ્રાચાર્યે વાણીના માર્ગમાં ઉતાર્યું.

सर्वेपि सुखिनः सन्तु, सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चिद् दुखभाग् भवेत् ॥१॥

વિશ્વના સર્વ પ્રાણીઓ સુખી થાઓ, સર્વે નિરોગી હો! સર્વ પ્રાણીઓ મંગલને જુઓ, કોઈ દુઃખ ન પામો.

પરિશિષ્ટ ચોથું.
કાવ્ય વિભાગ.

સિદ્ધાંત રહસ્ય અપરનામ શ્રી સીમંધર સ્વામી વિનંતિ સ્વરૂપ સાડા ત્રણસો ગાથાના સ્તવનની ૧૧-૧૨ ૧૩-૧૪ અને ૧૫ એમ પાંચ ઢાળોમાં, ધર્મ-રત્ન-પ્રકરણ ગ્રન્થના આધારે પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજશ્રીએ ધર્મ સાધનામાં અતિ ઉપયોગી હકીકતને સંક્ષેપમાં ઘણી જ સુંદર રીતે રજુ કરી છે. અહીં તે ઢાળો મૂળમાં જ આપવામાં આવી છે. એ કાવ્યો ગંભીર ભાવથી ભરેલા છે તેને કંઠસ્થ કરી નિયમિત તેનો પાઠ અને તેનું પુનઃ પરિશીલન કરવાથી તેના ગંભીર અર્થો સમજવાની યોગ્યતા આવે છે. જો કે સાડા ત્રણસો ગાથાનું આખું સ્તવન જેવું તેનું નામ છે તેવું જ સિદ્ધાંતોના અનેક રહસ્યોથી ભરપૂર છે. ધર્મમાર્ગમાં સ્થિરતા પ્રાપ્ત કરવાના એક અજોડ ઉપાય રૂપ છે. આ ઢાળોનું તથા આખા સ્તવનનું ગુરુગમથી રહસ્ય સમજવા માટે પ્રયત્ન કરવો આવશ્યક છે.

(શ્રાવકના ૨૧ ગુણ વર્ણન સ્વરૂપ ઢાળ ૧૧ મી)

એકવીશ ગુણ પરિણમે, જાસ ચિત્ત નિતમેવ;
ધરમરતનની યોગ્યતા, તાસ કહે તું દેવ. ૧.

ખુદ્દ નહીં વલી રૂપનિધિ, સોમ્મ જન પ્રિય જ ધન્ય,
ક્રૂર નહીં ભીરુ વલી, અસઠ સાર દક્ખિન્ન. ૨.
લજ્જાલુઓ દયાલુઓ, સોમદિટ્ઠિ મજ્ઝત્થ;
ગુણરાગી સત્કથ્થ સુપક્ખ, દીરઘદરશી અત્થ. ૩.
વિશેષજ્ઞ વૃદ્ધાનુગત, વિનયવંત કૃતજાણ;
પરહિતકારી લબ્ધલક્ખ, ગુણ એકવીસ પ્રમાણ. ૪.
ખુદ્દ નહીં તે જેહ મને, અતિ ગંભીર ઉદાર;
ન કરે જન ઉતાવલો, નિજ પરનો ઉપગાર. ૫.
શુભ સંઘયણી રૂપનિધિ, પૂરણ અંગ ઉપાંગ;
તે સમરથ સે'જે ધરે, ધર્મ પ્રભાવન ચંગ. ૬.
પાપકર્મે વરતે નહીં, પ્રકૃતિ સોમ્ય જગમિત્ત;
સેવનીક હોવે સુખે, પરને પ્રશમ નિમિત્ત. ૭.
જન વિરુદ્ધ સેવે નહિ, જનપ્રિય ધર્મે શૂર;
મલિન ભાવ મનથી તજી, કરી શકે અક્રૂર. ૮.
ઈહ પરલોક અપાયથી, બીહે ભીરુક જેહ;
અપયશથી વલી ધર્મનો, અધિકારી છે તેહ. ૯.
અશઠ ન વંચે પર પ્રતેં, લહે કીર્તિ વિશ્વાસ;
ભાવ-સાર ઉદ્યમ કરે, ધર્મ ઠામ તે ખાસ. ૧૦.
નિજ કાર્ય છાંડી કરી, કરે અન્ય ઉપકાર;
સુદક્ખિન્ન જન સર્વને, ઉપાદેય વ્યવહાર. ૧૧.
અંગીકૃત ન ત્યજે ત્યજે, લજ્જાલુઓ અકાજ;
ધરે દયાલુ ધર્મની, દયા મૂલની લાજ. ૧૨.

ધર્મ મર્મ અવિતથ લહે, સોમદિટ્ઠિ મજ્ઝત્થ;
ગુણ સંયોગ કરે સદા, વરજે દોષ અણુત્થ. ૧૩

ગુણરાગી ગુણ સંગ્રહે, દૂસે ન ગુણ અનંત;
ઉવેખે નિર્ગુણ સદા, બહુમાને ગુણવંત. ૧૪.

અશુભ કથા કલુષિત મતિ, નાસે રતન વિવેક;
ધર્માર્થી સત્કથ હુએ, ધર્મ નિદાન વિવેક. ૧૫.

ધર્મશીલ અનુકૂલ યશ, સદાચાર પરિવાર;
ધર્મ સુપક્ખ વિઘને રહિત, કરી શકે તે સાર. ૧૬.

માંડે સવિ પરિણામ હિત, દીરઘદર્શી કામ;
લહે દોષ ગુણ વસ્તુના, વિશેષજ્ઞ ગુણધામ. ૧૭.

વૃદ્ધાનુગત સુસંગતે, હોવે પરિણત બુદ્ધિ;
વિનયવંત નિયમા કરે, જ્ઞાનાદિકની શુદ્ધિ. ૧૮.

ગુણ જોગે ગુરુ આદરે, તત્ત્વ બુદ્ધિ કૃતજાણ;
પર હિતકારી પર પ્રતેં, થાપે માર્ગ સુજાણ. ૧૯.

શીખે લખે સુખે સકલ, લબ્ધ લક્ષ શુભકાજ;
એમ એકવીશ ગુણે વર્યો, લહે ધર્મનું રાજ. ૨૦.

પૂરણ ગુણ ઉત્તમ કહ્યો, મધ્યમ પાદે હીન;
અર્દ્ધહીન જઘન્ય જન, અપર દરિદ્રી દીન. ૨૧.

અરજે વરજી પાપને, એહ ધર્મ સામાન્ય;
પ્રભુ તુઝ ભક્તિ જશ લહે, તેહ હોવે જન માન્ય. ૨૨.

(ભાવ શ્રાવકનાં ક્રિયાગત છ લક્ષણ સ્વરૂપ ઢાળ ૧૨ મી)

એકવીશ ગુણ જેણે લહ્યાં, જે નિજ મર્યાદામાં રહ્યા;
તેહ ભાવ શ્રાવકતા લહે, તસ લક્ષણ એ તું પ્રભુ કહે. ૧

કૃતવ્રતકર્મા શીલાધાર, ગુણવંતો ને ઋજુ વ્યવહાર;
ગુરુસેવી ને પ્રવચનદક્ષ, શ્રાવક ભાવે એ પ્રત્યક્ષ. ૨

શ્રવણ જાણણા ગ્રહણ ઉદાર, પડિસેવા એ ચાર પ્રકાર;
પ્રથમ ભેદના મન ધારીયે, અર્થ તાસ ઈમ અવતારીયે. ૩

બહુમાણે નિસુણે ગીયત્થ-પાસે ભંગાદિક બહુ અત્થ;
જાણ ગુરુ પાસે વ્રત ગ્રહે, પાલે ઉપસર્ગાદિક સહે. ૪

સેવે આયતણા ઉદ્દેશ, પરગૃહ તજે અણુબ્ભડ વેસ;
વચન વિકાર ત્યજે શિશુ લીલ, મધુર ભણે એ ષટવિધ શીલ. ૫

આયતન સેવે ગુણ પોષ, પરગૃહ ગમને વાધે દોષ;
ઉદ્ભટવેષ ન શોભા લાગ, વચન વિકારે જાગે રાગ. ૬

મોહતણો શિશુલીલા લિંગ, અનર્થ દંડ અછે એ ચંગ;
કઠિન વચનનું જલ્પન જેહ, ધર્મિને નહિં
સમ્મત તેહ. ૭

ઉદ્યમ કરે સદા સજ્ઝાય, કરણ વિનયમાં સર્વ ઉપાય;
અનભિનિવેશી રુચિ જિન આણ, ધરે પંચગુણ
એહ પ્રમાણ. ૮

સજ્ઝાયે ધારે વૈરાગ, તપ નિયમાદિક કરણે રાગ;
વિનય પ્રયુંજે ગુણનિધિતણો, જેમ મન વાધે
આદર ઘણો. ૯
અનભિનિવેશી અવિતથ ગણે, ગીતારથ ભાષિત
જે સુણે.
સદ્દહણાયે સુણવા ચાહ, સમકિતનો મોટો ઉચ્છાહ. ૧૦
અવિતથ કથન અવંચક ક્રિયા, પાતિક પ્રગટન
મૈત્રી પ્રિયા;
બોધબીજ સદ્ભાવે સાર, ચાર ભેદ એ ઋજુ વવહાર. ૧૧
ગુરુસેવી ચઉવિહ સેવના, કારણ સંપાદન ભાવના;
સેવે અવસરે ગુરુને તેહ, ધ્યાન યોગનો ન કરે છેહ. ૧૨
તિહાં પ્રવર્તાવે પરપ્રતેં, ગુરુગુણ ભાષે નિજ પરછતેં;
સંપાદે ઔષધ મુખ વલી, ગુરુભાવે ચાલે અવિચલી. ૧૩
સૂત્ર અર્થ ઉસ્સગ્ગવવાય, ભાવે વ્યવહારે સોંપાય;
નિપુણપણું પામ્યો છે જેહ, પ્રવચન દક્ષ કહીજે તેહ ૧૪
ઉચિત સૂત્ર ગુરુપાસે ભણે, અર્થ સુતીર્થે તેહનો સુણે;
વિષય વિભાગ લહે અવિવાદ, વલી ઉત્સર્ગ
તથા અપવાદ. ૧૫
પક્ષભાવ વિધિમાંહે ધરે, દેશકાલ મુખ જેમ અનુસરે;
જાણે ગીતારથ વ્યવહાર, તિમ સવિ પ્રવચન–કુશલ ઉદાર. ૧૬
કિરિયાગત એ ષટવિધ લિંગ, ભાષે તું જિનરાજ
અભંગ;
એ વિધિ શ્રાવક જે આચરે, સુખ જશ લીલા
તે આદરે. ૧૭

(ભાવ શ્રાવકના ભાવગત ૧૭ ગુણ વર્ણન સ્વરૂપ ઢાળ ૧૩ મી)

ભાવ શ્રાવકનાં ભાવિયે, હવે સત્તર ભાવગત તેહો રે;
નેહો રે, પ્રભુ તુજ વચને, અવિચલ હોજો એ. ૧

ઈત્થી ચંચલ ચિત્તથી, જે વાટ નરકની મોટી રે;
ખોટી રે, છાંડે એ ગુણ ધુરે ગણ્યો એ. ૨

ઈંદ્રિય ચપલ તુરંગને, જે રુંધે જ્ઞાનની રાશેરે;
પાસે રે, તે બીજો ગુણ શ્રાવક ધરે એ. ૩

કલેશતણું કારણ ઘણું, જે અર્થ અસાર જ જાણે રે;
આણે રે, તે ત્રીજો ગુણ નિજ સંનિધિ એ. ૪

ભવ વિડંબનામય અછે, વલી દુઃખરૂપી દુઃખ હેતોરે;
ચેતોરે, એમ ચોથો ગુણ અંગીકરે એ. ૫

ખિણસુખ વિષય વિષોપમા એમ જાણી નવી
બહુ ઈહેરે;
બીહેરે, તેહથી પંચમ ગુણ વર્યો એ. ૬

તીવ્રારંભ તજે સદા, ગુણછઠ્ઠાનો સંભાગી રે;
રાગીરે, નિરારંભજનનો ઘણું એ. ૭

માને સત્તમ ગુણ વર્યો, જન પાસ સદૃશ
ગૃહવાસો રે;
અભ્યાસો રે, મોહ જિતવાનો કરે એ. ૮

અઠ્ઠમ દંસણ ગુણ ભર્યો, બહુ ભાંતે કરે
ગુરુ ભક્તિ રે;
શક્તિરે, નિજ સદ્દહણાની ફોરવે એ. ૯

લોકસન્ના સવિ પરિહરે, જાણે ગાડરિઓ પરવાહોરે;
લાહોરે, એમ નવમા ગુણનો સંપજે એ. ૧૦
આગમને આગલ કરે, તે વિણુ કુણ મારગ સાખીરે;
ભાખીરે, એમ કિરિયા દશમા ગુણ થકી એ. ૧૧
આપ અબાધાયે કરે, દાનાદિક ચાર શક્તિ રે;
વ્યક્તિરે, એમ આવે ગુણ ઈગ્યારમો એ. ૧૨
ચિંતામણિ સરિખો લહી, નવિ મુગ્ધ હસ્યો પણ લાજેરે;
ગાજેરે, નિજ ધર્મે એ ગુણ બારમો એ. ૧૩
ધનભવનાદિક ભાવમાં, જે નવિ રાગી નવિ દ્વેષીરે;
સમ પેષીરે, તે વિલસે ગુણ તેરમો એ. ૧૪
રાગદ્વેષ મધ્યસ્થનો, સમગુણ ચઉદમે ન બાધેરે;
સાધેરે, તે હઠ છાંડી મારગ ભલોએ. ૧૫
ક્ષણ ભંગુરતા ભાવતો, ગુણ પન્નરમે સેવંતોરે;
સંતોરે, ન ધનાદિ સંગતિ કરે એ. ૧૬
ભાવવિરતિ સેવે મને, ભોગાદિક પર અનુરોધેરે;
બોધેરે, એમ ઉલ્લસે ગુણ સોલમે એ. ૧૭
આજકાલ એ છાંડીશું, એમ વેશ્યા પરે નિઃસનેહો રે;
ગેહોરે, પર માને ગુણ સત્તરમે એ. ૧૮
એ ગુણવૃંદે જે ભર્યા, તે શ્રાવક કહીયે ભાવેરે;
પાવેરે, **સુજસ** પૂર તુઝ ભક્તિથી એ. ૧૯

(ભાવ સાધુનાં સાત લક્ષણ સ્વરૂપ. ઢાળ ૧૪ મી)

તે ભાવ સાધુપણું લહે, જે ભાવ શ્રાવક સાર;
તેહનાં લક્ષણ સાત છે, સવિ જાણે હો તું ગુણ-
ભંડાર, સાહેબજી સાચી તાહરી વાણી. ૧.

કિરિયા મારગ અનુસારણી, શ્રદ્ધાપ્રવર અવિવાદ;
ઋજુભાવે પન્નવણિજ્જતા, કિરિયામાં હો
નિત્યે અપ્રમાદ. સા૦ ૨.

નિજશક્તિ સારુ કાજનો, આરંભ ગુણ અનુરાગ;
આરાધના ગુરુ આણની, જેહથી લહીએ હો
ભવજલતાગ. સા૦ ૩.

માર્ગ સમયની થિતિ તથા, સંવિજ્ઞ બુદ્ધની નીતિ;
એ દોઈ અનુસારે ક્રિયા, જે પાલે હો તે ન
લહે ભીતિ. સા૦ ૪.

સૂત્રે ભણ્યું પણ અન્યથા, જુદું જ બહુગુણ જાણ;
સંવિજ્ઞ વિબુધે આચર્યું, કાંઈ દીસે હો
કાલાદિ પ્રમાણ. સા૦ ૫.

કલ્પનું ધરવું ઝોલિકા, ભાજને દવરકદાન;
તિથિ પજૂસણની પાલટી, ભોજનવિધિ હો
ઈત્યાદિ પ્રમાણ. સા૦ ૬.

વ્યવહાર પાંચે ભાખિયા, અનુક્રમે જેહ પ્રધાન;
આજ તો તેમાં જીત છે, તે તજીએ હો
કેમ વગર નિદાન ? સા૦ ૭.

શ્રાવક મમત્વ અશુદ્ધ વલી, ઉપકરણ વસતિ
આહાર;
સુખશીલ જન જે આચરે, નવિ ધરિયે હો તે
ચિત્ત લગાર. સા૦ ૮.
વિધિસેવના અવિતૃપ્તિ શુભ, દેશના ખલિત-
વિશુદ્ધિ;
શ્રદ્ધા ધર્મ ઈચ્છા ઘણી, ચઉભેદે હો એમ
જાણે સુબુદ્ધિ. સા૦ ૯.
દ્રઢ રાગ છે શુભ ભોજ્યમાં, જેમ સેવતાં
યે વિરૂદ્ધ;
આપદામાંહે રસ જાણને, તેમ મુનિને હો
ચરણ તે શુદ્ધ. સા૦ ૧૦.
જેમ તૃપ્તિ જગ પામે નહીં, ધન હીન લેતો રત્ન;
તપ વિનય વેયાવચ્ચ પ્રમુખ, તેમ કરતો હો
મુનિવર બહુયત્ન. સા૦ ૧૧.
ગુરુની અનુજ્ઞા લેઈને, જાણતો પાત્ર કુપાત્ર;
તેમ દેશના શુદ્ધી દીએ, જેમ દીપે હો નિજ
સંયમ ગાત્ર. સા૦ ૧૨.
જે કદાચિત લાગે વ્રતે, અતિચાર પંક કલંક;
આલોયણે તે શોધતાં, મુનિ ધારે હો શ્રદ્ધા નિઃશંક. ૧૩.
શ્રદ્ધા થકી જે સર્વ લહે, ગંભીર આગમ ભાવ;
ગુરૂવચને પન્નવણિજ્જ તે, આરાધક હો હોવે
સરલ સ્વભાવ. સા૦ ૧૪

ષટકાય ઘાત પ્રમત્તને, પડિલેહણાદિક યોગ;
જાણી પ્રમાદી નવિ હોએ, કિરિયામાં હો મુનિ
શુભ સંયોગ. સા૦ ૧૫

જેમ ગુરુ આર્ય મહાગિરિ, તેમ ઉજમે બલવંત;
બલ અવિષય નવિ ઉજમે, શિવભૂતિ હો જેમ
ગુરુ હીલંત સા૦ ૧૬

ગુણવંતની સંગતિ કરે, ચિત્ત ધરત ગુણ અનુરાગ;
ગુણલેશ પણ પરનો થુણે, નિજ દેખે હો
અવગુણ વડભાગ. સા૦ ૧૭

ગુરુ ચરણસેવા રત હોઈ, આરાધતો ગુરુ-આણ;
આચાર સર્વના મૂળ ગુરુ, તે જાણે હો તે ચતુર
સુજાણ. સા૦ ૧૮

એ સાત ગુણ લક્ષણ વર્યો, જે ભાવ સાધુ ઉદાર;
તે વરે સુખ જસ સંપદા, તુજ ચરણે હો જસ
ભક્તિ અપાર. સા૦ ૧૯

(સાધુ-ગુણવર્તિ મહાત્માઓની સદ્‌ભાવ-ગુણ-પ્રશંસાપ્રદર્શક
ઢાળ ૧૫ મી)

ધન્ય તે મુનિવરારે, જે ચાલે સમભાવે;
ભવસાયર લીલાએ ઉતરે, સંયમ કિરિયા નાવે. ધન્ય૦ ૧

ભોગપંક તજી ઉપર બેઠા, પંકજ પરે જે ન્યારા;
સિંહપરે નિજ વિક્રમ શૂરા, ત્રિભુવન જન આધારા. ધન્ય૦ ૨

જ્ઞાનવંત જ્ઞાનીશું મળતા, તન મન વચને સાચા;
દ્રવ્ય ભાવ સુધા જે ભાખે, સાચી જિનની વાચા. ધન્ય૦ ૩

મૂલ ઉત્તર ગુણ સંગ્રહ કરતા, તજતા ભિક્ષા દોષો;
પગ પગ વ્રત દૂષણ પરિહરતા, કરતા સંયમ પોષો. ધન્ય૦ ૪

મોહ પ્રતે હણતા નિત આગમ, ભણતા સદ્ગુરુ પાસે;
દૂષમ કાલે પણ ગુણવંતા, વરતે શુભ અભ્યાસે. ધન્ય૦ ૫

છઠ્ઠું ગુણઠાણું ભવ અડવી, ઉલ્લંઘણ જેણે લહિઉં;
તસ સોભાગ સકલ મુખ એકે, કેમ કરી જાએ કહિઉં. ધન્ય૦ ૬

ગુણઠાણાની પરિણતિ જેહની, ન છીપે ભવ જંજાલે;
રહે શેલડી ઢાંકી રાખી, કેતો કાલ પરાલે? ધન્ય૦ ૭

તેહવા ગુંણ ધરવા અણધીરા, જો પણ સુધૂં ભાખી;
જિન શાસન શોભાવે તે પણ, સુધા સંવેગ પાખી. ધન્ય૦ ૮

સદ્દહણા અનુમોદન કારણ, ગુણથી સંયમ કિરિયા;
વ્યવહારે રહિયા તે ફરસે, જે નિશ્ચય નય દરિયા. ધન્ય૦ ૯

દુઃકરકારથકી પણ અધિકા, જ્ઞાન ગુણે ઈમ તેહો;
ધર્મદાસગણી વચને લહિયે, જેહને પ્રવચન નેહો. ધન્ય૦ ૧૦

સુવિહિત ગચ્છ કિરિયાનો ધોરી, શ્રી હરિભદ્ર કહાય;
એહ ભાવ ધરતો તે કારણ, મુઝ મન તેહ સુહાય. ધન્ય૦ ૧૧

સંયમ ઠાણ વિચારી જોતાં, જો ન લહે નિજ સાખે;
તો જૂઠું બોલીને દુરમતિ, શું સાધે ગુણપાખે? ધન્ય૦ ૧૨

નવિ માયા ધર્મે નવિ કહેવું, પરજનની અનુવૃત્તિ;
ધર્મ વચન આગમમાં કહિયે, કપટ રહિત મનવૃત્તિ. ધન્ય૦ ૧૩

સંયમ વિણ સંયતતા થાપે, પાપ શ્રમણ તે ભાખ્યો;
ઉત્તરાધ્યયને સરલ સ્વભાવે, શુદ્ધ પ્રરૂપક દાખ્યો. ધન્ય૦ ૧૪

એક બાલ પણ કિરિયા નયે, જ્ઞાન નયે નવિ બાલા,
સેવા યોગ્ય સુસંયતને તે, બોલે ઉપદેશમાલા. ધન્ય૦૧૫
કિરિયાનયે પણ એક બાલ તે, જે લિંગી મુનિરાગી;
જ્ઞાનયોગમાં જસ મન વરતે, તે કિરિયા સોભાગી. ધન્ય૦૧૬

બાલાદિક અનુકૂલ ક્રિયાથી, આપે ઈચ્છા યોગી;
અધ્યાતમ મુખ યોગ અભ્યાસે, કેમ નવિ કહિએ યોગી ?
ધન્ય૦ ૧૭

ઉચિત ક્રિયા નિજશકિત છાંડી, જે અતિવેગે ચઢતો;
તે ભવથિતિ પરિપાક થયા વિણ,જગમાં દીસે પડતો.ધન્ય૦૧૮

માચે મોટાઈમાં જે મુનિ, ચલવે ડાકડમાલા;
શુદ્ધ પ્રરૂપણ ગુણ વિણ ન ઘટે, તસ ભવ અરહટ
માલા. ધન્ય૦ ૧૯

નિજ ગણ સંચે, મન નવિ ખંચે, ગ્રંથ ભણી જન વંચે;
લુંચે કેશ ન મુંચે માયા, તો વ્રત ન રહે પંચે. ધન્ય૦ ૨૦

યોગગ્રન્થના ભાવ ન જાણે, જાણે તો ન પ્રકાશે;
ફોગટ મોટાઈ મન રાખે, તસ ગુણ દૂરે નાસે. ધન્ય૦ ૨૧
મેલે વેશે મહિયલ મ્હાલે, બકપરે નીચો ચાલે;
જ્ઞાન વિના જગ ધંધે ઘાલે, તે કેમ મારગ ચાલે? ધન્ય૦ ૨૨

પરપરિણતિ પોતાની માને, વરતે આરત ધ્યાને;
બંધ મોક્ષ કારણ ન પિછાને, તે પહિલે ગુણઠાણે. ધન્ય૦૨૩
કિરિયા લવ પણ જે જ્ઞાનીનો, દૃષ્ટિ થિરાદિક લાગે;
તેથી સુજશ લહીજે સાહિબ, સીમંધર તુઝ રાગે;
ધન્ય તે મુનિવરારે, જે ચાલે સમભાવે. ૨૪

॥ शिवमस्तु सर्वजगतः ॥